## ● અનુક્રમણિકા ●

### ● સંસારની જડ ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૭ | ૨ | આરંભ અને તેનું મૂળ પરિગ્રહ | ૧ |
| ૨. | ૭ | ૩ | પરિગ્રહથી પાપની સરળતા | ૭ |
| ૩. | ૭ | ૪ | વિકાસનો યુગ કે વિનાશનો ? | ૧૫ |
| ૪. | ૭ | ૫ | પાપભય નહિ તો બીજા અનેક ભય | ૨૦ |
| ૫. | ૭ | ૬ | સંસાર અસાર શાથી ? | ૨૫ |
| ૬. | ૭ | ૭ | આદેશ પાલન | ૨૯ |
| ૭. | ૭ | ૮ | જીવનમાં ઉછેર શાના ? | ૩૨ |
| ૮. | ૭ | ૯ | ઉત્તમતા ક્યારે ટકે | ૩૬ |
| ૯. | ૭ | ૧૦ | નમ્ર અને સેવાભાવી બનવાની તક | ૪૧ |
| ૧૦. | ૭ | ૧૧ | યોગપૂર્વ સેવા | ૪૬ |
| ૧૧. | ૭ | ૧૨ | સંગ અને સત્સંગ | ૫૬ |
| ૧૨. | ૭ | ૧૩ | નિંદા ત્યાગ પ્રથમ જરૂરી કેમ ? | ૬૨ |
| ૧૩. | ૭ | ૧૪ | પરિગ્રહ એ પાપ કેમ ? | ૭૦ |
| ૧૪. | ૭ | ૧૫ | પહેલી લેશ્યા કે પહેલી પ્રવૃત્તિ | ૭૬ |
| ૧૫. | ૭ | ૧૬ | મેઘકુમારનો ઘોર અભિગ્રહ | ૮૦ |
| ૧૬. | ૭ | ૧૭ | અતિચાર એ દૂષણ શાથી ? | ૯૧ |
| ૧૭. | ૭ | ૧૮ | કુટુંબમાં ધર્મસંસ્કાર પાડવાના ઉપાય | ૯૭ |
| ૧૮. | ૭ | ૧૯ | ભાવસહિત ક્રિયાના ફળ | ૧૦૪ |
| ૧૯. | ૭ | ૨૦ | સંભ્રમના ચમત્કાર | ૧૧૦ |


### ● જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૨૦. | ૭ | ૨૧ | જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? | ૧૧૩ |
| ૨૧. | ૭ | ૨૨ | કર્મો તોડવાના પ્રયત્ન કયા ? | ૧૨૦ |
| ૨૨. | ૭ | ૨૩ | અવિરતિ કર્મબંધનું કારણ | ૧૩૦ |
| ૨૩. | ૭ | ૨૪ | કર્મબંધના ૪ કારણ | ૧૩૮ |
| ૨૪. | ૭ | ૨૫ | સત્ તર્ક અને કુતર્ક | ૧૪૧ |
| ૨૫. | ૭ | ૨૬ | જડની ક્રિયાની ઠામ ઠામ અસર | ૧૫૦ |
| ૨૬. | ૭ | ૨૭ | જેને જેવો રસ તેવી પ્રવૃત્તિ | ૧૫૮ |
| ૨૭. | ૭ | ૨૮ | દિક્ પરિમાણ વ્રત સ્વતંત્ર કેમ ? | ૧૬૧ |
| ૨૮. | ૭ | ૨૯ | પુરુષાર્થની સાધનામાં લક્ષ્ય ક્યાં ? | ૧૭૨ |
| ૨૯. | ૭ | ૩૦ | મોહ મૂઢતાનું અંધારું | ૧૭૭ |




### ● સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ? ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૩૦. | ૭ | ૩૫ | સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ? | ૧૭૯ |
| ૩૧. | ૭ | ૩૬ | ચડસ અને મમતના તોફાન | ૧૮૮ |
| ૩૨. | ૭ | ૩૭ | અપશુકનો અને કર્મનો સંબંધ | ૧૯૨ |
| ૩૩. | ૭ | ૩૯ | પાપસ્થાનકથી ધર્મ ન થાય | ૨૦૫ |
| ૩૪. | ૭ | ૪૦ | દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી દર્શન | ૨૧૩ |
| ૩૫. | ૭ | ૪૧ | માનવની કેટલી મહાન શક્તિ | ૨૨૩ |
| ૩૬. | ૭ | ૪૨ | પવિત્રતા-વિનય-સેવા | ૨૨૯ |
| ૩૭. | ૭ | ૪૩ | સ્નેહ અને શ્રમની કદર | ૨૩૭ |
| ૩૮. | ૭ | ૪૪ | સંસાર કેવો અને કેમ મીટે | ૨૪૫ |
| ૩૯. | ૭ | ૪૫ | સંસાર દુઃખ ફલક | ૨૫૪ |
| ૪૦. | ૭ | ૪૬ | તત્ત્વનો પ્રતિભાસ | ૨૬૦ |
| ૪૧. | ૭ | ૪૭ | અસાર શું અને સાર શું ? | ૨૬૯ |
| ૪૨. | ૭ | ૪૮ | આધિ વ્યાધિ ઉપાધિ | ૨૭૯ |


### ● ચંબૂજી ચપ્પણીયાવાળા ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૪૩. | ૩ | ૮ | ચંબૂજી ચપ્પણીયાવાળા | ૨૮૯ |
| ૪૪. | ૩ | ૯ | ચંબૂજી ચપ્પણીયાવાળા | ૨૯૭ |
| ૪૫. | ૩ | ૧૦ | ચંબૂજી ચપ્પણીયાવાળા | ૩૧૦ |




E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

# આધ્યાત્મિક પ્રવચન

## ૧ સંસારની જડ

**संसार मूलमारम्भास्तेषां हेतुः परिग्रहः ॥**

**સંસારનું મૂલ આરંભ છે તથા તેનું (આરંભનું) મૂલ પરિગ્રહ છે.** પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિ પુરંદર શ્રી પંચાશકજી મહાશાસ્ત્રમાં પહેલા પંચાશકમાં શ્રાવક ધર્મનું નિરૂપણ કરતાં, પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતને ઉપદેશે છે. એ વ્રત જીવનમાં લાવવા માટે, પ્રથમ પરિગ્રહ એ કેવી ચીજ છે એ સમજવું જોઈએ. પ્રથમ એ સમજાય તો પછી વ્રત સમજવાનો પ્રયાસ સુગમ થાય. વાત પણ ખરી છે, કેમકે જો પરિગ્રહનું નગ્ન સ્વરૂપ ન સમજાયું હોય અને તથાવિધ તે હૃદયમાં સ્થિત ન થયું હોય તો, કેટલીક વખત એવું બને છે કે, **આભાસ ધર્મની ભાવનાનો લાગે, જ્યારે વસ્તુતઃ પોષણ પાપ ભાવનાનું થતું હોય છે.** દા.ત. પ્રશ્ન થાય કે,

**પ્ર.**- ચિંતામણિ, ચિત્રાવેલી વગેરે મળતી હોય તો તે લઈ ધર્મ કરીએ એમાં શું વાંધો ? કેમકે ભાવના એ છે કે ભલે પોતાના માટે નહિ, પણ પરમાર્થમાં તો ઉપયોગ થશે ને ?

**ઉ.**- પણ અહીં સમજવા જેવું છે કે આમાં પ્રથમ નજરે એમાં ધર્મ દેખાય, પણ વસ્તુતઃ તેમ નથી. માટે જ જ્ઞાની પુરુષોએ એવી રીતે ધર્મ કરવાનું વિધાન કર્યું નથી. શાથી ? પૈસાથી પરમાર્થ થાય એ તો પછીની બીજી જ વસ્તુ છે, પણ પ્રથમ તેનો સ્વીકાર કરો ત્યાં પરિગ્રહ નામનું પાપસ્થાનક ચોંટ્યું જ ! અને જ્ઞાની ભગવંતો સાફ સાફ કહે છે, કે આ જીવને ભવાટવીમાં રૂલાવનારી અનેક બલાઓમાં પરિગ્રહ એ પ્રબલ બલા છે; કેમ કે **સંસારનું મૂલ આરંભ છે અને આરંભનું મૂલ પરિગ્રહ છે.**

**પરિગ્રહથી પાપારંભની સરળતા :-**

હવે જુઓ કે એક પરિગ્રહ પાછળ કેવી પાપસ્થાનકોની સિરીઝ (પરંપરા) ચાલી આવે છે; પ્રથમ ધન માલ સારો લાગ્યો એટલે રાગ થયો ! ઈચ્છા થઈ એટલે લોભ થયો ! પાછી પરિગ્રહ માટે હિંસાદિની વૃત્તિ ! એમાં સાથે કષાયો ભળ્યા ! વાત આગળ વધી, પૈસા મળ્યા, એટલે થયો તેનો પરિગ્રહ ! અને પછી ? વ્યવસ્થા, રક્ષણ એ તમામને અંગે થતી પાપ અને દુર્ગુણો ભરી પ્રવૃત્તિ વિચારી જુઓ. પરિગ્રહ વધ્યો એટલે ઘર મોટું તથા અધિક સુખ-સગવડવાળું કરાવવાનું મન થાય; તમને હિંસાનું ભલે દર્શન ન થતું હોય, પણ ષટ્કાય જીવની હિંસામય વૃત્તિ તથા પ્રવૃત્તિ વિના એમાં છે શું ? પરિગ્રહ ઉપર જેમ ઘરનો વિચાર થાય, તેમ આભૂષણો કરાવવાનો, વગેરે વિચારો સમજી લેવા. આ થયું એટલે સંસાર વર્ધક પ્રવૃત્તિઓ વધી ! આ સમસ્ત વિચારો થયા ક્યારે ? પરિગ્રહ રૂપી ગ્રહ ગળે વળગ્યો એટલે ને ? માટે જ જ્ઞાની ભગવંતે યથાર્થ જ કહ્યું છે, ફરીને નોંધી લ્યો, **સંસારનો બાપ આરંભ છે અને આરંભનો બાપ પરિગ્રહ છે.**

**પગ ધોવા માટે કાદવથી ખરડવો એ તો મૂર્ખાઈ છે :-** સમજજો કે અંધાપાના યોગે સંસારમાં પરિભ્રમણ અખંડ અસ્ખલિત ચાલ્યા કરે છે, ગામ આવ્યું લાગતું જ નથી. એવા અંધાપામાં આ જીવને લાગેલો પરિગ્રહનો અંધાપો એ પ્રબળ કોટિનો અંધાપો છે. એના લપમાં ક્યાંય જીવને ઠરીને બેસવાનું ગામ આવતું લાગતું નથી. કોટની રાંગેરાંગે આંધળો હાથ દેતો ફર્યા કરે, એમાં વચમાં દરવાજો આવે ત્યાં ભોગજોગે હાથ ઉપાડી ખંજવાળતો ચાલે, તો આગળ ફર્યા જ કરવાનું ને ?

એક પરિગ્રહ પાપસ્થાનક સત્તરે ય પાપસ્થાનકને આત્મામાં ખડા કરી શકે છે. પરિગ્રહની ગુલામી સ્વીકારી એટલે સત્તરે ય પાપસ્થાનકની ગુલામી કપાળે લખાઈ ગઈ. આહા ! જગતમાં પરિગ્રહ ન હોત તો જગત કેવું સુખી હોત ? પરિગ્રહના પાપે આજનું જગત મહાન કલેશમાં સબડી રહ્યું છે. તમને થશે કે પરિગ્રહ વિના જીવન ક્યાં ચાલે છે ? પણ સાધુનું જીવન ચાલે છે એ ભૂલી જાઓ છો. ખેર ! તમારે પરિગ્રહ જોઈએ છે. છતાં એ વિચારો કે પરિગ્રહ એ ધર્મસ્થાનક કે પાપસ્થાનક ? પરિગ્રહ લાવવા, સાચવવા, વાપરવા તમારે ન છૂટકે કરવું પડે; કરો, એ વાત જૂદી પણ પાપસ્થાનક એ તો પાપસ્થાનક જ; પાપ તે તો પાપ જ. **શ્રાવક ભીખ ન માગે પણ નિર્વાહ પૂરતી અર્થ ચિંતા કરે એમ કહ્યું; પરંતુ 'એ ધર્મસ્થાનક,' એમ તો નથી કહ્યું ને ?** માટે તો એટલી પણ કાર્યવાહી પછી સાંજ પડ્યે પ્રતિક્રમણમાં 'પાંચમે પરિગ્રહ, છઠે ક્રોધ... વગેરેનો મિચ્છામિ દુક્કડં કરવો પડે છે. ભરતચક્રી વગેરેના ગુણ ગાયા તે એમના પરિગ્રહના નહિ. 'દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહેય આરંભે...' માં પરિગ્રહ અને આરંભની નિન્દા કરવાની હોય છે. **શાસ્ત્રકારો મૂલ્ય પાપમય વ્યાપારોના ત્યાગનું તથા પરિગ્રહાદિના ત્યાગનું આંકે છે.** એથી ધર્મ માટે પરિગ્રહરૂપ પાપ સેવવાનું કહેવાય નહિ. આથી જ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે. प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं

વરમ્ । કાદવમાં ખરડાયેલો પગ પાણીથી ધોવો તે વિવેક છે, પણ ધોવા ખાતર પગ કાદવથી ખરડવો એ ડહાપણ નથી... અજાણપણે કાદવથી પગ ખરડાયા પછી ધોવો એ જરૂરી છે. એમ મોહ અજ્ઞાનમાં **પરિગ્રહથી મેલા થયેલા આત્માને ધર્મરૂપી જલથી ઉજ્જવળ કરવો એ આવશ્યક છે;** પણ ધર્મ માટે પરિગ્રહથી ખરડવામાં વિવેક નથી. ધર્મ તો થાય ત્યારે થાય પણ મનમાં પરિગ્રહની ઉપાદેયતા અને કાયાથી પરિગ્રહનો સ્વીકાર તો પ્રથમ જ થઈ જાય છે. પરિગ્રહ એ પાપસ્થાનક છે, અને એના સ્વીકારનો પાપ-વિચાર પહેલો જ થઈ જાય છે. ભલભલાને પરિગ્રહે મૂર્છિત કરી નાખ્યા છે !!

**જેવો ઉદય તેવો બંધ.**

કેઈકને પ્રશ્ન ઉઠે છે કે - 'પરસેવો ઉતારીને, બુદ્ધિથી પરિગ્રહ મેળવાય છે, મળે છે પણ પુણ્યથી, પછી પાપ શાનું ?' પણ જ્ઞાની ભગવંતો, પુણ્યોદયથી પણ પ્રાપ્ત થતા પરિગ્રહને આચરવામાં પાપ જ કહે છે. મળે છે પુણ્યથી જરૂર, પણ લેવા-મેળવવાની ઈચ્છા એ જ પાપ છે, ભોગવટાની વૃત્તિ પણ પાપ છે; જાળવવાની, વધારવાની, એ સઘળી ય વૃત્તિઓ પાપ, પાપ ને પાપ. પરિગ્રહ આવે એટલે મમતા વધે, તૃષ્ણા વધે અને પછી તેને વધારવા વગેરે અર્થે આરંભ-સમારંભના કામો થાય. પરિગ્રહની વૃત્તિ જાગે, એ જ પાપ શરૂ થયું. **પર વસ્તુ, માટીની વસ્તુ, એનું મૂલ્ય આંકવું, એને કિંમતી ગણવું એજ ખોટું સમજી રાખો, પરિગ્રહ એટલે ભરપૂર પાપ.** પાપ એટલે ? ઉભય રીતિએ પાપ. પરિગ્રહ મળે ભલે પુણ્યોદયે, પણ પરિગ્રહનો રાગ, તથા સ્વીકાર એ (૧) ભૂતકાળના તેવા પ્રકારના મોહ પાપના ઉદયને આભારી છે, અને (૨) એ આશ્રવરૂપ હોઈ ભવિષ્યમાં તે નવો કર્મબંધ કરાવે છે, પાપપ્રવૃત્તિ વધારે કરાવે છે. નવો બંધ એ રીતે કે સામાન્ય નિયમ એવો છે કે જે કષાય ઉદયમાં હોય તે બંધમાં પણ સમજવો. ગુણસ્થાનકની સ્થિતિ આ છે. દશમા ગુણસ્થાનકે અતિ સૂક્ષ્મ હોવાથી લોભ ઉદયમાં છે, પણ બંધમાં નથી. એ અપવાદ બાદ કરીને સામાન્ય નિયમ તો આજ કે જે કષાય ઉદયમાં હોય તે બંધમાં પણ સમજવો. ગુણસ્થાનકની સ્થિતિ આ છે. દશમા ગુણસ્થાનકે અતિ સૂક્ષ્મ હોવાથી લોભ ઉદયમાં છે, પણ બંધમાં નથી. એ અપવાદ બાદ કરીને સામાન્ય નિયમ તો આજ કે જે કષાય ઉદયમાં તે બંધમાં. નવમા ગુણસ્થાનક સુધી આ નિયમ. ચોથા ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયો ઉદયમાં નથી તો તેનો બંધ પણ નથી. પાંચમા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયો ઉદયમાં નથી તો બંધમાં પણ નથી. તેજ રીતે છઠ્ઠા ગુણસ્થાનકે પ્રત્યાખ્યાનાવરણીય કષાયો જેમ ઉદયમાં નથી તેમ બંધમાં પણ નથી. જ્યાં જેનો ઉદય ત્યાં તેનો બંધ. એટલું



વિશેષ કે, **ઉદય નિષ્ફલ કરતાં આવડે તો બંધ નિકાચિત ન પડે,** એટલે અનુબંધ નહિ. બાકી પરિગ્રહ લેતાં નવો બંધ થવાનો, કેમકે **પરિગ્રહની બુદ્ધિ મોહનીય કર્મના ઉદયથી થાય છે, જે ઘાતિકર્મ છે.**

**ધન પુણ્યોદયે મળે એ ખરું, છતાં લીધું એ પાપ.** કેમકે લેવાય ક્યારે ? રાગમોહનીયનો ઉદય હોય ત્યારે. તેવા ઉદય ન હોય તો, લેવા હાથ પણ ન ધરાય સાધુઓ પાસે ધનના ઢગલા ધરાય છતાં તેઓ સામે ય જોતા નથી; કેમકે રાગ નથી, ગૃહસ્થ માટે પણ એજ નિયમ. ગૃહસ્થ પણ રાગ ન હોય તો મળે છતાં હાથ ન ધરે. **લીધેલું પુણ્યમાં ખરચે તે ધર્મ, પણ લીધું તે પાપ.** મળ્યા પછી થોડાક જ ભાગ્યશાળીઓ પુણ્યમાં પણ ખરચે છે; પણ મોટા ભાગે મળેલા ઉપર પાપવ્યાપાર વિના બીજી વાત નથી કરતા. એ સૂચવે છે કે પહેલાં તો કદાચ ધર્મના કાર્ય માટે પૈસા કમાવાની બુદ્ધિ થઈ, પરન્તુ પૈસા હાથમાં આવ્યા પછી શુદ્ધ ધર્મબુદ્ધિ જ રહેશે એ ક્યાં નક્કી છે ? એમાં તો 'ભાઈ હવે ધીરે ધીરે ખરચો, થોડા વેપાર-સંસાર માટે રાખો, થોડા ભવિષ્ય માટે રાખો...' એવું નહિ જ થાય ? આવેલા પૈસા પર ગર્વ, રોફ, તોછડાઈ, કપટ વગેરે શું નહિ થાય ? ધર્મ તો ક્યારે કરાશે પણ પહેલાં પાપના છોડ ઉગી નીકળે છે. પરિગ્રહ લેવાનું મન થાય એ પાપવૃત્તિ છે. એ થાય છે મોહના ઉદયથી; ને મોહનીય કર્મ એ ઘાતીકર્મ છે; આત્માના ગુણનો ઘાત કરે તે ઘાતી કર્મ.

**આનંદાદિની પ્રશંસા, પરિગ્રહ માટે નથી પણ પરિમાણ માટે છે :-**

**સભામાંથી :-** પરિગ્રહ જો પાપ, તો ભગવાને આનંદાદિની પ્રશંસા કેમ કરી ?

**સમાધાન :-** ત્યાં જ ભૂલ છે. પ્રશંસા એમના પરિગ્રહની નથી કરી, પણ એમણે જે પરિમાણ કર્યું, પરિગ્રહ જેટલો સંકોચ્યો, જેટલો ત્યાગ કર્યો, તેની પ્રશંસા કરી છે. ઘડી પહેલાં પણ એજ આનંદ કામદેવ ક્યાં નહોતા ? પણ તેમની પ્રશંસા નહોતી કરી, એમને ભગવાન મળ્યા, દેશના સાંભળી, ધર્મ રુચ્યો, સમ્યક્ત્વ સ્વીકાર્યું અને વ્રતોમાં પરિગ્રહને પરિમાણથી અટકાવ્યો, મર્યાદિત કર્યો, એની એ પ્રશંસા છે.

**સભામાંથી :-** પણ કેટલો બધો એમનો પરિગ્રહ ?

**સમાધાન :-** તમારી નજર લાગે, પણ એમની સ્થિતિ તપાસો. એમનો એ ચાલુ જીવન-વ્યવહાર, લોક વચ્ચે તે સ્થિતિએ જે રહેવાનું ચાલુ હતું, એ જોઈને આ મર્યાદાનો વિચાર થાય. જે સંકોચ કર્યો, મર્યાદા બાંધી તે ધર્મ; તેની પ્રશંસા કરી. એમના પુણ્યોદયજન્ય પ્રાપ્તિ, પ્રવૃત્તિ આદિને તથા તેમાં કરેલ મર્યાદા આદિને આપણી સ્થિતિ સાથે ન મપાય.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**ત્રીશ લાખના પરિમાણના નિયમનો વર્તમાન કિસ્સો :-**

આનંદ કામદેવની તો જૂની વાત છે, પણ હમણાંનો થોડા વર્ષ પહેલાંનો મારવાડનો એક કિસ્સો જુઓ. મારવાડના એક ગામમાં એક સાધુ આવ્યા. ગામ આખું ધર્મ સાંભળવા તથા મુનિવંદનાર્થે આવ્યું, તેમાં એક અઢાર વીશ વર્ષની વયનો યુવક પણ હતો. એ યુવકની સ્થિતિ એવી હતી કે, તેલ-મરચાંની ફેરી કરીને ચાર આઠ આના મેળવીને પોતાનું ગુજરાન કરતો હતો. સાધુએ લોકોને વ્રત નિયમો આપ્યા, એમાં પરિગ્રહ પરિમાણના પચ્ચક્ખાણ પણ કેઈકને આપ્યા. સાધુએ આ યુવકને પણ પરિગ્રહ-પરિમાણનું પચ્ચક્ખાણ લેવા પ્રેરણા કરી. આ યુવકની પાસે હતું શું ? અને આવકમાંય શો માલ હતો ? છતાં પેથડશાના સંબંધમાં જેવું સાંભળીએ છીએ તેવું આને અંગે પણ બન્યું. એ યુવકે પાંચ હજારની મર્યાદા બાંધી, એથી અધિકના ત્યાગનો નિયમ માગ્યો. ચાર આઠ આના પણ પરાણે કમાનારને પાંચ હજાર પણ ક્યાં દેખાવાના હતા ? સાધુએ એને વિચાર કરીને નિયમ લેવાનું કહ્યું. આ યુવકને તો હવાઈ વાત લાગતી હતી, છતાં દસ હજારના પરિમાણનો નિયમ માગ્યો. ત્યાં બેઠેલા વાણિઆઓ તો હસે ! હસે જ ને ? સાધુ કાંઈ નિમિત્ત જ્ઞાનાદિ જાણતા હશે, જ્યોતિષના જ્ઞાતા હશે, આના ચહેરા પરથી એમને કાંઈક દેખાયું હશે, એટલે એમણે કહ્યું, 'હજી વિચાર કર'.

**સભામાંથી :-** સાધુથી આમ કહેવાય ?

**સમાધાન :-** જાણકાર સાધુ ભાવિ જોઈને લાભાલાભ વિચારી યોગ્ય રીતિએ કહી શકે. નિયમ આપવામાં સામા આત્માના પરિણામ પાછળથી પતિત ન થાય, શ્રદ્ધા કમી ન થાય,...ઈત્યાદિ પરિણામ સાધુએ જરૂર વિચારવાનું હોય. પેલો યુવક તો આંક (સંખ્યા) માં વધતો ગયો, સાધુ વિચારવાનું કહેતા ગયા. એ યુવકને તો નવાઈ જ લાગતી હતી અને લોકો પણ હસતા હતા. વધતાં વધતાં આંકડો ત્રીશ લાખે પહોંચ્યો; ત્યાં સાધુએ એટલા પરિમાણનો નિયમ આપ્યો. લોકો ભલે હસે, એમને કાળની ક્યાં ખબર છે ? **કાળના ગર્ભમાં શું છે તેની ખબર અજ્ઞાનીને નથી હોતી.** આજે એકની સામે હસનાર, વખત આવે એની સામે ડાચું વિકાસીને બેસે છે ને ? શ્રીપાલ મહારાજા તથા મયણાસુંદરીની મશ્કરી કરનારા, પછી પગે લાગ્યા હતા ને ?

**ગુરુવચન તહત્તિ :-** સાધુએ લોકોને, આ યુવકને યાત્રા કરાવવા વગેરે સાધર્મિક ભક્તિનો ઉપદેશ આપ્યો. આમ તો એ યુવકને કોણ કાંઈએ આપે ? સામેય જુએ ? પણ એ ભદ્રક દેશમાં ગુરુનું વચન એટલે તહત્તિ ! લોકોએ તે યુવકને કુટુંબ સાથે યાત્રા કરવાની સગવડ કરી આપી. યાત્રા કરવા નીકળતા તે યુવકને સાધુએ સૂચના



કરી, 'રસ્તામાં કાંઈ તેવો આશ્ચર્યમય બનાવ બને તો નવાઈ ન પામીશ.' પેલો તો યાત્રાએ કુટુંબ સાથે નીકળ્યો. બે ગાડાં લીધાં હતા. આગલા ગાડામાં કુટુંબીઓ હતા, પાછલા ગાડામાં પોતે તથા તેના ઘરનો પરિવાર હતો. ધ્યાન રાખો, સાધુના ઉપદેશથી આવા નિર્ધનને કુટુંબ સાથે યાત્રા કરાવનારાઓ હતા. પોતાનું ગાડું પાછળ હતું, તેમાં એક બનાવ બન્યો. ગાડું તો વાટ કાપતું હતું, તેવામાં રસ્તા પરથી એક જુવાન સ્ત્રી દોડતી આવીને પાછલા ગાડા પર ચઢી ગઈ ! ગાડામાંના બૈરાં તો ગભરાઈ ગયા. 'આ કોણ છે ?' એમ બોલી ઉઠ્યા, 'ચાલી જા, ઉતરી જા !' એમ બૂમ બરાડા કરવા લાગ્યા, પણ પેલી બાઈને એ ક્યાં સાંભળવું હતું ? એ બાઈ તો ગાડા વચ્ચે યુવકની સામે બરોબર ઊભી રહી !

**દાન, શીલ તથા તપનો હેતુ પરિગ્રહ, વિષય તથા આહાર સંજ્ઞા તોડવાનો છે :-**

પેલા યુવકને સાધુની સૂચના યાદ આવી એટલે એ નવાઈ ન પામ્યો. ભૂલશો નહિ, જે કાંઈ મળે છે તેમાં જરૂર પુણ્યોદય કામ કરે છે, પણ જે લેવું તે પાપ છે. છતાં તેમાં પાપ નથી ભાસતું, તે પૂર્વભવના તેવા પ્રકારના મોહના સંસ્કારથી થાય છે. પણ એમ છૂટી નહી પડાય કે 'સાહેબ ! તમે જ મોહના સંસ્કારથી કહો છો. હવે અમારો શો વાંક ?' આ બચાવ ખોટો છે; કેમકે જીવને એ સંસ્કાર એમ તો ચાલવાના જ છે. પણ પ્રભુએ ધર્મ માર્ગ બતાવ્યો છે તે એ સંસ્કારોને તોડવા માટે. નહિતર તો મોક્ષ કદી ય ન થાય, માટે ઉદ્યમ કરો. 'જિનવચન એ ટંકશાળી વચન છે. અનંત જ્ઞાનીના વચન છે, એમાં મીનમેખ ફેરફાર હોય જ નહિ;' એ શ્રદ્ધા મજબૂત કરો. પરિગ્રહને એ સંસારની જડ કહે છે; ઘોર સંસારમાં આથડવાની સામગ્રી કહે છે. દુનિયામાં પણ નજરે પરિગ્રહનાં તોફાન-વિટંબણા દેખાય છે. એ બધું સમજો વિચારો તો મોહના સંસ્કાર નબળા પડશે. એ નહિ થાય તો સમજી રાખો કે પૂર્વ ભવોમાં પરિગ્રહથી જ ધર્મ થાય, એ ધર્મનું સાધન છે એવું માનેલ, તે આ ભવમાં પણ ઉદયમાં આવી આગળ ચાલશે. બે વાત છે, પુણ્યાનુબંધી પુણ્ય પણ છે, અને પુણ્યાનુબંધી પાપ પણ છે. બે ય વસ્તુ વિચારવાની છે. જગતના જીવો, નજર કરશો તો જણાશે કે, મોટા ભાગે દુઃખી હોય છે. ધર્મસ્થાનમાં જ જોઈ લ્યો : સારા સુખી ઓછા, મધ્યમ સ્થિતિના તેથી વધારે, દુઃખી તેથીયે વધારે ! પણ એ ગમે તેવી પરિસ્થિતિમાંય ધર્મ કરવાનું મન થાય છે, ઉદ્યમ થાય છે, એ સૂચવે છે કે 'ધર્મના શરણ વિના દુઃખી છીએ, માટે ધર્મ કરો, એકલું દુઃખમાં રીબાવું એના કરતાં ધર્મ કરવો સારો છે.' પુણ્યાનુબંધી પુણ્યવાળો ધર્મકાર્ય કરે છે, એ માને છે, **'પુણ્યોદયથી મળ્યું છે, તો સાર્થક કરી લેવું.' પુણ્યાનુબંધી પુણ્યવાળોય પરિગ્રહને માને છે તો પાપ.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**સભામાંથી :-** પરિગ્રહ એ ધર્મ કરવાનું સાધન તો ખરુંને ?

**સમાધાન :-** પરિગ્રહ એ ધર્મ નહિ, ધર્મનું સાધન નહિ, પણ પરિગ્રહની મૂર્ચ્છાનો અભાવ, ત્યાગ, દાન, ઉદારતા, એ ધર્મ. પૂર્વભવે જો નિરાશંસ ભાવે દાન દીધું હશે, ત્યાગ-ભાવ વિચાર્યો હશે, તો આ ભવે મળેલી સગવડ પર તેવા વિચાર આવશે. જો પૂર્વે પરિગ્રહમાં ધર્મબુદ્ધિ ધારી હશે તો તેવા વિચાર આવશે. અત્યારની ભાવના પૂર્વના બીજમાંથી જન્મી છે. તમે કહેશો, 'એમ જો પૂર્વ તરફ જોશો તો નિગોદમાં શું હતું ?' નિગોદમાં અવ્યક્ત હતું પણ પછી વ્યક્ત થયું. વાત એટલી છે કે 'પરિગ્રહ એ સાર છે, સર્વસ્વ છે, પ્રાણ છે, સઘળા પુરુષાર્થનું સચોટ સાધન છે,' એવી રીઢ બનેલી બુદ્ધિ એની આગળ ધર્મને નોકરિયાત મનાવે છે. 'પરિગ્રહની ચિંતા કરો; એના વિના દાનાદિ ધર્મ ક્યાંથી થવાના જ છે ?' - આવું મનને બેઠું છે. પુણ્યાનુબંધી પુણ્યવાળાને તો પરિગ્રહ કરતાં દાન ધર્મ તરફ વધારે વલણ હોય. શાસ્ત્રકાર કહે છે, દાન કરો તો પરિગ્રહની સંજ્ઞા તોડવા કરજો.

**દાનનું ફળ પરિગ્રહ સંજ્ઞાને ક્ષય રોગ લગાડવામાં છે. શીલનું સાચું ફલ વિષયની સંજ્ઞા તોડવામાં છે. તપ ધર્મનો સુન્દર લાભ આહાર સંજ્ઞાનો ભુક્કો કરવામાં છે. ભાવ ધર્મ એ બધા સહિત ભય નિદ્રાદિ સંજ્ઞાને કાપવા સારુ છે.** કહો કે સંજ્ઞાઓને તોડવા માટે દાન, શીલ, તપ, ભાવ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૩,તા.૨૭-૯-૧૯૫૮

## ૨ સંસારની જડ

**લાગણીનું પૃથક્કરણ :-**

જે પરિગ્રહની સંજ્ઞા તોડવા માટે દાન દે, તે પરિગ્રહનું મૂલ્ય આંકે ? આંકે તો કેટલું આંકે ? **પરિગ્રહથી આત્માને જે કાળાશ ચોંટી છે, તે મટાડી ઉજ્જવળ થવા દાન છે, પણ દાન માટે પરિગ્રહ મેળવવાનો નથી; અર્થાત્ ઉજ્જવળ બનવા માટે કાળા થવાનું નથી.** ઉત્તમ કોટિના દાનવીરો કઈ રીતે પાક્યા ? એ સમજતા કે, 'પરિગ્રહ એ તો હાથનો મેલ છે,' પરિગ્રહનું મૂલ્ય તેઓ આંકતા હતા, તેથી જ ધર્મસેવા રૂપ નિર્મલ જલથી એ મેલને દૂર કરતા, આત્માને ઉજ્જવલ કરતા. વિષયસેવા રૂપ કાદવમાં લપટાવાથી તો કાળાશ વધે. પુણ્યમાં પરિગ્રહને વાપરતા



જરૂર; પણ એ પરિગ્રહને તેઓ પાપ સમજતા. અંદરની લાગણીને સમજવા એનું આ પૃથક્કરણ ચાલે છે. પુણિયો શ્રાવક પુણ્યાનુબંધી પાપનો ભોગવટો કરતો હતો, પણ એણે કેવો ધર્મ સાધ્યો ? પરિગ્રહ એ ધર્મનું સાધન માન્યું હોય તો એમ બને ? જ્ઞાની આશ્રવના બે પ્રકાર કહે છે, એક શુભ આશ્રવ, અને બીજો અશુભ આશ્રવ. આ પ્રકાર સ્વરૂપની યોગ્યતા બતાવે છે. પ્રભુભક્તિ, દાન, ધર્મ, યાત્રા સંઘ વગેરેમાં પૈસા વપરાય એ એક વાત, પણ તે માટે પૈસા કમાવાનું ન કહ્યું.

**કેવળજ્ઞાનનું સાધન કરમેળાપ કહેવાય ? :-**

જ્યાં કર્મનો બંધ થાય ત્યાં ય કદાચ કોઈ નિર્જરા કરે, એથી બંધના સાધનને નિર્જરાનું સાધન ન મનાવાય. પૃથ્વીચંદ્ર-ગુણસાગરનું દૃષ્ટાંત વિચારો. ચોરીમાં હસ્તમેળાપ વખતે, એ પુણ્યવાન કેવી નિર્જરા કરે છે ! અનંતકાળે ન કરાઈ હોય તેવી ! ક્રોડ પૂર્વના ચારિત્રવાળા મહર્ષિઓ ન કરે તેવી નિર્જરા આ પરમ ભાગ્યવાન આત્મા કરે છે ! પૂર્વનો કેવો પ્રબળ સંસ્કાર ! અને અહીંનો કેવો ધીખતો આંતર સત્પુરુષાર્થ કે જેના પ્રતાપે ઘોર ઘાતિ કર્મ જડમૂલથી ઉખડી જાય એવી નિર્જરા, સ્ત્રીના હસ્તમેળાપ વખતે એ ચોરીમાં કરી રહ્યો છે ! છતાંય શાસ્ત્રમાં કોઈ ખૂણે ય શું એવી લીટી લખી કે, 'હસ્તમેળાપ એ ધર્મ સાધવાનું, ઘાતિકર્મ તોડવાનું ને કેવળજ્ઞાન પામવાનું સાધન છે ?' ના, ત્રિરાશિ મૂકો, કેટલાએ હસ્તમેળાપ કર્યા, અને કેટલા એમાં કેવળજ્ઞાન પામ્યા ! સોમાં પૂરો એક ટકો ય નહિ મળે ! માટે પાણિગ્રહણ એ તો આશ્રવ જ. કોકને એ પ્રસંગે ય કેવળજ્ઞાન થયું એનું કારણ જ્વલંત ત્યાગ, વૈરાગ્ય. ત્યાગ વૈરાગ્ય પૂર્વથી લઈને આવ્યા હતા, અહીં પણ મહાવૈરાગ્ય જગાડ્યો હતો, એટલે તેવા પ્રકારની વાત માબાપ પાસે રજૂ કરી, અને તેમાં માબાપે કહ્યું કે- 'એકવાર લગ્ન કર, પછી દીક્ષા લેજે,' તો માબાપની ઈચ્છાને પતાવી જલદી નિકળવાની ભાવનામાં હસ્તમેળાપ તો નામનો, પણ કામ વૈરાગ્યની ભરતી ચઢાવવાનું કર્યું. બીજી બાજુ જુઓ કે પુત્રની આવી સ્થિતિનું કહેણ સામે કન્યાના પિતાને મોકલવામાં આવ્યું, ત્યાંથી શા સમાચાર આવ્યા ? ત્યાં બાપ કન્યાને કહે છે, "બીજો વર ગોતીશું"; પણ કન્યાઓ એ અશ્રાવ્ય વચનોનો ઈન્કાર કરે છે, કહે છે, 'આ ભવમાં બીજો પતિ નહિ. પતિ તો એજ. એ રાગ કે વૈરાગ્યની જે આજ્ઞા કરશે તે અમે માથે ધરશું.' એ સ્થિતિ વર્ણવતાં કવિ કહે છે :-

**રાગ, વૈરાગ્ય, દોયમેં, તસ આણા શિર ધરશું રે લો;**
**કન્યા કહે નિજ તાતને, આ ભવ અવર ન વરશું રે લો.**

સ્ત્રીઓ પણ ચોરીમાં વૈરાગ્યની ભાવનામાં ચઢી તે પાણિગ્રહણના પ્રતાપે



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

નહિ, પણ પતિના વૈરાગ્યના આલંબને. પતિ અને પત્નીઓને ત્યાં કરમેલાપમાં કેવળજ્ઞાન થયું, એ વૈરાગ્યના લીધે, પણ નહિ કે પાણિગ્રહણના પ્રભાવે. તો કહો, કેવળજ્ઞાનનું સાધન કરમેળાપ કહેવાય ? કદાપિ નહિ. માટે જ જ્ઞાનીઓએ અશુભ આશ્રવરૂપી પાપનાં સાધન અને શુભ આશ્રવ, સંવર તથા નિર્જરારૂપી ધર્મનાં સાધન જુદાં પાડી બતાવ્યાં. સંસારના વ્યવહારો, સાવદ્ય વ્યાપારો, આરંભાદિ, એ સ્વરૂપે અશુભ આશ્રવ છે; પ્રભુભક્તિ, ધર્મસેવાદિ, એમાં કદાચ સ્વરૂપ હિંસાદિ દૃશ્યમાન હોય છતાં એ શુભ આશ્રવ છે.

**પરિગ્રહ પોતે તો પાપ જ ! :-**

પરિગ્રહ મેળવવો તે ય પાપ, રાખવો તે ય પાપ, ભોગવવો તે ય પાપ. ત્રણેય પાપ, પાપ ને પાપ ! એમાં ધર્મ ન માનતા. મળ્યું એમાં તો પરમાત્માની કૃપા, તેમની સેવાની કૃપા માનજો. પૂર્વ ભવે પ્રભુની, પ્રભુની આજ્ઞાની સેવા કરવામાં આવી, તેનું આ ફળ માનજો, કે જેથી હવે અહીં મળેલી લક્ષ્મી, માનવભવ,... વગેરે ધર્મસાધક સ્થલ-સંયોગો, દેવાધિદેવ, એમનું શાસન, સદ્‌ગુરુ, ઈત્યાદિને સફળ કરવા માટે ધર્મ સાધવાના કોડ થાય. ધર્મબુદ્ધિ થવામાં પ્રભાવ પરમાત્માનો, સદ્‌ગુરુનો અને શાસનનો છે. પરિગ્રહમાં ખૂણેખાંચરે ય ધર્મ ન માનતા. જો એમ માન્યું, તો ગુરુથી સવાયા ગણાવાનું દિલ થવાનું ! કેમકે શાસન પરમાત્માનું અને ઉપદેશ ગુરુનો છતાં 'મેં મારી આટલી લક્ષ્મી ખરચી ઉત્સવ કર્યો, સંઘ કાઢ્યો, દાન કર્યું' વગેરે મદ થવાનો. ગુર્વાદિના અનન્ય ઉપકારને જાણનારો પરિગ્રહમાં ધર્મ ન જ માને.

**પ્ર.**- પુષ્પ કામનું બાણ છતાં સારું ગણાઈ પ્રભુને ચઢે છે, તેમ જે લક્ષ્મી ધર્મમાં ખરચાય તે સારી ન કહેવાય ?

ઉ.- પુષ્પ કામનું બાણ કામના સ્થાન પર, વીતરાગના સ્થાન પર નહિ. એમ શ્રી વીતરાગ પરમાત્માની સેવામાં ધનનો ખર્ચ કર્યો તે ભલે પાપરૂપ નહિ; પણ તે તો લક્ષ્મીનો જે ત્યાગ કર્યો તે ધર્મરૂપ થયો. બાકી રાગદ્વેષમાં ખૂંચેલા આપણે માટે લક્ષ્મી તો પાપ જ ! પરિગ્રહ એ પાપ જ ! એને સાત ક્ષેત્રમાં વાપરવું એ ધર્મ. સદુપયોગ એ ધર્મ, પણ પરિગ્રહ પોતે તો પાપ જ !

**મારવાડી યુવકનું શું થયું ? :-**

પેલો યુવક યાત્રાએ જઈ રહ્યો છે, ને રસ્તામાં ગાડામાં એક બાઈ ચઢી આવી એની સામે આવી ઊભી છે. યુવકને સાધુએ કહ્યું છે એટલે, બીજા ગભરાયા છતાં, પોતે ગભરાતો નથી, ને જોયા કરે છે કે એ શું કરે છે. **ભય, ગભરામણ એ ખોટી ચીજ છે, એ હૃદયને નબળું તો પાડે જ છે, પણ કેટલીક વાર કામ પણ**



**ભારે બગાડી નાખે છે.** માટે તો ભયસંજ્ઞા ત્યજવાની કહી છે. ભય શા માટે ઊભો કરવો ? સાત્ત્વિક પુરુષો તો કહી દે છે, 'બને તો બનવા દો, નકામા પહેલેથી ગભરાવું શા માટે ?' આપત્તિ આવવાની લાગે તો પહેલેથી પ્રતિકાર યોજવો એ જુદી ચીજ છે, પણ હાંફળા-ફાંફળા થવાની, 'હાય ! શું થશે ?' એમ હૃદય નબળું બનાવવાની કોઈ જરૂર નથી. **વારંવાર ભયથી હૈયું નિર્બળ બન્યે જતાં સત્ત્વ ખલાસ થઈ જાય છે; પછી સારાં કાર્ય વખતે પણ સાત્ત્વિકતા નહિ રહેવાથી એ કાર્યનો મજૂરી જેટલો લાભ મળે છે.**

**પેલી બાઈ લક્ષ્મીદેવી હતી.** એણે હસતા મોંઢે પ્રેમથી યુવકના કપાળમાં ચાંલ્લો કર્યો; અને તરત ત્યાંથી ઉતરી અલોપ થઈ ગઈ. બધા ખૂબ આશ્ચર્ય પામી ગયા. યુવકને બહુ આશ્ચર્ય ન થયું, કેમકે એક તો ગુરુ મહારાજે કહ્યું હતું કે કંઈક બને તો નવાઈ ન પામીશ, અને બીજું, આ રુડાં ફળ ધર્મનાં હોવાનું જોઈ રહ્યો હતો.

**ધર્મ કઈ પદ્ધતિથી કરવો ? :-**

ધર્મનો અચિંત્ય મહિમા છે. ધ્યાન રાખજો, પૈસા માટે નહિ, માનપાનાદિ માટે નહિ, પણ શુદ્ધ શ્રદ્ધાથી, **'અહો ! ધર્મ એ તો તારણહાર ! ધર્મ એ પવિત્ર જીવન ! અનંતાનંત કાળથી મોહનગરમાં ભટકતા જીવને ધર્મ એ મોક્ષનગરે જવાની વાટ ! ધર્મમાં જ આપણી શોભા ! પાપમાં તો લજવાવાનું !...'** ઈત્યાદિ સચોટ આંતરનાદથી ધર્મનું શરણ લેવાય, ત્યારે એ પ્રત્યક્ષ ચમત્કારિક લાભ દેખાડે, એ સહજ છે. **બજારમાં જાઓ, બીજે જાઓ, પણ 'મને અહીં ધર્મથી લાભ થાઓ,' એમ ઈચ્છવાનું નહિ.** યુવકને ગુરુમહારાજની ધર્મ વાણીથી એવી શ્રદ્ધા થઈ ગઈ હતી. એથી પુણ્યે જોર માર્યું, ને શ્રીદેવીનું તિલક મળ્યું ! પછી તો એ તીર્થોએ પહોંચીને ખૂબ નિષ્કામભાવે અને ભારે ભક્તિથી યાત્રા કરી ઘેર આવ્યો. તમને કદાચ એમ થશે કે 'આવા નિર્ધન માણસને વળી નિષ્કામ વૃત્તિ શી ? એને તો ધનના ઢગલા મેળવવાની લાલસા જાગે.' પરંતુ આગળ પર જોશો કે આટલી બધી પરિગ્રહ પર નિર્મમતા ! **પરિગ્રહ માટે ધર્મ કરનારને તો ધર્મ ગૌણ, અને ધન એ મુખ્ય ચીજ બને છે. તેથી એવી નિર્મમતા આવી શકતી નથી.** યુવકને તો નીતરતી શુદ્ધ ધર્મબુદ્ધિ હતી; માટે નિર્મમતા સરળ બને છે.

**કર્મ રૂઠે એટલે ખતમ ! :-**

યુવક યાત્રા કરીને ઘેર આવ્યો. સાધુ ત્યાં જ હતા. સાધુએ એને પરદેશમાં લાભ થવાનું કહ્યું.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

પ્ર.- એમ કહેવાય ?

અન્ય- કથાનુયોગને વિધાન સાથે સંબંધ હોય ?

ઉ.- જરૂર એવો સંબંધ ન હોય; પણ કહેનાર સાધુ હોય ત્યારે વિચારણા સહેજે થાય. સમસ્ત આગમ શાસ્ત્રના જ્ઞાતા હોય અને એ જ્ઞાનને પચાવ્યું હોય, ને મહાસંવેગ વૈરાગ્યમાં ઝીલતા હોય, એમનાથી એમ કહેવાય, કે ન કહેવાય, એ ચર્ચા આપણાથી ન થાય. એ સાધુ પ્રાયઃ અન્ય ગચ્છના હતા. પંચમકાલ ઘસાતો કાલ છે, તેમાં છદ્મસ્થ, તે પણ બધા કાંઈ બહુશ્રુત ન હોય, વર્તમાનમાં મળતું જૈન આગમ બધાએ પૂરું અવગાહન ન કર્યું હોય, એમણે તો સાવધ રહેવા જેવું છે. આપણે ભાવિ મહાન લાભ જોઈને એવી પ્રવૃત્તિ કરી હોય, એમ બનવા જોગ છે. એમણે જે પરિગ્રહની મર્યાદા આપી છે, કેટલી ? ત્રીસ લાખની, એના પર યુવકની કસોટી થવાની છે. આનંદાદિના કરોડોના હિરણ્ય પાસે ત્રીસ લાખ શી વિસાતમાં ! છતાં આને તો સ્વપ્નમાં ય સેંકડો ય જોવાના નથી ત્યાં ત્રીસ લાખ તો શી વાત ! સાધુએ તો પરદેશમાં લાભ થવાનું સૂચવ્યું, પણ પૈસા વિના પરદેશ ક્યાં જવાય ? યાત્રા માટે અપાવેલા પૈસા તો યાત્રામાં ખરચી નાખ્યા. યાત્રામાં તે કાલના પાંચસો રૂપિયા ઘણા; છતાં તેણે તો યાત્રાના ધર્મમાર્ગે જ ખરચી નાખ્યા. એમાંથી બચાવી રાખે તો વિશ્વાસઘાત થાય. હૃદયની કેટલી બધી પવિત્રતા ! ધર્મ માટે આ પાયાના ગુણ છે. માટે જ પૂછતા નહિ કે પૈસા મળ્યા તો ધર્મ થયો ને ? ધર્મ પૈસાથી નથી થતો અંતરના ઉત્સાહથી થાય છે. પૈસાને કિંમતી ગણ્યા હોય તો બચાવવાનું મન થાત ! પૈસા તો તુચ્છ ચીજ છે. પૈસાને સાચવો, ગમે તે બુદ્ધિએ સાચવો, પણ એ ક્યાં ખબર છે કે કર્મ રૂઠે એટલે ખતમ !

**અઘાતિના ઉદયે ઘાતીના ઉદય-ક્ષયોપશમનું માપ :-**

દાનમાં ધનનો વ્યય કરતા રાજા ભોજને, એથી નિવારવા મંત્રીએ દિવાલ પર એક શ્લોકનું એક ચરણ લખ્યું હતું, '**आपदर्थे धनं रक्षेत् ।**'= આપત્તિ ઊભી થાય તે પ્રસંગે કામ આવે માટે ધનનું રક્ષણ કરવું.' રાજા ભોજે જોયું, સમજ્યો કે, 'દાનને અંગે મને આ ટોણો મારવામાં આવ્યો છે, પણ એને ક્યાં ખબર છે કે દાનથી, પરમાર્થથી તો મહાન થવાયું છે, અને થવાય છે.' એટલે એણે બીજું ચરણ લખ્યું, 'महताम् आपदः कुत ?' 'અર્થાત્ મોટાને આપદા કેવી ?'

**તમે પણ સમજો તો વીતરાગનું શાસન એ જગતમાં ઊંચામાં ઊંચી ચીજ છે. એવું શાસન સાંપડવું એ જેવી તેવી મોટાઈ નથી. જૈન બચ્ચો મનથી કે મોઢેથી જગતના જેવાં રોદણાં રોનારો ન હોય. જૈન શાસન પામેલો તો આપત્તિને સંપત્તિ બનાવી દે ! આ શાસન પામેલો આત્મા, ચાહે શાતાનો ઉદય હોય કે અશાતાનો,**



**પણ બંને સ્થિતિમાં ઘાતીના ઉદયને અર્થાત્ રતિ-અરતિ, હર્ષ-ઉદ્વેગ, રાગ-દ્વેષ, વગેરેને વશ કરવા મથે; અઘાતીના કચરાને નામશેષ કરે; મોક્ષની વધુ નજીક આવે ! મિથ્યાત્વ મોહનીય એ ઘાતી પાપ છે. એના ક્ષયોપશમથી તત્ત્વ સમજાય, નિર્મલ પ્રકાશ થાય અને અપયશ, અશાતાદિ અઘાતી કર્મના ઉદય વખતે ખોટી હાયવોય ન થાય; ત્યારે મિથ્યાત્વનો ઉદય હોય તો પારાવાર કષાયો !**

જગત કેવું છે ? વાર્યું રહે એવું નથી, હાર્યું રહે છે, જ્ઞાની ભગવંત માસભરની નિવૃત્તિ લેવાનું કહે તો માનવું નથી, પણ બિમારીમાં પડ્યા રહેવું પડે છે. ત્યાં નથી શાંતિ, નથી જપ, નિરર્થક પાપના પોટલાં બાંધવા છે. ધર્મને પામેલો, અશાતાના ઉદયમાં વિચારે, 'પ્રથમ ન વિચાર્યું તો આ દશા થઈ, હવે આ બિમારીમાં **બીજો ધર્મ ન કરી શકું, પણ અશાતાને તો ફેંકી દઉં.'** આથી એ આત્મા આત્માને કાળો કર્યા વિના, અશાતાને વેદે, હાયવોય ન કરે. ઘાતિ કર્મના ઔદયિક ભાવને ક્ષાયોપશમિક કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો શાતા અશાતા વગેરે અઘાતી કર્મના ઉદયમાં **જો રાચવા-રુઠવાનું બને તો માનો કે ત્યાં ઘાતીના ઉદયની સહાય છે. અને જો આત્મ ચિંત્વન અને સમતા-સમાધિ થાય તો માનો કે ત્યાં ઘાતીના ક્ષયોપશમની સહાય છે.** આમ પ્રત્યક્ષ ન દેખાય, પણ આ એનું માપ છે. શાતા કે અશાતામાં, દારિદ્ર્યમાં કે ધનિકપણામાં, યશ કે અપયશમાં, આત્મા શું આત્મ-ચિંતનમાં છે, કે કાંક ઈદં તૃતીયં કરે છે, એ છે માપ. જો આત્મા સમભાવમાં રહે, દેખતો અને સશક્ત રહે, તો ઘાતીનો ક્ષયોપશમ ભાવ સમજવો; અને અંધ તથા પંગુ બને તો ઘાતી કર્મનો ઉદય સમજવો. ક્ષયોપશમ ભાવને પામેલો તો શાતાના ઉદયમાં પણ વિચારે, **'થોડા વર્ષોનું ય સંયમ પાલન એ તત્કાલ ભલે કષ્ટમય હોય પણ ભવિષ્યના અનંત સુખના ધામે જનારી માઈલોની સડકમાં મખમલની ગાદી રૂપ છે; અને ઇંદ્રિયોના વિષયોની ઉજાણીમાં ભલે તત્કાળ કષ્ટ ન લાગે, પણ પછી સંસારના અસંખ્ય ભવોના કાંટાના રસ્તે જવું પડશે. અર્થ-કામમાં જો ગળાબૂડ ડૂબીશ તો શાતા ખવાઈ જશે, અશાતા ઊભી થશે.** જેવું મિથ્યાત્વ તેવું કષાયો, અજ્ઞાન, નિંદ્રા, કૃપણતા, નિર્બળતા વગેરેના ઉદયને વશ કરી ક્ષયોપશમ સાધવાનો.

એ બતાવનારું જિનશાસન મળ્યું. એ મોટાઈ મળી છે. એને આપત્તિ શી ? આપત્તિને તો એ સંપત્તિરૂપ બનાવે છે. ભોજ કહે છે 'મોટાને ક્યાંથી ?' ત્યારે ત્રીજે દિવસે મંત્રી લખે છે, '**कदाचिद् रुष्यति भाग्यम्**'-ક્યારેક ભાગ્ય રૂઠે છે. એટલે કે મોટાઈના વિશ્વાસે ભાગ્ય રૂઠશે, પછી ધન વિના શું શું કરશો ? માટે ધન સંઘરી રાખો; બહુ દાન ન કરો. ત્યારે ભોજે લખ્યું કે **'संचितमपि नश्यति'**

અર્થાત્ ભાગ્ય રૂઠશે ત્યારે તો દાન ગુમાવીને સંઘરેલું પણ ધન નાશ પામે છે. મંત્રી હવે સજડ થઈ ગયો; હાથ જોડી ભોજના ગુણ ગાય છે, **'ધન્ય વિવેક ! ધન્ય સાવધાની !'** કર્મ રૂઠે અને ધન ખત્મ થાય, છેવટે મરણ વખતે તો ખત્મ છે જ, તો પહેલેથી દાન-પુણ્ય શા માટે ગુમાવવું ?

**વસ્તુ પર જેટલો પ્રેમ વધારે તેટલી એકાગ્રતા વધારે ! :-** પેલા યુવકને, પરદેશ જવાના વિચારમાં વળી કોઈ લોન આપનાર નિકળ્યો, ને એક બે દિવસમાં તેવો સથવારો મળ્યો, એટલે પહોંચ્યો મારવાડથી કલકત્તે. ત્યાં કોઈ કટપીસવાળાની દુકાને માસિક અગિયાર રૂપિયાના પગારે તે નોકરી રહ્યો. એને તો અગિયાર રૂપિઆ એટલે શી વાત ! એક વખત દુકાને બેઠો બેઠો, એ કાંઈક હિંદી ભાષામાં બડબડતો હતો, તાકડે શેઠ હાજર નહિ, 'આ વેપારીઓ કેવા ગમાર છે ! આ માલ લેવા જેવો છે, એના ભાવ વધવાના સંયોગો છે, છતાં કોઈને કંઈ સૂઝતું નથી !' એવામાં ત્યાંથી કોઈ એક યુરોપિયન પસાર થતો હતો જે હિન્દી ભાષાથી પરિચિત હતો. એના આ કાને શબ્દો પડ્યા એટલે એ ચમક્યો. જેને જેના પર પ્યાર હોય તે દેખે, દૂર દૂર છાયા માત્ર દેખે, તોય તેમાં મન, વચન, કાયા એકાગ્ર કરે છે. વસ્તુ હાથ કરવી હોય તો એકાગ્રતા આવશ્યક છે. વસ્તુ પર જેટલો પ્રેમ વધારે તેટલી એકાગ્રતા વધારે. એકાગ્રતા જ્યાં ઓછી હોય, માની લેવું, એ વસ્તુનો પ્રેમ હજી જાગ્યો નથી. નાનું આઠ દશ વર્ષનું બચ્ચું, પાસે કોઈ ગમે તેવી પ્રેમની વાત કરે તો ય તેને તેમાં રસ ન પડે; કેમકે તેને તેમાં રાગ નથી પણ એને રમકડાં પર એવો પ્રેમ છે કે જો તેને રમકડું અપાવવાનું કહ્યું હોય તો નિશાળમાં પણ તે રમકડાંની જ માળા ગણવાનો. જેવું બાલકનું દૃષ્ટાંત તેવું જ મોટાનું લ્યો. 'શનિવારે આવજો, સારો સોદો આપીશ,' એમ દલાલને કહ્યું હોય તો, શનિવાર સુધી એ સોદાનું જ રટણ કરવાનો. જેને જેનો પ્રેમ. **સૂત્રો એ મહામંત્રાક્ષરો છે, એવો એના પર પ્રેમ વધારો, 'ધર્મ-ક્રિયા એ સીધી પાપકર્મ કાપવાની પ્રક્રિયા છે,' એવી પ્રીતિ ખૂબ જગાવો, તો એકાગ્રતા આવશે. ધર્મક્રિયા થાય છે પણ ઉમળકો નથી થતો. શાથી ?**

પેલા યુરોપિયને શબ્દ સાંભળ્યા, એણે યુવક સામે જોયું, એવામાં બાજુથી તેના શેઠને ત્યાં આવીને બેઠેલો જોયો, એટલે વાત શી રીતે થાય ? એ યુરોપિયન એટલામાં આંટા મારવા લાગ્યો. થોડીવાર બાદ, શેઠ જમવા ગયો એટલે યુરોપિયન આવીને પેલા યુવક સાથે પ્રેમથી વાતે વળગ્યો, શાથી એ ભાવ ઊંચા આવવાનું બોલ્યો તેના હેતુ વગેરે પૂછ્યું, સાંભળી તાજૂબ થયો ! પછી તેને તેનો પગાર પૂછ્યો. પેલાએ રૂા. અગિયારનો પગાર જણાવ્યો એટલે આ યુરોપિયને કહ્યું, 'જો



તું મારે ત્યાં નોકરી રહે તો સો રૂપિયા પગાર આપું.' અગિયારના સો ! ત્રીશ લાખની વાતનાં તો સ્વપ્નાય નથી છતાં પણ અગિયારના ઉપડ્યા સો કેવા લાગે વારુ ? સમકિતી જીવને ચારિત્રની ભાવના ખૂબ ખૂબ થાય. ચારિત્રના મૂલ્ય શાં ? જેમ પેલો યુવક, ત્રીશ લાખ તો શી વાત ? પણ સોથી ય ખુશીથી પ્રવેશે ને ? સંયોગો અને શારીરિક-માનસિક પરિસ્થિતિએ ન થાય તે વાત જવા દ્યો, પણ શક્ય છતાં ન થાય એ શું ? વગર પૈસાનો ધર્મ ન થાય ? વિષય-કષાયથી આત્માને પાછા વાળવાનો પ્રયત્ન કરાય તો કર્મ બંધના સ્થાને પણ મહાકર્મબંધ અટકાવી શકાય, ઉગ્ર અને ચીકણો બંધ રોકી શકાય, અરે ! કર્મ નિર્જરા થઈ શકે ! ઘણી વાતો એવી છે કે જેમાં માત્ર શુદ્ધ ઉપયોગ જોઈએ તો દેવાના લેવા કરી શકાય ! નાની નાની વાતોના અભ્યાસથી આગળ વધાય. દિવસમાં ગુસ્સો પાંચ સાત વાર થતો હોય ત્યાં નક્કી કરવામાં આવે કે 'મારે આજે ક્રોધના પ્રસંગોમાં બે વખત તો ગમ આવી.' વધારે પડતો ક્રોધ થાય તો એક બાંધી નવકારવાળી ગણી આપવી.' 'ક્રોધનો પ્રસંગ દેખાય ત્યાં પહેલાં ૨-૫ નવકાર ગણી લેવા...' આવી આવી રીતે ઘણી બાબતમાં નિર્ધાર થાય તો ક્રમશઃ આગળ વધાય. પણ વાત એ છે કે, કેટલીક વખત એવું બને છે, શ્રાવક આગળ સંસારની ભયાનકતા, સારો ધર્મ, એના સરળ ઉપાય વગેરે કહેવામાં આવે, તો એને બહુ ન લાગે ! જ્યારે બીજાને કદાચ એની બહુ અસર થતી દેખાય છે. શ્રાવકે તો તન્મય થવું જોઈએ પણ એવા ટકા કેટલા ? આજે ધર્મક્રિયા થાય છે પણ ઉમળકો નથી થતો; શાથી, એ તપાસો ! ધર્મને મહાનિધાન અને મહાતારણહાર માની, ધર્મની હરેક પ્રવૃત્તિમાં તન્મયતા થાય છે ખરી ? થાય, પણ જડ પદાર્થો અને જડ જીવન પ્રત્યે નફરત છૂટે, સુગ આવે તો થાય.

**જડ જીવન :-**

જડ પદાર્થો તો સમજો જ છો, કેમ ? સ્ત્રી-પુત્ર-પરિવાર એ જડ કે ચેતન ? 'એ તો સાહેબ ! ચેતન,' એમજ કહેવાના. તો પછી એના પર મોહ એ જડનો મોહ નહિ ને ? એ કરવામાં વાંધો નહિ ને ? કેમ મુંઝાયા ? કહો, **સ્ત્રી-પુત્રાદિ જે પર રાગ છે, એ એમના આત્મા ઉપર નહિ, પણ એમના હાલતા-ચાલતા અને અનુકૂળ વર્તતા ખોખા ઉપર રાગ છે.** કેમ એમજ છે ને ? ખોખું હાલતું-ચાલતું બંધ થાય એટલે નકામું, ફૂંકી મારવાનું ! અને હાલતું-ચાલતું હોય છતાં જો પ્રતિકૂળ વર્તે તો એની સાથે કટ્ટી ! આ કેવો રાગ ? ચેતન-આત્મા પર રાગ હોત તો એની જ ચિંતા, એની ભારે ચિંતા કરતા હોત ! પણ જીવતા અને અનુકૂલ દેહ પરનો રાગ છે એ તો બીજા જડ પદાર્થ ઉપરના રાગ જેવો છે, એમાં



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સામાના આત્માની ચિંતા આવે જ ક્યાંથી ? માટે જીવે કુટુંબને પણ જડ પદાર્થ પૈકીનું જ એક ઘટક, એક અંગ બનાવ્યું છે. એ જડ પદાર્થો પરના રાગની અંધતામાં જીવન જડ બની ગયું છે. **જડ જીવન એટલે જડના ધોરણે ચલાવાતું જીવન, જડની ઊંચા-નીચી પર કેન્દ્રિત જીવન, બહિરાત્મ જીવન.** એમાં આત્માની યાદ સરખી નહિ, આત્માના ગુણો જાગ્રત કરવા, સંરક્ષવા, વધારવા, આદિ તરફ કોઈ દૃષ્ટિ જ નહિ. ઉચ્ચ જૈન માનવતાના સ્તર સુધી આવેલાની આ દશા હોય ? શું તમને હૈયે ગૌરવ નથી વસતું કે 'હું એટલે જિનેશ્વર દેવ અને એમના તારક શાસનને પામેલો એક મહાભાગ્યવંતો જીવ ! મારું જીવન કીટ-પશુ જેવું બહિરાત્મ નહિ, પણ અંતરાત્મ જીવન હોય ! મારું જીવન જડજીવન નહિ, પણ ચૈત્યન્ય-ઝળકતું જીવન હોય !' **પરિગ્રહના પાપ ઉપર જડજીવન પોષાઈ રહ્યું છે, માટે પરિગ્રહ એ સંસારનું મહામૂળ છે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૪,તા.૪-૧૦-૧૯૫૮

## 3 સંસારની જડ

**અલબત જડ જીવનને પોષનારા મિથ્યાત્વ અને કષાયો વગેરે પાપો ય છે, પરંતુ પરિગ્રહ પાપની જોહુકમી ભારે ! આની લત પેલા બધાને તાણી લાવે છે.**

**જડ પદાર્થો અને જડ-જીવને કરેલી આત્માની ખરાબી ધ્યાનમાં લો તો એના પર સુગ વરસે એવું છે.**

**બે રાજકુમારનું દૃષ્ટાન્ત.**

આના પર એક સુન્દર દૃષ્ટાન્ત છે. એને ઐતિહાસિક કહેવામાં આવે છે. એક નગરમાં મોટો ભાઈ રાજા છે, ને નાનો ભાઈ જે યુવરાજ છે. તેના બે પુત્રો છે. પુત્રો પરાક્રમી, બાહોશ અને સુશીલ છે. પરાક્રમ વિનાના જીવનમાં માલ શો ? પરાક્રમ છતાં હોશિયારી ન હોય તો ઘણું પરાક્રમ વેડફાઈ જાય ! અથવા પરાક્રમ બહુ કરે અને લાભ મામુલી પામે ! ત્યારે, પરાક્રમ અને હોશિયારી છતાં સુશીલતા, સદાચારીપણું ન હોય તો એ બંને અવળે રસ્તે ખરચાઈને પોતાને અને બીજાને શ્રાપરૂપ નીવડે પરાક્રમ, બુદ્ધિમત્તા અને સુશીલતાથી જીવન ચૈતન્યવંતુ બને છે, નહિતર જડજીવન સમજવું. બંને પુત્રો પર રાજાને અને રાજા પર એ બંનેને પિતા-પુત્રવત્ પ્રેમ છે. છોકરા એની બહુ આમન્યામાં રહે છે.



એકવારનો સંયોગ એવો બને છે કે રાજા પરિવાર સાથે નગરસ્વારીએ નીકળ્યો છે. એ રસ્તા પર એક ઘાંચીને મોટી ભારે લોખંડની નક્કર નળી ઊભી રાખીને ઊભેલો જુએ છે. આશ્ચર્ય થયું આ શું ?

પૂછે છે, 'આ શું ?'

ઘાંચી કહે છે, 'તમારો કોઈ ખરો સુભટ હોય તે આને ઉંચકીને ખસેડી તો આપે ?'

હવે રાજાને તો આબરૂનો સવાલ આવ્યો; મંત્રીને કહ્યું, 'બોલાવો આપણા કોઈ સુભટને, અને આને ખસેડાવો.'

સુભટો તો આગળ આવતાં જ ગભરાયા ! રખેને, નહિ ઉપડે તો ભોંઠા પડશું !' વળી એમાં બે ચાર પણ હિંમતબાજ નિકળે ને ? તે આવ્યા આગળ, મહેનત કરી, પણ વ્યર્થ !

રાજા વિમાસણમાં પડ્યો. ત્યાં તરત પેલા બે કુમારો રાજાને નમસ્કાર કરી વિનયપૂર્વક કહે છે, 'બાપુજી ! આપની આજ્ઞા હોય તો અમો એને હાથેથી શા માટે, માથાના વાળથી ખસેડી નાખીએ.'

રાજા કહે છે, 'અરે ! બચ્ચાઓ તમારું કામ નહિ. આવા લોખંડી સુભટો ન ચસકાવી શકે તો તમે તો સુકોમળ ફૂલડાં ! તમે શું કરી શકો ? તે વળી હાથેથી નહિ ને માથાના વાળથી ?'

રાજા જેને સુકોમળ સમજે છે, એના સત્ત્વની, એના બળની અને એના પુણ્ય રાજાને ક્યાં ખબર છે ? છોકરાઓના ખાનગી બળ-અભ્યાસની પણ બિચારાને શી ખબર ? એમણે અવસર સિવાય બળ દેખાડી હોશિયાર બતાવવાનું, ને શાબાશી લેવાનું યોગ્ય માન્યું જ નહોતું. **એ તો જડ જીવનના ખેલ છે, કે જરા જરામાં બીજાને હોશિયારી બતાવી શાબાશી લેવાનું મન થાય છે, અને હોશિયારીનું પ્રદર્શન કરાય છે !**

**જેમ ધનનો પરિગ્રહ, તેમ બળનો ને શક્તિનો પણ પરિગ્રહ માણસને મદે ચઢાવે છે.** તો એમ નહિ કહેતા કે 'તો પછી બળ-શક્તિ મેળવવા જ નહિ;' એમ તો વિદ્યા, જ્ઞાન, તપ વગેરેના ય મદ ચઢે છે તો એનો ય પરિગ્રહ નહિ કરાય ! પણ એવું નથી. ખરી રીતે એને પરિગ્રહનું રૂપ નહિ આપવું, એ મુદ્દો છે. પરિગ્રહનું રૂપ આપવું એટલે ક્રોધ-અભિમાનાદિ કષાયોની પોષક મૂર્ચ્છા રાખવી. એ નહિ કરવું જોઈએ. **શક્તિ, વિદ્યા, વગેરેને તો એક માત્ર આત્મતારક બનાવવાનું જ લક્ષ જોઈએ; પછી એમાં પરિગ્રહનો રંગ નહિ રહે.** ધનમાં પણ આ કેળવો તો ઘણો બચાવ થઈ જાય !



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**મારવાડી યુવક :-**

પેલા મારવાડી યુવકમાં ઊંડે ઊંડે એ પડ્યું છે, એ આગળ જણાશે. છતાં અત્યારે પણ એ સાવ લાઈન બહાર નથી. યુરોપિયન એને કહી ગયો; ને એમાં એને મોટો ચાન્સ દેખાયો, તક જણાઈ, પણ શેઠને કહ્યા વિના ભાગી જવાનું નહિ. શેઠ આવ્યા ત્યારે એમને કહે છે,

'હવે હું કાર્ય બરાબર સંભાળી શકું છું તો મારા પગારમાં વધારો થઈ શકશે ?'

શેઠ કહે છે, 'જોઈશું.'

શેઠે તો વાત પર પડદો પાડ્યા જેવું કરી દીધું; પણ આને ક્યાં જંપ છે ? મોટી સચોટ આશા બંધાણી છે, લગની છે, કેમ જપે ? એટલે હવે સમજી શકશો કે **ધર્મની વાતમાં ઝટ જંપ કેમ વળી જાય છે. જ્ઞાનીના વચન પરથી એવી મોટી આશા નથી બાંધી, એવી લગની નથી લગાડી, પછી ક્યાંથી સળવળાટ રહ્યા કરે ? મોટી સચોટ આશા બાંધો, લગની લગાડો, પછી ચાલ્યું કામ ધમધોકાર.**

યુવક તો કહે છે, 'શેઠજી ! જુઓ મને સારા પગારે નોકરી મળે છે, તો આપ મારા હિતૈષી છો, તો ત્યાં જવા રજા માગું છું.'

'સારા પગારે એટલે કેટલા ?'

'માસિક સો રૂપિયાના.'

'હેં ? સો ? કોણ તને સો પરખાવવાનું છે ?'

'આપની મહેરબાનીથી નોકરી તૈયાર છે.'

**યુરોપિયનની કદર :-**

શેઠથી બીજું બોલાય એવું નહોતું. આપી રજા; ને યુવક યુરોપિયનને ત્યાં જોડાઈ ગયો. યુરોપિયનને તો એની મજૂરી કરતાં બુદ્ધિનો ખપ હતો, તે એને એવા ઊંચા હોદ્દા પર જ મૂકી દીધો કે જેથી એની સલાહ-સૂચના લેવાયા કરે. વસ્તુની કદર જોઈએ; કદર કરવા માટે વિવેક જોઈએ. **માનવ મગજનું આ મહત્ત્વ છે કે વસ્તુના સારાસારનો વિવેક કરે; કઈ વસ્તુ કેટલામાં છે એને બરાબર પરખી લે અને સમજી રાખે. આ વિવેક, વિવેક ઉપરાંત કદર કરવી જોઈએ. કદર એટલે એને જીવનમાં યોગ્ય સ્થાન આપવાનું.** વિચારજો દેવ અને ગુરુના આપણે કેટલા મૂલ્યાંકન કરીએ છીએ. આપણી જીવન-ઘટનાઓ જીવન અને પ્રવૃત્તિઓમાં એમને કેટલું ઊંચું સ્થાન આપીએ છીએ. ત્યારે સાધર્મીને કેટલું સ્થાન ! **કદર એટલે માત્ર મનમાં સારા તરીકે વસાવી રાખ્યા એટલું નહિ, પરંતુ એવો ભોગ આપીને વ્યવહાર-વર્તાવ કરાય.** કપરા સમયમાં નોકરી આપનાર શેઠની કેવી કદર કરાય છે ! સારી રીતે



ઘર સંભાળનાર પત્ની કે વિનયી પુત્રની કદરમાં હૈયામાં એને ઊંચું સ્થાન આપી વારેવારે એની સલાહ સૂચન લેવાય છે ને ? એની પ્રત્યે અત્યંત રાગ, એની પ્રશંસા, ચિંતા વગેરે કરાય છે ને ? કદરનું ક્ષેત્ર મોટું છે. **આત્મહિતકારી તત્ત્વો પ્રત્યે, વ્યક્તિ-વસ્તુ પ્રત્યે ખરેખરી કદર ઊભી કરવાની જરૂર છે; તો પછી એની ઉપાસના જવાબદારીવાળી થાય.** શ્રેણિક કૃષ્ણ વગેરે સમકિતદૃષ્ટિ આત્માઓમાં એ હતું તો એમણે સંસાર અલ્પ કરી નાખ્યો.

**યુવકને ભાગીદારી :-**

યુરોપિયને યુવકને કિંમતી સ્થાને ગોઠવ્યા પછી જોયું કે એની સલાહ-સૂચનથી તો વેપાર મોટો ચાલ્યો ! પાછી આની નેકી, નિષ્ઠા વગેરે અદ્‌ભુત હતી, તેથી યુરોપિયનને પાછી કદર વધી; તે યુવકને જોતજોતામાં વેપારમાં ભાગીદારી કરી આપી ! એક વખતનો મસાલાનો થેલો ફેરવનાર યુવક મોટો વેપારી થઈ ગયો ! હજારોની કમાણી વધતી ચાલી ! નસીબની આડેનું પાંદડું ક્યારે ખસે એનું શું કહેવાય ? પણ માણસની કિંમત એમાં નથી, કિંમત છે નેકીમાં, નિષ્ઠામાં. **રૂપિયા વધ્યે માણસાઈ નથી વધતી; નેકી વધ્યે, નિષ્ઠા વધ્યે માણસાઈ વધે છે.** રૂપિયા તો, ઘણા દાખલામાં દેખાય છે કે, માણસાઈનો લોપ કરતા ચાલે છે. ત્યારે તો પરિગ્રહને પાપ કહી શાસ્ત્રકારોએ એને સંસારની જડ કહી છે. જગત એમાં ભૂલું પડી ગુણમય ચૈતન્ય ગુમાવી જડ જીવનમાં પડી જાય છે. નેકી, પ્રામાણિક વ્યવહાર, નિષ્ઠા, હૃદય વગેરે મૌલિકગુણો જીવનમાં ચૈતન્ય લાવનારા છે. એનાં આજે કયાં શિક્ષણ અપાય છે ?

**ઊંચું જીવનધોરણ ક્યું ? :-**

જીવનધોરણ ઊંચું લાવો એની વાત તો બહુ ચાલે છે, પ્રયત્નો ધરખમ થાય છે, પણ કયું જીવનધોરણ ઊંચું લાવવાની ? જડ-જીવન કે ચેતન-જીવન ? તામસી જીવન કે સાત્ત્વિક જીવન ? માણસ એટલે જાણે પેટ, માણસ એટલે જાણે કાયા ! બસ, એનું ધોરણ ઊંચું લાવો. કેવી રીતે સારું કમાય, સારું ખાય-પીએ, સારું ભોગવે-મસ્ત બને, આ આજનું ઊંચું જીવનધોરણ ! **આર્ય સંસ્કૃતિ તો પૈસા અને ભોગસુખો અર્થાત્ અર્થ અને કામની લગની તથા ધાંધલને તમોગુણ અને રજોગુણના ઘરની માને છે; એને જડ જીવન ગણે છે. એનો વિકાસ** એ કાંઈ જીવનધોરણ ઊંચા લાવ્યા ન ગણાય; કેમકે માનવ જેવા મહાન ઉચ્ચ પ્રાણીનું જીવન એટલે ચૈતન્ય-ઝળકતું જીવન, સત્ત્વગુણ-પ્રધાન જીવન ! એમાં તો નિસ્પૃહતા, સંતોષ, ઉદારતા વૈરાગ્ય, ક્ષમા, સમતા વગેરે ગુણો આવે. પેટ તો જીવમાત્રને હોય છે; પરંતુ **માણસ એટલે પેટ નહિ, પણ મગજ.** એ મગજનો વિકાસ થાય, - શી રીતે ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સંતોષ, અલ્પ જરૂરીયાતો, વૈરાગ્ય વગેરે ગુણોથી વિકાસ થાય, તો કહેવાય કે જીવન ઊંચું ! માણસને શરીરનું એક હાલતું-ચાલતું ખોખું માનવામાં સાચા ઊંચા જીવનધોરણનો ખ્યાલ ક્યાંથી આવે ?

**આજની પીપુડી :-**

આજે જુઓ છો ને ‘બસ એક વાત, પૈસા અને પ્રતિષ્ઠા ! રંગરાગ અને રોફ !’ મોટા ઉદ્યોગો, યંત્રવાદ, મોટી યોજનાઓ, હિંસાના વિકાસ, માંસાહારના પ્રચાર, બીભત્સ મનોરંજનોની વધતી જતી સગવડો, માનપત્ર મેળાવડા અને ખુરસી,...આ બધું ધૂમ ચાલી રહ્યું છે. છાપાં, રેડિયો, ભાષણો, બધા આની જ એક પીપુડી વગાડી રહ્યા છે ! અનાર્ય દેશના આંધળા અનુકરણ, અને પરલોકગામી આત્મતત્ત્વને મુખ્ય કરનારી આર્યતાના સરાસર વિસ્મરણ સિવાય આમાં બીજું શું છે ? જડ જીવનના આચાર છે. પછી એમાં અનીતિ-અસત્ય વધે, લાંચ-રૂશ્વત કાળા બજાર વધે, અશાહુકારી-મવાલી વધે, ઝગડા-ટંટાઓ વધે, એના કેસોથી કોરટો ઉભરાય, એ બધું સહજ છે. તો જીવન-ધોરણ ઊંચું લાવવાનું એટલે આ જ ને ?

**વિકાસનો યુગ કે વિનાશનો ? :-**

દુનિયાના આ પાગલ પ્રવાહમાં, વિનાશી વાયરામાં તણાઈ ન જાઓ. જરા થોભો, વિચારો, તમારી પવિત્ર સંસ્કૃતિ કઈ ? રામયુગ જેવા કાળના ઊંચા જીવન ધોરણ કયા ? આજના તોફાન પહેલાના કાળમાં હિંસા, જૂઠ, ચોરી, દુરાચારનું પ્રમાણ કેટલું અને આજે કેટલું ? પરસ્પરના નિર્દોષ, સાત્ત્વિક પ્રેમ પૂર્વે કેટલા અને આજે કેટલા ? ભ્રાતૃભાવ, પરોપકાર, ને પરમાર્થવૃત્તિ પૂર્વના ક્યાં ? અને આજના દ્વેષ, ઈર્ષ્યા, સ્વાર્થાંધતા, વગેરે ક્યાં ? શું આ બધા પરથી માપ નથી કાઢી શકતા કે જીવન ધોરણ ઊંચું આવી રહ્યું છે કે રસાતળ જઈ રહ્યું છે ? આજનો યુગ વિકાસના માર્ગે જઈ રહ્યો છે કે વિનાશના ?







## ૪ સંસારની જડ

**કાળ કાળનું કામ કરવાનો, આપણે આપણું કામ કરવાનું. ‘આપણે આર્ય છીએ, જૈન છીએ, ઉત્તમ વીતરાગનું શાસન પામ્યા છીએ, રસાળ ભેજું મળ્યું છે, આદર્શો, મનોરથો, આંતરિક વૃત્તિઓ, ઉચ્ચ સાત્ત્વિક કોટિની કેળવવા-રાખવામાં આપણે સ્વતંત્ર છીએ,...’ આ બધી વસ્તુનું મહત્ત્વ સમજો, જિનશાસનરૂપી સરોવરના રાજહંસ બનવાનું ગૌરવ લો, અને આત્મ-વિનાશના પંથે ન જતાં આત્મવિકાસના પંથે દૃઢ વિશ્વાસ અને નિર્ધારપૂર્વક આગેકૂચ કરો. જીવનમાં જરૂરિયાતો વધારવી, સ્વાર્થરસિકતા વધારવી. પરમાર્થ-પરોપકારની વૃત્તિ વિસારવી,...** આ બધા માટે કોણ બળાત્કાર કરે છે ? ગમે તેવો કાળ પણ આપણને વાત વાતમાં અસત્ય અને માયા, અભક્ષ્ય અને આચારભંગ વગેરે કરવા જોરજૂલ્મ થોડો જ કરે છે ?

**પ્ર.**- પણ વર્તમાન કાળે આજુબાજુ બધું એવું જોવા મળે એટલે લોભાઈ જવાય ને ?

ઉ.- તમે લોભાઈ જાઓ એવા કાંઈ કાચા નથી. પાડોશી મોટરમાં ફરે છે એ જોવા છતાં તમે કેમ લોભાઈને એમ કરતા નથી ? કેમ મોટી મોજ ઉડાવતા નથી ? ત્યાં તો સમજી રાખ્યું છે કે **પહોંચ જોઈને પગલું માંડવું.** બજારમાં બીજાઓને ધૂમ સોદા કરતા દેખો છો, છતાં તમે કાંઈ ઝટ ઉછળી પડતા નથી કે ‘હાં લગાવો દાવ !’ દુનિયાની કેટલી ય વાતોમાં તમે ય લોભાતા નથી, ને કુટુંબને ય લોભાવા દેતા નથી. કેમ વારું ? પહોંચ જોઈને પગલું મંડાય.

**પહોંચ જોઈને પગલું મંડાય :- બસ, એજ રીતે અહીં વિચારવાનું છે કે શું આપણી એટલી પુણ્યની પહોંચ છે ? અને એ હોય તો ય, આજના ફૂલતા-ફાલતા જડજીવનના પ્રત્યાઘાતો સહવાની પહોંચ છે ? મહામુશીબતે પ્રાપ્ત કરેલ આ ઊંચા ભવની ગુણભૂમિકા અને ધર્મભૂમિકાને સંરક્ષવા-વધારવાને બદલે વિણસાડી નાખવાનું ગજું છે ? અનંતાકાળે માંડ ઊંચે આવ્યા પછી પાછા ઠેઠ નીચે એકેન્દ્રિયાદિ અવસ્થામાં ગબડી પડવાનું પાલવે એવું છે ? આ વિચાર કરો તો ય લોભાવાનું શાનું થાય ?**

**છોકરાનું પરાક્રમ : ભિન્ન ભિન્ન લાગણીના હેતુ :-**

જુઓ, પેલા બે રાજકુમારમાં એ જોવા મળે છે. ઘાંચીએ મોટી લોખંડી નળી ખસેડવાનું આહ્વાન કર્યું, કોઈ સુભટો ખસેડી શક્યા નહિ, પણ રાજકુમારો



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

નિઃસંકોચપણે આગળ આવ્યા; રાજાને ગમે તેમ સમજાવીને પોતાના માથાના વાળની લટ સાથે દોરડું બંધાવ્યું, અને દોરડાનો બીજો છેડો નળીને બાંધ્યો. રાજા તો મનમાં ગભરાઈ રહ્યો છે, 'કોણ જાણે આ છોકરા પાછા તો નહિ પડે ? હુરિયો તો નહિ બોલાવે ?' પણ ગભરામણ લાંબી ન ચાલી, ક્રમસર એકેક છોકરે માથાને જોસ આપ્યું ત્યાં નળી ખસેડાઈ ! પડી નીચે ! ખેંચાવા લાગી ! ઘાંચી બિચારો ઝંખવાણો પડી ગયો ! લોક ચકિત થયા ! છોકરા પિતાતુલ્ય રાજાનું માન જળવાવા ઉપર સંતોષ પામ્યા અને પરાક્રમનું અનુમોદન અનુભવવા લાગ્યા ! પણ રાજા... જાણો છો એને શી લાગણી થઈ ? પ્રસંગ એક જ છે, પણ કેવી કેવી અનેક પ્રકારની લાગણીઓના અનુભવ કરાવે છે ! **જેવી પોતાની કક્ષા, તેવી લાગણી. ઘાંચીમાં અભિમાનીપણાની કક્ષા હતી એટલે આ પ્રસંગ એને માનહાનિનો લાગવાથી લજ્જાની લાગણી થઈ. ત્યારે લોકને નવું જોવા-જાણવાની આતુરતા એટલે આશ્ચર્યની લાગણી જાગી. છોકરા વિનીત હતા તેથી સ્વમાન નહિ પણ વડિલનું માન વધવા પર તુષ્ટ થયા, સુભટોને આગળ સ્વાર્થ છે માટે ગૌરવ અનુભવે છે.**

**કક્ષા મુજબ લાગણી :-**

કક્ષા અને ભૂમિકા જેટલી ઊંચી તેટલી લાગણી ઊંચી પ્રગટવાની. સાત્ત્વિક પ્રકૃતિની કક્ષા તૈયાર થઈ હશે તો લાગણી ઉમદા જાગવાની; અને હજી તામસ ગુણની કક્ષા જ રહી હશે તો લાગણી ક્ષુદ્ર જાગ્યા કરવાની. **પરિગ્રહની મમતા એ તામસ પ્રકૃતિને પોષે છે, તેથી એમાં હલકી લાગણીઓ માતબર રહે છે, કૂદતી ને ફાલતી-ફૂલતી રહે છે.** પછી એનું પરિણામ શું ? એની જ વૃદ્ધિ કે સત્ત્વ-પ્રકૃતિની ? ભવાંતરે તામસભાવના જ પુનરાવર્તન ને પ્રવર્ધન ને ?

**એક પાપભય નહિ તો બીજા અનેક ભય :-**

**અહીં જ જુઓ કે આજે જગતમાં પરિગ્રહપાપ ઉપર કેવા તામસી તાંડવ ચાલી રહ્યા છે !** એણે આત્મા, પરલોક, પુણ્ય-પાપના હિસાબ, વગેરે પર કોઈ વિચાર જ ઊભો રહેવા નથી દીધો ! પાપનો ભય જે માનવનો મહાન ગુણ. એ આજના પાશવી પરાક્રમવાળા શાનો રાખે ? 'શું અમે બાયલા છીએ કે પાપનો ભય રાખીએ ?' ના ભાઈ ના, તમે બહુ બહાદુર ! માત્ર પાપનો ભય નહિ રાખનારા; બાકી તો તે ભય નથી માટે જ બીજા અનેકાનેક ભયોમાં સબડનારા ! 'હાય ! મોંઘવારી વધી ? હવે શું થશે ? હાય ! ટેક્ષ વધ્યો ! કડક કાયદો આવ્યો !' જરાક શા રોગમાં 'હાય ! શું થશે ? લાવ મોટા ડોક્ટરને દેખાડું, સ્કીનીંગ કરાવું. બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ...' ઢીંકણા ટેસ્ટ ને પૂંછડા ટેસ્ટ ! શું છે આ બધું ? અનેક ભયોનું તોફાન ! ત્યારે એક માત્ર પાપ અને પરલોકનો ભય



રાખનારાને આ ભયો સેવવાની જરૂર નથી, એ તો સમજે છે કે- 'પુણ્ય ઓછા હશે તો મોંઘવારી વધશે જ, એમાં **નાહક હાયવોય-દુર્ધ્યાન કરી પાપ કાં બાંધું ? ધર્મસત્ત્વ ગુમાવી પાપને સગવડ શા માટે કરી આપું ?** શરીરમાં રોગ આવ્યો તો ખાવાની ભૂલે આવ્યો. અતિ શ્રમને કે બહુ પવન ખાવાને લીધે આવ્યો, બસ એનો પ્રતિકાર કરી લઉં, ફોગટ આજના નવા ડૉક્ટરી તોફાનના પાપમાં કાં ફસાઉં ? એમ ત્યાગ, તપ ચૂકી આ લોક પરલોક બંને કાં બગાડું ?' એક પાપ અને પરલોકનો ભય અપૂર્વ સ્વસ્થતા જળવાવી બીજા અનેક ભયોમાંથી બચાવી લે છે.

**ધર્મ-સ્થિરતા અને આધ્યાત્મિકભાવ કેમ નષ્ટ ? :-** પાપનો ભય નથી માટે બીજા ભયોથી બચવા વિવિધ તામસભાવની લાગણીઓથી પ્રેરાઈ અનેક કુકલ્પનાઓ, અને અનેક પાપાચરણ આજે ધુમ વધી રહ્યા છે. પાછા દૈનિક છાપાવાળાં અને રેડિયો આજે આની છૂટથી લ્હાણી કરી રહ્યા છે ! એટલે **દુનિયાભરના ખૂણેખૂણાની ભૌતિક કાણમોકાણે ભયો વધ્યા જ કરે ! મલિન લાગણીઓ સતાવ્યા જ કરે ! મોટી યોજનાઓ અને ઉદ્યોગોની વિષકથા મૂર્છિત કર્યા જ કરે એ સહજ છે.** એમાં શી નવાઈ ? ત્યાં પછી રહી-સહી આત્મા પરમાત્માની વિચારણા ય મંદી પડી જાય, અને પેલાની હૃદયગ્રાહી લાગણી ધર્મ-પ્રવૃત્તિમાં દિલ ચોંટવા ન દે; આધ્યાત્મિકભાવ ખત્મ થઈ જાય;...એવું બધું બને એમાં શી નવાઈ ? **ભૌતિકવાદે માનવની કક્ષા જ ઉતારી નાખી છે !** તેથી અર્થ અને કામની ભરપૂર લાગણી, નવાં નવાં કૌતુકની લાગણી, એકાંત સ્વાર્થની લાગણી, હિંસા પ્રત્યે નિર્ભયતાની લાગણી, નાના કે મોટા દુરાચારની લાગણી, વિકસતી રહી છે. આજનાં બિભત્સ સિનેમા જોવા પાછળ કઈ લાગણી કામ કરી રહી છે ? આંખના દુરાચાર સેવવાની જ ને ? રસ્તા પર કોઈ સ્ત્રીના સામું તાકી રહે તો ખરાબ દેખાય, પણ સિનેમા શું ખરાબ લાગવાનું ? પેટ ભરીને પાપ કરી શકાય ! એમ ભોગવિલાસની ભરી લાગણીમાં અભક્ષ્ય ભક્ષણ, રાત્રિભોજન, અયોગ્ય ધંધા, ઇત્યાદિ કેટલું બધું વધી ગયું ! વિચારો મહાન માનવપ્રાણી કેટલી નીચી કક્ષાએ ?

**રાજાની ભયાનક લાગણી :-**

પેલા છોકરાઓએ લોખંડની નળીને માથાના વાળથી ખસેડી, એના પર કોઈને કાંઈ, ને કોઈને કાંઈ લાગણી થઈ આવી, પણ રાજાને ? છોકરા પર બહુ પ્રેમાળ છે હોં ! છોકરા પાછા એને પિતાતુલ્ય માની બહુ વિનય કરે છે એનો; તો તો રાજાને તો સારી જ લાગણી થાય ને ? પણ એ બધું ઉપરનું; **દિલમાં બીજાં જોરદાર પાપ બેઠા હોય, તો એ અવસર આવ્યે બહારની બધી સારા-સારીને, વાવાઝોડું વાદળ વિખેરી નાખે તેમ, ઉડાવી દે છે !** રાજાના દિલમાં રાજ્યના



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

લોભનું પાપ બેઠું છે, એણે ભૂલાવી દીધું કે - 'આ મારા છોકરા જેવા છે, એનાથી શો ડર ?' એટલે એને ભયની લાગણી થઈ આવી કે **'આવા બળવાન છોકરા મારું રાજ્ય તો નહિ પડાવી લે ?'** કેવી નિર્બળતા, નિઃસત્ત્વતા ! રાજ્યના પરિગ્રહનો લોભ હવે જો જો કે ક્યાં સુધી ઘસડી જાય છે ! એના મનને થયું કે- 'હવે મારે આ ઉગતા શત્રુને નામશેષ કરવા જોઈએ. સાપને દૂધ પાઈને ઉછેરવામાં મોત છે અગ્નિનો તો કણ પણ ખરાબ; ઘરમાં જરાક થાંભલો સળગ્યો, અને ન ઓલવી નાખીએ તો આખું ઘર બાળી નાખે ! માટે હવે આ છોકરાઓને એક દિવસ ભર જીવતા ન રહેવા દઉં !' વિનીત છોકરાઓને ખત્મ કરવાની ભયંકર લાગણી, ભયાનક દુર્બુદ્ધ એને જાગી ! શાથી ? પરિગ્રહના પાપે ! એટલી બુદ્ધિથી જ અટક્યો નહિ; અહીં તો છોકરાઓના પરાક્રમ પર બીજા બધા ખૂશ છે પણ રાજાના હૈયામાં વલોપાત શરૂ થઈ ગયો, 'શું કરું ? કેવી રીતે મારું ?...' ત્યાંથી ફરીને મહેલમાં પહોંચ્યો, પણ મનને હવે શાંતિ નથી. ગડમથલ એની એ ચાલુ છે ! હવે એને છોકરાઓનો વિનય, પરાક્રમ, ગુણિયલતા, બધું ઠારતું નથી, બાળી રહ્યું છે ! દુશ્મનના ઘરનું મનાઈ રહ્યું છે ! એમના ગુણ અસૂયાથી અવગુણરૂપે દેખાય છે; કેમકે એ લોકને આકર્ષી રહ્યા છે ! બસ, એક જ, લગની લાગી છે ! 'કેવી રીતે આ કાંટા દૂર કરું !' એ માટે મન્ત્રીને બોલાવે છે.

**શીઘ્ર ક્યાં ? :-** જીવને પાપનાં કાર્ય કરવાં હોય તો જાણે એમાં ઢીલ શા માટે કરવી ? ઉપકારીઓ આપણને જ્યારે એમ કહે છે કે - '**શુભે શીઘ્રમ્ શુભ કાર્ય, પવિત્ર કાર્ય, ધર્મના પરમાર્થના કાર્યમાં ઢીલ નહિ; એ શીઘ્ર કરવા,**' ત્યારે નાદાન જીવને ત્યાં ઢીલ કરવી છે ! સુપનાની બીજી બોલી બોલ્યા, ધર્મની ટીપમાં પૈસા લખાવ્યા, 'હવે પૈસા થાય છે, કરીશું ભરપાઈ; શી ઉતાવળ છે ?' પણ બજારમાં સોદા કર્યા, ઝટ પૈસા ચૂકવો નહિતર આબરૂ જશે, ફરી કોઈ સોદો નહિ લે !' છોકરાને કહેશે, 'જો ઝટ ફીના પૈસા જલદી ભરી દે, નહિતર દંડ લાગશે !' ભાડાના પૈસા જલદી ભરી દેવાય છે, નહિતર ? 'મકાન ખાલી કરાવી નાખે; તો પાઘડી જાય !' પાઘડી તરત રોકડી અપાય, નહિતર ? 'આવી સારી રૂમ ન મળે !' ઝટ પૈસા આપીને પાપનાં કાર્ય ઝટ થાય છે, એમાં વિલંબ નહિ ! 'થાય છે' નહિ **! ધર્મના કાર્યમાં 'થાય છે !' પણ કેટલું થાય છે ?' કોઈ નિયમ નહિ.**

**આ બધી પરિગ્રહની મોકાણ છે ! :-** દુનિયાના કારમાં તો ઝટ પૈસાનો પરિગ્રહ અપાય, કેમકે એમાં સામે બીજો માલનો પરિગ્રહ આવે તો દેખાય છે; પણ ધર્મના કાર્યમાં એવું ક્યાં દેખાય છે તે ઝટ કોથળીમાંથી નાણાં કાઢી આપે ?



એ તો જાણે એમ દેખાય છે તે **'આ હમણાં દઈ દઉં એટલે તો હમણાંથી પૈસા ગયા ! ઢીલ કરીશ એટલું પૈસા ઘરમાં રહેશે !' કેવી કારમી લત પરિગ્રહની !** હવે એમાંથી છૂટીને જિનાજ્ઞાને માથે ધરવાની લગની ઊભી કરવી હોય તો કેટલું કઠિન છે ! એ વિચારો. અરે ! જિનને ઓળખવાની પણ કેટલી બધી વાર છે ! કવિએ પ્રભુને ઉદ્દેશીને ગાયું ને ?

**'ક્રોધાદિક સૌ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને.'**

ક્રોધ, લોભ વગેરેની લત, લગની તોડો તો જિનની ઓળખ થાય. એની લત લગની મૂકો એટલે કે એમાં ભયાનકતા દેખો; પોતાના આત્માના નિકંદન દેખો, એને કર્તવ્ય નહિ પણ ત્યાજ્ય દેખો. ક્રોધાદિનું જીવન એને જીવન નહિ પણ મોત દેખો ! તો પ્રભુની ઓળખ થાય. તો પૂછોને કે,

**પ્ર.- પ્રભુને ઓળખવા સાથે એને શો સંબંધ ?**

**ઉ.-** એજ કે, પ્રભુને ઓળખવા એટલે પોતાનામાં લેશ માત્ર ક્રોધ-લોભ વગેરે, રાગદ્વેષ વગેરે નહિ તો નહિ, પણ 'એને કારમા શત્રુ માનો, એનો નાશ કરતા આવો' એવું શાસન કરનારા, એવો પ્રચાર કરનારા, તે પ્રભુ **! એમને ઓળખવા એટલે 'એ એ તરીકેના છે માટે મને બહુ ગમે છે,' એવી એમના પર જ્વલંત પ્રીતિ ધરવી એ.**

**ઓળખવા છે પ્રભુને ?** તો ક્રોધ, લોભ, મદ, માયા વગેરેને દુશ્મન દેખો, કત્લખાનું દેખો, **માનવભવને જોત જોતામાં ફરરર ફુ ઉડાડી દઈ દુર્ગતિની ખૂની ગુંડાગલીમાં જીવને ફસાવી નાખનારા સમજો.** હજી તો આ એ કરપીણ કષાયોને સીધા ત્યજી જ દેવાની વાત નથી, આ તો એને સમજવાની, એને કેવા તરીકે દેખવા, એટલી વિચારણા છે. પરંતુ પહેલું એ નક્કી નહિ થાય તો ખરેખરા ત્યજવાનું તો કેટલું ય દૂર છે ! પરિગ્રહની એ ગાઢ મમતાભરી લગની ધર્મના કાર્યમાં આપવાની વાત આવે ત્યાં 'થાય છે' કરાવે છે, ઢીલ, મોટી ઢીલ કરાવે છે !

વિચારજો કેવા સાંસારિક જીવનમાં ફસાયા છો. પાપનાં કાર્ય કરવામાં 'જલદી કરું' એ હોંશ ! અને ધર્મના ઉત્તમ સુકૃતો કરવાની વાત આવે ત્યાં 'થાય છે' શી ઉતાવળ છે ? 'શું ભાગી જાય છે ? કરીશું' એવી મુડદાલગીરી ! રાંકડાને ખબર નથી કે- **'જે ધર્મે આ ઉચ્ચ ભવ અને આ બધી સામગ્રી રોકડી આપી એની તો રોકડી સેવા કરવી જોઈએ.** એને બદલે વાયદો ? અથવા નકારો ? વળી

**ધર્મના સુકૃત કરેલાં આત્માને સંસારથી ઉદ્ધરશે, પાપના દુષ્કૃતો નહિ ! મોહમાયાના ભારની હૈયા પરની શિલાઓ હેઠી એ ધર્મસુકૃતો ઉતરાવશે, પાપકૃત્યો**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**નહિ !** એ નહિ ઉતારી તો ૮૪ લાખના ચક્કરો ચઢવાનું, ખબર છે ને ? હૈયે મોહમાયાનું જોસ છે માટે તો પાપનાં કાર્ય આવતાં 'ઝટ કરો' એમ થાય છે; અને પાછું એ ઝટ કરીને મોહમાયાને વધારે મજબૂત અને જોસીલી બનાવાય છે ! ખરી રીતે **વિલંબ તો પાપના કાર્યમાં કરવા જેવો છે, ધર્મના કાર્યમાં નહિ. ઉતાવળ પાપનાં કાર્યમાં નહિ, ધર્મના સુકૃતો કરી લેવામાં જોઈએ.** 'થાય છે, જોઉં છું, કાલે વાત, રાત આડી જવા દો' એ બધું પાપકૃત્યો અંગે કરવાનું, જરૂર કરવાનું; ધર્મકૃત્ય અંગે નહિ. મનને એટલું ય ન થાય કે 'ધર્મના લાભ પરોપકારનાં કાર્ય શોધીને તો મેળવવા જતો નથી, પણ સામે આવીને ઊભા છે, તો તો ઝટ સાધી લઉં ?' સદંતર બંધ તો પછી, પણ વાયદો ય નખાય તો જૂઠ બોલવામાં, અનીતિ આચરવામાં, પાપમાં ધન-ખર્ચ કરવામાં, કોઈને ફસાવવામાં, રોષ કરવામાં, રોફ દેખાડવામાં, તૃષ્ણાથી દોડવામાં...

**પાપને થોડાં વાયદેય ચઢાવી જુઓ, જુઓ પછી કેવો સુખદ અનુભવ થાય છે ! કેટલીક વાર તો સદંતર બચી જવાશે ! ત્યારે બીજે પાપનાં જોસ મોળાં પડશે ! અને**

**ધર્મને ઢીલમાં ન નાખો, શુભમાં શીઘ્ર યત્ન કરો. જુઓ એથી ઘણું ગુમાવવાનું અટકશે ! જે ધર્મ જલદી થયો, એમાં ઉત્સાહ ઉછરંગ સારો રહેશે.**

**શુભને વિલંબમાં નાખવાથી એની ધગશ મોળી પડે છે; ત્યારે અશુભને, પાપને વિલંબમાં નાખવાથી એની પાપની ધગશ ઓછી થાય છે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૫૮

## ૫ સંસારની જડ

### બે રાજકુમારનું શું ? :-

પરિગ્રહની વિટંબણા પર બે રાજકુમારનું દૃષ્ટાન્ત ચાલે છે. મોટા કાકા રાજાની સાથે ફરવા ગયેલા એમણે ઘાંચીની લોખંડની નળી માથાના વાળથી ઉથલાવી નાખી. એના પર કેઈને કેઈ લાગણીઓ થઈ, પણ રાજાને જુદી જ લાગણી થઈ આવી. એને આ ભત્રિજાઓથી ભય લાગ્યો, કે 'રખેને રાજ્ય બથાવી પાડી મને ઉખેડી નાખશે તો ?' એટલે હવે એનામાં અશાંતિનો હુતાશન સળગ્યો. મહેલમાં જઈ ક્ષણભર શૂન્ય બની ગયો 'શું કરવું ?' પણ પછી એક ઉપાય શોધી કાઢ્યો. શો તે જુઓ.



રાજાએ તાબડતોબ મંત્રીને બોલાવ્યો. મંત્રીને કહે છે, 'આપણે આ છોકરાઓને આગળ વધતા અટકાવવાના છે.'

'એટલે ?' મંત્રીએ પૂછ્યું.

'આ જોયું નહિ ? બજાર વચ્ચે એમણે પેલી નળી માથાના વાળથી ખસેડી નાખવાનું કેટલું ગુમાન બતાવ્યું !'

'એમાં ગુમાન શાનું ? આપની શાખ વધારી.'

રાજા કહે છે, 'અરે ! શાખ શાની ? ગુમાન, ગુમાન ! શાખ વધારવાનું તો હાથેથી ખસેડી નાખવામાં ય થાત; પણ આ તો માથાના વાળથી ખસેડીને એમણે પોતાનું જોર બતાવ્યું, દમામ દેખાડ્યો.'

મંત્રી પૂછે છે, 'તો હવે શું કરવું છે ?'

'તે તમે હોશિયાર માણસ સમજી શકતા નથી ?'

'હું તો સમજું છું કે એમને શિખામણ આપીએ, નાની ઉંમર છે, બિનઅનુભવી, ઉછળતું લોહી, સમજાવીએ કે જુઓ આમાં તમારું હિત નથી...'

મંત્રીનું ભાષણ લાંબું ચાલે એ પહેલાં જ રાજા તડુક્યો.

'શું કપાળ સમજાવે ? એ તે પ્રકૃતિ ફરતી હશે ? પ્રાણ ને પ્રકૃતિ તો સાથે જાય સાથે ! માટે એમને સમજાવવા કરતાં આ તો આપણે સમજવાનું છે કે હવે જો આમને જતા કર્યા તો આપણા માથે જોખમ પૂરું છે. માટે હું તો કહું છું કે આમને એકાંતમાં પૂરા કરી દો. નહિતર આ કોક દિ' આપણી કાનપટ્ટી ઝાલી હેઠા ઉતારશે ! પાછા છે લોકપ્રિય ! એટલે લોક એમને વધાવી લેશે !'

### માટીની માયા શું ન કરે ? :-

રાજ્યના પરિગ્રહની મમતા, જુઓ કે, રાજાને ક્યાં સુધી લઈ જાય છે ! એમાં પાછો છોકરાઓનો ગુન્હો નથી; એમણે રાજા પ્રત્યે એવું અભિમાન કે ભય દેખાડ્યો નથી, છતાં **રાજા પરિગ્રહના પાપે ખોટી કલ્પનામાં ચઢે છે** કે છોકરાઓ મારું રાજ્ય લઈ લે તો ? એ કલ્પનામાં એક વખતના પ્રાણપ્યારા પુત્ર જેવાને મારી નખાવવાની તૈયારી કરે છે ! **સંસારની માટીની માયા શી શી કલ્પના નથી કરાવતી ? શા શા અપકૃત્ય તરફ નથી તાણી જતી ? એનાથી પરલોકમાં નિકંદન તો પછી, પણ આ જીવનમાં ય શું લોકનો જશ મળે ? ત્યારે શું ધાર્યું અપકૃત્ય પાર પડે એવો નિયમ ખરો ?** આવા બળવાન છોકરા એની સામે નથી ને બળવો જ કરે તો રાજા શો સાર કાઢે ? દુશ્મન કે પાગલ ગણાઈને કદાચ વહેલા મોત કે જેલ ભેગા થવાનું બને કે નહિ ? પણ **લક્ષ્મીજીએ અંતરના દાબી દીધેલ ચક્ષુ અને આણેલો અંધાપો આવો કાંઈ આલોક-પરલોકનો વિચાર જ નથી કરવા દેતો.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**એ તો પોતાના જ વિનાશને નોતરનારી કુકલ્પના અને કુકૃત્યને હવાલે કરી દે છે.**

**સંસાર અસાર શાથી ? :- માટે જ સુજ્ઞ પુરુષો આ સંસારને અસાર માને છે, ને અસાર કહે છે, કે જ્યાં પરિગ્રહ-મદારીની મોરલીએ જીવ-મરગલાં કુકલ્પના અને કુકૃત્યોમાં નાચે છે, અને કર્મશિકારીના શિકારનો ભોગ બને છે.** વાત મગજમાં બેસે છે ? સાચી છે કે ખોટી ? તો કહો જો, **આવા સંસારને અસાર ન માને એને સુજ્ઞ કહેવા કે અજ્ઞ, ડાહ્યા કે મૂર્ખ ?** લાગે છે ને કે પોતાની મોરલી પર નચાવનાર પરિગ્રહ-મદારીના સિમાડામાંથી જે બહાર નિકળી ગયા એ જ પૂરા બચ્યા ? અને જે બહાર ન નિકળી શક્યા છતાં સાવધાન થઈ ગયા, એ થોડા ઘણા બચ્યા ? સાવધાન બની ગયા છો ને તમે ? અંતરમાં ઉતરીને તપાસ કરી જવાબ દેજો.

તમે આજ ને આજ પરિગ્રહ સાવ મૂકી દઈ સાધુ બની જાઓ એ આશા ઓછી છે; પરંતુ એ મદારીની ઓળખ કરી એના કારમા અનર્થો વિચારીને સાવધાન બની શકો છો. એ સાવધાનીમાં વિચારવું પડશે કે- **'અહો ! આ મારો જીવ સ્વરૂપે શુદ્ધ, શાણો અને સજ્જન છતાં પરિગ્રહ-મદારીના બેસુરા પણ નાદમાં નાચતો કેવો મલિન હૃદયવાળો, કુકલ્પનાની પાગલતાવાળો તથા કુકૃત્યોની દુર્જનતાવાળો બની બેસે છે !** શા સારૂ ડાહ્યા એવા મારે ગાંડા બનવું ? સજ્જન એવા મારે દુર્જન બનવું ? શુદ્ધ એવા મારે મેલા દાટ થવું ? એવો ધન્ય દિવસ ક્યારે આવે કે આવી માટીની માયામાંથી છૂટું ? ધન્ય ભાગ્ય મારાં કે ભગવાન શ્રી તીર્થંકરદેવોએ આ બધું સમજાવનારૂં શાસન આપ્યું ! અહોભાગ્ય મારાં કે સદ્‌ગુરુએ એ મને સમજાવ્યું ! તો હવે કમમાં કમ, એ બલા છૂટે નહિ ત્યાં સુધી પણ, એના નાચની પાગલતા અને નાશની આગાહીને કળી જાઉં, તેમજ બને તેટલા કુવિકલ્પો અને કુકૃત્યોથી બચું ! **ધનમાલ તો આજ છે ને કાલ નથી ! જીવવાનું કેટલું એ નિશ્ચિત નથી ! ત્યારે મૃત્યુ નિશ્ચિત છે ! કોઈ અણધારી પળે ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડી જઈશ ! એવા, એકાદ સ્ટેશને ગાડીના વિસામા જેવા આ જીવનમાં અનંતકાળના મુસાફર મારા આત્માને કુકલ્પનાઓ અને અપકૃત્યોથી કાં વિડંબુ !** કાં એને કર્મના ભારે ભરી નરકાદિની મુસાફરી નક્કી કરું !...' આવી આવી જાગ્રતિ કેળવવી જોઈશે. તો જ કુકલ્પના અને કુકૃત્યોના માર ઓછા ખાવા પડશે.

**આજનો સમાજ :-** જગતમાં આજે શું ચાલી પડ્યું છે ? જીવનધોરણ ઊંચું લાવવાનું અને એ માટે પરિગ્રહનાં પાપ વધારવાનું ! પછી એ માટે કેળવણી લેવાની ! એમાં ફાવ્યા એટલે પછી સંતોષ-બંતોષ કાંઈ જોવાનો નહિ ! પાછું વાતાવરણે ય એવું જોવા મળે છે કે વધારે પૈસાવાળો, મોટો ઉદ્યોગપતિ ભારે પૂજાય છે ! ઠામ ઠામ ડીરેક્ટર ને મેનેજીંગ ટ્રસ્ટી ! એવું નજરે ચઢે છે કે મોટરવાળો



એ મોટો માણસ, ને પગે ચાલનારો એ નાનો માણસ ! પરાં-સોસાયટી-બંગલામાં રહેનારો એ મોભાદાર અને શહેરમાં વસનારો એ સામાન્ય ! આવું આવું સામાજિક વાતાવરણ જોવા મળે ત્યાં માણસના આદર્શ કેવા ઘડાય ? એજ, કે ધનવાન બનો, ઉદ્યોગપતિ થાઓ, મોટર-બંગલાવાળા બનો ! આજની કેળવણી લેનારના આજ ઉદ્દેશ ને ? પછી એમાં કુકલ્પના અને પાપકૃત્યોને માઝા રહે ?

**ટ્રસ્ટના પરિગ્રહ પર મમતા :-**

પરિગ્રહ-મદારીનું નચાવવાનું જબરૂં છે ! આજે તો એ દેખાય છે કે પરિગ્રહ પોતાનો નહિ, પણ ધાર્મિક ટ્રસ્ટનો હોય, છતાં એમાંથી ઓછું કરવાનું મન નથી થતું ! પાછું **એ ટ્રસ્ટ સ્થાપનારે તો શુદ્ધ ધર્મવૃદ્ધિના ઉદ્દેશથી પોતાનું ધન આપીને સ્થાપ્યું હોય; વળી આણંદકલ્યાણી સંઘ બોલીઓ બોલીને કે ભેટ કરીને એમાં વધારો કરતો હોય, છતાં હવે હકુમત ટ્રસ્ટી સાહેબો (!) ની ચાલે !** એમાંથી ખરચાવવા માટે પૈસા પૂરનારા સંઘને ટ્રસ્ટીઓની આગળ કાલાવાલા કરવા પડે ! છતાં એ અરજી નપાસ ! ધર્મવૃદ્ધિના ઉદ્દેશ છાપરે ! અને પાપનાં પોષણ ચાલે ! આરંભ-સમારંભ-મૈથુન-પરિગ્રહના **સંસારની ચાલીઓ** એમાંથી બંધાય ! **વૉર-લૉન** એમાંથી ખરીદાય ! વૉર-લૉન સમજો છો ને ? પરરાજ્યના પંચેન્દ્રિય માનવોના સંહાર માટે લશ્કર-બોંબગોળા વગેરેના ખર્ચ અંગેની લૉન ! એ નહિ સહી, તો ભારે **કર્માદાનના ધંધા, મત્સ્ય ઉદ્યોગ,** કત્લખાના વગેરેનાં પોષણ કરે એવી સીક્યુરીટીઓમાં ટ્રસ્ટના જંગી નાણાં રોકતાં આંચકો નહિ ! આ બધું શું છે ? ધર્મવૃદ્ધિ કે મોટાં પાપનાં પોષણ ? ધર્મખાતામાં નાણાં આપનાર તો એ ઊલટથી આપે છે કે **'મારાં નાણાંથી ઝટ ધર્મ સધાય ! અરિહંત પ્રભુ, જ્ઞાન, પાઠશાળા, ચતુર્વિધ સંઘભક્તિ, જીવદયા, વગેરેમાં ઉપયોગમાં લાગી જાય ! જિનમંદિરોના જીર્ણોદ્ધાર થાય ! દેવ વિમાન-શી શોભા થાય ! જિનેન્દ્રદેવના એવા ઊંચા ભક્તિ-સત્કાર થાય કે એથી કેઈ ભવ્ય જીવો સમ્યગ્દર્શન પામે, નિર્મળ કરે ! પુણ્યાનુબંધી પુણ્ય લાવનારી ધર્મપ્રવૃત્તિમાં જોડાય !...' પણ આ બધું ધ્યાનમાં ક્યારે લેવાય ? પરિગ્રહની માયામાં જો ફસાયા તો એ ચીજ એવી છે કે નાણાનાં રાફડા બનાવી ઉપર આપણા જીવને એરૂની જેમ બેસાડે.**

**આજની જરૂરી વિવિધ યોજનાઓ :-**

આજે તો સિનેમા વગેરેના યુગમાં એ સમય આવી લાગ્યો છે કે ખાસ કરીને ધર્મસ્થાનોમાં તીર્થંકર ભગવાનો તથા શાલિભદ્રધનાજી, મેઘકુમાર, સનત્કુમાર સમરાદિત્ય, જંબૂસ્વામી, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સંપ્રતિ, કુમારપાળ, હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ, વગેરેના જીવન પ્રસંગોના સુન્દર ચિત્રો ભરી દેવાય. પણ

એમાં અમેય તમને શું કહીએ ? અમારે અમારા કે અમારા ગુરુના ફોટા લટકાવવા હોય, પછી પેલું બધું ક્યાંથી કરાવવાનું બને ? છતાં ટ્રસ્ટના નાણાંનો એમાં સારો ઉપયોગ થઈ શકે. એમ આજના છાપા-નોવેલના જમાનામાં સુન્દર ચિત્રમય ધર્મકથાઓ અને તત્ત્વોના પુસ્તકો તૈયાર કરાવી ગામેગામના ધર્મસ્થાનોને ભેટ કરી શકાય. શ્રદ્ધાયુગના ઓસરતા અને બુદ્ધિયુગના વિકસતા આજના કાળમાં જ્યારે ધર્મક્રિયાઓ અને ક્રિયાના સૂત્રોમાં મન સ્થિર અને ભાવભીનું નથી બનતું, તો એ બનાવવા, એ ક્રિયાઓ અને સૂત્રોને આબેહૂબ ચિત્રમાં ઉતારી શકાય. દા.ત. ઈરિયાવહિય-સૂત્ર બોલનારની સામે જજ-ગુરુ અને પશ્ચાત્તાપભર્યા એકરાર તથા દયાની યાચના કરતા ખૂની-જીવનું ચિત્ર હોય ! એમાં ખૂન થયેલા કીડા-મકોડા-ધાન્ય-વનસ્પતિ વગેરે જીવો અને વિવિધ વિરાધનાઓના દૃશ્ય હોય ! તો એ સૂત્ર કેવું ભાવભીનું અને એકાગ્ર ઉપયોગ સાથે બોલાય ! ત્યારે, ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ માટે આજે કેટકેટલી યોજનાઓ કરવા જેવી છે ! તત્ત્વાર્થ, ધર્મબિન્દુ, શ્રાદ્ધવિધિ, ધર્મરત્નપ્રકરણ, ધર્મસંગ્રહ, ઉપદેશમાળા, અધ્યાત્મકલ્પદ્રુમ વગેરે શ્રાવક-જીવનને જરૂરી ગ્રન્થોના ભણતરની ઈનામી યોજનાઓ, એને પાલનમાં ઉતારનારના સત્કાર, સરળ, ભાષામાં જૈનતત્ત્વ-આચાર અનુષ્ઠાનો-મોક્ષમાર્ગ-યોગ-ધ્યાન-તીર્થો, વગેરેનાં સચિત્ર પુસ્તકો દ્વારા ધર્મરક્ષણ-પ્રચાર, જૈન શ્રદ્ધાળુ ક્રિયાપાત્ર સ્કોલરોનાં નિર્માણ, જૈન સેક્રેટેરિયટ, ઈત્યાદિ કેઇ યોજનાઓ જૈનશાસન આજના કાળે માગી રહ્યું છે. જડવાદી કાળને નહિ પિછાનીએ અને એના સામા સચોટ પ્રતિકાર નહિ યોજીએ, તો નવી પ્રજા ભારે ખતરામાં છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૫૮

## ૬ સંસારની જડ

આપણી વાત પરિગ્રહની ચાલે છે. પરિગ્રહની માયા જો ટ્રસ્ટના નાણાં ઉપર પણ મમત્વ કરાવે, તો પોતાના ધનની તો શી વાત કરવી ? એના પર મનમાં પારાવાર કુવિકલ્પો સ્ફુર્યા જ કરે છે ! અને વાણી-વર્તાવમાં અનેક અણછાજતાં પાપ ઉતરે છે ! દિનભરની મન-વચન-કાયાની સ્થિતિ તપાસો કે એમાં શું શું ચાલી રહ્યું છે ? મોટે ભાગે વિચારણા કઈ કઈ, ઉદ્ગાર શાના, અને કાર્યવાહી કઈ કઈ ? રોજનો મેળ કાઢો. એની પાછળ કયું પ્રબળ તત્ત્વ કામ કરી રહ્યું છે, એ જુઓ. જોર પરિગ્રહનું દેખાશે. પરિગ્રહમાં એકલી કરન્સી નોટો સમજતા નહિ,



એમાં તો ઘરેણાં-ગાંઠા, કપડા-લત્તા, સોનું-ચાંદી, ઘર, ઘરવખરી વગેરે ઘણું ઘણું આવે. એક દાંત ખોતરવાની ઘાસની સળી પણ પરિગ્રહ બની જાય છે ! અને એ સારી મળી તો ઠેકાણે રાખી મૂકવાનું મન થાય છે; કેમકે લોભ છે કે 'બીજે-ત્રીજે દિવસે કામ લાગશે !' પછી એ કોકે જરા આઘી પાછી કરી લાગી, તો એના પર ગુસ્સો, ખેદ, શોક... બધું ચાલવાનું. પરિગ્રહના આગમન અને નાશ વખતે કેટકેટલા કુવિકલ્પ ? કેટકેટલાં અને કેવાં કેવાં કુકૃત્ય ?

**મંત્રીની મૂંઝવણ :-**

રાજાએ મંત્રીને કહી દીધું, 'છોકરાઓને ખત્મ કરી નાખો.'

મંત્રી ચોંકી ઉઠ્યો ! કહે છે, 'પણ મહારાજા ! આ તો તમારા કુળનાં રત્ન છે. એનો કોઈ ગુનો નહિ, ને નાશ કાં કરાવો ? એને મારી નખાવાય નહિ.'

રાજા કહે છે, 'એ મારે કાંઈ સાંભળવું નથી. તમારાથી આ ન બને તો બોલો. તો હું બીજી વ્યવસ્થા કરી લઉં.'

મંત્રી મુંઝાયો 'શું કરવું ?' જો 'ના' કહે તો રાજા એટલો બધો ઉતાવળમાં છે કે બીજી વ્યવસ્થા તાબડતોબ કરીને આ નરરત્નોનો નાશ કરાવી નાખે ! ત્યારે 'હા' પણ કેમ કહેવાય ? કેમકે પોતાને તો તેમ કરવાનો જરા ય મોખ નથી.

જીવનમાં કોઈકવાર એવી વિચિત્ર સમસ્યા ઊભી થાય છે કે કહે છે ને કે 'ના' કહે તો નાક વઢાય, ને 'હા' કહે તો હાથ વઢાય. આ બે ઉત્તમ જીવો માટે મંત્રીને લાગણી એટલી બધી છે, કે આમ રાજા માલિક છે, પોતે એની નોકરીમાં છે, છતાં એને રાજાની ઈચ્છા કોઈપણ ભોગે પાર પડવા દેવી નથી. **વસ્તુની કદર જાગ્યા પછી એનાં સન્માન, સંરક્ષણ વગેરે કરવાની તાલાવેલી જાગે જ છે. ત્યાં પછી બીજી ચિંતા બહુ રહેતી નથી. જીવન ન ભાવવું છે. એ માટે સામાન્ય અપેક્ષાઓ તો રહે, પણ જો ગુણની કદર હોય, ધર્મની કદર હોય, એની ઊંચી મૂલ્યાંકણી હોય, તો એનાં સંરક્ષણ-સન્માનની આડે આવતી કોઈ વિશેષ ચિંતા-અપેક્ષા રખાતી નથી. નહિતર તો માનવના ખોળિયે ઢોરનાં જીવન જીવવાનું બને.**

**મંત્રી આજ્ઞા માની લે છે :-**

મંત્રી બાહોશ છે, ઉત્તર આપવાનું તરત વિચારી લે છે; કેમકે બહુ વિચાર કરીને બોલવાનું કરે તો રાજા વહેમાય કે આ ખરેખર કાર્ય કરશે કે ઊંધું મારશે ? એટલા માટે તરત કહે છે, 'જેવી આપની આજ્ઞા' 'તો જાઓ જલદી આ કાર્ય પતાવી મને ખબર આપો.'

મંત્રી ઉઠ્યો, પહોંચ્યો પોતાના મકાને, અને ત્યાં બે રાજકુમારોને બોલાવ્યા. એ કહે છે, 'જુઓ તમારે મારું રક્ષણ કરવાનું છે.'



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છોકરા ચકિત થઈ પૂછે છે, 'તમારું રક્ષણ ? શું છે એટલું બધું ?'

મંત્રી કહે છે, 'વાત એમ છે, મહારાજાએ મને એવો આદેશ કર્યો છે કે જો હું એ આદેશનું પાલન કરું તો તમારા નાશના મહાપાપમાં પડું, અને પાલન ન કરું તો મારો નાશ થાય.'

છોકરા આ સાંભળીને સામાન્ય સમજી જાય છે, જરાય ગભરાતા નથી; કેમકે સત્ત્વ પ્રકૃતિના ઘડેલા છે. કહી દે છે, 'અહો ! એમાં શું મોટી વાત છે ? પિતાજીના આદેશનું પાલન થવું જ જોઈએ; અને એમાં અમારો મોટામાં મોટો નાશ તો હોઈ હોઈને અમારું મૃત્યુ હશે, એજ ને ? તો **આદેશ પાલન ખાતર અમારું મૃત્યુ ય થાય, તો ય અમને આનંદ છે !** ત્યારે તમારું સંરક્ષણ પણ સહેજે થઈ જશે.'

'આ શું બોલો છો ? હું શું તમારું મૃત્યુ નિપજાવું ?'

રાજકુમારો કહે છે, 'તમે નથી નિપજાવતા, **તમે અને અમે તો પિતાજીના આદેશને પ્રાણના ભોગે પણ વિજયવંતો રાખનારા વફાદાર સેવક છીએ.** અને પિતાજીને કોઈ એવા ગૂઢ કારણસર મહાલાભની દૃષ્ટિએ એવો આદેશ કરવો પડતો હોય, તો તો તે આદેશ આપણે વધાવી લેવો જોઈએ. **આપણે જ આદેશ ન પાળીએ તો પછી પ્રજા શું પાળે ?** ત્યારે આદેશના ઝીલાવા વિના માલિકપણું ય શું ? તો શું આપણા શિરછત્રની આપણે જ વિડંબણા ઊભી કરીએ ? આશ્રિતોએ તો સમજવું જોઈએ કે **આપણે અનેક છીએ, માલિક એક છે. આપણા એકના સ્વાર્થ ખાતર આખા માલિકને ખુવાર થવા દેવાને બદલે અનેકોના એક માલિક એવા એમની ખાતર આપણે એકાદા ખપી ય જઈએ, એની ચિંતા નહિ. એમજ કરવું જોઈએ. માટે જલદી જે આદેશ હોય તેનો અમલ કરો.'**







## ૭ સંસારની જડ

**જીવનમાં ઉછેર શાના ? :-**

કુમારોનો વિવેક-દીપક ઝળહળતો પ્રકાશે છે ! ખૂબી તો એ છે કે એ પૂછતા ય નથી કે- 'આદેશ શો છે, અને જે હોય તે પણ એવો ભયાનક આદેશ શા માટે કરવો પડ્યો ? અમારો શો ગુનો છે ?'... કશું જ પૂછતા નથી; એક જ વાત કહે છે કે આદેશનો અમલ કરો. તે એટલા જ માટે કે માલિકનું માલિકપણું આપણે જાળવવું જ જોઈએ. **વિવેકના દીવડા વિના આ પ્રકાશ કોણ આપે ?** જન્મ્યા એટલે ઉછેર તો સૌના થાય, પણ શાના ? કાયા, કષાયો અને વિષયાંધ બુદ્ધિના ! ખાનપાન, પરિગ્રહ અને રંગરાગના ! સ્વાર્થ, સીફત અને સુંવાળાશના ! આ જ ઉછેર મળે છે ને ? જન્મ્યા ત્યારે શું આવડતું'તું ? સ્વાદ કેટલા આવડતા હતા ? કષાયોની પકડ ક્યાં હતી ? શબ્દ, રૂપ વગેરે વિષયોની શી ગમ હતી ? સ્વાર્થ કેટલો હતો ? સીફત એટલે કે ચાલાકી શી શી જાણતા હતા ? કામ કરવામાં, સહવામાં, પરોપકારમાં સુંવાળા કેટલા હતા ? ખાસ નહિ, પણ એના ઉછેરથી એ બધું પામ્યા ! **કિન્તુ સાથે સત્ય-નીતિ-ઉદારતા વગેરે ગુણના ઉછેર, સત્ત્વના ઉછેર, ધર્મના ઉછેર ખરા ? કેટલા પ્રમાણમાં ? વિવેકના ઉછેર ખરા ? કેવા ઊંચા ? માનવ જીવનની વિશેષતા આ ઉછેરોમાં છે, પેલામાં નહિ !** પેલા તો પશુય પામે છે. કોદરીના ઉછેર જુદા, ને બાસમતીના ચોખાના ઉછેર જુદા ! **એક વિવેકનો ઉછેર પણ માનવજીવનને ભવ્ય બનાવે છે !** રાજકુમારો સમજે છે કે **ખાઈ-પી મોજ કર્યાની કશી જ બહુ કિંમત નથી; કિંમત છે વિવેક અને ડહાપણની.**

મંત્રીને કહી દે છે, 'આદેશ બજાવો. બોલો, શું કરવાનું છે ?'

મંત્રી ઘટસ્ફોટ કરે છે, 'મહારાજાનો આદેશ છે કે તમને મારી નાખવા.'

'ઓહો એ જ ને ? વડિલની આજ્ઞા આગળ જીવનની શી કિંમત છે ? **જીવન ભલે ઘવાઓ, પણ આજ્ઞા નહિ.** માટે એનો શીઘ્ર અમલ કરો.'

### • મૃત્યુ-તત્ત્વ •

કોણ બોલે છે આ ? નાનડિયા રાજપુત્રો ! જીવનની બહુ તડકી-છાંયડી જેણે જોઈ નથી એ ! જીવનના વરસો જેને પૂરા નથી થવા આવ્યા એ ! **જીવનને છેડે બેઠેલાને ય જીવન બહુ જોઈ નાખ્યું તો ય જીવનના મોહ અને મોતના ડર હોય**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છે; અને આ ઉગતા ફૂલડાંને વડિલના આદેશ આગળ જીવવાનો મોહ નથી ! મરવાની ભીતિ નથી !

**જીવન પણ એક પરિગ્રહ છે. એના ખોટા મોહમાં તણાયો પામર જીવ કેઈ પાપો આચરે છે, કેઈ કર્તવ્ય ચૂકે છે !** જોયું ને, બે જાપાનીસોએ દેશની ખાતર બ્રિટિશ દારુગોળાની સ્ટીમરો ઉડાવી દેવા એના બોઈલરમાં બોમ સાથે ઝુકાવ્યું ? જીવનના મોહ મૂકી મોતને ભેટ્યા. એણે એ કર્તવ્ય માન્યું તો એની ખાતર, પણ મૃત્યુ કોઈ ચીજ નહિ. રામચંદ્રસૂરિજી મહારાજે ગુરુની આજ્ઞાના હિસાબે બાળચંદ્રમુનિને આચાર્ય પદવી ન આપવા ખાતર રાજા અજયપાળની ધીખતી કઢાઈ પર ચઢી જઈ મૃત્યુને સહર્ષ ભેટ્યું ! રાજપુત્રો સમજે છે કે,

"મૃત્યુ શી મોટી ચીજ છે કે એને અવસરે સહર્ષ ન ખરીદી શકીએ ?

સંસારમાં જન્મની પાછળ મૃત્યુ તો લખાઈ જ ગયું છે. એવી જન્મ્યા ત્યારથી નિશ્ચિત વાતનો ડર શો ? અફસોસી શી ?'

**જે કન્યાને એના બાપે એ શરતથી પરણાવી હોય કે** એને નહિ ફાવે તો મારે ઘરે આવતી રહેશે, અને જે સ્ત્રી પોતે પણ ધણીને કહ્યા કરતી હોય કે- 'તમારા ઘરમાં આમ ચાલશે, કે તમે આમ વર્તશો તો હું મારા બાપને ઘેર જતી રહીશ ! હાં, નક્કી મારા બાપને ઘેર જતી રહીશ.' એ સ્ત્રી સાથે ડાહ્યો ધણી સમજીને જ રહે ને કે આનો લેશ ભરોસો નથી, માટે એ રહે ત્યાં સુધી એની પાસેથી કામ લઈ લો, અને જશે તો ચિંતા નહિ ? જો કે અહીં સ્ત્રીનું જવું નિશ્ચિત નથી, છતાં આમ-એમાં એ બહુ છણછણે ઘણી કહી ય દે ને, કે 'પધારો ત્યારે,' - તો પછી **જીવન તો જવાનું નિશ્ચિત છે; મોતની શરતે જ જીવન મળ્યું છે ને ? સમજ્યા ? શરત ! મરવું હોય તો જ જન્મ ! એવા જીવનના ડાહ્યા ધણી હો તો એની સાથે કેવી રીતે રહેવાનું ? કહો, સમજીને જ કે- 'આ જવાનું નક્કી છે, ક્યારે જાય એનો ભરોસો નથી, માટે એ રહે ત્યાં સુધી એની પાસેથી કામ લઈ લો, અને જશે તો ચિંતા નહિ.'** શું કામ લઈ લેવાનું ? આ જે લઈ રહ્યા છો તે ?

**ઘણા ય હલકા જીવો જે કરે છે તે કરવાનું ? :-**

ભૂલશો નહિ કે **જગતના ઘણા હલકા જીવો જીવન પામીને જે કરી રહ્યા છે એ કાંઈ તમારા ઉત્તમ જીવનનું કામ નહિ.** વિચાર થવો જોઈએ કે- 'ઘણા ય બધા હલકા જીવો જે કરી રહ્યા છે એટલું જ હું કરું એમાં મારી શોભા શી ? હલકા જીવો જેટલું શું ? એજ, કે પેટ ભરવાનું, ને પટારા ભરવાનું ! એટલે કે આહાર અને પરિગ્રહનું ! તેમ વિષયોનું અર્થાત્ ઇન્દ્રિયોની સેવા-સરભરાનું ! સેવા સમજ્યા ને ? સેવા આ,



**બસ ! ચક્ષુ ! તને જે ગમે તે કરવા આ તારો સેવક તૈયાર ! તને પરરમણીનાં રૂપ જોઈએ તો ભર્યા બજાર વચ્ચે કે ભરી સભા વચ્ચે, બેવકૂફ બનું તો બનું, પણ તને લાવી આપું !**

**'શ્રોત ! તારી સેવામાં, પરમાત્મા ઉપદેશ સાંભળવા ભૂલી રંડીના રેડિયાના ગીત હાજર કરું !**

**સ્પર્શનેન્દ્રિય ! તારી સરભરામાં ક્રૂર-કરપીણ રીતે રેંસી નાખેલા ઢોરની ચરબીથી ફાઈન બનેલા કપડાં ને મુલાયમ ચામડાના બનેલા બૂટ-પાકીટ તૈયાર ! બ્રહ્મચર્યની જીવન લ્હાણ વિસારી તારી સેવામાં બિભત્સ ગંદકીના ગાડવા સમા પૂતળાં જીવનભર રાખું !**

**'જીભડી ! તારી સેવા ખાતર માનવદેહે જ સુલભ અને જીવનના અલંકાર સમા રસત્યાગને કુરબાન કરી, ટોલ્લે ચઢાવી, ન જોઉં બીજ કે ન જોઉં પાંચમ, બસ ! મીઠાં મીઠાં રસ વારે વારે આરોગું.'**

શું ચાલી રહ્યું છે આ બધું ? જિનેશ્વરદેવ રૂપ ચક્રવર્તીનો દીકરો જે આપણો જીવ, તે ભંગણી જેવી ઇન્દ્રિયોની સેવામાં પડ્યો છે કે બીજું કાંઈ ? ઉત્તમ હસ્તિરત્ન કે અશ્વરત્ન કોની સેવામાં શોભે ? ઘેર નોકર રાખો તો એની સેવામાં તમે બેસી જાઓ કે એને તમારા ઘરવાળાની સેવામાં યોજો ? ઘરવાળાની. તો **ઇન્દ્રિયોની સેવામાં આપણે નહિ બેસી પડવાનું; પણ એને દેવાધિદેવ, સદ્ગુરુ, શાસ્ત્ર, સંઘ, ધર્મ વગેરેની સેવામાં યોજવાની.**

વાત એ ચાલે છે કે ઘણા ય હલકા જીવો જે કરી રહ્યા છે, તે કામ જીવન પાસેથી નથી લેવાનું, **જીવન પાસેથી તો ઉત્તમ પુરુષો જે દયા, દાન, શીલ-સમ્યકત્વ, ત્યાગ-તપસ્યા, જિન-ભક્તિ-સાધુસેવા, વ્રત-ક્રિયા, જ્ઞાન-ધ્યાન, કરી ગયા છે તે કામ લેવાનું.** એમાં જીવન જો છણછણાટ કરે કે- 'હું જિનાજ્ઞા નહિ પાળવા દઉં,' તો એને ડાહ્યો ધણી કહી દે, 'ચાલતું થા.' રાજકુમારો રાજાની આજ્ઞા ખાતર કહી દે છે, 'જીવન જાઓ !' એટલે ? મૃત્યુ ભેટી લેવાનું. મૃત્યુનો ડર શો ?

**મોડું મરવું કે વહેલું, મરવાનું તો એક વાર છે જ.** મૃત્યુ તો આનંદભેર એટલે કે સમાધિમાં થાય તો તો ખોટું શું છે ? ઊલટું **એ નવો શક્તિ-સ્ફુર્તિભર્યો સદ્ગતિનો અવતાર અપાવે છે !** પછી સંકોચ શાને ? ત્યારે મોતથી ગભરાનાર થોડા જ એનાથી બચે છે ? ઊલટાં કેઈ શોક-આક્રંદ અને પાપ-વિચારો કે હાયવોય-દુર્ધ્યાનના પાતક કરે છે !

**શોક કરવો હોય તો જન્મનો કરવો, કે જન્મ છે માટે તો મોત છે. તો હું ક્યાં એ જન્મ પામી ગયો કે જે જન્મે અમુક વર્ષે મારી મોત-ફાંસીની સજા નક્કી**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**કરી દીધી ?** હવે નવો જન્મ ન પામું એવી જ પેરવી કરું, એવા જ પુરુષાર્થ કરું.

**મોત તો ભલું કે એ બિચારૂં આવતાં પહેલાં મને જાગતો રાખે છે, અને આવીને સદ્દગતિમાં ટ્રાન્સફર કરી આપે છે !** સત્પુરુષોને મોતની યાદ છે માટે ધર્મ-જાગ્રતિમાં રહે છે, મોહનિંદ્રામાં ઘોરતા નથી ! તમે એમને સદ્દગતિમાં ફેરફાર પણ મોત કરાવી આપે છે !

**પ્ર.**- પણ એ તો સદ્દગતિ થવાની હોય એને જ મોત ઉપકારી ને ?

ઉ.- સદ્દગતિ કોની થવાની હોય ? સારા જીવની. ત્યારે અધમ જીવ તો વધુ પાપ કરી વધુ નીચી દુર્ગતિ અને વધુ ભવોભ્રમણ ઊભાં કરતો હશે, તેને મોત તેમ કરતાં અટકાવશે ને ? એને મોતથી એ રાહત મળી ! પણ જો જો હોં આનો અર્થ એ નથી કે બીજાને મારી નાખવા ! એમ કરવા જતાં તો પહેલાં પોતાનું જ હૈયું બગડે, ઘોર પાપ લાગે, અને સામાને એવા મૃત્યુથી વધુ અસમાધિ થઈ ઘોર દુર્ગતિ નીપજે. આ તો જીવને મૃત્યુ આવે તો સ્વયં શું વિચારવું એની વાત છે. અધમ જીવને સારો વિચાર નથી આવતો. સારા જીવને મૃત્યુ પર સારા વિચાર આવે છે; મૃત્યુ નથી આવ્યું ત્યાં સુધી સાધના કરી લેવાના; ને આવે ત્યારે સમાધિ ને વીરતા સાચવી લેવાના વિચાર.

રાજકુમારો મંત્રીને કહી દે છે, ''બાપુજીના આદેશનો ઝટ અમલ કરો.'

મંત્રી કહે છે, 'અમલ ? એ વાત બનનાર નથી. જુઓ તમે તો નરરત્ન છો, ભવિષ્યના મહાન પ્રજાપાલક છો. તમારો અકાળે નાશ ?'

**સ્વાર્થ થોડો જતો કરીને ય ઊંચી વસ્તુના મૂલ્ય સાચવો :-**

મંત્રી ગુણ ગાય છે; વસ્તુની કિંમત સમજનારો છે. **કિંમત સમજનારો, ભલે વસ્તુ પોતાની ન હોય, છતાં એના નાશમા હાથો ન બને. પોતાનો સ્વાર્થ ઘવાતો હોય તો ય તેટલી જુએ કે એમાં કેટલી ખોટ ? અને કિંમતી વસ્તુના નાશમાં ખોટ કેટલી ? હલકટ હૃદયના માણસોને આ તોલવાનું નથી આવડતું. આવડે તો ય પાલવતું નથી.** એટલે જ દેખો છો ને કે પોતાને રૂપિયા ૨૫ દેવા પડશે એ બીકે ધર્મકાર્યની મોટી ટીપો ઉડાવી દેવાય છે ! પોતાની વાર જગા માટે બીજાનું મકાન બેડોળ થવા દેવાય છે ! આઘે ક્યાં જવું, આપણા જ જીવનમાં જુઓ કે **આપણી થોડી વાહવાહ ખાતર બીજા સારા ઉમદા માણસની નિંદા-હીલના કરીને એને કેટલો ધક્કો પહોંચાડાય છે ?** કદર અને વિવેકહીન હૈયામાંથી બીજી શી આશા રખાય ?





## ૮ સંસારની જડ

**ઉત્તમતાના પાયામાં :-**

મંત્રી રાજપુત્રોને કહે છે, 'તમારા જેવા નરરત્નોનો નાશ ?' રાજપુત્રો પોતાના ઊંચા મૂલ્ય અંકાતા જોઈને ય લલચાતા નથી; એમ કહેતા નથી, 'હા ત્યારે રસ્તો કાઢો !' કેમ વારુ ? વાત સીધી છે; **મંત્રી જે નરરત્નપણું યાને ઉત્તમતા ગાય છે, એ વડિલની આમન્યા પર ઊભેલી છે, એમ એ સમજે છે.** પછી જીવનના મોહ ખાતર જો આજ્ઞા તોડી તો નરરત્નપણું શું ? ઉત્તમતા શી ?

### • ઉત્તમતા ક્યારે ટકે •

આ સમજવા જેવું છે. માણસને પોતાની ઉત્તમતાની પ્રશંસા ગમે છે, પણ એ થવા ઉપર માની બને છે. ત્યાં એ જોવા તૈયાર નથી કે 'ભાઈ રે ! **જે આ તારી ઉત્તમતા ગાય છે, અને તે તને ગમે છે. પણ ધ્યાન રાખ કે એ ઉત્તમતા નમ્રતાના પાયા પર ઊભી શકે; માટે ઉત્તમ રહેવું હોય ત્યાં સુધી અભિમાન ન કરાય. નમ્ર જ રહેવાય.' પણ વાત એ છે કે જેને ઉત્તમ બનવું નથી માત્ર ઉત્તમ કહેવડાવવું છે, એને એ ઉત્તમતાની ઈમારતના પાયાના ગુણ જોવા નથી.** જો સહેજે ઉત્તમ છીએ યા ઉત્તમ બનવા મથી રહ્યા છીએ તો ઉત્તમતાના જ વિરોધી અવગુણ કે અપકૃત્યને પહેલેથી જ કળી જઈ એને સ્થાન જ ન આપીએ. કરવું તો આ જોઈએ, **પરંતુ મોહ કેવી ઊંધી કાનપટ્ટી પકડાવી રહ્યો છે કે બીજાએ આપણને ઊંચા કહ્યા કે માન્યા, એ ઊંચાઈના આધારે જ રોફની શૂળીએ ચઢાય છે ! રોષના ચૂલામાં જઈ સળગાય છે ! તુચ્છ વાણી-વર્તાવ અને સ્વાર્થવૃત્તિની વૃદ્ધિ કરાય છે ! કેટલી દુર્દશા !** આ આપણું જીવન ! આ કમાઈ ! ભગવાન જિનેશ્વરદેવ અને એમનું શાસન પામીને આ ? એ ભગવાને અને શાસનમાં થઈ ગયેલા મહાપુરુષોએ પોતાની ઉત્તમતા પાછળ એના મૂળભૂત ગુણો અને ઘટક અંગોને કેટકેટલા સાચવ્યા છે !

**વર્ધમાન કુમારને** માબાપ નિશાળે લઈ ચાલ્યા, ત્યાં ઈન્દ્રે પંડિતની આગળ એમની ઉચ્ચતા દેખાડી, છતાં જો જાતવડાઈ કે પરહલકાઈનું કશું જ બોલ્યા નહિ ! ઈન્દ્રને ય એમ ન કહ્યું કે 'જુઓને ! આ બા, બાપુજીને મને ભણાવવાના કોડ જાગ્યા !' કેમ ન કહ્યું ? એટલા જ માટે કે એમાં માબાપ ગાંડા ઠરે, મૂર્ખ

ઠરે ! **એવી એમની હલકાઈ કરવાનું ઉત્તમતામાં આવતું નથી, ઉત્તમતામાં તો એવા અવસરે શક્ય હોય તો માબાપની વડાઈ મનાવવાનું આવે.**

**ઉત્તમતામાં શું શું આવે ? દાખલા :-**

**હેમચંદ્રસૂરિજી મહારાજ** કુમારપાળને ગુરુ દેવચંદ્રસૂરિજી મહારાજ પાસે લઈ જઈ ગુરુને વિનંતિ કરે છે કે- 'આ કુમારપાળને સુવર્ણસિદ્ધિ જોઈએ છે. એ મળે તો એ પૃથ્વીને ઋણરહિત કરી દે, શાસનની મહાપ્રભાવના કરે.'

**પ્ર.**- કેમ ગુરુ પાસે લઈ ગયા ? પોતે બારોબાર ન આપી દે ?

ઉ.- ના, ઉત્તમતામાં ગુરુથી છાનું બારોબાર કરવાનું આવતું નથી, ભલે છે પરમાર્થનો ઉદ્દેશ, અને શાસન-પ્રભાવનાની-વાત ! ગુરુએ શું કહ્યું, જાણો છો ? કુમારપાળને કહ્યું કે-'મહાશ્રાવક ! તારી પાસે પરનારી સહોદરતા અને મહાન અમારિ-પ્રવર્તન એ બે મહાન આત્મિક સુવર્ણસિદ્ધિ છે, એનાથી સંતોષ માન. તો હવે માટીની સુવર્ણસિદ્ધિ શું કરવી છે ?' હેમચન્દ્રસૂરિજી મહારાજને કહ્યું, 'ભક્તના મોહમાં આ દલાલી ?' એ સાંભળતાં જ એમણે ગુરુની ક્ષમા માગી. કેમ ? ઉત્તમતામાં ક્ષમા માગવાનું જ આવે, દલીલબાજી કે અકડાશ નહિ. કુમારપાળે પણ ગુરુની વાત સહર્ષ ઝીલી લીધી ! કેમ ? કહો, ઉત્તમતામાં ગુરુ-વચનને સહર્ષ ઝીલવાનું આવે, પડકારવાનું નહિ !

**શ્રીપાલને** ધવલશેઠે થાણાના રાજાની સભામાં ચંડાળો પાસે ચંડાળ તરીકે હલકો ચીતરાવ્યો. અજ્ઞાન રાજા ગુસ્સે થયો, 'હેં મારી છોકરીને આ ચંડાળ પરણ્યો ? મારી નાખું એને !' પણ પછી તો પોતાની છોકરીના કહેવાથી શ્રીપાળને એનું કુળ પૂછે છે. શ્રીપાળ કહે ? ના, કેમ ? ઉત્તમતામાં જાતવડાઈ ગાવાનું આવતું નથી. એ તો કહે છે, 'કુળ તો પરાક્રમ કહેશે !' ત્યાં રાજા ગભરાયો, આગ્રહથી પૂછ્યું, ત્યારે શ્રીપાળ કહે છે, 'કાંઠે વહાણ આવ્યું છે, એમાં રહેલી બે રાજકન્યાઓને પૂછો.' પછી તપાસ કરતાં રાજાએ શ્રીપાળને પોતાના ભાણેજ તરીકે ઓળખ્યો. અને ચંડાળો પાસેથી ધવળનો પેંતરો જાણ્યો ! પછી તો પૂછવું જ શું ? હવે રાજાએ લીધો ધવળને મારી નખાવવા ! ત્યાં શ્રીપાળ કહે છે, 'ન મરાય એમને. એ તો મારા મિત્ર છે.' કેમ આમ કહ્યું ? કહો, ઉત્તમતામાં દયા-ઉદારતા આવે છે, કઠોરતા કે ખૂનસવૃત્તિ નહિ.

**સુભદ્રા સતીના** માથે સાસુએ છાણાં થાપ્યાં હતાં, છતાં સુભદ્રાએ જ્યારે કાચા સુતરના તાંતણે ચાલણી બાંધી એનાથી કૂવામાંથી પાણી કાઢી એ છાંટવા દ્વારા નગરના દરવાજા ઉઘાડ્યા, અને રાજા તથા લોકે ચમત્કાર પામી મહાસતી તરીકે એના ગુણ ગાયા, ત્યારે પણ એણે સાસુને જરાય કડવો અક્ષર કે 'લ્યો, મને



અસતી તરીકે કહેતા હતા ને ?' એવું કશું કહ્યું નહિ ! શું કારણ ? એજ કે એની **ઉત્તમતામાં ઠાંસ ઠોકવાનું, ઠસ્સો રાખવાનું, કે અપરાધને પણ તિરસ્કારવાનું આવતું નહોતું.**

**મંત્રીની વિનંતિ :-**

તાત્પર્ય, રાજકુમારો ઉત્તમ છે, તેથી મંત્રી પ્રશંસા કરે છે છતાં નથી ફુલાતા, કે નથી તો મરણથી બચવા ઇચ્છતા ! પણ મંત્રીએ તો કહી દીધું કે,

**'જુઓ, આ તમને ન મારવા દેવા માટે જ મેં આ કામ બીજાના હાથમાં નથી જવા દીધું !** એમ તો આ આજ્ઞા ન બજાવવા હું નોકરી પણ છોડી શકું છું. પરંતુ એમાં તો રાજા બીજાને આજ્ઞા કરી તમને મરાવી નાખે; પણ મારે એ થવા દેવું નથી. માટે હું તમને કહું છું કે **તમે ગુપચુપ આ રાજ્ય છોડી ચાલ્યા જાઓ.** પછી તો હું મહારાજાને ગમે તેમ સમજાવી દઈશ. **તમે જો નહિ જાઓ તો પછી મારું મોત નક્કી સમજજો.'**

**રાજકુમારો મુંઝાયા,** "હવે શું કરવું ? જો 'ના' કહીએ, તો મંત્રી મરે; ને 'હા' કહીએ તો મહારાજાના આદેશનું શું ?" પરંતુ એમણે જોયું કે રાજ્ય છોડી નિકળી જવામાં મંત્રી બચે છે, અને રાજાના આદેશનું તાત્પર્ય સચવાય છે. તેથી મંત્રીને કહ્યું, 'ભલે.' કહીને હવે પોતાના પિતા પાસે આવી બધી પરિસ્થિતિ જણાવે છે, અને જવાની રજા માગે છે.

**કુમારોના પિતાનો ગુસ્સો :-**

રાજા તો કુમારોના મોટા કાકા છે; એનું આવું વલણ અને વર્તાવ જોઈ કુમારોનો પિતા એકદમ ગુસ્સામાં આવી જઈ છોકરાઓને ઠપકો આપે છે, "શાની રજા ? બાયલા છો ? લોખંડી નળી માથાના વાળથી ચસકાવી નાખવાનું બળ હતું તો કાકાની આવી ખોટી જોહુકમી કેમ સાંખી રહ્યા છો ? શું અહીં કાંઈ તમારું બળ ચાલતું નથી તે 'ત્યારે અમે ભાગી જઈશું' એમ બોલો છો ?"

કુમારો કહે છે, 'આપના સંતાન બાયલા હોય ? બાયલા નથી અમે, બધું બળ છે, પરન્તુ **વડિલની આજ્ઞા સામે એવા બળના પાશવી ઉપયોગ કેમ કરાય ?'**

**પાશવી ઉપયોગ :-**

અહીં જોવાની ખૂબી છે કે પિતા જ્યાં ગુસ્સે થઈ જાય છે, સામનો કરવાની સલાહના ભાવનો ઠપકો આપે છે, ત્યાં રાજકુમારો એમાં બળ ખર્ચવું એને પાશવી બળના ઉપયોગ તરીકે લેખે છે ! કુમારોની આ દૃષ્ટિ ઊંચા સ્તરના આત્માની છે. નીચલા થરના જીવોને એ જચે નહિ. માટે તો ઊંચી સાત્ત્વિકદશાના પાર્શ્વનાથ પ્રભુ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

અને સમરાદિત્યના જીવમાં બળ છતાં ભવે ભવે પાશવી ઉપયોગ ન કરતાં દિવ્ય ઉપયોગ કરે છે ! ત્યારે અગ્નિશર્મા અને કમઠ નીચલી તામસી પ્રકૃતિના હોવાથી એમનામાં ભવે ભવે બળનો પાશવી ઉપયોગ થતો દેખાય છે. બળના પાશવી ઉપયોગ અને દિવ્ય ઉપયોગને સમજવા જેવો છે. **બળ સામનો કરવામાં ખર્ચાય એ પાશવી ઉપયોગ છે, અને સમાધિપૂર્વક સહવામાં ખર્ચાય એ એનો દિવ્ય ઉપયોગ છે.** રખે માનતા કે 'છતી શક્તિએ મૂંગે મોઢે સહન કરીએ તો કાયરમાં લેખાઈએ, માટે સામનો કરવો,' એ ગણત્રી અજ્ઞાનીઓની છે. એવું તો આપણે જન્મોજન્મ કરતા આવ્યા છીએ, અને જગતના ઘણાય હલકા જીવો એ કરે જ છે. પણ એમાં આત્માના ઉર્ધ્વીકરણ ક્યાં ? મહાત્માગીરી શાની ? દુર્ગતિના દ્વાર બંધ ક્યાં ? ભવની મંજીલ ટૂંકાવાનું શાને ? **માનવભવમાં મળેલા બળનો ઉપયોગ તો સામાને દબાવવા-કચરવાને બદલે આપણા અંતરના ક્રોધાદિને કચરવામાં કરાય, સ્વેચ્છાપૂર્વક સહન કરવાની આડે ઉઠતી આંતરિક અસહિષ્ણુતાને નામશેષ કરવામાં કરાય ! આ ય કામ જ્યારે ને ત્યારે કરવાનું તો છે જ ને ? કે બીજાઓનો સામનો કરતા ચાલીએ એથી મોક્ષે જવાશે ? એથી મોક્ષની નિકટ જવાશે ?** ભૌતિક દૃષ્ટિનો આ સ્વભાવ છે કે શક્તિ છે માટે સામનો કરો. **ઘણા જંગલી પશુઓ આ કરી રહ્યા છે, ઘણા બીજા પશુઓ આ કરી રહ્યા છે, દાનવો પિશાચો આ કરતા સંભળાય છે, એ જ દશા માનવની હોય તો એ પેલા કરતાં શો ઊંચે આવ્યો ગણાય ? બળ છે માટે સામનો કરવામાં, ઝગડવામાં અને સામાને અને વધારામાં એના પક્ષકારોને કચરવામાં, તામસભાવ વધે છે, સંસારનું મૂળ જે કષાયો, તે વધે છે. ત્યારે બળનો ઉપયોગ સહર્ષ સહી લેવામાં કરાય તો સત્ત્વ વધે છે, શક્તિ વધે છે, ખડતલ બનાય છે, કલેશ લંબાતા નથી, અવસરે સામાના હૃદય પરિવર્તન પામે છે, વગેરે વગેરે કેટલા લાભ ? પાર નથી.**

**રાજકુમારો નીકળી જાય છે :-**

રાજકુમારોએ તો પિતાને ઉત્તમ બોલ કહ્યા કે- 'સામનો કરવામાં બળનો પાશવી ઉપયોગ છે, માટે અમે કાકાનો સામનો નહિ કરીએ. અમે તો હવે અહીંથી દેશાન્તર જઈએ છીએ, તમે આશીર્વાદ આપો;' પરંતુ પિતાનું એ પચાવવાનું ગજું નહોતું, એટલે એને એ વાત ન ગમી. **સારી વાત ગમવા માટે પણ ગજું જોઈએ, લાયકાત જોઈએ છે, ઊંચી લેવલ ઊંચી કક્ષા જોઈએ છે.** એ કાંઈ બોલતો નથી, છોકરા પગે પડીને ગુપસુપ નગર બહાર નીકળી જાય છે, અને બીજા રાજ્યની ટૂંકી દિશા પકડે છે.



એમને કોઈ ભય નથી લાગતો કે અરે, 'હવે ક્યાં જઈશું ! શું થશે ?' આત્માનું ઊર્ધ્વીકરણ કર્યું છે એટલે એક જ વાત છે કે વડિલનો સામનો ન કરવો પડ્યો, અને મંત્રીને કદાચ આપત્તિ આવત તે ય નિવારી. આવા **મહાન કર્તવ્ય બજાવવા મળ્યા એટલે આ જીવન એટલું લેખે લાગ્યું ! ખોળિયે માનવ છતાં હૈયે પશુભાવના લેવલથી ઊંચે અવાયા વિના આ બનવું મુશ્કેલ છે કે કર્તવ્ય પાલનમાં, હલકટ કાર્યથી દૂર રહેવામાં, અને બીજાના આ પરાક્રમની કદર કરવામાં પુરુષાર્થ અજમાવાય.** કહ્યું ને સારી વાતો માટે ગજું જોઈએ, લાયકાત જોઈએ. ખીર પચાવવાનું ગજું કૂતરાનું નહિ; ગંદા કે ગંધાતા પદાર્થમાં મોં ન ઘાલવાનું ગજું કાગડાનું નહિ. એ તો માનસરોવરના હંસલા કે ભૂખ્યા મરે પણ ગંદકીમાં મોં ન ઘાલે. એ તો પરાક્રમી સિંહ કે ભૂખ્યા મરે પણ ઘાસ ન ખાય. આવી વસ્તુને સમજનારા રાજકુમારોને પિતા માટે પણ એમ ન થયું કે - 'સામનો ન કરતાં પરદેશના કષ્ટ વેઠવાનું માથે અમે લઈએ છીએ તો પિતાને એટલું ય કેમ નથી ગમતું ?' ગજા પ્રમાણે જીવનધોરણ હોય, તેથી હજી એમને આ ગજું ન હોવાને લીધે પચાવવાની વાર હોય એ સહજ છે.

કેટલીય વાર ધર્મી માણસ પણ અધીરો, ઉતાવળો થઈ જાય છે કે આ અમુક લોકોને કેમ ધર્મ નથી ગમતો ? અરે ભાઈ ! સમજ કે એ લોકનું હજી ગજું નથી. એ ઊંચા ભવમાં આવ્યા છે, પણ ઊંચી ભૂમિકામાં નથી આવ્યા. આમ વિચારી લેવાય તો આપણું મન બીજાની નીચી સ્થિતિ જોઈ આકુળવ્યાકુળ ન થાય. સગડીમાં કોલસા ભેગો કાળો પથરો ગયો અને એ ન સળગ્યો તો એ પછી પથરો છે એમ ખબર પડતાં એમ નથી થતું કે અરે આ કેમ ન સળગ્યો ? ખબર છે કે પથરાનું સળગવાનું ગજું નહિ, તેથી અહીં જીવનમાં આપણી સામે બીજા તરફથી બનતી પ્રતિકુળ ઘટનાઓમાં પણ જો વિચારાય કે- **'આ સામાનું ગજું નથી કે એ અમુક યોગ્ય રીતે વર્તી શકે, હજી તેટલી ઊંચી કક્ષા નથી કે ભૂલ ન કરે; પછી આપણે મોટી સારી આશા રાખવાનું શી રીતે કરાય ?'** આ વિચાર કરાય તો સામા પ્રત્યે ગુસ્સો, સામાનો તિરસ્કાર, એને ઉતારી પાડવાનું, આપણા મનમાં વિખવાદ વગેરે કેટલાય અનર્થોથી બચી જઈએ. તો સામાને પણ આપણા માટે બહુ સદ્‌ભાવ વધે, અને પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થાય; અને આપણને ખેદપૂર્વક પૂછતો આવે ત્યારે આપણે એની ભૂમિકા વધારવા યોગ્ય કહી શકીએ.

ભૂમિકાનો આ વિચાર આપણને પોતાને પણ પ્રેરક બને છે. ઉતાવળે અનુચિત બોલાઈ જતાં કે વર્તાઈ જતાં આપણને ખ્યાલ આવે કે- 'આપણી ભૂમિકા હજી નીચી કક્ષામાં લાગે છે. નહિતર આવું કુસાહસ, ને આવી ઉતાવળ કેમ થાય ?

માટે ભૂમિકા વધારવાનો યત્ન કરું; અને ચાલુ સ્થિતિમાં ગર્વ ન કરું. માનવ જીવનનો આ લહાવો છે કે ઊંચી ને ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરવા મથાય અને આપણાથી વધારે ઊંચી ભૂમિકા હોય છે માટે ગર્વ ન કરાય.' માટે જ ઊંચી ભૂમિકાવાળા પણ રાજપુત્રો નમ્રપણે નગરમાંથી નિકળી ગયા.

વિરાટ વિશ્વમાં કેઈ પશુપક્ષી નોંધારા જન્મે છે, ઉછરે છે અને જીવે છે. એના તરફ નજર રાખીએ તો આવા કોક પ્રસંગે એકલા અટુલા ચાલી નિકળવું પડે એમાં શોક શા ? ભાગ્યની કસોટી થશે કે,

**આપણે બીજાના પુણ્યે પામતા હતા કે આપણું પણ પુણ્ય છે ?** અને

**પુણ્ય કદાચ આપણા આધીન ન પણ હોય તો તેથી શું ? ગુણકમાઈ અને સત્ પરાક્રમ તો આપણા આધીન છે જ. દુનિયાના કોઈપણ ખૂણામાં આને અટકાયત નથી. કાળનો કોઈ સમય આને રોકતો નથી.** રાજકુમારોએ જીવનના મુદ્રાલેખ આ ઘડી રાખ્યા છે; એટલે દૂર દેશ નિર્ભીકપણે ચાલ્યા જાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૫૮

## ૯ સંસારની જડ

એવામાં એવું બને છે કે કોઈ મોટા શહેરમાં બહાર મોટો મેળો જામી પડ્યો છે, ત્યાં આ બે ભાઈઓ અચાનક છૂટા પડી જાય છે. છૂટા પડતાં જ એક જણ બીજાને શોધવા પાછો પાછો જાય છે, ત્યારે બીજો આને શોધવા માટે આગળ ને આગળ જાય છે. હવે બેનો મેળ ક્યાંથી ખાય ? **જીવનમાં સુધારો કરાવી શકે એવા પ્રસંગો આગળ ને આગળ વીતતા જાય, ને આપણે અનાદિના તામસીભાવ, ક્ષુદ્રતા વગેરે દોષોમાં પાછા ને પાછા ચાલ્યા જઈએ તો સુધારા સાથે આપણો મેળ ક્યાંથી થવાનો ?** ભૂલવા જેવું નથી કે પ્રતિકૂળ દેખાતા પ્રસંગો જ દોષોમાંથી બહાર નીકળી ગુણો કેળવવા માટેની તક છે. આપણું કોઈએ ન સાચવ્યું ત્યાં એના તરફ **ખામોશ અને ઉદારતા કેળવવાની તક છે.** સામો આપણું ખૂબ સાચવે ત્યાં શી ક્ષમા અને શી દિલની ઉદારતા કેળવવાની ? એમ, **અનુકૂળ બની આવતા પ્રસંગોમાં છકી ન જતાં નમ્ર અને સેવાભાવી બનવાની તક છે; અનુકૂળતા ન બને ત્યાં શી તક ? અનાદિના દોષોમાં પાછા ઘસડાયા વિના આગળ આગળ સુધારાના રાહે ચાલો, તો ઉન્નતિ સાથે મેળ ખાશે.**



**નાનાને બાવાનો ભેટો :-**

અહીં તો એક ભાઈ પાછો ઘસડાયો, ને બીજો આગળ વધી ગયો. બે છૂટા પડી ગયા. સાંજ પડી ગઈ, બીજો દિન થયો, ત્રીજો દિન થયો... ભેગા મળી શક્યા નહિ. ત્યાં બન્યું એવું કે નાના ભાઈને ફરતાં ફરતાં કોઈ રસસિદ્ધિ કરનાર સંન્યાસી બાવાનો ભેટો થયો, ને બાવાએ બહુ સહાનુભૂતિથી એની હકીકત પૂછી એમાં એ એવો અંજાઈ ગયો અને પાછું મનને થયું કે- 'હવે ભાઈનો ભેટો ક્યાં થવાનો !' તેથી બાવાને પોતાની સવિસ્તર હકીકત કહી.

બાવો કહે છે, 'ઓહો ! લડકા બહોત હિંમતબાજ ! તો અબ કહાં ફિરતા રહેગા ? યહાં રહ જા, જંગલકી વનસ્પતિઓ સે મેં સુવર્ણરસસિદ્ધિ કરતા હું, તુઝે બડા મહંત બના દૂંગા, અબ સંસાર મેં ફસને સે ક્યા લાભ હોગા ? ઈતના બડા રાજ્ય છોડ દિયા, યહ તેરી ભારી મહાન ત્યાગભાવના હૈ; તો સંસાર છોડ કે સંન્યાસી હો જગતકા ઉપકાર કર.'

**રાજપુત્રની મુંઝવણ :-**

સંન્યાસીનું વચન સાંભળી રાજકુમાર વિચારમાં પડી ગયો, કે શું કરવું ? ઘેરથી નિકળ્યા ત્યારે ખાસ કોઈ લક્ષ્ય નક્કી નથી કર્યું; માત્ર નિકળી જવું એટલી જ વાત હતી. હવે જીવનનો રાહ નક્કી કરવાનો છે. ભાઈ સાથે નથી કે સલાહ પૂછી શકે. વિચાર તો આવે છે કે- 'ક્યાં અમારું રાજકુળનું જીવન, અને ક્યાં આ ?' **એક જીવનના રાહ માટે જો આટલી બધી મુંઝવણ અને આટલો બધો વિચાર થાય, તો અહીંથી મર્યા પછીના ભાવી અનેક જીવનો માટે કેટલો વિચાર, કેટલી મુંઝવણ થવી જોઈએ ?** ત્યારે તમે પૂછશો,

**પ્ર.-** પણ એ તો બહુ દૂરની વાત થઈ ! હજી તો **આ જીવનનું જ ઠેકાણું ન પડતું હોય ત્યાં એટલો બધો દૂરનો વિચાર શું કરવાનો ?**

**ઉ.- આ જીવનનું શું ઠેકાણું પાડવું છે ?** શું નથી દેખાતું કે તમારી નજર સામે કેટલાય કીડા-કીડી, માખી-મચ્છરા, પશુ-પંખી વગેરે જીવોના કરતાં તમારું તો ઘણું ઊંચું ઠેકાણું પડ્યું છે ? શું નથી જોઈ શકતા કે મનુષ્યોમાં પણ કેટલાય હલકટ જીવન જીવનારા અનાર્ય માનવો, મ્લેચ્છો, ભીલો, ઢેડ-ભંગીઓ વગેરે કરતાં ધર્મકુળમાં જન્મ મળીને સારું ઠેકાણું પડ્યું છે ? અરે ! ધર્મ પણ અજ્ઞાનો અને મિથ્યાદૃષ્ટિઓના નહિ, કિન્તુ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવોના ધર્મના શાસનમાં આવી વસ્યા છો એ ઓછું ઠેકાણું પડ્યું છે ? શા સારું ખોટાં વલખાં મારો છો ? આ જીવનમાં શાનું ઠેકાણું નથી ? જેનું ઠેકાણું ન હોવાનું સમજો છો, એનું તમારાં ખોટાં વલખાં અને ફોગટ ફાંફા મારવાથી ઠેકાણું પડી જશે એમ માનો

છો ? ડર તો એ લાગે છે કે **પૈસાટકાદિનું ઠેકાણું પાડતાં પાડતાં ક્યાંક જીવ ઠેકાણે ન પડી જાય !** એટલો વિચાર નથી આવતો કે 'શું પૈસા-ટકા કે શું માનપાન, શું કાયા કે શું માયામહોબત, એનું ઠેકાણું પાડવાનો, એની સરખાઈ થવાનો મુખ્ય આધાર તો પુણ્યની પહોંચ ઉપર છે, અને પુણ્ય તો ધર્મનું સેવક છે, ધર્મીને શરણે આવે છે, તો લાવ ધર્મ કરું, ધર્મ વધારું ?'

**સંપત્તિ-સગવડ હોય તો તો એના સદુપયોગ માટે ધર્મ જ કરવાનો છે, પરંતુ આપત્તિ-અગવડ હોય ત્યારે પણ ધર્મ જ એક શરણ લેવા યોગ્ય છે, કેમકે ધર્મથી અંતરાય તૂટે છે, અને પુણ્ય વધે છે, અને એથી આપત્તિ ટળી સંપત્તિ મળે છે.** ખરેખર ! આ જીવનનું ઠેકાણું પાડવું હોય તો પણ ઉભય પરિસ્થિતિમાં ધર્મ જ એક ઉપાય છે, ધર્મ જ એક કર્તવ્ય છે. હૃદયમાં શ્રદ્ધા જોઈએ કે,

**જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે;** - જે વસ્તુ જિનભક્તિથી નહિ સિદ્ધ થાય તે બીજાથી સિદ્ધ થવાની નથી. **જિનભક્તિ એજ બધું ઠેકાણું પાડવાનો શ્રેષ્ઠ ઉપાય છે.** જિનેન્દ્ર ભગવાનનો અચિંત્ય પ્રભાવ છે. મહામહર્ષિ અને મહાન દ્વાદશાંગીને રચનારા શ્રી ગણધર ભગવંતો પણ પ્રભુના અચિંત્ય પ્રભાવને પોકારીને કહે છે. બોલો છો ને અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં...? એટલે ? ભગવાન અભય દેનારા, ચક્ષુ દેનારા, માર્ગ દેનારા...પૂછો તો ખરા,

**પ્ર.**- હેં ભગવાન દેનારા ? કે આપણે આપણા પુરુષાર્થથી ઊભું કરનારા ? આપણે પ્રયત્ન ન કરીએ તો ભગવાન કશું કરી શકે ? કાંઈ નહિ, તો પછી **ભગવાન દેનારા શી રીતે ?**

ઉ.- ગણધર મહારાજાનાં વચન ઔપચારિક નથી સત્ય છે, એમ હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે. માટે ખરેખર ભગવાન જ દેનારા છે. વાત પણ સાચી છે, કેમકે લોકમાં ય માણસ મહેનત કરીને સારા પૈસા કમાયો તો કહેવાય છે કે એની મહેનત શું કરી શકે, એ તો અમુક ગ્રહે સારી કમાણી કરાવી આપી. કોઈ સારા માણસની ચિઠ્ઠિ લઈને મોટા શહેરમાં જઈ નોકરી માલ, કે સોદો મેળવીને રળનારો માને છે કે 'રુડા પ્રતાપ શેઠના કે આ ઠેકાણે પડ્યો ને કમાયો !' કૃતજ્ઞ હોય તો આ માન્યા વિના રહે જ નહિ એમ આપણે કૃતજ્ઞ હોઈએ તો માન્યા વિના રહેવાય જ નહિ કે રુડા પ્રતાપ શ્રી અરિહંત પ્રભુના કે આ ઉચ્ચ માનવભવ, ઉત્તમ કુળ, સાંગોપાંગ શરીર, આરોગ્ય બુદ્ધિ-શક્તિ વગેરે મળ્યું ! યાવત્ ધર્મસાધના થઈ શકે છે એ પણ એમના જ પ્રભાવે. એમના સિવાય બીજે જો અથડાઈ પડ્યો હોત, તો મારાથી આમાંનું શું થઈ શકવાનું હતું ? **આ તત્ત્વ અને આ મોક્ષમાર્ગ નાથ અરિહંત વિના કોણ આપવાનું હતું ?** અરે, **દર્શન-વંદન-**



**પૂજન અને સ્તવન-સ્મરણ-ધ્યાન પણ એમના વિના બીજાનાં કરેલાં શું દળદર ફિટાવી શકે ? પુરુષાર્થ તો આપણો ઘણોય હોય પરંતુ કેન્દ્રમાં અરિહંત પરમાત્મા વિના બધું ધૂળ !** ઈલેક્ટ્રીક ફીટર વાયરીંગ કરવાનો, બલ્બ-પોઈંટો નાખવાનો, બલ્બ લગાડવાનો, વગેરે બધો ય પુરુષાર્થ કરે પણ મૂળમાં ડાયનેમા (વિજળી-ઉત્પાદક યંત્ર) વિના શું કરવાનું ? બલ્બમાં પ્રકાશ થાય, ત્યાં સ્વીચ, વાયર, જોઈન્ટસ, ફ્યુઝ વગેરે કારણ ખરા, પણ મુખ્ય કારણ ડાયનેમો. એમ અરિહંત પરમાત્મા એ સર્વ કુશળનું મૂળ અને મુખ્ય કારણ છે, સર્વ શુભની વેલડીઓને સજીવન અને સભર કરવા મેઘ સમાન છે. કહો છો ને **'સકલ કુશલવલ્લી-પુષ્કરાવર્ત મેઘો' ?...** બસ, આ અટલ શ્રદ્ધા જોઈએ કે અરિહંતને ભજું, બધું સારું થશે.

બાકી, આ જીવનનું તો ઘણું સારું ઠેકાણું પડ્યું છે. જે બાકી હશે તે બીજા ત્રીજા વલખા-વલોપાતથી પૂરું નહિ થાય. જરૂરી આ છે કે દૃષ્ટિની વિશાળતા જોઈએ, તો દેખાશે કે અહીં ઠેકાણું પડવામાં બાકી નથી. હવે તો આગામી ભવોમાં ઠેકાણું પડવાનું ઊભું છે તેની મહેનત જોઈએ અને એ મહેનતમાં, ધ્યાન રાખો કે, અહીંનું બાકીનું ઠેકાણુંય પડી જાય છે. પૂછો કેમ ? એટલા જ માટે કે આગામી કાળનું ઠેકાણું પાડવા માટે પહેલા નંબરમાં સમ્યગ્દર્શન યાને ભવવૈરાગ્ય અને મોક્ષરુચિ સાથે અરિહંત અને એમના કહેલાં વચન પર અથાગ શ્રદ્ધા જોઈએ. ત્યારે એજ એક એવી ચીજ છે કે એથી હૃદયના ઉકળાટ શમી જવાથી અહીંની પૌદ્ગલિક ત્રુટિઓ હવે નગણ્ય લાગે છે; ને હવે તો જે મહાન ધર્મસાધનો મળ્યા છે, અને એ માટે અનુકૂળ મધ્યમ સ્થિતિ મળી છે એ બહુ જેવી લાગે છે. પછી સાથે માર્ગાનુસારીના ગુણો અને શ્રાવકના આચાર-વિચાર તથા વ્રતો આવી મળ્યા હોય પછી તો પૂછવું જ શું ? મનને એ એટલું ફોરૂં બનાવી દે છે કે વર્તમાન જીવન તો બધું કર્માનુસાર ઠેકાણાસર લાગે છે. માત્ર ચિંતા હોય તો ભાવી ભવોનાં ઠેકાણાંની, કે જે અહીંના પુરુષાર્થથી સાધ્ય છે અર્થાત્ પોતાના હાથની વાત છે. લક્ષ્ય નક્કી જોઈએ કે મારે ક્રમશઃ સંસારથી મુક્તિ મેળવવી છે.

**સંન્યાસી લલચાવે છે :-**

રાજકુમારને લક્ષ્ય નક્કી નથી. એટલે મુંઝવણ થઈ કે 'મારે આ સંન્યાસીના કહેવા મુજબ સંન્યાસી થવું કે વળી આગળ ધપાવવું ?' એ વિચારમાં પડી ગયો ત્યાં **પેલો સંન્યાસી પૂછે છે,**

'ક્યોં બચ્ચા ! વિચાર મેં પડ ગયા ? ભૂલના મત કિ બડા રાજા હોને મે જિતની ઠકુરાઈ મિલતી હૈ, ઔર જિતના પરોપકાર હો સકતા હૈ, ઈનસે અધિક ઠકુરાઈ ઔર પરોપકાર સંન્યાસી હો પા સકતા હૈ, જીવનમેં ઔર ક્યા ચાહિયે ?'

**રાજકુમારના મીઠા મનોરથ :-**

રાજકુમાર આ સાંભળીને લોભાયો. એના મનને થયું કે- 'વાત તો ઠીક છે. જીવનમાં માણસને વૈભવ, સત્તા અને મોટા પરોપકારના કાર્ય કરવાની ધગશ હોય છે. તો સંન્યાસી અને તેમાં મોટા મહંતની ઠકુરાઈ રાજા કરતાં ય વિશેષ કહી શકાય; કેમકે મોટા રાજાઓ પણ એના ચરણે ઝુકે છે, સેવા માગે છે. એનાં આગમને લોકનાં ટોળાં દર્શનાર્થે ઉલટે છે. એના બે બોલ સાંભળતાં 'જી બાપજી' કરે છે. આ ક્યાં ઓછી ઠકુરાઈ છે ? એમાં પાછી આ સુવર્ણસિદ્ધિની વાત કરે છે; ને એ હાથમાં હોય તો તો ભલભલા વશ આવવાના. શિષ્યોનું મોટું જૂથ જામવાનું, વાહવાહ કરવાના, ને પરોપકાર પણ ઘણો થઈ શકવાનો..."

**રાજપુત્ર કેમ લોભાયો ? :-**

રાજકુમાર ચઢ્યો મીઠા મનોરથોમાં. જો જો પરિગ્રહનાં તોફાન ! રાજકુમારો ઉત્તમ છે; એમની ઉત્તમતા તો પહેલાં જ આપણે જોઈ છે. પરંતુ **પરિગ્રહ તો શું કિંતુ એની કલ્પના પણ એવી ચીજ છે કે માણસને ચળવિચળ કરી દે.** સુવર્ણસિદ્ધિ, મોટા મહંતની ઠકુરાઈ ચેલાઓનું ટોળું, આ બધું પરિગ્રહ છે. **એમાં પાછી પરોપકાર કરવાની મોટી સગવડ મળશે એ વિચાર સહાયમાં આવ્યો ! એટલે હવે પરિગ્રહ મૂળે જ ખોટો, એવું મગજમાં ક્યાંથી આવે ?** હા, ચોરીનો, બળાત્કારનો કે અપ્રામાણિકતાનો માલ લેવાનો હોત તો આ ઉત્તમ રાજકુમાર કબૂલ ન કરત; પરંતુ અહીં તો બીલકુલ સીધેસીધો માલ મળવાની વાત છે. એટલે એને એમાં કાંઈ ખોટું લાગતું નથી. તેમ એથી પરોપકારની મોટી અનુકૂળતા થવાની કલ્પના થઈ એટલે એને એમાં અનુચિત જેવું કાંઈ લાગવાનું તો શેનું, પણ ઉપરથી ઠીક રસ્તો હોવાનું લાગે છે !

**તત્ત્વદૃષ્ટિ ક્યાં ચૂકાય છે ? :-**

માણસ અહીં જ ભૂલો પડે છે. 'ચોરી-અનીતિનો માલ ન ખપે' એ ટેકવાળો જીવ તો ઊંચે આવ્યો ગણાય. પરંતુ એને ય મોહ કેવો પકડે છે, કે એને મનાવે છે કે- 'નીતિનો ને શ્રમનો માલ મળે એ તો લેવાય. એમાં જરા ય વાંધો નહિ. પાછો જેનાથી પરોપકાર થઈ શકતો હોય એવો માલ તો જરૂર નિઃસંકોચ લેવો જ જોઈએ.' અહીં **'પરિગ્રહ એ પાપ છે, બલા છે, અનેક તોફાનોનું ઉત્પત્તિસ્થાન છે.'** આ વિચારને અવકાશ જ ક્યાં છે ? કોને ખબર કે નીતિનો ય લાવેલો પરિગ્રહ બીજાં કલેશ નહિ જગાવે ? શી ખાતરી કે એનાથી પરોપકાર જ થશે ?





## ૧૦ સંસારની જડ

**પરિગ્રહની પાછળ અભિમાન, મમતા, ગુસ્સો, કપટ, સ્નેહીઓ પ્રત્યે સ્નેહનો ભંગ, રગડા-ઝઘડા વગેરે અનેકાનેક કલેશ સંભવે છે. તેમજ ધર્મસાધનામાં સંકોચ અને પરમાત્માના સ્મરણ ભજનમાં ઓછાશને લાવનાર પરિગ્રહ પાછળની દોટ બને છે.**

ત્યારે, **પરોપકાર કરવાની ભાવના તો સુંદર કહેવાય, પરંતુ એ માટે પરિગ્રહ ભેગો કરવાની બુદ્ધિમાં મન પરથી પરિગ્રહની ભયંકરતાનો ખ્યાલ ઉડી જાય છે; અને ઊલટું પરિગ્રહ કરવો એ ધર્મરૂપ લાગે છે !**

**પગ ધોવા માટે એને ખરડાય નહિ :-**

આ રહસ્ય, આ તત્ત્વ તરફ લક્ષ તો પહેલું રહેવું જોઈતું હતું, પરંતુ નીતિ સાચવવા અને પરોપકાર કરવાના હોંશમાં એ તત્ત્વ તદ્દન વિસરાઈ જાય છે. જૈનશાસ્ત્ર આ વિવેક આપે છે. એ કહે છે કે પાંચમું પાપસ્થાનક પરિગ્રહ. એ લેવો-રાખવો હોય તો ય સમજ જો કે એ મૂળે પાપ તો છે જ, તો પાછું એના પર અનીતિ, આદિનાં પાપ કરતા નહિ. તેમ પરોપકાર માટે એ પાપ કરવાનું જરૂરી માનતા નહિ. નહિતર પગ ધોવા માટે પહેલાં પગ ખરડવાનું જેવું એ કાર્ય થશે ! ને એ વાસ્તવિક લાગશે ! બાકી હા, મળી ગયેલા પરિગ્રહમાંથી પરોપકાર અને શક્ય હોય તો એનો સર્વ-ત્યાગ જરૂર કરવો. **સ્વાર્થમાં કામે લાગેલો પરિગ્રહ મારશે, ત્યારે પરોપકારમાં વપરાયેલો તારશે !'**

**વસ્તુની માન્યતા સાધુ ને શ્રાવક બંનેની સરખી :-** જૈન ધર્મ આ વિવેક આપે છે, આ તત્ત્વદૃષ્ટિ આપે છે. તમને કદાચ લાગશે કે- 'એ તો બધું છોડી સાધુ થવું હોય એને માટે ઠીક છે, બાકી સંસારીને કાંઈ પરિગ્રહ વિના ચાલે છે ?' પરંતુ અહીં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે સાધુ, શ્રાવક, બંનેને સમ્યગ્દર્શન જોઈએ. સમ્યગ્દર્શન એટલે તત્ત્વની શ્રદ્ધા. તેથી વસ્તુતત્ત્વનો સ્વીકાર, યાને માન્યતા અને શ્રદ્ધા તો સાધુ અને ગૃહસ્થ, બંને માટે એક સરખી હોય.

**'પરિગ્રહ એ પાપસ્થાનક એટલે પાપસ્થાનક જ, ધર્મસ્થાનક નહિ. એમાં પૂર્વે કહેલા અનેકાનેક દોષ-દુષ્કૃત્યો પોષવાની અને દુર્ગતિમાં ઉતારવાની ખાસિયત છે, માટે એ પાપ તે પાપ જ.'**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

આ મનમાં નથી બેઠું હોતું એટલે પરિગ્રહના પાપે જીવનમાં પાયાની મૈત્રી આદિ ભાવનાઓ અને માર્ગાનુસારી ગુણોનો પણ અભાવ દેખાય છે.

**પરિગ્રહના પાપે મૈત્રી આદિના ભુક્કા :-**

'મારું ફલાણાએ કેમ બગાડ્યું, કેમ લૂંટી લીધું ? બસ, એના પર **મૈત્રી** શાની ?'

'દુનિયામાં તો દુઃખી ઘણા ય હોય, આપણે શું કરીએ ? આપણને કેટલા દેવા આવે છે ? આપણે મેળવ્યું છે તે પરસેવો ઉતારીને મેળવ્યું છે, એ કાંઈ થોડું જ એમ **દયા** કરવામાં ફેંકી દેવાય ?'

'બીજો મારા કરતાં વધારે બથાવી બેઠો, અને પાછો ઠઠારો રાખે છે; એને દેખીને **હર્ષ-પ્રમોદ** શાનો કરવાનો ?'

'ફલાણા હરામખોર છે, પોલીસીબાજ છે, એના પર આંખમિંચામણાં અર્થાત્ **માધ્યસ્થ્ય ભાવના** શે થાય ?'

શું છે આ બધું ? મૈત્રી આદિ ભાવનાના ભુક્કા ! શાથી ? પરિગ્રહના પાપે.

**પરિગ્રહની લત ઉપર** ન્યાય-સંપન્નતા, ક્રોધ-લોભાદિ અંતરંગ શત્રુઓનો નિગ્રહ, પરોપકાર, સૌમ્યતા, માતાપિતાની પૂજા, સાધુભક્તિ, દીર્ઘદૃષ્ટિ, વગેરે કેઈ માર્ગાનુસારીના ગુણોને ય દેશવટો દેવાય છે ! દા.ત. પરિગ્રહના પાપે સજ્જનતા ચૂકી દુર્જનતા ધરાય છે, ને સંપ તોડી કુસંપ કરાય છે ! ત્યાં માર્ગાનુસારીના કેટલાય ગુણ શે સચવાય ? ધર્મી ગામ છોડી અધર્મી ગામમાં જઈ વસાય છે ! ત્યાં યોગ્ય દેશકાળમાં રહેવાનો માર્ગાનુસારી ગુણ ક્યાંથી ટકે ?

**કરણી અને વિચારસરણી :-** વિચાર નથી કે ભવ કેટલો ઊંચો ! અને કરણી અને વિચારસરણી કેટલી નીચી ! **મૈત્રી આદિ વિચારસરણી અને માર્ગાનુસારી કરણી વિહોણાં જીવન તો કીડા-મકોડા અને પશુપંખીનાં પણ છે.** માનવભવની ઊંચી કક્ષાએ આવ્યા પછી પણ એવાં જ જીવન ? શું હલકા પ્રાણીની જેમ વાતવાતમાં વૈર ને વિરોધ ? ઈર્ષ્યા ને કઠોરતા ? અનીતિ ને પાપરતિ ? એ બધાથી અહીં પણ શી સુખશાન્તિ મળે છે ? શી શોભા મળે છે ? કયો જશ મળે છે ? ત્યારે મર્યા પછીની દુર્દશાનો તો પાર નથી !

**પુણ્યને ચેલેન્જ :-** કદાચ એવું બને કે જીવ જેટલે નીચેથી માંડ ઊંચે ચઢ્યો હતો, હવે એટલે નીચે એને પાછું પહોંચી જવાનું થાય ! આ વસ્તુ પર આંખમિંચામણાં કરી માર્ગાનુસારીની મૈત્રી આદિની વિચારસરણીને ઉવેખનારા-અવગણનારા **કેમ જાણે કર્મને ચેલેન્જ આપી રહ્યા છે** કે - 'તું શું અમને ઊંચે



ચઢાવતું'તું ? આ અમે નીચે ચાલ્યા જવાના.' અથવા **કેમ જાણે હલકી યોનિઓને આહ્વાન કરી રહ્યા છે** કે-'તમે શું અમને બહાર કાઢી મૂકતા'તા ? આ અમે તમારે ત્યાં આવ્યા સમજો.' કેવી પામરદશા ? આવી ચેલેન્જ તો પ્રાયઃ કોઈ કરે નહિ. કોક કોણિક જેવો અભાગી જીવ હોય તે કહે કે- 'હું શું છઠ્ઠી નરકમાં જાઉં ? છઠ્ઠી સુધી તો બાયડીઓ જાય, હું તો સાતમીએ જવાનો.' બાકી મોટા ભાગે કોઈ એવી હોડ ન કરે. પરંતુ જો મહાપ્રકાશવંતા માનવભવમાં આંખ મીંચીને હલકી કરણી અને વિચારસરણી ધૂમ કર્યે જવી છે, તો શું એનો અર્થ એવો નથી થતો ? તાત્પર્ય, એનું કશું સારું પરિણામ નથી આવવાનું એ નિશ્ચિત વાત છે. ધ્યાનમાં લેવા જેવું છે કે,

**બધું માટીમાં :-**

**'જીવન તો ચાર દિનકી ચાંદની; પીછે ઘોર અંધેરી રાત.'**

**'દિવસ ચારકાં પેખણાં, અંતે ધૂળકી ધૂળ.'**

લાડી-વાડી-ગાડી, પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા, વૈભવ-વિલાસ-વાહવાહ, આ બધું શું છે ? ચાર દિવસનું જ અજવાળું ને ? કયા ચાર દિવસ ? એક દિવસ બાળપણાનો, એક કુમારપણાનો, એક યુવાવસ્થાનો, અને એક વૃદ્ધાવસ્થાનો. બસ, આટલું જ અજવાળું ને ? પછી શું ? એનો વિચાર કરો છો ? કહોને ઘોર અંધારાનો વિચાર જ કોણ કરે ? માટીમાંથી આ ખોળિયું, ને ધનમાલનો ખડખડાટ જન્મ્યો, ચાર દિવસનું પેખણું યાને નાટક જોયું, પછી છેવટે ખોળિયું જ માટીમાં, તો બાકીનું તો પોતાને ગયું જ ને ? બધું મૂકીને જવાનું ખરું કે નહિ ? અંતે ધૂળની ધૂળ કે બીજું કાંઈ ?

**'કેઈ ચાલ્યા, કેઈ ચાલશે, કેતા ચાલણહાર રે,'**

**વાલસેર વિના એક ઘડી, ગોઠે નહિય લગાર રે,**

**'તે વિણ જન્મારા વહી ગયા, નહિ કાગળ, ન સમાચાર રે.'**

**જીવનમાં તમે કેટલાને મૂકી આવ્યા ?** તમારી સામે કેટલાને ચાલી જતા જોયા-સાંભળ્યા ? ૧૦૦-૨૦૦ વર્ષ પહેલાં આ દુનિયા પર કેટલા માણસો ? છે એમાંનો કોઈ આજે હાજર ? આટઆટલી જીવનની નાશવંત સ્થિતિ જોવા છતાં કયા વિશ્વાસે જીવનને પાપમય કરણી અને વિચારસરણીમાં ઘસડી રહ્યા છો ? તે ય એકલા પોતાના નહિ, પણ સાથે કુટુંબ-સ્નેહી વગેરે કેઈકના ! કોઈ દિવસ એ બધાને હૃદયની લાગણીથી કહો છો ખરા કે- **'ભાગ્યવાનો ! આપણે તો મહાવીરપ્રભુના વારસદાર, આપણી કરણી-વિચારસરણી આ ન હોય, આપણે તો ઉત્તમ જિનભક્તિ, સાધુસેવા, દયા-દાન, સદ્ગુણો અને સદાચારો, ત્યાગ અને તપ, વગેરે શુભ કરણીમાં**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**અને વૈરાગ્યભરી ધાર્મિક વિચારસરણીમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ.'** કહો છો આમ ? ના, કારણ કે એમના પર આંધળો મોહ છે. એ આપણને ખોટેખોટો પ્રેમનો વિશ્વાસ આપે, આપણે એમને આપીએ, એ આપણને મોહના ઝેર પાય, ને આપણે એમને પાઈએ. વચમાં ધર્મને કે પ્રભુને સ્મરણમાં લાવવાની શી જરૂર ? ઋષભદાસ કવિ કહે છે,

**'વિશ્વાસે વહાલાં કીધાં, પિયાલા ઝેરના પીધાં,**
**પ્રભુને વિસારી દીધાં રે સંસારિયામાં, સગું તારું કોણ સાચું રે સંસારિયામાં.'**

કેવા વિશ્વાસ આ ? ખોટા જ ને ? માણસ જેને કહે છે કે - 'તમારા વિના એક ઘડી ય અમને ન ગમે, જીવતર ધૂળ લાગે,' એ કદાચ મરે તો પછી શું જીવન ધૂળ બને છે ? કે બીજી રીતે એડજસ્ટ કરી (ગોઠવી) લઈ પાછા સુખમાં લયલીન બનાય છે ? આખો જન્મારો એના વિના નભે છે ને ? નથી એના સમાચાર મંગાવતા કે નથી એને સમાચાર મોકલાતા. સંસારની આવી જૂઠી માયા હોવા છતાં એમાં મસ્તાન બનીને પરમાત્મા, એમના આદર્શ અને આદેશની ઉપેક્ષા કરાય છે, **એ કેટલો બધો પોતાના જ હાથે પોતાનો વિનાશ સર્જનારો મોહ !**

**પછીનો વિચાર કરો કે કોણ હાથ દેશે.**

**મૃત્યુ વખતે કોનું આશ્વાસન રહેશે એનો વિચાર કરો.**

**રાજકુમાર સંન્યાસી બને છે :-**

વાત એ ચાલે છે કે ભવ કેટલો ઊંચો ! અને કરણી અને વિચારસરણી કેટલી નીચી ! ઉત્તમ એવો રાજકુમાર પણ ભૂલો પડી ગયો, તે સંન્યાસી પાસેથી સુવર્ણરસની સિદ્ધિ મળશે અને પરોપકાર થશે. માટે એમાં ખોટું શું છે એમ મન મનાવી લીધું, અને બની ગયો સંન્યાસી. પછી તો કેમ, જે ગુરુ કર્યા એની તન-મનથી સેવા. પેલાની સાથે જંગલોમાં ઘૂમે છે, પેલો જુદી જુદી વનસ્પતિઓના રસના પ્રયોગો કરે છે, અને આ એની ખડે પગે સેવા અને આજ્ઞામાં રહે છે; ભિક્ષા માગી લાવવી, પાણી ભરી લાવવું, બળતણ લઈ આવવું, રોટી બનાવવી, એનાં કપડાં ધોવાં, પાછી જે કાંઈ બીજી આજ્ઞા કરે એને સહર્ષ વધાવી લઈ અમલમાં મૂકવી,...ચાલ્યું. ખાનદાની છે, વિવેક છે, એટલે સમજે છે કે જેને ગુરુ તરીકે સ્વીકાર્યા, ને જેની પાસેથી વિદ્યાસિદ્ધિ લેવી છે, એનો વિનય પૂરો જાળવવો જોઈએ; એની સેવા અને આજ્ઞા સહર્ષ વધાવી જ લેવી જોઈએ. ભાવી મહાન યોગસાધનાનું બી આમાં પડ્યું છે.

**યોગ પૂર્વસેવા :-**

જેમ વિદ્યામંત્રની સાધના કરવી હોય તો એની ભૂમિકારૂપે પૂર્વસેવાનો કાર્યક્રમ



બજાવવો પડે છે, એમ યોગસાધના માટે યોગની પૂર્વસેવા બજાવવાનાં વિધાન શાસ્ત્રકારોએ કર્યાં છે. એના પાયામાં છે ગુરુ-દેવાદિપૂજન. ત્યાં ગુરુપૂજન એટલે માતાપિતા, વિદ્યાગુરુ તથા ધર્મોપદેશક જ્ઞાનવૃદ્ધ અને ક્રિયાવૃદ્ધને ત્રિકાળ નમસ્કાર કરવો, એમનો વિનય સાચવવો, એમની નિંદા ન સાંભળવી, એમને સારાં ભોજન-વસ્ત્ર વગેરે સમર્પવાં, વગેરે કેટલાંય કર્તવ્ય આવે છે. આજે વિચારવા જેવું છે કે આ કર્તવ્ય કેવું પળાય છે ! પૂર્વસેવા એટલે એમ સમજતા નહિ કે- 'કોઈ મોટો યોગ સાધવા બેસી જવાનું છે, અને આજે એટલી ઉચ્ચ સ્થિતિ ન હોય.' એ તો માત્ર પાયાનો ગુણ છે. **ગુરુજનની પૂજા એટલે માનવી તરીકે મળેલી બુદ્ધિ-શક્તિનો પહેલો સદુપયોગ.** મનને એમ થવું જોઈએ કે - 'મારી નજર સામે કેઈ ક્ષુદ્ર જંતુઓ અને પશુ-પંખીઓને ય જીવ તરીકે દેખું છું, છતાં એ બિચારામાં તેવી બુદ્ધિ નથી, વિવેક નથી; ત્યારે મને વિશિષ્ટ બુદ્ધિ મળી, વિવેકશક્તિ મળી તો ઉપકારી ને પૂજ્ય એવા ગુરુજનનો વિનય-નમસ્કાર-સેવા-ભક્તિ એ તો ખાસ સાધું.'

**પુણ્ય ગુરુજનની પૂજા પર વધે છે,** જશ એના પર મળે છે, મન એ હોય તો જ ઉલ્લાસમાં રહે છે. જેનામાં એ નથી એ બિચારાને પાપના ઉદય વર્તે છે, દુઃખના હલ્લા આવે છે, મન વ્યાકુળ અને કુવિકલ્પોભર્યું રહે છે, ને અપયશ મળે છે, માતાપિતા વગેરેની સેવાભક્તિ અને વિનય-મર્યાદા ચૂક્યા પછી કદાચ પૂર્વ પુણ્યના યોગે પૈસાટકા મળી જાય તો ય જીવને સ્વસ્થતા દુર્લભ થઈ પડે છે, અને બીજી રીતના પાપના ઉદય એવા ઘેરી લે છે કે પછી- 'મા મને કોઠીમાંથી કાઢ' એના જેવું થાય. જ્યારે, ગુરુજનની ભક્તિમાં દેખીતું કદાચ કોઈ બાહ્ય કષ્ટ આવ્યું તો ય ચિત્ત સુંદર શાંતિ અનુભવે છે.

રામે શું કર્યું જાણો છો ને ? "દશરથ રાજાનું કૈકેયીને આપેલું વચન અખંડ પાળવું જ જોઈએ, પણ એમણે તો ભરતને રાજ્ય આપી દેવા છતાં ભરત રાજ્ય લેવાની ના પાડે છે, તો વચન ક્યાં પળાયું ?" આ વિચાર રામને આવ્યો અને ગુરુજનની સેવા ખાતર નક્કી કર્યું કે- હું વનવાસ જઈશ. પછી તો ભરતને રાજ્ય સ્વીકાર્યે જ છૂટકો છે.' એમ કરી ઉપડ્યા વનવાસ. હવે કહો જોઉં એ વનવાસ ગયા ત્યાં ખૂબ સ્વસ્થ અને ઉલ્લાસમાં, કે 'બાપ આ ખોટી આજ્ઞા કરે છે તે કાંઈ માન્ય રખાય નહિ,' અથવા 'એ બાપ જાણે. કૈકેયી જાણે, ને ભરત જાણે, આપણે શું ?' એવું કર્યું હોત તો સ્વસ્થ અને ઉલ્લાસમાં ? ભૂલતા નહિ કે વનવાસમાં મસ્ત હતા એ. વડિલ એટલે વડિલ, ગુરુજન એટલે ગુરુજન.

**સ્વાર્થ સધાવવો છે, કે ગુણીયલ બનાવવો છે ?**

આજની નવી પ્રજામાંથી આનો ઘણો લોપ થઈ ગયો દેખાય છે, પણ એમાં

તમે સાથ પૂરી રહ્યા છો એ વધુ ખેદજનક છે. છોકરા તમારું કામ કરી આપે એ હજી ધ્યાનમાં રાખતા હશો અને એ કરે પછી ભલે એ ત્રિકાળ નમસ્કાર ન કરે, વિનય ન સાચવે, એની માના સામું બોલે, તો વાંધો નહિ, કેમ ? તો એ ચલાવી લો છો ને ? તો **તમારે તમારો સ્વાર્થમાત્ર સધાવાની જ જરૂર છે ? કે છોકરો ગુણીયલ પાકે એની જરૂર છે ?** માનું કહ્યું કરે ને બાપનો વિનય ન સાચવે તો માને વાંધો નહિ, ઊલટો બાપનો વાંક કાઢે ! ત્યારે બાપનું કહ્યું કરે ને માનો વિનય ન સાચવે તો બાપ માનો વાંક કાઢે ! કેવું નાટક ? તમારા જૈન ઘરમાં આવેલો જીવ ગુણીયલ જ બનવો જોઈએ એની પહેલી જરૂરિયાત ધ્યાનમાં જ નહિ ! કેવી વિટંબણા ! તો એમ તો પશુ-પંખી ય માબાપ બને છે, પણ તેની શી વિશેષતા ? ગુરુજનની પૂજા એ પાયાનો ગુણ છે; એમાં માનવ તરીકેનું જીવતર છે. ગુરુજનની અવગણના એ પાયાનો દુર્ગુણ છે. પશુજીવન છે, દાનવી જીવન છે. પાયાના ગુણ પર બીજા ગુણો ખીલી ઉઠે છે.

**સંઘ-સાધર્મિક વાત્સલ્ય-પ્રશંસા :-**

માટે તો જુઓ કે જ્યાં ખુદ માબાપની પ્રત્યે પ્રેમભક્તિ નહિ, ત્યાં પછી સંઘ પ્રત્યે પ્રેમભક્તિની વાતે ય શી ? નહિતર સંઘમાં ગામેગામ અને મહોલ્લે મહોલ્લે આટલા રગડા-ઝગડા, હુંશાતુંશી ચાલે ? સાધર્મી-સાધર્મીની વચમાં આટલા અંટસ, ઈર્ષ્યા, ને કલેશ હોય ? શાસ્ત્ર ને સંઘ-સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય અને ઉપબૃંહણા (પ્રશંસા) ને મહાન દર્શનાચાર તરીકે વિહિત કર્યા છે. જિનવચન પર નિઃશંક શ્રદ્ધા, અનન્ય રાગ, અને અનન્ય ગુણદૃષ્ટિ એ ય દર્શનાચાર; પણ એની ઉપર મૂક્યા ઉપબૃંહણા-સ્થિરીકરણ-વાત્સલ્ય !

**ઉપબૃંહણ એટલે** સંઘ-સાધર્મિકના ગુણો અને ધર્મસાધનાની પ્રશંસા-સમર્થન. એના બદલે એમના દોષો ગાય, એમને ઉતારી પાડે, એમની બેકદર કરે એ અપબૃંહણા. ફલાણો શ્રાવક રાતે ખાય છે, એમ ન બોલો, એ પ્રભુનું નામસ્મરણ કરે છે, દર્શનપૂજા કરે છે એ બોલો,-જૈનશાસન આ કહે છે. દર્શન એટલે જૈનદર્શન જૈનધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા; એનો અમલ આ કે જૈનની કદર કરો, એના થોડા પણ ગુણ કે નાની પણ ધર્મ-સાધના પર એને એવું સમર્થન આપો કે એ અધિક ગુણો અને ધર્મસાધના માટે ઉત્સાહિત થાય. આપણી શ્રદ્ધાનો આ અમલ છે, અથવા શ્રદ્ધા લાવવાનો આ આચાર છે. એવા જ સ્થિરીકરણ અને વત્સલ્ય.

**સ્થિરીકરણ :-** સામો ભૂલે છે, એને વગોવ્યા કરવો એ દર્શનનો આચાર નથી, અનાચાર છે. આચાર તો એ કે એને એવા પ્રેમ અને યુક્તિથી સાવધાન કરો કે એને પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થાય, અને સુધરવા ઉછરંગ જાગે. દિલમાં



કોઈની ભૂલ પ્રત્યે દયા ઉપજે કે- 'આ બિચારો ભૂલ કરી પાપની આરાધનાની મહાન તકને ક્ષતિ લગાડી રહ્યો છે;' ચિંતા થાય કે- 'જૈનશાસન ટકવાનું છે સંઘ-સાધર્મિક ઉપર; ને આવી ભૂલ, આવા પાપ જો ચાલુ રહે તો મારા જિનશાસનને ધક્કો લાગશે; માટે લાવ એને ધર્મમાં પાછો સ્થિર કરું.' વિચારવું તો એ જોઈએ છે કે- 'ભૂલ ? માણસ માત્ર ભૂલને પાત્ર ! ભૂલમાં અથડાતો કુટાતો પણ આરાધનાને વળગી રહેનારો ઊંચે આવી શકે છે, આરાધનાને છોડી દેનારો નહિ. સ્થિરીકરણને બદલે અસ્થિરીકરણ કરનારો, એ તો સામાને આરાધનામાં નિરુત્સાહ કરી રહ્યો છે. માટે ધર્મશ્રદ્ધામાં, વ્રતોમાં, આચાર-પાલનમાં ઢીલા પડતાને વગોવાય નહિ, ડામા ય નહિ, એને તો ભવ્ય પ્રેરણા દિલના હેત સાથે આપવી જોઈએ, જેથી એ શ્રદ્ધાદિમાં પાછો સ્થિર થાય. જેટલી આરાધના, એની પ્રશંસા-ઉપબૃંહણા કરવાની, અને જેટલી વિરાધના ભૂલભાલ, એના નુકસાન સીફતથી એના ધ્યાન પર લેવરાવી સુધરવા ઉત્સાહિત કરનારા મધુર વાણી-વર્તાવરૂપી સ્થિરીકરણ કરવાનું.

**વાત્સલ્ય :-** ત્યારે જૈન માત્ર પ્રત્યે હૈયાનાં હેત યાને વાત્સલ્ય દાખવવાનું. જૈન એ મારા જિનશાસનને ટકાવનારા અનેક થાંભલા પૈકીનો એક થાંભલો. જો શાસન પ્રત્યે મારો અવિહડ રાગ તો જૈનમાત્ર પ્રત્યે પણ મારો અવિહડ રાગ. ઈમારત પર પ્રેમ હોય અને થાંભલા-પીઢિયા ઉપર પ્રેમ ન હોય એવું બને ? કોઈપણ શ્રાવક-શ્રાવિકા કે કોઈ પણ સાધુ-સાધ્વી, એના પર હૃદયના પ્રેમ-સદ્ભાવ જોઈએ એ સાતમો વાત્સલ્ય નામે **દર્શનાચાર છે, અર્થાત્ ધર્મશ્રદ્ધાનો અમલ છે.** પરદેશ ગયેલાને પોતાનો જ્ઞાતિજન મળે, ગામવાસી મળે, અરે ! દેશવાસી મળે, ત્યારે પ્રેમ ઉભરાય છે. 'ઓહો ! આ આપણા ગુજરાતી ભાઈ,...' એવું એવું હેત ઉઠે છે; તેમ અહીં સમજવાનું છે કે આ વિરાટ વિશ્વમાં આ જન્મરૂપી પરદેશમાં આવેલા આપણને જૈનભાઈ મળ્યો, જૈન સાધુ મળ્યા, એ આપણા જ્ઞાતિજન, ગામવાસી કે દેશના માણસ મળ્યા. એમના પર સહેજે હેત ઉઠે. **ત્યારે જેના પર હેત ઉઠવું જોઈએ, એની સામે તે શું રોફ-રોષ થાય કે નમ્રતા ને સ્નેહ દાખવવા જોઈએ ? જૈનમાત્ર પ્રત્યેનું હેત તો ઠેઠ પરમાત્મા સુધી પહોંચે છે.** વિચારવા જેવું છે કે આ જંગી સંસારસાગરમાં જિનને માનનારાનો મેળો ક્યાં મળે ? અને આ અસાર અલ્પ જિંદગીમાંથી શું લઈ જવું છે ? **જીવનમાં આવી સંઘ-સાધર્મિક-વાત્સલ્ય જેવી શાબાશી જ સાથે આવવાની છે; બાકી તો કુટુંબમોહ, કામરાગ, જેની તેની સાથે રગડવા-ઝગડવાનું,... એ બધું તો નાલેશી રૂપે સાથે આવશે.**

આપણી વાત ગુરુજનની પૂજા પર ચાલતી હતી. એ યોગની પૂર્વસેવા છે. સાથે જોઈએ દેવપૂજા, દાન, અનેક પ્રકારના સદાચારો, તપ અને મુક્તિ પ્રત્યે

અદ્વેષ. આ બધી ય યોગપૂર્વસેવા.

**ભૂતકાળ યાદ કરવામાં બે નુકશાન :-**

**હાયવોય ટાળવા શું કરવું ? :-**

રાજકુમાર એ સંન્યાસીનો શિષ્ય બની અદ્ભુત ગુરુસેવામાં લાગી ગયો છે. રાજકુમારપણું એટલે તો સહેલ-સાહ્યબી ને ઠકુરાઈ. પણ એ બધું ભૂલી ગયો, ને સહર્ષ સેવકગીરી ઉઠાવી લીધી ! **જેવા સંયોગમાં રહ્યા તેવું બજાવી લેવું જોઈએ. ત્યાં ભૂતકાળના રોદણાં ય નકામાં, ને ભૂતકાળના ચાળા ય નકામા. રોદણામાં ફોગટ દુઃખી થવાનું, ને ચાળામાં ફોગટ મૂર્ખ ઠરવાનું, ને ઘસાવાનું.** 'હાય હાય ! મારું બધું ગયું, શેઠાઈ ગઈ, ધન ગયું ! અરેરેરે ! મારે નોકરી-ગુલામી ? મારે ગરીબાઈ ?' આવાં રોદણાંથી દુઃખ વધે કે ઘટે ? ત્યારે શું પોતાની જાતે જ દુઃખ વધારવાનું ? જીવતા જીવ છીએ તો જે આવી મળ્યું એને વધાવી લઈ શાંત અને સ્વસ્થ રહીએ કે ભૂતકાળ યાદ કરી કરી શોષાઈ-સુકાઈ મરવાનું ? ડહાપણ શામાં ?

પણ તમે કહો છો કે- 'શું થાય ? એવા અવસરે આ ભૂલી જવાય છે; ને પારાવાર શોક ઉદ્વેગ થાય છે.'

પરંતુ હું તમને પૂછું છું કે એમ શાથી બને છે એનું કારણ તપાસો. કારણ એ જડશે કે **જ્યાં સુધી સારાસારી હતી ત્યાં સુધી આ ભાવના નહોતી ભાવી કે 'કુદરતની ઋતુઓ ય જુદી જુદી અનુભવવી પડે છે,** તો જીવનની ઘટનાઓ જુદી જુદી ન અનુભવવી પડે ? બહાર જગત સામે જુઓ, ક્યાં એક સરખી સ્થિતિ ચાલે છે ? તમારું જ ઘર દિવાળીએ ઉજળું, ચૈતરે ઝાંખું, ને આસોએ મેલું દેખો છો ને ? ફેર પાછું દિવાળીએ ઉજળું...એમ ચાલ્યા જ કરે છે. તો પછી આપણા જીવનમાં પણ અમુક ઉંમર સંપત્તિભરી, અમુકમાં મધ્યમ સ્થિતિ, ને ક્યારેક ગરીબાઈ આવે એમાં ઊંચા-નીચા શું થવાનું ? **એ તો દરેક પ્રસંગમાં એક સૂત્ર ગોખી રાખવાનું કે- 'હોય ! કર્મના સામ્રાજ્યમાં આમે ય બને.'** અથવા **'હોય ! સંસાર જ આનું નામ.'** વાંક પરિસ્થિતિનો કાઢીએ, બીજા કોઈનો કાઢીએ, ને કાયરની જેમ રોયા કરીએ એના કરતાં વાંક સંસારનો ન કાઢીએ ? કે- **'આ હું સંસાર રાખીને બેઠો છું માટે જ આવું બધું જોવાનું આવે.'** સંસાર, અને એક સરખી કાયમ સંપત્તિ-ઠકુરાઈ, એ વળી હોય જ શાનું ? એના અનંતકાળના ઇતિહાસમાં કોઈ એકનો એવો દાખલો નહિ મળે.

**પ્ર.**- પણ ભાઈ સાબ ! **આ એક જ જીવનમાં ઊંચેથી નીચું જોવાનું આવે છે એ સહન નથી થતું.**



**ઉ.**- એટલે અહીં જીવનભર એક સરખું ઊંચું રહેવાનું મળે, ને પછી એક સરખી દીર્ઘાતિદીર્ઘકાળની નીચી સ્થિતિ મળે તો વાંધો નથી, એમને ? ત્યારે, એક સરખી ઊંચી સ્થિતિ રહેવા માટે એક સરખી પુણ્યાઈ ઉપાર્જી લાવ્યા છો ? જો ના, તો કયા હક પર આ ઇચ્છા રાખી રહ્યા છો ? માણસે એ સમજવું જ ખોટું છે કે મને બધું સારું જ મળવું જોઈએ. જગતભરમાં શું જડ કે શું ચેતન, -સૌને ઊંચા-નીચી આવ્યા જ કરે છે, તો આપણી સારી સ્થિતિ પલટો લે, એ સહજ માની રોદણાં નહિ રોવાનાં.

**ચાળા કરવાની નુકશાની :-** તેમ સ્થિતિ બદલાયે પૂર્વની સારી સ્થિતિના ચાળા ય નહિ કરવાના. 'પહેલાં અમે આવું આવું ખાતા-પીતા'તા, આવું પહેરતા-ઓઢતા'તા, આ એશઆરામીથી રહેતા હતા, તે હવે શું મુફલીસ જીવન જીવીએ ? અમે તો એજ વટથી રહેવાના;'- એમ નક્કી કરીને પૂર્વના ચાળા કરવા જાય, પૂર્વના રોફ મારવા જાય તો લોકમાં મૂરખમાં ખપે, ને ખર્ચાથી તંગ થાય એ જુદો. તમાચો મારી મારીને ક્યાં સુધી મોઢું લાલ બતાવી શકાય ? આજે આ ચાળા બહુ ચાલ્યા છે. 'ફલાણો આ ટેસથી રહે છે, ને આ વટથી વર્તે છે તો અમે શું નાના બાપના છીએ ? નામર્દ છીએ ?'- આવા મારક ખ્યાલમાં તણાઈને ધોલાઈ, ફેશન, વાતવાતમાં રીક્ષા-મોટર, અનેક પ્રકારનાં આધુનિક ફેશન-ફીસીયારી, ને ફેસીલીટી વગેરેના ધૂમ ખર્ચ ઉઠાવે છે ! ખાવામાં ભલે વેજીટેબલ કે મિશ્ર ઘી ખાવું પડે, દૂધના બદલે કાળા પાણીના કોડિયાં પીવા પડે, પણ પરચુરણ શોભા-સગવડના ખર્ચ નહિ છોડીએ;- કેમ, એમજ છે ને ? અનુચિત ચાળાના આ ખેલ છે. ધોવા નાખવાને બદલે ૧-૨ દિ' કોટ-કપડા વધુ પહેર્યા તો શું નાનમ આવે ? એના સરવાળે વાર્ષિક બચાવ તથા એવા હેર ઓઈલ-પાવડર-સાબૂ વગેરે કેઈ જાતના ખર્ચમાં કાપકૂપ કરવાથી સરવાળે થતા **વાર્ષિક** બચાવનું તારણ કાઢો તો ખબર પડે કે ખોટા ચાળામાં કેટલું ગુમાવાય છે ? પછી કહ્યું તેમ જ્યાં જાતને માટે ય ચોક્ખા ઘી-દૂધની સગવડ નથી ત્યાં અરિહંત પરમાત્માની ભક્તિ નિમિત્તે અગરબત્તી, વાસક્ષેપ, દૂધ, કેસર, સુખડ, પુષ્પ, વરખ વગેરે માટે સગવડની તો વાતે ય શી ? એમ બીજા પણ પરોપકાર અને ધાર્મિક ખર્ચની જગા જ ક્યાં ? અને જગા હોય બી, તો ય સહેલ-સફાઈના ખર્ચ વધ્યા તે જાતને અપ-ટૂ-ડેડ રાખવા એટલે જાતનો મોહ દઢ થયો પછી જિનવરનો અને ધર્મનો મોહ ક્યાંથી લાગે ? આ ખૂબ વિચારવા જેવું છે કે **જીવન જીવવામાં જરૂરી નહિ એવા ખર્ચાથી પૈસા અને પરમાર્થ તક, બંનેય ગુમાવાય છે એટલું જ નુકશાન નહિ, પણ જાતનો મોહ દઢ થઈને ધર્મની માયા ગુમાવવાનું મહા નુકશાન થાય છે.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**ચાળા ભૂલવા શું કરવું ? :-** માટે, ચાળા ભૂલો. એ સારુ જીવનના ખરા વૈભવ વિચારો કે વૈભવ જાત માટેની ઉડાઉગીરી ને પરમાર્થ-પરોપકાર માટેના બંધ દરવાજામાં છે, કે જાત માટેના માત્ર જરૂરી ખર્ચ ને સુકૃત માટેની ખુલ્લી કોથળીમાં છે ? સુકૃતના લાભ માટે લોકને આકર્ષનારા ઠસ્સા ભૂલવા જોઈશે. લોકની શી બહુ કિંમત છે ? લોક કયો પરભવે હાથ દેવા આવવાનો છે ? ખરી રીતે તો સુકૃતોને ભરચક સેવનારો એ સરવાળે લોકપ્રિય બને છે, વિલાસી કે ઠસ્સેદાર નહિ. માટે સુકૃતની સગવડ રહે એ ખાતર ચાળા ઓછા કરી નાખવાની જરૂર છે. તેમ આર્થિક સ્થિતિ નબળી પડી છે તો હવે ચાળા ચાલુ રાખી દેવામાં ઉતરવા કરતાં એ ચાળા ન કરવા સારા છે. એથી જીવન કસાય છે, મન અને આત્મા કસાય છે.

**પ્ર.-** પણ ચાળા મૂકી દેવાથી લોકમાં આપણે નબળા પડ્યા છીએ એવું ઉઘાડું પડી જાય તો આબરૂને ધક્કો લાગે તેનું કેમ ?

**ઉ.-** આ શા માટે ખોટા ઓઠા ધરો છો ? પહેલી વાત તો એ કે આ સ્થિતિમાં ચાળા કેટલા ચલાવવા પડે ? ઘરના ખૂણે જે વાતોના ખરચા છે, તેના ચાળા બંધ કરાય કે નહિ ? કર્યા ? ના, બીજી વાત એ કે બહાર પણ જે ચાળો ઓછો કરવો હોય, તેની ટેકનીક શું નથી જાણતા ? પ્રસંગ આવ્યે શું એમ નથી વર્તી લેતા ? આમ સારાસારીમાં પણ ટીપમાં ન ભરાવવા હોય તો ઝટ અવસર ઓળખી પહેલેથી વ્યાખ્યાન સભામાંથી ઉઠી ચાલ્યા જાઓ છો ને ? એવી તો કેઈ રીતરસમો તમને આવડે છે. અરે, ખરેખર ત્યાગ અને વ્રત-નિયમના જીવનમાં આવો તો કેટલું ય ઓછું થાય, ને આબરૂ ન જાય. પણ ખરી વાત એ કે **આ ધર્મની મમતા ભૂલાવનારા જાતના લાલન-પાલન અને ઠસ્સા ઓછા કરવાની સાચી ગરજ હોય, ને એ માટે ચાળા ઓછા કરવા હોય તો બધા રસ્તા નીકળે.**







## ૧૧ સંસારની જડ

**રાજકુમાર મહંત બને છે :-**

રાજકુમાર તો ભૂતકાળ ભૂલીને સંન્યાસી ગુરુની સેવામાં એવો નમ્રભાવે ખડે પગે લાગી ગયો છે કે એને નથી તો પૂર્વની રાજશાહી સ્થિતિ ગયાની હાયવોય કે નથી તો એ ઠસ્સાગીરી વગેરેના ચાળા. બરાબર બાર વર્ષ સુધી એકધારી સેવા બજાવી ! એટલામાં સંન્યાસીએ પણ સુવર્ણરસ સિદ્ધ કર્યો. તેમાંથી એક તુંબડી ભરીને રસ આને આપીને કહ્યું, 'જા બચ્ચા ! લે જા યહ, ઔર અબ ઈસસે મહંત હો કર જગતકા કલ્યાણ કર.'

રાજકુમાર કહે છે, 'ગુરુજી ! એમ શા માટે ? મને આપની સેવામાં રહેવા દો, બહુ આનંદ છે.'

**સેવાના આનંદને સાચો સેવક જ જાણી શકે.** અલબત રાજકુમાર સંન્યાસીનો શિષ્ય થયો તે વખતે તો લાલચવાળો હતો, પરંતુ નમ્રભાવે વિનયભક્તિ કરતાં કરતાં એણે સેવા કરવામાં અપૂર્વ આનંદ અનુભવ્યો. આત્માના કેટલાય ગુણો એમ જ ખીલે છે. પહેલાં લાલચ હોય, અથવા ઉલ્લાસ ન પણ હોય, છતાં **ગુરુની વિનય-ભક્તિભરી સેવાના પ્રતાપે ગુણો ખીલી ઉઠે છે, ને લાલચો રવાના થાય છે. સત્સંગની બલિહારી છે.**

**સંગ અને સત્સંગ :-**

શાસ્ત્રે કહ્યું છે કે- 'સંગમાત્ર મોક્ષબાધક હોઈ ત્યાજ્ય છે, પરંતુ સત્સંગ એ મોક્ષસાધક હોઈ અવશ્ય આદરણીય છે.' બીજા શબ્દોમાં કહીએ તો,

**સંગ એ રોગ છે, અને સત્સંગ એ દવા છે.**

આ સંસારમાં અનાદિ અનંતકાળથી, જુઓને, જીવ દુઃખમય સ્થિતિ કેમ અનુભવતો આવ્યો છે ? કર્મના સંગે જ ને ? **કર્મનો સંગ ન હોય તો એકલા જીવના સ્વરૂપમાં શું દુઃખનો સ્વભાવ છે ?**

એકલા પાણીમાં ઉકળતા રહેવાનો સ્વભાવ ખરો ? ના, **અગ્નિના સંગે** જ એ ઉકળાટ અને ગરમી; નહિતર કાંઈ નહિ.

એમ **પવનના સંગે** જ સમુદ્રના પાણીમાં મોજાં અને ભરતી-ઓટ; નહિતર તો સહજ શાંતતા.

બસ, એજ પ્રમાણે **આત્મામાં કર્મના સંગે જ દુઃખની લ્હાયો; અને મોહ**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**તથા રાગ-દ્વેષના સંગે જ વિહ્વળતા-અશાંતતા !**

**હવે એ જુઓ કે એ સંગ પણ શાના યોગે ? બાહ્ય વિષયોના સંગે.** તમે મારી કાયા, મારું કુટુંબ ને મારી લક્ષ્મી કરીને બેઠા એટલે એના સંગે મોહ, રાગ-દ્વેષ અને કર્મના સંગ આવીને ઊભા જ છે. કેમકે એ કાયાદિને ખાતર જ રાગ, દ્વેષ વગેરે કરવું પડે છે ને ?

**મહાત્માઓએ** બહારથી દેખાતા કાયાના સંગ છતાં, અંતરથી સંગ મૂક્યો, કાયાને ખરેખર પર માની, તો ભયંકર ઉપદ્રવ-ઉપસર્ગોમાં ય રાગ-દ્વેષાદિ ન કર્યાં ! અને એ રાગદ્વેષાદિના સંગ છોડ્યા તો કર્મના સંગથી પણ છૂટ્યા, ને મોક્ષ પામ્યા !

એમ, **વીર પુરુષોએ** કુટુંબ, લક્ષ્મી વગેરેના સંગ છોડ્યા તો એ અંગેના રાગદ્વેષના સંગથી છૂટ્યા ! તો જ પછી મનમાની સંયમ અને તપની સાધના છૂટથી કરી ! **શ્રૃંખલાઓ ઊભી હોય ત્યાં સુધી કેટલા સંયમ અને કેટલા તપની સાધના કરી શકાય ?**

**કહો છો ને 'તાંબાની તોલડી તેર વાનાં માગે,' ઘરનો સંગ છે એટલે એના યોગે આરંભ-પરિગ્રહના કેટલાંય પાપનો સંગ કર્યા વિના ક્યાં ચાલે છે ?** જૂઠ નથી ગમતું છતાં એ ઘરવાસ, અને કંચન-કાયા-કીર્તિ-કુટુંબના મોહમાં જૂઠ બોલો છો ને ? અનીતિ-અન્યાય રમો ને ? **ઘરવાસને લીધે હર્ષ-ખેદ, માયા-લોભ, રોફ-રોષ, કલહ-કલેશ, વગેરેમાંનું શું શું નહિ ?**

**બધાં પાપો અને બધાં દોષોનો સંગ એ ઘરવાસના જમેલાના સંગે જ; અને પાપ તથા દોષોના સંગે કર્મનો સંગ તૈયાર જ છે. પછી સહેજે સંસાર ! એટલે,**

**સંગથી સંસારની પીડા નીપજે છે. માટે સંગ એ રોગ છે.**

**કોણિક અને અભયકુમાર** બંનેય ભગવાન મહાવીરદેવના ભક્તો. ત્યારે તો પ્રભુ પધાર્યા અને કોણિકે પ્રભુનું ભવ્ય સ્વાગત કર્યાનું વર્ણન શાસ્ત્રમાં મળે છે, વળી બંને ય ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ભાવી તીર્થંકરના જીવ મહારાજા શ્રેણિકના પુત્ર ! છતાં જુઓ કે કાયા-માયાના સંગે **કોણિકને** છઠી નરકમાં મોકલ્યો ! અને એ સંગ ટાળ્યા તો **અભયકુમાર** ભવ પાર કરી ગયા !

**એજ પ્રભુ મહાવીર** વાસુદેવ એટલે કે અર્ધ ચક્રવર્તીના ભવને વિષે વિષયસંગમાં ફસાયા-મુંઝાયા, તો સાતમી નરકના મેમાન થયા, ને તે ઉપરાંત સિંહ, નરક, ને અગણિત તુચ્છ દુઃખદ ભવ ભમ્યા ! ત્યારે એજ પ્રભુ પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં સંગ છોડનારા બન્યા, તો સાતમે દેવલોકે સિધાવ્યા, ને તે ઉપરાંત નંદન રાજર્ષિ બની તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જનારા મહાતપસ્વી સાધુ



થયા ! લાખ વર્ષ માસખમણોની, સંયમ સાથે, સતત તપસ્યા !

**આજના બિગાડાનું નિદાન :-**

સંગ એ રોગ છે. પરંતુ એ રોગ નીકળે શી રીતે એ શોધી કાઢવા એટલું જ વિચારો કે એ રોગ ઊભો શી રીતે રહે છે ? કુસંગથી. આજુબાજુનું સર્કલ આજે એવું બની ગયું છે કે એ અર્થ અને કામના સંગને પોષે છે. પહેલાં, જુઓ કે, લાખોપતિ હતા પણ એવા ખોટા ઠઠારા રાખનારા નહિ. કેમકે દરેકને આજુબાજુના લાખોપતિ મોટાભાગે સાદાઈવાળા જોવા મળતા, સંગ કરવા મળતા. આજે જોવા મળે છે ઠઠારાવાળા. 'આને મોટર છે, બહાર બંગલો છે, બીજાને પણ એ છે, ત્રીજાને પણ એ છે, તો હું ય ક્યાં કમ છું. હું ય મોટર વસાવું, બંગલો રાખું.'...ચાલ્યું. અરે ! લખપતિ હોવાની વાત તો દૂર, પણ ૨૦૦-૩૦૦ કમાતા થયા ત્યાં ય ઠઠારા ને ભપકા, વટ ને વિલાસ, કેટલું રાખવાનું ગમે છે. પછી ભલે પરોપકાર-પરમાર્થના સુકૃતના ફાંફા હોય. અરે ! કર્તવ્યરૂપ પ્રભુભક્તિના ખર્ચના વાંધા હોય ! શાથી આવો બધો બગાડો ? કહો, કુસંગના પાપે. 'ફલાણા આ ઠાઠથી અને આ સગવડ-સાહ્યબીથી જીવન જીવે છે, ફલાણા જીવે છે, તો હું કેમ એમ ન જીવું ?' બસ ! દેખાદેખી એટલું બધું ચાલી પડ્યું છે કે પૂર્વના સાદા જીવનની વાતો પરી-કથા જેવી બની ગઈ છે ! કુસંગ ન હોત, બહાર એટલું જોવા ન મળતું હોત, એટલા અનિચ્છનીય સંગ ન હોત, તો આટલું ન વધત.

**ત્યારે, કુસંગથી માણસ વ્યસની થાય છે,** દુરાચારી થાય છે, જુગારી થાય છે, સટ્ટાખોર થાય છે, અભક્ષ્યભક્ષી બને છે, ઈત્યાદિ ક્યાં અજાણ્યું છે ? **કાયા-માયા, વૈભવ-વિલાસ, વગેરેના સંગના પાપ કુસંગના પાપે પોષાય છે. સંગના રોગ કુસંગના કુપથ્યથી વધે છે,** એ સ્પષ્ટ વાત છે. માટે,

સંગનો રોગ ટાળવો હોય તો સત્સંગની ઔષધિ જોઈએ. ભૂતકાળનો ઈતિહાસ કહે છે કે - **સત્સંગના પ્રભાવે દુર્જનો સજ્જન થઈ ગયા, ચોર શાહુકાર થયા, ને ખૂની એ દયાળુ થયા !** હજારો ને લાખો માણસો સત્સંગથી ધર્માત્મા બની ગયા. એક તીર્થંકર ભગવાનનો મહાન સત્સંગ કરોડોના પાપી દિલ અને પાપી જીવનને પલટાવી નાખી ધર્મી દિલ, ને ધર્મી જીવન કરી દે છે ! ત્યારે એમની પાછળ એમના શાસનમાં હજારો લાખો આચાર્ય આદિ શ્રમણ ભગવંતોના સત્સંગમાં કરોડો માનવો ધર્માત્મા, તપસ્વી, ત્યાગી, ગુણીયલ, જ્ઞાની વગેરે બન્યા છે, ને બને છે, એ સિદ્ધ હકીકત છે.

જાણો છો ને, **'સંગ તેવો રંગ'**. વાતોડિયાના સંગમાં વાતોડિયા થવાય; ને ગંભીર પુરુષોના સંગમાં ગંભીર થવાય. ખાઉકલા ભેગા ભળ્યા તો આ ખાઉં તે



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ખાઉં, હમણાં ખાઉં, પછી ખાઉં, એમ ખાવાનો મેનિયા ચાલે ! સારા ઘરના પણ છોકરા જુગાર, દુરાચાર વગેરેના વ્યસનમાં વ્યસની થઈ જાય છે ને ? ત્યારે સારા સદાચારી, સંયમી, શિષ્ટ જનોના સંસર્ગથી સારો પાક પણ તૈયાર થાય છે, એ ય નજરે દેખાય છે.

તાત્પર્ય, **સત્સંગ એ કુસંગોના રોગ ટાળીને એવા તંદુરસ્ત અને શક્તિસંપન્ન બનાવે છે, કે જેથી એ જીવને સંસારત્યાગી અને સ્પૃહા રહિત જીવનમાં ચઢાવી અંતે સંગમાત્રથી ન્યારા કરી દે છે.** એમ સત્સંગ અંતે સંગમાત્રનો અભાવ કરી, પરમપદ મોક્ષ પ્રાપ્ત કરાવનારો બને છે.

**સેવાનો અમૃતસ્વાદ કોણ સમજી શકે ?:-**

રાજકુમાર સંન્યાસી ગુરુ સંન્યાસીની સેવા સત્સંગથી હવે લાલચ પણ ભૂલી ગયો છે. એટલે એ કહે છે, 'મને આપ અળગા થવાની વાત કાં કરો ? આપના સત્સંગમાં અને આપની સેવામાં મને અત્યંત આનંદ છે.' **બીજી કોઈ પણ સ્વાર્થાંધ લાલસા રાખ્યા વિના ગુરુ-સત્સંગ અને ગુરુ સેવા સાધી હોય એને જ એના અમૃત આસ્વાદ સમજાય.**

**ગણધર ગૌતમસ્વામી કેવા જ્ઞાની ? કેવા મોટા ? છતાં એમને એક જ લગની પ્રભુ મહાવીરની સેવા અને સત્સંગની હતી.** એમાં જ એ તરી ગયા. કવિ કહે છે,

**'શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંજમ આપ તાર્યો.'** ધ્યાન રાખજો સંયમથી તરાય છે ખરું, પરંતુ ગુરુ સેવા વિના નહિ ! સંયમે તો બાહ્ય સંસાર મુકાવ્યો, પણ આભ્યન્તર મોટો સંસાર જે માન કષાય અને આપમતિનો, તે કોણ મુકાવે ? એ જ ગુરુસેવા મુકાવે. ગુરુના ઉપર ગુરુ બનવું હોય એને તો અહંકાર અને આપમતિ બોચીમાંથી એવા પકડે, કે જે ગુણસ્થાનકની પાયરીએ ચઢવા જ ન દે ! રાજકુમારને ગુરુસેવાનો રસ લાગ્યો છે, એટલે છૂટા પડવાની ના કહે છે.

પરંતુ સંન્યાસી ગુરુ એક તુંબડી સુવર્ણરસ ભરી આપી એને પરાણે છૂટો કરે છે. એની સાથે ૨-૪ શિષ્યો છે, ને હવે રસના ટીંપે સોનું બનાવી દીન દુઃખી ઉપર ઉપકાર કરવા લાગે છે, એથી એની કીર્તિ જામવા માંડે છે. એમાં પાછું પુણ્ય જોર કરે છે, અને બીજી બાજુ જનતાને ધર્મનો ઉપદેશ કરે છે; એથી બીજા નવા શિષ્યોની ભરતી થાય છે. ચાલ્યું કામ આગળ. એ ગામેગામ ફરે છે, ને જોત જોતામાં તો ૨૦૦-૩૦૦ શિષ્યોનું મંડળ ઊભું થઈ ગયું. વિનયી શિષ્યો મળ્યા પછી પૂછવું શું ? એ ગુરુને મોટા મહંતનો આડંબર સજી દે છે ! એટલે રાજકુમાર સંન્યાસી હવે એક મહામહંત તરીકે પૃથ્વી પટ ઉપર વિચરે છે; ને કેઈ લોકોને



ભક્ત બનાવે છે. માણસને ભારે દબદબો ને ભારે સ્વાગત-સત્કાર મળે પછી બીજું જોઈએ શું ? આ પણ લહેરમાં ફરે છે. પણ હવે કેવો પલટો આવે છે તે જોશું.

**સાધુ શાથી પૂજાય છે ? :-**

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પહેલા 'પંચાશક'માં શ્રાવકના પાંચમા પરિગ્રહ વ્રતને ઉપદેશે છે. **પરિગ્રહ એ સંસારની જડ છે. એના પર આરંભસમારંભ અને વિષય સેવાની ધિંગામસ્તી ચાલે છે.** ખરેખર ! પરિગ્રહ ન હોત તો ઇન્દ્રિયોના મકરકૂદિયાં શાના પર ચાલત ? ભગવાને સાધુજીવન એવું અદ્‌ભુત ઘડી આપ્યું છે કે એમાં પરિગ્રહ પાપ ટળ્યાથી કેઈ બીજાં પાપોને જગા જ નથી મળતી. આજે ગમે તેટલી મિઠાઈ ગોચરીમાં મળતી હોય, પરંતુ **સાધુને પોતાની પાસે ખોરાકનો કણ પણ રાતવાસી રાખી મૂકવાની મનાઈ છે, એટલે પછીનું તોફાન નથી ચાલતું.** જો એ સંઘરી રખાતું હોત તો વિચારો સાધુની કેટલી દુર્દશા થાત ? અને એવું હોત તો બીજે દિવસે માનભેર કોણ વહોરાવવા તલસત ? **એ તો પરિગ્રહરૂપી જડને ઉખેડી નાખ્યાના રુડા પ્રતાપ કે કોઈ દુર્દશા નહિ, ને લોકમાં માનભેર જીવવાનું.**

**મોટાભાઈની યાદ :-**

સંન્યાસી રાજપુત્ર સુવર્ણરસના પરિગ્રહમાં ફસ્યો એટલે હવે જુઓ કે મામલો ક્યાં જઈ રહ્યો છે. એનામાં હજી સદ્‌ગુણો છે; ને તે હવે બનતા બનાવમાં દેખાય છે. બને છે એવું કે એને પોતાનો મોટો ભાઈ યાદ આવે છે; મન વિચારમાં ચઢી જાય છે કે- 'અહો ! વરસો નીકળી ગયા, મોટાભાઈનો પત્તો નથી મળ્યો. એમનું બિચારાનું શું થયું હશે ? આ હું અહીં મોટો મહંત બની મહાલું છું ! કેવી મારી જાત સમાલવાની સ્વાર્થી રમત ! કોઈ દિ' મેં એમની ભાળ પણ ન કાઢી, ન કઢાવી ! અહાહા ! જાત તો કાગડા-કૂતરા ય સમાલે છે. ત્યારે મેં મોટા માનવ બનીને શું વિશેષ ઉકાળ્યું ?'

**ઉચ્ચ પ્રાણીની વિશેષતા :-**

ગધેડા કરતાં હાથી ઊંચું પ્રાણી ગણાય છે તો એની ચાલ, એની રમત, એની રહેણી-કરણી, ને એની ખાનપાન પદ્ધતિ વગેરેમાં કેટલો ફરક હોય છે ! અને તો જ એ ઊંચું પ્રાણી ને ? ગધેડા જેવાં એનાં લક્ષણ હોત તો કોણ એને મહાન ગણવાનું હતું ? એમ તો ઊંચાઈમાં ઊંટ મોટું જ છે ને ? પણ એ હાથી જેવું માન-પાનનું સ્થાન પામે છે ?

એમ, કાગડા કરતાં હંસ ઊંચી કક્ષાનું પક્ષી ગણાય છે. શાથી ? બસ, એની રીત રસમથી. એમ તો બગલાં ય હંસ જેવાં સફેદ હોય છે, પણ કોઈ કવિએ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

એના હંસ જેવા ગુણ ગાયા ? **કાયાની ઉંચાઈ અને કાયાની સફેદાઈ માત્રથી જો પશુપક્ષીમાં ઉચ્ચતા ન ગણાય તો શું માનવમાં ગણાય ?**

ધનના ઢેરની ઉંચાઈ, ને કપડાંની વટબંધ સફેદાઈથી વિશેષતા મળે ? શું ઊંચી બુદ્ધિશક્તિ ને સફાઈભર્યા વાણી-વર્તાવથી ઉચ્ચતા મળે ? ના, ના, **ઉચ્ચતા માટે તો હાથી અને હંસના જેવો વિવેક, ઉદારતા, ને શાંતિપ્રિયતા જોઈએ. હલકાં પ્રાણીઓની હલકી ચાલમાં ભળી જવાનું નહિ, પણ એની પ્રત્યે ઉપેક્ષા-ખામોશ રાખી પોતાના ઊંચા વર્તાવમાં નિશ્ચલ રહેવું ઘટે.**

**જીવન સારું જીવાયાનું માપ** સારા પૈસા-પરિવાર મળ્યા કે સારી મોજમજાહ મળી એના પર નહિ કાઢવાનું; પણ સારી ખામોશ રહી, સારો વિવેક આચરી શકાયો, અવસરે અવસરે ઉદારતા ને તૃપ્તિ કેળવી, સમતા ને શાંતિ કેળવી, એના પર કાઢવાનું.

શું બહુ ધંધાની ધમાલ કરી એના પર જીવન સારું જીવાયાનું માપ ? ના, બહુ ધર્મની પ્રવૃત્તિ કરી એના પર.

એમ, પરિવારને સારી સેવા કરી, સુખચેનમાં રાખ્યો એ સારા જીવનનું બેરોમીટર નહિ; પણ દેવાધિદેવ અને સદ્‌ગુરુની સેવામાં રચ્યાપચ્યા રહ્યા એના પર જીવનનું સારાપણું કમાયા ગણાય.

**ભાઈની તપાસ માટે :-** રાજપુત્ર સંન્યાસીને મોટાભાઈને ભૂલી જવા બદલ પારાવાર ખેદ થાય છે ! પણ હવે ખેદ કરીને બેસી નથી રહેવું. એટલે પોતાના શિષ્યોને એંધાણી આપી જુદી જુદી દિશામાં એની તપાસ કરવા મોકલે છે. ગુરુનો વિનય પોતે ખૂબ કર્યો છે, એટલે શિષ્યો પણ વિનયી પાક્યા છે. અલબત્ત, શિષ્યોની કેળવણી ગંભીરતાથી જોઈએ. છોકરાની જેમ શિષ્યને હોશિયાર દેખી લાડ લડાવે, એની પ્રશંસા કર્યા કરે, તો એ વિનયી નહિ, પણ ઉદ્ધત થવા મોટો સંભવ. છતાં એ ગંભીર રહેવાની આવડત હોય પણ મૂળમાં પોતાનો જ ગુરુવિનય ન હોય તો પછી શિષ્ય પાસેથી વિનયની આશા ઓછી. અહીં તો બંને ય ગુણ છે, એટલે શિષ્યો વિનયી તૈયાર થયા છે. તેથી એ ઉલ્લાસભેર ઉપડ્યા મોટાભાઈની શોધમાં.

જુદી જુદી ટૂકડીઓ કેઈ ગામ ને કેઈ શહેરમાં ભિક્ષાના નિમિત્તે અને બીજી રીતે જાંચ કરતી ફરે છે. મુખીને પૂછે, પટેલને પૂછે, નગરશેઠને પૂછે. તપાસ કરવી છે ને ? મેળામાં જુએ, બજારમાં જુએ, ને રાજકુળોમાં ય પૂછગાછ કરે, પણ બરાબર એંધાણી મુજબનો માણસ હાથ નથી લાગતો. બહુ ફરી ફરીને એક પછી એક ટૂકડીઓ પાછી ફરવા લાગે છે; ને આવીને ગુરુને પત્તો ન લાગ્યાનું કહે છે.



એ સાંભળી સાંભળીને ગુરુને નિશાસો પડતો જાય છે. 'હા ! શું મોટાભાઈ નહિ મળે ? તો મારે એકલાએ આ મહાલવાનું ?' એમ ખેદનો પાર નથી.

જો જો હોં, મહંતગીરીની સમૃદ્ધિ-દબદબાનો પાર નથી. કશો પગાર લેવા માટે નહિ, પણ ગુરુસેવાનું પુણ્ય લેવા માટે સેવા કરનારા વિનયી શિષ્યો આવી મળ્યા છે. એટલે આરામી ને સત્તાધીશપણું કેવું ? બધું છતાં મોટાભાઈ નથી મળતા તો પોતાને એકલા મહાલવાનું અકારૂં લાગે છે. બાઈના ભાઈની સાસરવાસર કરતી વેળા પોતાનો ભાઈ આઘો હોય એનું દુઃખ ખરું ? ભાઈ નોકરી કરે છે, ને પોતે શ્રીમંત બન્યો છે તો એ શ્રીમંતાઈ અકારી લાગે ? એટલું ય ન લાગે તો બીજી મોટી શી આશા રખાય ? **રામ** મરી ગયાના ખોટા સમાચાર સાંભળતાવેંત લક્ષ્મણના પ્રાણ ખત્મ ! ને **લક્ષ્મણ** ખરેખર મરી ગયો છે છતાં રામ એનું મડદું ઊંચકીને છ માસ ભટકે છે ! **આવા ગૌરવવંતા પૂર્વજોના સંતાન બનેલા આર્યને તો એમ થાય કે ભાઈને ટાળીને સુખ ભોગવવા કરતાં સુખને સળગાવી નાખવું સારું !** જે આર્ય દેશમાં ભાઈભાઈના મહાન સંગઠન હતા, તે જ આર્ય દેશમાં ભાઈભાઈના જુઆરા ને વૈરવિરોધ ! જુલમ છે ને ? વ્યવહાર પણ કહે છે, 'અવસરે આંગળીથી નખ વેગળા તે વેગળા. એ તો લોહીનો સંબંધ કામ લાગે.' એટલો વ્યવહાર પણ નથી સમજાતો !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૫૮

## ૧૨ સંસારની જડ

**મોટાભાઈનો પત્તો લાગ્યો :-**

મોટાભાઈનો પત્તો ન લાગવા પર નિરાશા-નિસાસાનું જોર વધતું હતું, એમાં એક ટૂકડીએ આવીને ખૂશ ખબર આપ્યા કે- 'ભાઈનો પત્તો લાગ્યો છે.'

આશ્ચર્યચકિત થઈ રાજપુત્ર મહંત પૂછે છે, 'હા, ક્યાં છે એ ? ને એ શું કરે છે ?'

**કરુણ ચિતાર સાંભળી રુદન :-**

શિષ્યો કહે છે, 'એ તો દૂર દેશમાં છે અને ભિખારી જેવી સ્થિતિમાં છે.'

'એટલે ?'

'એટલે શું ? આ અમે શોધતા શોધતા જતા હતા, ત્યાં ગામ બહાર ઉદ્યાનમાં એમને અમે એકલા અટૂલા જોયા. પૂછગાછ કરી, બરાબર આપે કહેલી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

જ ઓળખાણ મળી આવી. પરન્તુ એ આપના ભાઈની પાસે ન સીધાં કપડાં ! કે ન કશી સાધનસામગ્રી ! અમે તો એમને એકલા જેવા, ને સાવ દુબળા સુકા પડી ગયેલા જોયા ! લાગે છે કે ખાવા પણ પૂરું નહિ મળતું હોય. હવે આપ કહો તે પ્રમાણ.'

શિષ્યોએ મોટા ભાઈનો ચિતાર એવો રજૂ કર્યો કે આમેય નાના ભાઈને પ્રેમ તો અથાગ હતો જ, ને એમાં આવું સાંભળ્યું એટલે તો એને ખૂબ જ લાગણી ઊભરાઈ આવી, હૃદય ભરાઈ આવ્યું. 'અહાહાહા ! હું બેઠો છતાં આ દુર્દશા ભાઈની !' એટલું વિચારતાં આંખમાંથી દડદડ પાણી વહેવા લાગ્યું.

**સ્વાર્થાંધતા કે રીસ કઠોર બનાવે છે :-**

શિષ્યોએ મોટા ભાઈનું ચિત્ર એવું ખડું કર્યું છે કે એ જોતાં સહેજે સંતાપ થાય. એમાં પાછી પોતાની સારી સ્થિતિ એટલે તો વિશેષ બળતરા થાય. આ સંયોગમાં જેને આવા સંતાપ નથી થતા, એ કાં વીતરાગ હોય, અથવા કઠોર પત્થર-દિલના સ્વાર્થલંપટ હેવાન હોય. દુઃખ ? પરગજુને તો સગો ભાઈ શું, કોઈપણ જીવનું દુઃખ જોતાં કે સાંભળતાં દિલ દ્રવી જાય ! પશુ પણ બીજા પ્રાણીના ત્રાસ દેખી રડી ઉઠે છે. જોયાં છે ને એક રડતા કૂતરાને દેખીને બીજાં કૂતરાં રડતાં ? સાધુ થઈને ચાલી નીકળેલા **સનત્કુમારનો** પરિવાર જ્યારે એમની પાછળ જંગલમાં ચાલતાં આક્રંદ કરી રહ્યો હતો ત્યારે વનના પંખેરા પણ રડી ઉઠ્યા હતા ! **રામ, લક્ષ્મણ ને સીતા** વનવાસ માટે નીકળતાં અયોધ્યાની જનતા કાળો આર્તનાદ કરી રહી હતી ! શી સગાઈ ? શો સંબંધ કે સ્વાર્થ ? પ્રજાને માથે તો સુયોગ્ય રાજા દશરથ હજી બેઠા છે, એટલે એ બાબતની નિશ્ચિન્તતા છે; પણ એક જ ખ્યાલ કે- 'અહો ! આવા વિશ્વમાન્ય અને રાજવૈભવના લાડિલા રામ જેવાને આ વનવાસના દુઃખમાં ઉતરવાનું ?' એ ખ્યાલે એ પ્રજાને રોતી-કકળતી કરી મૂકી ! ત્યારે સ્વાર્થની અંધતામાં કે કોઈ વાંધાવચકાની રીસમાં ભાઈ કે સગાં-સ્નેહીના દુઃખ પર કાંઈ જ લાગણી ન ઊભરાય એ કેવીક નિર્ઘૃણતા !

**લાગણી શેનું નામ ? :-**

નાના ભાઈને ખૂબ લાગણી ઊભરાઈ આવી. અને તે નિષ્ક્રિય નહિ પણ સક્રિય. નિષ્ક્રય-સક્રિય સમજો છો ? **જે લાગણીની પાછળ કશું જોખવાનું કે ઘસાવાનું નહિ એ લાગણી નિષ્ક્રિય.** 'લ્યો બોલ્યા, મને બહુ લાગણી થઈ આવે છે.' પરન્તુ પછી કશું કરી છૂટવાની તૈયારી છે ? એ પૂછો. રાજા શ્રેણિકે પ્રભુ શ્રી મહાવીર દેવ અને જૈનધર્મની પહેલી પ્રાપ્તિ કરી, એને બહુ લાગણી થઈ આવી પણ કેવી ? નિષ્ક્રિય, કોરી શુષ્ક નહિ કિન્તુ સક્રિય. નિત્ય જિનભક્તિમાં લાગી ગયા.



રોજના નવા બનાવેલા સોનાના જવલાથી તો એમને પ્રભુપૂજામાં સાથિયો કરવા જોઈતો હતો ! પ્રભુની સુખ શાતાના સમાચાર લાવનારને ભારે વધામણી દાન આપતા ! વીરના નામનો એમને આંતરનાદ શરૂ થઈ ગયો ! વીરની વાણી સાંભળવાનો ભારે રસ લાગી ગયો ! એમને દેવ-ગુરુ-ધર્મની નિંદા સાંભળવી પણ અસહ્ય બની ! કહિયે તો ખરા કે મને દેવ-ગુરુ-ધર્મ માટે બહુ લાગણી છે, પણ એની પાછળ, કોઈના વગર કહ્યે, જોખવા-ઘસાવાનું માપ કાઢી શકીએ. કહો, શું એટલી પ્રતિજ્ઞા કરવા તૈયાર છો કે ગુરુની નિંદા અને કોઈના પણ ધર્મસુકૃતની નિંદા ન કરીએ, અને ન સાંભળીએ ? કેમ ના ? લાગણી છે ને !

**પ્ર.**- 'છે તો ખરી, પણ બીક લાગે છે કદાચ નિંદા થઈ જાય કે સંભળાઈ જાય તો પ્રતિજ્ઞા ભાંગી જાય ને ?'

**ઉ.**- અરે પણ જો લાગણી છે, તો પછી નિંદા કરવા-સાંભળવા જોગું દિલ જ ક્યાંથી હોય ? માટે, લાગણી કેવીક છે, અસલી કે નકલી ? અને અસલી છે તો કેટલી જોરદાર છે, એનું પારખું કરો. દુનિયાની વાત-વસ્તુમાં જ્યાં ખરી લાગણી છે, ત્યાં તે કંઈને કંઈ કામ કરે જ છે. અહીં આત્મહિતની વસ્તુમાં લાગણી હોય તો એ સાવ એળે કેમ જાય ? અને લાગણી તો આની પ્રત્યે ઊભરાવવા જેવી છે. **ઉત્તમ લાગણી કરવા જોગું હૃદય મળ્યું છે, મન મળ્યું છે, હિતાહિત પારખે એવી બુદ્ધિ મળી છે, પછી અહીં જો એ નહિ થાય તો થયેલી બધી સારી પ્રાપ્તિ શું કરવાની ? તેમ, પછી સારી લાગણી ક્યાં ઊભી કરી શકાવાની ?**

**જો ઉત્તમ લાગણી ઊભી કરી ને પોષી વધારી, તો એ અહીં અને ભવાંતરે મહાઆશીર્વાદરૂપ બને છે. એના ઉપર તો કેટલીય ભવ્ય સાધના અને જીવનસૌંદર્ય ઊભાં થાય છે !**

**અડધી તુંબડી મોટા ભાઈને :-**

નાના ભાઈને મોટા ભાઈની દરિદ્ર સ્થિતિ સાંભળતાં લાગણી ઊભરાઈ આવી. તરત જ એણે પોતાની મહામિલકતસમા તુંબડીભર્યા સુવર્ણરસમાંથી અડધી તુંબડી રસ મોટા ભાઈને મોકલવાનું નક્કી કર્યું. કઈ ઉદારતા ? રાજકુમારપણું ભૂલી બાર બાર વરસ કપરી ગુરુસેવા કરીને જે કમાઈ કરી છે તેમાંથી અડધો ભાગ ભાઈનો ! જ્યાં ભાઈએ મહેનતમાં કાંઈ ફાળો નથી આપ્યો, તેમ પૂર્વે કાંઈ આપવાનો ઉપકાર નથી કર્યો, ત્યાં આટલી બધી ઉદારતા ? ભાઈ વધારે કિંમતી કે દુનિયાનો ભંગાર વધારે કિંમતી ? પૈસા-ટકા, માલ-મિલકત બધું ભંગાર નહિ તો બીજું શું છે ? અનંતાનંત કાળથી જૂનું જૂનું ભાંગીને નવું નવું થયા કરે એ જ કે બીજું કાંઈ ? બરફી જોઈને ખૂશ થયા, પણ એ વિચાર્યું કે શી રીતે એ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

બની ? ખેતરમાં ઘાસ ઉગ્યું કે અનાજ પાક્યું, તે ભેંસે ખાધું, એના ભંગારમાંથી દૂધ, ને દૂધના ભંગારમાંથી માવો થઈ બરફી બની; એજ કે બીજું કાંઈ ? પછી આગળ તપાસો. બરફી ખાઈને લોક ખેતરમાં ખાતર મૂકી આવ્યા, અને એ ભંગારના કેટલાક પુદ્‌ગલ પાછા ઘાસ અને પાકમાં ગોઠવાયા. બધું ભંગાર જ ને ? સોના-ચાંદી કે હીરા-માણેકમાં ય શું છે ? જૂના જૂના પુદ્‌ગલના ભંગારમાંથી નવી નવી ઉત્પત્તિ કે બીજું કાંઈ ? દુનિયાની બહારથી કંઈ આવવાનું છે ? **આવો દુનિયાનો ભંગાર વધારે કિંમતી કે ભાઈ ? ધ્યાન રાખજો,**

**ભાઈને, માતાપિતાને, દેવ, ગુરુ કે સાધર્મીને વધારે કિંમતી લેખી વર્તો, એમાં ખુદ તમારો આત્મા કિંમતી બને છે. ત્યારે દુનિયાના ભંગારને કિંમતી લેખનારા એ પોતાના આત્માને કિંમત વિનાનો, માલ વિનાનો કરી રહ્યા છે; કેમકે એની પાછળ પુણ્ય ખલાસ અને પાપનો ભરાવો કરાય છે.** નાના ભાઈએ તરત શિષ્યોને અડધી તુંબડી સુવર્ણરસ આપી કહ્યું,

'લઈ જાઓ આ, મોટા ભાઈને આપી આવો.'

શું ? નાનો ભાઈ અડધી તુંબડી સુવર્ણરસ પોતાના મોટા ભાઈને આપવા પોતાના વિશ્વાસુ શિષ્યો સાથે મોકલે છે. તાંબાના પતરા પર છાંટવાથી સુવર્ણ બનાવે તે સુવર્ણરસ. અડધી તુંબડી એટલે કેટલા લાખનું સોનું ? બાર બાર વર્ષની સાધનાથી પ્રાપ્ત થયેલો આ સુવર્ણરસ વિવેક અને લાગણીથી પોતાના મોટા ભાઈને આપી દેવા મોકલે છે. પરિગ્રહની ઘોર આંધી મચી હોય તો આ બને ? પરિગ્રહના સનેપાત ભૂંડા ! એ સનેપાતના ભયંકર તોફાન દુનિયામાં ચાલી રહ્યા છે.

પેલા શિષ્યો તો ત્યાં જઈને કહે છે, 'આપના નાના ભાઈ જે અમારા ગુરુજી છે, એમણે આપને આપી દેવા માટે આ સુવર્ણરસ મોકલ્યો છે. તામ્રપત્ર પર થોડા બિન્દુ છાંટવાથી તામ્રપત્ર સુવર્ણ બની જાય છે. માટે આ લો.'

પણ પેલો કહે છે, 'મારે એ ન જોઈએ.'

શિષ્યો કહે છે, 'અરે ! આપકો પતા નહિ, યહ તો સુવર્ણરસ હૈ. આપને ક્યા સૂના ? સુવર્ણરસ !' ભારપૂર્વક એ બોલે છે.

જીવને વિષયની બ્રીફ લઈને ફરવાનો અભ્યાસ સહજ થયો છે. ખાનપાન કે વૈભવ-વિલાસની વાતમાં પહોળો પહોળો થઈ બોલે છે, પણ એ ખબર નથી કે બ્રીફ તો સારી વાતની લેવાય. તપ, ત્યાગ, ગુણાનુરાગ, વગેરેની વકિલાત જોઈએ. બીજાના ગુણની વાતો જોઈએ, દોષની નહિ. બીજાની હલકાઈની વાતો તો નિંદામાં જાય, પણ એ નિંદા શેમાંથી જન્મે છે ? નિંદાનું મૂલ ઈર્ષ્યા છે, તે ક્યારે રોકાય ? સ્વોત્કર્ષને યાને જાતની વડાઈના ખ્યાલને આઘો કરાય ત્યારે. હવે



બધું યાદ કરી લ્યો. માર્ગાનુસારીનો પ્રથમ ગુણ ન્યાય સંપન્નતા. પછી પૈસા ઉચિત એટલે ખર્ચ, વેશ, ઘર ને લગ્નસંબંધ એ તમામ ઉચિત હોય. પછી અજીર્ણે ભોજન ત્યાગ અને કાળે પ્રકૃતિને અપ્રતિકૂળ ભોજન. આમ સાત ગુણની આ વાત આવી પોતાની જાત અંગેની. ત્યારબાદ બીજા અંગેની વાત. એમાં પોષ્યનું પોષણ, માતાપિતાની પૂજા, અતિથિ-મુનિ-દીન-દુઃખી વગેરેની સેવા તથા જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રપાત્રની ભક્તિ, એમ ચાર ગુણ આ રીતે ઘર સંબંધી ૧૧ ગુણ થયા શાસ્ત્રના ક્રમથી આ ક્રમ ફેરવ્યો છે. બુદ્ધિ પાંગળી, તેમાં સહેલાઈથી યાદ રહે માટે તેમ કર્યું છે. બીજા વર્ગમાં ગ્રાહ્ય ગુણો આવે, દા.ત. સત્સંગ, ધર્મ શ્રવણ, બુદ્ધિના આઠ ગુણ વગેરે. સત્સંગથી પાપભીરુપણું આવે, દીર્ઘદર્શિતા આવે, દુરાગ્રહ ન હોય. ત્રીજા વર્ગમાં જીવનમાંથી તજવા યોગ્ય વાતો છે. તેમાં પ્રથમ છ આંતરશત્રુનો ત્યાગ, અને પછી પાંચ ઈન્દ્રિયોની પરાધીનતાનો ત્યાગ, અને પછી નિંદાનો ત્યાગ આવે. નિંદા એ એક એવો દુર્ગુણ છે કે એમાં સામાના સાચા ગુણ દેખાતા નથી. ઘઉંમાંથી કાંકરા, યા દૂધમાંથી પોરા કાઢવા જેવું થાય છે. નિંદા-ત્યાગથી ગુણ દેખાય.

**નિંદાનો ત્યાગ પ્રથમ જરૂરી છે :-**

નિંદાથી આત્મા ઊંચો નથી આવતો. નિંદાખોરને વાતનો ચડસ એવો હોય છે, કે પોતાની જાતને તથા સામાને નિંદામાંથી બાદ રાખી આખા જગતની નિંદા કરે છે. લાગ ફાવ્યે સદ્‌ગુરુના ગુણને પણ દોષરૂપ દેખે છે ! કહે છે, 'મહારાજ સારા, પણ સ્વભાવે કડક !' ભલા ! એ કડકાઈથી તને લાભ હાનિ શી, એ વિચાર્યું ? નિંદાનો ચડસ એવો હોય છે કે જેની સાથે લેવા-દેવા ન હોય તેની ય તે નિંદા કરે છે. જીભનો કેવો ભયંકર દુરુપયોગ ! એને એ ખ્યાલ નથી આવતો કે જેને સરખી જીભ નથી મળી તેને કોડ થાય કે- 'ક્યારે જીભ મળે જેથી સિદ્ધગિરિની તથા પરમાત્માની સ્તુતિ કરું.' નિંદાનું સેવન એ રોજનિશિ થઈ ગઈ છે. નિંદા એ પોતાના આત્મનિરીક્ષણને ભૂલવાનો ધંધો છે. એ ભૂલ્યા તો આવા ઊંચા પણ ભવમાં સ્વાત્માના ઉદ્ધારમાંથી બાતલ થવાનો રસ્તો છે. વિચારવાનું તો એ છે કે- **'જીવ ! તું આર્ય બન્યો તે સંસારને દીર્ઘ કરવા કે ટૂંકો કરવા ?** આર્યદેશમાં જન્મ તે આત્મા ઉજ્જવલ કરવા કે મલિન કરવા ? આર્ય એવું નામ કર્મથી ભારે થવા કે હલકો થવા ? નિંદા ન કરવાનો નિર્ધાર કરો. અરે ! કોઈ બીજાની નિંદા કરતો હોય તે ય ન સાંભળો; કદાચ શરમથી બોલી ન શકો તો નવકાર ગણવા લાગી જાઓ. આમે ય ચાલુ નવકાર ગણવાનું તો છે જ પણ આ વખતે તો ખાસ ગણત્રીપૂર્વક નવકાર ગણવા.

**એક જ નિમિત્ત પણ વ્યક્તિ પરત્વે પરિણામમાં મહાન અંતર :-**

પેલા શિષ્યોને મોટાભાઈએ સુવર્ણરસ લેવાની ના કહી છતાં શિષ્યો લેવા દબાણ કરે છે. કેમકે જાણે છે કે જો આપ્યા વિના પાછા જાય તો ગુરુનો ઠપકો મળે. **ગુરુએ આવો મહાકિંમતી સુવર્ણરસ આપી આવવા મોકલ્યા છે એજ વસ્તુ એમના દિલને ઓળખાવી રહી છે. ઊંચા દિલના પ્રતીક આ છે કે આત્મભોગ આપો.** ભોગ આપવામાં અખાડા છે, ને દાવો કરવો છે કે મારું દિલ ઊંચું છે, એનો મેળ કેમ ખાય ? અહીં આ મોટોભાઈ વસ્તુને લેવાની ના પાડે છે. જાણો છો કેમ ? એ સાધુ છે. એ આ પરિગ્રહ રાખે ? નહિ જ, કેમકે પરિગ્રહ એ બધા ગ્રહને ટપી જાય એવો મહાન ગ્રહ છે. બીજા ગ્રહ વળગેલા હોય તો તે આત્માનું નિકંદન કાઢે એવો નિયમ નહિ. ત્યારે પરિગ્રહ તો મહાનિકંદન કાઢે. એમાંથી કષાયો જન્મે છે, ને કષાયમાંથી દીર્ઘ સંસાર સર્જાય છે. એટલે,

પેલાઓએ જ્યારે બહુ આગ્રહ કર્યો ત્યારે સાધુએ એમને તે ઢોળી નાખવાનું કહ્યું. પેલા ઢોળે ? સાધુ કહે છે, 'કેમ મુંઝાઓ છો ? સમજોને તમે મને આપી દીધો છે. હવે હું કહું છું કે ઢોળી નાખો.' પણ પેલાનો જીવ ક્યાંથી ચાલે ? છતાં સાધુ કહે છે માટે રસ ઢોળી તો નાખ્યો, પણ ધુંઆપુઆ થઈ ગયા. એક જ નિમિત્ત, પણ સાધુ નિશ્ચિન્ત બને છે, અને પેલા આકુલવ્યાકુલ થાય છે ! ત્યારે એ વિચારવા જેવું છે કે નિરાંત યા વ્યાકુલતા કરનાર ખરેખર બહારની વસ્તુ છે કે અંદરની ? બહારની ચીજ તો એની એ છે, તો એક સ્થાને નિરાંત કરી આપે તો બીજે પણ કેમ ન કરી આપે ? માટે કહો એ તો બિચારી એક ઓઠું છે. **બાકી જેને અંદરખાને પોતાના આત્માના ભોગે કાયાને મહલાવવી નથી, પણ કાયાની મોજમજાહ જતી કરીને ય પોતાના આત્માને બચાવી લેવો છે, એને તો આત્મઘાત કરનારી વસ્તુ રવાના થાય એથી નિરાંત જ થાય.** ત્યારે, કાયાના વૈભવ-વિલાસની લગનીવાળાને એ કાયાને મહલાવનારી વસ્તુ નાશ પામતાં હાયવોય જ થાય. મોટા ભાઈ સાધુને આ સુવર્ણરસનો પરિગ્રહ આત્મઘાતક દેખાય છે, તેથી એ ઢોળાવા પર પોતે ભારે નિરાંત અનુભવે છે ! તો પેલા સંન્યાસી ચેલાઓ બિચારા એ હદે ક્યાં પહોંચ્યા છે કે નિરાંત અનુભવે ? એ તો વ્યાકુલ બની ગયા ! બસ ! આ જ વાત છે **ભૌતિક દૃષ્ટિ દૂર કરી આધ્યાત્મિક દૃષ્ટિ ઊભી કરો; ઘણા પ્રશ્નો ઉકલી જશે, ઘણી મુંઝવણો દૂર થશે; જીવનમાંથી ઘણા દોષો રવાના થશે.**

**આત્માના સંસારની વૃદ્ધિ વિના પરિગ્રહમાં બીજી વાત જ નથી :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ, ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પંચાશકની રચનામાં પ્રથમ પંચાશકમાં શ્રાવક-ધર્મનું નિરૂપણ કરી રહ્યા



છે. એને અંગે પ્રથમ ચાર વ્રતોનું નિરૂપણ કર્યા પછી હવે તેઓશ્રી પાંચમા પરિગ્રહ પરિમાણવ્રતનું નિરૂપણ કરે છે તેની વિચારણા ચાલે છે. શાસ્ત્રકાર પરિગ્રહનું પરિમાણ કરવાનું એટલા માટે કહે છે કે, જેમ જેમ પરિગ્રહ વધે છે, તેમ આરંસમારંભ વધે છે અને આરંભસમારંભ જેમ જેમ વધે છે, તેમ તેમ સંસાર વધે છે. આ જીવે ભૂતકાળમાં અનંતોકાલ પોતાનો સંસાર વધાર્યો તે પરિગ્રહથી. જો આ જીવ ચરમ પુદ્ગલાવર્તમાં આવ્યો હોય તો જ તે અનંતા કાલના પરિગ્રહ-પાપ પર સર્જાયેલા પરિભ્રમણથી થાકેલો હોય, તથા કાંઠે જઈ, પાર પામી મુક્તિને ઈચ્છતો હોય. મુક્તિનો અભિલાષી આત્મા સંસારને વધારનારા આરંભસમારંભોને જીવનમાં કેટલો કાલ ઈચ્છે ? જે આરંભસમારંભથી સંસાર વધતો હોય, વધ્યે જતો હોય તે આરંભસમારંભના ઉત્પાદક અને પોષક પરિગ્રહમાં મુક્ત્યેચ્છુ આત્મા મહાલનારો ક્યાં સુધી હોય ? આરંભસમારંભ દ્વારા આત્માને કર્મના સંબંધથી ભારે કરીને સંસારમાં રખડાવી એના અનંતસુખને લૂંટનાર પરિગ્રહ છે. એમાં આત્માના સંસારની વૃદ્ધિ વિના બીજી વાત જ નથી. **ધન હોય તો ધર્મ થાય એ વાત ખોટી. ધર્મવૃત્તિ હોય તો ધર્મ થાય એ વાત સાચી.**

પરિગ્રહનું આ સ્વરૂપ છતાં, મનમાં એવો વસવસો રહે છે કે, 'પરિગ્રહથી જેમ આરંભસમારંભ વધે છે તેમ અવસરે પુણ્યકાર્ય પણ ક્યાં નથી થતાં ?' પણ અહીં સમજવાનું જરૂરી છે કે કોઈ હોશિયાર વૈદ્ય અફીણમાંથી અમૃત જેવી દવા બનાવે અને એ દવાથી કોઈ દરદી જીવી ગયો, તેથી 'એ દરદી ઝેરથી (અફીણથી) જીવ્યો,' એમ તો ન જ કહેવાય : કહેવું હોય તો એમ કહેવાય કે વૈદ્યની કળાથી એ જીવ્યો. માખણ શી રીતે કઢાય છે ? જે ગોળીમાં દહીં છે તેમાં ગરમ પાણી પણ નખાય છે, પછી રવૈયા વડે મંથન કરવાથી માખણ નીકળે છે, છતાં 'પાણીથી માખણ નીકળ્યું,' એમ ક્યાંય બોલાય છે ? માખણ થવામાં પ્રભાવ પાણીનો નથી, દહીંનો છે. પરિગ્રહ હોય, એનાથી કોઈ પુણ્યશાલી પુણ્યકાર્ય કરે તે પરિગ્રહજન્ય ન કહેવાય, એ પુણ્યકાર્ય તો ધર્મવૃત્તિથી થાય છે. પરિગ્રહ દહીંમાં પડનારા પાણીની જેમ છે. ધન હોય તો ધર્મ થાય, એ વાત ખોટી. ધર્મવૃત્તિ હોય તો ધર્મ થાય, એ વાત સાચી. આ બરોબર સમજી લ્યો.

**'ઈટ્ઠ ફલ સિદ્ધિ'ની માગણી એટલે ?**

એમ તો પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય)માં જ્ઞાનીએ આપણી પાસે, ભગવંત પાસે 'ઈટ્ઠ ફલ સિદ્ધિ' (ઈષ્ટ ફલની સિદ્ધિ)ની માગણી કરાવી છે. પહેલી ગાથામાં ત્રણ માગણી છે. **भवनिव्वेओ, मग्गाणुसारिआ, इट्ठफलसिद्धिः** ભવનિર્વેદ, માર્ગાનુસારિતા અને ઈષ્ટ ફલની સિદ્ધિ. ઈષ્ટ ફલની સિદ્ધિ શા માટે માગવી ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કહો, મોક્ષ કે મોક્ષની સાધના માટે આવશ્યક છે સામગ્રીની સિદ્ધિ. મોક્ષની સાધના કરવી છે ત્યાં સમાધિની જરૂર છે, ચિત્તસ્વાસ્થ્યની જરૂર છે. એને ટકાવવા સામગ્રી જોઈએ. પોતે ગૃહસ્થ છે. સાદું જીવન ગાળવા પૂરતા પણ પૈસા નથી, ઉદ્વેગ રહ્યા કરે, એને પૂજા કરવાનું, સામાયિક, પ્રતિક્રમણ કરવાનું ચિત્ત તો હોય, વ્યાખ્યાન શ્રવણ કરવાની તીવ્ર લાલસા તો હોય પણ અગિયાર વાગે એટલે જવું પડે ત્યાં શું થાય ? એ જીવન-નિર્વાહ આદિની ચિંતા રહ્યા કરે, એવી રહ્યા કરે કે જે આત્માને શુભ ધ્યાનથી તાણી લઈ, ઈચ્છા નહિ છતાં દુર્ધ્યાન કરાવે, અને દુર્ધ્યાન પણ એવું કરાવે કે જે પછી શુભ ધ્યાનનું ઘણું મન છતાં મનમાં ન પેસવા દે. પૌદ્ગલિક ચિંતા, પૈસા વગેરેની ચિંતા એ આર્તધ્યાન છે અને આર્તધ્યાન એ દુર્ધ્યાન છે. 'ક્યારે પૈસા મળે, મળે તો સારું. શરીર સુધરે તો સારું,' વગેરે તન્મય વિચાર આર્તધ્યાન છે. આવા આર્તધ્યાનને લઈને ચિત્તની સમાધિ નથી રહેતી; માટે મોક્ષ સાધનાનો અભિલાષી આત્મા ભગવાન પાસે ઈષ્ટ ફલ-સિદ્ધિની માગણી કરે છે. સંસાર ખેડવા માટે એ માગણી નથી. મોક્ષની સાધના સાંગોપાંગ કાયમ રહે માટે સમાધિ જરૂરી છે, એને અંગે આ માગણી છે.

**ચૈત્યવંદનનો લાભ :-**

સભામાંથી :- કર્મના ઉદયે બનવાનું બને છે, પછી માગણી શા માટે ?

સમાધાન :- કર્મના ઉદયે બનવાનું બને છતાં માગણીમાં ય રહસ્ય છે. લલિત વિસ્તરામાં શ્રીમદ્ હરિભદ્રસૂરિજી મહારાજે પ્રશ્ન કર્યો કે, આત્મા પુરૂષાર્થથી રત્નત્રયીની સાધના કરે તો કર્મ ટળે, સંસારનો નિવેડો આવે, તો એ કરવું તો ઠીક, પણ પ્રભુની પાસે મોટા રાગડા કાઢી ચૈત્યવંદન કરવાથી શું ?' ઉપલક દૃષ્ટિએ આ ઉપસ્થિત પ્રશ્ન ઠીક લાગે પણ સમાધાન માટે જ પ્રશ્ન ઉપસ્થિત કરનાર ઉપકારીએ સાથે જ સમાધાન આપ્યું છે. ચૈત્યવંદનથી આત્મામાં એક ઉચ્ચ કોટિનો શુભ ભાવ-અધ્યવસાય પ્રગટ થાય છે. પરમાત્માની સામે આત્મનિંદાનું કે પ્રભુના ગુણગાનનું સ્તવન ગાતી વખતે ઉલ્લાસ જાગે છે, એ ઉલ્લાસમય અધ્યવસાય ઉચ્ચ કોટિનો છે. સ્તવન ગાતાં પહેલાં શક્રસ્તવ વગેરે ઉત્તમ સ્તોત્ર બોલતાં ઉચ્ચ કક્ષાનો શુભ અધ્યવસાય જાગ્રત થાય છે. नमो अरिहंताणं भगवंताणं વગેરેમાં કોને નમસ્કાર ? અરિહંત ભગવાનને, અર્હત્ પરમાત્માને. એ પરમાત્મા કેવા ? અષ્ટ મહાપ્રાતિહાર્યે વિરાજતા. કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી પ્રાતિહાર્યો પ્રભુની સાથે ચાલે છે, સાથે રહે છે. ચામર વીંજાયા કરે છે, છત્ર ઉપર ચાલે છે, ભામંડળ મસ્તક પાછળ હોય છે, અર્હતને નમસ્કાર શા માટે ? आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं એ ભગવાન આદિકર છે, તીર્થંકર છે, સ્વયંસંબુદ્ધ છે માટે નમસ્કાર છે. એમને



અમથો નમસ્કાર નથી કરાતો, પણ એમનામાં આદિકરત્વ, તીર્થંકરત્વ, સ્વયં સંબુદ્ધપણું છે માટે એમને નમસ્કાર કરાય છે. આ અવસર્પિણીમાં જ્યાં સુધી ભગવાન શ્રી ઋષભદેવસ્વામી નહોતા થયા ત્યાં સુધી આ ભરતમાં ધર્મ સંબંધમાં ઘોર અંધારાં હતાં. એ સૂર્ય પ્રગટ થયા કે આ ભરતભૂમિમાં અજવાળું થયું, ધર્મનો પ્રકાશ એમણે પ્રથમ કર્યો. આ અવસર્પિણીમાં ધર્મની આદિ એમણે કરી. ભગવાન આદિકર છે, તીર્થંકર છે તથા સ્વયંસંબુદ્ધ છે, માટે એમને નમસ્કાર છે, આ વખતે હૈયામાં કેવો શુદ્ધ અધ્યવસાય પ્રગટે છે ? જેવો તેવો નહિ ! મામૂલી નહિ ! એ એવો અધ્યવસાય છે કે જેના યોગે સાતે પ્રકારના કર્મોની સ્થિતિ હળવી (લઘુ) થાય છે, અશુભ પ્રકૃતિના રસ મંદ બને છે, સિલિકમાં રહેલા શુભ પ્રકૃતિના રસો વધે છે, **કેઈક કર્મોની નિર્જરા થાય છે.** આ સ્થિતિ ઊભી કરનાર ચૈત્યવંદન છે. શક્રસ્તવ તથા ચૈત્યવંદનનો આ લાભ છે. ઉદયમાં હોય તેમ બને છતાંય માગણીમાં આવા લાભનું રહસ્ય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૫૮

## ૧૩ સંસારની જડ

**આ અશુભ અધ્યવસાય :-**

ભગવાનની પાસે, ઈષ્ટફલની સિદ્ધિની માગણીમાં પણ શુભ અધ્યવસાય છે, માગણીમાં ધ્યેય મોક્ષની સાધનાનું છે. આ માગણીમાં જે ઉચ્ચ અધ્યવસાય છે તે દરિદ્રતાદિ પાપોને કાઢે છે, અશાતાદિના ફુરચા ઉડાવે છે. બધા કર્મો નિકાચિત નથી હોતા. એવા ઘણા અનિકાચિત કર્મો છે કે જે જ્ઞાની નિર્દિષ્ટ ઉત્તમ અધ્યવસાયથી દૂર થાય છે. એક વાર કહ્યું છે, ફરી યાદ અપાય કે **કર્મબંધના સ્થાનોને નિર્જરાના સ્થાનો બનાવતા શીખો.** આ શાસનની વિશિષ્ટતા એજ છે. અશુભ તથા શુભ અધ્યવસાયના વિવેકથી તેમ બને છે. ખાતાં-પીતાં કે ક્રિયા માત્રમાં બંધના સ્થાનને, આ શાસન પામેલો નિર્જરાનું સ્થાન બનાવે છે. લટકાળો દીકરો, ઉંમર વર્ષ દોઢનો, કાયા કોમળ, રંગ ગુલાબી, એ જોઈને માબાપ ખૂશ થાય, 'મારો દીકરો કેવો સુંદર ! કેવો કોમળ ! ગુલાબી રંગનો ! આમ વિચારે અને તેડવાનું, ખોળામાં લેવાનું મન કરે, મલકાય...' આ તમામ મોહજન્ય અશુભ અધ્યવસાય. પ્રથમ તો પુત્ર નહોતો, પછી કર્મે મળ્યો, એટલે મલકાય, ખૂશ ખૂશ થાય, પોમાય, માને 'મારા ઘરની શોભા વધી !' આગળ વધી વિચારે કે- 'મોટો થશે, નિશાળે મૂકી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ભણાવીશું, પછી સારી કન્યા જોડે વિવાહ કરીશું,' આવા આવા વિચારોની કેટલી પરંપરા થાય તે તમે જાણો. એ પરંપરા અમે ન સમજીએ ને ? આવા અશુભ વિચારોની પરંપરા ચાલતી હોય ત્યાં પેલા બાળકનું આયુષ્ય તૂટે તો, એ તો ચાર છ માસ રહીને ચાલ્યો જાય પણ અશુભ અધ્યવસાય યોગે આ ભાઈસાહેબ પાપનાં પોટલાં અકબંધ રાખે.

**વિચાર કરવાની આ ખૂબી ! :-**

અહીં વિવેક હોય તો શુભ વિચાર પણ થઈ શકે. 'અહો ! આ જીવ કેવો પુણ્યશાળી કે શ્રાવકના ઘરમાં આવ્યો ! જરૂર પૂર્વે સાધના કરી હશે એટલે એ મારે ત્યાં આવ્યો જેથી તેને અપૂર્ણ સાધના પૂર્ણ કરવામાં સહાય કરું.' જેની પાસે જે ઝવેરાત હોય તે બીજાને દેવાની ઈચ્છા થાય. ચિત્રકાર પોતાના પુત્રને સારો ચિતારો (ચિત્રકાર) બનાવવા ઈચ્છે, ને સુતાર પોતાના દીકરાને એવો સુતાર બનાવવા ઈચ્છે કે જેનો જગમાં જોટો જડે નહિ. ઝવેરી પોતાના પુત્રને ઝવેરાત સંબંધી એવું શિક્ષણ આપવા ઈચ્છે કે જેથી તે દેશ દેશાવરમાં પ્રસિદ્ધ થાય, રાજા-મહારાજાઓ એની પાસેથી ખરીદે. તો પછી **શ્રાવકને પોતાના પુત્રને પરમાત્માના શાસનના ઝવેરાતનો મોટો વેપારી બનાવવાના કોડ થાય કે નહિ ?** એને એમ થાય કે- 'મારા આવા સંસ્કારથી મોટો થયેલો તે પુત્ર ચારિત્ર લે તો સારી વાત. કદાચ ચારિત્ર નહિ લે તો પણ એવો ધર્મનિષ્ઠ થશે કે જેની હૂંફમાં હું ધર્મસાધના કરી પાછલા જીવનને સુધારી શકીશ.' વિચાર કરવાની આ ખૂબી ! એને એવો વિચાર ન થાય કે- 'મોટો થશે, કમાશે એટલે ઠરી ઠામ થશે, એની ચિંતા ઓછી થશે, અને મને પાછલા જીવનમાં એ પાળશે' અવાંતર બીજો વિચાર ન જ આવે એમ નહિ, આવી ય જાય પણ મહત્ત્વ કઈ ભાવનાનું હોય ? **શુભ અધ્યવસાયમાં એ કૌવત છે કે સાથે જીવન-સગવડની ઈચ્છા છતાં મન પવિત્ર રાખે અને ઘણાં પાપથી બચાવે.**

**'ઈષ્ટ ફલ સિદ્ધિ'ની માગણી, ચાળણીમાંથી ચળાયા પછીની છે :-**

હવે એ વાત ધ્યાનમાં લ્યો કે **ઈષ્ટ ફલ સિદ્ધિની માગણી, એના પહેલાં બે માગણી કરાવ્યા પછી કરાવી છે.** કઈ બે માગણી ? ભવનિર્વેદ અને માર્ગાનુસારિતા. ભવનિર્વેદ એટલે સંસાર પર અરુચિ, સંસાર પર દિલગીરી. માર્ગાનુસારિતા એટલે માર્ગને અનુસરવાપણું. માર્ગ કયો ? મોક્ષનો. મોક્ષના ઉપાયભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અનુસારી જીવન એટલે માર્ગાનુસારિતા. ભવનિર્વેદમાં મોક્ષરુચિ છે; અને એ બે માગણી પછી ઈષ્ટ ફલ સિદ્ધિની માગણી છે, એટલે આ માગણીમાં જે આવે તે ઉપરની બે માગણીરૂપ ચાલણીમાં ચળાઈને આવે. આ માગણીમાં ભવનિર્વેદની



માગણીની બાદબાકી નથી રાખી કે સંસારની આટલી વસ્તુ પર જુગુપ્સા ખરી, ને આટલી પર નહિ, એમ નથી રાખ્યું. 'શ્રાવક છે, ગૃહસ્થ છે માટે વૈરાગ્યમાંથી થોડા (આજીવિકા પૂરતા) પૈસા બાદ રાખો, અર્થાત્ એટલા પર વૈરાગ્ય નહિ, - એમ નથી. આજીવિકાના સાધન વિના, બાકીના ભવ પર નિર્વેદ,' એવું ક્યાંઈ લખ્યું નથી. જેનું નામ ભવ, તેના પર નિર્વેદ. આજીવિકાનું સાધન પણ ભવ, પરિગ્રહ પણ ભવ. અઢારે પાસ-સ્થાનક તે ભવ, અને ભવનો નિર્વેદ. ભવ માત્રનો નિર્વેદ એ પ્રથમ માગણી.

**अप्पोसि होइ बंधो । તેને બંધ અલ્પ :-**

અઢારે પાપસ્થાનકને ભવ કહી શકાય, કારણમાં કાર્યનો ઉપચાર થાય. કોઈ માણસ કહે, 'હું મોસંબી પર જીવું છું.' જીવે છે તો શ્વાસોશ્વાસથી, આયુષ્ય કર્મથી, પણ મોસંબીરૂપ કારણમાં જીવવાના કાર્યનો ઉપચાર કર્યો. તે જ રીતે અઢારે પાપસ્થાનક ભવ પેદા કરનારા છે, વધારનારા છે માટે એ ભવ. પાંચમું પાપસ્થાનક પરિગ્રહ એ પણ ભવ. જીવનમાં પરિગ્રહ (નિર્વાહ જોગો પણ) એ પણ ભવ છે, એટલે એ પરિગ્રહથી રાજી ન થાય. એને એમ થાય, 'કંગાલ છું કે ચારિત્ર નથી લઈ શકતો, મોહના ઉદયમાં ફસ્યો છું, એટલે આ સેવવું પડે છે.' આવી ભાવનાવાળો, પૈસા કમાવાથી રાજી થાય ? ના. નજરકેદમાં પૂરાયેલા રાજાને નોકરો પંખા ફેરવે છે; એને ચાંદીના થાળામાં સારામાં સારી રસવતી હાજર થાય છે. ત્યાં એ રાજા ઠંડો પવન પણ ખાય છે, ભોજન પણ કરે છે, છતાં કઈ રીતે ? એને એ કશાની કિંમત નથી, કશામાં એને રસ નથી, લાચારીથી તેમ કરે છે. પરમાત્માના શાસનને પામેલો સમ્યગ્દષ્ટિ આત્મા પણ પોતાને મોહની કેદનો કંગાલ કેદી માનતો હોય છે, એટલે તે કરે છે બધું, પણ કરવું પડે માટે, એને એમાં આનંદ નથી લાચારીથી કરે. એ ભોજન કરે, ચાલતું નથી માટે. પૈસા હાથમાં લે પણ લાચારીથી. સમજે તો એવું જ કે, 'મારું ચાલે તો કોડી પણ ન લઉં.' પેલો કેદી રાજા માને છે તો એમ, 'હરામ, આનો દાણો ય ન ખપે.' પણ છતાં નીચી મૂડીએ એને ભોજન કરવું પડે છે માટે કરે છે. આવી માન્યતાથી સમ્યગ્દષ્ટિ આત્મા કર્મબંધના સ્થાનમાં નિર્જરા કરે છે, એને કદી બંધ કરે તો પણ અલ્પ બંધ કરે છે; કેમકે શાસ્ત્ર કહે છે, 'अप्पोसि होइ बंधो ।'

**પરિગ્રહ એ નાગ, મૂર્ચ્છા એ ઝેર :-**

જો એમ માનવામાં આવે કે, 'પરિગ્રહ હોય તો જ કામ ચાલે,' તો ખલાસ ! ઝેરી નાગ તરીકે ઓળખાતા કોઈ નાગને કોઈ મદારી વગેરેએ પકડ્યો, દાઢ કાઢી નાખી, ઝેર કાઢી નાખ્યું; પણ કહેવાય તો નાગ તે નાગ જ ! ધર્મવૃત્તિના



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

યોગે પરિગ્રહરૂપી નાગની દાઢમાંથી મૂર્છારૂપ વિષ કાઢી નાખ્યું, પછી ભલે પરિગ્રહ દુનિયાના કાર્યોમાં ખરચાવાનો હતો તેની યોજના ફેરવાઈ, ઉજમણા સાધર્મી વાત્સલ્યાદિમાં ખરચાવાયો, છતાં ય પરિગ્રહ તો નાગ તે નાગ જ !

એનો સ્વભાવ તો કરડવાનો જ હતો પણ ઝેર કાઢનારે કાઢ્યું એ ઉપકાર એનો. અફીણનો સ્વભાવ મારવાનો, કોઈ કિમિયાગરે તે ઝેરને મારીને દવારૂપ બનાવ્યું, એનાથી દમ જેવા વ્યાધિ મટાડાય, પણ 'દરદી અફીણથી જીવતો કે સાજો થયો,' એમ કહો તો કોઈ માને ? એમ કહેવાય કે વૈદ્યને કરામતથી તે જીવી ગયો, સાજો થયો. માખણ થવામાં કરામત દહીંમાં જ, એ સજ્જડ માન્યતા છે, માંહી ઉમેરેલા પાણીમાંથી માખણ થવાનું કોઈ માનતું નથી. જો એમ પાણીથી માખણ થતું હોય તો પાણી ક્યાં કમ છે ? જળાશયોમાં પાણી જ પાણી છે ! આ વસ્તુ સમજો એટલે બરાબર જચશે કે જેનું નામ ભવ, તે સમસ્તનો નિર્વેદ, અન્યથા ભવનિર્વેદનો મહિમા નહિ સમજાય.

**કક્ષાભેદે માર્ગાનુસારિતાના ભેદો :-**

ભવનિર્વેદ પછી માર્ગાનુસારિતા. તેના ય પ્રકાર છે. પ્રારંભિક કોટિની માર્ગાનુસારિતા પાંત્રીશ ગુણોની સંકલનાવાળી છે. આ માર્ગાનુસારિતા સમ્યક્ત્વ પામ્યા પહેલાંની છે. સમ્યગ્દૃષ્ટિ બનનારની માર્ગાનુસારિતાની માત્રા ઊંચી. શબ્દ એક, અર્થ અનેક. વસ્તુ એક, કક્ષામાં ફરક. સમકિત પામ્યા પહેલાં યોગની ચાર દૃષ્ટિ છે, તથા ન્યાય સંપન્ન વિભવાદિ ગુણોરૂપી માર્ગાનુસારિતા છે. સમ્યક્ત્વની કરણી આવે, એનો વ્યવહાર ૬૭ પ્રકારનો છે. શ્રાવક વ્રતો લે એટલે એની માર્ગાનુસારિતા આગળ વધે. એમાં લીધેલા વ્રતોમાં અતિચારોનો ત્યાગ હોય તથા વ્રતોને પોષક પ્રવૃત્તિ હોય, અવાંતર તેવા તપ-જપ હોય. સાધુની માર્ગાનુસારિતામાં સર્વ વિરતિને પોષક ઉત્તર ગુણોનું યથાર્થ પાલન તથા વ્રતોમાં, વ્રતાદિમાં અતિચારોનો ત્યાગ. એમ કક્ષાભેદે માર્ગાનુસારિતાના ભેદ છે. સાધુની માર્ગાનુસારિતા ઊંચી કક્ષાની. ગુણસ્થાનકાનુસાર માર્ગાનુસારિતાના પ્રકાર છે. માર્ગ મોક્ષનો, દર્શન, જ્ઞાન, ચારિત્ર, દર્શન તે સમ્યક્ત્વ. ચારિત્ર બે પ્રકારે-દેશ વિરતિ અને સર્વ વિરતિ જ્ઞાનનો સમાવેશ એ બેયમાં છે.

**દાન સામગ્રી યોગે નથી થતું પણ ધર્મવૃત્તિયોગે થાય છે :-**

આપણે કેટલા ય વખતથી વાત કરી રહ્યા છીએ તે કઈ માર્ગાનુ-સારિતાની ? સમકિતની નીચેની કક્ષાની, ઠેઠ નીચી કક્ષાની માર્ગાનુસારિતાની. શાથી ? હજી મનમાં વસવસો રહે છે કે, 'પરિગ્રહથી ધર્મક્રિયા થાય તો પરિગ્રહને એકાંત પાપ કેમ કહો છો ? પુણ્ય પાપ ઉભય કહોને !' આ વસવસાથી જીવનમાં



ઝગમગાટ નથી. પ્રારંભિક માર્ગાનુસારિતાવાળો જીવ, અતિથિ-સાધુ-દીનનો સત્કાર કરે, ચારિત્રશીલ તથા જ્ઞાનવૃદ્ધની સેવા કરે; એના યોગે પછીના પરોપકારાદિ ગુણ એના જીવનમાં ઝગમગતા હોય. આવું જીવન જીવનાર આત્માનું વલણ કયું હોય એ નયસારના દૃષ્ટાંતથી સમજાય છે. એણે અતિથિસત્કાર કર્યો, પછી મુનિને માર્ગે તે મૂકી આવ્યો, મુનિએ તેને સમકિત પમાડ્યું. નયસારે અનુમોદના કરી, કેવી ? ઓહો ! 'અહા કેવો યોગ ! આ મુનિ ન મળ્યા હોત તો ધર્મ ક્યાંથી પામત ? મારા પુણ્યનો ઉદય કે આવા ઉપકારી મુનિ મળ્યા જેથી ધર્મની પ્રાપ્તિ થઈ, કર્મ હળવા હશે, પાપ પાતળાં હશે, પુણ્ય પુષ્ટ હશે માટે આવો યોગ મળ્યો, ધન્ય છે.' આમ તે વિચારે છે, 'ખાનપાનની સામગ્રી હતી તો મુનિના યોગનો લાભ થયો, માલ વિના શું થાય ?' એવો વિચાર તે કરતો નથી. સામગ્રી ભક્તિમાં કામ લાગે, એ વાત સાચી છતાં ભક્તિમાં મુખ્ય પ્રતાપ સામગ્રીનો કે આત્માની યોગ્યતાનો ? કે તથાવિધપુણ્યનો ? એ પ્રતાપ છે શુભ ભાવનાના પુરૂષાર્થનો. પેલા ગોળીમાંના દહીં સાથે પાણીની જેમ સામગ્રી અવાંતર સહાયક ભલે હોય, ધર્મ આથી થાય એવું કદી મનમાં ન રાખશો. દાન સામગ્રીથી (સામગ્રીનું-સામગ્રી વડે) થાય ભલે; પણ દાન સામગ્રીયોગે નથી થતું કિંતુ ધર્મવૃત્તિ યોગે થાય છે.

**સભામાંથી :-** પુણ્યવૃત્તિ હોય તો પુણ્ય થાય, પાપવૃત્તિ હોય તો પાપ થાય. પુણ્ય કે પાપ તો વૃત્તિના આધારે રહ્યા ને ? તો પરિગ્રહ એ પાપ કેમ ?

**પરિગ્રહ તો પાપ જ :-**

આથી તમે કબૂલ જ કરો છો કે ધર્મ કે પુણ્ય તેવી વૃત્તિથી થાય છે, પરિગ્રહથી નથી થતું. પરિગ્રહથી પાપ થાય છે કે નહિ તે વાત પછી, પણ પરિગ્રહથી ધર્મ નથી થતો એવી કબુલાત તમારા પ્રશ્નમાં સ્પષ્ટ છે. હવે બીજી તરફ વિચારીએ. જગતમાં નજરે દેખાય છે કે પરિગ્રહ એ જેટલી પાપવૃત્તિ વધારે છે તેટલી પુણ્યવૃત્તિ નથી વધારતો. પાપવૃત્તિ વધારનાર અજોડ સાધન કોઈ હોય તો તે પરિગ્રહ છે. માટે પાપ વધારનાર હોઈ તેને પાપ કહ્યું, ધર્મ ન કહ્યો. ધર્મપ્રવૃત્તિ વધે છે આત્માના પુરુષાર્થથી, સદ્વિચારણાથી. ખાનપાનની ખૂબ સામગ્રી હોય માટે તપ થાય ? તપમાં તો ત્યાગની ઉત્કટ ભાવના છે. તપસ્વીના મનમાં મોક્ષનું અર્થીપણું છે, કર્મનો છૂંદો કરવાના એના હૈયામાં કોડ છે. આજ સુધી સંસારનું ભ્રમણ થયું તે થયું પણ હવે ધર્મ વિવેકીને કર્મનું નિકંદન કરવાની ગરજ છે; તમન્ના છે. આવા આત્માની પુણ્યવૃત્તિ વધે એટલે તે આત્મા અવસરે સારામાં સારી ચીજનો ત્યાગ કરતાં ખચકાય નહિ, વાર ન કરે. પુણ્ય વૃત્તિની જાગ્રતિના યોગે તે ઉચ્ચ કોટિનો ધર્મ આરાધે. Ratio (પ્રમાણ) માંડો, સમજાશે કે ધર્મની

આરાધનામાં કોનો કેટલો હિસ્સો ? મોક્ષની રુચિ થાય, કર્મ બંધન પર ઉદ્વેગ થાય, પુણ્યવૃત્તિ વધે એટલે ધર્મ વધે. પરિગ્રહથી પાપ વધ્યું, એ જોયું, ભવિષ્યના અનંતકાલ માટે પણ તેમ જોયું માટે કહી દીધું, પરિગ્રહ એ પાપસ્થાનક. એ પાપ વધારનાર, માટે પાપ. એને પુણ્યસ્થાનક કે ધર્મસ્થાનક ન કહ્યું. ધર્મ તરીકે દાનને કહ્યો, પરિગ્રહને નહિ, આથી પરિગ્રહ એ પાપ, પાપ, અને પાપ. એમ હૃદયમાં જ્યારે કોતરી રાખો ત્યારે કિંમત એની આંકવાને બદલે પરમાત્માની, શાસ્ત્રની, ગુરુની અને ધર્મસ્થાનની કિંમત આંકવાનું બને.

આ તો ખૂબી એ થાય છે કે પરિગ્રહની કિંમત આંકવાના યોગે મનને એવું ઊંધુ યાદ રહે છે કે- ‘મેં આટલા પૈસા ખર્ચ્યા ત્યારે આ ધર્મનું કાર્ય થયું; નહિતર ક્યાં થવાનું હતું ? આવી પૂજા, આંગી, ઉત્સવ કે જમણવાર મારા પૈસાના યોગે થયા; નહિતર મહારાજ બિચારા કેટલાય દિવસથી ઇચ્છતા’તા કે નવકારનો તપ કરાવવો છે; પણ એકાસણાં કરાવનાર ન નીકળે ત્યાં સુધી શું થાય ? આ તો જ્યારે આપણે આટલા પૈસા ખરચવાનું નક્કી કર્યું ત્યારે ઊભું થયું. ધરમના કામ પૈસા વિના ક્યાં થાય છે ?...’ જુઓ આમાં પરિગ્રહની બદબો શું કામ કરી રહી છે ! મનને એમ નથી થતું કે-‘અહો ! ગુરુમહારાજનો અને શાસ્ત્રનો કેવો અનુપમ ઉપકાર કે એમણે આ તપ કરવા-કરાવવાનું બતાવ્યું તો આવા તપની યોજના છે.’

**એમ તો પૈસાથી મિજબાની, જમણવાર તો દુનિયામાં ઘણાય થાય છે; પરંતુ એમાં ધર્મનું તત્ત્વ શું ?** અહીં તો એકાશનરૂપી તપ, નવકારના પદનો જપ, દેવવંદન, પ્રતિક્રમણ, સ્તોત્ર, કાઉસ્સગ્ગ, ખમાસમણાં, પ્રભુપૂજા, બ્રહ્મચર્ય વગેરે કેટકેટલો ધર્મ ! જમણવાર પણ સાધર્મિક-વાત્સલ્ય અને તપસ્વીની ભક્તિરૂપી ધર્મમાં જાય. આ બધું કોણે બતાવ્યું ? જન્મ્યા ત્યારે આ જ્ઞાન લઈને આવ્યા હતા ? ના, એ તો ગુરુ મળ્યા, શાસ્ત્ર મળ્યા તો જ્ઞાન લાધ્યું. માટે તપ કરવા-કરાવવાનો ઉપકાર કોનો ? પૈસાનો નહિ, ગુરુનો ને શાસ્ત્રનો. ‘કેવા મારા અહોભાગ્ય કે મને આવું ઊંચું જિનશાસન અને ત્યાગી ગુરુદેવ મળ્યા, તે આ ધર્મકાર્ય કરાવ્યું !’ મનમાં આ વિચારને રમતો કરવાનો છે. એના બદલે આપણા પૈસા આવ્યા તો ધર્મકાર્ય થયું, માત્ર આવું યાદ રહેવાથી પરમાત્માની કિંમત પણ ભુલાઈ જાય છે. શું યાદ રહે છે, એજ ને કે- ‘મારો ફાળો આટલો મોટો તો આવી ભવ્ય આંગી-પૂજા વગેરે થયું ?’ અલ્યા જીવ ! એ તો જો, કે પરમાત્મા જ ન હોત તો આ આંગી શી ને પૂજા શી ? **ઓર દેવકું આક ધતુરે, તુમ ઉપરે ફૂલ પંચ બરસીયા,’** ઝવેરાતની આંગી રચાય તે તીર્થંકર પરમાત્માની. કદાચ કોઈ નાના દેવની રચે તો ય એની કિંમત શી ? લાભ શા ? પરમાત્મા ત્રિલોકનાથ બેઠા છે



તો આંગી-પૂજા વગેરેની કિંમત છે, મહાન લાભ છે. એટલે એ જ માન્યા કરવાનું કે અરિહંત પરમાત્માના પ્રભાવે આ આંગી-પૂજા થયા; અહીં (મંદિરમાં) એમની હયાતીને લીધે જ આટલી ભવ્ય આંગી-પૂજા. પૈસાના શા મહત્ત્વ ગાવા ? બસ, આ વાત છે, પરિગ્રહથી ધર્મ નથી થતો, ધર્મ દેવ, ગુરુ, ધર્મવૃત્તિ વગેરેના પ્રતાપે થાય છે.

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ”   વર્ષ-૭,અંક-૧૫,તા.૨૭-૧૨-૧૯૫૮

## ૧૪ સંસારની જડ

**પરિગ્રહ ફેંકાઈ જાય છે, ધર્મ ટકે છે :-**

હજી વસવસો રહેતો હોય તો દહીં પાણીનું દૃષ્ટાંત વિચારજો. દહીમાંથી માખણ થાય છે, જ્યારે પાણી તો ફેંકાઈ જાય છે. ધર્મવૃત્તિએ ધર્મ કરતાં પરિગ્રહ તો કુચા થઈને બહાર ફેંકાય છે; બે રૂપે : પરિગ્રહરૂપે તથા અંતરથી મમતારૂપે. ધર્મ ટકે, પુણ્યવૃત્તિ ટકે પણ પરિગ્રહ પછી ન રહે. પરિગ્રહ તો જીવને વળગેલી બલા છે. જેના હૃદયમાં મોક્ષ તરફ રુચિ થઈ પછી એ સંસારવર્ધક પરિગ્રહ અને વિષયો તરફ કેવો બને ? મીઠી નજરવાળો કે કડવી ? એની કિંમત આંકનારો કે કુટિલતા જોનારો ?

**પૈસા વધતાં પલટાતી પરિસ્થિતિ, એ પરિગ્રહ પાપ હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ નથી ? :-**

પૈસા હોય તો ધર્મ થાય એમ હોય તો પ્રત્યક્ષ વિચારો કે તમારી પાસે પૈસા વધ્યા પછી ધર્મમાં કેટલા પ્રમાણમાં તેનો વ્યય કરવાના તથા વિષયાદિમાં કેટલા પ્રમાણમાં ? માનો કે તમને લાખ રૂપિયા મળ્યા; એ મળ્યા તો ધર્મના પ્રતાપે (એ તો માનો છો) એટલે ન્યાયની દૃષ્ટિએ બધાય તેના ચરણે ધરવા. ‘Half to Half’ પચાસ ટકા પણ ધર્મને સમર્પો ? પરિગ્રહ તો આત્માને મોક્ષમાર્ગથી ખીંચી વિષય તરફ લઈ જનારો છે; પરિગ્રહ પર આટલો મોટો આક્ષેપ ! હા ! પૈસો ન હોય ત્યારે તો કાંઈક મોહ મંદ હોય પણ પછી ? પૈસો થયા પછી ઝુપડું ગમશે કે બંગલો જોઈશે ? પગે ચલાશે કે ગાડી જોઈશે ? પહેલાં સાદાઈથી રહેવાતું તેમ રહેવાશે કે ઠઠારો કરાશે ? કહોને, ‘મોટર હશે તો દશ દે’રે દર્શન થશે,’ પણ મહાનુભાવ ! એ દશ દે’રાના દર્શનનો થોડો સમય બાદ કરી, બાકીના ત્રેવીશ સાડીત્રેવીશ કલાક એના ઉપયોગના ભારનો પ્રકાર વિચાર્યો ? એ દશ દે’રે દર્શન



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કરતાં પગે ચાલીને બે દે'રે દર્શન કરનારની સ્થિતિ જૂદી જ છે. પૈસો વધ્યો એટલે પાઠ જ ઠાઠમાઠના જપાય; ઠઠારો વધે. આથી પરિગ્રહ તો પાપ જ.

પરિગ્રહ પાપ સમજાશે પછી તો એના તરફ તિરસ્કાર છૂટશે. પછી થશે, (આ તો કચરો છે. અને સાત ક્ષેત્રમાં વાપરવાનું સારું ખાતર બનાવું.' જેને પરિગ્રહ તરફ વલણ હશે તો વાપરવાના ધર્મ પ્રસંગે ય-સોના બદલે દશ વાપરશે, એની આંખ સામે કલ્પનાથી કેટલાય ખડા થશે, 'ફલાણો આવશે, અમુક આવશે, તમુક આવશે, દરેકને દેવા પડશે,' અને પછી દશથી જ વાત અટકશે. આથી સિદ્ધ છે કે- 'પરિગ્રહ હોય તો ધર્મ થાય છે,' એવું મોટા ભાગે નથી. અલબત્ત સ્થિતિ વિચાર્યા વિના, જે સંયોગમાં પોતે છે તેના રક્ષણાદિ ઔચિત્ય વિચાર્યા વિના ઉડાઉ થઈ દઈ દેવું, એ વાત અહીં નથી. છતાં ભલે વિચારપૂર્વક આપે, તો ય મનને એમ થવાનું કે આ મેં સંસારનો કેટલો પથારો પાથરી મૂક્યો છે કે એની પલેવણમાં આવી ધર્મતક મળી છતાં ઘણું નથી આપી શકતો !

**સમાધિ વિચાર :-** પ્રભુનું શાસન પામેલો દરિદ્રી પણ શું વિચારે ? એ દેવની કૃપા તથા સદ્‌ગુરુનો ઉપકાર લક્ષમાં રાખશે, એટલે ઈષ્ટફલ સિદ્ધિની માગણી પણ અજબ કોટિની હશે. 'હે નાથ ! હું તારો ભક્ત ખરો, પણ કર્મકઠિનાઈએ કંગાલ ? તારો સેવક છતાં હું રાંક જેવો ? શું ખાવું એની ય ચિંતા, ત્યાં ધર્મ કઈ રીતે કરાય ? ચિત્તની સમાધિ શી રીતે રહે ?' આ રીતે એ ચિત્તની સમાધિ માગે, એ સમાધિ ચાલુ સ્થિતિમાં થોડા પૈસાથી રહે એમ લાગે છે; પણ પૈસો ન માગે, સમાધિની આડે રહેતા અંતરાય તૂટવાનું માગે, મુખ્ય સમાધિની માગણી હશે, સમાધિનું લક્ષ હશે, પછી પૈસો મળે કે ન મળે, પણ ચિત્ત સમાધિના સંરક્ષણમાં રહેશે. પૈસાની માગણી થઈ, તો મહત્તા પૈસાની રહેશે. એ તો સમાધિની ભાવના હોય તો જ પૈસો હાથમાં આવ્યે સમાધિ ટકવાની. તમને પ્રશ્ન થશે કે, 'પોતાના પાસે દશ લાખ હોય અને બીજા પાસે વીશ લાખ જોઈ અસમાધિ થાય તો ?' એ અસમાધિમાં તો પોતાની અવળચંડાઇ છે. જગતમાં પોતાની નીચે ઘણા એવા છે કે કોઈની પાસે પાંચ છે, પચાસ છે, પાંચસો છે, હજાર છે, પાંચ પચાસ હજાર કે લાખ છે જ્યારે પોતા પાસે તો દશ લાખ છે; છતાં એ ન વિચારે અને અવળું વિચારે તો શું એ અવળચંડાઈ નથી ? અરે ! ધારે તો શું બીજા સોને એ દશ લાખથી સમાધિ ન પમાડી શકે ? દશ લાખ વહેંચી દે તો કેટલાયને સમાધિ થાય. માટે એવા લોભની માગણી એ સમાધિના પ્રયોજનની ન ગણાય. સમ્યગ્દષ્ટિની પ્રભુ પાસે ઈષ્ટફલ સિદ્ધિની માગણીમાં, સમાધિની માગણી એ જ પરમ રહસ્ય છે, વિવેક છે.



**પ્રથમ શાળા કુટુંબની :-** સંન્યાસી બનેલા નાના રાજકુમારભાઈએ પોતાના મોટાભાઈને અડધી તુંબડી સુવર્ણરસ મોકલ્યો. આપણે જોઈ ગયા કે એ મુનિએ તે સુવર્ણરસને લેવાની ના જ પાડી દીધી. પરંતુ પેલા સંન્યાસી શિષ્યોએ ખૂબ આગ્રહ કર્યો તો ઢોળી નાખવા કહ્યું. પેલા ઢોળે ? પણ પાછો લઈ જવો નથી, એટલે ખરેખર ઢોળ્યો. એ શિષ્યો તો ખાલી તુંબડી લઈ પાછા આવ્યા. તેમને આવતા જોઈને માન્યું કે તેઓ રસ દઈને આવ્યા. ભાઈના સ્નેહને તે વિચારવા લાગ્યો, 'એ બિચારા મને શોધતા બાર-બાર વર્ષ ભટક્યા, અને ગરીબ થઈ ગયા. કેવીક મારા પ્રત્યે દયા ! ચાલો કમાયું લેખે લાગ્યું ! વડિલની સેવા થઈ !' વગેરે તરંગો કરવા લાગ્યો. ચેલો કંઈ કહે તે પહેલાં તો તે આવા તરંગે ચઢ્યો. માર્ગાનુસારિતાના ગુણની કેવી ઝળક ! એને ખબર નથી કે આ મોટાભાઈ સાધુ થઈ ગયા છે. એ એમ સમજે છે કે, 'બિચારા મારી પાછળ ભટકી ભટકીને ગરીબ થઈ ગયા. નહિતર એમનામાં તો ઘણી બુદ્ધિ અને ઘણું પરાક્રમ છે; એ કોઈ મોટા રાજ્ય-કારભારમાં ચઢી ગયા હોય. પણ એ તો ગરીબ રહ્યા. ખેર ! મને તો વડિલની સેવાનો લાભ મળ્યો.' દયા, સેવા, પરોપકાર; એ માર્ગાનુસારીના ગુણ છે. **ધર્મના મજબૂત પાયા માર્ગાનુસારીના ગુણોમાં નખાય છે.** એ ગુણોની ખામી હોય છે ત્યાં કદાચ કુળરિવાજથી ધર્મક્રિયા થતી હોય તો પણ ધર્મનો મજબૂત પાયો નથી પડતો. સમ્યગ્દર્શનના શમ, સંવેગ, વગેરે લક્ષણો શું છે ? માર્ગાનુસારી ગુણોનો વિકાસ છે.

**લક્ષ્મીના લોભનો થોડોઘણો ઉપશમ થાય તો પરોપકાર ગુણ આપે.** એમાં આગળ વધાય ત્યારે શમ ગુણ ખીલે. એમ,

**નિંદા, નિંદ્ય પ્રવૃત્તિ ઓછી થતી જાય ત્યારે જ્વલંત સંવેગ યાને ધર્મરંગ અને મોક્ષમમતા ખીલે.**

**ભાઈ ઉપર દયા આવે ત્યારપછી બીજા જીવો ઉપર દયા ખીલે;** અને દયા અર્થાત્ અનુકંપા એ સમકૃત્વનું ચોથું લક્ષણ છે.

'આપણામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે. એટલે સમકિત છે જ'- આવું માની લેવાની ઉતાવળ કરતા નહિ. એમ કરવામાં તો ભૂલા પડવાનું થશે. સમ્યગ્દર્શનની પરિણતિ એ તો બહુ ઉચ્ચકોટીની પરિણતિ છે. એ આપણી પાસે ઘણું ઘણું માગે છે.

**જીવનમાં માર્ગાનુસારીના ગુણોનો સારો અભ્યાસ અને વિકાસ કરવાથી આત્માની લેશ્યા સુધરતી આવે છે, અને શુભ પરિણતિ ઘડાય છે; તેથી સમ્યક્ત્વનાં લક્ષણ સુલભ બને છે.**

**પ્ર.**- લેશ્યા સુધરે તો જ ગુણોનું મન થાય ને ? પછી ગુણોથી લેશ્યા સુધારવાનું શી રીતે ?

ઉ.- વાત સાચી છે, થોડી પણ લેશ્યા સુધરે તો ગુણના સેવન તરફ દૃષ્ટિ જાય. પરંતુ પછી એ ગુણો સેવવા માંડે તેમ તેમ લેશ્યા વધુ ને વધુ સુધરતી જાય છે. સામાન્ય લેશ્યા તો થઈ કે ભાઈની સેવા કરવી જોઈએ. પરંતુ પછી મન લોચા વાળે કે- 'પણ આપણે ય કુટુંબ સંભાળવાનું છે, તો બહાર કેટલે પહોંચીએ ?' ને એમ કરીને સેવામાં અખાડા કરે, તો લેશ્યા સુધરે કે બગડે ? એ તો **થોડીક સુલેશ્યાથી સેવાની દૃષ્ટિ જાગ્યા પછી સેવાનાં કાર્ય બજાવતાં રહેવાય તો લેશ્યા વધુને વધુ સુધરતી ચાલે;** નહિતર તો બગડતાં વાર નહિ. માટે કહ્યું કે માર્ગાનુસારી ગુણોનો વારંવાર અમલ કરવામાં આવે તો લેશ્યા સુધરતી ચાલે.

**આત્માની લેશ્યા સુધારવાનું અને શુભ પરિણતિ ઘડવાનું કામ એવું સસ્તું ને સરળ સમજતા નહિ કે** આ વ્યાખ્યાન સાંભળી લીધું અને મનમાં જરા સારી ભાવના ભાવી લીધી એટલે લેશ્યા સુધરી ગઈ !

**પહેલી લેશ્યા કે પહેલી પ્રવૃત્તિ ? :-**

**લેશ્યા સુધારવા માટે તો આત્માને સારી સારી માનસિક, વાચિક, કાયિક પ્રવૃત્તિઓમાં પલોટવો પડે.** એનું કારણ એ છે કે આજસુધી તેવી તેવી મલિન માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિઓમાં આત્મા પલોટાયેલો રહ્યો છે, તેથી જ એની લેશ્યા બગડેલી રહી છે, ને અવસરે અવસરે વધારે પણ બગડી છે. ક્ષણભર એમ થશે કે, 'પહેલાં તો જીવની લેશ્યા ખરાબ હોય ત્યારે જ ખોટા વિચાર, ખોટી વાણી ને ખોટા વર્તાવ પ્રવર્તે ને ? પછી લેશ્યા એમાંથી બગડવાની વાત ક્યાં રહી ?' પણ ના, પહેલાં કહી આવ્યા તેમ પ્રારંભિક મલિન લેશ્યાથી ખોટાં કાર્યો જન્મે છે ખરાં, પરંતુ એવા ખોટાં કાર્યોમાં ગુલતાન થઈ જવાથી લેશ્યાનો બગાડો સારી રીતે વધે છે. શિકારી પશુ બીજા જીવને મારવાની ક્રિયા કરતાં કરતાં વધારે ક્રૂર લેશ્યાવાળો બને છે. માણસ કોઈને રીતસર ગાળો દેવી; ટોણાં-મેણાં મારવાં, વગેરે વાચિક પ્રવૃત્તિ કર્યા કરે તો એના પરિણામે એ વધારે ઉગ્ર લેશ્યાવાળો બને છે. માનસિક કોઈના પ્રત્યે વિરોધનો વિચાર જરા જોરમાં ચાલતાં ચાલતાં કાળી લેશ્યા વૃદ્ધિ પામે છે. એ જૂઠ બોલવાનું શરૂ કરતી વખતે જેટલી કઠોરતા નહિ અનુભવી હોય, એટલી જૂઠાણાં બોલતાં બોલતાં કઠોરતા આવી જાય છે ! અને ત્યાં લેશ્યા હલકટ બની ગઈ હોય છે, લગ્ન વખતે જે રાગ નહિ હોય, તેટલી રાગની લેશ્યા પછી વધી જાય છે; કેમ એમ ? કારણ, પતિ-પત્ની બંનેને પરસ્પરની કેટલીય સરભરાઓ મળી, પ્રેમ ગોષ્ઠી મળી, વગેરે વર્તાવ, વાણી અને વિચારણામાં



પલોટાવાને લીધે લેશ્યા વધારે રાગની થાય છે, માટે જ લેશ્યા સુધારવી હોય તો સારા સારા વિચાર, વચન અને વર્તાવ ખૂબ કરો.

જીવનમાં સારી લેશ્યા કેળવવી હોય તો ઇન્દ્રિઓ અને કાયાની પ્રવૃત્તિ, મનની ગડમથલો તથા મોઢાના શબ્દો સારા ઉત્તમ કોટીના રાખવા જોઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧૬,તા.૩-૧-૧૯૫૯

## ૧૫ સંસારની જડ

સંન્યાસીના મનમાં તો સારી લેશ્યાના પ્રભાવે એમ થયું કે- 'વાહ ! મોટાભાઈને આ લોકો સુવર્ણરસ પહોંચાડી આવ્યા, સારું થયું.' પરંતુ ત્યાં તો પેલાઓ ખુલાસો કરે છે કે-'ભાઈ તો લેવાની ના જ બોલ્યા, અમે પૂછ્યા જ કર્યું કે- "કેમ આ નથી લેતા ? ત્યારે છેવટે એમણે તો કહ્યું કે- 'તમે સમજી લો કે એ તમે મને આપી દીધો તો હું કહું છું કે એ ઢોળી નાંખો.' એમ કહીને પરાણે ઢોળી નખાવ્યો. એટલે અમે નિરાશ થઈ અહીં આવ્યા છીએ."

**નાના ભાઈને પારાવાર દુઃખ :-**

આ સાંભળીને નાના ભાઈને પારાવાર દુઃખ થાય છે. દુઃખ રસ ઢળી ગયાનું નહિ, પરંતુ આટલા સરસ રસ ઉપર પોતે આ ઠકુરાઈ ભોગવી રહ્યો છે, જ્યારે ભાઈ બિચારા એ વિના રહ્યા એનું દુઃખ. એના મનને થયું કે- 'જરૂર આ મારા શિષ્યો ભાઈને રસનો મહિમા બતાવતા ચૂક્યા, એટલે ભાઈ કદાચ મારી આ રસ મોકલવાની મશ્કરી સમજ્યા હશે, ને રસ ઢોળાવી નખાવ્યો હશે. નહિતર એમની એવી ગરીબીમાં એટલો રસ કેટલો બધો એમને માતબર કરનારો થાત !' મોટાભાઈ ત્યાગી સાધુ થયા છે એની એને ખબર નથી. એ તો પહેલાં શિષ્યોએ કહેલાં વર્ણન પરથી ભાઈને ભિખારી થઈ ગયેલ સમજે છે અને કદાચ સાધુ થયેલા સમજતો હોય તો ય **સાચા સાધુની રીતભાતની એને શી ખબર ? નહિતર પોતે મહંતનો વૈભવ અને ઠઠારો શું કામ રાખે ?**

ગમે તેમ, પણ એને મોટાભાઈની ગરીબી હજી ઊભી રહેલી જાણી એ શોક કરે છે. 'હું નાનો, ને આ લીલા ભોગવું ? ને ભાઈ મોટા છતાં ભિખારી રહે ? તે પણ પોતે અડધી તુંબડી સુવર્ણ રસ મોકલ્યો છતાં ?' ભાઈએ અભિમાન કર્યું એવું એના મનને નથી લાગતું. એટલે જ એમ નથી થતું કે- 'નસીબ એમના આપણે શું કરીએ ? આપણે તો આટલી બધી ઉદારતા કરી હતી !' આવું કાંઈ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

જ એના મનમાં નથી આવતું. તેમ હાય ! આવો કિંમતી રસ ઢોળી નખાયો ? એવું પણ નથી થતું. થાય છે એક જ કે પોતે માતબર, ને ભાઈ ગરીબ ?'

કઈ નિશાળમાંથી કેટલા વ્યાખ્યાન-શ્રવણમાંથી એ શીખ્યા હતા ? કૌટુંબિક જીવનના એ સંસ્કાર હતા. જીવન માટે પ્રથમ નિશાળ કુટુંબની છે. ત્યાંથી પાસ થઈને આવે તે સાધુ થઈને ઊંચી કોટિના માર્ક મેળવે. તમે આવો તો એ શાળામાં બેઠા વિના જ આવો ને ?

**માર્ગાનુસારીના ગુણોની યાદ :-**

માર્ગાનુસારિતાના ૩૫ ગુણો. યાદ છે ને ? યાદ પણ ન રહે તો જીવનમાં કેમ જડાય ?

પ્રથમ ન્યાય-સંપન્નવિભવ. પછી ઉચિત વ્યય તથા ઉચિત વેષ એટલે રહેણીકરણી. પછી ઉચિત ઘર અને ઉચિત ઘરવાળી, એમ પાંચ ગુણ. બધું ઉચિત, અનુચિત એકે ય નહિ. પછી ભોજનમાં પણ અનુચિત ભોજનનો ત્યાગ=ઉચિત ભોજન, છઠ્ઠો-સાતમો. પછી ઘરનાને અંગે પોષ્યનું પોષણ; તથા માતા-પિતાની ભક્તિ; ને બહારનાને અંગે અતિથિ, સાધુ તથા દીનનો યોગ્ય સત્કાર તથા ચારિત્રશીલ અને જ્ઞાનીની સેવા. આ અગિયાર. પછી સત્સંગ, ધર્મશ્રવણ, બુદ્ધિના આઠ ગુણ, પાપ ભીરૂતા, દીર્ઘદર્શિતા, બલાબલની વિચારણા, અભિનિવેશ અર્થાત્ દુરાગ્રહનો ત્યાગ. પછી ત્રીજા નંબરમાં, પ્રથમ નંબરે અંતરંગ છ શત્રુઓને જીતવા, એની ગુલામી ન જોઈએ. પછી નિંદાનો ત્યાગ. આ ગુણ જબ્બર છે. ઘરમાં નાનું બાળક પણ જુએ કે, બેન ભાઈનું છોલે છે, ને ભાઈ બેનનું વાંકું બોલે છે, બાપા બહાર જાય કે મા બાપની વિરુદ્ધ કકળાટ કરે છે, ને માતા બહાર જાય કે પિતા માની નિંદાના ફુવારા ઉડાવે છે ! આ બાલક કયું શિક્ષણ મેળવે ? નિંદાત્યાગનો ગુણ માત્ર સગાં-સંબંધીને અંગે છે એમ નહિ, પણ પારકા ત્રાહિત માટે પણ છે, વિશેષતઃ રાજા તથા પ્રધાન વગેરે માટે છે. આજ તો ઝટ વિચાર આવે કે, 'વોટ આપીને ચૂંટાયા છે, ગાદી અપાવી છે, અને આવો જુલમ ? આવાની નિંદા ન કરીએ તો શું આરતિ ઉતારીએ ?'

**સભામાંથી** - રાજાના ભયથી નિંદા ન કરીએ તો એ ગુણ ?

હા ! ભયથી પણ ગુણ આવશે તો પછી ગુણ તરીકે ગુણ આવશે. ભયથી પણ ચોરી ન કરે એ સારું કે ચોરી કરે એ સારું ? ભલે ભયથી, પણ પાપભીરુતા તો આવી ને ? 'રાજા અનાડી, પ્રધાન અનાડી' એમ ઘરના ખૂણે કરાતી નિંદાની કિંમત કેટલી ? આ રીતે બહુ નિંદા કરવાથી તો હિંદુસ્તાન માયકાંગલું બની ગયું. નિંદા ન કરી હોત તો સક્રિય ઉપાય સૂઝત. નિંદા ભલભલાને સમાજમાં હલકા



પાડે છે. ઘરનો માણસ પણ બહાર નિંદા કરે તો વિશ્વાસ ગુમાવે. પાછળ ઘસાતું બોલવું તે નિંદા. રાજા, પ્રધાન કે મોટા હોદ્દેદારની નિંદા કરી, ને એ કદાચ એના, જાણવામાં આવી તો નિંદા કરનારની કઈ વલે ? માટે રાજા વગેરેની નિંદા વિશેષે તજવાની કહી, ત્યારે તમે પૂછો ને કે પહેલાં તો રાજા તથા પ્રધાન નગરચર્યા જોવા નીકળતા હતા. માટે જ તેમની નિંદાની ના કહી. જો સાંભળી જાય તો જાન જોખમમાં આવે. વસ્તુપાલના ઘરમાં નિંદા નહોતી માટે પરીક્ષા કરવા આવેલો રાજા વીરધવલ ગુલામ થઈને ગયો; પણ અત્યારે કોણ નગરચર્યા જોવા નીકળે છે ? પછી શું વિશેષ નુકશાન ? આનો ઉત્તર એ છે કે આજે પણ ચાડિયા હોય કે નહિ ? પોલિસ ફરતા કે નહિ ? વળી ઘરના ખૂણાની આદત બહાર રસ્તે ચાલતાં નિંદા ચાલુ રખાવે ને ? **એકની નિંદામાં અનેકની નિંદામાં અમુક જ નુકશાન નથી. પોતાને માનપાનના કોડ, અહંભાવ, બીજાને હલકા દેખાડવાની વૃત્તિ, આવા ઘણા દુર્ગુણ પોષાય છે.** નિંદામાં મહાનુકશાની છે. દેખાય છે એકની નિંદા, પણ અપેક્ષાએ જુઓ તો એક ગુણિયલની નિંદામાં જગતના તમામ ગુણિયલની નિંદા છે. ગુણિયલમાં દોષ હોય, તેથી નિંદા ન થાય. દોષો ક્ષન્તવ્ય પણ હોય છે. અક્ષન્તવ્ય દોષો ન કહેવાય એમ નથી. કોઈ ભારે ચોર કે બહારવટીઓ હોય તો લોકોને ચેતાવવા તેને તેવો ઓળખાવાય એ નિંદા નથી.એ અક્ષન્તવ્ય દોષ છે. પણ ક્ષન્તવ્ય દોષની વહી વાંચવી ખોટી. ગુણિયલના ગુણ પાસે ક્ષન્તવ્ય દોષો તો ઝાંખા પડી જાય છે. સજ્જનની નજર ગુણ પર હોય છે, નિંદાને અંગે **ઓઘનિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ ત્યાં સુધી લખ્યું છે કે, 'એક સાધુની અવગણના કે નિંદા કરનારો અઢીદ્વીપના સાધુની અવગણના કે નિંદા કરે છે.'** બીજાનો મોટો પણ દોષ ન જોવો; ગુણ તુચ્છ દેખાય તો ય તેને જોવો. નિંદક આત્મા ગુણ પામવા માટે સદંતર નાલાયક છે. નિંદા ત્યારે જ થાય કે જ્યારે ગુણ પર અરુચિ થાય. 'જોયું ! આ મોટા સાધુ ! અને આ કટાસણા ફેરવનારા મોટા ધર્મી, ન જોયા હોય તો !'

આ ઉચ્ચારણ ગુણ પરત્વે અરુચિથી નીકળે છે. આવામાં ગુણ પેસવાની નાલાયકાત છે. નિંદાત્યાગ એ મહાન ગુણ છે.

**નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ :-**

પછી ૨૩મા નંબરે નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ, એટલે એવા ધંધા કે એવી પ્રવૃત્તિ કરાય કે જે જગતમાં નિંદ્ય હોય. સજ્જન માણસને મોટા રસ્તે આવતાં બે પાંચ મિનિટ વધારે થતી હોય અને વચ્ચે વેશ્યાની ગલીમાંથી પસાર થતાં તેટલું જલદી જવાતું હોય છતાં સજ્જન મોટે રસ્તે જાય. જો તે પેલી ગલીમાંથી જાય તો એ નિંદ્ય-પ્રવૃત્તિ છે. સારો શાહુકાર ગણાતો હોય, ધર્મ વડે લોકમાં પૂજાતો મનાતો



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

હોય એ જો વેપાર-રોજગારમાં આઘું-પાછું કરે તો તે નિંદાય. ન્યાયસંપન્નતામાં કક્ષા પરિમિત છે, અહીં ઊંચી કક્ષા છે. ઘરમાં રહેલાએ પોતાની જવાબદારી સમજવી જોઈએ. સમજીને છાજે તેવું વર્તન કરાય તે અનિંદ્ય; પણ ન છાજે તેવું વર્તન કરાય તે નિંદ્ય. ઘરમાંનો વડેરો, એકની ભૂલ થતાં તેનો પક્ષ લે, અને બીજાની ભૂલ થતાં તેની પર ત્રુટી પડે, એ નિંદ્ય. ઘરના કહી દે, 'જવા દો એ વડેરાનું નામ ! એક માટે આંખમાં અમી, બીજા માટે ઝેર !'

પોતે કુટુંબમાં મોટો હોય, પચાસ સાઠની વયનો હોય, મોટાં બાળકો હોય, તેવા ભાગ્યયોગે ઘરમાં વિધવા પુત્રી હોય, વિધવા પુત્રવધુ હોય, વિષયના લહાવા બહુ લૂંટ્યા હોય, હવે શરીરમાં શક્તિ ક્ષીણ થતી જતી હોય છતાં ય વ્રત ન લેવાય, અબ્રહ્મ રખાય, બ્રહ્મચર્યનો નિયમ ન કરાય એ નિંદ્ય-પ્રવૃત્તિ. નિંદ્ય પ્રવૃત્તિના ત્યાગનું લિસ્ટ મોટું થાય તેમ છે. કુલવાનની જવાબદારી વધારે છે. તેનાથી રોફ ન થાય, જેમ તેમ ન બોલાય, દુઃખી પર વિશેષ દયા કરવાની હોય, વિશેષ વિકસિત માનવતા બતાવતા શ્રીમંત કરતાં સામાન્ય પર પ્રેમ વધારે દેખાડવો જોઈએ. નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ એ મહાન ગુણ છે.

**પડશો મા જો !**

પરમાત્મા શ્રી મહાવીરદેવે મેઘકુમારને જાગૃત કરતાં શું કહ્યું ? એ પાછા જવાની આજ્ઞા માગવા આવ્યા છે. પ્રભુ ત્યારે શું બોલ્યા ? 'તારે માટે આ ? તું કોણ ? શ્રેણિક તથા ધારિણીનો પુત્ર ! ગઈ કાલે કેવા દમામથી તેં મારી પાસે ચારિત્ર લીધું છે, અને એ તું આજે ઘરે જવાની વાત કરે એ આજે છાજે ? એ ઘણું જ નિંદ્ય. તારા પૂર્વભવને યાદ કર !' ભગવાને એને મજબૂત કરવા પૂર્વભવ પણ યાદ કરાવ્યો, એને જાતિસ્મરણ જ્ઞાન થયું. વાત પણ ખરી, એને થયું, 'તિર્યંચના ભવમાં દયા કરી તો અહીં શી મોટી વાત !' વળી કદાચ રાતનો અનુભવ વિચારતાં એમ થાય કે 'હાથીનો તો કઠણ કાયા અને આ દેહ તો ગુલાબ જેવો !' આ એક વિચાર, પણ સાથે જ બીજો વિચાર આવ્યો, 'ઘેર તો ન જ જવાય. એ તો નિંદ્યમાં નિંદ્ય કર્મ. પરમાત્માનો પરમ ઉપકાર.' પરમાત્માએ એને સ્થિર કરવા ક્યાં સુધી કહ્યું ?

**શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો,**

**મા પડ મા પડ, મા પડ, પડશો મા જો. શ્રેણિક રાજા, ધારિણી રાણી, ઉત્તમ કુલે અવતરીયો, રાજશાહી રિદ્ધિસિદ્ધિ ઉલ્લસી, તો પણ ત્યાં નવી ઠરિએ;**

**પડશો મા જો, મા પડ, મા પડ, નરકે, પડશો મા જો. મોહ શેઠે શીખવ્યું શીખશો મા જો.**



**મા પડ, મા પડ, નરકે પડશો મા જો.**

**મેઘકુમારનો ઘોર અભિગ્રહ :-**

ભગવાને કહ્યું, 'તું કયા કુળમાં અવતર્યો, કઈ ઋદ્ધિ-સિદ્ધિમાં આવ્યો છતાંય ત્યાં ન ઠર્યો, મારી પાસે આવ્યો અને એ તું ઘરે જવાનું કહે એ બેહુદી વાત છે.' મેઘકુમારના મનમાં ઠસી ગયું, આંખમાં આંસુ આવી ગયાં. એને થયું, 'બીજાં કાંઈ નહિ તો પણ મારી ઓળખાણ કઈ ? હું ભગવાન મહાવીરનો શિષ્ય અને આ વિચાર ?' તરત જ આંખને છોડીને કાયાને મુનિને શરણે સમર્પવાનો અભિગ્રહ કર્યો. એણે કહ્યું, 'હવે મુનિઓ ભલે કાયાને કચરીને ચાલે, મોં પર પગ મૂકીને ચાલે, હું ચૂં નહિ કરું, માત્ર આંખની રક્ષાનો પ્રયત્ન એટલા માટે કરીશ (આંખ મીંચીને) કે એનાથી ઈર્ષ્યા સમિતિ પળાય, એનાથી આપના દર્શન કરી કર્મનો નાશ થાય.' નિંદ્ય-પ્રવૃત્તિના ત્યાગ ઉપર આત્મા કેવો ભીનો ! હૃદય કેવું પ્રભુને શરણે ! આત્મરક્ષા કેટલી અદ્ભુત !

**इच्छा परिमाणं खलु- પેટામાર્ગ રાજમાર્ગ પહોંચવા માટે છે :-**

પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં, ભવાટવીમાંથી નીકળી નિવૃત્તિનગરીએ જવા માટે એક જ રાજમાર્ગ છે અને તે સર્વવિરતિ; પણ એ રાજમાર્ગે ચાલવા કે પહોંચવા કમ તાકાત હોય તેઓ શું સંસારરૂપી જંગલના જંગલી રસ્તાઓમાં રખડ્યા કરે ? ના, એવાઓ માટે પેટારસ્તા, ગલીકુંચીઓ પણ છે કે જે દ્વારા નિવૃત્તિનગરી તરફ પહોંચાડનારા રાજમાર્ગે જઈ શકાય. એ રસ્તાઓનું નામ છે શ્રાવક ધર્મ કે દેશવિરતિ. નિવૃત્તિનગરીએ જવાના રાજમાર્ગની કે પેટામાર્ગની શ્રદ્ધાપૂર્વક ખબર પડવી તેનું નામ છે સમ્યક્ત્વ, રાજમાર્ગ છે સર્વવિરતિનો, By Lane (પેટામાર્ગ) છે દેશવિરતિનો. એ પેટામાર્ગ, યાદ રાખવું કે રાજમાર્ગે પહોંચવા માટે છે, ત્યાં જ બેસી રહી સડવા માટે નથી. આ વાત જો સમજાય તો એ બરોબર સમજાય કે શ્રાવકનું પાંચમું પરિગ્રહ-પરિમાણવ્રત સંપૂર્ણ નિષ્પરિગ્રહપણું પામવા માટે છે. સર્વવિરતિ એટલે સંપૂર્ણનિષ્પરિગ્રહપણું. સર્વવિરતિ (સંયમ)ના દશ ગુણોમાં 'આકિંચન્ય' એ મુખ્ય ગુણ છે. જેની પાસે કાંઈ પણ નથી તે અકિંચન અને કાંઈપણ ન હોવું એ ગુણનું નામ આકિંચન્ય

**તુચ્છ જીવન માટે, જીવનમંત્રરૂપ બનાવાતા પરિગ્રહ તથા સમારંભનું પરિણામ ખતરનાક છે :-**

પરિગ્રહ પરિમાણ કરનારનું ધ્યેય સર્વથા નિષ્પરિગ્રહી થવાનું હોય તેવા થવા માટે પરિમાણરૂપે વ્રત તો ટેવ પાડવા અને થોડા અંશે પણ પાપથી બચવા માટે છે. 'પરિમાણમાં પરિગ્રહ રાખ્યો તે તો વ્યાજબી, ત્યાગ કર્યો તે પરિગ્રહ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ગેરવ્યાજબી, ભગવાને રખાવ્યો એ પરિગ્રહ તો વ્યાજબી,' આમ જો લાગે તો માનો કે તમે આશય સમજ્યા નથી. રોજની પચાસ બોડી પીનારો જ્ઞાની પાસે આવે તેને જ્ઞાની સમજાવીને ઓછી કરાવે, તો જ્ઞાનીએ ઓછી બોડીની છૂટ આપી એમ ? વસ્તુને સમજો. જ્ઞાની કહે છે, 'પરિગ્રહ અને છકાયના કુટાનું પરિણામ ભયંકર છે,' અને એ રીતે જીવાતા જીવતરમાં કાંઈ માલ નથી. આજના જીવતરમાં માલ છે ? **છકાયનો સમારંભ તથા પરિગ્રહ કે જેનું ભયંકર પરિણામ, તે વડે જીવાતા જીવતરમાં શો માલ છે એ તો કહો !** સવાર ને સાંજ, રાત્રિ ને દિવસ એમ હજારો દિવસો પસાર કર્યા, એક દિવસ એવો જોયો કે જ્યારે ચિંતા ન હોય ? લગ્નના ઘોડે ચડ્યો હોય તે દિવસે પણ કાંઈક ચિંતા હોય. પાંચ પંદર હજાર રૂપીયા કમાઈને આવ્યો હોય તે દિવસે ય નિશ્ચિત હોય એ માનવાને જીવનનો અનુભવ ના કહે છે. આ સ્પષ્ટ સૂચવે છે કે આજના જીવતરમાં માલ નથી. આવા તુચ્છ જીવન માટે, જે સમારંભ અને પરિગ્રહને જીવનમંત્ર બનાવાય છે તેનું પરિણામ ખતરનાક છે.

**જ્ઞાનીનો કેવો ઉપકાર !**

ભગવાન શ્રી મહાવીરદેવે ગૌતમ ભગવાનને પેલા ખેડૂતને ઉપદેશ દેવા મોકલ્યા છે, કહ્યું : "ગૌતમ ! જા, પેલા ખેડૂતને પ્રતિબોધ કરી આવ."

'ભગવાન્ ! કયો ખેડૂત ?' પોતે ચાર જ્ઞાનના ધણી હતા, પણ કેવો વિનય !

ભગવાને અમુક ગામે જતાં અમુક ખેતર વગેરેની ઓળખ આપી. શ્રી ગૌતમસ્વામી ચાલ્યા, ત્યાં પહોંચ્યા. આ ખેડૂતે કદી દેશના સાંભળી નથી કે તેને જ્ઞાની ગુરુનો યોગ થયો નથી. શ્રી ગૌતમમહારાજાએ તો કાર્ય શરૂ કર્યું, ખેડૂતને પૂછ્યુંઃ 'તું શું કરે છે ?'

શ્રી તીર્થંકરદેવ વિચરતા હોય તે કાળમાં સાધુની પિછાણનું શું પૂછવું ? તરત હાથ જોડી તે બોલ્યો, "બાપજી ! ખેતર ખેડું છું.' પછી તો ચાલી પ્રશ્નોત્તરી. "કોના માટે ?" "બાપજી ! કટંબ (કુટુંબ) માટે કરવું પડે ને ?"

"અલ્યા ! પણ એ કુટુંબનો મોહ તને ક્યાં મોકલશે ?" તારું પાર્સલ ક્યાં કરશે ? ધ્યાન રાખજે, આ જીવ હિંસાદિ પાપનું પરિણામ ભોગવવું તારે પડશે ! માલ ખાય કુટુંબ, માર તારે ખાવાનો ! માટે ગાંડો ન થા !"

એ ખેડૂત એટલો ભદ્રક ! અને પમાડનારા પણ એવા ભદ્રક ! કે ન પૂછો વાત ! વગર યુક્તિના વચને સામાની છાતી કંપાવે ! "કુટુંબ કુટુંબ કરે છે, પણ એ આડો હાથ નહિ દે," આમ શ્રી ગૌતમસ્વામીએ કહ્યું, આમાં કાંઈ ઝીણી યુક્તિ



છે ? છતાં ખેડૂતનું હૈયું હલાવ્યું !

ખેડૂત બોલ્યો, "પણ બાપજી ! પેટ તો ખરું ને !"

"અલ્યા પેટ તો અમારે ય છે ને ?"

"તે તમે શું કરો છો ?" શ્રી ગૌતમસ્વામીજી બોલ્યા, "અમે કાંઈ કરતા નથી. અમારે ન ખેતર, ન ખેતી, ન દુકાન, ન વેપાર કાંઈ નહિ. કોઈએ કર્યું હોય એમાંથી ટુકડો મધુકરીથી પેટ ભરીએ અને પાપ જરાય શિરે ન ચડે."

"તો બાપજી ! આ ધંધો તો સારો !" "ત્યારે વિચાર શો કરે છે ?" એમ કહીને ખેડૂતને એ ધંધો પરખાવ્યો. જ્ઞાનીનો કેવો ઉપકાર !

**પરિગ્રહ પરિમાણવ્રતમાં રખાતું પરિમાણ, એ કાંઈ છૂટ નથી :-**

પચાસ પચાસ બીડી પીનારને જ્ઞાની ગુરુએ કહ્યું, ઉપદેશ દીધો, "ભાઈ ! આવા જીવનમાં શો માલ છે ? પરિણામ ઘણું ખરાબ છે."

સાંભળનાર વિવેકી હતો, તેણે કહ્યું : "હું બીડીનો પાકો વ્યસની છું, વળી પરિગ્રહ તથા સમારંભથી જીવાતા જીવતરમાં માલ નથી અને પરિણામ ભયંકર છે એ વાત મને જચે છે. સાધુ બનું તેવી સ્થિતિ નથી, તથા પચાસ બીડી એક સાથે છૂટે તેમ નથી."

જ્ઞાની ગુરુએ કહ્યું : "ભાઈ ! ઓછી થાય ?"

પેલો કહે છે, "આપ નિસ્પૃહી ઉપકારીનો ઉપદેશ બહુ સારો છે, મારું હૃદય પાણી પાણી થયું છે માટે પચાસમાંથી મીંડાનો અંક કાઢી નાખી પાંચથી વધારે નહિ પીવાનો નિયમ લઉં છું, આપો."

જ્ઞાનીએ તેને તે તથા ત્રસજીવની હિંસા ન કરવી તેવો નિયમ કરાવ્યો. જ્ઞાની જાણે છે કે સંસારીથી સ્થાવરની દયા ક્યાં પળવાની છે ? તો હવે આવા નિયમને અંગે, 'જ્ઞાનીએ પાંચ સ્થાવરની હિંસાની તથા પાંચ બીડી પીવાની છૂટ આપી,' એમ બોલાય ? આવું જ પરિગ્રહ પરિમાણવ્રત અંગે સમજવાનું છે. એ વ્રતમાં રખાતું પરિમાણ એ કાંઈ છૂટ નથી.

**'પરિગ્રહ એ પાપ,' એ સૂત્રને અસ્થિમજ્જાગત બનાવો :-**

નિવૃત્તિનગરીએ જવા સર્વવિરતિ એ રાજમાર્ગ છે. સર્વવિરતિ એટલે સર્વથા નિષ્પરિગ્રહીપણું. (આકિંચન્ય). દેશવિરતિ એ પેટામાર્ગ છે. પરિગ્રહ પરિમાણરૂપ પેટામાર્ગ પણ અપરિગ્રહના રાજમાર્ગે ચઢી જવા માટે. પરિમાણ કર્યું છે તે સર્વથા પરિહાર માટે (એ હેતુએ). આ વસ્તુ બરાબર સમજનારો, 'પરિમાણથી વધારે વધશે તો ફિકર નહિ પરમાર્થમાં ખરચીશ,' એમ ન વિચારે, પણ પરિગ્રહ આગળ ન વધારવાની ભાવના રાખે. પરિગ્રહ વધે નહિ, ભાવના જ એવી હોય. સર્વત્યાગ

નહિ સહી, તો પરિમાણથી ય જ્ઞાનીએ માર્ગમાં રાખ્યા; કેમકે તેઓ પરમ દયાળુ છે. ''જાઓ ! હજી પરિગ્રહ રાખવો હોય તો તમારો નથી ખપ ! કરવો હોય તો પૂરો ત્યાગ કરો,' એમ કહી કાઢી ન મૂક્યા. જ્ઞાની જોઈ રહ્યા છે, ''જગતના અનંતાનંત જીવો અપરંપાર તૃષ્ણામાં પડ્યા છે, એમાંથી આ પુણ્યવાન આટલું (કાંક) પરિમાણ કરવા આવ્યો છે, હાલ આટલું તો ભલે કરે, કરાવાય; ઉપરની તૃષ્ણા પછી કપાવાશે, ઉપરની નિષ્પરિગ્રહતા પછી છોડાવાશે, પરિગ્રહના અપાયો (નુકશાનો) સમજી થોડો ય ત્યાગ એને કરવા દો.'' જ્ઞાની આથી પરિમાણ કરાવે છે. આ તો જ સમજાય કે જો, પરિગ્રહ એ પાપ છે, એમ અસ્થિ-મજ્જા વસ્યું હોય.

**અવળી મતિથી માર્ગ ન ઊકલે :-**

ઘણા પરિગ્રહવાળા કોઈ શ્રીમંતને જોઈને તમને હરખ ન થાય, જો તમે અસ્થિમજ્જાપર્યંત પરિગ્રહને પાપ માન્યું હોય. ઊલટી એના પર દયા આવે. જેનામાં પાપ વધારે હોય તેને જોઈને દયા આવે કે હરખ થાય ? અંતરને પૂછો. તાજા બનેલા મુનિવરને જોઈને જે હરખ ન થતો હોય તે હરખ કે તેથી વધારે હરખ તત્કાલ બનેલા શ્રીમંતને જોઈને થતો હોય તો ? અને તેમાંય ત્યાં પોતાનો સ્વાર્થ-સંબંધ હોય તો કેવો હરખ થાય ! શ્રીમંત બની ચૂકેલામાં એવા તો થોડાક જ છે કે જે એમ માનતા હોય કે, ''ત્યાગી તે ત્યાગી ! અરે ! ત્યાગી તો ઉત્તમ છે જ, પણ સંસારમાં હોવા છતાં અલ્પ પરિગ્રહી તથા વ્રત-નિયમવાળા ય પુણ્યશાળી છે, જ્યારે હું તો પાપના ઉદયમાં છું,'' પરિગ્રહ એ પાપ, એવું અસ્થિમજ્જામાં લખાય તો એમ મનાય. પછી તો ઘણા માર્ગ આપોઆપ ખૂલે. અવળી મતિથી માર્ગ ન ખૂલે, શ્રાવકપણાની ઉચ્ચ ભાવના ન આવે, સાચો ગુણરાગ ન પ્રગટે

**દેવાતા દાનમાં ય જો રાગનાં છાંટણાં હોય તો પાસેના પરિગ્રહ પરના રાગમાં પૂછવું શું ! :-**

અવળી મતીના પરિણામે એમ મનાય, 'આ ભાઈ વ્રતાદિથી ધર્મ કરે છે, (એ ભઈ ઉચ્ચ કોટિના વ્રત નિયમો કરનારો હોય), અમે દાનથી ધર્મ કરીએ છીએ.' એમાંય કેંક તો એમાં વિશેષતા માને. દાન દેતાં, સાધર્મિની સાથે વાત કરે, એ વાત કરવાની રીતમાં એવું તરવરે કે પેલો જાણે નીચો છે, અને પોતે ઊંચો છે. એને એ ખબર નથી, દાન એ ધર્મ સાચો, પણ તે પહેલાં પરિગ્રહ રાખ્યો એમાં પાપ કેટલું ? દાન કરતાં ય પરિગ્રહ હૈયામાં કેવો વસ્યો છે ? માનસ સ્વભાવનું આ પૃથ્થકરણ છે. દાન દે તેમાંથી ય મમતા ન ઉતારે ! કેઈને બસો દે તો ય કહે, (દઈ દે છે છતાં કહે) 'જો જે ! બસો આપું તો છું, ગુમાવતો નહિ, આડા-અવળા વેડફતો નહિ. બસોના બારસો કરજે.' પેલાને આપે છે તેમાંય રાગ



છાંટીને આપે છે. અપાતા દાનમાં આમ હોય તો પાસે છે એ પરિગ્રહ પર તો રાગ કેટલો બધો હોય ? અને એટલે જ એ દાન કરે છે તો ય પરિગ્રહને હૃદયમાં રાખીને કરે છે. જ્યારે વ્રત-નિયમો કરનાર તો તેટલા પૂરતું પાપ પરનું મમત્વ ઉતારે છે. બ્રહ્મચર્યનો મર્યાદિત નિયમ કરનાર તેટલા પ્રમાણમાં વિષયની મૂર્ચ્છા છોડે છે; તપ કરનાર તેટલો સમય તો આહારની લાલસાને જતી કરે છે; જ્યારે દાન કરનારો પૈસાની કિંમત આંકીને દાન કરતો હોય, તો કહો દાન દેનારો ઊંચો કે વ્રત-નિયમ કરનારો ઊંચો ?

**સભામાંથી** :- દાન કરનાર મમતા કાપીને આપે એમ ન બને ?

એકાંત નથી, એમ પણ બને. પરંતુ આ તો જાતનું નિરીક્ષણ કરવાની વાત છે. એમાં તેમ હોય તો લાભ. કોઈ સર્ટિફિકેટ નહિ આપે તો ય સિદ્ધ ભગવંતનું સર્ટિફિકેટ તો છે જ; એ તો જોઈ જ રહ્યા છે કે આ જીવ દાન દેતાં પરિગ્રહની મૂર્ચ્છા કાપી રહ્યો છે; એ સારો ઊંચો જીવ છે.

**મંદિર તૂટ્યાની ખબર આપનારને બમણું ઇનામ શાથી ? :-**

પરિગ્રહ પાપ ન મનાય ત્યાં સુધી સાચો આત્મપુરુષાર્થ જાગૃત નહિ થાય. બાહડ મંત્રીને પહેલી વધામણી મળી મંદિર થયાની. વધામણી આપનારને પોતે સોનાની એક જીભ ભેટ આપી. અને પછી બીજી વધામણી મળી મંદિર તૂટી ગયાની. વધામણી આપવા આવનારને સોનાની બે જીભ ભેટ આપી ! મંદિર તૂટ્યાની ખબર એ તે વધામણી કે મોંકાણના ખબર ? પણ અહીં તો દૃષ્ટિ જ જુદી છે. મંત્રીને વિચાર થાય છે કે 'હું જીવંત છું, સુંદર કોટિનું જિનાલય કરાવવાની સ્થિતિમાં છું ત્યાં સુધી આ ખબર પણ વધામણી છે, જેથી હું મંદિર ફરી કરાવી શકું.' અહીં પરિગ્રહની કિંમત નથી, ધર્મભાવનાની કિંમત છે. તરત મંત્રીએ શિલ્પીઓને બોલાવી મંદિર પડી જવાનું કારણ પૂછ્યું. શિલ્પીઓએ કહ્યું, ''લાકડાનું મંદિર એટલે તેમાં પવન પેઠો, એથી પડી ગયું.' મંત્રીએ તરત જ ઉત્તમ કોટિના પાષાણનું મંદિર બનાવવાનો હુકમ કર્યો. કેટલો ખર્ચ ? ગમે તેટલો, પણ બનાવવાનું તે સાચું. આ ક્યારે બને ? પરિગ્રહ પાપ સમજાય તો. **પરિગ્રહમાં પાપ સમજનાર આત્મા નવા પાપને બદલે પાપથી છોડાવનારા પાવનકારી પ્રસંગને વધાવવા તલસે છે.** સમજે છે કે નાગના દંશમાંથી બચ્યો. એવા પણ કેટલાક છે કે જેમની સ્થિતિ નથી પણ પરમાર્થ ઘણા કરે છે. સાંભળી ગયાને કે પાંજરાપોળવાળા ટીપ લઈને આવ્યા, સો આપવા માંડ્યા, પેલા 'ના' કહે છે, બસો કહ્યા, ત્રણસો કહ્યા, 'ના' કહે છે, એટલે પૂછે છે, 'કહોને કેટલા ?' પેલા કહે, 'હજાર', એટલે તરત આપી દીધા. દિવાસળીનું બાક્સ પંદર દિવસને બદલે દશ દિવસ કેમ ચાલ્યું એમ જેને



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

થાય, એને આ ઉદારતા સુલભ હોય. પણ આ સ્થિતિનો ખ્યાલ સંસાર-વ્યવહારના પહોળા ખર્ચ રાખનારને નહિ આવે. પરિગ્રહ રાખવા લાયક વસ્તુ સમજાય, એનાથી સંસાર નભે એમ મનાય, એના પર બહુમાન હોય, પછી ધર્મ અને ધર્મકરણીમાં બહુમાન નહિ રહે. બહુમાન બે ઠેકાણે ક્યાંથી રહી શકે ? એક ઠેકાણે માન વધારાય, તો બીજે ઘટાડાય. ધર્મ અર્થાત્ દાન અને ત્યાગનું બહુમાન વધારવું હોય તો પરિગ્રહનું માન ઊતારવું પડે. એમ થાય તો જ ટીપવાળાને હજાર માગતાં હજાર આપી દેવાય.

**એક સ્થાનેથી રાગ ઘટે તો બીજે વધે : એક સ્થાને રાગ, બહુમાન વધારવા બીજે ઘટાડવું પડે :-**

પેલા સંન્યાસી થયેલા રાજકુમારને, શિષ્યોએ અરધી તુંબડી સુવર્ણરસ, તેમના ભાઈએ ઢોળી નાખ્યાના ખબર આપ્યા કે જરાક સંક્ષોભ થયો. એને થયું, 'ભાઈએ શી મૂર્ખાઈ કરી ! રસ, સુવર્ણરસ ઢોળ્યો ?' વળી વિચાર આવ્યો, 'ભાઈ એવી ભૂલ ન કરે. ચેલાઓ એનો મહિમા ગાવામાં ભૂલ્યા હશે, તેમણે ભાઈને આ વસ્તુ નહિ સમજાવી હોય, એટલે ભાઈએ એને પાણી સમજી ઢોળી નખાવ્યો હશે.' એને અફસોસી તો થાય છે પણ એ બહુ વલોપાત ન કરતાં, મનમાં વિચારે છે, 'ફિકર નહિ, હજી બીજો અરધી તુંબડી સુવર્ણરસ છે એ લઈને ભાઈ પાસે જાઉં, તેમને આપું અને હવે ત્યાં જ એમના શરણે રહું.' અરધી તુંબડી સુવર્ણરસ ઢોળાઈ ગયો છતાં બાકીનો અરધી તુંબડી રસ આપવા જવાનું મન થાય, એ એના પરથી રાગ ઊતરે ત્યારે ને ? ભલે ભાઈ પરના બહુ રાગના કારણે, પણ આ રાગ ઓછો થયો ને ? આરંભ-સમારંભ પરિગ્રહની કિંમત આત્મા ઓછી આંકે તો જ એને પરમાર્થના કામમાં મજા આવે.

**પરિસ્થિતિ જોવાથી ખામોશ આવે :-**

જો જો ખામોશ, અને ઉદારતા ! ચેલાઓ કે ભાઈ ઉપર ગુસ્સો નથી કરતો. તમને એમ થતું હશે કે 'આટલો કિંમતી રસ ઢોળી આવે એના પર ગુસ્સો ન આવે ?' પણ એ પરિસ્થિતિ જુએ છે કે 'મેં તો ચેલાઓને રસ ભાઈને આપીને જ આવવા કહ્યું હતું એટલે સ્વાભાવિક છે કે એ ત્યાં સોંપી જ દે; ને પછી તો ભાઈએ જેમ કહ્યું તેમ કરે એમાં એમનો શો દોષ ? એમણે તો મારા કહ્યા પ્રમાણે કર્યું, તો મારે એમનો વાંક શી રીતે ગણવો ? તેમ ભાઈએ પણ રસ કિંમતી તરીકે ન સમજવાના કારણે ઢોળાવી દીધો હોય, એમાં ભાઈ પર પણ શો ગુસ્સો કરવો ? અને ત્રીજી વાત, રસ ઢોળાઈ જ ગયો છે, હવે એ ન ઢોળાયો થવાનો નથી, બીજો રસ હજી પાસે છે, પછી ધમધમાટ અને વલોપાત શા માટે કરવો ?'



## • આવેશનો અનર્થ •

**પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવે તો કેટલાય ઉકળાટ અને વલોપાત શાંત થઈ જાય એમ હોય છે, પરંતુ આવેશ એવી ભૂંડી ચીજ છે કે એ પરિસ્થિતિ પર વિચાર જ નથી કરવા દેતો ! એટલે જ,**

**આવેશના માર્યા માણસો કેટલાય કામ બગાડી નાખે છે. ત્યારે આવેશને બદલે ખામોશ ધરનારા જય અને જશ પામે છે. કહોને,**

**વેપારી** ઘરાકના શબ્દ પર આવેશમાં આવી જાય તો સોદો થવાની અને સારા વેપારી તરીકે પંકાવાની આશા કે ખામોશ ધરે તો આશા ?

**વડિલ** વારંવાર આવેશમાં આવે તો કુટુંબ એના પર પ્રેમ અને બહુમાન ધરે કે ખામોશ રાખે તો ધરે ? એમ,

**કયા ગુરુ** પર શિષ્ય સમુદાય પણ બહુમાન ધરીને સેવામાં રહેશે, આવેશવાળા ગુરુ પર કે ખામોશવાળા ?

આજે ય કેટલાય વેપારી, કેટલાય વડિલ અને કેટલાય ગુરુ આવેશના કારણે અપ્રીતિપાત્ર બન્યાના દૃષ્ટાન્ત મોજૂદ છે. પછી ભલે એ મનમાં સમજી બેઠા હોય કે 'અમે તો ચોક્ખું કહેનારા છીએ, એ બીજાને ન ગમે અને અમારી સેવા ન કરે તો અમને ચિંતા નથી. બાકી ચોક્ખું કહેવાથી એ ન સુધરે તો એમનાં ભાગ્ય !' આવેશ કેવા દુરાગ્રહમાં લઈ જાય છે ! એમને સેવા ન મળે એની ચિંતા નથી. એનો અર્થ શું એ કે જે ખામોશ રાખીને સન્માર્ગે પરિવારને સાચવે છે એ બધા સેવાના ભૂખ્યા, એમ ને ? તેમ ખરું કહીએ ને ન ગમે એમાં એકલો સાંભળનારનો જ દોષ, એમ ને ? એમને ખબર નથી કે,

**સોનાની પણ લગડી ઈનામમાં દેવી હોય તો અગ્નિમાંથી કાઢેલી ધગધગતી હાથમાં ન અપાય.** તેમ ખરું પણ કહેવું હોય, છતાં આવેશના ધખારા સાથે ન કહેવાય.

**ઘણુંય સારું કથન આવેશના પાયા પર કહેલું સામાને અકારું લાગે છે, નકામું જાય છે. એટલું જ નહિ પણ વિખવાદ વધારે છે.** ખરું જોતાં તો સાચું સમજેલું ખામોશને જરૂર રખાવે; કેમકે સાચી સમજમાં એ પણ વસ્તુ આવે છે કે આ ખરી વસ્તુ કિંમતી છે અને તેની કિંમત બધાને ન સમજાય, તો ન સમજનાર અજ્ઞાન પર આવેશ શો કરવો ? બોલાયેલા શબ્દની ભીંત કે પશુ નથી સમજતું, તો શું એના પર આવેશ આવે છે ? ના, બસ ત્યારે અજ્ઞાન માનવી પર આવેશ શા માટે કરવો ? કહે છે કે 'અમારી સેવા ન કરે કે પ્રેમ ન ધરે એની અમને ચિંતા

નથી,' પરંતુ એ જોવા ફુરસદ નથી કે તમને વધારે સમજુ અને પુણ્યશાળીપણાના હિસાબે અધિકારીપણું મળ્યું તો તમારી તો એ ફરજ છે કે નાનાઓ કેમ સુધરે, કેમ સન્માર્ગે પ્રગતિ કરે, તમારા ખોટા આવેશથી એ આઘા જાય અને એનું બગડે, તેમાં તમે માનો કે મારે કોઈ ચિંતા નથી, તો વડિલપણું કે ગુરુપણું લીધું જ શા માટે ? અને મોટા તરીકે તમારા દિલમાં ભાવદયા કેટલી ? દયાળુ ડાક્ટરને ઓપરેશન કરવું હોય તો તેનેય પહેલાં ઈથર, ક્લોરોફોર્મ વગેરે વાપરવા પડે છે, જેથી ઓપરેશનથી કોઈ લ્હાય ન ઉઠે. ત્યારે શું અહીં તેવી કોઈ જરૂર નહિ ? પોતાના આવેશમય સ્વભાવને કારણે પરિવારનો સદ્ભાવ ઉઠી જાય, પ્રેમ તૂટી જાય અને પછી એ બગડે, ઉદ્ધત થાય, એની તો દયા આવવી જોઈએ. પણ **આવેશ ચીજ જ ભૂંડી કે દયાના સ્થાને દ્વેષ કરાવે.**

**જેના હૃદયમાં ભારોભાર દયા ભરી હોય એનાં હૈયાં તો એટલા મૃદુ અને મીણ જેવા ઓગળી જનારાં હોય કે સામાની ભૂલ પર દયાના ભરપૂર ઝરણાં વહે;** એમ થાય કે 'અહો ! આ બિચારો કર્મની પરવશતાએ આવી ભૂલ કરે છે, તો એને હું સાવચેતીથી કેમ બચાવી લઉં !'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૫૯

## ૧૬ સંસારની જડ

### અતિચાર એ દૂષણ શાથી ? :-

શ્રાવકનું પાંચમું વ્રત, પરિગ્રહ પરિમાણવ્રત, પરિગ્રહનું પરિમાણ કરવાનું, તેમાં પરિગ્રહ ધન, ધાન્ય વગેરે નવવિધ, નવ પ્રકારે હોય છે. કયા કયા પ્રકાર ? ધન, ધાન્ય, જમીન, મકાન, ઘરવખરી, સોનું રૂપું, બીજી ધાતુઓ, દાસદાસી, ઢોર. આ યાદ રાખવા માટે સ્મૃતિ બુઠ્ઠી નથી, પણ અનભ્યાસે ધર્મની સૂક્ષ્મતામાં તે કામ નથી આવતી, કેમ ખરું ને ? છતાં ય નવ પ્રકાર યાદ ન રહે, ન ફાવે, તો બધી મિલકતની ભેગી કિંમત આંકીને એના મર્યાદિત પરિમાણનો એક આંકડો નક્કી કરો; એ રીતે પણ પરિગ્રહનું પરિમાણ કરો. પરિગ્રહ પરિમાણવ્રતના પાંચ અતિચાર કહ્યા છે, એ તજવાના. દરેક વ્રતમાં અતિચાર તજવાનું કારણ, મનની ચોરી છે. મન ચોર છે. એક બાજુ કલ્પના મુજબ ચાલે અને પાછું માને વ્રત પળાયાનું. વ્રતના નિયમ મુજબ પાપ નથી, પણ મનની ચોરી એ પાપ છે. માનો કે એક લાખનો અભિગ્રહ કર્યો, તેટલું પરિમાણ રાખ્યું અને બજારમાં ફાવ્યા, થયા



દોઢ લાખ, હવે ત્યાં પોતે વધેલા અડધો લાખ પર દાવો ન ધરાવે, અને પરમાર્થમાં, સાત ક્ષેત્રમાં, અધિક હોય તે ખર્ચી નાખે તો તો ઠીક; પણ માનો કે, એમ થાય કે - આવેલા જતા કરવા નથી અને વ્રત ભાંગવું નથી તો શું થાય ? ત્યાં મનની ચોરી કામ કરે છે. વધારાના અડધો લાખ છોકરાના નામે કરી નખાવે છે.

**પ્ર.**- અતિચાર એ દંભ નથી ?

**ઉ.**- ના, એકાંત નથી, અતિચાર એ આત્માની શિથિલતા છે, નબળાઈ છે, અને વધે તો દંભ પણ થાય; ને વાત આગળ વધે તો અનાચાર થાય, યાને વ્રત પણ જાય. શ્રાવકને જાતે ન કરવાનું એક વિધ પચ્ચક્ખાણ છે, મન-વચન-કાયાથી હોય તો એકવિધ ત્રિવિધ. હવે પોતે છોકરાના નામે કરે એટલે વ્રતનો ભંગ નથી, કેમકે નિયમ રાખવા અંગે છે, રખાવવાને અંગે નથી. તો પ્રશ્ન થશે,

**પ્ર.**- તો પછી અતિચાર એ દૂષણ શાથી ? વ્રત તો પળે છે પછી અતિચાર શાથી ?

**ઉ.**- આવા અતિચારના મૂલમાં અજ્ઞાન કામ કરે છે. પત્ની અગર દીકરાના નામે પચાસ હજાર કરે છે એ વાત ખરી, પણ અંતરમાં એક ખૂણે એવી અપેક્ષા રહી છે કે, 'કદાચ જરૂર પડી તો વ્યવસ્થા કરનાર તો હું બેઠો જ છું ને ? અવસરે સહી કરાવી કામ કરાવી શકાશે' આથી અતિચાર એ દૂષણ છે. દા.ત. દેવાળું કાઢે ત્યારે બૈરીના નામે ચડાવે, મનમાં શું ? ''બૈરી મારી છે ને ? ખપ પડે એની સહી કરાવી લઈ લેવાશે.'' દેવાળાના પ્રસંગની જેમ વ્રતના પ્રસંગમાં પણ સમજવું. આ વખતે, આવી વિચારણા વખતે, વ્રત પાસે જોખમ લઈ જઈ રહ્યાનો એને ખ્યાલ પણ નથી હોતો.

**સભામાંથી :**- પરિમાણ રાખ્યું એટલા પૈસા થયા પછી બિઝનેસ કરાય ?

**ઉ.**- પરિગ્રહ ને આરંભ-સમારંભને પાપ માનેલ છે; એ સર્વથા ટળતા નથી એટલે પરિમાણ કર્યું. એટલા થયા, પછી જે રીતે માને છે તે બરોબર માનતો હોય તો બિઝનેસ શા માટે કરે ? એમાં ય વિચારણા છે. પછી લોભ ન હોય, વધારવાના કોડ ન હોય, પરંતુ ચાલુ ખરચા કાઢવા વેપાર ચાલુ રખાય એમ પણ બનતું હોય. ત્યાં આપણે વ્રતનો ભંગ ન કહી શકીએ. પરિગ્રહનું પરિમાણ-વ્રત જુદી વસ્તુ છે, ને આરંભ-સમારંભના વેપારથી ડરી એ ઓછા કરવા એ જુદી વસ્તુ છે.

### અતિચાર એ વ્રતરૂપી ઉંદરી માટે બિલાડારૂપ છે :-

અતિચાર એ વ્રતભંગ નથી પણ વ્રત માટે બિલાડારૂપ છે. અતિચાર લગાડવો એટલે વ્રતરૂપ ઉંદર સામે બિલાડાને રાખવા જેવું છે. બિલાડાથી ઉંદર ગભરાય, ઉંદરથી બિલાડો ન ગભરાય. વ્રતથી અતિચાર ન ગભરાય, અતિચારથી વ્રત



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ગભરાય. પરિસ્થિતિ તપાસજો. આ સમજાય તો, ભયમાં રહેલ વ્રતના સચોટ પાલનની ધગશ રહે અને એવી ધગશવાળો અતિચાર ન લગાડે. વ્રત સચવાય એમ માની દોરી ઢીલી મૂકાય. લાલસા પોષાય તો અતિચાર લાગે એટલે કે વ્રતની સામે બિલાડો ઊભો કર્યો. બિલાડાથી ઉંદરનું લોહી શોષાય. પરિગ્રહ-પરિમાણ-વ્રત એ લોહી છે. શુદ્ધ લોહી છે કેમકે તે સર્વથા નિષ્પરિગ્રહી બનવા માટે છે, ત્યાં લાલસા એ બિલાડો છે. એ લોહીને સૂકવે છે.

**પ્ર.**- દીકરાને વહીવટ સોંપી દે તો પછી દોષ ખરો ?

ઉ.- પોતે દીકરાને વહીવટ સોંપે પણ અંદરખાને અપેક્ષા હોય તો દોષ છે જ.

**લાલસા છૂટે છે ક્યાં ? :-**

દીકરાને ભળાવે તો ય વળગણ રાખે છે. મનમાં વિચારે છે, 'હજી દીકરો બિનઅનુભવી છે, આવડત નથી, પગભર થાય પછી છૂટાય,' તો શું થાય ? પોતે પરિગ્રહને પાપ માની છોડ્યું પછી અપેક્ષા શા માટે ? 'દીકરો પુણ્યથી મળ્યો છે, એ પુણ્યશાળી હશે તો એના પુણ્ય પ્રમાણે એ સાચવશે, રળશે,' આમ વિચારી અલિપ્ત રહે તો વ્રતમાં અતિચાર ન લાગે. દુનિયાના હિસાબે ય દીકરા પ્રત્યે માબાપની ફરજ કેટલી ? મોટો કરવા જેટલી. આ તો પોતાના મોંથી લાળ પડે છે, ઘણું દીઠું તો ય મમતા ટળતી નથી. વિચાર નથી આવતો કે પોતાને કાળ ઉપાડી લેશે તો દીકરાને કોણ શીખવશે ? દુનિયામાં ય જુઓ છો ને કે માણસને માથે પડે એટલે એ હુશિયાર થાય. દેખરેખ રાખનારા હોય ત્યાં સુધી દીકરો હોશિયાર ન થાય. આમ વિચારી વહેલામાં વહેલી તકે દીકરાને ભળાવી નિવૃત્તિ લેવાય તો કામ થાય.

**શ્રી જિનશાસનની પ્રણાલિકા :-**

એવા ધર્મી ભડવીર શ્રાવક હોય છે કે જે પોતાની પાસે લાખની મિલકત હોય એમાંથી પોણો લાખ પરમાર્થમાં ખરચે અને પા લાખ દીકરાને આપે. દીકરા પર દ્વેષ દયા છે તેમ નથી, દીકરો પણ વિનીત છે. શ્રી જિનેશ્વરદેવના શાસનના તત્ત્વને સમજનારો દીકરાને સાધન જેટલું, ઉપરાંત થોડુંક વધારે આપે, કેમકે બધું પાપ દીકરાને સોંપવાની પ્રવૃત્તિ અને તેની પાછળની અનુમોદનાની પ્રણાલિકા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શાની હોય ? પરિગ્રહને પાપ મનાય તો આ વાત જચે; અન્યથા ન જચે.

**સો રૂપિયાની નોકરીની ઓફર :-**

પેલો ત્રીશ લાખનું પરિગ્રહ પરિમાણ કરનારો યુવક કલકત્તે ગયો છે. અગિયાર રૂપિયામાંથી સોની નોકરીની ઓફર થઈ છે. તેણે યુરોપિયનને ચાર વાગ્યાનો વાયદો કર્યો હતો. અહીં દુકાન પર શેઠ આવ્યા એટલે એણે રજા માગી, કારણ પૂછતાં સોની નોકરીની વાત કરી, એટલે શેઠ બોલ્યા :



'આ તો કલકત્તા ! કોક લોભ બતાવીને ખોસી ઘાલશે !'

એક નિયમ છે કે સાચી પણ વાત સ્વાર્થની વાસનાવાળી હોય તો તેની અસર ન થાય. હિતની વાતની અસર કરાવવી હોય તો તેમાં સ્વાર્થની વાસના સંકળાયેલી નહિ જોઈએ. બાપ કહે, 'તું મારો છોકરો અને મારું અપમાન કરે ?' પણ જો તેમાં બુદ્ધિ માનના સ્વાર્થની છે, તો અસર ન થાય. પણ એમ કહે કે-'જો ભાઈ ! તું મારું અપમાન કરે છે એનું દુઃખ નથી, હું કેટલું જીવવાનો છું, પણ તારી આ આદત તને હેરાન કરશે,' આની અસર થાય.

પેલા યુવકે શેઠને કહ્યું, **'જે કપાળના ભરોસે કલકત્તા આવ્યો હતો તે જ કપાળના આધારે સો આપનારને ત્યાં જઈશ.'** શેઠે રજા આપી, પગાર ચૂકવી આપ્યો. પેલો ચાર વાગે, યુરોપિયન આવ્યો, તેની સાથે ગયો.

**શ્રાવક પાછો પડે એમાં ય નિર્જરા કરે :-**

કલકત્તા ગયેલો પેલો યુવક જેને ત્રીસ લાખનું પરિગ્રહ પરિમાણવ્રત છે, એ યુરોપિયનને ત્યાં સો રૂપિયાના પગારે નોકરી રહ્યો છે, એ યુરોપિયન એની પાસે શું કામ લે છે ? એ કહે છે, 'જુઓ ! મારે મજૂરી નથી કરાવવાની. તાકા લેનારા-મૂકનારા-ઉપાડનારા તો ઘણા છે. તમારે તો કયો માલ લેવો, શાના ભાવ ઊંચા થશે, નીચા થશે, વગેરે સલાહ આપવાની છે; બસ એ જ કામ તમારે માથે.' આ યુવકનો પુણ્યોદય પણ એવો જાગતો છે કે, આજુબાજુનો વિચાર કરીને મોંમાંથી જે નીકળે છે તે ભાવ સિદ્ધ થાય છે. જે માલ એ લેવરાવે, તેના ભાવ વધી જાય છે, વેચાવે તેના ભાવ ઘટી જાય છે. યુરોપિયન તો અઢળક કમાયો. એ મનમાં વિચારે છે; "આ કોનો પ્રભાવ ? વર્ષોથી અહીં પેઢી (Office) કરી બેઠો હતો, જે દેખાયું નહોતું તે હવે દેખાય છે. લાખ્ખો મળ્યા, તે તમામ પ્રતાપ આ સો રૂપિયાના પગારના યુવકનો છે. સાચી નીતિથી વિચારાય તો શું તે સો રૂપિયાના પગારને લાયક છે ? આ તમામ ધન તેની બુદ્ધિથી પેદા થયું છે એટલે તેનો એમાં મોટો હિસ્સો ગણાય. તો એને શું સોનો પગાર ?' એણે પેલા યુવકનો પેઢીમાં અડધો અડધ ભાગ મનથી નક્કી કર્યો.

**પુણ્ય જો પાધરા હોય તો, ન માગે તો ય દોડતું આવે, અને જો સંકુચિત હોય તો સામે જાય તોયે ધપ્પા પડે.** ધન અને વિષયોની ઘોર મૂર્ચ્છા કરી, દોડધામ કરી, પણ પુણ્ય પાધરા નહિ એટલે પરિણામે ધોલ ધપ્પા ખાધા ! સાર શો કાઢ્યો ? ભગવાનના તત્ત્વને સમજેલો શ્રાવક, કદી પૈસા લેવા જાય અને થાપ ખાઈને પાછો આવે તો ય નિર્જરા તથા પુણ્યને સાથે લેતો આવે, કેમકે એને થાય કે-'આ દોડધામ ન કરી હોત અને એ રીતે શ્રી વીતરાગના શાસનની ખુમારી સાચવી હોત તો શું ખોટું હતું ? અકદરદાન તથા ધપ્પા મારનારા બજારની સેવામાં કાળ ગાળ્યો એના

કરતાં કાયમ કદરદાન એવા પરમાત્માની સેવામાં સમય આપ્યો હોત તો કામ થાત !'

**કઈ ખોટ પર ઉદાસતા ? :-**

એક શ્રાવકે બજારમાં પાંચ હજાર ગુમાવ્યા. એ ટ્રામમાં જતો હતો, વિચારમાં મગ્ન હતો, પાસે બેઠેલો પૂછે છે :

"આજે ઉદાસ શાથી ? મોટી ખોટ ગઈ છે ?"

પેલો શ્રાવક કહે છે : "ના રે ના ! ખોટ તો આ જીવે અનંતો કાલ અનંતીવાર કરી છે. છ ખંડના ધણી ચક્રવર્તીની વાત જવા દઈએ, એ તો ત્રેશઠ શલાકામાંના એક શલાકા પુરુષ એટલે નિયમા મુક્તિગામી, પણ ઊંચી સ્થિતિના રાજા મહારાજાનો કર્મ થાપ મારી નીચે પાડે, વનવગડામાં રખડતા કરે એ ખોટનો પાર છે ? મારે એવી તો કઈ ખોટ નથી, પણ પાર વિનાની ખોટ બીજી છે. પૂર્વે સાધનામાં કમી રાખેલી તે મોક્ષ ન પામ્યો. ને અહીં જન્મ્યો એ જ ખોટ મોટી છે. વળી પૂર્વે શુભ ભાવના થઈ હશે, તેવી સાધના થઈ હશે એટલે મનુષ્ય-જન્મ તો મળ્યો, પણ સાધનામાં કાંક ચોરી હશે એટલે ભરતક્ષેત્રે પંચમકાળે આવ્યો. જો એવી ચોરી ન રાખી હોત, ભાવના વધી હોત, તો એથી જે મળત, તે ન મળ્યું એની ભારે ખોટ છે. હું લાલચું, પાંચ સાત વખત થાપ ખાવા છતાં ત્યાં દોડતો જાઉં છું, કેટલા શેઠની કાકલૂદી કરું છું, સોદા માટે આમ તેમ અથડાઉં છું. અફસોસી મને એની છે કે એટલો કાળ જો મેં વીતરાગ પરમાત્માની ભક્તિ-આરાધનામાં તથા સદ્ગુરુના દર્શન-સેવનમાં, ને સદ્ગુરુની અમૃતવાણી સાંભળવામાં ગાળ્યો હોત તો ખોટ ન જાત. આ ભારે ખોટની ઉદાસતા છે." દુઃખ વખતે શાસ્ત્રે ઉદાસ થવાની છૂટ આપી છતાં ખૂબી એવી કે તેનાથી કર્મની નિર્જરા થાય, કર્મનો ભૂકો થાય. ફરીથી યાદ કરો, શ્રાવક કર્મબંધનની જગ્યાએ કર્મનિર્જરા કરે છે.

**શ્રાવકધર્મ તથા સાધુધર્મની સફળતા માર્ગાનુસારીના જ્વલંત ગુણો પણ નિર્ભર છે :-**

પેલો યુરોપિયન પરદેશી છે, જન્મ્યો ત્યાં ધર્મ નહિ, પાપ-પુણ્યમાં ન સમજે, છતાં માર્ગાનુસારીનો કૃતજ્ઞતા અને વિશેષદર્શિતા ગુણ એનામાં કેવો ! સમજી લો કે માર્ગાનુસારીના ગુણનો અમુક માટે ઠેકો નથી. શ્રાવકના વ્રત લઈ લીધા હોય, સાધુનું રજોહરણ લીધું હોય, છતાં ત્યાં માર્ગાનુસારીના ગુણમાં વાંધા હોય એમ પણ બનવા સંભવ છે. મિથ્યાદર્શન હોય, અનાર્ય દેશમાં જન્મ હોય છતાં ય ત્યાં માર્ગાનુસારીના ગુણ હોય એવું બને. શ્રાવકધર્મ તથા સાધુધર્મની સફળતા માર્ગાનુસારીના જ્વલંત ગુણો પર નિર્ભર છે.



**વિશેષદર્શિતા :-**

આર્દ્રકુમાર અનાર્ય દેશમાં જન્મેલ છે. એણે દૂર દૂર આર્ય દેશમાં શ્રેણિક રાજાના મંત્રી અભયકુમારને ભેટ મોકલ્યાથી બંનેની મૈત્રી બંધાય છે. અભયકુમાર પણ મિત્રાચારીની ભેટ મોકલે છે. બંધ પેટીમાં ભેટ લાવનારા માણસો આર્દ્રકુમારને કહે છે : "અભયકુમાર મંત્રીએ આ ભેટને ખાનગીમાં-એકાંતમાં ખોલવાનું કહ્યું છે." મિત્રની ભેટ પર આર્દ્રકુમાર હૈયું ઓવારે છે. વિશેષદર્શિતાનો ગુણ શું કામ કરે છે તે જુઓ.

ગુણનો ઠેકો ક્યાં માનવો ? **ગુલાબ-માત્ર સુવાસનો દાવો રાખી શકે છે. ચંદન માત્ર શીતલતાનો ઠેકો રાખી શકે છે. આપણે કયા અને કેટલા ગુણનો ઠેકો રાખી શકીએ ?** આર્દ્રકુમાર અનાર્ય દેશમાં જન્મ્યો છે, પણ વિશેષદર્શિતા ગુણ ઉપર એકાંતમાં ભેટ જોવાના સંદેશાને ગંભીરતાથી વધાવે છે. પેટીને ખાનગીમાં લઈ જઈ સીલ તોડી ખોલે છે. તેમ કરતાં પહેલાં, આવો સંદેશો મોકલનાર અભયકુમાર પર એને બહુમાન થાય છે, ખાનગી ભેટથી એને આનંદ થાય છે, 'કેવો પ્રેમ !' પેટીમાંથી શું નીકળ્યું ? આ બે સાધર્મિક નહોતા, ભેટ સાધર્મિક તરીકે નહોતી મોકલવાની; પણ દુન્યવી મહોબત તરીકેની નહિ. કિન્તુ અભયકુમારને લાગ્યું કે 'હું શ્રાવક અને મારી મિત્રાચારી ઈચ્છનારો જરૂર કાંઈક યોગ્યતાવાળો હોય; માટે એને વિશિષ્ટ ભેટ મોકલું.'

**શ્રાવક બચ્ચો ને વીતરાગનો અનુયાયી દુનિયાની મહોબતની ભેટમાં ય એવી ભેટ મોકલે કે જેમાંથી વીતરાગની સુવાસ છૂટે; સામો કદાચ એક વાર વીતરાગને માનનારો ન ય હોય, પણ એ ભેટથી વીતરાગ પર એને પ્રેમ તો જાગે.**

**'અમે જૈન એટલે રાગીના નહિ પણ વીતરાગના અનુયાયી છીએ.' એવું મોકલાયેલ ભેટ કહી દે.**

અભયકુમારની ભેટમાં વીતરાગની પ્રતિમા હતી. આર્દ્રકુમાર ભલે અનાર્ય દેશનો પણ રાજકુમાર હતો, એ સ્ફટિક પત્થર ન ઓળખે ? વિશેષદર્શિતાના ગુણ યોગે એણે વિચાર્યું, 'પત્થર તે કોઈ ભેટમાં મોકલે ?' જો આ ગુણ ન હોત તો તો તરત કહી દેત, 'મેં રત્નો મોકલ્યા અને આણે પત્થર મોકલ્યો ?' એમ ટૂંકી દૃષ્ટિથી વિચારાય.

ગુરુ મહારાજ શ્રાવકને જુએ, પૂછે :- 'કેમ ? પૂજા, સામાયિક, નવકારશી વગેરે કરો છો ?' વિશેષદર્શિતાનો ગુણ ન હોય એટલે એ તરત બોલી નાખે; 'જોયું ? સાધુ બસ આજ પૂછે !' વિશેષદર્શિતાના ગુણના અભાવે, 'જે સામાયિક, પૂજા, નવકારશીના યોગે અનેક ભવ્યાત્મા તરી ગયા તેની આ મશ્કરી કરે છે !'



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

તેની સામે ચેડાં કાઢે છે ! પણ એ રાંકને ભાન નથી, સામાયિક-પૂજાદિ વિનાની દુનિયાની ક્રિયા શીખવા-શીખવવા તો જગત ઘેલું ગાંડું છે. એવા શિક્ષણ માટે તો પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ ને કૉલેજો છે. પાપનું શિક્ષણ તો ઠામ ઠામ છે. આત્મહિતનું શિક્ષણ ગુરુ વિના કોણ આપે ? ગુરુ-સંસ્થા એટલે એ શિક્ષણની શાળા. વિશેષદર્શિતાનો ગુણ હોય તો આ જોવાય વસ્તુની વિશેષતા જોવી, તેનું નામ વિશેષદર્શિતા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧૮,તા.૧૭-૧-૧૯૫૯

## ૧૭ સંસારની જડ

**દીર્ઘદર્શિતા :-**

આર્દ્રકુમારનો દેશ અનાર્ય, ન જૈન કુળ, ન આર્ય કુળ, ન આર્ય દેશ ! છતાં માર્ગાનુસારીના ગુણનો ટેકો હતો - સહારો હતો, પૂર્વની સાધના કામ કરી રહી છે. આથી એમ ન માનતા કે- 'આપણે પૂર્વે સાધના નથી કરી માટે ઉદયમાં ક્યાંથી હોય ?' એમ નિરાશ ન થવાય. અનાદિથી આત્માને ધર્મ નથી. જ્યારે ત્યારે પ્રારંભ જ કરવાનો છે. માર્ગાનુસારીના ગુણને ઇચ્છાએ કે બળાત્કારે પણ લાવવાની તથા ખીલવવાની જરૂર છે. આર્દ્રકુમાર મૂર્તિને ઓળખી શકતો નથી. ઊંચી-નીચી ફેરવીને જોયા કરે છે પણ પાર પમાતો નથી, છતાં નિરાશ થતો નથી, વારંવાર જોયા કર્યું.

આર્દ્રકુમારને આ બહુ પ્રમાણે જોવાથી ખૂબ વિચારણાના અંતે ભૂતકાળના જન્મના સ્મરણને રોકનારા જ્ઞાનાવરણીયનો પડદો ઊંચકાયો એટલે, જેમ નાટકનો પડદો ઊંચકાતાં પાછળનો દેખાવ પ્રત્યક્ષ દેખાય તેમ પૂર્વનો ભવ આર્દ્રકુમારને પ્રત્યક્ષ દેખાયો. હવે તરત એને ભાન આવ્યું, 'અરે ! આ વસ્તુને આમ ન રમાડાય, સિંહાસને પધરાવી પ્રણામ કરાય, આ તો શ્રી જિનેશ્વરદેવ છે.' પૂર્વે કરેલી વિરાધનાના યોગે અનાર્ય દેશમાં જન્મ થયો પણ પૂર્વે આરાધના એવી સુંદર કરેલી કે માર્ગાનુસારિતાના જ્વલંત ગુણે જાતિસ્મરણ કરાવ્યું, એટલું જ નહિ પણ ધર્મ પર અતિ ઉત્કટ રાગ પ્રગટાવ્યો ! એટલાથી ય ભાવનાનો વેગ અટક્યો નહિ ! પરમાત્માના શરણે જઈને ચારિત્ર લેવાનો નિર્ધાર થયો ! કોણે કરાવ્યો ? વિશેષજ્ઞતા ગુણે. એને થયું, 'ધન્ય અભયકુમારને ! એ મારો પરમ ઉપકારી !



મારો સદ્‌ગુરુ પ્રથમ એ !' આ શેનું પરિણામ ? મૂર્તિ ભેટ આવી એનું. અભયકુમારે ભેટ પ્રસંગને ધર્મથી ગુંથી લીધો.

### • કુટુંબમાં ધર્મસંસ્કાર પાડવાના ઉપાય •

કુટુંબમાં જૈન આચાર-વિચારો તથા ધર્મનું ગૌરવ અને મમતા ઊભા કરવા હોય-વધારવા હોય તો આ એક ઉપાય છે કે,

**ચાલુ જીવનમાં પ્રસંગોને ધર્મની વસ્તુથી ગુંથી લો, તેમજ ધર્મનિમિત્ત ઊભું કરી મનના વળાંકને તે બાજુ લઈ જાઓ.**

આવો ભોજન કરવાનો અવસર આવ્યો તો ચાલો નવકાર ગણીને ભોજન શરૂ કરો; કેમકે **ભોજન શું કે બીજું શું, બધું નવકારની પૂંઠે છે.**

એમ ભોજનના હોલમાં ત્યાગી વૈરાગી મહાપુરુષોના ચિત્ર હોય, 'જેવાં કે **મહારાજા કુમારપાળનું** પાંચેય વિગઈના **ત્યાગવાળા ભોજનનું ચિત્ર હોય,** એમાં એમની આજુબાજુ બધા રસ અને વૈભવનો પાર નથી. છતાં એમને તો પાંચ વિગઈઓ વિનાનું ભોજન ખપે છે, એવો દેખાવ હોય, કાકંદીના **ધન્ના અણગારનું** ચિત્ર હોય. ૩૨ ક્રોડ સુવર્ણની જાહોજલાલીવાળા ષડ્‌રસ, મેવા-મિઠાઈ-ફળ-ફળાદિ વગેરેમાં મહાલી આવેલા ધન્ના હવે છઠ્ઠ-છઠ્ઠ-ને પારણે નીરસ-વિરસ આંબેલનો આહાર લે છે, અને આઠ માસમાં તો કાયા સુક્કી, ભૂકખી અને લુક્ખી કરી નાખીને નવમા માસે વૈભારગિરિ પર અનશન કરી સૂતા છે; એનું ચિત્ર હોય.

બેસે છે કલ્પનામાં ? ચાલુ જીવન પ્રસંગમાં ધર્મવસ્તુને ગોઠવી દેવાની આ આ યોજના છે.

એમ, સવારે ઉઠતાં જ કુટુંબના બધા જ સભ્યો નવકાર સ્મરણ કરી સકલતીર્થ-ભરહેસરનો મોઢેથી પાઠ ભણે. ઘરેથી મંદિર બહુ દૂર હોય તો કમમાં કમ ઘરમાં રાખેલા પ્રતિષ્ઠિત પ્રભુના તથા ગુરુના ચિત્રને પ્રણામ કરી પછી વડિલને પ્રણામ કરે, અને ધર્મવૃદ્ધિની આશીષ માગે. એમ બહાર જાય ત્યારે પણ પ્રણામ કરીને જાય.

જમવા વખતે દરેક જણ યાદ કરે કે- 'અહો ! ગુરુ મહારાજને દાન કરવાનો લાભ આજે સારો મળ્યો !' અથવા, 'અરે ! આજે લાભ ન મળ્યો ! કેવા આપણાં મંદ ભાગ્ય !'

વેપાર ચાલતો હોય એમાં વેચાણ યા નફા પર અમુક રકમ પોતાની શુભ ખાતાની પેટીમાં નાંખે.

ઘરખર્ચ વખતે પણ દરેક ખર્ચ દીઠ કંઈક ને કંઈક રકમ પેટીમાં નાખે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સારી ખાવાની ચીજ ઘરમાં આવી કે બનાવી, તો એમાંથી પહેલાં પ્રભુની આગળ ચઢાવવાની વાત.

કપડું નવું પહેરવા કાઢ્યું એની સાથે એક નાનો પણ ટૂકડો પ્રભુની પૂજામાં અર્પણ કરવાનો જ.

નાના-મોટા કુટુંબીને શિખવાડી રાખ્યું હોય કે **રસ્તે જતાં સાધર્મી મળે એટલે પ્રણામ કરવાનો અને જૈનેતર ઓળખીતો મળે એટલે જય જિનેન્દ્ર બોલવાનું જ.**

શું છે આ બધું ? જૈન આચાર-વિચારને પોતાના અને કુટુંબના જીવનમાં પ્રધાન બનાવવાના ઉપાય; દળવા-ખાંડવાનું, વગેરે બંધ જ હોય, એકાસણું, બેસણું યા છેવટે ટંકનો નિયમ અવશ્ય હોય, પાણી ઉકાળેલું જ પીવાય, પ્રતિક્રમણ બધા જ કરે.

રોજના માટે પણ કુટુંબ ભેગું થઈ સવારે યા સાંજે પાંચ મિનિટ પણ 'ચત્તારિ મંગલં...' વગેરેનું સમૂહ-ઉચ્ચારણ કરે.

ઘરમાં મહાપુરુષોના જીવનપ્રસંગના ફોટા-ચિત્ર રખાય.

અભક્ષ્ય, જેવાં કે-કંદમૂળ, વાશી, વિદળ, બે રાત્રિ ઉપરના દહીં, છાશ, બરફ, લીલફુગવાળી વસ્તુ, કાળ બહારના મેવા-ભાજી-મિઠાઈ-કેરી વગેરેના ત્યાગ જ હોય.

છોકરાઓ પણ અપશબ્દ, કે 'નખ્ખોદિયા, સત્યાનાશ જજો,' વગેરે હલકા શબ્દ ન જ બોલે. ઊલટું મૈત્રી-કરુણા-ગુણાનુરાગ અને મધ્યસ્થ ભાવનાના શબ્દ બોલે; દા.ત.

**'સૌનું ભલું થાઓ.' 'દુશ્મનનું પણ ભલું થાઓ.'**

**'બિચારા દુઃખી જીવનાં દુઃખ ટળો.' 'પાપી જીવને સદ્‌બુદ્ધિ મળો.'**

**'દુશ્મનનો પણ ગુણ કે ધર્મ પ્રવૃત્તિ કેવી સરસ !'**

**'બીજાના દોષ કે હલકું જોવા-બોલવાનું આપણે શું કામ ?'**

**પોતાનાં અને કુટુંબનાં જીવનમાં આ પદ્ધતિ જ પાડી દીધી હોય.**

છોકરા પરીક્ષામાં પાસ થયા, વેપારમાં સારો લાભ થયો, આમ કોઈ ટાણું આવ્યું, તો તે નિમિત્તે પ્રભુનો સ્નાત્રમહોત્સવ ઉજવવાનો; અગર પૂજા ભણાવવાની.

શોક યા દુઃખ-આપત્તિના પ્રસંગમાં ૫-૧૦ બાંધી નવકારવાળી, ૧-૨ ઉવસગ્ગહરંની નવકારવાળી ગણવાની.

એમ પોતાની અગર છોકરાની ભૂલ થઈ જાય, યા જૂઠ અપશબ્દ બોલી નખાય, વધુ પડતો ગુસ્સો થઈ જાય, એવું કંઈ થાય તો એના દંડ તરીકે હજાર પાંચ હજાર 'નમો અરિહંતાણં'નો જાપ કરવાનો.



એથી ઊલટું, છોકરા કંઈક સારું કરી આવે તો **ધાર્મિક** વસ્તુનું ઈનામ આપવાનું. આ બધું જૈન-સંસ્કૃતિનું પુનરુત્થાન છે.

વાતવાતમાં 'ભાઈ ! આજે સારું થયું તેમાં અરિહંત પ્રભુનો ઉપકાર છે. એમના જ પ્રભાવે સારું થાય છે.' એમ બોલાય. નરસું થાય તો 'આપણે પ્રભુને ભજવામાં ખામી રાખી છે, પછી સારું ક્યાંથી થાય ? માટે પ્રભુને ખૂબ ભજો-સ્મરો.' એમ બોલાય.

આપત્તિ આવી કે રોગ આવ્યો તો કુટુંબને બોલાતું કરાય કે- 'પૂર્વે તપ નથી કર્યો પછી બધું વેઠવાનું આવે. હવે દુઃખ ન જોઈતું હોય તો તપ કરીએ,' કુટુંબ બહારનાને પણ આવી જ શિખામણ અપાય. જાણો છો ને કે **અગ્નિશર્મા** ગુણસેનની મશ્કરીથી કંટાળી તપોવનમાં ગયો ત્યારે તાપસ કુલ ગુરુએ તપની જ સલાહ આપી ? **નાગકેતુ જન્મતાં અટ્ઠમ શી રીતે કરી શક્યો ?** પૂર્વ જીવનમાં એને શ્રાવકમિત્રે ઓરમાન માતાના ત્રાસ કષ્ટ ટાળવા તપની સલાહ આપી હતી; પણ સાવકી માને સામે હેરાન કરવાની સલાહ નહિ !

બસ, બધે ધર્મ વણી લેવાની વાત છે. કૃષ્ણ મહારાજને કોઈએ અશ્વરત્ન ભેટ કર્યો તો કૃષ્ણે શાંબ પાલકને કહ્યું, 'કાલે તમારા બેમાંથી જે નેમનાથ પ્રભુને પહેલો વંદન કરે એને આ ઘોડો ભેટ.' ઘરમાં અવસરે અવસરે છોકરાને સારી ચીજ તો લાવી આપતા હશો, પણ આ નહિ કરતા હો. આ કરો કે- 'આટલા દહેરે દર્શન કરી આવે, અગર આટલા નવકાર ગણી આપે, આટલા ખમાસમણ દઈ આવે, ગાથા કરી આપે, વગેરે, તો આ વસ્તુ તને આપવાની;' - એમ છોકરાને કહેવાનું. એવી રીતે છોકરા વચ્ચેની હરીફાઈમાં પણ ધર્મની શરત.

અભયકુમારે આ કર્યું. મિત્રતાની ભેટ મોકલવાના જીવનપ્રસંગને ધર્મની વસ્તુથી ગુંથી લીધો. એવી રીતે કુટુંબના જીવનપ્રસંગોને ધાર્મિક વસ્તુથી ગુંથી લો. બીજું એ, કે ધર્મનાં નિમિત્ત ઊભા કરી મનના વળાંકને ધર્મ બાજુ લેવાનો. રવિવાર ઉજવો છો ને ? આજે તો રવિવાર, સ્વાતંત્ર્ય દિન, આઝાદી દિન વગેરે પર્વો જેવા થઈ ગયા ! પણ એમાં તમે ધર્મનાં નિમિત્ત ઊભાં કરી મનના વળાંકને ધર્મ તરફ લેવાનો. એટલું ધ્યાનમાં રહે કે એ લૌકિક દિનને ઉદ્દેશીને ઊભાં નહિ કરવાના. બાકી ધર્મના નિમિત્ત તરીકે સ્નાત્ર, પૂજા, સામાયિક, સમૂહ ધર્મવાંચન, સમૂહધર્મગીત, તીર્થયાત્રા વગેરે કહેવાય. અસ્તુ.

આર્દ્રકુમારને જિનમૂર્તિ ભેટ મળવા ઉપર જાતિ-સ્મરણ થયું. પૂર્વની ધર્મ-સાધના અને વર્તમાનની અનાર્ય સ્થિતિ ઉપર આર્દ્રકુમારનું મન ખળભળી ઊઠ્યું ! એને એમ થયું કે- 'અરે ! આ હું ક્યાં ભૂલો પડી ગયો ? પૂર્વજીવનમાં આદરેલી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

પવિત્ર સંયમજીવન અને અર્હદ્‌ભક્તિની યાત્રા ક્યાં ! અને વર્તમાન જીવનમાં અનાર્ય દેશમાં જન્મી એનાથી દૂર ફેંકાઈ જવાની સ્થિતિ ક્યાં ! **રુડું-રૂપાળું ચારિત્ર જીવન મળેલું છતાં પત્ની પરનો મોહ છોડ્યો નહિ તો ચારિત્રની વિરાધના થઈ, ને આ ધર્મક્ષેત્ર-ધર્મસંયોગો-ધર્મભાવના વગેરેથી દૂર ફેંકાઈ જવાની ભયંકર સજા પામ્યો !** અને અનાર્ય દેશ એટલે ? કેવળ જડ પદાર્થોમાં અટવાઈ માનવભવની સરીયામ બરબાદી કરવાનું જીવન ! અહાહા ! **ભયાનક જંગલોના જંગલો વટાવી કોઈ સારા શહેરમાં આવ્યા પછી પણ જેમ કોઈ રાંકડો પાછો આગળ જંગલોના માર્ગ લે અને દીર્ઘાતિદીર્ઘ કાળ માટે અરણ્યમાં અટવાઈ જાય, એમ શું મારે માનવજન્મરૂપી નગરમાં, ઉત્તમ નગરમાં આવ્યા પછી પણ દુર્ગતિની વાટે ચઢી જવાનું જીવન જીવવાનું ?** આ દેશમાં શું છે ? વિષયોની ગુલામી ! દેહ અને ઈન્દ્રિયોનાં તર્પણ ! ત્યારે શું **ઈન્દ્રિયોને અનંતાનંત કાળથી જેની લત છે એની જ પાછી ગુલામી કરી મરવાનું ? એ જ વિષયસેવનના વિષ પીવાનાં ? એ જ મમતા-માયા, રાગ-દ્વેષ વગેરેના ઉન્માદ આચરવાના ? તો પછી ધર્મસેવનના અમૃતપાન ક્યારે કરી શકીશ ?** શું માનવભવથી વળી કોઈ બીજો સારો ભવ છે કે જ્યાં એકાંતે ધર્મસેવન થઈ શકે ? ત્યાગ, વૈરાગ્ય, સૂક્ષ્મ જીવોને ય અભયદાન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, સમતા, વગેરેનાં સ્વસ્થ જીવન ક્યારે જીવીશ ?'

**સ્વાદ, પ્રકાશ અને માયા :-**

આર્દ્રકુમારની વિચારસરણી આત્મહિતના રાજમાર્ગે દોડતી ચાલી ! એને અટકાવવા માટે હવે કોઈ રાજ્યઋદ્ધિ, ઠકુરાઈ કે સુખવિલાસો અટકાવવા સમર્થ નહોતા. કુમારને **ચારિત્રજીવનનો સ્વાદ** યાદ આવ્યો, એણે પરિગ્રહ, આરંભસમારંભ અને મોહમાયાને બેસ્વાદ લગાડી દીધા. એને **તત્ત્વજ્ઞાનનાં પ્રકાશ** લાધ્યાં. એણે સંસારવાસની ભયંકરતાના દર્શન કરાવ્યાં. **પ્રભુશાસનની માયા** જાગ્રત થઈ, એણે સુખશીલતાના રાગ ઉડાવી નાખ્યા. મન સાથે એણે નક્કી કર્યું કે - 'હવે આ દેશમાં રહેવું એ મોહ અને મિથ્યાત્વના જંગલમાં આથડવા બરાબર છે. હવે તો આર્ય દેશમાં જઈ વસું. ત્યાં પણ ગૃહવાસમાં રહેવું એ હીરામાણેક મળે એમ હોવા છતાં તાંબિયા પૈસા લઈ બેસી રહેવા જેવું છે. હવે તો આર્ય દેશમાં પહોંચી ઝટ ચિંતામણિસમું ચારિત્ર જ અપનાવી લઉં.'

**આર્દ્રકુમાર અને એના પિતાનો વ્યવહાર :-**

માણસનું મન ઉઠી ગયા પછી એક વખતની વહાલામાં વહાલી ચીજ કે વહાલામાં વહાલાં સગાં મૂકી ચાલતાં કોઈ સંકોચ કે વસવસો થતો નથી, પણ અહીં તો આર્દ્રકુમારને મોટો વિચાર થઈ પડે છે કે - 'જ્યાં આર્ય-સંસ્કૃતિ મળી છે



એવા જીવોને ય ત્યાગમાર્ગમાં સંમતિ આપવી કઠિન પડે છે, તો આ તો અનાર્ય દેશના માતાપિતા, એ કેમ સંમત થશે ?' પારધીના પાંજરામાં પૂરાયેલા પંખેરા જેવી એની દશા થઈ. બસ, કેમ છૂટવું એ માટે ફાંફા મારે છે. બાપને ખબર પડી છે કે કુમાર ઉદ્વેગમાં છે. વાત કરતાં બાપને પૂછ્યું હશે, 'અભયને મળવા ન જવાય ?' બાપે કહેલું, 'ન જવાય, આપણે તો દૂરથી સલામ ! ભેટો લેવી અને મોકલવી, એટલો સંબંધ' પણ કુમારને એ જચતું નથી. આથી બાપ જાણી ગયો છે, કે આ કારણે એ ઉદ્વેગમાં હશે. પણ એનો વિશ્વાસ નથી. બાપે એને જવા દેવો નથી એટલે એના પર બીજા રાજકુમારો વગેરેનો ચોકી-પહેરો રાખે છે. **ગમે તેવી ચોકી બેસાડાય પણ સંસારથી ચિત્ત ઉઠ્યા પછી કઈ વસ્તુની તાકાત છે કે એ બાંધી રાખે ?**

**હવે દીર્ઘદૃષ્ટિપણાનો ગુણ ખીલે છે.** પિતાની શરમ રાખવા કરતાં આત્મસિદ્ધિનો માર્ગ લેવામાં પોતાનું અને પિતાનું હિત એને દેખાય છે. છૂટવું કેમ એ સમજાતું નથી, પછી યોજના ગોઠવે છે. ફરવા જાય, દૂર જાય વળી પાછો આવે, દૂર જાય વળી પાછો આવે, એમ વિશ્વાસ પમાડી, આખરે યોજનાપૂર્વક તે નાસી છૂટ્યો. આર્ય ભૂમિ પર આવી, ચારિત્ર લીધું ત્યારે જંપ્યો. તેણે વિચાર્યું, 'ઘરમાં રહેવાથી ન મારું કલ્યાણ, ન પિતાનું, પણ જો મેં સંયમ લીધું હશે તો ક્યારે પણ પિતા મળે તો પૂર્વના સબંધયોગે બે અક્ષર કહેવાય તેની અસર થાય.' દીર્ઘદૃષ્ટિપણાના ગુણે, ગ્લાન ઔષધ ન્યાયે આર્દ્રકુમાર નાસી છૂટ્યો અને આર્ય દેશમાં આવી ચારિત્ર લીધું.

**ભાવની ઝંખના પણ ચરમાવર્તમાં આવે :-**

પેલા યુરોપિયને પેલા યુવકને અડધો ભાગ કરી આપવાનો નિર્ધાર કર્યો છે.

**સભામાંથી :-** અનાર્યને આવી બુદ્ધિ થાય છે. આર્યને કેમ નહિ થતી હોય ?

ઉ. :- એ અનાર્યે પૂર્વે એવું કર્યું હશે અને જે આર્યને એવી બુદ્ધિ નથી થતી તેણે એવું નથી કર્યું. એ પ્રશ્ન કરતાં અહીં બેઠેલા આર્યના ભવિષ્યનો પ્રશ્ન પૂછો. અત્યારે પણ જગાય તો ભવિષ્ય સુધારાય આ તો આર્ય દેશ છે, આર્દ્રકુમાર તો અનાર્ય દેશમાં હતો, અહીં તો આરાધના સહજ છે. અહીં ગુણપ્રાપ્તિની નિશાળ છે. ઓછા ગુણ, અધિક ગુણ એ છે ધોરણો (Standards) બાલપોથીથી મેટ્રિક એટલે સાત ધોરણ. ધોરણ એટલે અહીં ભવ-અનેક ભવોના ધોરણોમાં ગુણોના અભ્યાસ કરતાં કરતાં શુદ્ધ ધર્મ પમાય અને આરાધાય. બાલપોથીમાં એકડો જ (ભલે ખોટો-પ્રારંભમાં) ન ઘુંટાય તો મેટ્રિકના હિસાબ આવડવાની શી આશા !

માર્ગાનુસારીના ગુણો જીવતા છે તો સમજો કે મેટ્રિકમાં છો. **મંદિર, ઉપાશ્રયમાં જવા માત્રથી સંતોષ મનાય, ને ગુણ ન ખીલવાય, તો ગુણસ્થાનકના ઉપલા ધોરણમાં ચઢવું મુશ્કેલ છે.** જ્ઞાની કહે છે, ભાવની ઝંખના વિનાની અનંતા ભવની ધર્મક્રિયા ફોગટ થઈ, તેમાં એકનો વધારો ! ક્રિયાને અત્યારે ને અત્યારે ભાવથી અલંકૃત ન બનાવી શકો તો ય ભાવની ઝંખનાથી સફળ બનાવો. **દ્રવ્યક્રિયા ભાવથી તથા ભાવની ઝંખનાથી સફળ થાય છે.** આયંબિલ કર્યું, સંભવ છે કે કાલે ગળ્યું દૂધ મળશે એવો વિચાર આવી જાય; પણ આયંબિલ સારું, એ ઝંખનાથી પ્રગતિ છે. ભાવ ન દેખાય પણ ઝંખના દેખાય તો નિરાશ નહિ થવાનું. **ભાવની ઝંખના પણ ચરમાવર્તમાં જ આવે.**

**ધર્મક્રિયાનું ફળ શું ઇચ્છવાનું ? :-**

ધર્મક્રિયાનું આ ઉત્તમ પ્રયોજન લક્ષમાં લેવા જેવું છે. કર્મક્ષયરૂપી પ્રયોજન તો છે જ, પરંતુ કર્મક્ષય થતો હોય તો ય એને આપણે અનુભવી શકતા નથી; જ્યારે ધર્મક્રિયાથી ભાવ પેદા થવાની ઝંખનાને રાખી હોય તો એ ઝંખનાને અનુભવી શકીએ છીએ; તેમજ એમ ક્રિયા કરતાં કરતાં ભાવ પેદા થતો જાય એને પણ આપણે અનુભવી શકીએ. હૃદયને એમ થાય કે પહેલાં આવો શુભ ભાવ નહોતો તે હવે જન્મતો દેખાવા માંડ્યો છે. **શ્રી વીતરાગ અરિહંત પ્રભુની વંદના-પૂજાની ક્રિયા કરતાં કરતાં પ્રગટતો પૂજાનો ભાવ એટલે કે અશુદ્ધ મનનો સંકોચ થઈ વિશુદ્ધ મનનો વિસ્તાર થાય તે.** આ ભાવ જેમ જેમ પ્રગટ થતો જાય તેમ તેમ આપણે એને અનુભવી શકીએ છીએ. એમ બીજી બીજી ક્રિયાઓના ભાવ. ત્યારે પૂછો,

**પ્ર.- ભાવરૂપી ફળ મળે એની શી બહુ વિશેષતા ?**

ઉ.- ભાવની વિશેષતા મોટી છે. તમને ખબર છે ને કે કેવળજ્ઞાન જોઈતું હોય તો ઠેઠ ઊંચો વીતરાગપણાનો ભાવ ઊભો કરવો પડે છે. **ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચઢી તો જ શકાય કે ઊંચા ભાવ પ્રગટ કરીએ. અનાદિ અનંત કાળથી આત્મા મલિન ભાવોમાં રમ્યા કરે છે, તેના કારણે સંસ્કાર ધારાબદ્ધ ચાલ્યો આવે છે. એ તો જ મીટે કે શુભ ભાવો દ્વારા મલિન ભાવોને દૂર કરાય.** આ કર્યા વિના તો ચાલવાનું જ નથી. ભૂતકાળમાં અનંતા આત્મા મોક્ષે ગયા, અને ભવિષ્યમાં જશે તે આજ રીતે, માટે ભાવની તો ઘણી ઘણી વિશેષતા છે.





## ૧૮ સંસારની જડ

ભાવસહિત ક્રિયાથી અચિંત્ય લાભ મળ્યાના કેઈ દૃષ્ટાંત છે, શાલિભદ્રના જીવે થાળી ખીરનું દાન કર્યું, માત્ર એનું એટલું મહત્ત્વ નહોતું જેટલું એ ક્રિયાથી જન્મેલા ભાવનું મહત્ત્વ હતું. મરુદેવા, ઇલાચી પુત્ર, પૃથ્વીચંદ્ર-ગુણસાગર વગેરે કેઈક ભાવમાં ચઢવાથી કેવળજ્ઞાન પામ્યા !

**પ્ર.- તો તો પછી ભાવની જ મહેનત કરવી; ક્રિયાની મહેનત શા સારું ?**

ઉ.- પાછા ભૂલ્યા, ભાવની મહેનત કરશો શી રીતે ? શું 'ભાવ, ભાવ,' એમ રટણા કરવાથી, અગર માત્ર ભાવના ભાવવાથી ભાવ પ્રગટી જશે ? આશા રાખશો મા. એ તો સારી ક્રિયામાં ગુંથાયા રહો ત્યારે ભાવ સુલભ બને છે. શાલિભદ્રના જીવે ખીરદાનની ક્રિયા ન કરી હોત ને, તો ભાવ કાંઈ સસ્તા નહોતા !

અનુભવ સિદ્ધ વાત છે કે **ક્રિયા કરતાં કરતાં કેઈ શુભ તરંગો હૈયામાં ઉઠે છે. તે ભાવ, વિના ક્રિયાએ ક્યાંથી ઉઠે ?** માટે ધર્મક્રિયાનું રોકડું અને ઝંખના જેવું ફળ આ, કે એના દ્વારા તે તે ભાવ જાગતા જાય.

**પ્ર.- તો પછી જેને ભાવ જાગી ગયા, એને તો ક્રિયા નકામી જ ને ?**

ઉ.- ના, ભાવ એટલે શું ચીજ સમજો છો ? ભાવ કોઈ એક જ વ્યક્તિ નથી. એક જ ભાવમાં પણ અસંખ્ય કક્ષાઓ છે. દા.ત. દયા, ક્ષમા, સમતા, વૈરાગ્ય, ઉદારતા, સહિષ્ણુતા, માનસિક પવિત્રતા, - આવા બધા ભાવમાં દરેકમાં અનેક તરતમતાઓ હોય છે. કોઈનો દયાનો ભાવ ઓછો, કોઈનો તેથી વધારે, બીજાનો તેથી ય વધારે. એવું જ ક્ષમામાં, સમતામાં, વગેરે. એટલે નીચે-નીચેની કક્ષાનો ભાવ સિદ્ધ કર્યો હોય એને પણ ઊંચી ઊંચી કક્ષાનો ભાવ પેદા કરવાનો છે, અને તે માટેની ઝંખના અને ધગશપૂર્વકની ધર્મક્રિયાથી એ સુલભ બને છે. મુનિઓ સંયમની ક્રિયાઓ કરતાં કરતાં ઊંચા ઊંચા ભાવમાં ચઢે છે. થોડો ભાવ જન્મ્યો અને પછી ક્રિયા મૂકી દે, યાને જ્ઞાનાચારાદિ પંચાચારની ક્રિયાઓ છોડી દે, તો ઊંચો ભાવ પ્રગટવાની વાત તો દૂર, પણ જે ભાવ પેદા કર્યા હોય તેય ખોવાઈ જાય ! માટે સમજી રાખો કે **ક્રિયા તો ભાવને પેદા પણ કરે છે, ભાવનું રક્ષણ પણ કરે છે, ને ભાવને વિકસિત પણ કરે છે.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

વાત આ ચાલે છે કે ક્રિયાના પ્રયોજન તરીકે ભાવની પ્રાપ્તિ અને વૃદ્ધિ રાખવાની જરૂર છે. એથી પછી દુન્યવી ફળ પૈસા-ટકા-માનપાન વગેરે ન મળ્યા તો ય ચિંતા નહિ, કે કર્મક્ષય ફળ નજરે ન ચઢ્યું તો ય નિરાશ થવાની જરૂર નહિ. ભાવનું પ્રયોજન મનમાં રાખ્યું એટલે એની જ ઝંખના રહેવાની.

**બે ઘડીના સામાયિકથી અઢળક પાપને તાળું :-**

ભાવની ઝંખનાનો અર્થ એ કે- 'ઉચ્ચ ભાવથી ક્રિયાઓ ક્યારે કરું !' 'ક્રિયા કરતાં કરતાં એનો શુદ્ધ ભાવ ક્યારે પ્રગટ થાય !' 'ક્યારે હું ભાવમાં તન્મય થઈ જાઉં' એવી ઝંખના. સામાયિક એ જગતના સાવદ્ય વ્યાપારો પર અનાસક્તિ ઊભી કરવા માટે છે. તો એ ઝંખના થાય કે- 'આ સામાયિકો કરતાં કરતાં હું ક્યારે અનાસક્ત બનું !' જ્ઞાની જુએ છે, આ સંસારમાં રહેલો જીવ સાવદ્ય યોગની આસક્તિનું કાયમ પચ્ચક્ખાણ પાળવાનો નથી, એટલે એમણે ગૃહસ્થને બે ઘડીનું સામાયિક બતાવ્યું, જેથી એને અનાસક્તિની ઝંખના રહે. **ભાવ મોંઘો છે, મુશ્કેલ છે, પણ ભાવની ઝંખના સસ્તી છે, સહેલી છે.** બે ઘડી માટે સાવદ્ય યોગો છોડવાનું કહ્યું, જેથી અભ્યાસ પડે. **સાવદ્ય યોગો માથે રાખીને આ જીવે કેટલાં પાપો બાંધ્યા ?** કંઈ હિસાબ છે ? ખાનપાન અંગે, પહેરવા-ઓઢવા અંગે કેટલી ધમાધમ ! આજ ઘરમાં બહુ તો દશ શેર ઘઉંનો સંગ્રહ હશે, કોઈ સુખી હશે તો તેને ત્યાં મણ, બે મણ કે ૧૦-૨૦-૨૫ મણ હશે, પણ પ્રશ્ન એ છે કે ખાવું-પીવું, મોજ-શોખ, પહેરવેશ વગેરે અંગે જગત પર પાપવ્યાપારો કેટલા ? સામાયિક નહોતું લીધું અને બીજાં ય વ્રત નહોતાં ત્યાં સુધી જગતના તમામ આરંભ-સમારંભ પાપવ્યાપારો, જેમાં કતલખાનાં પણ આવી જાય તે તમામનું પાપ, પચ્ચક્ખાણના અભાવે, અવિરતિ યોગે લાગતું હતું; હવે પરમાત્માએ બે **ઘડીના સામાયિકથી તેટલા કાળ માટે વહી આવતા અઢળક પાપના દરવાજે તાળું મરાવ્યું.** જ્ઞાનીનો કેવો ઉપકાર !

વિચારજો એક બે ઘડી માત્રના સામાયિકનો અપરંપાર લાભ ! સામાયિક બહુ કરો છો ને ? સામાયિક પારતાં શું બોલો છો ? **'બહુસો સામાઈયં કુજ્જા'** એટલે ? સામાયિક બહુ વાર કરવા જોઈએ આ માત્ર બોલવાનું, કરવાનું નહિ ! એમ ને ? **સામાયિકના મહાલાભ તરફ દૃષ્ટિ હોય, અને માનવ જીવનમાં જ સુલભ એવો એ લાભ કમાઈ લેવાની તાલાવેલી હોય તો નવરા પડ્યા કે સામાયિક કરવાનું મન ન થાય ? દિવસમાં એકવાર પણ સામાયિક કરવાનું દિલ ન રહે ?** 'જરા ટેવ છે મોડા ઉઠવાની, એટલે સામાયિક નથી કરતા, એટલો લાભ ઓછો મળશે' - આ મનોવૃત્તિ રહે છે ને ? 'શું જરા વહેલા ન ઉઠી શકો ? રાતે સુઓ



ત્યાં સુધીમાં બે ઘડી પણ થોકબંધ પાપની નદીઓ બંધ રાખું.' એવું ન કરી શકો ? લાભ ઓછો મળશે કાંઈ નહિ, એમ મન મનાવી લેવામાં એ ખ્યાલ નથી કે પાપના ભાર કેટલા ચઢી રહ્યા છે ? પાપનો ડર, ષટ્કાય જીવોની હિંસાનો ઉદ્વેગ, પરિગ્રહ-પરિવારના નિમિત્તે થતા રાગ-દ્વેષાદિ પ્રત્યે નફરત, ખેદ-એ બધું હોય તો સામાયિકની ઉપર અઢળક પ્રેમ થાય, એની ઝંખના રહે, અને સમય કાઢીને પણ એનો ઉદ્યમ થાય. સુકૃતની આ ભવમાં મહાન તક સમજો. બીજું જે કરી રહ્યા છો, તેમાં કાંઈ નવું નથી. એ તો મોહ તમારી પાસે અનંતાનંતકાળથી કરાવી જ રહ્યો છે. ધર્મના સુકૃત એ નવાં ઊભાં કરવાનાં છે, એને યોગ્ય આ ભવ છે.

**પળે એટલો અને એવો ધર્મ બતાવ્યો :-**

બે ઘડીના સામાયિકમાં માત્ર છૂટ કેટલી ? આડકતરી અનુમોદનાની. સાધુને ત્રિવિધ ત્રિવિધ, ગૃહસ્થને દ્વિવિધ ત્રિવિધ. એક ભાંગો બાદ. મન-વચન-કાયાથી ન કરું, ન કરાવું, એમ છ ભાંગે ગૃહસ્થને પચ્ચક્ખાણ. છ ભાંગા આ,- મનથી ન કરાય, ન કરાવાય, વચનથી ન કરાય, ન કરાવાય, કાયાથી ન કરાય, ન કરાવાય. મન-વચન-કાયાની અનુમોદનાનું પચ્ચક્ખાણ ગૃહસ્થને નહિ. એ પળે એમ નથી. માનો રોજનું એક સામાયિક થાય તો મહિને ત્રીશ થાય એનો સમય એક અહોરાત્ર દિવસનો થયો. એ ગૃહસ્થ બેન્કમાં વ્યાજ લેવા જશે ત્યારે એ અહોરાત્રનું વ્યાજ બાદ કરવાનો ? નહિ લેવાનો ? અથવા માનો કે એને ભાગીદારીમાં વ્યાપાર હોય તો સામાયિક વખતના વ્યાપારનો નફો શું એ નહિ લેવાનો ? એના માટે ઘરવાળાએ તે વખતે પૂરી, વડાં વગેરે કર્યાં, ગૃહસ્થ ઘેર આવી તે નહિ ખાવાનો ? શ્રાવક-જીવનથી શક્ય એટલું જ્ઞાનીએ બતાવ્યું, જ્ઞાની દયાળુ છે. પળે એટલો ધર્મ કરાવાય. એમ ન કર્યું કે 'ના, આટલું પાપ હજી તારે ઊભું રાખવું છે, તો તને ધર્મ નહિ મળે.' આ ધ્યાનમાં આવે તો સમજાશે કે પ્રભુ-પૂજામાં સ્થાવર જીવની હિંસા છતાં જિનભક્તિનો ધર્મ થાય છે માટે એ કર્તવ્ય કહ્યો. **બે ઘડીના સામાયિકનો હેતુ, ખુમારીના ખ્યાલનો.** સામાયિકમાં કદાચ આડકતરી અનુમોદના છૂટી રહી, પણ કેટલાં પાપથી બચાયું ? એ હિસાબે 'કરેમિ ભંતે' ઉચ્ચરાય ત્યારે કેટલી મગરૂરી રહે ? ચોતરફથી **ધસ્યા આવતા લાખ્ખો કરોડો પાપરૂપી નાગોને, ભગવાને બતાવેલા 'કરેમિ ભંતે' રૂપ ગારૂડી મંત્રે બહાર જ થંભાવી દીધા ! કુંડાળામાં પેસી ન શકે.** 'કરેમિ ભંતે' 'કરું છું. હે ભગવંત !' કેવો ઉલ્લાસ જાગે ? 'સામાઈયં !' હું સામાયિક કરું છું, સમય ? 'જાવ નિયમં.' જ્યાં સુધી નિયમ છે તેટલો સમય અર્થાત્ બે ઘડી. સામાયિકમાં બેઠા પછી દાળ દુણાય



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

એ સામે ન જોવાય, કબાટમાંથી કોથળી ચાલી જાય, ચૂં ન કરાય. 'સામાયિકની Value (કિંમત) કોથળીથી કેઈ ગુણી ઊંચી છે; એટલી કે કોથળી કરતાં દસ ગુણા, વીસ ગુણા, ૫૦-૧૦૦-૧૦૦૦ ગુણા લાભ અપાવનાર છે.' એવો આત્માને અપૂર્વ ખ્યાલ થાય છે. અમેરિકાના કારખાનાં સાથે શી નિસ્બત છે ? પણ વ્રત ન થાય તો અવિરતિના યોગે પાપરૂપી નાયગ્રાનો ધોધ ચાલુ જ છે. 'કરેમિ ભંતે'માં પેઠો, **સામાયિક કર્યું એટલે અવિરતિના પાપ માટે બારણા બંધ. સામાયિકમાં જો આ પાપથી છૂટ્યાનો આનંદ હોય, તો એની પૂર્ણાહુતિમાં શોક થાય કે, 'અરે ! મારો આત્મા ફરી પાપની હોળીમાં ફેંકાશે !'** એને થાય, 'એવો ધન્ય દિવસ ક્યારે આવે કે જીવન ભરનું સામાયિક લઉં.' બે ઘડીના સામાયિકમાં આવા કોડ હોય. શ્રી મહાવીરદેવની આત્મધર્મની કેવી ધગશ હશે ! સંગમ જેવા મચ્છરાથી શું થઈ શક્યું ? જાણે ભગવાનને ક્રોધ પગે પડે છે, 'સાહેબ ! આ સંગમે ઘણું કર્યું, હવે તો આંખ લાલ કરો !' ભગવાન કહે છે, 'ના ભાઈ ! મારે ભવમાં ભટકવું નથી. મારે નિરાંત છે, પાપનાં પચ્ચક્ખાણ છે, મારે કષાય ન ખપે.' બે ઘડીના સામાયિકમાં આવી નિશ્ચિન્તતાનો ખ્યાલ આવે.

**'તુચ્છ કાયાની માયામાં કાં, ગોષ્પદ જલે અટકાયો !'** મેઘકુમારને શરીર પર રાગ કષાય થાય છે, તેનાથી તેને મૂકાવવા ભગવાન કહે છે : 'ગાંડા ! ભૂલે કાં ? સાંભળ,

**"ભવોદધિની અનંતતાને, ઓલંઘી તીરે આવ્યો; તુચ્છકાયાની માયામા કાં ! ગોષ્પદ જલે અટકાયો. શાણા સુણ હો મેઘકુમાર ! પડશો મા જો."**

સંગમના ઘોર ઉપસર્ગમાં ય કષાય ન કરનાર ભગવાન મેઘકુમારની સ્થિતિ જુએ છે, 'આ ભાગ્યવાન જીવ ભવસાગરની અનંતતાને ઉલ્લંઘી મારે શરણે આવ્યો અને એ હવે તુચ્છ કાયાની માયાથી ગાયના પગલા જેટલા પાણીમાં ડૂબે છે ?' પોતાને શરણે આવેલાને, લગભગ કાંઠે આવેલાને ભગવાન ડૂબવા દે ? ડૂબવાનું શાથી ? સંથારામાં પડતી સાધુના પગની રજના કારણે આમ ! વળી આગળ કહે છે :

**"આ જીવે નરકાવાસાને, વાર અનંતી પેખ્યા;**
**ધીખતી જ્વાળામાં ભડભડ બળીઓ, છેદન ભેદન વેઠ્યા;**
**શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો. મા પડ, મા પડ નરકે, પડશો મા જો.**
**તારા આતમનો ગુણ જાય પડશો મા જો. ભવ બહુલા તેથી ઠરાય પડશો મા જો.**



**ફરી અવસર ના વરતાય, પડશો મા જો."**

સંગમ જેવાની સામે ઝઝૂમેલા ભગવાન, કરુણાના સાગર ભગવાન, મેઘકુમારને સંયમ-શ્રેણિથી નીચે પડતો જોઈ સીડી ગોઠવી દે છે. ગુણસ્થાનક છે એ પગથીયાં છે. એ શ્રેણિથી વીતરાગભાવના યથાખ્યાત ચારિત્રે પહોંચાય, ઘાતિક્ષયે કેવળજ્ઞાન થાય.

**મેઘકુમાર મુનિ સંયમ શ્રેણિ પરથી નીચે ઉતરીઆ,**
**વીર વિભુ કરુણાના દરિયા, હિત વચન ઉચ્ચરિયા;**
**શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો.**
**હિત વચનનો સાર ક્યાં ? સાવદ્ય યોગના ત્યાગમાં.**

**માર્ગાનુસારિતાના ગુણોનો પ્રકારાંતરે ક્રમ :-**

શ્રાવકનું બે ઘડીનું સામાયિક એવું હોય કે જે જીવનભરનું સામાયિક અપાવે. આ ક્યારે બને ? માર્ગાનુસારીના ગુણો દીર્ઘદર્શિતા, પાપભીરુતા અસ્થિમજ્જામાં વસ્યા હોય ત્યારે.

**વિચારો માર્ગાનુસારિતાના ગુણો :** ન્યાય-સંપન્નતા, ઉચિત વ્યય, ઉચિત વેષ એટલે રહેણી-કરણી, ઉચિત ઘર, ઉચિત સંબંધી. આમાં ગુણે ગુણે ઉચિતની વ્યાખ્યા જુદી. પછી અનુચિત ભોજનનો ત્યાગ, ઉચિત ભોજન, પોષ્યનું પોષણ, તેમાં મા-બાપ આવી ગયા છતાં વિશેષ પ્રકારે માતા-પિતાની પૂજાનો ગુણ જુદો; પછી અતિથિ સાધુ દીનનો યથાયોગ્ય સત્કાર, ચારિત્રપાત્ર તથા જ્ઞાનવૃદ્ધની સેવા. આ અગીયાર કર્તવ્ય. પછી સત્સંગ, શાસ્ત્ર-શ્રવણ, બુદ્ધિના આઠ ગુણ; ત્યાર પછી સત્સંગ, શાસ્ત્ર-શ્રવણ, ત્યાર પછી પાપભીરુતા, વિશેષદર્શિતા, દીર્ઘ દર્શિતા. **વિશેષ-દર્શિતામાં જોવાનું છે, વસ્તુનું સ્વરૂપ; દીર્ઘદર્શિતામાં વસ્તુનું પરિણામ.** વળી બે ગુણ બલાબલની વિચારણા, અને સૌમ્યતા. એમ આઠ ગુણ કેળવવાના. હવે આઠ દોષ ત્યજવાના, દુરાગ્રહનો ત્યાગ, છ આંતર દુશ્મનોનો ત્યાગ, તે જ હેતુ માટે પાંચેય ઈન્દ્રિઓની ગુલામીનો ત્યાગ, ઈન્દ્રિયો જો મકરકુદીઆં ન કરે, તો આંતર દુશ્મનો ધમાધમ ક્યાંથી કરે ? પછી નિંદાનો શો ખપ ? માટે નિંદાનો ત્યાગ.

**નિંદા અને તે કોની ? :-**

પોતાનું હું પદ જાગે ત્યારે બીજાની નિંદા થાય. બીજાને હલકો પાડવો હોય, તેના પર દ્વેષ હોય, તો તેની નિંદા થાય. જો નિંદા નથી કરવી તો દ્વેષની જરૂર શી ? ગુણ જુઓ ! જગતમાં દોષવાળા અઢળક છે; ગુણવાળા થોડા. અનંતાનંત નિગોદના જીવોમાં એકે ય ગુણ નથી. વિકલેન્દ્રિયમાં પણ ગુણ નથી, 'ખાવું, ભેગું

કરવું ને ભોગવવું,' આ સંજ્ઞા છે. પંચેન્દ્રિયની ચાર ગતિમાં માર્ગાનુસારી કેટલા ? મનુષ્યોમાં કેટલા ? ઊંચા ગુણની વાત પછી ! મુંબઈ બાર ગાઉની ગણીએ તેના હિસાબે એક વેંત, એ ન્યાયે આપણી દુનિયાના હિસાબે વર્તમાન (દેખાતી) દુનિયા તેટલી ગણાય. એવી આજની દુનિયામાં મનુષ્યો સવા બે કે અઢી અબજ, તેમાંથી માર્ગાનુસારિતાના ગુણવાળા સવા બે કરોડ નીકળે ? ના ! એટલે ? સોમો ભાગ પણ નહિ ને ? આ તો આજની મનુષ્ય દુનિયાના હિસાબે આ વાત છે. દુનિયાના તમામ જીવોના હિસાબે પ્રમાણ કેટલું ? કાંઈ નહિ. અલબત્ત જૈનેતરોમાં પણ ગુણોવાળા હોય છે. છતાં જૈન કુળમાં આવનારો ઘણી યોગ્યતા લઈને આવે છે. આત્માના અહીંના ગુણમાં ફરક કેટલો ? મિથ્યામતમાં રહેલ તામલી તાપસના સાઠ હજાર વર્ષના તપ કરતાં સમ્યગ્દૃષ્ટિની નવકારશીનું મૂલ્ય શાસ્ત્રે વધારે કહ્યું છે. અહીં તત્ત્વરુચિ છે, સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધા છે, સર્વજ્ઞ ભગવાને કહેલ યથાર્થ વિરતિમાર્ગનું ધ્યેય છે; માટે અહીં ગુણ કિંમતી છે. **તમે નિંદા કોની કરવાના ? આવા વિશિષ્ટ ગુણોવાળાની ને !** ઢેડ-ભંગી કે બ્રાહ્મણ-વૈષ્ણવની નથી કરતા, પણ શ્રાવકની કરો છો ને ? નિંદાનું પાત્ર આ ? આગળ વધાય તો, દોઢ ઈંચની (જીભ) કુદાકુદ કરે તો સાધુની નિંદા પણ સહી ! વાહ જીવન ! સાધુ અને શ્રાવકની નિંદા ? આત્મા ગમાર છે એટલે એને આ વાતનું ભાન નથી. શ્રાવકના ગુણ કેવાં ? **શ્રાવકમાં કોઈ દોષ હોય, ઓછપ હોય, છતાં ય તેની નિંદા ન થાય; કેમકે એને વીતરાગ પર પ્યાર છે એ ઓછો ગુણ છે ?** એ ગુણનું મૂલ્ય ન અંકાય. મહાવીરની વફાદારીને આગળ ધરે, એની નિંદા ? **ઘઉંમાં કાંકરા હોય, પણ દૃષ્ટિ ઘઉં પર રાખો.** બીજાની નિંદા થાય છે, 'કેવો દંભી છે ! વીતરાગની સેવાના કેવા ઢોંગ કરે છે ?' પણ આપણામાં દંભ કે ઢોંગ નથી ? શ્રાવકની જ નિંદા એટલે જગત સારું, અને નિંદા પાત્ર શ્રાવકો ! એમ ? ભક્તિના પાત્રને નિંદાનું પાત્ર બનાવતાં કેટલી અધમતા ? કેટલાં પાપના થોક ?

**પ્રશસ્ત રાગદ્વેષ કયા ? તે, કે જેના મૂલમાં વૈરાગ્ય હોય :-** તમારી વાત દૂર રહી, સાધુને પણ નિંદાને અંગે બે વખત હાજરી ભરવી પડે ! પ્રતિક્રમણ વખતે પશ્ચાત્તાપ કરવાનો, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાની આશાતના થઈ હોય તેનો મિથ્યાદુષ્કૃત દેવાનો. પાપમાં બેઠેલા પણ શ્રાવકની નિંદા ત્યાગી સાધુથીયે ન થાય; તો ઘરબારી તમારાથી થાય ? ઘરના ખૂણે નિંદાથી શું વળવાનું, નિંદા કરીને આ જ સુધી તમે સેવા કેટલી કરી ? કોઈપણ સંસ્થા કે સમાજનો સુધારો નિંદાથી નહિ થાય. પુરુષાર્થ હોય તો તાકાત બતાવો કે જેથી મહાવીરના નામે મહાવીરની ખોદણી કરતાં અટકે. **નિંદા એ



વાણિઆવટ છે, સુધારવાનો પ્રયત્ન એ ક્ષત્રિયવટ છે.** પહેલી વાત એ કે નિંદાને સમજતા જ નથી, બહુ વ્યાખ્યાન સાંભળ્યા હશે તો પ્રશસ્ત-રાગ-દ્વેષનું પૂછડું પકડી લેશે ! લાગણીનું પૃથક્કરણ કરો. પ્રશસ્તના નામે ઘણું અપ્રશસ્ત ચાલે છે. પ્રશસ્તની વ્યાખ્યા કઈ ? કયો રાગ પ્રશસ્ત ? **જેના મૂળમાં વૈરાગ્ય હોય તે રાગ પ્રશસ્તરાગ.** મહાવિરાગી વાલી મુનિને તીર્થ પર રાગ હતો એ પ્રશસ્ત; તેમ તીર્થનું નિકંદન કાઢવા તૈયાર થનાર રાવણ પર દ્વેષ હતો એ પ્રશસ્ત કેમકે એ બન્નેના મૂલમાં વૈરાગ્ય છે. કેઈક જીવો આ તીર્થથી તરે, તેનું નિકંદન વળવા દેવાય ? જગતના પદાર્થોના નાશની પરવા નહિ; કેમકે એ કાયમ રહે તો નિકંદન નીકળે. ચિત્રાવેલી હાથમાં આવી તો ધણી-ધણીયાણી ટૂકડા કરી ખાઈ ગયા, વિચાર્યું કે, એ કેઈકનું નિકંદન વાળશે. તીર્થ કાયમ રહે તો નિકંદન નહિ, તીર્થથી તો આબાદી થાય ! વીતરાગદેવની સ્પર્શના રાગ-દ્વેષને હલાવે. **વીતરાગનાં દર્શન કરતાં રાગદ્વેષ હલે નહિ, પાતળા ન થાય, માનો દર્શન (FAIL) નિષ્ફળ ગયું ! અને (FAIL) ગયું જણાતાં ધર્મીને તો આંખમાં પાણી આવે. અંતરના રાગદ્વેષ હલી ઉઠે તે વિરાગદશા.** સામાન્ય વ્યાખ્યા આ. આ નાથનો સેવક કુપાત્ર એવા રાગદ્વેષના હિંચોળે હિંચે ? ક્ષત્રિય-ક્ષત્રિયાણીથી કે વફાદાર માતાના હાથે હિંચોળાય પણ ભંગણીના હાથે ન જ હિંચોળાય. રાગદ્વેષ તો ભંગી જેવા છે. એના હિંડોળે કોણ હિંચે ? વાલીમુનિને તીર્થ પર રાગ હતો અને તેનો નાશ કરવા તત્પર બનેલા રાવણ પર દ્વેષ હતો, પણ બન્નેના મૂલમાં વૈરાગ્ય હતો. પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ આ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૨૦,તા.૩૧-૧-૧૯૫૯

## ૧૯ સંસારની જડ

**સંભ્રમ એટલે ? :-**

પેલો નાનો ભાઈ સંન્યાસી તો બાકીની અડધી તુંબડી સુવર્ણરસ ભાઈને આપી દેવા ત્રણસો શિષ્યોના જુથ સાથે ચાલ્યો. ચાલતાં ચાલતાં ત્યાં પહોંચ્યો કે જંગલમાં જ્યાં એ ભાઈ મુનિ કાઉસ્સગ્ગ-ધ્યાને ઊભા હતા. ભાઈને દૂરથી જોતાં હૈયામાં સંભ્રમવાળો પ્રેમ ઊભરાયો, 'ઓહો ! બાર વર્ષે ભાઈનો ભેટો થયો ! અમે રામ-લક્ષ્મણની જોડી છતાં બાર વર્ષનો વિયોગ થયો !' સાચો પ્રેમ તે કે જે સંભ્રમવાળો હોય.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**પ્ર.**- સંભ્રમ કોને કહેવાય ?

ઉ.- સંભ્રમ એટલે શી વ્યાખ્યા બતાવવી ? પાંચ વર્ષથી દીકરાનો પત્તો મળતો ન હોય અને છાપામાં સમાચાર વાંચતા જે આનંદનો ઊભરો ઉઠે, તે સંભ્રમ. બજારમાં બસો ન મળતા હોય અને વીશ હજાર મળી જતાં જે લાગણી અનુભવાય તે સંભ્રમ. પાંચ, પચાસ કે સો સારા ડોક્ટરોએ હાથ ખંખેરી નાખ્યા હોય, કહ્યું હોય, 'આ ક્ષય છે, કેન્સર છે, નહિ મટે !' એવામાં કોઈ કિમિયાગર આવીને કહે, 'એ બધા ગમાર છે. અમારી આર્ય વિદ્યામાં એવા નુસખા છે કે જેથી ચાર દિવસમાં મટાડીશ, ન મટાડું તો રૂપિયા હજાર હારું.' આ સાંભળી જે ઝણઝણાટી થાય તે સંભ્રમ. ગળગળાપણું થાય, હૃદયના તાર ઝણઝણે તે સંભ્રમ. ભલે ક્ષણ પહેલાંની સ્થિતિ ઠરેલી (શાંત) હોય પણ પછી આત્મપ્રદેશોમાં ધમાધમ આત્મપ્રદેશો રણઝણે તે સંભ્રમ. સાચો પ્રેમ તે સંભ્રમ. પરમાત્માના દર્શનમાં જો સંભ્રમ ન થાય તો એ પ્રેમ લદ્દબદ નહિ, લૂખો ! આંબેલની લૂખી નોકારશી-જમણના નોતરે આનંદ ન થાય ને ? પ્રભુને જોતાં, સ્તુતિ કરતાં, પૂજા કરતાં, સાથીઓ કરતાં, ફળ મૂકતાં, ચૈત્યવંદન કરતાં, સુંદર સ્તવન ગાતાં સંભ્રમ થવો જોઈએ, એમ થાય, 'અહો ! આ નાથ કેટલે કાળે મળ્યા ! અનંત પુદ્ગલ પરાવર્તમાં ન મળ્યા તે આજ મળ્યા. ધન્ય ભાગ્ય ! આ સંભ્રમ. એમ નવકારવાળી, સામાયિક, પ્રતિક્રમણ, ત્યાગ, તપસ્યા, હરેક સાધના સંભ્રમવાળી જોઈએ.

**સંભ્રમના ચમત્કાર :-**

સંભ્રમ એક મહાન ગુણ છે. **ધર્મની આરાધનામાં સંભ્રમ ગુણ ભળવાથી એની ચમત્કારિક અસર થાય છે.** શાલિભદ્રના જીવે પૂર્વભવમાં થાળી-ખીરનું દાન કર્યું એમાં સાથે સંભ્રમ ગુણ ભળેલો હતો તો એ દેવતાઈ વસ્ત્ર-ભોજન અને અલંકારની નવાણું પેટીની રોજ રોજની નવી ભેટ પામ્યો; એટલું જ નહિ પણ ઘડીના છઠ્ઠા ભાગમાં એનો પણ ત્યાગ કરવાનો ભગીરથ પુરુષાર્થ કેળવી શ્રી મહાવીરપ્રભુ પાસે ચારિત્ર પામ્યો. સંભ્રમમાં શું કર્યું એણે, જાણો છો ? ઘર બહાર મુનિને જોતાં હર્ષિત થઈ ગયો, વિચારવા લાગ્યો, **'અહો ! કલ્પવૃક્ષ મારા આંગણે ? વહોરાવી દઉં આ બધી ખીર એમને ! આને મારા પાપી પેટમાં ઘાલીશ તો માટી થશે, મુનિને દઈશ તો અમર ભોજન થશે ! હું રાંક, ને મારે ત્યાં આ રત્ન (મુનિ) ક્યાંથી હોય ?'...** ચાલ્યું કામ આગળ ઉછળતા ભક્તિતરંગોનું - આ બધા સંભ્રમભર્યા વિચારો પછી તો મુનિને ઘરમાં નોંતરતાં સંભ્રમ ! ખીર લેવા અને ગરીબને પાવન કરવાની આજીજી કરતાં સંભ્રમ ! અને આખી થાળી પાત્રમાં ઠાલવી દેતાં. મહાસંભ્રમ ! આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યા ! વાણી ગદ્ગદ બની ગઈ ! મહાત્માનો મારા પર કેટલો અપાર



ઉપકાર, એ વિચારે દિલ ભરાઈ આવ્યું ! કાયાથી જાણે નાચવા લાગ્યો, 'ધન્ય ઘડી, ધન્ય અવતાર !' આ બધો સંભ્રમ ગુણ, ન મળ્યાનું મળ્યું, ન દેખ્યાનું દેખ્યું, ન સાંભળ્યાનું સાંભળ્યું ! અપૂર્વ લાગે, અકલ્પ્ય લાગે, અસંભવિત બની આવ્યાનું લાગે ! ક્રિયા ન હોય, ખાલી પ્રેમ કરવાનો હોય તો ય એમાં સંભ્રમ ભળવાથી 'શી વાત !' એમ લાગે. પ્રભુના દર્શન પ્રભુને નમન કે ગુરુને વંદન, પણ સંભ્રમ વિનાના ય હોય, અને સંભ્રમવાળા ય હોય. અરે ! એક નવકારમંત્રનું સ્મરણ પણ સંભ્રમવાળું અને સંભ્રમ વિનાનું, એમ બે જાતનું હોય. પણ સંભ્રમવાળાની કિંમત ઊંચી ! ઉપદેશ સાંભળવામાં તો ખાસ સંભ્રમ ગુણ જોઈએ. જિનેશ્વર ભગવાનની વાણીના એકેકા બોલ સાંભળવા પર મનને ચમત્કાર લાગે, અપૂર્વ રત્નો મળતાં લાગે, વાતે ય સાચી છે કે ચૌદ રાજલોકના વિરાટ વનમાં રખડતા જીવને જિનવાણીના અક્ષર ક્યાં મળતા હતા ? તે ન મળ્યા માટે તો ભટકવાનું કર્યું. અહીં એ મળે છે એ સહરાના રણમાં મીઠા પાણીની વાવડી મળી ! પછી કેમ સંભ્રમ ન થાય ? ચૈત્યવંદન શું કે પ્રતિક્રમણ શું, સૂત્રનો એકેક શબ્દ બોલાય તે સંભ્રમ સાથે બોલાવો જોઈએ.

સંભ્રમ હોવા ન હોવા ઉપર ક્રિયાના ફળમાં ઘણું અંતર ! સંભ્રમ વિનાની ક્રિયાનું ફળ નાનું, સંભ્રમવાળી ક્રિયાનું ફળ મોટું, ઘણું મોટું. માટે ધર્મની આરાધના સંભ્રમ સાથે કરો.

**• સમાપ્ત •**



૨૦

# જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**સર્વવિરતિની તાકાત ખીલવવા તથા તે પામવા દેશવિરતિની યોજના છે :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પ્રથમ પંચાશકને વિષે સર્વવિરતિના સામર્થ્યના અભાવવાળા જીવો માટે, તેવી તાકાત મેળવવા દેશવિરતિ ધર્મની યોજના કહે છે. **સમ્યગ્દષ્ટિ આત્માને સર્વવિરતિ મેળવવાના કોડ સાથે સર્વવિરતિ માટેની તાકાત ખીલવવાની ધગશ છે. જ્યારે દેશવિરતિ આત્માને સર્વવિરતિ પામવાના કોડ સાથે, તે તાકાત ખીલવવાનો પુરુષાર્થ છે. એકને મનોરથ છે, બીજાનો પુરુષાર્થ છે.** દેવોના ભવમાં ય એ પુરુષાર્થ નથી. સર્વવિરતિની તાકાત ખીલવવાનો જોરદાર પુરુષાર્થ દેશવિરતિપણામાં છે. જ્ઞાનીએ એ પુરુષાર્થના બાર પ્રકાર બતાવ્યા. બારવ્રત એ જ બાર પ્રકાર. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. પ્રથમ વ્રત સ્થૂલથી હિંસાનું વિરમણ, બીજું વ્રત સ્થૂલથી મૃષા-વિરમણ, ત્રીજું વ્રત સ્થૂલથી ચોરીનું વિરમણ, ચોથું વ્રત સ્થૂલથી અબ્રહ્મનું વિરમણ, પ્રથમના પાંચ અણુવ્રતમાં પહેલા ચાર અણુવ્રતમાં 'સ્થૂલ' એવો શબ્દ છે. પાંચમું વ્રત પરિગ્રહ-પરિમાણ વ્રત છે. ધન-ધાન્યાદિ પરિગ્રહની અમુક મર્યાદાનું વ્રત. એમાં 'સ્થૂલ' શબ્દની જરૂર નથી. 'પરિમાણ' શબ્દ જ એ વ્રતનું સ્વરૂપ જણાવે છે. જેમ પાંચમામાં તેમ છઠ્ઠામાં (પ્રથમ ગુણવ્રત)નું નામ દિક્પરિમાણ વ્રત છે.

**સંસારકેદની મુદત શાથી લંબાય છે ? :-**

પાંચમાં પરિગ્રહ પરિમાણવ્રતમાં જોઈ ગયા કે પરિગ્રહ એ સંસારની જડ છે, તેથી એનો સર્વથા ત્યાગ ન બને તો પણ એના પર કાપ તો અવશ્ય મૂકવો જોઈએ; અને જેટલો પરિગ્રહ રાખ્યો એના ઉપર પણ ગાઢ મૂર્ચ્છા-મમત્વ ન કરતાં એને ય ભયની દૃષ્ટિથી જોવો જોઈએ; કારણ કે **પરિગ્રહ ઉપર જ અનેકાનેક હિંસામય આરંભ-સમારંભો અને જૂઠ, અનીતિ વગેરે પાપો તથા રાગ-દ્વેષ, ગુસ્સો, ગર્વ, કપટ-કલહ વગેરે દોષ-દુર્ગુણો પોષાય છે, તેથી જીવને સંસારકેદની મુદત આગળ લંબાય છે !**

**સંસારમાં ચારેય બાજુ શું ચાલી રહ્યું છે ? :-**

હવે આપણે શ્રાવક-જીવનનું છઠ્ઠું વ્રત વિચારવાનું છે. એમાં જીવનમાં ચારેય



દિશા-વિદિશા અને ઊંચે-નીચે કેટલેથી આગળ ન જવું તેની મર્યાદા નક્કી કરવામાં આવે છે, પૂછો, શી જરૂર છે આની ? જરૂર ? જરૂર મોટી છે. તમે જાણો છો કે સંસારમાં ચારે ય બાજુ શું ચાલી રહ્યું છે. પાપ, પાપ ને પાપ સિવાય બીજું કાંઈ ખરું ? અલબત્ત સંસારમાં ધર્મી જીવો છે, જિન-મંદિરો છે, ધર્મસાધના છે, પરંતુ આપણે સંસારમાં લાંબા પહોળા જઈને શું કરવાના ? પાપ કે ધર્મ ? અરે ! એક નાનો જ પ્રસંગ જુઓને કે બજારમાંથી સાંજ પડ્યે ઘેર આવ્યા, પછી જમીને મનને એમ થાય છે કે, 'લાવ બહાર ફરી આવું.' તો બહાર નીકળીને કેટલા દેરાસરોનાં દર્શન અને કેટલા ગુરુમહારાજોની સેવા-વૈયાવચ્ચ કરી આવવાના ? કદાચ નહિ જ અગર કરો તો ય મામુલી ! અને,

**કેટલાં જડનાં દર્શન કરી ઈન્દ્રિયોની તૃપ્તિ-ઈતરાજી રકમ બંધ ઊભી કરી આવો ?**

**કેટલા રાગદ્વેષ પોષી આવો ? વિકથાઓ કેટલી ? નિંદા કેટલી ?**

**અલકમલકના કચરા મનમાં કેટલા ઘાલી આવવાના ?**

**એથી કેટકેટલી કુવિચારોની હારમાળા ગળામાં ઘાલી કર્મના થોકના ઈનામ લેવાના ?**

જ્યારે આટલામાં આટલું તો દુનિયામાં ચારે ય કોર ફરવાનું રાખ્યું હોય તો આત્મા પર કેટલા ભાર ચઢે ?

બીજી વાત એ છે કે કદાચ બહુ બધે ફરવાનું ન પણ કર્યું છતાં બહુ લાંબે ન ફરવાની પ્રતિજ્ઞા નથી તો ય એ જે છૂટ યાને અવિરતિ છે તેના યોગે પણ આત્મા પર પારાવાર કર્મના બંધનો લદાય છે.

માટે, એ બધાથી બચવા દિશા પરિમાણનું વ્રત કરવાનું છે. વેતરણ કરાવે છે. **અજ્ઞાન અને મૂઢતાને ખંખેરી નખાય, ને જ્ઞાન અને વિવેકને પ્રગટ કરાય, તો તો આ ભવની ભવ્ય તકના મૂલ્યાંકન થાય, ને જીવનને દગાભર્યા દુન્યવી પદાર્થો અને દુન્યવી વાતો ખાતર વેડફી ન નખાય.** મનોમન નિર્ધાર થઈ જાય કે- 'મારે માર્ગાનુસારીના ગુણો પહેલાં, અને સંસાર પછી. સગી બાયડી ખાતર પણ ગુણને કોરાણે ન મૂકું. કોને ખબર છે એ કેટલું જીવશે, ને હું કેટલું જીવીશ ? એને ય હું સમજ પાડું કે જો, માણસાઈ તો આ ગુણો હોય તો છે, નહિતર તો પશુ-જીવન સમજવાનું. ખાધું-પીધું કે સંઘર્યું - ભોગવ્યું એની કોઈ વડાઈ નથી.'

**અણુવ્રતને ગુણ કરે તે ગુણવ્રત :-**

પાંચમા વ્રતમાં જેમ પરિગ્રહનું પરિમાણ છે, તેમ છઠ્ઠા વ્રતમાં દિશાનું પરિમાણ કરવાનું છે. પહેલાં પાંચ વ્રતો અણુવ્રતો છે, જેનાં નામો જોઈ ગયા. પછી

દિક્પરિમાણવ્રત, ભોગોપભોગપરિમાણવ્રત તથા અનર્થદંડ વિરમણવ્રત, આ ત્રણ ગુણવ્રતો આવે છે. અણુવ્રતોને ગુણ કરે તે ગુણવ્રત. ઔષધથી આરોગ્ય પ્રાપ્ત થાય છે, પણ પ્રાપ્ત થતા આરોગ્યને ગુણ કરનાર પથ્ય છે. આત્માને આરોગ્યની પ્રાપ્તિ માટે ઔષધરૂપે પાંચ અણુવ્રતો છે, અને એથી પ્રાપ્ત થતા આરોગ્યને ગુણ કરનાર ગુણવ્રત સહાયક છે. પાંચમા અણુવ્રતના ઉપકાર માટે તરત જ પ્રથમ દિક્પરિમાણવ્રત છે, કેમકે તે પાંચેય વ્રતને ગુણ કરે છે. દા.ત. દિક્પરિમાણવ્રત એટલે કે દિશાઓનું પરિમાણ જો ન કર્યું હોય, ને બધે જવાની છૂટ હોય, તો દોડધામ કરી બધે જવાય અને ત્યાં પરિગ્રહના ઢગલા દેખાય, ઉલેચી લાવવાની શક્યતા દેખાય, પછી પરિગ્રહના પરિમાણના વ્રતમાં એને એટલો આનંદ ન રહે. એને થાય, 'પરિગ્રહનું પરિમાણ રાખવામાં ભૂલ થઈ, ઉતાવળ થઈ, કલકત્તાનો (ત્યાંના વ્યાપારાદિનો) તો ખ્યાલ જ ન કહ્યો !'

**જ્યાં ત્યાં ફરનારાને પાપ વધે છે : ધર્મ નથી વધતો :-**

બહુ ફરવાનું જેણે ઓછું કર્યું તેણે જીવનમાંથી ઘણાં પાપોને ઓછાં કર્યા. જોશો તો દેખાશે કે, બહુ (જ્યાં ત્યાં) ફરનારાને પાપ વધ્યા હશે, ધર્મ નહિ વધ્યો હોય. સાધુની વાત ન્યારી, ત્રણેય ગુણવ્રતો પથ્યનું કામ કરે છે. જેટલો ત્રણ ગુણવ્રતોનો વિકાસ તેટલો પાંચે ય અણુવ્રતોનો વિકાસ, આત્માના આરોગ્યનો વિકાસ, બહુ હરનારો-ફરનારો ને જ્યાં ત્યાં જનારો મગજમાં અનેક પાપ-વાતોનાં ભૂંસાં ભરી લાવશે, ધર્મ-વાતો નહિ લાવે. અરે ! તીર્થની યાત્રાના સ્થળે ગયો હોય એની જ વાત કરોને ! તીર્થ કરવા ગયો એમ નહિ, પણ ફરતો ફરતો તીર્થમાં આવી ગયો હોય, તે ભગવાન તથા તીર્થની જ યાદગીરી લાવશે કે મગજમાં બીજું કંઈક ભરી લાવશે ? જે કેવળ તીર્થયાત્રાએ જાય અને એટલું જ કરે, બીજે નજર પણ ન કરે એની જૂદી. એવા કેટલા ? શિખરજીની યાત્રાએ ગયા, વચ્ચે કેઈક અલબેલી નગરીઓ આવે, 'આ મશીદ, આ કિલ્લો...' વગેરે જોવાય કે નહિ ? તો પછી પૂછો કે તો શું જાત્રા ન કરવી ? ના, એમ નહિ, જાત્રા જરૂર કરવી, વાત દિક્પરિમાણ વ્રતની છે. માત્ર યાત્રાનો ખ્યાલ હોય એ વાત જુદી, પણ આ તો એ વિચારાય છે કે એ ખ્યાલ કેટલો અને બીજો કચરો કેટલો ? દિક્પરિમાણની કિંમત સમજનારાને જરૂર ખ્યાલમાં આવે કે જ્ઞાનીએ એ છટ્ઠા વ્રતની કરેલી યોજના યોગ્ય છે.

**અયોગ્ય દેશકાળમાં ન ફરવું એ માર્ગાનુસારીનો એક મુખ્ય ગુણ છે :-**

માર્ગાનુસારિતામાં પણ એવો ગુણ કહ્યો છે કે, અયોગ્ય દેશ તથા અયોગ્ય કાળમાં ન ફરવું. અયોગ્ય દેશ તથા તેવા કાલમાં નહિ ફરવાને માર્ગાનુસારીનો



ગુણ કેમ બતાવ્યો ? એટલા જ માટે કે દુનિયામાં બહુ ફરવા માંડ્યા, શું દેખાવાનું ? કહો કે, જન્મો-જન્મ જોવાના પ્રતાપે જે સંસ્કારો પડ્યા હતા, પણ નવા જન્મમાં તે સૂતેલા પડ્યા હતા, તેને જગાડવાનું, તાજા કરવાનું દેખાવાનું. છોકરાને નાનપણથી અમુક આદત પાડી હોય, કાળજામાં ઠોકી ઠોકીને શિખવ્યું હોય, 'આપણાથી નાટક-સિનેમા ન જોવાય, એ તો બહુ ઝેરી, આપણું કુલ ઘણું ઊંચું ! જેના યોગે ઘણાં પાપો હલકા થાય. જ્યારે, ત્યાં (સિનેમા-નાટકમાં) તો પાપ, પાપ ને પાપ !' એ છોકરાને કેટલો લાભ થાય ! જિંદગીમાં જે નાટક-સિનેમા ન જુએ તેને ભૂતકાળના પાપના ઘણા સંસ્કારો તાજા ન થાય. ભૂતકાળના સંસ્કારો ક્યાં ઓછા છે ? એકેક આકાશપ્રદેશને આત્મા અનંતીવાર સ્પર્શ્યો છે, એકેક યોનિમાં આત્મા અનંતીવાર ભટક્યો છે, ચોરાશી લાખ યોનિમાં, ચારે ગતિમાં ઓછું ભટક્યો છે ? આ આત્માએ કયો અનુભવ નથી કર્યો ? સિંહ, વાઘના ભવનો, કૂતરાના ભવનો, બિલાડાના ભવનો, ચકલા-ચકલીના ભવનો તેમજ દેવતાના જીવનનો, તમામ અનુભવ કર્યા છે.

**સામગ્રી મળે તેવા, અને તેટલા પ્રમાણમાં પૂર્વના સંસ્કાર તાજા થાય છે-**

કીડી, કેટલું નાનું પ્રાણી ! પણ શું કરે છે ? દાણાને દરમાં લઈ જઈને કોરી ખાય છે; મર્મને જ ખાઈ જાય છે, પછી એના પર ગમે તેટલો વરસાદ થાય, ઉગે નહિ. કીડી આ ક્યાંથી શીખી ? ભવેભવની કરામતો, યોનિ યોનિની કુનેહગીરી જીવને અભ્યસ્ત છે. સામગ્રી મળવાથી તે તાજી થાય છે. જેટલી જેટલી સામગ્રી મળે તેટલા તેટલા તે તાજા થાય છે. મનુષ્ય દેહમાં આવ્યા પછી તેવું શરીર નહિ વગેરે કારણે, અલબત્ત જંગલી જીવોની જેમ ફાડી ખાવાની બુદ્ધિ ન થાય. છતાં આમાં ય અપવાદ મળે. હમણાં જ એક એવો કિસ્સો જાહેરમાં આવ્યો છે. વરૂની જેમ ચાળા કરનારા એક છોકરાને હોસ્પિટલમાં રાખ્યો છે. નાનપણામાં એને કોઈ વરૂ ઉપાડી ગયેલું, એણે એને પાળ્યું, ઉછેર્યું. ભૂતકાળનો કાંઈ તેવો સંબંધ હશે. વાઘણ આખા જગતને ભરખી ખાય પણ બચ્ચાંને કેવાં પાળે ! પેલું બાળક વરૂની સાથે હર્યુ-ફર્યુ એટલે તેના જેવા ચાળા કરતું શીખ્યું, બચકાં ભરતાં, ફાડી ખાતાં પણ શીખ્યું. છે મનુષ્ય, પણ એનામાં જાણે મનુષ્યપણાની ગંધ નથી. મળી આવેલા એ છોકરાને હોસ્પિટલમાં રાખેલ છે, અને જેને તેને એ ફાડવા જાય તેથી બંધનમાં એને સાચવવો પડે છે.

જીવની પાસે અનંતા પાપના સંસ્કારો મોજૂદ છે. જેવી સામગ્રી મળે તેવા અને જેટલી મળે તેટલા પ્રમાણમાં તે જાગ્રત થાય છે.

**વધારે દેશોમાં ફરનારને કયા સંસ્કારો તાજા થવાના, ધર્મના કે પાપના ?**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

વધારે દેશમાં ફરવાથી પાપના સંસ્કારો તાજા થવાના કે ધર્મના ? કઈ સામગ્રી વધારે મળવાની ?

સભામાંથી :- ફરવાને અંગે આર્યદેશ તથા અનાર્ય દેશનો ફરક નહિ ? ફરક જરૂર, ઘણો ફરક. આર્ય દેશ તે આર્ય દેશ અને અનાર્ય તે અનાર્ય. વાત આર્ય દેશની ચાલે છે, અનાર્ય દેશમાં તો ધર્મ નથી એટલે પ્રશ્ન નથી. આર્ય દેશમાં ય વધારે ફરનારો લાવે ક્યા સંસ્કારો ? મુસાફરીએ ગયો, જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ખાનપાનની, પહેરવા-ઓઢવાની સામગ્રી, મોજ-શોખનાં સાધનો કેઈ નવનવાં જોવા મળે.

**લાવે કોણ ?**

દિક્પરિમાણવ્રતમાં દિશાઓમાં ફરવાને અંગે યોજનો આદિનું પરિમાણ કરવામાં આવે છે. પરિમાણ રાખી એ વ્રત ધારણ કરનારને જાગૃતિ રહે છે. કોઈ પ્રસંગ વ્રતમાં રાખેલા પરિમાણની હદ વટાવવાનો આવી જાય પણ એ આગળ ન વધે. એને વ્રત તરફ એટલો ખ્યાલ હોય છે કે આગળ વધવામાં કોઈ તેવા પ્રસંગે દેખીતું ધર્મનું પોષણ હોય તો પણ તેમ કરવામાં તે વ્રતની ઉપેક્ષા થઈ માને છે, માટે વ્રતને જ વળગી રહે છે.

**પ્ર :- એમ હોઈ શકે ?**

ઉ. :- હા, છઠ્ઠા વ્રતની પૂજાની ઢાળમાં તેવો પ્રસંગ બતાવ્યો છે; એક બાપ છે, તેને એક દિકરો છે, તેણે દિક્પરિમાણવ્રત યાવજ્જીવ માટે લીધું છે. તેમાં સો જોજનનું પરિમાણ રાખ્યું છે. સો જોજનથી આગળ ન વધવાનો આખા જીવન માટે તેને નિયમ છે. હવે એકવાર એવું બને છે કે એના દિકરાને અચાનક સાપ કરડે છે, સાપ કરડતાં જ તે નીચે પડ્યો, થોડી વારમાં મૂર્ચ્છિત થયો. મુંઝવણ થઈ, કરવું શું ? ઉપચારો શરૂ થયા, કાંઈ બાકી રહે ? મંત્રવાદી, તંત્રવાદી અનેક આવી ગયા, અનેક પ્રયોગો થયા પણ કોઈનું કાંઈ ચાલતું નથી. એવામાં એક પરદેશી માણસ ત્યાં આવી ચડે છે, તેને પણ ઉપાય પૂછવામાં આવે છે એ કહે છે, "ઉપાય તો છે પણ એ વનસ્પતિ અહીંથી બહુ દૂર છે. તે હાજર હોય તો તરત ઝેર ઉતરી જાય." ઉપાય તો જાણવા મળ્યો પણ એ ઔષધિ લાવે કોણ ? એનું સ્થળ એકસો દશ યોજન દૂર છે. ચાલીને જાય અને લઈને આવે તેટલામાં તો બાળક ખતમ થઈ જાય ! ખૂબી એ છે કે જેને વ્રત છે (સર્પ કરડ્યો છે તેનો બાપ) તેની પાસે ધર્મના યોગે આકાશગામિની વિદ્યા છે. આમ છતાં પ્રશ્ન છે કે, **ઔષધ લાવે કોણ ? આવા આગ્રહમાં કારણરૂપ દયા છે કે મોહ ?**

તમને થશે, એવો પ્રશ્ન કેમ ? એ જ પ્રશ્ન છે. એની પાસે ભલે



આકાશગામિની વિદ્યા છે પણ સો જોજનથી આગળ ન વધવાનું એને યાવજ્જીવને માટે વ્રત છે, તેથી એ જવા તૈયાર નથી. એનો બાપ એને કહે છે, 'તારી પાસે વિદ્યા છે, જા ! ઔષધિ લઈ આવ. તો આ બાળક બચી જાય !' કેવો પ્રસંગ ! પોતાના દિકરાને સાપ કરડ્યો છે, પોતાની પાસે વિદ્યા છે, ઔષધિ આવે તો પુત્ર બચે તેમ કહેવામાં આવે છે. પોતાનો બાપ તેને જવાનું કહે છે, કેવો કટોકટીનો પ્રસંગ ! આટલું છતાં પોતે પોતાના વ્રતને આગળ ધરીને જવાની ના કહે છે. આ એક ગંભીર પ્રસંગ છે. પરિગ્રહ પરિમાણમાં પણ ગંભીર પ્રસંગ આવે. વેપારમાં કમાઈ વધ્યે જતી હોય પરિમાણથી પરિગ્રહ વધતાં ભલે પોતાના તરીકે રાખે નહિ, પણ સ્વાર્થ માટે નહિ કિંતુ પરમાર્થ માટે રાખું તો શો વાંધો ?' એવી મનમાં મુંઝવણ થાય. અહીં પણ એવી મુંઝવણ થાય, 'જવામાં શું વાંધો ? બીજું કાંઈ નહિ તો જીવની દયા તો ખરી ને !' મુંઝવણ રહ્યા જ કરે કે, 'સો જોજનથી વધારે ન જવાનું વ્રત સાચું, પણ આવા આગાઢ કારણે તેમાં છૂટ હોય કે નહિ ? છૂટ ન રાખી હોય તો ય પેટામાં આવે કે નહિ ? આ છોકરાની દયા માટે વ્રત કરતાં અધિક જવામાં ધર્મ વધે કે ઘટે ?'... આવી મુંઝવણ થાય.

**માણસનું ગણિત શું કામ લાગે ? :-**

કેવો સંસારની વિચિત્રતાનો પ્રસંગ ! મોટા બે, બાપ અને બાપનો બાપ અખંડ ઊભા છે, અને નાના છોકરાને સાપ કરડ્યો છે ! **માણસનું ગણિત આમાં શું કામ લાગે ?** ગણિત સમજો છો ને ? જીવનમાં જરા ય વાંધો વિઘ્ન ન આવે, માટે અમે આમ ગોઠવણ કરી દઈએ, એ ગણિત, વાંધાનો સંભવ ઊભો થવાનો હોય તો પહેલાં વાંધો બહુ જીવેલાને ઊભો થાય નાનડિયાને નહિ; એ ગણિત. પ્રેમપાત્રને વાંધો ન આવવા દેવા માટે અમે બરાબર સાવધાન રહીએ પછી એનો વાળ વાંકો કરનાર કોણ છે, એ ગણિત. આવા આવા તો કેઈ ગણિત ધારી મૂક્યા હોય છે ! પરંતુ **કર્મના ઉદય અને ભાવી ભાવ અર્થાત્ ભવિતવ્યતા એ બધાં ગણિત ખોટાં પાડે છે.** ત્યારે જ કર્મ અને ભવિતવ્યતાની જ્યાં જોહુકમી અને પ્રધાનતા છે, એવા સંસારની દગાખોરી પર વિવેકી માણસ સાવધાન બની જાય છે. વિશ્વાસઘાતી મિત્રના સંસર્ગમાં કદાચ રહેવું પડ્યું હોય તો જેમ ભય, શંકા અને દુઃખપૂર્વક રહેવાય, એવી રીતે સંસારવાસમાં રહેવું જોઈએ. સંસારને સારભૂત નહિ પણ અસાર, તુચ્છ અને અનાદરણીય લેખાય. તમારા આત્માને પૂછી જુઓ કે,

આજ સુધીમાં તમારા માંડેલા કેટલાં ગણિત ખોટાં પડ્યાં ?
કરી રાખેલી કેટલી ધારણાઓ ધૂળમાં મળી ?
સેવેલી કેટલી આશાઓ ફળીભૂત ન થઈ ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

હેં ! એકે ય નહિ ? કે ઘણી બધી ? તો પછી સંસારવાસ સુખકારી કે દુઃખકારી ? જે નોકર તમારું મામુલી ગણિત સાચવે, અને ઘણાં ગણિત પર ચોકડાં પાડે, આછાં ગણિત સાચાં નીવડવા દે, અને કિંમતી ગણિત ખોટાં પાડે, થોડી ધારણાઓ સફળ કરી આપે, ને ઘણી પર ધૂળ ફેરવે એવો નોકર સુખકારી લાગે કે દુઃખકારી ? એવા નોકરથી થોડાં કામ મનગમતાં થતાં પણ હોય, છતાં સરવાળે ખેદ રહે કે આનંદ ? નિર્ભયતા રહે કે ભયભીતતા ? બસ, સંસારમાં પણ એ જ રીતે સમજવાનું છે. **વિવેકી સમજુ આત્માને સંસાર સાથેની દોસ્તી ભય ભરેલી લાગે. સંસારનો પત્તો નહિ ક્યારે દગો દેશે !** ક્યારે ઊંધું મારશે ! માટે જ,

**કોની ખાતર ગુણો ગુમાવાય છે ?**

એવા સંસાર અને સંસારના પદાર્થો ખાતર માર્ગાનુસારીના ગુણો જતા ન કરે, ગુણોનો ભંગ ન કરે. કહો તો ખરા કે ન્યાય-સંપન્નતા કોની ખાતર ચૂકો છો ? પૈસાના કે માનપાનના લોભની ખાતર જ ને ? એટલે ભયજનક સાંસારિક પદાર્થો ખાતર જ ને ? અનુચિત ખર્ચ, અનુચિત સંબંધ, અનુચિત વેશ, એ બધું એની જ ખાતર ને ? ઇન્દ્રિયોની ગુલામી અને કામક્રોધાદિ આંતર શત્રુઓના સેવન ભયભર્યા સાંસારિક પદાર્થો માટે જ ને ? માતાપિતાની પૂજા-ભક્તિ ચૂકાય છે તે દગાખોર દુન્યવી લાલસાઓ પાછળ જ ને ? પરોપકાર, સૌમ્યતા, દીર્ઘદૃષ્ટિ, સરળતા ઈત્યાદિ ગુણો કમાઈ લેવાનું કોણ નથી કરવા દેતું ? વિશ્વાસઘાતી સાંસારિક વસ્તુઓ જ ને ? **અજ્ઞાન અને મોહમૂઢ દશા હલકા ભવોમાં તો પાળી-પોષીને ઊભી રાખી, પરંતુ ઉચ્ચ માનવ ભવમાં ય જો ઊભી રખાય ત્યારે કમનસીબી અને અધઃપતનની હદ આવી જાય છે !** એ જ બધું ઊંધું.

દિશાપરિમાણ-વ્રતના મહત્ત્વને અનેક દૃષ્ટિબિન્દુથી સમજનારો આ શ્રાવક વ્રત પાળવા માટે કટીબદ્ધ છે; અને પુત્રમોહથી વ્રત તોડવા માટે કોઈ પણ હિસાબે તૈયાર નથી, ત્યારે એ વસ્તુને નહિ સમજનાર એનો બાપ વ્રત ઓળંઘી આગળ જવા આગ્રહ કરે છે અને દિકરો ના પાડતાં કહે છે, 'તમે પૌત્ર ઉપર મોહાંધ છો માટે મને વ્રત તોડીને જવાનું કહો છો. અહીં જીવની દયાના કારણે તમારો આગ્રહ નથી, પણ પૌત્રના મોહના કારણે આ આગ્રહ છે.' બાપ આગ્રહ કર્યા કરે છે, 'અરે ! આ દિકરો ચાલ્યો જશે !' આ વ્રતધારી તો ના પાડે છે.

સભામાંથી :- અનુકંપા તો ખરી ને ?

**અનુકંપા કરતાં વ્રતની કક્ષા ઊંચી છે. અનુકંપા ઉપાદેય છે. ઉપાદેય એટલે કર્તવ્ય.** અરે ! ઔચિત્ય પણ કર્તવ્ય છે. રાજા આવ્યો હોય તો, જો કે એ સુપાત્ર નથી, તેમ રાજા છે એટલે અનુકંપાનું પાત્ર પણ ન ગણાય, છતાં ય તેનો આદર



કરી ચાંદીના પાટલે બેસાડવાનું ઔચિત્ય સાચવવું પડે. ઔચિત્ય પણ કર્તવ્ય, અને અનુકંપાય કર્તવ્ય.

પ્રશ્ન :- અનુકંપામાં ઔદયિકભાવ કે ક્ષાયોપશમિક ?

**ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ :-**

આ શબ્દો મોટા છે, પણ એનો અર્થ સમજવો અઘરો નથી, માટે શબ્દથી ગભરાશો નહિ. સીધી વાત એટલી સમજી રાખો કે આત્મામાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હર્ષ-શોક, ભય, વગેરે જે લાગણીઓ ઉદ્ભવતી અને ચાલુ રહેતી દેખાય છે, એ બધી મોહનીયકર્મના ઉદયને આભારી છે. આત્માના મૂળ સ્વરૂપમાં કાંઈ એ ભાવો નથી; પરંતુ આત્મામાં Foreign matter પરદેશી તત્ત્વ કર્મ ભળ્યું. એથી રાગ, દ્વેષ વગેરે ભાવો દેખાય છે.

ત્યારે એમ નહિ કહેતા કે,

'તો પછી અમને રાગ, દ્વેષ વગેરે થાય એમાં અમારો વાંક નથી, અમે નાઈલાજ છીએ કેમકે એ તો કર્મના ઉદયે થઈ જાય છે.'

**કર્મને ત્રણ રીતે તોડી-ફોડી શકાય :-**

આવું બોલશો કે માનશો નહિ; કારણ કે રાગ, દ્વેષાદિ થવામાં કર્મના ઉદય કારણ ખરા, પણ તે ઉદય તાણી લાવેલા ઉદય, અથવા નિયંત્રણમાં નહિ લીધેલા કર્મના ઉદય. ઉદયને તાણવામાં ન આવે, અર્થાત્ ઉદયને જાગવાનું નિમિત્ત આપવામાં ન આવે, તો બચી શકાય. તેમ, ઉદયને નિષ્ફળ કરાય, તો બચાય. એનો અર્થ એ, કે **વૈરાગ્ય, ક્ષમાદિની ભાવનાઓ વગેરેથી (૧) એ કર્મના ઉદયને જાગતા અટકાવી શકાય છે. (૨) જાગેલાને રૂંધી નિષ્ફળ કરી શકાય છે, તેમજ (૩) કર્મના વિપાક-ઉદયને અટકાવી, પ્રદેશ-ઉદય દ્વારા લુખ્ખે લુખ્ખા ભોગવી રદ કરી શકાય છે.** તાત્પર્ય, એ કર્મોને પ્રયત્ન દ્વારા તોડી-ફોડી શકાય છે. આવું શક્ય ન હોત, તો કોઈનો મોક્ષ જ ન થઈ શકત. કેમકે કર્મો અવશ્ય ઉદય દ્વારા રાગ, દ્વેષાદિ કરાવ્યા જ કરત અને પછી તેના અંગે નવાં નવાં કર્મ બધાયા જ કરત. માટે એવું નથી; પણ પ્રયત્ન દ્વારા કર્મને તોડીફોડી શકીએ છીએ.

# ૨૧ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**કર્મો તોડવાના પ્રયત્ન કયા ?**

પ્રયત્ન અનેક પ્રકારના છે.

(૧) પહેલો તો એ અટલ શ્રદ્ધાનો યત્ન, કે આપણા કલ્યાણ માટે રાગ, દ્વેષ, કષાયો નહિ કરવાનું તીર્થંકર ભગવાને ફરમાવ્યું છે, તો કેમ આપણે જિનના સુપુત્ર જિનની આજ્ઞાને માથે ન ચઢાવીએ ? જનની આજ્ઞા બહુ માની, હવે જિનની આજ્ઞા બહુ માનવાના રસ્તે લાગી જઈએ.

(૨) બીજો પ્રયત્ન એ કે આપણને મળેલી મહાકિંમતી બુદ્ધિશક્તિ દ્વારા રાગ-દ્વેષાદિ કષાયોથી નીપજતા ભવભ્રમણ સુધીના ભયંકર અનર્થ વિચારીએ, રાગ-દ્વેષાદિમાં પોષાતી આત્માની માયકાંગલાગીરી પરવશતા, અને ધર્મભ્રષ્ટતા વિચારીએ.

(૩) ત્રીજો પ્રયત્ન એ કે ખુદ તીર્થંકર ભગવાને અનંત બળ છતાં રાગ-દ્વેષાદિ કષાયોને મચક ન આપી, એને ન સેવ્યા તેમ ચક્રવર્તી-શેઠ-શાહુકારો વગેરે મહાપુરુષોએ જાગ્રત બની રાગ-દ્વેષાદિને દેશવટા દીધા, ઈત્યાદિ વિચારીએ.

(૪) વળી, એ જોઈએ કે આત્માની ખરી સાત્ત્વિકતા રાગ-દ્વેષાદિ તથા કામ-ક્રોધાદિ કષાયોને પગભર રાખવામાં નહિ, કિન્તુ કચરવામાં છે, ને અહીં એ કચરવાનું જેટલું સહેલું છે, એટલું એને પોષવા દ્વારા દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી એના દુઃખદ પરિણામ ભોગવવા કઠીન છે. ક્રોધાદિ ન કરવા જતાં કદાચ અહીં બાહ્ય નુકશાન થાય તો તે મામુલી છે, પણ ક્રોધાદિ કરીને નીપજતા આત્મનુકશાન ભયંકર છે.

(૫) વળી, આ બધું માત્ર જોવા-વિચારવાનું જ નહિ, પણ એ કષાયોને પ્રસંગ આવ્યે અંકુશમાં લેવાના, ને એને ઓછા ઓછા કરતા જવાના ઉદ્યમમાં રહીએ. ત્યારે પ્રસંગ ક્યાં નથી આવતા ? જીવનમાં ડગલે ને પગલે રાગ, દ્વેષ, ગુસ્સો, ગુમાન વગેરે કરવાના પ્રસંગ ઊભા થયે જ જાય છે. એવા અવસરે સાવધાન રહીએ, ને જોઈએ કે- 'એને દાબવાના પ્રસંગ જ આ છે, માટે અત્યારે જ એને દાબું; એને ન સેવું. રાગના પ્રસંગમાં જ વિરાગ, દ્વેષના પ્રસંગમાં જ ઉપશમ-સમતાભાવ, ક્રોધના પ્રસંગમાં જ ક્ષમા, ગર્વના અવસરે જ નમ્રતા...વગેરે રાખું.'



...આવા બધા પ્રયત્ન કરવા દ્વારા એ કર્મોને તોડી-ફોડી શકાય છે, અને વિરાગ, ઉપશમ, ક્ષમા, નમ્રતા, વગેરે સિદ્ધ કરી શકાય છે.

બસ, તો એ આવ્યું કે રાગ-દ્વેષ, કામ, ક્રોધ, લોભ વગેરે લાગણીઓ એ કર્મના ઉદયથી થતા ભાવ છે, અર્થાત્ ઔદયિકભાવ છે, અને વિરાગ, ઉપશમ, બ્રહ્મચર્ય, ક્ષમા વગેરે ભાવ એ કર્મના તૂટવા-ફૂટવાથી જન્મતા ભાવ છે, અર્થાત્ ક્ષાયોપશમિકભાવ છે.

હવે અહીં એ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે અનુકંપા એ ઔદયિકભાવની વસ્તુ છે કે ક્ષયોપશમભાવની ? અર્થાત્ અનુકંપાને કોણ પ્રેરે છે, રાગાદિ ભાવ કે વૈરાગ્યાદિ ભાવ ?

આ પ્રશ્ન ઉઠવો સહજ છે. કેમકે માણસની દેખીતી ધર્મપ્રવૃત્તિ પણ કેટલીકવાર રાગાદિભાવથી થતી હોય છે; અને ક્યારેક સાંસારિક પ્રવૃત્તિ પણ વિરાગભાવથી થતી હોય એવું બને છે. દાખલા તરીકે, નવપદજી મહારાજની આંબેલની ઓળીનો તપધર્મ કર્યો; પણ જો એ ઉદ્દેશથી કર્યો કે એનાથી સારા પૈસા મળે, પુત્ર મળે, વગેરે; તો ત્યાં પૈસા-પુત્ર વગેરેના રાગ અને લોભથી પ્રેરાઈને તે ધર્મ કર્યો ગણાય. એમ, દાન કર્યું પણ માન જાળવવા અગર લેવા માટે, કે કીર્તિ વધારવા માટે, તો એ પણ અભિમાન, યા લોભથી પ્રેરાઈને કર્યું.

એના બદલે જો એ તપ કે દાન કેવળ ધર્મશ્રદ્ધાથી કર્યું, તો ધર્મશ્રદ્ધા એ મિથ્યાત્વકર્મના ક્ષયોપશમથી થનારો ભાવ, અર્થાત્ ક્ષાયોપશમિકભાવથી પ્રેરાઈને થયું ગણાય એમ કર્મક્ષયના હેતુથી અગર જિનાજ્ઞાપાલનના ઉદ્દેશથી ધર્મ કરાય; તેમાં પણ એ ઉદ્દેશ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટતો હોઈને, ધર્મ ક્ષાયોપશમિક ભાવથી પ્રેરિત ગણાય.

ત્યારે, અનુકંપાનું સેવન થાય એમાં પણ એકાંત નથી. એ ય દુન્યવી માનપાનાદિ સ્વાર્થથી અર્થાત્ ઔદયિકભાવથી થાય અને ધર્મબુદ્ધિ અને ક્ષાયોપશમિકભાવથી ય થઈ શકે. ઔદયિકભાવ તો પાપ-સ્થાનક તરફ લઈ જાય. પાપથી પાછા હઠવામાં, ને ધર્મ કરવામાં કારણ ક્ષાયોપશમિક-ભાવ છે. તેના યોગે તેમ થાય. એમાં જરા સમજવાનું છે. ક્રોધ કરવામાંથી પાછો હટે અને ક્ષમા રાખે તે ક્ષાયોપશમિક ભાવે બને ખરું, પણ જો માર ખાવો પડે માટે, કે પોતાનું માન જાળવવા-વધારવા પાછો હટ્યો હોય, તો ત્યાં ઔદયિક ભાવ છે. **ઔદયિકભાવના ધર્મમાં એકના ખોળામાંથી ઉઠી બીજાના ખોળામાં બેસાય છે; ક્રોધથી ખસ્યો તો માન પાસે ગયો ! 'હું ક્ષમાશીલ કહેવાઉં.' ત્યાં ઔદયિક ભાવ છે. અઢાર પાપસ્થાનકના કિલ્લાઓ એવી રીતે ગોઠવાયા છે કે સાવધાન ન હોય તે એકમાંથી**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**નિકળીને તે બીજામાં ફસાય ! આમાંથી કોઈ ભાગ્યવંત જ બચે. અનુકંપા સમકિતનું લક્ષણ છે, સમ્યક્ત્વનો ગુણ છે, ઉપાદેય છે.**

**ધર્મની અવહેલનાની કલ્પિત કલ્પનામાં આત્માની અધીરાઈ છે : નબળાઈ છે :-**

બાપ (પિતામહ) પોતાના પુત્રને આગ્રહ કરે છે પણ આ કહે છે, 'એ નહિ બને !' એને પોતાના પુત્ર તરફ શું પ્રેમ, દયા નથી ? એવું નથી, પણ વ્રતના મૂલ્યને એ સમજે છે. એ કહે છે, 'માનો કે વ્રત ઉલ્લંઘીને હું જાઉં તો પણ પાછો આવું ત્યાં સુધી આ જીવે કે નહિ તે કોને ખબર ? અને વ્રત તો નક્કી ભાંગે જ ! માટે હું વ્રત તો નહિ તોડું.'

**પ્ર.**- આમ કરવાથી ધર્મની અવહેલનાનો પ્રસંગ આવે કે નહિ ? જો ધર્મની, વ્રતાદિ પાલનની સાચી ધગશ હોય તો એવા અવસરે ધર્મ પોતે સહાય કરે છે. એ તો આપણી અધીરાઈ છે કે ધર્મની અવહેલનાની કલ્પના આવે છે. આવી કલ્પના કરી હોત તો મયણાએ ધર્મની પ્રભાવના કરી ન હોત. પોતાના હાથે અકાર્ય થાય તો ધર્મની અવહેલના થાય. એક બાજુ ધર્મ કરે અને બીજી તરફ અકાર્ય કરે તો ધર્મ નિદાય.

**જો કાંઈ કરવાનું તે કક્ષામાં રહીને : કક્ષાના ભંગથી નહિ :-**

અહીં તો કસોટીમાં, પરીક્ષામાં મક્કમ રહે છે, એ વાત છે. દયા કરવાની ખરી પણ વ્રતની કક્ષામાં રહીને. સાધુ માટે પણ એજ નિયમ; એ સર્વવિરતિની કક્ષામાં રહીને જ બધું કરે. સાધુ ભક્તને ત્યાં ગોચરી ગયેલ હોય, ગોચરી અશુદ્ધ હોય તો ભક્તને ચોધાર આંસુએ રડતો મૂકીને સાધુ પાછા ફરે ને ? ભક્ત ગમે તેવો આગ્રહ કરે તો પણ, તેની દયા ખાતર પણ સાધુ અશુદ્ધ ગોચરી ન જ લે.

**જીરણ શેઠનું દૃષ્ટાન્ત વિચારો :-**

એમની તે વખતની ભાવના કેવી ? મહિનાઓથી તેમની ભાવના ચાલુ હતી; એમાં ભગવાને પારણું કર્યું તે દિવસે એ શેઠની ભાવના એટલી હદે પહોંચી હતી, એટલી ધ્યાનની શ્રેણિએ આગળ વધતી હતી કે જો દેવદુંદુભિ ન સંભળાઈ હોત તો કેવળજ્ઞાન થાત. ભાવનાની શ્રેણિએ એવા ચડતા હતા કે પ્રથમ દેવલોક, બીજો દેવલોક એમ ગતિ પરત્વે વધાતું ગયું, બારમા દેવલોકને યોગ્ય સ્થિતિ ઉપસ્થિત થઈ, ત્યાં એ શેઠે દુંદુભિ સાંભળી, 'ભગવાને પારણું (બીજે) કર્યું !' એવો ધ્રાસકો પડ્યો, ભાવનાની ધારા અટકી, આથી કેવળજ્ઞાન અટક્યું, અને એમણે બારમા દેવલોકનું આયુષ્ય ત્યાં બાંધ્યું. જીરણ શેઠ ચાર ચાર મહિનાથી ભાવના ભાવતા હતા તે તથા પારણું કર્યું તે દિવસની ભાવનાની ધારા ભગવાન



નહોતા જાણતા ? એ વખતે યદ્યપિ ભગવાન છદ્મસ્થ હતા પણ એમને અવધિજ્ઞાન તથા મનઃપર્યાયજ્ઞાન તો હતું ને ? એમનું અવધિજ્ઞાનથી ભૂત, ભવિષ્ય વગેરે જાણે તો ભગવાન જીરણ શેઠનું ભાવિ તથા તેની ભાવના ન જાણે ? ભગવાને આ જાણવા છતાં અભિનવ શેઠને ત્યાં પારણું કર્યું. જે કાંઈ કરવાનું તે કક્ષામાં રહીને. કક્ષાનો ભંગ કરીને નહિ. ભગવાન કેમ જીરણ શેઠને ત્યાં ન પધાર્યા એ આપણે નથી જાણતા; પરંતુ એટલું તો જાણીએ જ છીએ કે આપણે ધારીએ છીએ તેવી જીરણ શેઠની દયા પ્રભુએ ન કરી.

**કુમારપાલની મક્કમતા કેવી ! ત્રસને તો અભયદાન જ !**

કુમારપાલે એક બોકડાના વધને પ્રસંગે, 'હું એક રાજા છું, હું જીવતો રહીશ તો ઘણો ય ધર્મ કરીશ,' શું એવી કલ્પના પણ કરી ? 'હું રાજા છું, ધર્મની પ્રભાવના, જીવતો હોઈશ તો કરીશ, મારા જેવી પ્રભાવના કોણ કરવાનું ?' આવું વિચાર્યું ? ના, એમણે તો પોતાનું વ્રત, પોતાનો ધર્મ સંભાળ્યો. એમાં એમનું અભિમાન નથી, વસ્તુસ્થિતિ છે. એમ તો એમના જેવી પ્રભાવના કરવાની બીજાની ગુંજાયશ નહોતી, આટલું છતાં કેવા મક્કમ ? એમના જેવી પ્રભાવનાની તે કાળે હરીફાઈ કોઈ કરી શકે તેમ નથી, એમ ખુદ ગુરુ પણ જાણે છે, એમણે એવી પ્રભાવનાની વિચારણા ન કરી. એમણે તો એક જ વાત રાખી 'વ્રત તે વ્રત ! ત્રસને તો અભયદાન જ, ભલે મારા પ્રાણ જાય.' દેવીએ ત્રિશુલ માર્યું, ભયંકર કોઢ રોગ અને પીડા થઈ, પણ બોકડાનો વધ નહિ તે નહિ જ. 'ધર્મ નિંદાશે તો ?' એ વિચાર એમણે આ રીતે ન કર્યો. ત્યાં તો તેવો પ્રસંગ હતો, બીજે દિવસે રાજાને રોગી બનેલો જોતાં લોકો બોલે, 'જોયું ! દેવીનો વધ અટકાવ્યો, દયા દયા કરી તો કેવું પરિણામ આવ્યું. રોગી થયો !' એમણે તો ધર્મ ન નિંદાય તેને અંગે પણ વિચાર કરી રાખ્યો હતો, કે રાત્રે જ ચિતામાં ખત્મ થઈ જવું, કોઈને પત્તો જ ન લાગે કે કુમારપાલને શું થયું અને શાથી મર્યા ! ધર્મની નિંદા ટાળવા બીજો માર્ગ જરૂર વિચારાય પણ કક્ષા બહાર તો ન જ જવાય.

**અડગતાનો મહિમા : શાસનદેવી હાજર :-**

પેલો પરદેશી ઊભો છે, બાપ આગ્રહ કરે છે, 'શા માટે છોકરાને ગુમાવે છે ? વસ્તુ છે, વિદ્યા છે, આને બચાવવામાં ધર્મ છે, વ્રત પણ ધર્મ માટે છે ને ?' પણ વ્રતધારી ધીરતામાંથી લેશ પણ ડગતો નથી. બધાની ધીરજ ખૂટે તે પહેલાં, આ વ્રતમાં અડગ આત્માની ધીરતા જોઈને શાસનદેવી પ્રગટ થાય છે અને બધાને સંભળાવે છે, "શા માટે વ્યર્થ માથાફોડ કરો છો ?" વ્રત ટેકી તરફ નિર્દેશ કરી દેવી કહે છે : "આ મહાન્ ધર્મવીર છે, એના હાથનું માત્ર પાણી આ બાળકને

છાંટશો કે તે તરત બેઠો થશે, જીવશે.'' વિચારો, સર્વવિરતિની તાકાત કેળવવા માટે આની તૈયારી કેટલી ? જેના ધર્મને જોઈ પ્રસન્ન થઈ દેવ જેને આકાશગામિની વિદ્યા આપે, એનું બલ કેટલું ! તરત જ ત્યાં એના હાથનું પાણી છંટાવવામાં આવે છે. છોકરો જીવતો થાય છે, સાપનું ઝેર ઉતરી જાય છે. વિચારો કે કેવી પ્રભાવના થઈ હશે ! આ એક ગંભીર વિચાર છે. વ્રતમાં ધીરતા ન હોય તો આ પ્રસંગે ઝટ એમ થાય, 'આવા પ્રસંગે વ્રતના ઠેકાને પકડી રાખી શું અનર્થ થવા દેવો ?' પ્રથમ એ વિચારવાનું છે કે આવી શક્તિ બહુ ઓછાની હોય છે. આકાશગામિની વિદ્યા માટે તો હજી કલ્પના પણ થાય કે તે વડે તરત જવાય અને તરત વસ્તુ લઈને અવાય; પણ આજની મામુલી શક્તિ-સામગ્રીમાં તો કાર્યસિદ્ધિનો શો નિર્ણય ? ત્યારે આપણા મનમાન્યા ઓઠા નીચે વ્રત ગુમ થાય એ નક્કી. હાં, વ્રતરક્ષાની સામે કોઈ મોટું કારણ ઊભું થયું હોય તો એને પહેલું જોવું પડે; પણ ત્યાં તો વ્રતના આલાવામાં **'મહત્તરાગારેણ'** નો અપવાદ બચાવ આપે છે, ને વ્રત ભાંગતું નથી.

**પરિગ્રહનું મહત્ત્વ આંકવું એ સાધુને પણ આર્તધ્યાન કરાવે :-**

પરિગ્રહમાં પણ આવો વિચાર આવે કે- 'પરમાર્થ કર્યો ને !'

પરમાર્થ કર્યો એ વાત ખરી, પરમાર્થ એ પરમાર્થ, પણ પરમાર્થ કર્યા પહેલાં

**પરિગ્રહ પોતાની હકુમતમાં રાખ્યો કે નહિ ?**

**પરિગ્રહ પર રાગ થયો કે નહિ ?**

**પરિગ્રહની કિંમત અંકાણી કે નહિ ?**

આ રીતે અંતરમાં પરિગ્રહ પર મહત્ત્વ રખાય તેનો ધર્મ કેટલો બળવાન બને ? ધર્મ કર્યા કરે અને પરિગ્રહમાં મૂર્ચ્છા રાખે, તેને પોષે, એ ચારિત્ર સુધી પહોંચે ? શાસ્ત્રમાં કહ્યું છે, 'ચારિત્રથી ઘણો લાભ છે, માટે ઓઘદૃષ્ટિએ કદી એ ચારિત્ર લે, પણ પરિગ્રહના રાગને નામશેષ ન કરે તો એ અહીં આવીને પણ ક્યારેક આર્તધ્યાન કરશે;' વિચારશેઃ 'આપણી સભામાં કોઈ આવતું નથી. પૈસાદાર કોઈ દેખાતો નથી' વગેરે.

**શુભ પરિણામ ટકાવવા કેમ કઠીન ? :-**

હૃદયના શુભ પરિણામ ટકાવી રાખવામાં બહુ મુશીબતી છે. એનું કારણ છે, એક તો મન બહુ ચંચળ છે, અને બીજું, આત્મામાં ઊંડે ઊંડે પાપ-વાસના બેઠી હોય છે તેની કેટલીક વાર પોતાને ય ખબર નથી પડતી, 'પરિગ્રહ સારો છે. ધન કિંમતી છે, એ પણ જરૂરી તો છે જ' આવી વાસના એ પાપવાસના છે. એના



ઉપર મન કેઈ કેઈ પાપ-વિચારોમાં ચઢી જાય છે, અને હૃદયને અશુભ ભાવોમાં તાણી જાય છે. સાધુ દીક્ષા લેવા છતાં જો એ વિચારસરણીને વશ થવાયું તો મન કહેશે, 'ભાઈ આપણે સાધુ થયા એટલે પૈસા છોડ્યા, પણ, ગૃહસ્થને કાંઈ એના વિના થોડું જ ચાલે છે ? ત્યારે ધર્મના કામ પણ પૈસાવાળા જ કરી શકે છે ને ?' આમ મનનો ઝોક પૈસાના મહત્ત્વ ઉપર ઢળે છે, અને પૈસાદાર તરફ મીઠી નજર રખાવે છે. અલબત સાધુએ તો જગતના જીવ માત્ર પ્રત્યે મીઠી નજર રાખવાની છે, અર્થાત્ મૈત્રીભાવ રાખવાનો છે; પરંતુ અહીં તો એ વસ્તુ છે કે ગરીબ પર નહિ, ને પૈસાદાર પર મીઠી નજર જે રહે, તે ખતરનાક છે. ખરી રીતે તો શું ગરીબ કે શું ધનવાન, કોઈની પણ ધર્મ-સાધનાની અનુમોદના કરાય; બાકી તો પરિગ્રહ પાપના ભાર નીચે દબેલાની તો ભાવદયા ચિંતવવાની હોય કે- **'આ બિચારા જીવનું આટલી પરિગ્રહપાપની પરવશતામાં શું થશે ! કેમ એને એ પાપથી છોડાવું !'** ભાવનાની શુદ્ધિ જાળવવી એ રાધાવેધ સાધવા જેવું કાર્ય છે. એમાં વિવેક જ્વલંત જાગતો રહેવો જોઈએ. ધ્યાનમાં રાખવાનું છે કે અમુક શૈલીથી વિચારણા કરવામાં પાપનું પોષણ થાય છે, અને એના બદલે ડહાપણથી વિચારણા કરવામાં ધર્મનું પોષાય થાય છે. **ધર્મપોષક વિચારસરણી માટે આત્માના ઊંડાણમાં ધાર્મિક વલણની આવશ્યક્તા રહે છે.** માટે પહેલું કામ આ કરો કે આપણા આત્માના અનાદિના ચાલી આવતા **પાપવલણને સુધારો, ધર્મવલણને ઊભા કરો.** તેમજ, એ ઊભા કરેલા ધાર્મિક પવિત્ર વલણને ટકાવવા માટે તેવી તેવી શુભ ભાવનાઓનું બળ રાખો; શુભ ભાવનાઓના પ્રવાહ મનમાં વહેતા રાખો. પ્રસંગ હોય યા ન હોય, પણ પોતાને નડતી દુર્ભાવનાઓ અને કુવિચારોનો નાશ કરે એવી શુભ દુર્ભાવનાઓ અને કુવિચારોનો નાશ કરે એવી શુભ ભાવનાઓનો ધોધ વરસવો જોઈએ. પૂર્વના મહાપુરુષોના એવા ઉત્તમ પુરુષાર્થ, ઉત્તમ વિચારસરણી, વગેરેના ખૂબ ખૂબ ભીનાં સ્મરણ રાખ્યા કરો. પાપસામગ્રી, પાપકરણી ને પાપવિચારસરણીના ભયંકર અનર્થ, એમાંથી બચવા માટે મળેલી આ માનવજીવનની ઉત્તમ તક, ઉત્તમ ધર્મશાસનના ઊંચા મહત્ત્વ, વગેરે અંગેની શુભ ભાવનાઓ, ને શુભવિચારણાઓ નિરંતર મનમાં વહેતી રહે તો જરૂર બચાવ થાય.

**દિક્પરિમાણવ્રત અને રેડિયો કે છાપા ?**

દિક્પરિમાણ વ્રત શા માટે ? દિશાઓનું પરિમાણ શા માટે ? બહાર વધારે જનાર આવનારને ભિન્ન ભિન્ન મનુષ્યો, દેખાવો, રિવાજો, મોજશોખો નજરે પડે, નિહાળાય એટલે આ આત્મામાં છૂપાયેલા, સૂતેલા પાપના સંસ્કારો તાજા થાય. દિગ્પરિમાણવ્રતથી આ અટકે આ ગુણવ્રતનો પ્રથમ લાભ તો આ. બીજો લાભ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ત્યાંના યોગે થતા પાપ અટકે છે. ખુલ્લું હોત તો ત્યાં પણ પરિગ્રહ, આરંભ, સમારંભના પાપ કરત. આ પાપ પર કાપ આ વ્રતે મૂક્યો. વ્રત અતિ કડક પાળવું હોય, છટકબારી-છૂટછાટવાળું નહિ, તો પરિમાણની બહારના પ્રદેશ સાથે વ્યાપાર પણ શા માટે કરે ? કાગળ પત્રનો વ્યવહાર પણ શું કામ કરે ? વ્યવસ્થિત રીતે છૂટ રાખી હોય તો વાત જુદી. છૂટમાં ય વધારે પડતી છૂટ ભોગવે તો વ્રતભંગ સુધી પહોંચી જવાય.

**પ્ર.**- આજના જમાનામાં આવા કડક વ્રતમાં, પરિમાણના પ્રદેશથી બહારના પ્રદેશના સમાચાર વર્તમાનપત્ર કે રેડિઓથી વંચાય ? સંભળાય ?

આ વ્રતની વાત ક્યાં કરો છો, માર્ગાનુસારીના ગુણમાં પણ એમ છે કે, અયોગ્ય કાલમાં ન ફરવું. અયોગ્ય દેશ-કાળના સમાચાર પ્રગટ કરતું છાપું વાંચવું કે તે માટે રેડિઓ સાંભળવો એ પ્રકારાંતરે અયોગ્ય દેશકાલમાં ફરવા જેવું છે. નથી ને છાપામાં વાંચ્યું કે રેડિઓમાં સાંભળ્યું, 'અમેરિકામાં નવી શોધ થઈ છે, એવાં નાનાં એરોપ્લેન નીકળ્યાં છે કે ઘરે ઘરે ગોઠવાય, અગાશીમાં રહી શકે;' તો પરિણામ એ આવશે કે પોતે છે અહીં, પણ સમાચાર દ્વારા અમેરિકામાં પેઠો. માર્ગાનુસારીનો જણાવાયો તે ગુણનો જેને ભારે ખપ હોય તે તો આ રીતે સંદેશા ન વાંચે, ન સાંભળે.

**ચોથાથી પાંચમો સારો, કઈ રીતે ? :-**

જ્યાં જવાથી આર્ય સંસ્કૃતિની મર્યાદા તૂટે તે દેશ પણ અયોગ્ય, તે કાળ પણ અયોગ્ય, તે કાળ પણ અયોગ્ય. કોઈને થાય, 'ત્યારે શું અફીણ ફાકી લેવું ?' ના, એમ નથી. સારા સમાજોમાં, સારા કુલોમાં આજ પણ સારો કાળ છે. કાળ એનો એ પણ તેના બે વિભાગ. હુંડાવસર્પિણીનો આ પાંચમો આરો અવસરે જેમ ચોથાથી સારો છે તેમ અવસરે છઠ્ઠાથી ભૂંડો પણ છે. સુષમાથી દુષમો સારો એ સાંભળ્યું હોઈને ચોથાથી સારો એ તો બેસશે પણ છઠ્ઠાથી ખરાબ શી રીતે ? ચોથા આરામાં જીવો ઉચ્ચ કોટિના હતા, મર્યાદાનું પાલન હતું, ધર્મ-સામગ્રી વિપુલ હતી, પણ હું ત્યારે ત્યાં નહોતો અથવા ધર્મ સમજ્યો નહોતો તો મારે તે આરો શા કામનો ? મારે આ પાંચમો સારો કે જેમાં ધર્મ પામ્યો. ભલે આજે સમોસરણ જોવા ન મળે, સાક્ષાત્ પરમાત્માના દર્શન ન થાય તે વાત ખરી; પણ તે કાલમાં કદાચ પ્રભુના સાક્ષાત્ દર્શન થયા હશે તો ય તિરસ્કાર કર્યો હશે. જ્યારે આજે સ્થાપનાના દર્શનથી આત્મા ઉલ્લસે છે, એ ચોથામાં લક્ષ્મી, વિભૂતિ ઘણી મળી હશે પણ તેથી માનપાનમાં, ઠકુરાઈમાં, અઢાર પાપ-સ્થાનકમાં ખૂબ મહાલ્યો હઈશ, આજે અલ્પ મળ્યું છે પણ એનાથી ધર્મની સેવા થાય છે માટે ચોથાથી પાંચમો આરો સારો.



**आमचा देव तसा नाहि :-**

ચોથાથી આ રીતે સારો થનારો એ જ પાંચમો આરો અવસરે છઠ્ઠાથી ભૂંડો થઈ જાય. શી રીતે ? છઠ્ઠા આરામાં ધર્મની સામગ્રી નથી, કેવળ કર્મની સામગ્રી છે. ત્યાં ધર્મ ન કરાય એ ખરું પણ ધર્મની અવગણના ન થાય. પાંચમા આરામાં ધર્મની સામગ્રી છે એટલે ધર્મ થાય પણ આત્મા જો ભાનભૂલો બને તો ધર્મની અવગણના કરનારો પણ થાય.

છઠ્ઠા આરામાં એ નહિ બને. દક્ષિણ દેશમાં વિહાર કરતાં, જન્મે જૈન નહિ, જાતિએ જૈન નહિ, એવા અજાણ્યા માણસો રસ્તામાં મળે, અમે માર્ગ પૂછીએ, या मार्ग કહી એ માર્ગ ચીંધે, અમે કહીએ, 'એ તો વનસ્પતિમય માર્ગ છે, એ માર્ગે અમારાથી ન જવાય,' એ પૂછે, 'એમાં શું ?' પછી અમે અમારા વ્રતો સમજાવી કહીએ કે- 'આથી અમે વનસ્પતિને અડી પણ ન શકીએ;' એ લોકો મોંમાં આંગળાં નાંખે.

ગુરુ કેવા હોવા જોઈએ, એ માટે સાધુનું વર્ણન સાંભળતાં એ કહે છે, **'असा तो आमचा देव नाहि'** અર્થાત્ અમારા દેવ તેવા નથી, જેવા તમારા ગુરુ છે. એને જૈન દર્શન પર, જૈનના ગુરતત્ત્વ પર બહુમાન થયું એટલે એનાથી બોલ્યા વિના ન રહેવાય.

**પાંચમો અવસરે છઠ્ઠાથી ભૂંડો કઈ રીતે ? :-**

જ્યારે આજે જૈનો માટે જે સ્થિતિ છે તે તરફ જોઈએ. એ સ્થિતિમાં થોડા ઘણા અંશે સાધુનો પણ પ્રમાદ હશે. 'પાલિતાણા, અમદાવાદ, પાટણ જેવા શહેરોમાં બહુ સાધુ-સાધ્વી રહે છે,' એમ કહેવાય છે ને ? એ વચન આદરનું કે અવગણનાનું ? શહેરમાં કઈ સ્થિતિ ? સાધુ મહારાજ ઘરે પધાર્યા હોય ત્યારે શેઠ ખુરશી પર બેઠા હોય પણ ત્યાંથી ઉઠવાની એમને ફુરસદ નહિ, હાથ જોડવાનો વિવેક નહિ. 'ઠીક છે, મહારાજ આવ્યા છે, વગર નોતરે આવ્યા છે,' એમ ધારી, સુખશાતા પૂછવાની તકે ફુરસદ નહિ, વહોરાવવાનો વિવેક નહિ, કહી દે રસોઈયા ભણી, બૂમ મારી દે, 'મહારાજ ! મહારાજને વહોરાવજો' એમ કહ્યું હોત તો ફેર પડત. કહો, આમાં ધર્મ-સામગ્રીનો આદર કર્યો કે અવગણના ? દાન દેવરાવ્યું ત્રાહિત પાસે, રસોઈયા પાસે જેને સાધુની મહત્તાનો ખ્યાલ નથી, અને ક્યાંથી હોય ? શેઠને નથી, એવું તો નજરે નિહાળે છે ! 'મહારાજ ! મહારાજને વહોરાવજો !' આ આધારે એ એમ માને છે કે એને એના શેઠ પેલા મહારાજ જેવો ગણે છે, એટલે એ દાન દે તો યે આદરથી નહિ. કોઈ ચીજ અમુક ઘરથી મળે એવી હોય, ચીજની જરૂર તો હોય તો મુનિ ત્યાં લેવા જાય, લીધા વિના ન ફરે પણ દૃશ્ય એવું થાય છે કે, બે પાંચ મિનીટ ખોટી થવું પડે. શેઠે મુનિનો આદર



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કર્યો કે અવગણના ? પાંચમો અવસરે છઠ્ઠાથી ભૂંડો આ રીતે. છઠ્ઠામાં કેવળ પાપ કરનારો અને પાંચમામાં ધર્મની અવગણના કરનારો, એ બેમાં ભયંકર કોણ ? હાથમાં કેવી ઉત્તમ ચીજ આવી, એનું મૂલ્ય કેવું કોડીનું કર્યું ! આમ શાથી ? ભૂતકાળમાં આવા ધંધા કર્યા હશે. ઘણા વર્ષોથી ધર્મનો આટઆટલો પરિચય છતાં, 'પરિગ્રહ એ પાપ છે, ઝેરી ફુંફાડા છે,' એ વાત જચતી નથી એના અનેક કારણોમાં એક એ પણ કારણ છે કે પૂર્વે ધર્મનો આદર કરવાને બદલે અનાદર કર્યો હશે. દેવ, ગુરુ તથા ધર્મના સ્થાને કુટુંબ, કંચન તથા કાયાને ગણ્યા હશે (કુટુંબમાં કામિની આવી ગઈ), અર્થાત્ દેવ, ગુરુ તથા ધર્મનો આદર કરવાને બદલે ત્રણ કક્કાનો (કહ્યા તે કુટુંબ-કંચન-કાયાનો) આદર કર્યો હશે, વધારે આદર કર્યો હશે. એ રીતે દેવ, ગુરુ અને ધર્મનો અનાદર કર્યો હશે. પૂર્વે કરેલો ત્રણ કક્કાના આદરનો સંસ્કાર અહીં ગળચીથી પકડે છે, એ ત્રણ કક્કાનો જ આદર કરાવે છે અને દેવ, ગુરુ તથા ધર્મનો અનાદર કરાવે છે. છઠ્ઠા આરાવાળો જીવ ધર્મ નહિ કરે પણ ધર્મની અવગણના નહિ કરે. આ રીતે પાંચમો આરો છઠ્ઠાથી અવસરે ભૂંડો, એ હરગીજ ન ભૂલો.

**અવિવેકી ધર્મસામગ્રીને કર્મસામગ્રી બનાવે :-**

તરવારની ધાર પર ચાલવું મુશ્કેલ છે તેવું પાંચમા આરામાં જીવવું મુશ્કેલ છે. કૌવત જોઈશે. કૌવત હોય તો સર્વવિરતિ લે અને નિર્ધાર કરે, 'બાવીશ પરીસહ સામટા આવે તો યે શું ! પરવા નહિ !' તે તાકાત ન હોય તો સંસારમાં રહ્યો ય કરે શું ? જે વીતરાગના શાસનને પામ્યો તેની પાસે એવો કીમીઓ છે કે કર્મસામગ્રીને ધર્મસામગ્રી બનાવી દે. જેને આ શાસન સ્પર્શ્યું નથી, આ શાસનની દૃષ્ટિમાં જેની દૃષ્ટિ મળી નથી તે જીવ પ્રત્યેક ધર્મસામગ્રીને કર્મસામગ્રી બનાવશે. એક દાખલો સમજો. એક માણસ અહીં રહેતો હોય, પણ દૂર રહેતો હોય, સાધુ પાસે આવતો ન હોય ત્યાં સુધી તો માને, 'આપણે ધર્મ નથી કરતા, સાધુઓ ધર્મ કરે છે, એ બધા પૂજ્ય,' પણ આવતો થાય, જરાક સુગુરુ કુગુરુના વિષયમાં ઉતરે, પછી અમુક સુગુરુની પ્રશંસા કરશે, ને બીજા સુગુરુની નિંદામાં ઉતરશે ! સુગુરુ ઉત્કૃષ્ટ કોટિના હોય એ ખરું પણ બધા સરખા સામર્થ્યવાળા ન હોય, નીચી કક્ષામાં શાસ્ત્રે ક્યાં સુધી સાધુપણું કહ્યું, એ વિવેક હોય તો તો પંચાતમાં નહિ પડે; એ વિવેક ન હોય તો તો પંચાતમાં નહિ પડે; એ વિવેક ન હોય તો નિંદામાં ઉતરવાનો !





## ૨૨ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**વિવેકી કર્મસામગ્રીના સ્થાનમાં પોતા માટે તે સામગ્રીને ધર્મસામગ્રી બનાવે :-**

કર્મસામગ્રીને ત્યાં રહ્યે ધર્મસામગ્રી બતાવાય એવો પ્રસંગ દુનિયાના વ્યવહારનો કહું. ચાર ચોવટીઆ બેઠા હોય, ક્યાં ? જ્યાં બેઠા હોય એ સ્થાન પ્રસિદ્ધ હોય, ચોવટનો ચોરો. એ ચાર ચોવટીઆ ત્યાં નિંદા જ કરતા હોય, એલફેલ બોલતા હોય ત્યાં વિવેકી જઈ ચડે તો તાકાત હોય તો સમજાવે, 'ભાગ્યવાન્ ! આ શું ?' પણ પેલા ન માને તેમ હોય તો, આ વિવેકી પોતાના મનથી વિચારે, 'આ કેવા પામર છે ! પુણ્યે જીભ મળી છે, એનાથી પરમાત્માની સ્તુતિ થાય, ગુણ ગણાય તો એક એક અક્ષરે ભવાંતરમાં, મહામૂલ્યે ય ન મળે તેવું ઉત્તમ મળે, અને કલાક ગુણ ગાયા હોય તો તો કેટલો લાભ થાય ! તેને બદલે આ બિચારા એ જ જીભથી આવું નિંદ્ય આચરણ કરી રહ્યા છે, એ ખૂબ દયાજનક છે.'

**નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ :-**

માયામાં આરોપ ચઢાવવાનું માત્ર એક વચન કહ્યાથી પણ તેનું કટુફળ ભયંકર આવે છે; એનું શાસ્ત્રમાં દૃષ્ટાંત મળે છે. એ બદી જીવનમાં ભારોભાર પેસે તો શું પરિણામ આવે, તે જ્ઞાની જાણે. નિંદા-ત્યાગ એ માર્ગાનુસારીનો બાવીશમો ગુણ છે. અગિયાર ગુણ તથા આઠ ગુણ, પછી અરિષડ્ વર્ગનો વિજય, એ વિજય માટે ઇન્દ્રિઓનો વિજય, એ માટે એની ગુલામીનો ત્યાગ, પછી નિંદાનો ત્યાગ, પછી **નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ** આવે છે. પોતાના સ્થાનને ન છાજતી પ્રવૃત્તિ તે નિંદ્ય-પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ છાજે કે નહિ તે વિવેકથી વિચારી લેવું જોઈએ. દુનિયાની બીજી વાતોમાં તો એ આવડત છે, પણ અહીં આત્મિક શુદ્ધિની દૃષ્ટિએ અક્કલ વાપરી વિચારી લેવાનું છે. સભા-સોસાયટીમાં કેમ જવું, દોડતા જવું ન છાજે, શાંતિ જાળવવી, એ તો બધી ખબર છે. પણ વડીલે પોતાને છાજતો વર્તાવ રાખવો, એ સમજવું જોઈએ. તે નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ : અનિંદ્ય પ્રવૃત્તિ. આર્યદેશનો દયાળુ હલકામાં હલકી કોટિના ભિખારીને રોટલાનો ટૂકડો આપે, પણ તિરસ્કારથી નહિ. તિરસ્કાર કરવાને એનું હૈયું ના પાડે. આંગણે સાધર્મિ આવ્યો હોય તેનો આદર કરે, તિરસ્કાર ન કરે. એક બાજુ ધર્મ કરે અને બીજી તરફ બીજાને ઉતારી પાડે, બીજાનું હલકું બોલે, એવી કોઈ પ્રવૃત્તિ કરે, એ નિંદ્ય પ્રવૃત્તિ. એવા હૃદયને ધર્મ કેટલો સ્પર્શી શકે ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**પરમાત્મા પર બહુમાન ધર્મ પર બહુમાનથી થાય; ને ધર્મ પર બહુમાન ધર્મ પામેલા પર બહુમાનથી થાય**

ધર્માત્મા નજરે પડે, એને સહાયની જરૂર હોય, ધર્મ પર પ્રેમ હોય, તો એને જોઈને કેવા વિચાર આવે ? 'અનંતાનંત જીવોમાં ધર્મ ધારણ કરનાર કેટલા ? ધન્ય છે આ ભાગ્યવાનને કે ધર્મ ધારણ કર્યો છે ! મારા અહોભાગ્ય ક્યાંથી કે હું એમની ભક્તિ કરું !' એમ વિચાર આવે; સહાય શું, ભક્તિ કરવાનું મન થાય. પોતાના ધર્મને માનનારો દેખાતાં જેનું દિલ ઉલસતું નથી, એને ધર્મ સાથે કેટલો મેળ સમજવો ? જૈનને જૈન ભાઈ નજરે ચઢતાં આનંદ આનંદ થાય. વિલાયતમાં ગુજરાતીને ગુજરાતી મળે, કાઠિયાવાડીને કાઠિયાવાડી મળે તો હરખનો પાર નહિ. 'મારા દેશનો,' એમ થાય. અહીં પણ સંસાર એ દેશ છે, સાધર્મિ એ પોતાના દેશનો વતની છે, તેને જોઈને બહુમાન થવું જોઈએ. તેની નિંદા ન કરાય. નિંદ્યપ્રવૃત્તિ તજો તથા તેવો તરીકો પણ તજો.

**આ જીવે કઈ સગાઈ નથી કરી ? :-**

પેલો સંન્યાસી રાજકુમાર ભાઈ પાસે નજીકમાં જઈ ઝૂકીને પ્રણામ કરે છે, માને છે, 'પ્રથમ અરધી તુંબડીનો રસ ઢોળાયો તો એ નિમિત્તે ભાઈનાં દર્શન થયાં. જે થાય તે સારા માટે,' એમ માનીને ભાઈને હર્ષપૂર્વક પ્રણામ કરે છે. જ્ઞાની કહે છે, 'આ જીવે સગાઈ તો અનંતી કરી.' આ જીવે જગતના જીવો સાથે દરેક પ્રકારની સગાઈ કરી છે. દીકરો, મા, દીકરી, પત્ની, પતિ, ભાઈ, બહેન, સાસુ, સસરો, વેવાણ, મામી, ફોઈ વગેરે. સગાઈના વલણને સમજો. અરધી તુંબડીનો સુવર્ણરસ ભાઈએ ઢોળાવી નાખ્યા પછી પણ એના પર પ્રેમ ઊભો રહે છે, એને મળવા અને બાકીનો અડધી તુંબડી રસ સોંપી દેવા જાતે ચાલ્યો આવે છે, અને ભાઈના આ નિમિત્તે દર્શન મળવાનો આનંદ માણે છે, એ હૃદય કેવું ? દેખાય છે આમાં ક્યાંય સ્વાર્થ માટેની સગાઈ ? આત્માની ઊંચી ઉન્નતિ સાધવા માટે આ ભૂમિકા તૈયાર થઈ રહી છે. **જ્યાં આવા નિઃસ્વાર્થ પ્રેમ નથી, ત્યાં ઉપરની ભૂમિકાની સાધના ક્યાંથી શક્ય બને ?**

**સંત કે ધર્માત્મા ક્યારે બનાય ? :-**

નિકટના સગાં કે સ્નેહીએ નુકસાન કર્યું ત્યાં પ્રેમના ભુક્કા ઉડે, ને દ્વેષની આગો સળગે, વૈરની ગાંઠ બંધાય, ને દુશ્મનાવટ ઊભી કરાય, ત્યાં ઉપરની ધર્માત્માપણાની ને સંતપણાની સ્થિતિ ક્યાંથી આવવાની ? માટે જ ક્યાંક એવું જોવા મળે છે કે શ્રાવક-જીવનની ક્રિયામાં કે વ્રતોમાં જોડાઈ જવા છતાં જેને સાચું ધર્માત્માપણું કહેવાય એના વાંધા હોય; કેમ એમ ? એ જ કારણે કે ભૂમિકા તૈયાર



નહોતી કરી; ધર્મ પામતાં પહેલાં કે પામ્યા પછી પણ નિઃસ્વાર્થ પ્રેમ કેળવ્યા-દાખવ્યા નથી; સગાંસ્નેહી તરફથી પણ થોડી ય અગવડ અપમાન આવે તેને ખમી ખાવાની તૈયારી નથી રાખી; જરાક-શા નુકસાનમાં ચડભડાટ કર્યા છે ! આવી દુર્દશા જે ભોગવતો હોય, એ પરાયા તરફ શો પરમાર્થ ભર્યો પ્રેમ દાખવી શકવાનો ? અવસર આવ્યે એ ગુરુ તરફથી અગવડ-અણગમતું જોતાં ગુરુ સામે પણ કેમ નહિ ચડભડે ? ત્યારે સ્વાર્થનો ભંગ જોતાં દેવને પણ ટકે પૈ તોલુ કેમ નહિ કરે ? આવું બધું આચરે એને ધર્માત્મા કહેવો ? ત્યારે એકાદ વાર સાધુપણું ય લઈ લીધું, પરંતુ સ્વાર્થસાધુતા, ધમધમાટ, અસહિષ્ણુતા, વડિલ કે ગુરુ પ્રત્યે દ્વેષ, અરુચિ દાખવે એનામાં સંતપણું કહેવાય ? ધર્માત્મા બનવું છે, સંત બનવું છે, તો ભૂમિકા બરાબર તૈયાર કરો.

આ સંન્યાસી-ભાઈની ઉદારતા, અને ભ્રાતૃપ્રેમ જુઓ, મોટાભાઈ પ્રત્યેની વિનય-સેવા જુઓ ! કમાઈ પોતે કરી છે, તેમાંથી ભાઈને અડધી કમાઈ દઈ દે છે ! ત્યારે મોટોભાઈ એને ઢોળાવી દે છે ! છતાં ભાઈ પ્રત્યેનો પ્રેમ અને લાગણી એને છોડવા નથી ! આની સામે આજના જમાનાવાળાના ઢંગ જુઓ. પોતે મોટો વેપારી હશે, ડૉક્ટર-વકિલ-હશે, તો ભાઈને પોતાને ત્યાં સર્વન્ટ (નોકર) તરીકે રાખશે. પોતાના ખીસામાં બે હજાર નાખવાના ! ભાઈને બસોનો પગાર આપવાનો ! આ આજની પ્રગતિ છે ! ત્યારે પૂર્વ કાળની એ પ્રગતિ હતી કે નાનો ભાઈ પોતાની કમાઈ મોટાભાઈને ચરણે ધરે છે ! જીવનના શ્વાસોશ્વાસ તો પૂરા થવાના, પરંતુ ઉદારતા, સહિષ્ણુતા, ખામોશ, વિનય, પ્રેમ વગેરે કમાઈ જવાય તો જીવનની વિશેષતા.

**પોષ્ય પોષણ :-**

પેલો સંન્યાસી પોતાના મોટાભાઈના ચરણે અરધી તુંબડી રસ ધરવા આવ્યો છે. તે ભાઈને કહે છે, 'આ ચેલા બિચારા એવા ભોળા કે એણે તમને આ વસ્તુ ઓળખાવી નહિ. તમે રસ ઢોળી નાખ્યો એમાં તમારો દોષ નથી, કેમકે તમે એને ઓળખ્યો નથી. આ સુવર્ણરસ છે. બાર બાર વર્ષની મહેનતે મેં આ રસ મેળવ્યો છે અને આ ત્રણસો શિષ્યો, વગેરે ઠાઠ એને આભારી છે.'

મોટોભાઈ આને પરિગ્રહનો ઉન્માદ દેખી મૂછમાં હસે છે. કોઈને ઉન્માદ થાય ત્યારે તેને મોંએ એકદમ ડૂચો ન દેવાય. ભાઈએ મૌન રાખ્યું એટલે સંન્યાસીને પાવર ચડ્યો, 'મારી અરધી તુંબડી ભલે ગઈ પણ હજી આ અડધી બાકી છે તેને સ્વીકારો, અને હવે આપણે પૂર્વની જેમ રહીએ !' વિચાર કરજો, એક બાજુ ઉન્માદ પણ બીજી બાજુ પોષ્ય-પોષણનો ગુણ કેવો ઉમદા ખીલ્યો છે ! દુઃખી ભાઈ

એ સુખી ભાઈ માટે પોષ્ય છે, દુઃખી મિત્ર એ સુખી મિત્ર માટે પોષ્ય છે. વિધવા બેન કે બેટી, ભાઈ કે બાપ માટે પોષ્ય છે. જ્ઞાતિમાં કોઈ વૃદ્ધ, કે સામાન્ય સ્થિતિનું હોય તે સારી સ્થિતિવાળા માટે પોષ્ય છે.

**પ્ર.-** અપરાધી હોય તો ?

ઉ.- એ પણ બાદ નથી. આપણું જ વિચારો ને ? આપણા કોઈ અપરાધ થયેલા નથી ? તો પોષ્યના અપરાધ પર એને છેહ ન દેવાય. સંસારમાં દોષો અનંતા છે. ગુણો સમુદ્ર સામે અંજલિજળ જેટલા છે. સમુદ્રમાં રત્નો ય છે; પણ કેટલા ? અને ખારા પાણીનો પાર ? આત્મામાં એક ગુણની પ્રાપ્તિ ક્યાં છે ? સંસારના છેક છેડે આવે ત્યારે અનંતા ગુણ પ્રાપ્ત થાય છે, બાકી તો અનંતા ગુણના પ્રતિપક્ષી અનંતા દોષો બેઠેલા રહે છે, અસ્તુ. અહીં તો નાનો ભાઈ પોતાની બાર વર્ષની કમાઈ ભાઈને સોંપી દેવા ઉજમાળ થાય છે.

**મહેનતનું ફળ ક્યાં ધરાય ?**

દુનિયામાં નિયમ છે, મહેનતનું ફળ જેના પર પ્યાર હોય તેને ધરાય છે. પતિ મજૂરી કરે, તેમ કરીને મળેલા ધનથી મેળવેલાં ઘરેણાં પત્નીને પહેરાવે છે, કેમકે તેના પર પ્યાર છે. **અહીં પણ ધર્મપ્રેમી મનુષ્ય મોહથી મેળવે છે; પણ મળેલાને ધરે ક્યાં ? દેવ-ગુરુના ચરણે ને ? કેમ ? પ્રેમ ત્યાં છે, માટે.** પેલો સંન્યાસી પણ પોતે પોતાના માટે મહેનત કરીને મેળવેલ સુવર્ણરસ (ઢોળાતાં વધેલો બાકીનો પણ) મોટા ભાઈના ચરણે ધરે છે, કેમકે ત્યાં પ્યાર છે. વળી ખૂબી એ, શંકા પણ નથી કે- 'હું આપી દઈશ અને એ પછી વિપરીત થશે તો ?' સંન્યાસીના હૃદયમાં સહજ પ્રેમ છે. સંન્યાસી તો આ તમામ પ્રવૃત્તિ કરી રહેલ છે. જ્યારે પેલા ભાઈ સાધુ તો ગંભીરતામાં સ્થિત છે, જોયા કરે છે; કેમકે એ જુદી જ વિચારસરણીમાં છે.

**હવેથી મારો ભાગ નહિ : વ્રત પ્રત્યેની જાગ્રતિ :-**

પેલા યુરોપિયનને વિચાર થાય છે, 'આની બુદ્ધિથી હું લાખો કમાઉં, છતાં હું બધા ગાંઠે બાંધું અને આને ૧૦૦ રૂપિયા જ આપું, તે ન શોભે.' એણે તે યુવકનો અરધો ભાગ નક્કી કર્યો છે તે જોઈ ગયા. આ યુરોપિયનને આ વિચાર, પોતાનો સ્વાર્થ સર્યા પછી આવ્યો, પણ પછી તો આવો વિચાર ભાગ્ય હોય તો જ આવે. **વિના સ્વાર્થે સામા પર જેને આવી બુદ્ધિ થાય તે ઉત્તમ; સ્વાર્થ સર્યા પછી આવી બુદ્ધિ થાય તે મધ્યમ; અને પછી પણ ન થાય તે અધમ; ને ઊલટું, દુર્બુદ્ધિ થાય તે અધમાધમ.**

એ પેલા યુવકને હવે જણાવે છે, 'તમે મારા સોના પગારદાર નથી પણ



અરધો અરધ ભાગીદાર છો, મેં ક્યારનુંય નક્કી કર્યું છે, તમને આજે જણાવું છું, એકાઉન્ટન્ટને કહેલું જ છે કે અરધો ભાગ તમારા હવાલે નાખે.' પેલો આ સાંભળીને વિસ્મય પામ્યો. યુરોપિયનમાં માર્ગાનુસારિતાનો કૃતજ્ઞતા ગુણ કેવો !

**દેવ-ગુરુના ગુણ અને ઉપકાર :-**

પેલા સંન્યાસી ભાઈમાં વાત્સલ્ય ગુણ અને આ યુરોપિયનમાં કૃતજ્ઞતાનો ગુણ, જોતાં આવડે તો, એ આપણને ઊંચી સાધના માટે પ્રેરક છે. દેવગુરુ પ્રત્યે પ્રેમ હોવાનો આપણે દાવો કરીએ છીએ; ને એમનો આપણા પર અપરંપાર ઉપકાર છે, તેથી એમના પ્રત્યે કૃતજ્ઞતાની રૂએ આપણે કેટલું કરી છૂટવું જોઈએ. ધ્યાનમાં રાખજો કે આર્યદેશમાં જન્મ્યા છો માટે આ બધું સાંભળવા મળે એવા ભાગ્યશાળી છો. તેથી મનમાં લાવતા નહિ કે- 'અમારી જાત ને અમારું કુટુંબ સંભાળવાનું કે દેવ-ગુરુ ?' અનાર્ય તરીકે જન્મ્યા હોત તો ક્યાં આ પ્રશ્ન જ હતો ? તો આર્ય તરીકે અને એમાંય જૈન તરીકે જન્મ્યા પછી તો ઊંચી ભાવના જોઈએ કે જાત-કુટુંબ પાછળ તો **જીવન-નિર્વાહ જેટલું ઘસાવાનું; પણ પ્યારા અને ઉપકારી દેવગુરુ પાછળ કરી છૂટવામાં કાંઈ બાકી નહિ રાખવાનું.**

ભૂતકાળનો ઉપકારેય એમનો છે, ને ભવિષ્યમાં પણ ઉપકાર એ કરવાના છે. **આટલી ઊંચી માનવભવ વગેરે સ્થિતિ પામ્યા તે પૂર્વ જીવનના એમણે કરેલા ઉપકારથી ને ભવિષ્યમાં ઊંચી સ્થિતિ મળશે તો તે પણ એમના ઉપકારથી. ત્યારે આપણા હૃદયના પ્રેમનું પાત્ર પણ એ ગુણભંડાર દેવ-ગુરુ જેવું કોણ છે ? ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ અને ગુણનિધિ પ્રત્યે પ્રેમ, એ બે દિલમાં એટલા બધા ઉછળતા રહેવા જોઈએ કે ડગલે ને પગલે દેવ-ગુરુની સેવા અને ખૂબ ભક્તિ કર્યા કરીએ.** પછી દુનિયાના કોઈ પણ સંબંધી કરતાં એમનું સવાયું, દોઢું, દસગુણું કરવામાં કેમ ઊભા ને ઊભા ન રહેવાય ?

**વીતરાગ દેવ ને વિરાગી ગુરુની ભક્તિ શા માટે ? :-**

કેટલાકને એવો ગાંડપણનો વિચાર આવે છે કે

**પ્ર.-** 'દેવ વીતરાગ છે અને ગુરુ ત્યાગી છે, તો એમને શી બહુ જરૂર છે કે એમની પાછળ આપણે લખલૂટ ખરચીએ ? પ્રભુ આગળ ધરેલું ફળ નિવેદ પૂજારી લઈ જાય છે, ને ગુરુના કરેલા સામૈયામાં વાજાવાળો પૈસા ખાઈ જાય છે...'

ઉ.- આ વિચાર જ ભૂલભર્યો છે. માનો કે દેવ મૂર્તિરૂપે નહિ પણ હજુરાહજુર હોત અને એમને ધરેલું બીજા લઈ જતા હોત તો શું તમે એમની ભક્તિ ન કરતા ? મોટા શહેરમાં દેશનેતા આવે છે. એને સેંકડો ફૂલહાર ચઢે છે. પણ હાર ચઢાવનાર શું એ જુએ છે કે- 'આ નેતા તો હાર પૂરો ગળામાં ય ન લઈ જતાં



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

તરત બીજાને આપી દે છે, માટે એમને હાર ફોગટ શું ચઢાવવો ?' ના, એ તો એમ જ માને છે કે- 'ચાલો આવા નેતાને આપણે હાર ચઢાવ્યો એટલે કૃતકૃત્ય થયા ! આપણા ભાગ્ય ક્યાંથી કે એમના સ્વાગત કરવાનું મળે ?' તો અહીં પણ **દેવ ભલે વીતરાગ છે, ને ગુરુ ત્યાગી છે, પરંતુ એમની ઊંચી ભક્તિમાં આપણે ભાગ્યોદય સમજવાનો છે. દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાની કમી હોય ત્યારે મુફલીસ વિચાર આવે છે કે- 'એમને બહુ શું કરવું છે ?' પોતાનું પાપી પેટ, પાપસગાં અને પાપી માનલાલસા પાછળ ભારે ખરચવું છે, ને દેવ-ગુરુની વાત આવે ત્યાં મુફલીસ વિચાર, એ સંસારમાં ઊંડા ઉતરવાની નિશાની છે.**

મારવાડી યુવક અડધો ભાગ જાણી ચોંકે છે ! કેમકે પરિગ્રહપરિમાણનું વ્રત છે, ને અહીં લાખોનો નફો છે. એકાઉન્ટન્ટને પૂછે છે, 'મારે હવાલે શી રકમ થાય છે ?'

એકાઉન્ટન્ટે જણાવ્યું, 'અઠ્ઠાવીશ લાખ !'

યુવકને તરત મુનિ પાસે લીધેલો ત્રીસ લાખ રૂપિયાના પરિમાણનો નિયમ યાદ આવે છે. તે વિચારે છે, 'મુનિએ નિયમ આપ્યો ત્યારે હું હસતો હતો, પણ જુઓ નિયમનો પ્રભાવ ! કાળના ગર્ભમાં શું છૂપાયું છે, તેની કોને ખબર ?'

એણે તરત યુરોપિયનને કહી દીધું, 'હવેથી વેપારમાં મારો ભાગ નહિ.' સામાને ખબર ન હોય એટલે થાય, 'કેમ ના પાડતો હશે ?' પણ આને તો વ્રત પ્રત્યે પ્રેમ છે, જાગ્રતિ છે.

**વેણીચંદભાઈનો વ્રત-ધર્મ-પ્રેમ :-**

મહેસાણાવાળા શ્રી વેણીચંદ સુરચંદને તો જાણો ને ? પ્રસિદ્ધ છે. જૈનોમાં એમની ખ્યાતિ છે. ધર્મનિષ્ઠ તથા પરમાર્થમાં ધોલ ખાઈને ય સામા પાસેથી પૈસા કઢાવવામાં જબરા. વખત એવો આવ્યો, પોતાના નિર્વાહ માટે પૈસાની જરૂર છે. મુંબઈ આવ્યા. બજારોમાં સૌ એમને ઓળખે. આવાને કોણ ન ઓળખે ? આવવાનું કારણ પૂછ્યું. હતું તે જણાવ્યું, 'ખીચડી ખૂટી.' વેપારીઓએ કહ્યું, 'તમારે આ માથા-ફોડ શી ? તમે તમારે ધર્મના કાર્યો કરો; અમે અમારા વેપારમાં તમારો એક એક આની ભાગ રાખીશું.' ત્રીજા અદત્તાદાન વિરમણ વ્રત તથા પાંચમા પરિગ્રહ પરિમાણવ્રતમાં જાગ્રત આ શેઠ. એ વાત કબૂલે ? એ તો કહે છે, 'ન માલૂમ ! તમારા પૈસા કેવી રીતે આવ્યા હોય-મારે એ ન જોઈએ.' ધર્મ કેવો પરિણમ્યો હશે સામેથી એવું ય કહેવાયું હશે, 'શેઠ ! રહેવા દ્યો ને ! ધર્મ કર્યા કરો ને ! જરા જમાનો ઓળખો. આ તો આનીનો ભાગ છે, પાઈનો ભાગ આપનાર છે ક્યાં ?'

વેણીચંદભાઈ એ વાતને ઠોકરે મારે છે. ધર્મની પોતાને કિંમત હતી જીવન



ધર્મ માટે છે, ધન માટે નહિ, એ પાકું સમજે છે. **ધર્મ ખોઈને ધન મેળવવાની વાત નહિ.** જેમ દૂધના ફોદા ય થાય, ને દૂધનો માવો ય થાય, એમ ઉત્તમ માનવભવના કૂચા ય થાય, ને ઊંચા સર્જને ય થાય. **મુરખ માણસ સ્વાર્થરસિકતા, ભોગવિલાસ અને સત્તા-સાહ્યબીમાં ખૂંચી ભવના કૂચા કરે છે. ત્યારે ડાહ્યો પુરુષ પરમાર્થ-પરોપકાર અને દાનાદિ ધર્મથી ઊંચા સર્જન કરે છે.**

વેણીચંદભાઈએ ઊંચા સર્જન કર્યા છે. એ જાતની તો શું પણ બીજાની ય અનીતિનું પાપ માથે લેવા તૈયાર નથી.

માણસને એ વિચાર જોઈએ કે- **'શા સારું ? મારે જીવવા માટે કેટલું જોઈએ ? ઊંચા ભવમાં નીચા અનીતિના કામ કરવા એ કુલટા કે વેશ્યા સ્ત્રીની જેમ મનુષ્યપણાને વિડંબવા જેવું છે.'**

**'મોહરાજાની એ કરામત છે કે જીવને પાગલ બનાવીને પેટની ચિંતાને બદલે પટારા ભરવાની ચિંતા કરાવી સફેદ કપડામાં ડાકુના જૂઠ, અનીતિ દંભ વગેરેના કામ કરાવે છે.'**

**'હું તો ઉત્તમ કુળમાં જન્મેલો છું, તો મોહને હરગીઝ વશ ન થાઉં. અલબત બહુ સફાઈથી અનીતિ આદિના કામ કરવામાં આવે તો કદાચ બીજાને કામ કરવામાં આવે તો કદાચ બીજાને ખબર ન પડે અને આપણી હલકાઈ ન જણાય, પરંતુ પોતાના મનને મલિન, નીચ અને ધિટ્ઠું બનાવવું પડે એ કેટલું બધું ખરાબ ! અથવા જીવનભર મન ડંખતું રહ્યા કરે એવી સ્થિતિ ઊભી કરવી એમાં શું સુખ ?...'**

**આ બધો વિચાર કરવામાં આવે તો અનીતિ, માયા, જૂઠ વગેરે આચરવા જરા ય તૈયારી ન હોય.**

**કર્મધંધો બંધ કરી ધર્મધંધો :-**

વેણીચંદભાઈએ સામેથી ઓફર છતાં સામાના વેપારમાં ભાગ રાખવાનું કબૂલ ન કર્યું. એમણે તો વેપારી પાસેથી ખાંડની દલાલી કરવાનું કામ લીધું. પુણ્યશાળી હતા એટલે જોતજોતામાં, એમને રૂપિયા ચાર હજારની જરૂર હતી તેના કરતાં દલાલીની આવક વધી ગઈ. તે એમની જાણમાં નહિ ! એમણે હિસાબ પૂછ્યો અને ખબર પડી કે આ તો વધી ગયું, તરત દલાલીનો ધંધો બંધ કર્યો. એક મોટી વેપારી કંપનીએ એમને ખૂબ આગ્રહ કર્યો, કેમકે આ તો વેણીભાઈ, પ્રામાણિકતામાં એક્કા ! વેપારી કહે, 'તમારી અનુકૂળતાએ કામ કરજો,' છતાં વેણીચંદભાઈએ ઘસીને ના પાડી. 'મારે એ પરિગ્રહના અને આરંભસમારંભનાં વેપારનાં પાપ શા સારુ કરવા ? બસ, ઘણું થઈ ગયું. જીવનનિર્વાહ થઈ રહેશે.'



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

આ પાપનો ડર હતો ! એટલે કર્મ-ધંધો બંધ કરી ધર્મ-ધંધામાં ચોવીસે ય કલાક લાગી ગયા.

**ઉત્તમતાનું પારખું :-**

**જીવનું ઊર્ધ્વીકરણ થયું છે કે નહિ, અધમતા મટીને ઉત્તમતા વાસ્તવિક રીતે ઊભી થઈ છે કે નહિ, એનું માપ આના ઉપરથી નીકળે છે કે,**

**(૧) તૃષ્ણા કેટલી શમી ? પાપનો ભય ડગલે ને પગલે કેટલો વહે છે ? અને,**

**(૨) એ ભયથી બને તેટલું વધારેમાં વધારે, પાપકાર્યોથી, કેટલું બચાય છે ?'**

**દિશાપરિમાણ કેમ ઝટ લેવાય ? :-**

આ જાતિની ઉત્તમતા ઊભી થયા પછી આ પાપભરી પૃથ્વી ઉપર બહુ હરવા-ફરવાનું મન ન રહે. ઝટ દિશાપરિમાણમાં આવી જવાય. પરિમાણ રાખ્યા પછી પણ એટલા ય ક્ષેત્રમાં લહેરથી ફરવાનું દિલ ન રહે. તે રોજ માટે ય દિશાનો સંકોચ કરવાનો. પાપમાં પહોળા બહુ થયા, બહુ નંબર લખાવ્યા, હવે તો સમજવાનું છે કે ઝીણામાં ઝીણા પાપનો નિષેધ કરનારા જિનશાસનની છાયા મળી તો પાપમાં પહોળા નહિ, સાંકડા બની જવાનું; પાપમાં નંબર લખાવવાનું ઓછા કરતા આવવાનું-દિશાપરિમાણ એટલે કે મારે જીવનમાં આટલા ક્ષેત્રથી આગળ નહિ જવાનું, અને શક્ય એટલું હરવા-ફરવાનું ઓછું રાખવાનું. હાં, જો જો નવા જમાનાવાળા ટૂંકી દૃષ્ટિના કહેશે, મુંજી કહેશે, પરંતુ **આપણે તો તીર્થંકર ભગવાન અને ભાવી કાળ પર લક્ષ રાખવાનું છે. 'મારા પ્રભુએ પાપ અને પાપનાં સ્થાન ઓછાં કરવાનું કહ્યું છે, તો મારે એ જ મુબારક; તેમ ભાવી કાળ અહીંની પાપપ્રવૃત્તિના કુસંસ્કારથી ન બગાડવાનું કહ્યું છે, તો મારે તો એ તરફ જોવાનું,' આ વિચાર જાગતો જોઈએ. પછી ઝટ દિશાપરિમાણનું વ્રત લઈ લેવાય.**

**જેમાં કરવાનું કાંઈ નહિ અને કર્મ લાગ્યા કરે તે અવિરતિ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પહેલા 'પંચાશકજી'માં દિક્‌પરિમાણ વ્રતનો ઉપદેશ કરી રહ્યા છે. આ જીવને સંસારનું પરિભ્રમણ કર્મબંધથી છે. એ કર્મબંધનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગો છે. તેમાં અવિરતિ નામનું કર્મબંધનું કારણ એવું છે કે જેમાં જીવને કેટલીક વાર લેવા-મૂકવાનું કશું ન હોવા છતાં પોતાને તે કર્મ લાગ્યા કરે, તેનો બંધ ચાલુ થયા જ કરે. મિથ્યાત્વમાં ખોટી માન્યતા કરવી પડે, કષાયમાં ધમધમવું પડે, યોગમાં ક્રિયા કરવી પડે, અને તેથી કર્મ લાગે; પણ આ અવિરતિમાં કરવાનું કાંઈ નહિ અને કર્મનો ચાંલ્લો ચોટ્યા કરે. નિગોદના જીવો, ને પૃથ્વીકાયાદિ જીવોને કયું પાપ મોટું ? ઉત્કટ મિથ્યાત્વને અંગે,



ત્યાં મન અને વચનયોગ નથી એટલે ઉત્સૂત્ર ચિંતનભાષણ યોગે દીર્ઘ સંસાર નિપજે તેવું નથી, નથી ત્યાં આભિગ્રહિક મિથ્યાત્વ કે નથી આભિનિવેશિક મિથ્યાત્વ. ત્યાં મિથ્યાત્વ જોરદાર નથી. કષાય પણ જોરદાર દેખાતા નથી, સંજ્ઞાઓ મંદ છે, ચૈતન્ય અતિ મંદ છે અને યોગ ? એટલે મન-વચન-કાયાની દોડધામ છે ક્યાં ? સ્થાવર જીવ દોડધામ કરે ? એ જીવની બિચારાની જન્મથી જ એવી હાલત છે કે કોઈ હલાવનાર-ચલાવનાર ન મળે તો ત્યાંથી ખસે નહિ. અલબત એને મિથ્યાત્વાદિ નથી એમ નહિ, છે જ; પરંતુ તેવા પ્રકારના મિથ્યાત્વ, કષાય અને યોગ નથી. તેમ છતાં એ જીવોની ત્યાં અનંતકાલની સ્થિતિ શા આધારે ? આયુષ્ય અંતર્મુહૂર્તનું. અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તના આયુષ્યે ત્યાં અનંતા જન્મ કરે, અનંતા મૃત્યુ કરે ! એવી અનંતકાલની સ્થિતિ ત્યાં છે, અનંતા જન્મ-મરણના દુઃખ છે, તેમાં મહાન ફાળો અવિરતિનો છે. અવિરતિ એટલે પાપના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે. પાપ આચરતા ન હો, પણ ન આચરવાની પ્રતિજ્ઞા નથી, એ અવિરતિ. કરવું કાંઈ ન પડે અને વળગતું જ રહે એવું આ પાપ છે. એક ઝાડના જીવને અંગે વિચારો. પ્રત્યક્ષ દેખાય છે કે તે હિંસા કરતો નથી, વાચા છે નહિ એટલે જૂઠું બોલવાનું નથી, હાલવા-ચાલવાનું નથી એટલે ચોરી કરવાની નથી, એને નથી સ્ત્રી કે નથી પરિગ્રહ. છતાં એને મહાવ્રતધારી ન કહેવાય. એ જીવને એ પાપો ન કરવાની પ્રતિજ્ઞા નથી એટલે અવિરતિનો બંધ સતત ચાલુ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૨૪,તા.૨૮-૨-૧૯૫૯

## ૨૩ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**પૃથ્વી-પાણી પ્રમુખનાજી થાવર ભેદ અનેક, પ્રગટપણે તેહને નહીંજી પાપસ્થાનક એક; તો પણ અજ્ઞાનિપણેજી (અવિરતિથી) લાગે સઘળાં રે પાપ.**

**'અનાદિ'તત્ત્વ બુદ્ધિગમ્ય :- 'આદિ'તત્ત્વ શ્રદ્ધાગમ્ય :-**

આ જીવને અવિરતિ એટલે પાપની છૂટ અનાદિથી છે. જીવે અનાદિથી એની સાથે જીવન ગાળ્યું છે, છૂટાછેડા નથી કર્યા, તેનાથી ડાયવોર્સ નથી લીધો, અવિરતિ નામના કર્મ-હેતુની સાથે ગાંઠે બંધાઈને આ જીવ અનાદિથી રહ્યો છે. ફરીથી યાદ રાખો, જેમાં કરવાનું કાંઈ નહિ અને કર્મ સતત લાગ્યા કરે તેવો પરવાનો આ અવિરતિ છે. પાપથી છૂટાછેડા કરાય ત્યારે એ છૂટે; નોટીસ અપાય ત્યારે એ અટકે; ફારગતી લેવાય ત્યારે એ કર્મપ્રવાહ આવતો બંધ થાય.

**પ્ર.**- પાપક્રિયા ન કરવા છતાં અવિરતિથી પાપ કેમ લાગે ?

ઉ.- સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનનું શાસન જ આ બતાવે છે કે હિંસાદિ પાપસ્થાનક સેવો તો તો પાપ લાગે, પણ ન સેવતા હો, છતાં 'હું હિંસાદિ નહિ સેવું' એવી પ્રતિજ્ઞા ન હોય, અર્થાત્ વિરતિ ન હોય, અવિરતિ હોય તો પણ પાપ લાગે. બીજાઓ તો કહેશે હિંસા કરો તો પાપ લાગે. જૈનદર્શન કહે છે હિંસાદિને વર્યા હો તો પણ પાપ લાગે. 'કરે તે ભરે' એ સ્થૂલ વાત છે, 'વરે તે ભરે' એ સૂક્ષ્મ વાત છે. 'વરે' એટલે પાપની સાથે લગ્ન, પાપની છૂટવાળો. પચ્ચક્ખાણ કરે એટલે પાપની છૂટ બંધ થઈ ગઈ.

વાત પણ સાચી છે કે **હિંસાદિ ન સેવવા છતાં એના** ત્યાગની પ્રતિજ્ઞા લેવામાં મન કેમ આનાકાની કરે છે ? એટલા જ માટે કે અવસરે જરૂર પડે તો હિંસાદિ કરી શકું. બસ, **મનમાં આવી પાપની અપેક્ષા બેઠી છે એ પણ ગુનો છે.** રીવોલ્વર લઈને ફરનારને પોલિસ પકડી પૂછે, 'કેમ રાખી છે ?' ત્યાં જો પેલો કહે કે- 'હું કોઈને મારતો નથી; પરંતુ લાગ આવે તો મારી દઉં,' તો ય પોલિસ એને ગુનેગાર ગણશે. એમ અહીં પાપક્રિયાની મનમાં અપેક્ષા નથી, તો પછી પ્રશ્ન છે કે એના ત્યાગની પ્રતિજ્ઞા કેમ નથી કરી લેતા ?

દુનિયામાં પણ જુઓ કે ભાગીદારીમાં દુકાન હોય, અને છ-બાર મહિના બહારગામ જવું હોય; હવે ત્યાં મનમાં અપેક્ષા હોય કે- 'ઠીક છે ભાગ ચાલુ રાખો, કમાણીનો લાભ થશે તો થશે;' એટલે એટલા વખત માટે ભાગીદારી બંધ ન કરી, અને ભાગ્યયોગે એ ગાળામાં ભાગીદારીના હાથે ખોટ આવી, તો તમે વેપાર નથી કર્યો છતાં ખોટનો હિસ્સો તમને લાગે કે નહિ ? હા, જો જતાં પહેલાં ભાગીદાર સાથે નક્કી કરી દો કે- જો ભાઈ ! આ ૬-૧૨ મહિના તું વેપાર કરે એ તારા જોખમે. કમાય તો તારું, ને ખોવે તો તારું. હું તો માત્ર મારી મુડી પર વ્યાજ માગું.' આમ નક્કી કરી ગયા હો તો ખોટનો ભાર તમને ન ચડે. બસ, એ રીતે અહીં પ્રતિજ્ઞા લઈ નક્કી કર્યું કે- 'આ આ પાપક્રિયા હું નહિ કરું.' તો પછી કર્મનો ભાર માથે ન ચઢે.

એમ, બાર મહિના ઘર બંધ કરી બહારગામ ગયા હો, પણ નળ અને ગટરના કનેક્શન ઊભા હોય પછી ભલે બાર મહિના તે વાપર્યા નથી, છતાં મ્યુનિસીપલ ટેક્ષ ભરવો પડે છે.

એવી રીતે, કોઈની રકમ વ્યાજે રાખી; પછી ભલે તે વાપરી નહિ, પરંતુ સામાને નોટિસ ન આપી કે તારી રકમ લઈ જજે, તો વ્યાજ ભરવું પડે છે.

આવા દાખલા એ બતાવે છે કે ક્રિયા ન કરવા છતાં ભાર ચઢે છે. એવું પાપક્રિયા માટે છે. ત્યાગની પ્રતિજ્ઞા નથી, અવિરતિ છે, તો પાપકર્મનો બોજ માથે



ચઢે છે, પછી ચાહ્ય પાપક્રિયા ન પણ કરતા હો.

**પ્ર.- તો તો પાપક્રિયા કરવા ન કરવામાં ફેર શો ?**

ઉ.- ફેર એ કે પાપક્રિયાને અમલમાં મૂકો ત્યારે અવિરતિ ઉપરાંત યોગનું પાપ વધારે લાગે. કર્મબંધના ચાર હેતુ, - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

**મિથ્યાત્વ** એટલે પાપને પાપ તરીકે ન માનવું તે.

**અવિરતિ** એટલે પાપત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે.

**કષાય** એટલે રાગ-દ્વેષ કરવા તે.

**યોગ** એટલે પાપક્રિયા કરવાનો વિચાર કરવો, વાણી બોલવી, અગર કાયાથી વર્તાવ કરવો તે. અર્થાત્ પાપક્રિયામાં મન-વચન કે કાયાની પ્રવૃત્તિ એ યોગ.

દા.ત. 'જૂઠ ન બોલું' એવી પ્રતિજ્ઞા નથી એ અવિરતિનું પાપ. જૂઠ બોલ્યા એ યોગનું પાપ. એમાં રાગ-દ્વેષ થયા એ કષાયનું પાપ અને 'એમ બોલવામાં શો વાંધો ? જૂઠ બોલવું જ જોઈએ' એવો પાપમાં કર્તવ્યનો સિક્કો માર્યો એ મિથ્યાત્વનું પાપ.

હજી આટલેથી પતતું નથી, આ તો પાપ **કરવા** અંગે વાત થઈ. એવું પાપ કરાવવા સંબંધમાં, અને પાપ અનુમોદવા યાને સંમતિ હોવા અંગે પણ જાણવું.

હવે વિચારજો કે પાપથી બચવું હોય તો કેટકેટલા દરવાજા બંધ કરવા જોઈએ, અને કેટકેટલી સાવધાની રાખવી જોઈએ. તેમ એ પણ જો જો કે ઘરવાસમાં રહીને પાપથી સંપૂર્ણ બચવું શક્ય છે ખરું ?

માટે તો જ્ઞાનીઓએ મોક્ષનો સીધો એક જ માર્ગ સર્વવિરતિ ચારિત્ર બતાવ્યો, કે જ્યાં અવિરતિ સર્વથા ત્યજાઈ જાય છે ને પાપક્રિયા ન કરવી પડે, ન બીજા પાસે કરાવવી પડે, કે કોઈ પાપક્રિયા કરે એમાં ન સંમતિ રાખવી પડે એ માટેની સુયોગ્ય સાધુચર્ચા હોય છે. અલબત શ્રાવક-જીવનમાં ધર્મ ખરો, પરંતુ તે આ સ્થિતિએ પહોંચવા માટે; કેમકે મોક્ષ તો જ મળે કે જો મિથ્યાત્વ, અવિરતિ વગેરેનો સંપૂર્ણ ત્યાગ થાય.

પાપના આવા મોટા ઘેરાવામાંથી છૂટવા માટે પહેલાં કમમાં કમ મિથ્યાત્વનો ત્યાગ તો કરી જ દેવો જોઈએ; અર્થાત્ તીર્થંકર ભગવાને જેને પાપ તરીકે ઓળખાવ્યું અને ત્યાજ્ય કહ્યું, એના પર પાપ ન હોવાનો સિક્કો નહિ મારવો, એ કર્તવ્ય છે, ઉપાદેય છે, એવી મહોરછાપ નહિ મારવી, પછી શક્ય એટલી અવિરતિ છોડવી, વિરતિમાં આવી જવું. જીવનમાં ઘણાં એવાં પાપ કરવામાં જ નથી આવતાં તો પછી એના ત્યાગની પ્રતિજ્ઞા કેમ ન કરી લેવી ? બાકી જેની અવિરતિ હજી ઊભી છે, એવા પાપકાર્યમાં પણ રાગ ન કરવા, અને બને તેટલું ટૂંકે પતાવવું; અર્થાત્ કષાય અને યોગને કાબૂમાં લેતા આવવું.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

## ૨૪ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

આપની વાત એ હતી કે અનાદિથી અવિરતિ વળગી છે. અને અનાદિથી કર્મબંધ તથા સંસાર ચાલ્યો આવે છે.

**પ્ર.- 'અનાદિ'તત્ત્વ શ્રદ્ધાથી જ માનવાનું કે બુદ્ધિગમ્ય છે ?**

ઉ.- બુદ્ધિગમ્ય છે. એકલી શ્રદ્ધાથી તો 'આદિ' તત્ત્વ માનવું પડે; કેમકે સંસાર ક્યારેક શરૂ થયો એમ માનવામાં તો બુદ્ધિ અટકી પડે છે. 'બાબાવાક્યં પ્રમાણં' કરી લેવું હોય તો જુદી વાત છે. બાકી બુદ્ધિથી જોઈએ તો દેખાય કે આ ભવમાં શરીર, ઇન્દ્રિયો ને વિષયો મળ્યા છે એ સામગ્રી છે. એ ભૂતકાળના કર્મથી મળી છે. એ કર્મો એમજ ઊભા નથી થઈ ગયા, કે અનાદિના પડ્યા નહોતા; એ કર્મ તો ત્યારના શરીરાદિ સામગ્રીથી ઊભા થયેલાં. એ સામગ્રી પણ તેની પહેલાંના કર્મોથી મળેલ છે...એમ બુદ્ધિથી વિચારો તો અનાદિપણું મનાશે, માટે અનાદિતત્ત્વ બુદ્ધિગમ્ય છે. સામગ્રી વિના કર્મ નહિ, કર્મ વિના સામગ્રી નહિ. આજની સામગ્રીથી જે કર્મો કર્યા તે નવાં, પણ આ સામગ્રી મળી છે, તે પહેલાંના કર્મોથી. નવાં કર્મ થયાં તેની સામગ્રી ભવિષ્યમાં મળવાની; પણ ભૂતકાળમાં ક્યાં કર્મ સાધનસામગ્રી વિના જન્મ્યાં હોય ? અને કયી સાધનસામગ્રી કર્મ વિના મળી હોય ? દરેકને એનું પૂર્વનું કારણ હોવું જ જોઈએ. કેમકે એ આત્માની જેમ સદાની નિત્ય વસ્તુ નથી. માટે કોઈપણ કાળની સાધનસામગ્રી પૂર્વના કર્મથી, તે એ કર્મ પૂર્વની સામગ્રીથી હોય. એમ ન માનો તો પ્રથમ શું કહેશો ? કર્મ તો તે સામગ્રી વિના ન હોય. સામગ્રી તો તે કર્મ વિના ન હોય. માટે બુદ્ધિ કહે છે, કર્મ તથા સામગ્રી બંનેનો પ્રવાહ અનાદિ છે. એમાં અનાદિને બદલે આદિ તત્ત્વ માનવું હોય તો બુદ્ધિવિરુદ્ધ કોરી શ્રદ્ધા રાખવી પડે !

**સત્ તર્ક અને કુતર્ક :** અલબત, બુદ્ધિ લડાવવામાં કુતર્કો કરવા હોય તો કરી શકાય છે. પરંતુ એની કશી કિંમત નથી. કુતર્કોની સામે કેટલીકવાર જ્ઞાનીના વચનની શ્રદ્ધા અને કેટલીકવાર સત્ તર્કયુક્તિ કામ કરે છે. મિથ્યાત્વીની પાસે એ બંને નથી. મિથ્યાત્વ દોષ એ કે તેના યોગે મિથ્યાત્વી બનેલ જીવની પાસે સાચી વાત ગમે તેવી સુંદર યુક્તિથી કરો તો પણ તે નહિ માને. એ જ રીતે સમકિતી જીવની ખોટી વાત ગમે તેવા જોરદાર કુતર્કથી તેને કોઈ સંભળાવે, તો તે તેને ન જચે. ગોશાળાનો પેલો શકડાલ ભક્ત પરમાત્માનો શ્રાવક થયો. પછી ગોશાળો



એની પાસે ગયો છે, એને સમજાવવા ઘણું મથ્યો છે, તેણે ઘણા કુતર્ક કર્યા છે, તેમાં ન ફાવતાં પોતાની પૂર્વની શરમ લગાડવા પ્રયત્ન કર્યો છે; છતાં શકડાલ ડગ્યો નથી. સુદર્શન શ્રાવકને પલટાવવા શુકપરિવ્રાજક ઘણું મથ્યો, એ શ્રાવક નથી ડગેલ. થાવચ્ચા પુત્રના શિષ્ય શુક પરિવ્રાજક પ્રથમ મિથ્યાત્વી હતા. સુદર્શન પ્રથમ એનો ભક્ત હતો. ચૌદપૂર્વી એવા થાવચ્ચા પુત્ર પધાર્યા, એમની એક દેશના સાંભળી સુદર્શન સમકિતી શ્રાવક થઈ ગયો. પછી એ પરિવ્રાજક એની પાસે ગયેલ છે, ઘણા કુતર્કો કર્યા છે, અને પોતાનો પૂર્વનો પરિચય આગળ કરીને એણે સુદર્શનને સમજાવવા પ્રયત્ન કર્યો છે; પણ સુદર્શનને અસર થઈ નથી. શ્રદ્ધા થયા પછી એની પાસે સેંકડો કુતર્કની વાતો કરો, નહિ બેસે. યુક્તિ મળે તો માનવું તે બુદ્ધિગમ્ય, અમુક વિશ્વાસે માનવું તે શ્રદ્ધાગમ્ય. અનાદિ કર્મ અને સંસાર અંગે બંને મળે છે, શ્રદ્ધા અને બુદ્ધિ.

**શ્રદ્ધાગમ્યને બુદ્ધિગમ્ય બનાવવામાં તથા બુદ્ધિગમ્યને કેવળ શ્રદ્ધાગમ્ય કહેવામાં મિથ્યાત્વ :-**

નિગોદમાં અનંતા જીવો છે એ વાત શ્રદ્ધાગમ્ય છે, ત્યાં બુદ્ધિવાદ લગાડવો નકામો. જે પદાર્થ માત્ર કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી જ દેખાય, એવા પદાર્થ આપણા માટે માત્ર શ્રદ્ધાગમ્ય જાણવા, ત્યાં બુદ્ધિવાદના અમલની દિવાકર મહારાજે ના કહી. બુદ્ધિગમ્ય વાતોને કેવળ શ્રદ્ધાગમ્ય કહેવામાં પણ મિથ્યાત્વ. નિગોદમાં અનંતા જીવો છે, કેટલા ? અનંતા સિધ્ધો કરતાં પણ અનંતા. આ વાત શ્રદ્ધાગમ્ય છે. એને આગમગમ્ય કહેવાય છે. આગમગમ્ય વાતમાં હેતુ ન હોય. શ્રદ્ધાગમ્ય કહો કે આગમગમ્ય કહો, એક જ છે, બુદ્ધિગમ્ય કહો કે હેતુ-પ્રમાણગમ્ય કહો, એક જ છે. કેટલાક પદાર્થો આગમગમ્ય અને હેતુગમ્ય બે રીતે મનાય છે. દા.ત. આત્મા, કર્મ વગેરે. પણ કર્મની સંક્રમ વગેરે ઝીણી પ્રક્રિયા એ આગમગમ્ય છે. એમાં ક્યાંક હેતુ ઘટાવી શકાય, પણ બધે નહિ.

**કાર્યકારણ ભાવ એવો છે કે અનાદિતત્ત્વની અવ્યવસ્થા નથી :-**

કર્મ તથા સામગ્રી અનાદિ છે એમ માનવું એ બુદ્ધિગમ્ય છે. કર્મ વિના સામગ્રી નથી, સામગ્રી વિના કર્મ નથી, પરસ્પર કાર્ય-કારણ છે એટલે અનાદિ સિદ્ધ છે. આ અનાદિપણું બુદ્ધિથી મનાય તેમ છે. પહેલું કર્મ કે સામગ્રી ? પહેલું વૃક્ષ કે બી ? ઇંડું પહેલું કે મરઘી પહેલી ? કર્મ તથા સામગ્રીમાં કાર્ય-કારણભાવ છે. બે ય કાર્ય છે, બે ય કારણ છે; પણ હાલની સામગ્રી તે પૂર્વના કર્મોનું કાર્ય છે અને ભવિષ્યના કર્મોનું કારણ છે, હાલનાં કર્મો પૂર્વના કર્મથી મળેલી સામગ્રીનું કાર્ય છે, ભવિષ્યની સામગ્રીનું કારણ છે. આ રીતે કાળભેદથી પરસ્પર કાર્ય કારણરૂપ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છે, પણ કાર્ય તે કારણ, કારણ તે કાર્ય, એમ નથી. નામમાં સમાનતા છતાં વ્યક્તિમાં ભેદ છે, એટલે તત્ત્વની અવ્યવસ્થા નથી. આ સામગ્રી મળી છે પૂર્વના કર્મથી, એ સામગ્રી નવાં કર્મ પેદા કરે છે, તેના યોગે નવી સામગ્રી નવાં કર્મ પેદા કરે છે, તેના યોગે નવી સામગ્રી મળશે એમ પ્રવાહ ચાલે છે. કાર્ય-કારણના ભૂતકાળના પ્રવાહ તરફ નજર કરો એટલે અનાદિતત્ત્વ બુદ્ધિગમ્ય મનાશે. સામગ્રી વિના જો કર્મ થઈ જતાં હોય તો તો મોક્ષ જ ન થાય, અથવા મુક્તિમાં ય કર્મ લાગે; ત્યાં સામગ્રી ભલે નથી, છતાં કર્મ ચોંટી પડે.

**સામગ્રીને વા ખાતી કરોને ! :-**

કર્મ ને સામગ્રી અનાદિથી છે એ તો ભૂતનો વિચાર. ભવિષ્યનો વિચાર કરો. સામગ્રી છે ત્યાં સુધી કર્મબંધ થવાનો અને પ્રવાહ ચાલવાનો, સામગ્રી અટકે એટલે કર્મબંધ અટકે. સિદ્ધિમાં (સિધ્ધોને) સામગ્રી નથી માટે ત્યાં કર્મબંધ નથી. વર્તમાન સામગ્રીનું કાર્ય કર્મ. વર્તમાન સામગ્રીમાંથી કાર્યને જન્માવવાની તાકાત કાઢી નખાય એટલે કાર્ય અટકે. આ ઉપાય છે. બીજથી વૃક્ષ થાય, એ વૃક્ષના છોડમાં પાછાં નવાં બીજ થાય, એ વવાય જમીનમાં પડે, ત્યાં પાણી પડે, ઉગે, વળી વૃક્ષ થાય, એમ નવાં નવાં બીજ વૃક્ષ થયા કરે. પણ કોઈ બીજ ઉઠાવી, એમાંથી ઉગવાની શક્તિ કાઢી નખાય, પછી વૃક્ષ નવું ન થાય, કોઈ બીજમાં જીવાત પડે, તેના મર્મને કોરી ખાય પછી તેમાંથી નવો છોડ ન થાય. તાત્પર્ય કે સામગ્રીમાંથી કર્મને જન્માવવાની તાકાત કાઢી નખાય તો કર્મરૂપ કાર્ય અટકે. વર્તમાન સામગ્રી કઈ ? આ શરીર, ઇન્દ્રિઓ અને બીજા પદાર્થો ભૂતકાળની જેમ આ સામગ્રીમાં કર્મને જન્માવવાની તાકાત છે. તે તાકાત દૂર કરાય, અટકાવાય એટલે પછી સામગ્રી વા ખાય ! એવું કરોને !

**ગોટલો કે આંબો પ્રથમ આકાશમાંથી પડ્યો ? :-**

**પ્ર.**- એમ કહે છે કે પહેલું તો કાંક હોય ને ?

**ઉ.**- આ જ ખોટી શ્રદ્ધા છે, કહો ગોટલો પહેલો કે આંબો પહેલો ? જેને પહેલો કહેશો એના માટે પ્રશ્ન થશે કે એ શું આકાશમાંથી પડ્યો ? એકાએક ઉત્પન્ન થઈ ગયો ? કે હવામાંથી ઇંદ્રધનુષ્યની જેમ ફૂટી નીકળ્યો ? શું કહેશો ? કે જમીનમાંથી એમજ નીકળ્યો ? તમે જ કહોને, શું થયું ? આ પ્રશ્નમાં જ જવાબ છે. ગોટલો કહો તો આંબા વિના આવ્યો ક્યાંથી ? આંબો કહો તો ગોટલા વિના પ્રગટ્યો ક્યાંથી ? વાત એમ છે, એમ બેઠું છે કે, 'આદિ ન હોય એમ તે હોય ?' બેઠું છે આમ, અને એ બુદ્ધિથી સંગીન નથી એટલે લોચા વાળવા પડે છે. અનાદિ પ્રવાહ માનો તો બુદ્ધિથી બેસે એવું છે કે ગોટલો આંબામાંથી, ને આંબો



ગોટલામાંથી, એમ કર્મ સામગ્રીમાંથી, ને સામગ્રી કર્મમાંથી.

**ઝેર દૂર થાય એટલે આરોગ્ય પ્રાપ્ત થાય :-**

સામગ્રીમાંથી કર્મને જન્માવવાની તાકાત કાઢી નાખવી એનું નામ મોક્ષની સાધના. સામગ્રીમાંથી ભવિષ્યના કર્મને નિપજાવવાની શક્તિનો નાશ થઈ ગયો, તથા ભૂતકાળનાં સર્વ કર્મોનો નાશ થઈ ગયો એટલે મોક્ષ. જૈનશાસનની એ વિશિષ્ટતા છે કે એને પામેલો સમજી જાય, **'સામગ્રીની કર્મોત્પાદનની તાકાતને દૂર કરું. એ ઝેર દૂર કરું એટલે કર્મો નવાં ક્યાંથી લાગવાનાં ? કર્મોત્પાદન-શક્તિ એ સામગ્રીનું ઝેર છે.'** આ શરીર, વિષયો, ઇન્દ્રિઓ, એ કર્મજન્ય સામગ્રી છે, એનું ઝેર કયું ? મિથ્યાત્વ, અવિરતિ તથા કષાય જાય પછી યોગ બહુ બાધક નથી. કેવળજ્ઞાન થયા પછી ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય તો ઇન્દ્રિઓ છે, શરીર છે, યોગ છે, છતાં કર્મ નહિ. કેવળજ્ઞાન થયા પછી કેવલી નિત્યભોજી હોય, રોજ આહાર કરનારા. માત્ર અંત સમયે બાકીના કર્મ તેટલા સમયમાં ખપવાના છે, અને હવે આહારની જરૂર નથી, તો પોતાના જ્ઞાનમાં જરૂરી દેખાતું અનશન કરે. છદ્મસ્થપણામાં છ છ માસી તપ, પણ કેવળજ્ઞાન થયા પછી તપ નહિ. આહાર એમને વિષરૂપ નથી, આહાર કરે, હરે-ફરે, ચાલતાં પરિશ્રમિત શરીરને આરામ પણ આપે, છતાં કર્મનું કલંક નહિ, કેમકે કષાય-રાગ-દ્વેષ વિનાની માત્ર યોગ-પ્રવૃત્તિ છે. મિથ્યાત્વ, અવિરતિ તથા કષાયના ઝેરને તેઓએ કાઢી નાખ્યું છે. એ ઝેર દૂર થાય એટલે આરોગ્ય (આત્માનું) પ્રાપ્ત થાય.

**શરીર, ઇન્દ્રિઓ આદિ સામગ્રી જીવે છે મિથ્યાત્વાદિના આધારે :-**

મિથ્યાત્વ, અવિરતિ, કષાયમય ભાવથી, આત્માના તદ્‌રૂપ ભાવથી શરીરાદિ સામગ્રી દ્વારા કર્મ આત્મામાં પેઠા છે-પેસે છે. સામગ્રી તો જડ છે, એ જીવે છે આ ભાવ પર. સામગ્રી જેના પર જીવે તે તેની કહેવાય; એને કોણ પોતાની માને ? વ્યવહારમાં નજર કરો, પોતાનો દીકરો હોય, છતાં ઘરે ન રહેતો હોય, બીજાના આધારે જીવતો હોય, બીજે પડ્યો-પાથર્યો રહેતો હોય તો બાપ કહે છે, 'એ તો આના પર જીવે છે, ત્યાં જ રહે છે, ઘર તરફ નજર કરતો નથી, એ એનો દીકરો ! એ મારો દીકરો શાનો ?' એમ શરીર, વિષયો વગેરેને આપણા શા સારું માનીએ ? શા સારું એના સંબંધમાં મિથ્યાત્વાદિ સેવીએ ? એકલી પ્રવૃત્તિ બાધક નથી. એકલા આહારથી તેવાં કર્મ નથી બંધાતા, એ તો બંધાય છે તેની સાથેની કર્મ બંધાવવાની શક્તિથી (સંજ્ઞા-વાસનાથી) હા ! એ ખરું કે આહારમાં કર્મ જન્માવવાની શક્તિને પ્રફુલ્લિત રાખવાની તાકાત છે. પરંતુ કેવળજ્ઞાનીએ પહેલાં તપ વગેરે કરીને કષાય બાળી મૂક્યા છે. તેથી હવે આહાર કર્મ જન્માવી શકતા



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

નથી. છદ્મસ્થ જીવો માટે, પ્રમત્તો માટે, આહારાદિને પાપ સમજવાના છે. અહીં પાપ, અને કેવલીને પાપ નહિ, શાથી એ સમજો. કેવલીએ ઝેર કાઢી નાખ્યું છે માટે. ગૃહસ્થ પરિગ્રહથી અવસરે એવો પરમાર્થ કરે કે જેના યોગે આત્માનાં કેઈક કર્મો ઉખડી જાય; હેતુ એ જ કે એ પરિગ્રહમાંથી ઝેર નીચોવાઈ ગયું. પરિગ્રહમાંથી રાગ રૂપ ઝેર નીચોવાઈ જાય પછી તો ધર્મબુદ્ધિ વધે. લાખનો પરિગ્રહ થયો માટે મૂર્ચ્છા ઉતરી, એમ નહિ; પણ રાગ ઘટ્યો અને ધર્મબુદ્ધિ વધી માટે મૂર્ચ્છા ઉતરી. નહિતર તો મનને એમ થાય કે- 'પરિગ્રહનું પરિમાણ કરવાનો એ મહિમા છે કે ઝટ એટલી લક્ષ્મી મળે. ફલાણાને મળી, પેલાને મળી. આવું થાય ત્યાં તો રાગનો નાચ થયો મૂર્ચ્છા મઘમઘી.

**અવિરતિને વિનંતિ :-**

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ ઝેર છે. એ ભાવો આત્માના કે જડના ? જડનું તો એ પોષણ છે. શરીર, વિષયો, ઇન્દ્રિઓ, યોગની દોડધામ, આ બધાં ભેગા થઈને અવિરતિને વિનવે છે, 'તમે રહેજો.' એ છે એટલે શું નથી ? તમામ છે. આ બધા બંધાયેલા અવિરતિને. રાત્રિભોજનમાં પાપ, તો ખાય નહિ; પણ વિરતિ નહિ કરે ! અવિરતિને જાણે કહે છે, 'તમારે જમવાનું નહિં' વિષયો કહે, 'પુણ્યે અમે મળ્યા તે કૂચે મરવા ?' કાયા કહે છે, 'જો જો અમને આઘા રાખતા નહિ ! મારા વિના જીવી નહિ શકો.' વિષય અને કષાયો કેવી પાગલતા કરાવે છે ! આ તમામથી પ્રેરાયેલ આત્માને વ્રત કરતાં વસવસો થાય છે; 'બાધા લઈએ અને પછી શરીરને કંઈ થાય તો !' વિચારશે, 'રાત્રે ન ખાવું એ ઠીક, પણ બાધા શા માટે ? રખે રાત્રે કાંઈ થયું તો ? બ્રહ્મચર્ય સુંદર; પાળવું; પણ નિયમ નહિ.' અવિરતિ આમ પોષાય છે. એવી પ્રેરણાથી પ્રેરાયેલ જીવ કુવિચારમાં આગળ વધે છે, "આ બધા ધર્મ કરે છે, ઠીક છે, ધર્મ કરવાના કયાં એક પ્રકાર છે, એ એમ ધર્મ કરે, આપણે બીજા પ્રકારે ધર્મ કરીશું. વિરતિ સારી, કરે તેની બલિહારી, બાકી એ વિના કાંઈ બહુ બગડી જતું નથી...' આ રીતે અવિરતિને મનની ચોરીથી પોષે છે ! મનની ચોરી ભારે ભૂલાવે છે.

**ક્રિયા એ જડનો સ્વભાવ કે આત્માનો ? ક્રિયાને જડ કહેનારો મૂર્ખ છે :-**

પાંચ ઇન્દ્રિઓના વિષયો મન પાસે ચોરી કરાવે છે. આજ કારણે અત્યાર સુધી (પૂર્વે) અનંતી દ્રવ્યક્રિયા નિષ્ફળ ગઈ. એ ક્રિયામાં શું તાકાત નહોતી ? તાકાત તો ઘણી હતી. ધર્મક્રિયા તો રસાયણ છે રસાયણ ! ક્રિયાને જડ કહેનારો મૂર્ખ છે. એને પૂછો 'ક્રિયા એ વસ્તુ શી ? વસ્તુ હોય તો બતાવ !' ક્રિયા 'એ વસ્તુનો ધર્મ છે, માટે વસ્તુ બીજી, અને ક્રિયા તો માત્ર એનો ધર્મ, ફળ પડ્યું;



પડવું એ સ્વભાવ, પણ ફળરૂપી વસ્તુનો સ્વભાવ. ક્રિયા એ જડનો સ્વભાવ છે કે ચેતનનો ? જો ક્રિયાને જડ કહેનારો ક્રિયાને જડનો સ્વભાવ કહે તો એની પાસે મડદું હાજર કરવું, પછી કહેવું, 'આ જડ છે, આની પાસે કરાવ ક્રિયા ! ઊભું કર, બેઠું કર, ચલાવ, વાતો કરાવ !' ક્રિયા ચેતનની પ્રેરણાથી થાય છે. યોગ એ ચેતનનો ભાવ છે. એ પેદા થાય વીર્યાંતરાયના ક્ષયોપશમથી. નિગોદમાં ય મંદ મંદ વીર્યાંતરાયનો ક્ષયોપશમ છે, માટે મંદ મંદ યોગ છે. યોગ પેદા થાય વીર્યાંતરાયના ક્ષયોપશમથી. સિદ્ધ ભગવાનને વીર્યાંતરાયના ક્ષય થયો છે પણ સહકારી શરીર નથી માટે યોગ નહિ. વીર્યાંતરાયના ક્ષયોપશમ સાથે તો સહકારી પુણ્યોદય ચાલુ છે. વીર્યાંતરાયના ક્ષય પછી કેવળીને ચાલુ ક્રિયામાં અઘાતી કર્મની સહાય છે.

**રસાયણ તરફ દાંતિયા ? દ્રવ્યક્રિયા તો રસાયણ છે રસાયણ ! :-**

ચેતનની ક્રિયા જડની સહાયથી થાય છે, એ ઔદયિકભાવથી. સિદ્ધને તે ભાવ નથી. દ્રવ્યક્રિયા અનંતીવાર નકામી ગઈ ! એ નકામી જાય તેવી હતી ? ના. એ ક્રિયા કરી પણ સામે મનની ચોરીથી મોહની ક્રિયા ચાલુ રાખી, મોહની ક્રિયારૂપ વાઘને દ્રવ્યક્રિયા રૂપ બકરીની સામે ઊભો રાખ્યો, પછી શું થાય ! સામે વાઘ ઊભો હોય એટલે બકરીએ ખાધેલા ઘાસનું લોહી ન થાય, પાણી થાય. દરદી સારામાં સારું રસાયણ ખાય પણ સાથે ભારેમાં ભારે કુપથ્ય ખાય, ને ઝેર વ્યાપે, ત્યાં રસાયણ કરે શું ! 'બાર બાર મહિના દવા ખાધી અને આમ ?'- એમ એ રસાયણ તરફ દાંતિયા કરે તો ? રસાયણ તરફ દાંતિયા કરનારો રસાયણ માટે નાલાયક છે. ભવિષ્યમાં કોઈ વૈદ રસાયણ નહિ આપે, કહેશે, 'તું તો દાંતિયા કરતો હતો, રસાયણ માટે તું લાયક નથી ! ભૂતકાળમાં ભૂલ થઈ તે થઈ, હવે એવી ભૂલ ન કરાય. વાઘ જેવી મોહક્રિયા સામે હોવાથી દ્રવ્યક્રિયાની શક્તિ ચાલી જાય છે, કમી થાય છે. ભાવક્રિયા પેદા કરનારી દ્રવ્યક્રિયા છે. દ્રવ્યક્રિયા ભાવક્રિયાની માતા થઈ શકે છે.

**આ હાલતમાં દ્રવ્યક્રિયા કરે શું ? :-**

વાઘ જેવી મોહક્રિયા સામે હોવાથી શક્તિ શોષાવાથી દ્રવ્યક્રિયા રાંકડી બને છે. જીવમાં આવડત હોય તો મોહક્રિયાને બકરી બનાવી દે. એ ક્રિયા સર્વથા ન છૂટે તો ક્રમે છોડે, પણ એ મોહક્રિયા એવી રીતે કરે કે તે ધર્મક્રિયા સામે વાઘની જેમ દાંતિયા ન કરે. પજુસણ પર્વ નજીક આવે છે. ભાવથી તેમજ ભાવ વિના પણ થોડી થોડી ભિન્ન ભિન્ન પ્રકારે દ્રવ્યક્રિયા થવાની. કાંક તપ થશે, કાંક પોષધ થશે, કાંક દાનાદિ પરમાર્થ થશે, પણ જો એની સામે મોહ(ક્રિયા)નું જોર હશે તો આ ક્રિયાની શક્તિ લય પામી જશે, હણાઈ જશે. દ્રવ્યક્રિયાની શક્તિને ઉત્તેજિત



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કરવી હોય તો મોક્રિયાને ઓછી કરવી પડશે, પણ જો દ્રવ્યક્રિયામાં ઢીલા તો મોહક્રિયાનું જોર ઓર વધી જવાનું. વિચારો ! દ્રવ્યક્રિયા તરફ મોહક્રિયા રોફવાળી હોય કે મોહક્રિયા તરફ દ્રવ્યક્રિયા રોફવાળી હોય ? ઉપવાસનો રોફ પારણા ઉપર ? કે પારણાનો રોફ ઉપવાસ પર ? તપ આહારને ધરાય કે આહાર તપને ? બજારમાં લેવાના પાંચ હજાર છે અને દાનમાં દેવાના પાંચસે છે, ખોટનો ધંધો નથી છતાં રોફ ક્યાં ? વધુ શાબાશી સારા ઉપવાસથી કે સારા પારણાથી ? વધુ આનંદ સારા સામાયિકથી કે સારા ધન-લાભથી ? બીજાનો વિચાર કરતા નહિ; પોતાની સ્થિતિ તપાસી લેજો. અવસરે કહેવાનું કરો છો ને, કે- 'હું સામાયિક લેવા બેસતો હતો, પણ સારું થયું, નહોતું લીધું એટલામાં અમુક કામ આવ્યું, સામાયિક ન લેતાં ગયો તો કામ ક્ષેમકુશળ પતી ગયું !' કહો જો શું સારું લાગ્યું ? આ હાલતમાં ક્રિયા કરે શું ?

**ધર્મક્રિયા એવી કરો કે જેથી મોહની ક્રિયા ધ્રૂજે ! :-**

આવા ઉત્તમ કુલમાં જન્મ થયો, કેવી સરસ સામગ્રી મળી ! ત્યાં એક ઉત્તમ સામાયિક થાય, ઉત્તમ કોટિની એક વાર પ્રભુની પૂજા થાય, એક નવકાર ઉત્તમ કોટિનો ગણાય, તો કેટલો લાભ ? આ તો જીવનમાં હજારો નવકાર ગણી નાખ્યા છતાં ય ભાવના ફાંફાં ! ભાવને તાણી લાવીને પણ ધર્મક્રિયા એવી કરો કે જેથી મોહની ક્રિયા ધ્રૂજે ! નવકાર ગણીને નીકળ્યો, ભલેને દુનિયાના કામે નીકળ્યો, પણ એણે ધર્મને પ્રધાન રાખ્યો. ચાર પુરુષાર્થમાં મોક્ષ તો ફળ છે, અને બાકીના ત્રણ સાધવામાં આવે છે. ગૃહસ્થ સંસારમાં છે એટલે ધર્મ, અર્થ તથા કામ ત્રણેય પુરુષાર્થને સાધે છે ખરો, પણ ધર્મથી ઈષ્ટ માત્ર સિદ્ધ થવાનું માનનારો કયા પુરુષાર્થને પ્રધાન રાખે ? **'ધર્મ પુરુષાર્થ અર્થ-કામના પુરુષાર્થને ડરાવે, પણ 'અર્થ-કામ'નો પુરુષાર્થ ધર્મ-પુરુષાર્થને ન ડરાવે, તો જ દ્રવ્ય-ક્રિયા ભાવક્રિયા બને, ભાવને જન્મ આપે.** શ્રી જિનેશ્વરદેવના શાસનની ધર્મક્રિયા સ્વરૂપે વાંઝણી નથી પણ આપણે એને વિધવા બનાવી દઈએ છે. છે અવંધ્ય, સંતાન જન્માવે તેવી પણ વિધવા બનાવી દેવાય ત્યાં શું થાય ? ક્રિયાને ઉપયોગનો સંયોગ કરાવવાની જરૂર છે. લક્ષ વિના ક્રિયા કરાય છે, જોવામાં આવતું નથી કે સૌભાગ્યવતી ક્રિયાને રંડાપો શાથી આવ્યો છે ? મોહક્રિયાના જોરે, મોહના અધિકારે ભાવને જન્મ આપવાની સ્થિતિમાંથી ક્રિયાને દૂર કરી છે.

**તે દી ગયા ! :-**

આત્માને ઉદ્દેશીને શુભક્રિયા થાય, તો ભાવ જન્મે. એટલું જ નહિ, પણ એની સાથે મોહનો, મોહક્રિયાનો આત્મા પરથી અધિકાર ઓછો કરવાની હેઠે



ઉતારવાની જરૂર છે. આવી શુભ ધર્મક્રિયા તે અધ્યાત્મ. આવો અધ્યાત્મી તો પછી ધર્મક્રિયામાં આનંદ આનંદ લૂટે ! ઉપવાસમાં એને આનંદ આનંદ થાય; ઉપવાસના દિવસને તે રુડો દિવસ માને; 'ખાવાનું પાપ તો રોજ છે, આજે એ પાપ બંધ છે, ઉત્તમ !' એમ એ માને; વિચારે, 'અરે ! કાલે પાછું એ પાપ શરૂ થશે ! ઈચ્છું છું કે આવા ઉપવાસ ચાલુ રહે.' બીજે દિવસે પારણું, એમાં એને આનંદ ન હોય. પારણામાં મઘમઘતી દશ ચીજ હોય, પણ વાપરે કેવી રીતે ? એમાં રસ ન હોય. જેને ઉપવાસની કે બીજી ધર્મક્રિયામાં આનંદ આનંદ હોય તેની રસનાની ઉજાણી વગેરે મોહની ક્રિયા પાંગળી હોય. મોહની ક્રિયાને પાંગળી કરનારે, આત્મા પરથી મોહનો અધિકાર ઉતાર્યો કહેવાય. આથી એને પેલી મઘમઘતી ચીજો, જાણે મનાવવા પ્રયત્ન કરે. જુઓ ખૂબી એક વખતના ચીજોને મનાવનારાને હવે ચીજો મનાવવાનો પ્રયત્ન કરે છે ! કેવો ફેરફાર ! દુનિયામાં પણ દેખાય છે, **વિરાગીને રાગી મનાવે છે, રાગીને વિરાગી નહિ.** મોહનો અધિકાર ફગાવી દેનારને વિષયો જાણે મનાવે છે, લલચાવે છે, 'અમારામાં રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ છે, તમામ ભેગા કરીને અમારો ભોગવટો કરો.' પણ આ આત્મા કહી દે છે, 'તે દી ગયા ! ત્યાગી નથી એટલે તમને ન છૂટકે લઉં, પણ ભેગા કરીને તો નહિ લઉં.'

**બધાનો ભેગો હલ્લો કોણ ઈચ્છે ?** દસ દુશ્મનો ચડી આવ્યા હોય, એ દસેને ય એક સાથે આક્રમણ કરવાની તક કોણ આપે ? જુદી જુદી ચીજોના ઠીક ઠીક સંયોગ કરી ખાવું, ઈષ્ટ, રસ, રૂપ, દ્રવ્ય, ગંધ, સ્પર્શ આદિ ભેગા કરી એનો આનંદ લેવો, તે સામટા શત્રુના હલ્લાને નોતરવા જેવું છે. ત્યાગના પ્રેમી આત્માને વિષયો કહે, 'આ દૂધ મોળું છે, જરા ખાંડ લે, ગળ્યું હશે,' આ કહી દે, 'મોળું ને ગળ્યું ! પેટમાં ક્યાં ભેદ છે ? ગળ્યું દૂધ ઘણું પીધું ! વળી પીવાઈ ગયા પછી ક્યાં જીભ પર ગળપણ રહે છે ?' વિષયો, ચીજો ઘણી ઘણી રીતે મનાવે, આ દાદ ન દે.

**પ્ર.**- જડ ચીજો તે મનામણાં કરતી હશે ?

**દ્રવ્યક્રિયા વાઘ જેવી જેની બને તેની મોહક્રિયા બકરી જેવી બની જાય.**

**ઉ.**- મનામણાં એટલે ? ચીજોનો ઝગમગાટ, મઘમઘાટ એ ! એ કાંઈ ચેતન છે કે મનાવે ? લોખંડ કરતાં સોના પર તથા સોના કરતાં રત્ન પર જીવ કેમ વધારે લલચાય છે ? કારણ કે લોખંડ કરતાં સોનાનો ઝગમગાટ વધારે, તેના કરતાં ઝગમગાટ વધારે રત્નનો. એ ઝગમગાટ જાણે મનામણા છે. પણ એને પરવશ ન થાય અર્થાત્ એમાં જીવનની મોજ ન દેખે એણે મોહનો અધિકાર પોતાના પરથી ઉતાર્યો. જે આત્માએ મોહનો અધિકાર ઉતાર્યો તે આત્માની ધર્મક્રિયા વાઘ જેવી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

હોય અને મોહક્રિયા બકરી બની ગઈ હોય. એ આત્મા ધર્મક્રિયા કરે, એમાં કેટલો આનંદ લૂંટે !

**આવો ગુરુ કોણ ? :-**

ઉપવાસ એટલે આહારનો સદંતર ત્યાગ. આજ તો એવું ચાલ્યું છે ક્યાંક, કે ફાવે તેટલા ટંક ખાય અને વાતો અધ્યાત્મની કરે. કહે છે કે,

'ચેતનની ક્રિયા ચેતન કરે છે, જડની ક્રિયા જડ કરે છે.'

'જે કાળે જેનું જેમ બનવાનું હોય તેમ બને જાય; ભાવિભાવ ! જેવા જેના પર્યાય. એના પર્યાય એવા હશે કે, મોંમાં જવું, ચવાવું, ગળે ઉતરવું, એમ બનવાનું હશે, એવું ભાવિ હશે.'

એને કહીએ, 'પર્ષદા બેઠી હોય એ વખતે આવું બતાવનાર તારા સાધુ કે ગુરુ બેઠા હોય, ત્યાં ધારો કે એક તરફથી એક માણસ એને રેશમી ચાદર ઓઢાડવા આવે, અને બીજી તરફથી એક માણસ છરો ઘોંચવા આવે, ત્યારે એ ઉપદેશ કે, 'કોઈ ભગત શું કરે ?' 'ભાવિભાવ ! જે બનવાનું હશે તે બનશે.' જેવા પર્યાય,' એમ કહી જોયા કરશે કે છરાવાળાનો હાથ પકડશે ?' 'જેવા પર્યાય' એમ નહિ ? 'બનવાનું હશે તે બનશે, જેવું ભાવી !' એમ હોય તો છરાવાળાને અટકાવવાની શી જરૂર ? ભાવીભાવ તરીકે વાગવાનો હશે તો વાગશે, નહિ વાગવાનો હોય તો નહિ વાગે, અટકાવાય શા માટે ? શું પોતે કે પર્ષદા જોયા કરશે કે છરાવાળાને તેનો હાથ પકડી અટકાવશે ? એણે કહેશે કે, 'વાત ખરી, બનવાનું હશે તેમ બનશે, પ્રયત્ન તો કરવો ને ?' તો ભાવિભાવ ક્યાં રહ્યો ? એને મોળો પાડ્યો, ને પ્રયત્નને આગળ કર્યો ! વળી કહેશે, 'એમ અટકાવવાના પર્યાય લખ્યા હશે,' એમ જો લોચા વાળે, વેવલી વાતો કરે, એવાને પૂછો કે- એ પર્યાયની ખબર શી પડી ? અને જો ખબર પડે છે, તો પછી ખાવાના પર્યાય નથી એમ જાણી ઉપવાસ કેમ નથી કરતા ?'

**ભાવિભાવ કોને કહેવાય ? :-**

ભાવિભાવ એટલે ? નિયમ વિના બને તે ભાવિભાવ. પણ કાર્યકારણના નિયમથી બને તે નહિ. ધર્મમાં પ્રગતિ ઉદ્યમથી બને છે. એને ભાવિભાવ પર ન છોડાય. ઉદ્યમ છતાં અચાનક પડાય તે ભાવિભાવ પર ન છોડાય. ઉદ્યમ છતાં અચાનક પડાય તે ભાવિભાવ. શ્રેણિક મહારાજાના દિકરા નંદિષેણમુનિ, એ શું બીજે વહોરવા નહિ ગયા હોય ? રૂપવતી સુંદરીઓ નહિ જોઈ હોય ? કોઈએ મધુરા વચનો નહિ સંભળાવ્યા હોય ? ત્યારે ક્યાંય નહિ ને અહીં, વેશ્યાએ, 'અહીં તો અર્થલાભ,' એટલું કહેતાં, ત્યાં ભૂલ્યા, રહી ગયા, પડી ગયા ! ત્યાં ય



ભાવિભાવ કહેવો મુશ્કેલ છે. ભાવિભાવમાં નિયમ ન હોય, કાર્યકારણમાં નિયમ દેખાય. એમને નિશ્ચિત ભોગાવલિનો ઉદય હતો એટલે પડ્યા. અહીં ગુરુ પર છરો મારનારાને અટકાવાય છે. 'પ્રયત્નથી અટકે,' એમ ખબર છે માટે અટકાવે છે. તે જ રીતે રેશમી ચાદર ઓઢાડવા આવનારને વધાવાય છે. શાથી ? એ નિયમ ખબર છે કે, 'વધુ વધાવવાથી તે ગુરુનો વધુ ભક્ત બને, વધુ સારી ચીજો લાવે.' આમ એને વધારે વધાવે, બોલાવીને, આદર આપીને પાસે બેસાડે, આ બધું કરે છે, નિયમ છે, કે એથી સામાને અસર થાય, એ નિયમ જાણે છે માટે એમ કરે છે, છતાં પાછા, 'એના પર્યાય ઓઢાડવાના હશે, એને વધાવનારના પર્યાય તેવા હશે, એના પર્યાય વધાવાના હશે,' આમ લોચા વાળે, એ કાં દંભી છે અથવા અજ્ઞાન છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૨૬,તા.૧૪-૩-૧૯૫૯

## ૨૫ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**પ્ર.- જે બનવાનું હોય તે તો બને જ ને ? એમાં આપણો પ્રયત્ન શું કામ લાગે ? અને લાગે તો બનવાનું બને જ એ ક્યાં રહ્યું ?**

ઉ.- આવો પ્રશ્ન એ મૂળમાં વસ્તુની ગરજ ન હોવાનું સૂચવે છે. **ધર્મનો અવિહડ રાગ ન હોય, ભારે ગરજ ન હોય, ત્યારે એમ થાય છે કે- 'એ ઉદયમાં હશે તો થઈ જશે, ધર્મ કરવાનું નક્કી થયું હોય તો આપણને એની બુદ્ધિ ન થાય ? નથી થતી, માટે હજી ભાવિભાવમાં એ લખાયું નથી; હજી ભવિતવ્યતા પાકી નથી.' આ ઉઠાવા શાના અંગે છે ?** વસ્તુસ્વરૂપની સમજના નહિ, પરંતુ મૂળમાં ધર્મનો ઝળહળતો રાગ નથી, **'ધર્મ એ જ જીવન છે, પાપ તો મોત છે,'** એવું દિલમાં હાડોહાડ વસ્યું નથી, એના. જીવો પર જો ભારોભાર દયા હોય, તો શું એ એમ જોવા જશે કે- 'ઊભા રહો, ભાવિભાવમાં છે ? તો હું જીવને બચાવવા ઉદ્યમ કરું ?' ના, એ તો ઝટ જરા ખસીને ચાલશે અને જીવને મારશે નહિ. કહો જો અહીં જીવ બચ્યો એ ભાવિભાવથી, કે પોતાના પ્રયત્નથી ? અને પ્રયત્ન થયો તે શું ભાવિભાવથી, કે પોતાની દયાની લાગણીથી ? ધર્મની લાગણી જો જોરદાર હોય તો ધર્મનો પ્રયત્ન ઝટ થાય; ત્યાં કાંઈ ભાવિભાવ પર ન છોડાય. દુનિયાના ઢગલાબંધ કાર્યોમાં જુઓ તો દેખાશે કે **જ્યાં ઈચ્છા છે, ગરજ છે, ત્યાં ઝટ પ્રયત્ન થાય છે.** સમજે છે કે હાથ હલાવી ખાશું તો પેટ ભરાશે, તો કામકાજ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

થઈ શકશે; એટલે ભાવિભાવ પર છોડ્યા વિના ઝટ ભોજનમાં પ્રયત્ન થાય છે. ખબર છે કે છોકરો પહેલી, બીજી વગેરે કક્ષાઓમાં ભણતો ભણતો મેટ્રિક થશે, તો ત્યાં મેટ્રિક કરાવવાનું ભાવિભાવ પર છોડતા નથી, પણ નિયમિત વર્ષો સુધી શાળાએ મોકલી ભણાવો છો. ઊલટું, ત્યાં જો છોકરો કહે, 'બાપાજી મેટ્રિક થવાનું લખ્યું હશે તો તે મિથ્યા થનાર નથી, અને નહિ લખ્યું હશે તો આપણે પ્રયત્ન કરવા છતાં કાંઈ વળવાનું નથી,' છોકરો જો આ શાસ્ત્ર તમને ભણાવે તો તમે શું કરો ? એની વાત વધાવી લો ? કે -'બેસ બેસ દોઢ ડાહ્યા ! સીધો ભણવા જા. ભાવિમાં લખાયેલું પણ આપણા પ્રયત્નથી ફળે છે.' આમ, દુનિયાની ઢગલાબંધ વાતમાં રસ છે, રાગ છે, ગરજ છે, તો ફૂલપાવર કરો છો પછી અહીં ધર્મપ્રયત્નમાં લોચા કેમ ? ભાવિભાવનું ઓઠું કેમ ? કહો, તેટલી ગરજ નથી, કિંમત નથી. બાકી તો એ સમજવું જોઈએ કે ભાવિભાવમાં આપણો પ્રયત્ન પણ નિર્ણીત છે ! માટે પ્રયત્નને અંતર્ગત ગણીને બનવાનું બને છે એમ માનવું જોઈએ.

પણ પ્રયત્નને બાદ રાખી કોરા ભાવિભાવ અને ત્રિકાલી પર્યાયનું અજ્ઞાનશાસ્ત્ર ગબડાવ્યે રાખી આજે લાખો ક્રોડો વર્ષથી ચાલી આવેલી ધર્મપુરુષાર્થની પવિત્ર સંસ્કૃતિનું ખૂન કરાઈ રહ્યું છે. **મંદિરો ભાંગનારા તરકડાઓ જેટલું ભયંકર નહોતા કરતા, એટલું ભયંકર આવા સંસ્કૃતિનાશકો કરી રહ્યા છે !** એમને ભાન નથી કે અનંતાનંતકાળથી સંસારી જીવને વિષયો અને કષાયોનો રસ છે, અર્થ-કામનો રસ છે, વગર કહ્યે વગર શિખવ્યે, કોઈ અર્થ-કામના પુરુષાર્થ કર્યે જાય છે. **એને ધર્મની લાઈનમાં લાવવો હોય, તો ધર્મક્રિયાઓના વિવિધ પુરુષાર્થ કરાવવા દ્વારા અર્થકામ અને વિષય-કષાયના પાપમાંથી છોડાવવો જોઈએ, જેથી એ પાપની લગની ઓછી થતી આવે.** ત્યાં જો ભાવિભાવ પર છોડાય, તો શું એ ધર્મ કરવાનો કે પૂરા અર્થકામ ? રસ તો એવી ચીજ છે કે પહેલાં સહેજ રસ જાગ્યો, એથી પ્રવૃત્તિ કરાય છે, પછી પ્રવૃત્તિ કરતાં કરતાં રસ વધે છે અને આગળ જોરદાર પ્રયત્નો થાય છે. જેવું દુન્યવી બાબતમાં, એવું ધર્મમાં. ત્યાં ભાવીના વિશ્વાસે ન બેસી રહેવાય. જ્ઞાનીની દૃષ્ટિએ ભલે અમુક રૂપે નિશ્ચિત વાત હોય, છતાં આપણું કર્તવ્ય એ કે અશુભમાંથી બહાર નીકળવાનો અને શુભમાં લાગ્યા રહેવાના પ્રયત્ન ખૂબ કરવાનો.

**જડની ક્રિયાની ઠામ ઠામ અસર :-**

**કહે છે કે 'જડની ક્રિયા ચેતનને કશું કરતી નથી.'** સાચી વાત છે આ ? જડ આંખો ન મળી હોય, અગર મળેલી બગડી ગઈ હોય તો જીવ પ્રત્યક્ષ દર્શન કરી શકે ? જડ એવા મેવા પકવાન્ન, મખમલની તળાઈ અને વાજિંત્રના ગીત જીવને શાતા નથી કરાવતા ? જડ એવા કાગળ-કલમથી જીવ કવિતા કે લેખને જગતના



ચોગાનમાં નથી મૂકતો ? જડ એવા માનવ શરીરથી જ જીવને મોક્ષ મળે છે, એ શું વસ્તુસ્થિતિ નથી ? તો પછી જડ ચેતનને કશું કરતું નથી એ ક્યાં રહ્યું ?

અરે ! ઉપવાસો પર ઉપવાસો થયા હોય, અશક્તિ ભારે થઈ હોય, ને આંખે અંધારા આવતા હોય, તે વખતે આત્મામાં શાસ્ત્ર ગોખવાનું કે સૂક્ષ્મ તત્ત્વચિંતન-મનન કરવાનું નથી થઈ શકતું, અને જડ શરીરને જડ આહાર આપવામાં આવે પછી એ થઈ શકે છે, એ હકીકત છે. તો જીવના તત્ત્વચિંતન પર જડની અસર થઈ કે નહિ ? આત્મા તો એનો એ જ છે, પહેલાં ય એ હતો અને અત્યારેય એ છે, તો પહેલાં કેમ નહોતો કરી શકતો, ને હવે કેમ કરી શકે છે ? ચેતનને જડની આટલી સ્પષ્ટ ઉપયોગિતાનો પણ ઈન્કાર કરવો અને ભોળા જીવોને જડ મોજની આધિમાં પાડવા, એ કેવું કારમું અજ્ઞાનયુક્ત તોફાન ? ખૂબી તો એ છે કે આવું અજ્ઞાન ફેલાવનારા પાછા પોતે પ્રવચનો મોટા મોટા કરે છે, ને પેપરો કઢાવે છે ! શા સારું ભાઈ ? પ્રવચન એટલે શબ્દસમૂહ, અને દૈનિક-માસિક પેપર એટલે કાગળ પર મશી, એ બંને જડ છે, એનાથી ચેતનને શી અસર થવાની હતી કે જીવોને એ આપવા મથો છો ? તો કહેવાનું જુદુ ને આચરવાનું જુદું ? સમજી રાખો કે જૈનશાસન અવિચ્છિન્નપણે ચાલ્યું આવ્યું છે એ બાહ્ય શુભ વ્યવહાર અને શુભ ક્રિયાઓ ઉપર; તેમ જીવોનાં કલ્યાણ પણ એના પર જ થયા છે, અને થાય છે; પછી એને નકામા કહી ઉડાવવા એ જૈન ધર્મનો અને ઠેઠ જિનેશ્વર દેવનો દ્રોહ કરવા જેવું છે. પંચવસ્તુમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જણાવે છે, અનંતા દ્રવ્યશ્રુત ફોગટ ગયા વાત સાચી, પરંતુ જ્યારે ભાવશ્રુત આવે છે, ત્યારે દ્રવ્યશ્રુતના આલંબને જ આવે છે. દ્રવ્યશ્રુત એટલે શાસ્ત્રને માત્ર જાણવું; ભાવશ્રુત એટલે જાણવા ઉપરાંત સદ્દહવું, અંતરાત્મામાં પરિણમાવવું. નવ નવ પૂર્વ સુધીના અનંતા દ્રવ્યશ્રુત નકામા ગયા, શાથી ? દ્રવ્યશ્રુત તો રસાયણ હતું, પણ સાથે મોહ કુપથ્યનું જોર હતું; એટલે એ નકામા ગયા, એનો અર્થ એ નથી કે- 'ત્યારે એની જરૂર નહિ; જરૂર ભાવની; કેમકે ભાવશ્રુત એમજ પ્રગટી જાય એવું નથી. એ જેને પ્રગટ્યું છે એવા ભાગ્યવાન જીવોના જીવન જોઈએ તો જણાશે કે **તે પ્રગટવા પૂર્વે દ્રવ્યશ્રુતનું રસાયણ લેવાયું જ હશે.** વર્તમાન દ્રવ્યક્રિયાને વિધવા જેવી, ભાવ સંતાનને જન્મ ન આપે તેવી બનાવી દીધી છે. એ વિધવા નહોતી, હતી સૌભાગ્યવતી; પણ **શુદ્ધ ઉપયોગના અભાવે ભાવપ્રેરક ન બની.**

**ક્રિયા સાથે શુદ્ધ ઉપયોગનો યોગ કરાવવો જોઈએ, તો ભાવનો જન્મ થાય.**

**મોહની ક્રિયાથી મોહનો સંબંધ પોષાય છે; એમ ધર્મ ક્રિયા વારંવાર થતી હોય છતાં જો શુદ્ધ ઉપયોગ સાથે ન હોય તો, તેને સામેની મોહની ક્રિયા બકરી**

**જેવી બનાવી દે છે; ને મોહની ક્રિયા વાઘ જેવી બને છે.** એના બદલે ધર્મક્રિયાએ વાઘ જેવી બનવું ઘટે. આ પ્રાથમિક પગથિયું. એથી મોહની ક્રિયાથી આત્મા પોતાના પર મોહના અધિકારને પુષ્ટ ન કરે. પજુસણ આવે છે, આઠ આઠ પહોરના રોજ એ રીતે ચોસઠ પહોરના આઠેય દિવસ પોષધ થશે, સાવદ્ય યોગનો ત્યાગ થશે, બે ઘડીના છ ભાંગે સામાયિકથી કેટલાય પાપ અટકે, તેવાં સામાયિકો એક દિવસના ત્રીસ, એ હિસાબે આઠ દિવસના સામાયિકોથી યાને સાવદ્ય યોગના ત્યાગથી કેટલાં પાપ અટકે ? આત્માની કેટલી જ્યોતિ ઝળકે ! કેટલો બધો ભાવ ઝળકે ! બધું ખરું, પણ એ કરવામાં અગર શુદ્ધ ઉપયોગ નથી તો મોહનો અધિકાર આત્માને રાંકડો બનાવે છે ! અભયદાન અને પાપત્યાગના ભાવનું તેજ વધતું નથી, **સામાયિકની ચિકિત્સા લેવા છતાં તૃષ્ણા-મમતાનું કુપથ્ય એવું થાય છે કે ભાવને ક્ષય લાગુ થાય છે.** મોહનો અધિકાર દૂર કરી એ ક્ષયને ક્ષય લગાડવાની જરૂર છે. આત્મા પરથી મોહના અધિકારનો ક્ષય કરવો જોઈએ. એકદમ બંધ ન થાય તો ઓછો ઓછો તો કરતાં જ ચાલવું જોઈએ. એ માટે પણ, ધ્યાનમાં રહે કે ધર્મક્રિયાઓ ખૂબ સહાયક થશે. એને ખૂબ પ્રમાણમાં કરીને ભાવ જગાડવાની સાવધાનીમાં રહેવું.

**મોહનો અધિકાર ઉઠાડવા શું કરવું ? :-**

જીવનમાં ધર્મની ક્રિયાઓ, ધર્મની વાતો, ધર્મના બોલ, ધર્મની સલાહ, વગેરે વગેરે એવું વણાઈ જવું જોઈએ કે આત્મા પર ધર્મનો અધિકાર, ધર્મપ્રણેતા જિનરાજ દેવનો અને ધર્મોપદેશક ગુરુનો અધિકાર જામી જાય. આત્માનું વલણ જ ફરી જાય; એને પ્રતિપળ એમજ લાગ્યા કરે કે,

**'મારા જીવન સુકાની દેવ, ગુરુ અને ધર્મ, મારા ઉપકારી અને હિતચિંતક એજ; મારે ઓથ અને આશ્વાસન લેવાનું હોય તો એ દેવ-ગુરુ-ધર્મમાં જ; પણ કુટુંબ-કબીલા કે માલમિલકતમાં નહિ. એ તો બધા મારા રસ્તે મળેલા પરાયા જેવા, લટકતી સલામ કરનારા ! એમનું હું સાચવું-સેવા કરું એ મારું ઉચિત કર્તવ્ય. એ મારું સાચવે એમાં તો મારા દેવ-ગુરુ-ધર્મની કૃપા બાકી એમના સમાગમમાં રહ્યે મારે સાવધાન રહેવાનું, ધર્મજીવનને પ્રધાન રાખીને રહેવાનું; મારા ધર્મને એમના શરણે નહિ, પણ એ બધાને ધર્મના શરણે રાખવાના. એમની પાછળ ધર્મને આંચ નહિ આવવા દેવાની. એમની સંગતમાંથી ય મારે ધર્મભાવનાના સાર ખેંચવાના, શક્ય ધર્મ તારવણી કાઢવાની...'**

આ રીતે જીવન જીવાય તો આત્મા પર દેવ-ગુરુ-ધર્મનો અધિકાર જામે અને મોહનો અધિકાર ઉઠી જાય.



**આ ક્યાંનો ન્યાય : શા માટે મોંમાં કાદવ ભરવો ? :-** નવરા પડ્યા, શરીર માંડતું હોય તો સામાયિક કરાય; ન માંડે ને કદાચ શરીર આડું પડે, તો પણ સૂતાં સૂતાં ય આંગળીના વેઢે ગણત્રી બંધ નવકાર ગણાયા કરે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર થયા કરે. શાસન કેવું વિશિષ્ટ છે ! ઘડી પહેલાં મહામોહની ક્રિયામાં પડેલો જો જાગ્રતિ ને આવડત હોય તો એવા નવકારમાં લીન થઈ શકે કે કેઈ પાપના ક્ષય થાય, અંતકાળે એક માત્ર નવકાર સંભળાવવાથી ચંડપિંગલ ચોરને પણ ધર્મી રાજકુમારનો જન્મ અપાવાયો છે ને ? દુરાચારી માવતને દેવનો ભવ પમાડાયો ને ? નવકારનો કેવો પ્રભાવ ! પણ આત્માનો પ્રયત્ન તદ્રૂપ ભાવ જગાડવાનો જોઈએ. નવકારની એવી રટણા રહે કે કોઈ પડોશી અડોશી આવીને કોઈની નિંદા કરે, તો ન સાંભળે; એવો જવાબ આપે કે નિંદાને તમાચ પડે. આવી નિંદા સાંભળવી કે કરવી તે સામાને સારું લગાડવા માટે ને ? ત્યાં વ્યવહારનો ય લાભ વિચારો કે એ તમારું શું ઉકાળવાના ? ધારો કે અનાજનું રેશન છે, તમને ઘઉં જોઈતા હોય, અને એ એની પાસે હોય, તો તમને શું એ આપશે ? ના, **તો આવા સામાનું મોં રાખવા સામાને જરા સારું લગાડવા પોતાના કાનને અને હૈયાને બગાડવા, પોતે નિંદા કરતા થઈ મોં બગાડવું, મોંમાં કાદવ ભરવો, આ ક્યાંનો ન્યાય ?**

**જાતની નિંદાથી જીવ બીજાની નિંદાના દોષથી બચે છે :-**

નિંદા કરતાં પહેલાં એક ખ્યાલ કરો. આ શાસનના નાયક સર્વજ્ઞ પરમાત્મા તો વીતરાગ છે, એ કોઈની નિંદા કરે નહિ પણ ખાલી કલ્પના કરવામાં આવે, કે એઓ જો આપણા દોષો કહેવા માંડે તો આપણી કઈ હાલત ? છે ક્યાંય ઊભા રહેવાનું સ્થાન ? જીવને પૂછો કે **તું જેની નિંદા કરતો હઈશ, એના તું કેટલા દોષ કહેવાનો ? અને દોષ કહેનાર સર્વજ્ઞ તારા કેટલા દોષ ગણાવી શકે ?'** બીજાની નિંદાનો વિચાર આવતાં જ આત્મા પોતાને કહી દે, 'અલ્યા ! જાતનો વિચાર કરને !' તો નિંદાથી અટકાય. પોતાના જીવનમાંના દોષને કહેવા માટે કેટલા લાખ શબ્દ જોઈએ છે ? મકાનમાં ચોર પેઠા હોય, માલિક ઉંઘતો હોય, એમના પર માલિકની દૃષ્ટિ ન હોય તો ચોટ્ટાઓ મોજ જ કરે ને ? ગાંસડા-પોટલા નિરાંતે બંધાય તેટલા બાંધે ! પણ માલિકની દૃષ્ટિ પડે તો ચોરના હાંજા ગગડી જાય. એક ચીજ ન ચોરી શકે, અહીં પણ જીવ નિંદાએ ચડે એટલે બીજાના દોષોના ગાંસડા-પોટલા બાંધશે, જાણે છે કે માલિકની દૃષ્ટિ નથી, પણ જો એ દોષોનો માલિક હાજર થઈ ગયો તો ? જીભડી બંધ ! બીજા ત્રીજા લોચા વાળવા પડે એના કરતાં નિંદાનો પ્રસંગ આવતાં જ જીવ જાગ્રત હોય તો બીજાના દોષોનો માલ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ચોરવામાં જીભ ધ્રુજી જાય. **જાગ્રત આત્મા નિંદા કરે તો નહિ, પણ સાંભળે ય નહિ.** જો કોઈ સંભળાવે કે ફલાણાની આંખ બરોબર નથી, એની નજરનું ઠેકાણું નથી, જે તે સ્ત્રીને જોયા કરે છે, વગેરે તો તરત નિંદાથી બચવા ઇચ્છતો જીવ જાત માટે વિચારે, 'હું કોણ છું ? **એ ચોર છે તો હું શાહુકાર ચોર છું,** એ રસ્તા પર એવી નજર ફેંકી ખુલ્લી રીતે એમ કરતો હશે તો હું ખૂબીથી ધર્મસ્થાનમાં નજર ફેંકી દેતો હઈશ. મંદિર-ઉપાશ્રયમાં તો કેઈ મા, બેન કે બેટી જેવી હોય, એમાં રૂપવતી પર ખૂબીથી જરા નજર કરી લેવાય, તો કોઈને શક ત્યાં ન ય થાય, આ કરનારો શાહુકાર ચોર ! **જાતના આ અથવા બીજા દોષોના ઢગલા વિચારાય, તો જીવ બીજાની નિંદાના દોષથી બચે.** નિંદાનો ત્યાગ એ માર્ગાનુસારિતાનો મહાગુણ છે. નિંદામાં પડ્યા તો એ ચોટ્ટો એવો છે કે બીજાને મદદે બોલાવે. તમે એક પાસે નિંદા કરતા કે સાંભળતા થયા, પછી બીજા ચારને તે મોકલશે.

**માર્ગાનુસારીના ગુણોનું મહત્ત્વ :-**

**વિચારજો, માર્ગાનુસારીના વિવિધ ગુણો જીવનને કેવું ઉન્નત બનાવે છે, માનવજીવનને કેવું શોભિતું કરે છે, ને માનવજીવન જેવા વિશિષ્ટ જીવનમાં કેવી ખરી વિશિષ્ટતાઓ લાવે છે !** કેઈ ઝાડ-પાન કીડા-મકોડા, ને પશુ-પંખીના અવતાર કરતાં અદ્‌ભુત શક્તિઓ અને મહાન સંભાવનાઓ ભર્યો આ માનવનો વિશિષ્ટ અવતાર મળ્યો છે, એ જરાય ભૂલશો નહિ. તો એ શક્તિઓ સંભાવનાઓ અને વિશિષ્ટતાને વાસ્તવિક પ્રાપ્ત કરેલી કરવા માટે પહેલા પાયામાં માર્ગાનુસારીના અનેકવિધ ગુણો કેળવ્યા વિના નહિ ચાલે. એ ગુણોને જેમ જેમ જીવનમાં જીવતા થશો, વિકસાવતા થશો, તેમ તેમ આંતર અનુભવ થશે કે **'ખરે જ ! હું વિશિષ્ટ અવતાર પામ્યો છું.'**

**સારા રૂપરસ વગેરે વિષયોમાં મસ્તી ઉડાવવાનું તો કીડા-મકોડાને ય આવડે છે. એવું આપણને આવડ્યું એમાં વિશેષતા શી ?**

**પેટ ભરીને ક્રોધ-લોભ ને મદ-માયા કરવામાં તો જંગલના પશુય જીવન વીતાવે છે, માત્ર એવું કરવામાં વીતાવેલા મારા જીવનની શી વિશેષતા ?**

**માનવ જીવનની વિશિષ્ટતા લૂંટવી હોય તો ન્યાયસંપન્નતાદિ કેઈ પ્રકારના ગુણો જીવવામાં મચ્યા રહો.** બીજો ધર્મ કરતા હશો, દહેરે-ઉપાશ્રયે જઈ દેવ-ગુરુની સેવા કરતા હશો, અવસરે દાન-શીલ-તપ આચરતા હશો, પણ જીવનમાં ન્યાયસંપન્નતા, ઔચિત્ય, કૃતજ્ઞતા, સેવા, પરોપકાર, સૌમ્યતા, નિંદાત્યાગ વગેરે માર્ગાનુસારી જીવનના ગુણો નહિ જળહળતા હોય, અને વિપરીત દોષો, અનીતિ, અનુચિત વાણી-વર્તાવ, કૃતઘ્નતા, સ્વાર્થાંધતા, ક્ષુદ્રતા, ધમધમાટ, નિંદા વગેરે



ખદબદતા હશે, તો ઉત્તમ કુળને, ધર્મને ધર્મગુરુને અને તમને લાંછન લાગશે; તેમજ **કરેલા દાનાદિ ધર્મક્રિયાના ફળમાં લક્ષ્મી વગેરે મળશે તે આ દોષોના વારસાથી ખદબદતા મળશે.** પછી વિચારો જીવની દુર્દશા કેવીક હશે ! એવી, કે ત્યાં તો ધર્મની સ્પર્શના મોંઘી થઈ પડશે; ને પરિણામે દુર્ગતિના ભવોની પરંપરા ચાલશે.

સમજતા નહિ કે માર્ગાનુસારીના ગુણો વિના ધર્મનો અધિકાર મળે છે. **ધર્મના અધિકારી બનવા માટે પણ આ ગુણો ખૂબ જરૂરી છે; ને આત્મામાં ધર્મને પચાવવા તથા વિકસાવવા માટે પણ આ ગુણો વિના નહિ ચાલે.** ગુણોને જીવનમાં જીવી જુઓ, પછી એનો આનંદ અને હૂંફ કેવા રહે છે એ કહેજો. પછી તો પૈસા ઓછા મળ્યા, કે પરિવાર ધાર્યો ન મળ્યો અથવા સારો ન મળ્યો, એની ય બહુ અફસોસી નહિ રહે; ઊલટું **ગુણો મળ્યા પર મનને મસ્તી રહેશે.** માટે આ ગુણોને પાયાના ગુણ સમજી એનો પાયો નાખવામાં અથાગ પુરુષાર્થ ફોરવો.

**સામાન્ય જણાતી નિંદ્ય-પ્રવૃત્તિનું આ પરિણામ ! :-**

નિંદાના ત્યાગ પછી નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ, એ ગુણ છે. પોતાને નહિ છાજતી પ્રવૃત્તિ તે નિંદ્યપ્રવૃત્તિ. ચક્રવર્તી જેવો આ ભવ, જીવ ધારે તો છ ખંડ પર કેવી હકુમત ચલાવે ? ચક્રવર્તીની આજ્ઞા કોઈથી ન ઠેલાય, પાળવી જ પડે. **પાંચ ઇંદ્રિઓ અને છઠ્ઠું મન અથવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પ્રમાદ અને અજ્ઞાન આ છ ખંડ પર પૂરો કબજો રાખીને આત્મા સાર્વભૌમત્વ ભોગવી શકે.** ભવ એવો છે, પણ ખ્યાલ નથી એટલે ચક્રવર્તીપણું ભોગવાતું નથી; છએની ગુલામી કરાય છે. અવળી જ પ્રવૃત્તિ આદરાય છે. ઠીક છે, પોતાની પાસે પૈસા છે, જરા માનપાન છે, એટલે ગંભીર થવાને બદલે તોછડાઈ ધમધમાટ અને રોફ કરે, તો આત્મિક લાભ-ગેરલાભની વાત તો પછી, પણ દુનિયાની દૃષ્ટિએ ય એથી શો લાભ તે વિચારો. ગેરલાભ જ થાય.

**જેની સામે રોફ કરો, માનો કે સામામાં તાકાત ન હોય, સ્થિતિ તેવી હોય તો એ રોફ સહન કરે, પણ જાય વિરોધી થઈને.** ગરજ હોય તો તમારી સેવા પણ કરે પણ એના અંતરમાં વિરોધ હોય. **પરિણામે માલ તમારો ખાશે અને વફાદારી બીજે હશે.** ત્યાંની વાત તમને નહિ કરે, તમારી વાત ત્યાં જશે. મારા શેઠ આવા, એમના બાપ આવા, ગુરુ આવા ઠેઠ પહોંચશે ! ખોટી ધમધમાટ અને રોફ કરવા જેટલી સામાન્ય જણાતી નિંદ્ય-પ્રવૃત્તિનું આ પરિણામ !

**બોલ બોલ કરવું એ પણ નિંદ્ય-પ્રવૃત્તિ છે : બાવાનું દૃષ્ટાંત :-**

નિંદા એ ગંભીર દોષ છે, તો નિંદ્ય-પ્રવૃત્તિ એ પણ જેવો તેવો દોષ નથી.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

બહુ બોલ બોલ કરવું એ પણ નિંદ્ય-પ્રવૃત્તિ છે. બારે વર્ષે બાવો બોલે એનું વચન મનાય, પણ દિવસમાં બાર વાર બોલનાર બાવાનું વચન કોઈ ન માને. એક બાવાનું આ દૃષ્ટાંત છે. એક બાવો છે, એને ત્રણસો શિષ્યો છે. એ બાવાજી જમાત લઈને ફરતા ફરતા એક ગામ ગયા, મુકામ કર્યો. ગામના ખેડૂતો એમની પાસે આવ્યા, પગે લાગ્યા. કહેવા લાગ્યા, 'બાપજી ! થોડા વરસાદ માટે અટક્યું છે. કાંઈ પાક નહિ થાય !' પગે લાગી લાગીને સૌ ચાલતા થયા. એક ખેડૂત બેસી પગચંપી કરતો કાલાવાલા કરવા લાગ્યો. બાવાજીને પ્રતિષ્ઠા માટે કાંક ચમત્કાર જેવું કરી બતાવવાનું મન થયું. બાવાજીએ એ ખેડૂતને કહ્યું, "બચ્ચા ! ચિંતા મત કરના, સબ અચ્છા હો જાયગા." એય ગયો. બાવાજીએ તમામ શિષ્યોને દરેકને તળાવમાંથી દસ દસ બેડાં પાણી ભરી એના ખેતરમાં નાખી આવવાનો હુકમ કર્યો. તળાવ પાસે જ હતું. ત્રણસો શિષ્યો એટલે ત્રણ હજાર બેડાં પાણી થયું. નાના ખેતરમાં રેલમરેલ. રાત્રે પાણી નાખે એટલે કોને ખબર પડે કે શું થયું ! શિષ્યોએ તો બાવાજીના વચનનો અમલ કર્યો. સવારે ખેડૂતે જોયું તો ખેતરમાં પાણી જ પાણી ! પોતાના એક જ ખેતરમાં વૃષ્ટિ ! કેવો ચમત્કાર ! બીજે દિવસે આ જોઈ બીજો ખેડૂત આવ્યો. બાવાજીએ એને ય આશ્વાસન આપ્યું અને ચેલાને હુકમ કર્યો, તેમ અમલ થયો. ત્રીજે દિવસે ત્રીજા ખેડૂતને ત્યાં પણ તેમ થયું. પણ ચોથે દિવસે ચોથા ખેડૂતને બાવાજી જ્યારે આશ્વાસન આપતા હતા, ત્યારે ચેલાઓએ સાનમાં સમજાવી દીધું, 'કરેંગે સો ભરેંગે.' 'કરે તે ભરે' એ કહેવત તો છે ને ? અહીં કહેવાનો ભાવ એ હતો કે, 'અમે હવે પાણી નહિ ભરીએ. જે આવો આદેશ કરે તે ભરે.' બાવાજી રોજ બોલવા લાગ્યા તો ચેલાઓએ પણ ન માન્યું. બીજે દિવસે એ ખેડૂતે જરા ય પાણી ન જોયું, બાવા પાસે દોડતો આવી ફરિયાદ કરે છે, ત્યારે બાવો સમજી ગયો, 'બહુ બોલવામાં મઝા નહિ.' આ તો હુકમની વાત છે, પણ ખાલી બીજું બોલબોલ કરાતું હોય ત્યાં પણ સામાનો અવિશ્વાસ થઈ જશે કે આને તો બહુ બોલવાની કુટેવ છે. તેથી અવસરે 'વાઘ આવ્યો વાઘ' જેવું થાય; સાચા વાઘમાં ય કોઈ મદદ ન કરે. બહુ બોલ બોલ કરવામાં જૂઠ આવી જાય છે. માટે તો **ઉપદેશ દેવામાં, વ્યાખ્યાન કરવામાં ય જોખી જોખીને બોલવું જોઈએ છે. નહિતર ઉત્સૂત્ર-ઉન્માર્ગનું બોલાઈ જવા સંભવ છે.**





# ૨૬ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**સંન્યાસી રાજકુમારનું શું થયું ? :-**

ગંભીર માણસ બહુ ન બોલે, બોલે ત્યારે અજબ બોલે. પેલો રાજકુમાર જે સંન્યાસી થયો છે, તુંબડી (બાકીની અરધી) સુવર્ણરસ લઈને મોટાભાઈને ચરણે ધરવા આવ્યો છે, ચરણે ધરે છે, ખૂબ બોલે છે ! પેલા મોટા ભાઈ જે સાધુ છે તે તો સાંભળ્યા જ કરે છે, હવે બોલશે એટલે રૂપક ફરી જશે. આપણે જોઈ ગયા, સંન્યાસીએ તુંબડી મૂકીને તેના તથા પોતાના ગુણ ખૂબ ગાયા અને કહ્યું,

'યહ આધા તુંબડી રસ હૈ, આપ ઉપયોગમેં લીજિએ.'

'સાધુ તો ટૂંકમાં એટલું જ કહે છે, 'હમે ન ચાહિયે.'

સંન્યાસી કહે છે, 'ક્યા કહા ? ન ચાહીએ ?' હવે એને પાવર ચડે છે. યહ તો સુવર્ણરસ હૈ, સુવર્ણરસ ! એક બિંદુ તામ્રપત્ર પર લગાયા જાય, સોના સોના હો જાતા હૈ બાર બાર વર્ષકી જેહમત કા યહ પરિણામ હૈ.' વગેરે ચાલ્યું.

સમજી લ્યો, **જેને જેનો રસ, તેને તેની કથાનો રસ, તેની પ્રવૃત્તિનો રસ, તેના ભોગવટાનો રસ, તેના ગુણગાનનો રસ. સામાની પ્રવૃત્તિથી પરખાઈ જાય, એને શેનો રસ છે.** નવરો પડે, શેની કથા કરે છે, એની પ્રવૃત્તિ શી છે તેથી સામાનું અંતર જણાઈ જાય વગર વિશિષ્ટ જ્ઞાને. આ રીતે સામાના અંતરને પારખી શકાય. એક, બે, ચાર, છ દિવસે પણ પકડાઈ જાય, કોઈ મહાદંભી હોય તો વાત જુદી. કોઈ ભગત પગ દાબવા આવે, ધીરે રહીને વાતે વળે, 'સાહેબ ! ફલાણાભાઈ આવા ને તેવા,' સાધુ સમજી જાય કે આને શાનો રસ છે ? કે, આને શાનો રસ છે ? કોઈને હલકો પાડે, પૂર્વગ્રહ યોગે સારી વાતને પણ ખરાબ રૂપમાં મૂકે, તો એ ઈર્ષ્યાનું રૂપક. જેને ધર્મનો રસ હોય તે તો પગ દાબતાં કહેતો જાય, 'સાહેબ ! હું પગ દાબું છું પણ મને એથી ભગત આપનો ન માનતા. મારામાં કાંઈ નથી. દેહરે બે ત્રણ વાર જાઉં છું ખરો, બે ત્રણ કલાક ગાળું છું પણ મને પરમાત્માનો ભક્ત ન માનતા અંદર અને બહાર કેટલાંય પાપ ચાલુ છે ! હું ઉજળો નથી, કાળો મેશ છું,' અમને લાગે કે આને ગુણનો રસ છે.

**વાતાવરણની અસર : સારા સંસર્ગમાં આવવાનો અભ્યાસ કરો :-**

માણસ જેવા સંયોગ કે વાતાવરણમાં આવે તેવી તેને અસર થાય છે. સારા વાતાવરણથી ચડે, નરસાથી પડે. વાતાવરણ કહો કે સંયોગ, એક જ છે. પહેલાના

સારા એવા ત્યાગી પણ બનાવટી અધ્યાત્મીના સંસર્ગમાં આવતાં રાત્રે ખાતા થઈ ગયા ! છતાં વાત મોટી અધ્યાત્મની કરે ! કહે, 'રાત્રે ખાવાનો પર્યાય હશે.' ઉત્તરમાં ય નિંદ્ય-પ્રવૃત્તિ ! જાગ્રત આત્મા હોય તે નિંદ્ય-પ્રવૃત્તિ ન કરે, એ તો આત્મા સમકિતને અજવાળે, વિરતિને પુષ્ટ કરે, ચારિત્રને કલંક ન લાગવા દે, અને પવિત્ર માર્ગને ધોખો ન દે. કેમકે વાતાવરણ સારું છે. જેનું વાતાવરણ નરસું છે, આત્મ-જાગ્રતિનું જ્યાં દેવાળું છે એ આત્મા નિંદ્ય-પ્રવૃત્તિથી સમકિતને કાળું કરશે, વિરતિનો નાશ કરશે, ચારિત્રને કલંકિત કરશે.

પેલો સંન્યાસી તો પાવરમાં બોલે જ જાય છે, પણ સાધુ ગંભીર છે. સામામાં દોષ જુએ તો પણ અક્ષરે ય ન બોલે. જિજ્ઞાસા હોય તોય દાબી દે. પોતે મૌન રહ્યા છતાં ભાઈ પાવરમાં આવીને બોલ્યો, 'ન ચાહીયે' ના ઉત્તરમાં ચડ્યો એ અભિમાનમાં, 'શું મને મૂર્ખ સમજે છે ? બાર બાર વર્ષની મહેનતે આ સિદ્ધિ મેળવી છે, એ રેંગડી-પેંગડી છે, એમ ?' સાધુના હૈયાના ભાવની આને શી ખબર હોય ?

**રાગીને ત્યાગીના કે વિરાગીના હૈયાની ખબર ન હોય.** કારણ, એકને ક્રોધ ગમે તો એકને ક્ષમા, એક આનંદમાં મસ્ત હોય તો એક ઉદાસીન હોય, પેલો ખાઉધરો હોય તો આ તપમાં મજા અનુભવતો હોય,- **સનાતન કાલના આ વિરોધ છે. માટે તપસ્વી, શીલધારી અને ક્ષમાશીલનું હૃદય જાણવા તમે તપમાં આનંદ અનુભવો, શીલની મજા લૂંટો, ક્ષમાનું સત્ત્વ કેળવો.** આહાર, વિષય, કષાય વગેરેના પ્રતિપક્ષી જીવનમાં, સર્વથા નહિ, એક સાથે નહિ, તો અંશે અંશે અને ક્રમે ક્રમે આવો. ક્રમે ક્રમે તેવા ગુણને કેળવતા આવો. દિવસમાં પાંચ દસ વાર ક્રોધ થતો હોય તો બે વાર તો ગમ ખાવી જ, એવું નક્કી કરો. પાંચ સાત વાર અપમાન થાય તેવા પ્રસંગે એક બે વાર તો નમ્રતા રાખી ગળી જવાનો અખતરો કરો. ગુણને અનુભવ્યાની મજા જુદી છે. મનમાં ખુમારી રહેશે કે હવે કાંક રસ્તે છું. શાંતિ અનુભવાશે. ત્યારે સમજાશે કે ઘણી ઊંચી કોટિના ગુણો ધરનારના હૃદય કેવા હોતા હશે, કેવી સહેલાઈથી અને સહજભાવે એ એટલી ઊંચી સ્થિતિ રાખી શકતા હશે ! આપણને આશ્ચર્ય થાય કે ગઈકાલના મહાસુકોમળ જીવન જીવનારા ધન્ના અને ગજસુકુમાળ એકાએક શી રીતે મહાતપસ્યા અને ભયંકર ઉપસર્ગમાં કઠોર ધીરતા રાખી શક્યા ! પરંતુ એમને મન એ સરળ અને સહજ બની ગયું. આ વસ્તુ સમજવા માટે આપણે અંશે પણ સ્વજીવનમાં અનુભવ કરવો પડે. જ્યાં જ્યાં પ્રસંગ મળ્યો ત્યાં ત્યાં ઝટ દઈને ગુસ્સો કરવા જોઈતો હોય, અભિમાન દાખવ્યા વિના રહેવાતું ન હોય, તૃષ્ણાના ગુલામ બની ઝટ દોડવા જોઈતું હોય,



રસનાને યથેચ્છ ફરવા દેવાતી હોય,... આવું આવું ચાલતું હોય પછી એ મહાન આત્માઓના હૃદયને શી રીતે સમજી શકાય ? કદાચ મન પર કાબુ ન હોય તો એમે ય થાય કે આટલું કઠોર તે સધાતું-સહાતું હશે ? એવું ય સાંભળવા મળે છે ને કે વિરાગી નાનડિયાને એના વડિલ કે બીજા મોટાઓ એમ કહેતા હોય કે- 'તને વૈરાગ્ય શાનો ? તું શું સમજે દીક્ષામાં ? આ તો મહારાજે તારું મગજ ભોળવી નાખ્યું છે !'

શાસ્ત્રમાં લખેલા ઉત્તમ ક્ષમા-સમતાદિ ગુણો, ઊંચા ત્યાગ, ઉચ્ચ કોટિની તપસ્યાઓ, ઘોર પરીસહ-ઉપસર્ગનાં સહન, ઇત્યાદિની **હૃદયવેધી શ્રદ્ધા કરવા માટે આ જરૂરી છે કે એનો અંશે અંશે પણ આપણા જીવનમાં આપણે ખપ કરીએ; એને જીવનમાં પ્રસંગે પ્રસંગે આચરતા થઈએ.** ત્યારે માર્ગાનુસારી જીવનના ગુણોનું પાલન કરવામાં શું છે ? એજ ને કે ઊંચી ભૂમિકાના ગુણો આત્મસાત્ કરવા માટેની પૂર્વભૂમિકા સર્જાય ? **જીવનમાં સારું કંઈક પણ અમલમાં લાવવાના અખાડા કરાશે, તો જૈન ધર્મની સ્પર્શના થવી ક્યાં રીઢી પડી છે ?** સમ્યક્ત્વમાં એકલી શ્રદ્ધા જ કરવાની હોય છે એવી સમજમાં તણાનારને એ ખ્યાલ નથી કે સમ્યક્ત્વ પણ સડસઠ પ્રકારના વ્યવહારનું પાલન માગે છે; સમ્યક્ત્વ પણ એને ટકાવનારી અને અજવાળનારી કેઈ કરણી માગે છે. મહારાજા શ્રેણિક હંમેશાં જિનપૂજન, સુવર્ણ જવથી સ્વસ્તિક, પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને વધામણીદાન, વગેરે કેઈ કરણી કરતા હતા ! સાથે એમનું આંતરમંથન કેટલું ચાલતું હતું ! અવસરે અવસરે ઉદારતા, ઔચિત્ય, ક્ષમા, નમ્રતા, વગેરે દાખવતા ! **બસ, માનવજીવનનો અવસર મળ્યો છે તો એનાં ઊંચા મૂલ્યાંકન કરી દોષ-દુર્ગુણોના કચરા દૂર કરવા મથો, ને ગુણોના અલંકાર સજો; તથા પ્રમાદ, આળસ, ને બેદરકારીની પશુતા હરાવી, અને ધર્મક્રિયા, પરોપકાર અને વિવેકના સુકૃતોની દિવ્યતાનો ખૂબ અભ્યાસ કરો.**

**મારવાડી યુવકનું શું થયું ? :-**

હવે જુઓ પેલો મારવાડી યુવક પરિગ્રહનું પરિમાણ કરીને કલકત્તા ગયો છે તો કેવીક શાંતિ અનુભવે છે ! એણે હિસાબમાં જોયું કે- 'પોતાના ભાગના રૂપિયા અઠ્ઠાવીસ લાખ થઈ ગયા છે,' એટલે હવે વેપારમાં આગળ વધવું નથી. 'ત્રીસ લાખનું પરિમાણ પૂરૂં ન કરવું ?' આવો વિચાર પરિમાણ કરવાનો હેતુ ન સમજે એને થાય. પરિગ્રહાદિ પાપ એ ઝેર છે એમ સમજનારને એના પરિમાણ પૂરા કરવાના અભખરા ન થાય.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**યુવકે યુરોપિયનને નિયમના લાભનો આપેલો આછો ખ્યાલ :-** યુવકે યુરોપિયનને કહી દીધું : 'હવે મારી ભાગીદારી બંધ.'

પેલો પૂછે છે : 'શું જુદી પેઢી ખોલવી છે ?'

'ના, વેપાર જ કરવો નથી ને ? બસ, હવે દેશમાં જઈ ધર્મસાધના કરીશ.'

યુરોપિયને ઘણો ય સમજાવ્યો, 'વેપાર સારો ચાલે છે, પ્રતિવર્ષે પાંચ સાત લાખ વધે છે, પાંચ સાત વર્ષ ખેંચી કાઢ, માલદાર થઈશ,' પણ આ માને ? ન પલળ્યો. યુરોપિયનને કારણની ખબર નહોતી.

પૂછ્યું, 'કેમ આમ કરે છે ?'

યુવકે જણાવ્યું, 'હમારા ગુરુ મહારાજ પાસે નિયમ લીધો છે કે ત્રીશ લાખથી વધારે પરિગ્રહ ન રાખવો.'

યુરોપિયન વિસ્મય સાથે પૂછે છે, 'એમ ? એવા નિયમથી શો ફાયદો ?' યુવક સમજાવે છે, 'બીજો ફાયદો તો હમણાં આપની સમજમાં નહિ આવે પણ આ એક ખુલ્લો (પ્રત્યક્ષ) ફાયદો દેખો કે આપ ચિંતા કેઈ કરો છો, તો હવે મારે કોઈ ચિંતા નહિ. હજી આટલું કમાઉં એ ચિંતા, બજારની ચિંતા, વેપારની ચિંતા, વહિવટની, બીજી ત્રીજી કેઈ ચિંતા ! ત્યારે હું તો હવે મશરૂની તળાઈમાં સુઈ જાઈશ. આરામથી નિંદ્રા લઈશ.' એમ કહીને પછી તો એણે આત્મા અને કર્મનો સિદ્ધાન્ત તથા ધર્મની વસ્તુ સમજાવી. યુરોપિયનનો ઘણો આગ્રહ અને લાભની મોટી લાલચ છતાં એણે પોતાનો ભાગ રદ કર્યો.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૨૮,તા.૨૮-૩-૧૯૫૯

## ૨૭ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

આજની રાક્ષસી તૃષ્ણાની સામે આ પ્રસંગ વિચારવા જેવો છે. સામેથી આગ્રહપૂર્વક ચાલી આવતા મોટા પ્રલોભનને લાત મારવાનું એ પરાક્રમ ક્યાં ? અને પાસે ઘણું ય છતાં વલખાં મારી મારીને લાલચભર્યા જોખમી ધંધા ઊભા કરવાની આજની કંગાળિયત ક્યાં ? ત્યારે એનો પ્રત્યાઘાતેય ક્યાં કપરો નથી પડતો ? કેટલી ચિંતા, હાયવોય, દોડધામ અને અવસરે નુકસાનીના પરિણામ, વગેરેનું કોઈ માપ ? પછી એમાં આત્માનો વિચાર ક્યાં ઊભો રહે ? ફુરસદ જ ક્યાં છે ? ફુરસદ છે જડ લક્ષ્મીની ચિંતા, ચીવટ અને ઉદ્યમ રાત કે દિ' કરવાની ! ન આત્માનો વિચાર, ન પરમાત્માનો વિચાર !



**જે આત્માને અનંતકાળ વચ્ચે આ જીવન તો એક નિમેષ માત્ર છે, એને જ અર્થ-કામના ટૂંકા જીવન પાછળ ભૂલવાનો ?**

**જે પરમાત્માના રુડા પ્રતાપે આટલે બધે ઊંચે આવ્યા ને ઊંચી સામગ્રી પામ્યા એમને જ વિસરવાના ?**

દુનિયાની જડ લક્ષ્મી ને વિષયો તો જીવને એવા પાગલ બનાવે છે કે હૈયાનાં જે હેત એના પર વરસે છે, તે પરમ ઉપકારી પરમાત્મા પર નથી વરસતા ! જે ભક્તિ લક્ષ્મી-વિષયોના દેનાર અને ધરનારની કરવામાં આવે છે એ મૂળ દાતાર પરમાત્મા પર નથી વરસાવાતી ! કેવી કરુણ દશા ! જ્યાં સુધી દિલમાં પરમાત્મા ઉપર અથાગ પ્રીતિ-ભક્તિ નહિ ઊભરાય, પ્રીતિ-ભક્તિનાં કાર્યો નહિ કરાય, ત્યાં સુધી આત્માના મૌલિક ગુણ કૃતજ્ઞતાના માલિક ક્યાંથી બનાશે ? મનને એમ થવું જોઈએ કે- **'મને આટલે બધે ઊંચે ચઢાવનાર પરમાત્મામાં હવે એવો મળી જાઉં કે મને ખુદ મારું ય અલગપણું ને મમત્વ ભાસે નહિ, તો મારી કાયા-કંચન-કુટુંબના સ્વાતંત્ર્ય અને મમતાની વાતે ય શી ?'**

પરમાત્મામાં રસ લેવા માંડ્યો, પરમાત્મામાં મળી જવા માટે ઉજમાળતા આવી, પછી તો મનથી પરમાત્માની દુનિયામાં વિહરવાના આનંદ લૂંટાય, બહારની પાપભરી દુનિયામાં નહિ ! બહારના જગત માટે તો નિયમ થઈ જાય કે આટલી મર્યાદાથી બહાર આ જીવનમાં મારે જવું નહિ; અને જેમ જેમ એ મર્યાદા ઓછી કરતા આવો, તેમ તેમ પરમાત્માની દુનિયામાં વધુ વિહરવાનું બળ મળે.

પરમાત્માની દુનિયા સમજો છો ? પરમાત્માએ પ્રકાશેલું ષડ્દ્રવ્ય અને એના અનંત પર્યાયોનું તત્ત્વજ્ઞાન, વિશ્વમાં ચાલી રહેલા કર્મોના વિચિત્ર નાટકો, મહાપુરુષોના પરાક્રમભર્યા જીવન-ચરિત્રો, આત્માની મિથ્યાત્વ, અવિરતિ અને રાગ-દ્વેષાદિમાં થતી ભયંકર બરબાદી... વગેરે વગેરે દુનિયામાં વિહરવાનું છે.

મારવાડી યુવકે યુરોપિયનની ભાગીદારીમાં ચાલતા ધીખતા ધંધામાં હવે રહેવા ના પાડી; કેમ ? પરિગ્રહનું પરિમાણ થઈ જવા આવ્યું.

વેણીચંદભાઈમાં પણ જોઈ ગયા ને કે ચાર હજાર લેવા હતા છતાં આઠ હજારની દલાલી થઈ ગઈ; ખબર પડતાં તરત ધંધો બંધ કર્યો. એમની નેકી જોઈ એક ઇંગ્લીશ કંપનીએ બાર મહિને લાખ રૂપિયાની દલાલી આપવા આગ્રહ કર્યો. કેમ ? આ બીજા દલાલ જેવા નહિ કે વેપારીના હિસાબે લે-વેચ કર્યા પછી ભાવ અનુકૂળ ફરતા લાગે તો પોતાના નામે વેપાર ચડાવે; ને વેપારી માટે બીજો સોદો કરે ! આ તો ધર્માત્મા શ્રાવક ! એ એવું કરે ? યુરોપિયન કંપની મોટી હતી, વેપાર જબરો હતો, એના મેનેજરને થયું, 'આવો પ્રમાણિક દલાલ શોધ્યો મળે



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ક્યાંથી ?' એ વેણીચંદભાઈને મળ્યો, કહ્યું, 'તમે રહી જાઓ ! હું તમને બાર મહીને લાખ રૂપિઆની દલાલી આપીશ તમને બીજી પૂછપરછ પણ નહિ, માત્ર સોદો કરવાનો.' **આ પુણ્યશાળી પુરુષ, પાપના પગલાંની ગંધથી ડરનારો પુરુષ, માને ? એ આત્મા લાખની દલાલીની લાલચમાં ખૂંચે ? એને તો એમાં આત્માના પુણ્ય અને ધર્મની રાખ થતી દેખાય છે.** મેનેજરે ઘણું સમજાવ્યા પણ લાખની દલાલીની લાલચને લાત મારી, એ દલાલી જતી કરી, મેસાણા ભેગા થઈ ગયા ! એ કદાચ માર્ગ કાઢી શકત, પોતે ન રાખતાં મેસાણા પાઠશાળાને આપે પણ ધર્મખાતા માટે વેપાર શાનો ? તેમ પોતાના પરિગ્રહના રાગનું શું ? એટલે હવે તો કેમ ? બાંધ બિસ્તર ને થા ઘર ભેગો. દિક્‌પરિમાણ વ્રતનું રહસ્ય એ કે પાપના દેશમાંથી જેટલા બચ્યા એટલો લાભ.

**(૬) દિક્‌પરિમાણવ્રત પ્રથમના પાંચે અણુવ્રતોને ગુણ કરે છે :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પંચાશકજીમાં શ્રાવકધર્મનું નિરૂપણ કરી રહ્યા છે. પ્રથમના પાંચ વ્રતોને પોષાતું એની પછી તરતનું પહેલું વ્રત (ગુણવ્રત) દિક્‌પરિમાણવ્રત છે. પાંચ અણુવ્રતો શેના માટે ? એ વ્રતોથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ તથા પરિગ્રહનો અમુક અંશે ત્યાગ કરવામાં આવ્યો. દિક્‌પરિમાણવ્રતથી પાપદુનિયામાં ફરવાનો સંકોચ કર્યો. જેટલું પરિમાણ રાખ્યું, માનો કે હજાર માઈલ, તેથી બહાર જવાનું જ બંધ કર્યું, એટલે બહારના પાપોમાં જોડાવાનું સહેજે બંધ થયું. એક હરવા-ફરવાના ક્ષેત્રના સંકોચથી કેટલાય પાપ અને પાપના નિમિત્તો બંધ થઈ જાય છે. માટે તો શ્રાવકને રોજના ચૌદ નિયમોમાં દિશાના પરિમાણમાં ય વિશેષ સંકોચ કરવાનો હોય છે. પાપના ખૂબ જ ભયવાળો આ દિક્‌પરિમાણવ્રત લઈને મહાન આશ્વાસન અનુભવી શકે છે.

**ભાવમાં ફરક માટે અતિચાર :-**

એ વ્રતના અતિચારોમાં, પોતાને રાખેલા પરિમાણનું વિસ્મરણ થાય તો અતિચાર લાગે. દિશાના માઈલોમાં ફેરફાર કરે તો અતિચાર લાગે. બે સામસામી દિશાએ હજાર-હજાર માઈલ જવાનું રાખ્યું, એક દિશાએ બારસો માઈલ જવાનું થાય ત્યારે હજાર હજારને બદલે એક તરફ બારસો માઈલ જવાનું નક્કી કરે અને બીજી તરફ આઠસો માઈલ રાખે, તો સરવાળે તો ૨૦૦૦ હજાર માઈલ થયા, પરંતુ વૃદ્ધિ હાની કરી તેમાં અતિચાર. એકંદર બે હજાર માઈલની મર્યાદા સાચવી માટે વ્રતની અપેક્ષા રહી, એટલે વ્રતનો સર્વથા ભંગ નહિ, પણ ઘાલમેલ કરી તેથી અતિચાર લાગ્યો.



**પ્ર.**- અતિચાર તજવાનું જાણવા છતાં સેવે તો તે અનાચાર નહિ ?

**ઉ.**- ના, સમગ્રપણે વ્રત જાળવવાની બુદ્ધિ છે તો અનાચાર નથી. બાકી વ્રતની ઉપેક્ષા કરી અતિચારને આચાર-ભાવે, કર્તવ્યભાવે સેવે તો દૂષણ વધે, તો અનાચાર લાગે. પડિક્કમણું કરવા છતાં, પડિક્કમણું કરનારો, પહેલાં જે પાપને સેવતો હતો તે પાપને સેવે તો છે, પણ પ્રથમ જે ભાવે સેવતો હતો તે ભાવે એ નથી સેવતો, તો પ્રતિક્રમણ એ દંભક્રિયા નથી. એમ વ્રત લીધા પહેલાં અતિચાર જે ભાવે સેવતો હતો તે ભાવે વ્રત લીધા પછી નથી સેવતો, માટે તે વ્રતભંગનું કારણ નથી. જો તે ભાવે સેવે તો વ્રતને ભાંગી જતાં વાર લાગે નહિ.

**દિક્‌પરિમાણવ્રત સ્વતંત્ર વ્રત શા માટે ? :-**

શ્રાવકના બાર વ્રતમાં આ એક સ્વતંત્ર વ્રત છે. ભોગોપભોગ પરિમાણ વ્રત અથવા બીજા કોઈ વ્રતમાં એને ન સમાવતાં, કે અમુક દિશાએ અમુક મર્યાદા ઉપરાંત ન જવું એવો નિયમ અવાંતર નિયમમાં ન રાખતાં એને એક સ્વતંત્રવ્રત રાખ્યું. તેનો આશય શો ? જગતભરના દેશોમાં અનેક જાતિનાં હિંસાદિ પાપો ચાલી રહ્યાં છે, આ જીવ એને કરતો-કરાવતો નથી તો મર્યાદા ઉપરાંતના એ ક્ષેત્રોનાં પાપમાં ફરવાની છૂટ માથે વહોરવાની જરૂર શી ? દિશાપરિમાણથી એ આંકે છે. સર્વવિરતિની સ્થિતિ એવી છે કે જ્યાં રહે ત્યાંનું પણ પાપ ન લાગે, એને કોઈ પણ ક્ષેત્રનું પાપ ન લાગે. એ આદર્શ છે આ વ્રતનો. જો કે એ ક્ષેત્રનાં પાપો ન કરવા, ન કરાવવા, એ રૂપે પ્રતિજ્ઞા નથી, છતાં એ ક્ષેત્રમાં જવાનું બંધ કરવાથી એની પાપક્રિયાઓમાંથી અંશેય બચવાનું મળે છે. સર્વવિરતિમાં તો જગતભરના પાપોમાંથી સર્વથા મુક્તિનાં પચ્ચક્ખાણ છે. એ સ્થિતિએ પહોંચવા માટે આટલો સંકોચ કર્યો. યાદ રાખો, દેશ વિરતિ સર્વ વિરતિ માટે છે. **જે વિરતિ કે વ્રત-પચ્ચક્ખાણ સર્વવિરતિ માટે નથી તે સાચી વિરતિ નથી.** દિક્‌પરિમાણવ્રત સર્વવિરતિ માટે છે.

વ્રતનું શુદ્ધ પાલન કરવું હોય તો અતિચારોનો ત્યાગ કરવો જોઈએ. અતિચારના નામથી લલચાશો નહિ ! અતિચારથી વ્રત ભાંગતું નથી તો પણ તેટલા માત્રથી એ આચરવાની વસ્તુ નથી. અતિચાર ન આચરવાથી વ્રત મક્કમ થાય, શુદ્ધ રહે. વ્રતભંગના પરિણામમાં તથા અતિચાર સેવવાના પરિમાણમાં ઘણું અંતર છે. વ્રતભંગના પરિણામમાં વ્રત તરફ નિરપેક્ષપણું છે, જ્યારે માત્ર અતિચાર સેવવાના પરિમાણમાં વ્રત તરફ સાપેક્ષપણું ઊભું છે. સર્વવિરતિના આદર્શે પહોંચાડનારા અણુવ્રતોને ગુણકારિતા આ દિશાપરિમાણવ્રતમાં ભરપૂર પ્રમાણમાં છે, એ સમજાય એવું છે. સ્વતંત્ર વ્રતનો આ છે આશય.

**અતિક્રમાદિનો વિચાર :-**

**પ્ર.**- અતિચાર ત્રીજા નંબરે શાથી ?

**ઉ.**- અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર, એ પ્રથમના ત્રણે ય અતિચાર છે, પ્રમાણમાં ફરક છે. છેલ્લો અનાચાર જુદો છે. અતિક્રમથી મોટો દોષ વ્યતિક્રમ, તેથી ઉપર અતિચાર ન કરવા યોગ્યનો વિચાર કર્યો તે અતિક્રમ, સેવન કર્યું નથી, માત્ર માનસિક વિચારણા છે કે- 'આ પાપ કરું' પછી તે માટે ઊભા થવું તે વ્યતિક્રમ; પછી તે પાપ કરવા સુધી પહોંચે અર્થાત્ પાપની શરૂઆત સુધીની ક્રિયા તે અતિચાર; અને પાપ કરે એટલે અનાચાર. પ્રથમના ત્રણે પ્રમાણાંતરે અતિચાર જ છે. જ્યાં સુધી વ્રત સીધું ભાંગે નહિ ત્યાં સુધી અતિચાર, ભાંગે એટલે અનાચાર. એક દૃષ્ટિએ વિચારીએ તો અતિક્રમાદિ એ અનાચાર તરફનાં પગલાં છે. આગળ વધતાં અનાચારે પહોંચી જાય. અહીં અતિચાર કહે છે તેમાં વ્રત ભાંગવાનો પરિણામ નથી. પરિગ્રહનું પરિમાણ કર્યું દસ હજારનું, તે મળી ગયા છે, છતાં લાગ્યું કે - 'બજારમાં મોટો લાભ થાય તેમ છે, પરિમાણ તો દસ હજારનું છે પરંતુ જોઈ લેવાશે; જવા દે બજારમાં, લાભ લઈ લેવા દે,' આ થયો અતિક્રમ; બજારમાં જવા ઉઠ્યો તે થયો વ્યતિક્રમ; ત્યાંથી પગલું માડે ત્યાંથી લઈને દસ હજાર ઉપરાંત હાથમાં લેવાની જેટલી તૈયારી કરે તે તમામ અતિચાર, જ્યાં સુધી દસ હજાર ઉપરનો લાભ હાથમાં ન લે ત્યાં સુધી અતિચાર; અને હાથમાં લે એટલે અનાચાર. અતિક્રમાદિ એક રીતે અનાચાર તરફ લઈ જનાર છે, પણ અનાચાર નથી. અતિક્રમમાં ભલે માનસિક સ્ખલના, વ્યતિક્રમમાં ભલે ઉઠવું, અતિચારમાં ભલે તૈયારી, પણ તે બધું અનાચાર નથી. અનાચાર તો પ્રતિજ્ઞાભંગ સાક્ષાત્ આચરે ત્યારે થાય છે.

**અતિચારને દૂષણ કેમ કહ્યું ? :-**

ત્યારે પ્રશ્ન થશે કે- 'તો પછી અતિચારને દૂષણ કેમ કહ્યું ?' વાત એમ છે કે એવી પ્રવૃત્તિ ન જોઈએ કેમકે એક તો વ્રતનું ધ્યેય ચૂકાય છે; ને બીજું એ કે પરિણામે વ્રતભંગમાં જઈ ફસાય દા.ત. અમુક દિશાનું પરિમાણ કર્યું, પછી બહારના ભાગમાં પોતે ન ગયો છતાં આજે નોકરને મોકલ્યો, પછી થયો રિવાજ. જ્યારે જ્યારે કામ પડે ત્યારે ત્યારે નોકરને મોકલે. એ સંબંધમાં વિચાર ન રહ્યો. નોકર મરી ગયો અને લાભ જોરદાર દેખાયો, એ કામ બીજાથી થાય તેમ નથી, કાં પોતાથી થાય અને મરી ગયો તે નોકર જ તે કામ માટે હુંશિયાર હતો પછી શું થાય ? 'નોકરને મોકલવામાં વાંધો નથી' એમ માનતો થયેલો, લોભે તણાઈ, જરૂર પડ્યે પોતે જશે ! માટે મર્યાદા બાંધી. મર્યાદા બહારના ભાગમાં નોકર મોકલે તો



અલબત વ્રત ભાગે નહિ, પણ અતિચાર લાગે. એ અતિચારને દૂષણ એ માટે કહ્યું કે પરિણામે પોતે વ્રતભંગે ચાલ્યો જાય, એવું લપસણું ઊભું થાય છે.

**પોતે કરે નહિ, એ બીજા પાસે કરાવે તો કર્મ ન લાગે ? :-**

**પ્ર.**- પોતે તો જતો નથી, બીજાને મોકલે એમાં દોષ શાથી ?

**ઉ.**- જેવી નિયમની કક્ષા તે મુજબ દોષ લાગે. કરવું, કરાવવું, અનુમોદવું, કર્મ તો ત્રણેથી લાગે છે, પણ વાત વ્રતની ચાલે છે. જેવી શક્તિ એવું વ્રત લે. માત્ર કરવું નહિ એમ વ્રત લે તો વ્રતનું એટલું જ બંધન. કરવું ય નહિ, કરાવવું ય નહિ, એવું સામર્થ્ય હોય તો એવું વ્રત લે. અનુમોદના પણ ન કરવી એવી તાકાત હોય તો તેવું વ્રત લે. જેવી તાકાત. દુનિયામાં પણ જુઓ. કાયદેસર ખૂનનો ગુન્હો એકે કર્યો હોય, બીજાએ તૈયારી કરી આપી હોય, ત્રીજાએ એ બેને જરા ટેકો આપ્યો હોય, વાતચિતમાં માત્ર રસ લીધો હોય તો ખૂન કરનારને ફાંસીની સજા થાય છે, જ્યારે બીજા બેને સખત કેદ કે એવી સજા થાય છે. સજામાં ભેદ પડે છે. અહીં પણ એવું, કર્મ બંધનની સજા ખરી, પ્રમાણમાં ભેદ. સરખા જ કર્મ લાગે એમ એકાંત નહિ. પોતે ન જવું એટલું જ વ્રત છે, બીજાને ન મોકલવો એવું વ્રત નથી, છતાં વ્રતનું ધ્યેય નથી સચવાતું, એ વાંધો છે. દા.ત. પોતે જૂઠ ન બોલવું એવું વ્રત છે, ને હવે જો બીજા પાસે જૂઠ બોલાવરાવે તો વ્રતનો ઉદ્દેશ ન સચવાવાને લીધે દોષ લાગે છે. **શ્રાવકના વ્રતમાં બે મુદ્દા છે. (૧) ધ્યેય, ને (૨) વ્રતપાલન.** વ્રતની અપેક્ષા છે ત્યાં સુધી વ્રત કાયમ. અપેક્ષા કાયમ છતાં ધ્યેય ચૂકે એ અતિચાર. શ્રાવકના વ્રતમાં બે વાત. એક ધ્યેયની, બીજી વ્રતના પાલનની. પરિગ્રહ પરિમાણવ્રતમાં નિષ્પરિગ્રહપણાનું ધ્યેય છે, ને પરિમાણ-વ્રતનું પાલન છે. વ્રતના પાલન પર નિરપેક્ષ થાય તો વ્રતભંગ થાય. વ્રતના પાલનને સાક્ષાત્ બાધક ન હોય છતાં પરિણામે બાધક હોય તેમજ ધ્યેયને બાધક હોય તેવી કોઈ પ્રવૃત્તિ તે અતિચાર. દસ હજારનું પરિમાણ રાખ્યું, લાભ વધારે થઈ ગયો, વ્રતને પાળવું તો છે એટલે પોતે ન રાખ્યા, સીધા પત્ની કે પુત્રના નામ પર કરી નાખ્યા, પણ ત્યાં મમત્વ અને સત્તા પોતે રાખે છે એ પરિણામને ધક્કો કેમ ન પહોંચાડે ? તેમ જવું છે નિષ્પરિગ્રહતાએ, એ ધ્યેય આ રીતે કેમ સચવાય ? સર્વથા નિષ્પરિગ્રહી થવાનું ન બની શકવાથી પરિમાણ કર્યું, હવે એની ભાવના કઈ હોય ? 'પરિગ્રહ સંસારની જડ છે, પાપ છે, સર્વથા નથી છોડાતો માટે પરિમાણ કર્યું; પણ એથી વધારે થાય એવી પ્રવૃત્તિ શા માટે કરું ? એવી વાતચિત કાને પણ ન ધરું.' આ ધ્યેય ક્યારે સચવાય ? અતિચાર ન લગાડે તો ને ? અતિચારથી સર્વથા વ્રત-ભંગ નહિ પણ ધ્યેય ન સચવાય.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**લગભગ ઠેરનો ઠેર ! :-**

દિગ્પરિમાણ વ્રતમાં પણ ધ્યેય શું છે ? જરૂરિયાતથી બહારના ભાગના પાપોમાં ન જોડાવાય એજ ને ? એ ક્યારે સચવાય ? વ્રત બહારના ભાગમાં પોતાને કાયાથી ન જવાનું કર્યું, પણ માણસ મોકલે, ચીજ મંગાવે, ચિઠ્ઠિ-પત્રો મોકલે, એક બીજી દિશામાં માઈલોની (પ્રમાણની) વધઘટ કરે તો ધ્યેય ન સચવાય. વ્રત પળે પણ અતિચાર લાગે. ધ્યેય ન સચવાય માટે અતિચાર. દિગ્પરિમાણવ્રતમાં પાપના ક્ષેત્રોનો સંકોચ કર્યો, ભોગોપભોગ પરિમાણ વ્રતમાં ભોગ-ઉપભોગની વસ્તુનો સંકોચ છે. ધ્યેય પાલનને અંગે અતિચાર ન લગાડાય માટે દરેક વ્રતના ધ્યેયને બાધક અતિચારો જણાવી દીધા.

**છૂટની વાત જુદી :-**

**પ્ર.**- પરિમાણ બહારના ભાગનો માલ મંગાવાય ?

ઉ.- મંગાવાય નહિ. વેપારીએ પોતાના માટે મંગાવ્યો હોય તે લેવામાં વ્રતને અતિચાર નહિ. છતાં વ્રતમાં જ આની છૂટ રાખી હોય તે વસ્તુ જુદી.

**પ્ર.**- કુટુંબ માટે વ્યાપાર છે, વ્રત પોતાના માટે છે, તો વ્યાપાર માટે બહારથી માલ ન મંગાવાય ?

ઉ.- આવા વ્રતો કુટુંબને ભેળું સમજીને જ કરાય છે. દા.ત. પરિગ્રહ પોતાનો જુદો અને કુટુંબ માટે જુદો ન ગણાય. ત્યાં જેમ જુદો રાખે તો અતિચાર, એમ અહીં અતિચાર લાગે. ધ્યેય ચૂક્યો કે અતિચાર. અતિચારનો અર્થ જ અતિ ચાલવું, ધ્યેયનું ઉલ્લંન કરવું. પ્રથમના પાંચ અણુવ્રતને ગુણ માટે ત્રણ ગુણવ્રત છે, અભ્યાસ માટે ચાર શિક્ષાવ્રત છે. ત્રણે ય ગુણવ્રતો પાંચે ય વ્રતોને પોષક છે. આ વ્રત ખાસ, માટે સ્વતંત્ર વ્રત છે. ધ્યેય તરફની દૃષ્ટિએ; કુટુંબ માટે વ્યાપાર સમજી માલ મંગાવે તો ય ધ્યેય ચૂકાય છે માટે અતિચાર. વ્રતમાં જ છૂટ રાખી હોય એ વાત જુદી.

**ઉપયોગે ધર્મ :-**

સ્મૃતિનું અંતર્ધાન (સ્મૃતિભ્રંશ) એ પણ અતિચાર. બસો માઈલનું પ્રમાણ રાખ્યું હોય, ત્રણસો માઈલ જવાનો પ્રસંગ આવ્યો અને પોતાને યાદ ન હોય કે બસો માઈલ રાખ્યા કે ત્રણસો, વખતે ત્રણસો રાખ્યા હશે એવી કલ્પના કરે તો એ સ્મૃતિનું અંતર્ધાન થયું, સ્મૃતિભ્રંશ થયો; અને ભૂલી જવું એ પણ અતિચાર. 'બસો જ રાખ્યા છે.' એમ નક્કી હોય ને ત્રણસો જાય તો તો ભંગ જ થયો. પણ ત્રણસો માઈલ જતાં મનમાં ધારે છે, 'ના ! ના ! ત્રણસો જ રાખ્યા છે,' માટે સ્મૃતિભ્રંશનો અતિચાર લાગ્યો.



**પ્ર.**- એવા સંદેહમાં ત્રણસો માઈલ ન જાય, બસો માઈલ જ જાય તો ય અતિચાર ?

હા ! ઉપયોગે ધર્મ છે. રાખેલા ખરા પરિમાણનો માનસિક ચોક્કસ ઉપયોગ (ખ્યાલ) ન રહ્યો, એ વ્રતમાં અતિચાર છે. પહેલા વ્રતના પચ્ચક્ખાણમાં ત્રસ મારવો નહિ, એ નિયમ છે છતાં ગાઢ બંધને બાંધવો, ભાત-પાણીનો વિચ્છેદ કરવો, અતિભાર ભરવો એ અતિચાર કહ્યા ને ? એમ અહીં પરિમાણનું વિસ્મરણ થાય તો અતિચાર લાગે. ઉપયોગ ચૂકાય કે અતિચાર. માટે વ્રતને વારંવાર યાદ કરવું જોઈએ. અતિચારના પરિહારની કાળજી ન રખાય તો વ્રત ભાંગવાનો વખત આવે. અતિચારની આદત પડી જવાથી વ્રત તરફ નિરપેક્ષ વૃત્તિ થાય, 'એમાં શું ?' એમ થાય. 'એમાં શું' એથી તો પેલી વિધવાએ શું કર્યું ? 'ધોળો ફક દિવસ છે, મુનીમ ભાઈ જેવો છે, ઘરે ભાભી છે, દૂધ પીને પા અરધા કલાકમાં ચાલી આવીશ, જવા દે, એમાં શું ?' બસ ! આ 'એમાં શું, એમાં શું,' કર્યું. અત્યાર સુધી જે ગુણ ચડવાની શ્રેણિ હતી તે ઉતરવાની નિસરણી થઈ, સ્વર્ગમાં જવાને બદલે ભોંયરામાં જવાનું થયું. વ્રત લીધેલું સારી રીતે અજવાળાય અને ધ્યેયે પહોંચાય માટે જ્ઞાની અતિચાર ન લગાડવાનું કહે છે, માટે બાધક સંયોગો જણાવી, તેની અતિચાર તરીકે ઓળખાણ કરાવે છે.

**પ્ર.**- સ્મૃતિભ્રંશ-ભૂલી જવું એનો સંબંધ તો મતિ સાથે છે ને !

ઉ.- મતિ સાથે છે એટલે ઉપયોગ સાથે છે. વ્રત આત્માનો પરિણામ છે. ઉપયોગ યાને જાગ્રતિ રહે તો વ્રતના પરિણામને વાંધો ન આવે. પણ વ્રતનું સ્મરણ જ ન રહે તો પરિણામને ધક્કો લાગે.

વ્રતને અંગે શાસ્ત્રે બે મર્યાદા બાંધી. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. **જ્ઞ પરિજ્ઞા એટલે વ્રતની ધગશ અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એટલે વ્રતનો સ્વીકાર.** આ બે મર્યાદા. બન્ને આત્માના જ્ઞાનવાળી છે. એ જ્ઞાનમાં ઘાલમેલ કરાવે એ અતિચાર નહિ ? માટે ભૂલી જવું એ પણ અતિચાર.

**જાગ્રતિ રાખવા માટે અતિચારોનો પરિહાર છે :-**

જે કોઈ વ્રત-નિયમ લેવાય, તેનું વારંવાર પારાયણ કરવું જોઈએ. ડાયરીમાં નોંધી રાખે અને છ મહિને ય ડાયરીનું એ પાનું ન ઉઘાડે, યાદ રહે ક્યાંથી ? સ્થિતિ શી થાય ? નિરંતર યાદ કરે તો ડાયરીને રોજ ઉઘાડવાની જરૂર નથી. છતાં અવરનવર સ્મૃતિને લખાણ સાથે મેળવી લેવી જોઈએ. સામાન્ય ચૌદ નિયમ ધારનાર માટે હાજરી બે વાર, સવાર-સાંજ રાખી. દિશાપરિમાણ, ભોગોપભોગ-પરિમાણ વગેરેમાં જિંદગીભરના પરિમાણનું વ્રત છતાં ચૌદ નિયમથી તેમાં ય સંકોચ કર્યો.

ઉપયોગે ધર્મ તે આ. શી શાસનની વિશિષ્ટતા ! એમાં એક વાત તો એ કે સંકોચ થાય; ને બીજી વાત, મોટા વ્રતનો ખ્યાલ રહે. એ ખ્યાલ ન રહે તો ઉપયોગ ન રહે. પ્રતિ સમય કાંઈ જપમાળા ન ગણાય, ગૃહસ્થને કામધંધા ઘણા હોય પણ અવસરે અવસરે ભોગોપભોગ પરિમાણના તથા બીજા હોય તે તે નિયમો યાદ કરે એટલે ઉપયોગ છૂપાયલો હોય છે, ગૌણ હોય છે, બીજા કામકાજનો ઉપયોગ મુખ્ય બને છે, પ્રસંગે તે ઉપયોગ જાગ્રત થાય છે એટલે વ્રતનો ખ્યાલ રહે છે. ચૌદ નિયમ ધારનાર કંઈ એને પળે પળે યાદ જ કર્યા કરે છે એમ નથી, પણ ક્યાંક જાય, એની પાસે કાંઈ ધરવામાં આવે છે ત્યારે ઝટ, ‘કેટલાં દ્રવ્ય છૂટાં છે, કેટલા ચૂલા ખુલ્લા છે,’ તરત તે વિચારવામાં આવે છે. એ ઉપયોગ લબ્ધિરૂપે હોય છે તે અવસરે જાગ્રત થાય છે. જાગ્રતિ રાખવા માટે સ્મૃતિભ્રંશરૂપ અતિચાર ત્યજવાનો છે.

**ખતરનાક પરિણામ બાઈ માટે ક્યારે આવ્યું ? મર્યાદા ચૂકી તો ને ? :-**

અતિચારનો વિચાર વ્રતના વિચારની અંતર્ગત છે અર્થાત્ અતિચારની વાત વ્રતની મર્યાદા ન ચૂકવા માટે કહી છે. અતિચારમાં આગળ વધે, મર્યાદા ચૂકે, વ્રત જાય. નંદિષેણ મુનિ મર્યાદા ચૂક્યા, પરિણામ ખતરનાક આવ્યું. જ્ઞાનીએ દીઠું હતું, જોયું હતું એ વાત ખરી, પણ અવળો પુરુષાર્થ થશે અને તેથી પતન થશે, મર્યાદા ચૂકવાથી પતન થશે એ પણ જ્ઞાનીએ સાથે જોયું જ છે ને ? ખતરનાક પરિણામ આવ્યું ક્યારે ? વેશ્યાના ઘરે ગયા નહોતા ત્યાં સુધી તો કાંઈ નહિ, પણ અજાણ્યે ત્યાં ચઢી ગયા પછી વેશ્યાએ અર્થલાભ માગ્યો, ત્યારે તો સમજાઈ ગયું કે આ ઘર ધર્માત્મા માટે યોગ્ય નથી. છતાં અર્થલાભ કરાવવા ઊભા. ત્યારે અર્થલાભ જોતાં વેશ્યાએ બદલામાં ભોગ આપવાની વાત કરી. તો ય મુનિ ઊભા રહ્યા છે. હવે વેશ્યા હાવભાવ સાથે આગ્રહ કરે છે; મુનિના પગ પકડે છે. આ અતિચારનો માર્ગ છે. अति+चार વધારે જવું. મર્યાદાનું ઉલ્લંઘન કરવું. વ્રતની મર્યાદા છે, સ્ત્રીથી પરપુરુષ સાથે, પુરુષથી પરસ્ત્રી સાથે એકાંતમાં ન બેસાય, ત્યાં ન ઠરાય, એકાંતમાં વાતચીત ન થાય, મૌનપણે પણ એકાંત ન સેવાય, તો હાવભાવ જોવાની વાતે ય શી ? ગૃહસ્થ માટે એ નિયમ કે ગૃહસ્થ પોતાના મિત્રને ઘેર જાય, એ વખતે જો ઘરમાં મિત્ર ન હોય અને બાઈ એકલી હોય તો ઘરમાં પગ ન મૂકે. ગૃહસ્થની આ મર્યાદા. અહીં તો ઉપરથી વેશ્યા આગતા સ્વાગતા કરે છે.

**ભવિતવ્યતા :-**

**પ્ર.**- એ તે નિકાચિત કર્મ કે ભવિતવ્યતા ?

**ઉ.**- નિકાચિત-અનિકાચિત કર્મ, પુરુષાર્થ એ એક દૃષ્ટિએ ભવિતવ્યતાના



પેટામાં છે. કેમકે એ બધા ભવિતવ્યતાના ભાવોમાં આવી જાય છે. ભવિતવ્યતા નિયતાનિયત છે, અર્થાત્ ચોક્સ-અચોક્સ છે. ચોક્સ એ રીતે કે તે તે કાળે તે તે ભાવ ચોક્સ બનવાના; પરંતુ અમુક કર્મ, પુરુષાર્થ વગેરે આવી મળવાના તો જ એ ભાવ બનવાના, એ દૃષ્ટિએ અનિયત. આમ છતાં પુરુષાર્થમાં અભ્યાસનો પ્રયત્ન કમી ન કરાય. પુરુષાર્થ માટે પ્રયત્ન કરાય છતાં સફલતા ન મળે ત્યાં ભવિતવ્યતાનું નામ લેવાય. એમ સવળો માનીને અવળો પ્રયત્ન થયો તો એ પાંચે ય કારણનો સમન્વય છે. નિકાચિત કર્મ એ તો કર્મ જ એવું કે પ્રાયઃ વિપાકોદયમાં આવ્યા વિના જાય જ નહિ.

**સભામાંથી :-** નંદિષેણે પ્રયત્ન ક્યાં કમી કર્યો હતો ? એમણે પ્રયત્ન ઘણો કર્યો હતો, છતાં અંતે સફળતા ન મળી ત્યાં ભવિતવ્યતા કહેવાય. નિકાચિત કર્મનો ઉદય તથા ભવિતવ્યતા, બન્ને એમના માટે કહેવાય. વાત એવી છે કે કેટલાકને તો પુરુષાર્થ માટે પ્રયત્ન કરવો નથી એટલે મોં પહોળું કરી ભવિતવ્યતાને પહેલેથી જ યાદ કરે છે. પુરુષાર્થ માટે પ્રયત્ન કર્યો ? ભવિતવ્યતાની દૃષ્ટિમાં પુરુષાર્થ પડ્યો છે કે નહિ એની પ્રયત્ન વિના ખબર પડે શી રીતે ?

કહોને, ‘ત્યાંય કહેવાય, ભવિતવ્યતા નથી માટે પ્રયત્ન નથી થતો. હોય તો પુરુષાર્થ થાય નહિ ?’ એમ માપ ન કઢાય. સામાયિક એ સમભાવ પુરુષાર્થ લાવવાનો પ્રયત્ન છે. ભવિતવ્યતામાં સમભાવ છે કે નહિ તે સમભાવ માટે સામાયિકનો પ્રયત્ન કર્યા વિના કેમ જણાય ? ખરી રીતે વસ્તુની ગરજ પર આધાર છે, ગરજ હોય તો પુરુષાર્થના ગલ્લાંતલ્લાં ન થાય; પુરુષાર્થ સહેજે થઈ જાય. ઉદ્યમ કરવા છતાં ફળ પ્રાપ્ત ન થાય ત્યાં કહેવાય કે ભવિતવ્યતા. ભવિતવ્યતા તો એક ચાર્ટ (Chart) છે, નકશો છે. એ ભવિતવ્યતા રૂપી નકશામાં ભાગ્ય, પુરુષાર્થ વગેરે કારણો અને કાર્ય નોંધાયેલા પડ્યા છે. જ્ઞાનીએ ભવિતવ્યતા જોઈ છે, એમાં કારણો અને કાર્ય જોયાં છે. નંદિષેણનું ભાવીફળ જ્ઞાનીએ જોયું હતું, સાથે એવું બનવાનાં કારણો પણ જોયાં હતાં. નંદિષેણે પોતે વેશ્યા આગળ મદ કરવાનો પુરુષાર્થ કર્યો એટલે પરિણામ અનિષ્ટ આવીને ઊભું.

માર્ગાનુસારીના ગુણો કેટલું મહાન કાર્ય કરે છે ! એ ગુણોમાં, કામ-ક્રોધ-લોભ, માન-મદ-હર્ષ, એ છ અંતરંગ શત્રુ, એનો વિજય કરવાનો છે. ઘર વેશ્યાનું છે, તે કદાચ ખબર ન હોય, પણ બાઈ જો એમ કહે છે કે- ‘અમે તો અર્થલાભના કાંક્ષી, ધર્મલાભને શું કરીએ ?’ તો સમજાય એવું છે કે એને ધર્મનો ખપ નથી. એવાની સાથે માથાફોડ શી ? છતાં નંદિષેણે બતાવ્યું કે- ‘જો સાધુ અર્થ લાભ પણ કરાવી શકે છે. માત્ર એ કરાવવો નથી માટે નથી કરાવતા.’ અર્થલાભ કરી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

દેખાડ્યો તો વાત આગળ વધી. હવે ત્યાં જ્યારે વેશ્યા કહે છે, 'અમે તો આર્યદેશની વેશ્યા, માલ આપ્યા વિના દામ ન લઈએ.' ત્યારે તો એ વેશ્યા હોવાનું સમજાઈ જ ગયું ? હવે 'અયોગ્ય દેશકાલમાં ન ફરવું' એ માર્ગાનુસારી ગુણનો પ્રસંગ આગળ આવ્યો. નંદિષેણે ત્યાંથી તરત જ ચાલ્યા જવું જોઈતું હતું, પણ તેમ ન કરતાં ઊભા રહ્યા. આમાં જો આપણે એમ કહીએ કે 'ભવિતવ્યતાએ ભૂલાવ્યા,' તો પછી ગુણના પાલનનો પુરુષાર્થ કરવો જ જોઈએ એ સ્થિતિ ક્યાં રહી ? ઠીક છે બીજાના માટે કહીએ કે 'ભવિતવ્યતા જ કોક એવી કે આવા ખબરદાર પણ અહીં ફસાયા,' પરંતુ આપણી વાત માટે ભવિતવ્યતાને ભળાવતાં પહેલાં એ જોવું જોઈએ છે કે આપણે ધર્મપાલનને ગુણરક્ષાનો શક્ય ઉદ્યમ કર્યો ? તે કરવા છતાં પરિણામ વિલક્ષણ આવે. પછી કહી શકીએ કે- 'શું કરીએ ? ભવિતવ્યતા જ એવી.' બાકી પહેલાં તો તે પુરુષાર્થની જ ચીવટ જોઈએ. જોઈશું તો જણાશે કે શું ગૃહસ્થે કે શું સાધુએ, માર્ગાનુસારીના ગુણની મક્કમ સાધના અને વિકાસ ઉપર શ્રાવકપણા કે સાધુપણાની મહાન ખીલવટ કરી દેખાય છે; એથી ઊલટું એમના કોઈ ગુણમાં ખામી આવતાં એ સ્ખલના પામ્યા જણાય છે.

મહાવીરપ્રભુનો જીવ સોળમાં ભવમાં **વિશ્વભૂતિ મુનિ** મહાવિરાગી, મહાસંયમી અને મહાતપસ્વી છતાં એમણે પિતરાઈ ભાઈની મશ્કરી ઉપર માર્ગાનુસારિતાનો સૌમ્યતા ગુણ ગુમાવ્યો અને બળના લોભરૂપી અંતરંગ શત્રુને પરવશ થયા તો ગબડ્યા. **કંડરીક** હજાર વર્ષ સુધી સાધુપણામાં રહેવા છતાં ઇન્દ્રિયનિગ્રહનો ગુણ પાળવો ભૂલ્યા તો સંયમથી ભ્રષ્ટ થઈ સાતમી નરકે ગબડાવનારા પતન સુધી પહોંચ્યા.

આજે પણ આપણા કેઈના જીવનમાં તપાસીશું તો દેખાશે કે કોઈ ને કોઈ માર્ગાનુસારી ગુણની ખામીએ સ્ખલના પામતા હઈશું. મારે શ્રાવક જીવન કે સાધુજીવનની અપેક્ષાએ તો એ ગુણોનો વિકાસ ઊંચી કક્ષાનો કરવાનો છે. એ માટે ભવિતવ્યતા પર આધાર રાખવાની કંગાળિયત કરવાને બદલે ભગીરથ પુરુષાર્થ કરવો જોઈશે.







## ૨૮ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

આ વિચાર ખાસ તો એટલા માટે કરવો પડે છે કે બચપણમાંથી એ ગુણોનું સંસ્કરણ નથી થયું હોતું તેથી હવે વિશેષ ગરજ, ધગશ અને પુરુષાર્થની આવશ્યક્તા છે. બાકી જે ભાગ્યવાન આત્માને જન્મથી માતાપિતા વગેરેમાં માર્ગાનુસારી ગુણોનું ભવ્ય પાલન જોવા મળે છે, ઉપરાંત માત પિતા તથા શિક્ષક વગેરે તરફથી વારંવાર એનું શિક્ષણ તથા પ્રેરણા મળે છે, અને ગુણો પાળવાની ચીવટ મળે છે, એને આગળની ઊંચી સમ્યક્ત્વાદિની સાધના વખતે વિશેષરૂપે ગુણોની કક્ષામાં આગળ વધવાનું સરળ બને છે. માટે તો માતાપિતા અને શિક્ષક વગેરે બાળકમાં ગુણોના પાલન માટે પ્રેરણા કરનારા અને અનુકૂળતા કરી આપનારા હોય. શ્રાવક પોતાના સંતાનને એવા બનાવે કે જેને જોનારને એના ગુણ-સંપન્ન શ્રાવકપણાનો ભાસ થાય. ગુણો અને શ્રદ્ધાનું સિંચન તો પ્રથમથી કર્યું હોય. સંતાનમાં જે શ્રદ્ધા, શ્રાવકપણું, અને ગુણો લાવવાની ઈચ્છા હોય, તે પોતાના જીવનમાં કેવા ઝગમગતા હોય ? શ્રાવકપણાની પહેલી ભૂમિકા માર્ગાનુસારિતા છે. વ્યવહારથી શ્રાવકપણું મળે છે પુણ્યથી. કેમકે શ્રાવકનું કુળ પુણ્ય અપાવે છે. પુણ્યયોગે વ્યવહારથી શ્રદ્ધા થાય છે. શ્રદ્ધાના બે પ્રકાર. પુણ્યની શ્રદ્ધા તથા તાત્ત્વિક શ્રદ્ધા. પહેલી શ્રદ્ધા પ્રયત્નથી બીજીમાં પલટાય. તાત્ત્વિક શ્રદ્ધા મિથ્યાત્વના ક્ષયોપશમથી મળે છે. પુણ્ય શ્રદ્ધામાં એમ થાય કે- **'ભાઈ ! અમારે તો આ તીર્થંકર ભગવાન એ દેવ, સાધુ મહારાજ અમારા ગુરુ, જૈનધર્મ અમારો ધર્મ. એને જ માનું, એમના જ રિવાજ પાળું, એમના જ તહેવાર પાળું,'** તાત્ત્વિક શ્રદ્ધામાં એમ થાય કે- 'આજ સાચા પરમાત્મા છે, એમનું જ વચન સાચું છે, એજ યુક્તિયુક્ત છે, એજ જીવનમાં ઉતારવા લાયક છે,'- આ થાય તે તાત્ત્વિક શ્રદ્ધા. તાત્ત્વિક શ્રદ્ધાવાળાને આશ્રવ માત્રમાં ખેદ થાય, સંવર માત્રમાં આનંદ થાય. તો જ તે તાત્ત્વિક શ્રદ્ધા. કુળસંસ્કારની શ્રદ્ધાવાળાને એવું થાય જ એ નક્કી નહિ.

**ત્રણેય પુરુષાર્થની સાધનામાં લક્ષ્ય ક્યાં ? :-**

આની પ્રાથમિક ભૂમિકા માર્ગાનુસારિતાના ગુણો છે. પહેલાં ગ્રુપમાં ૧૧ ગુણો અને બીજા ગ્રુપમાં ૮ ગુણો જોઈ ગયા. ત્યાર પછી હૃદયમાં છ ખુરશી પર બેઠેલા, છ શત્રુ સુભટો, કામ, ક્રોધ, લોભ, માન, મદ, ને હર્ષ આ છ આંતરશત્રુ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

પર વિજય, એ છનો ત્યાગ. આ ત્યાગ પ્રારંભમાં તો પ્રાથમિક ભૂમિકાના ક્રોધાદિનો સમજવો; એમ સદાચારની મર્યાદાનું ઉલ્લંઘન કરાવનાર કામનો ત્યાગ સમજવો. ક્રોધમાં સામાન્ય ગુસ્સો નહિ, પણ લોકમાં જે ક્રોધ વડે, ક્રોધીલો, તામસી, ખૂન્નસખોર તરીકેની ખ્યાતિ થાય તે ક્રોધ સમજવો અર્થાત્ પ્રથમ પગથિયે તે ક્રોધનો ત્યાગ તો અવશ્ય કરવાનો. બધા માટે એમ સમજી લેવું. પછી ઇન્દ્રિઓનો વિજય એટલે એની (એના વિષયોની) ગુલામીનો ત્યાગ. પછી નિંદાનો ત્યાગ, પછી નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ. ત્યાર પછી ધર્મ, અર્થ તથા કામને પરસ્પર બાધ ન આવે તેમ વર્તવું. તેમજ એવો ધર્મઘેલો ન થાય કે આજીવિકા માટે વખાણ ઉઠ્યા પછી બે ચાર શેઠીઆઓ પાસે રૂપીઓ આઠ આના માગવા પડે. ત્યારે એવો અર્થઘેલો એટલે કે પૈસા કમાવા પાછળ એવો પાગલ ન બને કે લોક એને વેદીઓ કહે, 'બસ ! પૈસાની જ લગની છે,' ગૃહસ્થ છે એટલે આજીવિકા અંગે જોવું પડે. પણ અર્થ એ રીતે ન સાધે કે જેથી ધર્મને બાધા પહોંચે, કામ એટલે વિષયસુખની સાધના પણ તે રીતે ન સાધે. કમાણીમાં એવો ન ખૂંચે કે ધર્મને ભૂલી કામને પરવશ થાય. જીવન તો એવું જીવાય કે અમુક પ્રકારના ખાનપાન વગેરેનો ત્યાગ કરે, તપ કરે, પર્વ તિથિએ ઉપવાસ ન થાય તો પર્વની યાદ ખાતર પણ એકાસણું - બેઆસણું કરે. ધર્મ કરે તે પણ અર્થ-કામની ઇચ્છાથી ન કરે.

તાત્પર્ય, અર્થ, કામ તથા ધર્મને, પરસ્પર બાધા ન પહોંચે, તે રીતે સાધે. ત્રણેયને સાધવા એવું ખાસ નથી, તેમાંય ભૂમિકા મુજબ ભેદ પડે. ધર્મને બાધા ન પહોંચે એ ખ્યાલ ધર્મી સમાજે ખાસ રાખવાનો છે. બીજે તો ધર્મના ભોગે અર્થ કામ સધાય છે. અર્થ કામ માટે ધર્મને બગાડનારા ઘણા. અહીં તો ધર્મની ખાસ સંભાળ રાખવાની. ધર્મ મામુલી નથી. કક્ષા ફરે, સંયોગ ફરે, ઉંમર વધે, તેમ ધર્મ વધારે કરવાનો, ને અર્થ-કામ ઘટાડવાના. પચાસ વર્ષની ઉંમર થઈ, દીકરો આવી મળ્યો પછી અર્થકામની પંચાત પોતે કરવાની જરૂર શી ? ત્રણે સાધવા જ એવું જો હોય તો તો એ ચાલુ જ રહેવાના. પણ એવું નથી. આર્યસંસ્કૃતિમાં તો પાછલી વયમાં ધર્મસાધનામય જીવન બનાવવાનું છે. અલબત માર્ગાનુસારીની ભૂમિકામાં ધર્મ, અર્થ, કામ, ત્રણેયને સાધે છે, છતાં આગળ પ્રગતિ માટે ધર્મને મુખ્ય બનાવવાનો છે. એમાં સંયોગ આવી મળતાં એકલો ધર્મ કેવો સાધ્ય બનાવવાનો તે જુઓ.

**સાધુએ હવે વળગેલી બલાને ઠેબુ માર્યુ :-**

પેલો રાજકુમાર સંન્યાસી પોતાના મોટા ભાઈને અડધી તુંબડી રસ આપવા મથે છે. ભાઈ સાધુ કહે છે, 'મારે ન જોઈએ; છતાં તારો આગ્રહ હોય તો એને ઢોળી નાંખ.'

એને મનમાં થાય છે, 'લ્યો બોલ્યા, ન જોઈએ, છે કિંમત ? બાર બાર



વર્ષની મહેનતે મેળવ્યો છે, કહે છે ઢોળી નાખ !' એનો પાવર ચડ્યો, લાગ્યો બોલવા. સાધુ તો એક જ વાત કહે છે, 'હું કહું છું, મારે ન જોઈએ, પાછો લઈ જા. તેમ ન થાય તો ઢોળી નાખ.' ઢોળી નાખવાનું કહ્યું એટલે આનો પાવર વધારે ચડ્યો. 'ઘેલો થયો ઘેલો ! ઢોળવાનું કહે છે ? આને ભાન નથી, આ ચીજ શી છે ?' બસ ! એ તો કહે, 'ઢોળું નહિ, પાછો ય ન લઈ જઉં, આપ્યા વિના રહું નહિ.' પેલા સાધુને એમ થાય કે, આ બલા ક્યાંથી મને વળગી ? પણ યાદ રાખો, સ્નેહ એને ભાઈ તરીકેનો છે, અવિવેકના ઘરનો નહિ એટલે પોતે ભાઈને અર્પિત થઈ જવા માટે બાકીનો અડધી તુંબડી રસ આપી દેવા માગે છે.

એ સાધુને થયું, 'આ એમ નહિ માને, આને હવે મનાવવા, સમજાવવા કાંઈક કરવું પડશે, સાધુએ તો તરત, પેલો મોં સામે બોલતો રહ્યો, ને પેલી તુંબડીને પગનું ઠેબું માર્યું. તુંબડીની બેઠક કેવી હોય ? તુંબડી ઉથલી ગઈ, રસ બધો ઢળી ધૂળ-ભેગો થઈ ગયો !

**મેં તો સિદ્ધશિલા માટે કર્યું છે : રત્નશિલામાં શા માલ છે ? :-** સંન્યાસી રાજકુમાર તો આ જોઈને ધુંઆપુંઆ થઈ ગયો, વધારે બગડ્યો, કહે છે, 'પાવર ચડ્યો, ઢોળી નાખ્યો ! હું તમને પૂછું છું, આટલી ખુમારી રાખો છો. તે કહો તો ખરા બાર વર્ષમાં તમે શું લીલું વાળ્યું ? મારી કરી કમાઈ ધૂળમાં ભેળવી ! આવા બાર બાર વર્ષની મહેનતે મેળવેલા રસની આ કિંમત ?'

**'સાંભળ ! અબજોની કિંમતે ય ન મળે એવું મનુષ્ય જીવન તે રસ પાછળ ઢોળ્યું ! છે એનો કોઈ વિચાર ? આવું જીવન ફરી ક્યાં મળશે ?'**

આમ કહી પગના અંગુઠાથી જરા ધૂળ ઉડાડી, એ ધૂળ ઉડીને સામે પડેલી શિલાને અડી કે પત્થરની શિલા રત્નશિલા થઈ ગઈ.

આ જોઈને પેલો આભો બની ગયો ! કેટલાય પતરાંઓ સુવર્ણના થાય તો ય એની કિંમત આ રત્નશિલા પાસે શી ? આ તો કાળો શાહી જેવો થઈ ગયો. સાધુ સમજાવે છે,

''આટલા સુવર્ણરસમાં ભૂલો પડી ગયો ?' ને પાછો મને પૂછે છે, 'શું લીલું વાળ્યું ?' યાદ છે બાલપણની તાકાત ? કાકાને લાત મારી રાજ્ય લેવાની તાકાત હતી; પણ આપણને મરાવી નાખવાનું કહેનાર કાકા પર ઉદારતા કરી રાજ્ય-વૈભવ છોડી નીકળ્યા. એવા મહાન ત્યાગ કરનારા તેં બાર વર્ષ તુંબડીના રસ પાછળ ગાળ્યા ? ને બાવાની લંગોટીઓ ધોઈ ? આ કિંમતી જીવનનું ભાન ન રહ્યું ? કિંમતી મનુષ્ય જીવન આ રીતે ગુમાવ્યું ? પાછો મારામાં ખુમારી માને છે ? ખુમારી તને છે કે મને ? મેં તો જે આ તપ અને સંયમ આચર્યા છે તે આ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

પાષાણની શિલાને રત્નની કરવા માટે નહિ, પણ સિદ્ધશિલા માટે; કર્મનો કુચો કરવા માટે ! આનાં મીઠાં ફળ તો શાશ્વતાં સુખ છે. રત્નશિલા બનાવવાની લબ્ધિ તો ઘાસ છે ઘાસ ! તપથી એ તો આગંતુક ઊભી થઈ ગઈ છે. તારો ધર્મ કયો ? કુલ કયું ? જાત કઈ ? જડ વસ્તુમાં પાગલ થયો ? સુવર્ણ રસ અને ત્રણસો શિષ્યો મળ્યા એની ખુમારીમાં ભાન ભૂલ્યો ? બાવાની લંગોટીઓ ધોયા કરી ? જીવનને બરબાદ કર્યું !"

**રંગ બદલાયો, ઢંગ બદલાયા :-**

પેલો ભાઈ હવે શું બોલે ? એનો પાવર પીગળી ગયો. ભાઈ આ સાધુનો હતો ને ? પગમાં પડ્યો, રોયો, ચોધાર આંસુએ રડતા કહે છે, 'ભાઈ ! તારો આ ઉપકાર ? એનો બદલો વળે તેમ નથી. એક જ પ્રાર્થના, મને તારા જેવો બનાવી દે. પેલાએ એને સાધુ બનાવ્યો, એની પાછળ પેલા ત્રણસોય સાધુ બન્યા. આખો મામલો બદલાઈ ગયો. આંતરવૃત્તિ પલટાઈ એટલે રંગ પલટાયો. તુંબડાના રસમાં પરિગ્રહ હતો, એથી ક્ષુદ્રતા વૃત્તિ હતી. ક્યાં સુધીની ? ભાઈ સામે કેવો પાવર કર્યો હતો ? પરિગ્રહ ધર્મ કરાવે કે પાપ ? પરિગ્રહ ઢોળાઈ ગયો; ક્ષુદ્રતાવૃત્તિ પલટાઈ ઉદારતામાં ! રાગ પલટાયો ત્યાગમાં ! પાવર પલટાયો ભાઈના શરણે જવામાં ! ધર્મ-પુરુષાર્થ જીવંત જોઈએ.

**કેસરીયાજીનો આદર કે આશાતના ? :-**

પેલો યુવક યુરોપિયનને ભાગની ઘસીને ના કહે છે. યુરોપિયન કહે છે, 'ભાગ રહેવા દે, પેઢીમાં રહે, તારે કરવાનું કાંઈ નહિ, ખા, પી, ને ભાગ મળ્યા કરે.' યુરોપિયનના મનને એમ કે, આ તમામ આની બુદ્ધિથી મળ્યું છે તો બદલો પણ વળે, અને વેપારીવૃત્તિ લોભની પણ હતી. આ હોય, આનો ભાગ હોય તો કમાણી સારી થાય. મારવાડીઓ કેસરીયાજીનો ભાગ પેઢીમાં રાખે છે. વેપાર, નફો, લક્ષ્મી તે પોતાના પુણ્યથી વધે, કેસરીયાજીના ભાગથી નહિ. **જે કેસરીયાજીએ મોહ તજવાનો કહ્યો છે, સંસારને અસાર કહ્યો છે, લક્ષ્મીને સ્વયં લાત મારી છે, ને બીજાને લાત મારવાનું કહ્યું છે, એ કેસરીયાજીનો ભાગ રાખવો એ તે કેસરીયાજીનો આદર છે કે આશાતના ?** પુણ્યાઈ વધે આદરથી, આશાતનાથી નહિ. ઠીક છે, પૂર્વની પુણ્યાઈ છે ત્યાં સુધી હુંડી વટાવી ખાઓ, પણ પુણ્ય ખુટ્યે લક્ષ્મી ક્યાં ય જશે, ને તમે ક્યાં ય જશો ! ગયા પછી અહીંવાળાને તમારું એડ્રેસ નહિ જડે એડ્રેસ ! તો વહારે ધાવાની વાતેય ક્યાં ? વહારે તો અરિહંત ધાય; પણ તે પરિગ્રહને બદલે અરિહંતને વહાલા કરો તો.



યુવક કહે છે, 'જન્મ્યો ત્યારે શું લઈને આવ્યો હતો ? કલકત્તામાં આવ્યો ત્યારે ય અગિયાર રૂપીઆની નોકરડીમાં રહ્યો હતો, પુણ્યોદયે આ મળ્યું, હવે શા માટે પંચાત જોઈએ ?' એણે યુરોપિયનને કહ્યું, એમાં કેવું ઔચિત્ય સાચવ્યું, કહે છે, 'મારે કાંઈ ન જોઈએ. આ તમારી જ કૃપાથી મળ્યું છે. કામ પડે તો અરધી રાતે બોલાવજો, ચાલ્યો-દોડ્યો આવીશ.' યુરોપિયન તો સમજતો હતો, કોની બુદ્ધિથી કોને મળ્યું છે. બસ ! એ યુવક તો થઈ ગયો મારવાડ ભેગો. હવે એ શું કરે છે તે જોશું.

**પેલા મારવાડીનો પ્રસંગ :-**

પેલા મારવાડી યુવકનો પ્રસંગ યાદ કરો. કલકત્તે દોરી-લોટો લઈને ગયેલો, ભાગ્યની પેટી ખૂલી, ને યુરોપિયનના ભાગમાં રૂપિયા અઠ્ઠાવીસ લાખ કમાયો. ત્રીસ લાખનું પરિગ્રહ-પરિમાણ છે, એટલે એ હવે ધીખતો ધંધો અને યુરોપિયનનો રહેવા માટે ઘણા આગ્રહ છતાં વેપારમાંથી ભાગ કાઢી નાખીને દેશ તરફ પાછો ફરે છે. અહીં જુઓ સંયોગ અનુકૂળ છતાં મનને એમ નથી થતું કે- 'લાવોને હજી બે લાખ લેવાના પહોંચે છે તો લઈ લઈએ, અથવા એથી ય વધારે મેળવી લઈએ, એને ધર્માદામાં કાઢી નાખશું.' કેમ નથી થતું ? એટલા જ માટે કે સંયોગ આપણા કાબુમાં નથી. એ તો ગયો મારવાડમાં ૨૮ લાખ લઈને ! અઠ્ઠાવીસ લાખ લઈને જે જાય તેનો સત્કાર કેવો હોય ? નગરમાં પેસે છે, ખૂબ સન્માનપૂર્વક પ્રથમ મશ્કરી કરનારા, આજે પાકટ કે ઘરડાં બનેલા આ જોઈ મોંમાં આંગળાં નાખે છે, કહે છે, 'દોરી-લોટામાંથી આ ? **કરમ તારી ગતિ ન્યારી !** પરદેશ તો ઘણાય જાય છે, પણ એ બધા આવું થોડું જ કમાઈ લાવે છે ? આ નજરે જોવા છતાં એમ નથી થતું કે-'ભાઈ ! **ભાગ્ય પર વિશ્વાસ રાખો. ભાગ્ય પરખીને ચાલો.'**

ત્યાં પછી મારવાડી પોતે એક સારું મકાન લે છે, તેમાં રહે છે. ત્યાર પછી એ, સ્નેહી-સંબંધી પિછાણવાળા નજીકના દૂરના સગાઓને એક ઉત્તમ પ્રકારનું ભોજન કરાવે છે, સન્માનપૂર્વક-કેવું ભોજન ? ગામડામાં કદી ન થયું હોય એવું ? દિલાવર વિના એવું ભોજન કોણ કરાવે ? દિલાવરીના ગુણને સાંકડા મનવાળો શું સમજે ? **જગતમાં પણ મોટો તે કહેવાય છે કે જે ખાઈને નહિ પણ ખવરાવીને રાજી થાય.** ખાવાની તૈયારી હોય અને કોઈ આવી ચડે તો ભાણે બેસાડી જમાડતાં જેટલું લોહી વધે, પોતાને ખાતાં એટલું લોહી ન વધે ! એમાંનો આ હતો. પોતાના જ્ઞાતિ-જનોને જમતા જોઈ એને આનંદ આનંદ થાય છે. જમનારાઓ પણ જમતાં જમતાં ગુણ ગાતા જાય છે, 'શું આ શેઠનું ભોજન !' હવે તો શેઠ કહેવા પડે ને ! લક્ષ્મીને માન છે !

એ શું કહે છે ? "મારું કાંઈ નથી, **તમારા જેવા પુણ્યવંતોની ભૂતકાળમાં ભક્તિ કરી હશે, જેથી એણે મારા નામે ૨૮ લાખ રિઝર્વ કરાવી દીધા હશે. એ ચિટ્ઠી અહીં ફાટી ગઈ. આપ્યા તો તમે જ છે.'** વિચારવા જેવું છે કે **પ્રસંગ એકનો એક, પણ ખતવણી-ખતવણીમાં ફરક !** આની ખતવણી સ્વોત્કર્ષની નથી પણ **સામાના ગૌરવને ગાવાની છે.** એનું પ્રત્યક્ષ પરિણામ સામાનો સદ્ભાવ વધે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૫૯

## ૨૯ જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

**ભારે ઉદારતા :-**

જમીને ઉઠ્યા પછી સૌ બેઠા, પાન-સોપારી આપ્યા, પછી વિદાયગિરી ! શી રીતે ? હજાર રૂપિયાની એક એક થેલી એક એકને વહેંચી. કઈ ભાવના ! 'હું લાખોપતિ થાઉં અને આ દારિદ્રમાં પીડાય ? આઠ આના ય પૂરા કમાવા મળતા નથી અને ત્રીશ લાખનો પરિગ્રહ, એમાં શી શાબાશી ?' એમ લોક મશ્કરી કરતા. વાત ખરી પણ આ એમાંનો નહોતો, જુદી કોટિનો હતો. ત્રીશ લાખ તો શું, અબજ હોય તો ય પરવા ન કરે તેવો હતો. યુરોપિયન કાલાવાલા કરતો હતો, 'બેઠા બેઠા ભાગ દઉં, નામ રાખ,' ન માન્યું. વહેંચવામાં આઠ દસ લાખ રૂપીઆ વહેંચી દીધા. બાકીના ૧૮-૨૦ લાખમાંથી પણ હવે કોઈ ધર્મનાં કાર્ય કરે છે. એવું દાનભર્યું પારમાર્થિક જીવન પસાર કરે છે કે ચારે કોર પ્રતિષ્ઠા ફેલાવા લાગી. કહો આ પ્રતિષ્ઠા એના પરિગ્રહની કે એના પરમાર્થની ? એણે સંયોગો પર બળજબરી નહોતી કરી, સારા સંયોગ સહેલાઈથી ઊભા થઈ ગયા; પરંતુ સંયોગ થયા પછી ધર્મકમાઈ કરી લેવાનું એણે ખાસ કર્યું.

**ડહાપણ શામાં ? સંયોગ પર બળાત્કારમાં કે સાધનામાં ? :-**

અહીં વિચારો કે **સંયોગ જ્યારે આપણા કાબૂમાં નથી ત્યારે એના પર બળાત્કાર કરવો ઉચિત છે કે એના જ દ્વારા શુભ ભાવના, સમતાભાવ અને દાનાદિ ધર્મ કમાઈ લેવા એ ડહાપણભર્યું છે ?** ભૂલશો નહિ, કપરા પણ સંયોગ દ્વારા દાન વગેરે સાધી શકાય છે. એમાં તો કદાચ દાન ઓછું પણ દેવાય, તો ય તે મહાફળને આપનારું બને છે.

**પ્રકાશ અને અંધકાર :-**

**'दारिद्रे दानमप्यल्पं महालाभाय जायते'**



**દરિદ્ર સ્થિતિમાં થોડું પણ કરેલું દાન મહાન લાભને દેનારું બને છે.** કપરા સંયોગમાં કમમાં કમ શુભ ભાવના કરી શકાય. એવા સંયોગને સારા દૃષ્ટિબિન્દુથી નિહાળાય, તો આ શક્ય છે. સંયોગ તો એના એજ હોય, પરંતુ એ તો એના જેવું છે કે,

**જેમ ગૂફામાં રહેલો હીરામાણેકનો ઢગલો, પ્રકાશ પાસે હોય તો ન્યાલ કરી દે ! અને અંધકાર હોય તો અથડાવી ઈજા કરે !**

**તેવી રીતે હૃદયમાં તત્ત્વપ્રકાશ હોય તો એના એ જ સંયોગમાંથી સત્કૃત્યો અને શુભ ભાવનાના લાભ ઉઠાવાય ! જ્યારે, મોહ-મૂઢતાનું અંધારૂં હોય તો એજ સંયોગો દુર્ભાવના અને દુષ્કૃત્યો કરાવી મહાન અહિત ઊભું કરનારા બને !**

**મારવાડી યુવકની વડાઈ :-**

મારવાડી યુવકે સંયોગો પર બળાત્કાર કર્યો નહોતો. પણ સહજ ઊભા થયેલા સંયોગોમાંથી લાભ ઉઠાવ્યો હતો. લક્ષ્મીદેવી ચાંલ્લો કરી ગઈ હતી, એવા શુભ સૂચન પર કલકત્તા જઈ સહજભાવે કામ કરતાં કમાયો. હવે એમાંથી સગાં-સ્નેહી વગેરેમાં ઉછાળ્યું. અને પછી પણ પારમાર્થિક જીવન લઈ બેઠો. આવું જીવન જીવવાની આવડત ન હોય તો તો બળાત્કારે સારા સંયોગ ઊભા કરવા કેટલુંય કાળું કરાય છે, ને સારા સંયોગ બની આવ્યા તો એમાંથી ઘમંડ, સ્વાર્થપોષણ અને કેઈ દુર્ભાવનાઓ તથા દુષ્કૃત્યો આચરાય છે.

જેવું સારા સંયોગમાં, એવું નરસા સંયોગમાં ય આ ખ્યાલ રાખવાનો કે સંયોગ પર બળાત્કાર કરવાને બદલે, એટલે કે બળજબરીથી એ સંયોગો ન આવવા દેવા કે ટાળવાની ભારે મહેનત કરવાને બદલે એજ સંયોગોમાંથી સારું સાધી લેવું એજ ડહાપણભર્યું છે. મારવાડી યુવકે એ જોયું કે 'અઠ્ઠાવીસ લાખ કમાયો છું, હવે વધુ જોર મારવા જાઉં ને કદાચ સંયોગ ફરી બેસે તો ? તેમજ, **માનવ જીવન શું રૂપિયા ભેગા કરવા માટે છે કે સુકૃતો ભેગા કરી લેવા માટે ?'**

**ધનના વેપારમાં કાંઈ જ વડાઈ નથી, વડાઈ તો ધર્મના વેપારમાં છે.**

**ધનના વેપાર આપણા કાબૂમાં નથી, પણ સદ્ભાવના, સદ્ગુણો અને સત્કાર્યોના વેપાર તો આપણા હાથની વાત છે;**

**જગત પણ આ સદ્ભાવનાદિના વેપારવાળાને પ્રશંસાથી નવાજે છે, કિન્તુ દુર્ગુણોભર્યા અને દુષ્ટ હૃદયવાળાને નહિ, ખરાબ કૃત્યોવાળાને નહિ.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

૩૦

# સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**રાગ ફૂંકીને કરડે છે :-**

પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવનું શાસન કહે છે કે સંસારમાં આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપથી તપી રહેલા જીવોએ જો શાંતિ મેળવવી હોય, એવી ઠંડક જોઈતી હોય જેથી એ ત્રિવિધ તાપનો લેશ પણ આત્મામાં રહે નહિ, તો રત્નત્રયીની આરાધના સિવાય બીજો કોઈ પણ ઉપાય જગતમાં નથી. રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન તથા ચારિત્ર. એની આરાધના એટલે એનું ઉપાર્જન, રક્ષણ, વર્ધન, નિર્મલીકરણ, અનુમોદન, પ્રીતિ, ભક્તિ વગેરે વગેરે. **રત્નત્રયીની આરાધના એટલે ત્રિવિધ તાપને શમાવી અપૂર્વ ચિરંજીવી શાન્તિ અને ઠંડક આપનારી પ્રક્રિયા.** આવી શાંતિ, આવી ઠંડક પ્રાપ્ત કરવા માટે દર્શન, જ્ઞાન, ચારિત્ર (રત્નત્રયી)ની આરાધના સિવાય આ જગતમાં બીજી કોઈ પણ આરાધના કરી શાંતિ ને ઠંડક મેળવવા ફાંફાં મારીએ તો આત્માનું નર્યું અજ્ઞાન છે. એમાં તો આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ પીડ્યા કરે છે.

આધિ એટલે માનસિક સંતાપ, હાયવોયની વિચારણા, સંકલ્પ-વિકલ્પની હારમાળા, નિરંતર અજંપો, સૂક્ષ્મ કોટિમાં ઉતરીએ તો આત્માનો જડ સામગ્રીમાં તોષ એ પણ આધિ છે. જડ સામગ્રીમાં મન પ્રફુલ્લતા અનુભવે તો એ પણ એક પ્રકારની આધિ છે. સૂક્ષ્મ વાત છે આ. આને સૂક્ષ્મ એટલા માટે કહેવાય છે કે આમાં આધિપણું શું એમાં તાપ ક્યાં આવ્યો, એની તરત ખબર પડતી નથી. આધિ તત્કાળ સીધી પીડે. એ તો જણાય સીધું બચકું ભરે, ડંખ મારે કે કરડે ત્યાં તમે કરડ્યાનું કહેવા તૈયાર છો, પણ ઉંદર ફૂંકી ફૂંકી કરડે એ વખતે પીડા નથી જણાતી એટલે કરડ્યો લાગતું નથી. પણ ફૂંકી રહ્યા પછી જાગતાં કે લ્હાય ઉઠતાં ખબર પડે છે કે હાય ! ઉંદર કરડ્યો. તેમ, **રાગ, હર્ષ કે રતિના ઘરની આધિ આત્માને વળગી, ડંખ મારે, પણ તરત લ્હાય લાગતી નથી એટલે ખબર નથી પડતી કે આ કરડી; કેમકે ફૂંકીને કરડવાનું છે. પણ રાગનો કાળ પૂરો થાય ત્યારે ખબર પડે છે.**

રાગનો કાળ પૂરો થાય એટલે ? કર્મની એક થપાટ પડે, કાં તો ઝૂંટવી લે,



કાં તો પરવશ કરે, ત્યારે ખબર પડે ! પછી વિચાર કરે કે- 'હું તો મનોરથ કરતો હતો પણ કંગાલ કંગાલ થયો મેં ધાર્યું હતું બહુ સારો લાભ થશે, સારો પરિગ્રહ સાંપડશે, પણ અહીં તો સરટેક્સ, સુપરટેક્સ, આ ટેક્સ, ને તે ટેક્સ લાગુ થઈ ગયા, મને શી ખબર કે આવા ટેક્સ પડશે, નહિ તો આવી મહેનત કોણ કરે ?' પરિગ્રહ પર રાગ ન હોત, આધિને ડંખવા દીધી ન હોત તો પીડા ન હોત. ઉંદર ફૂંકે છે ત્યારે ડંખની પીડાની ખબર પડતી નથી, ફૂંક પૂરી થાય ત્યારે લ્હાય ઉઠે છે, 'અરેરે ! મેં તો આમ ધાર્યું હતું અને આમ થયું !' એમ કહી હવે પોતાની જાતને ગમાર કહે છે.

દીકરો નહોતો ત્યાં સુધી, 'પુત્ર કેમ થાય, ક્યારે થાય, આવો થાય, તેવો થાય' વગેરે મનોરથ કરે છે ! દીકરો મળ્યો, ખરાબ પાક્યો એટલે મારે છે બૂમ કે- 'હાય ! આવો પાક્યો ?' રાગનો કાળ પૂરો થયા પછી, પીડા થયે ચાદર ઓઢીને રુએ છે ! આ બધી છે રાગની આધિ.

**સંસારમાં કેઈ બાબતોની આધિ :-**

બરાબર તપાસજો. રાગનો, ખુશીનો, અને આનંદ-મંગળનો ઠંડકવાળો ડંખ જો લીધો, તો ઉંદરના ફૂંકવાળા ડંખની જેમ એ પૂરો થયે સંતાપ, ચિંતા, વગેરેની બળતરા ઊભી કરતો દેખાશે. પછી કોકને પુણ્યનું જોર વધારે હશે તો અનુકૂળતા વધારે ટકવાના હિસાબે રાગનો કાળ લાંબો ચાલશે. પણ એનો અંત તો આવવાનો, આવવાનો, ને આવવાનો જ છે. ખરું જોતાં એના વચલા કાળમાં ય ઝોલા તો આવે જ છે. છોકરો સારો આવી મળ્યો છે છતાં એને બિમારી આવી, એ વેપારાદિમાં ભૂલ્યો-ભાલ્યો, એ આઘે-પાછો થયો, એને કોઈએ કનડ્યો ઉતારી પાડ્યો, વગેરે વગેરે કેઈ બાબતો એવી ઊભી થાય છે કે **એમાં રાગી માબાપના હૃદય વલોવાઈ જાય છે ! આધિના જ્વાલ ચઢે છે ! હાલતાં ને ચાલતાં ચિંતા, વિમાસણ, ને વિકલ્પો, હૈયાને સંતાપ્યા કરે છે !** અને આ કાંઈ એક જ બાબતમાં છે ? **સાંસારિક જીવનમાં એવી ઢગલાબંધ બાબતો છે કે જે આધિની આતશ સદા અણબુઝી રાખે છે. કહો કે સંસાર એટલે આધિની અગ્નિ ભઠ્ઠી.**

**કેઈ લાગણીઓ પાછળ આધિ :-**

આધિ પાછી એક પ્રકારની નથી. **આત્માની કેઈ લાગણીઓ આધિથી પરિવરેલી બને છે.** રાગની આધિ જુદી, તેમ દ્વેષની આધિ જુદી. પેલી તો હજી સંતાપ તરીકે વરતાતી નથી, પણ આ દ્વેષની આધિ તો સહેલાઈથી વરતાય છે. **અણગમતી વસ્તુ પર અરુચિ ઉઠી એટલી વાર, એની પાછળ આધિ ઉઠી જ છે !** એમ ઈર્ષ્યાની પાછળ આધિ ! કોઈના પર દ્વેષ થયો તો ત્યાં જાગી આધિ ! આધિ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સમજો છો ને ? માનસિક ખોટી ગડમથલ. એક દ્વેષ કે ઈર્ષ્યા જાગી, કે તરત એના વિકલ્પો હાયવોય, કુવિચારોની હારમાળા, અને માનસિક યોજનાઓ વગેરે વગેરે કેઈ પાપી ગડમથલ ચાલે છે ! આ બધી આધિ છે. એમ ગર્વની પાછળ, દંભની પાછળ, નિંદાની પાછળ, તૃષ્ણાની પાછળ, મમતાની, વગેરે વગેરે આંતર દુશ્મનોની પાછળ, **દુનિયાની એકેક ચીજ પાછળ આધિના ઝુંડ ઊભરાય છે.**

**આવી આધિનું જોર હોય ત્યાં સુધી જીવને શાંતિ શી રીતે મળે ? હૈયે તોષ અને ઠંડક ક્યાંથી હોય ?** ત્યારે એ વિના સુખ શું ? સુખ કાંઈ બહારની વસ્તુનો ધર્મ થોડો જ છે ? **સુખ એ તો આપણા અંતરમાં અનુભવવાની વસ્તુ છે.** બાહ્ય જોતાં તો મમ્મણ પાસે અઢળક ધન હતું. પરંતુ એને સુખનો અનુભવ ક્યાં હતો ? કેમ નહિ વારૂ ? કહો, રાત ને દી' આધિથી પીડાતો હતો માટે. ત્યારે પુણિયા શ્રાવક પાસે બાહ્યથી ધન કાંઈ નહિ, છતાં આધિની પીડા નહોતી તો સુખશાંતિમાં ઝીલવાનું અખંડ ચાલુ હતું. પણ જીવનો અનાદિકાળનો આ અભ્યાસ છે કે આધિને છોડવી નહિ. વળવાનું કાંઈ નહિ છતાં આધિની પીડા વહોર્યે જવી એ કેટલું કંગાલિયતભર્યું ?

**વિના વ્યાધિએ વ્યાધિની પીડાવાળું વાતાવરણ :-** બીજો તાપ વ્યાધિની પીડાનો છે. એ તો અનુભવની વસ્તુ છે. મનુષ્યને સારામાં સારી રીતે સંપત્તિ, પરિવાર, આબરૂ વગેરે આવી મળ્યા હોય, 'શેઠ સાહેબ !' ના સન્માન મળતા હોય, ભારે ખુશીમાં બેઠો હોય, અનેક જાતિના જગતના કે ધર્મના કામો કરી રહ્યો હોય, ત્યાં એકાએક માથામાં જોરદાર પીડા થઈ આવે, શરીરમાં બેચેની થઈ જાય, એટલે ઝટ **ખુશીની ભરતીમાં ઓટ આવવા લાગે છે,** એ વખતે બીજું બધું ભૂલી જાય છે. એને ચેન ન પડે, દોડાદોડ કરી વૈદ્ય કે ડૉક્ટરને બોલાવે, કહે, **'હમણાંને હમણાં મટે તેવું ઔષધ (દવા) જોઈએ.'** વ્યાધિની પીડામાં આકુલ-વ્યાકુલ થઈ જાય છે. કંઈક તો બિચારા પૂર્વનો એવો પાપનો ઉદય લઈને આવ્યા હોય છે કે જિંદગી સુધી વ્યાધિથી તપ્યા કરે ! તેમાં ય આજના કાળમાં પોતે જ એવી કોઈ સામગ્રી ઊભી કરી છે, એવું વાતાવરણ સર્જ્યું છે, કે વ્યાધિ ન હોય તોયે વ્યાધિની પીડા અનુભવ્યા કરે ! મન વલખાં મારે છે કે 'શરીર દુબલું દેખાય છે, 'હોં ! સારો રસાયણ-વિદ્યા જાણનાર વૈદ્ય છે કે નહિ ?' વૈદ્યને જઈને પૂછશે, "વૈદ્ય ! જુઓ તો ખરા, રાત્રે ઊંઘ નથી આવતી ! 'ઊંઘ નથી આવતી ? કેમ ?' 'તે અમને શી ખબર, જુઓ તમે.' વૈદ્ય પૂછે છે, 'તમે ક્યારે સુઓ છો અને ક્યારે ઉઠો છો ?' આ કહે, 'સુઉં છું તો દશ વાગે, ઉઠું છું છ વાગે પણ વચ્ચે આંખ ખૂલી જાય છે.' પણ **સુતી વખતે ભેજામાં કેઈક વિચારોની ગડમથલનું ભુંસું ભરીને સુતો હોય, એટલે અધવચ્ચે**



**આંખ ન ખૂલી જાય તો બીજું થાયે શું ?** પણ આજ કાલનો વૈદ્ય કે ડૉક્ટર ઘરાક જોઈને મલકાય, મનમાં વિચારે, 'ખમતી આસામી છે, હાથે કરીને પૈસા ખુવાર કરવા આવ્યો છે, ભલે આવ્યો. વળી 'ના' કહીશ તો મને અબુઝ માનીને બીજા વૈદ્ય-ડૉક્ટરને પકડશે. ત્યારે આપણે તો ધંધો માંડી બેઠા છીએ. ધંધો ન ચલાવીએ તો ઘર કેમ નભે ?'... પછી એને કહેશે, 'જુઓ, તમને એનીમીયા છે, આ દવા ખાઓ, આ રીતે ખાઓ,...' વગેરે વગેરે ચાલ્યું, બસ આ રીતે વ્યાધિનો તાપ હાથે કરીને ઊભો કરે છે.

**વ્યાધિના તાપની કરુણ કથની :-**

આજના કાળે વ્યાધિઓ કેટલા પ્રકારની ? એમ તો પ્રાચીન ચરક-સુશ્રુત જેવા વૈદકના ગ્રન્થો કેટલીય પ્રકારની વાતની વ્યાધિઓ, કેટલીય જાતની પિત્તની વ્યાધિઓ અને કેટલીય ભાતની કફની વ્યાધિઓ બતાવે છે; પરંતુ તે કાળે વૈદો અને વૈદોને ત્યાં જનારાઓ બહુ ઓછી સંખ્યામાં દેખાતા. એ સૂચવે છે કે વ્યાધિઓ બહુ ઓછા પ્રમાણમાં રહેતી. જ્યારે **આજે ડૉક્ટરોની અને એને ત્યાં જનારા દરદીઓની સંખ્યા ભારે મોટી દેખાય છે, એટલે વિચારવાનું છે કે આજના કાળે વ્યાધિઓના ઉપદ્રવ કેટલા ?** એમાં આજની જીવન પદ્ધતિ એવી બનાવી દીધી છે કે વ્યાધિને વહેલું તેડું મળે. એના પરિણામે દવા લેવા દોડે. એ દવાઓ પાછી એવી કે એક વ્યાધિ શાંત કરે ત્યાં બીજી વ્યાધિએ થોડા વખત પછી દેખાવ દીધો જ છે ! દા.ત. પેટમાં મળ છે, અને સાથે મેલેરિયા કે ઈન્ફ્લ્યુએન્ઝા છે, ક્વીનાઈનથી મેલેરીઆ દાબ્યો, અથવા બીજી દવા ઈંજેક્શનથી ઈન્ફલુએન્ઝા દાબ્યો, એટલે મળને જે તાવ પકવનારો હતો, તે તાવ દૂર થયાથી પછી કેટલાય દિવસો કે મહિના સુધી મોં કડવું, અંગસુસ્ત, વગેરે વ્યાધિઓ પીડ્યા જ કરે છે ! **વ્યાધિઓના આ તોફાનમાં જીવને શાંતિ અને સુખના અનુભવ કેવા !** ચાલાક ડૉક્ટરો વળી વાતવાતમાં પૂછી લે છે, 'કેમ ધંધો શો કરો છો ?' દરદી ભલેને મોતી પરોવતો હોય પણ પોતાની ઠાંસ બતાવવા કહેશે 'ઝવેરાતનો ધંધો ચાલે છે,' એટલે ડૉક્ટર વિચારે છે કે હવે વાંધો નહિ પછી સાચવીને કહેશે, 'જુઓ આ તમને જે છાતીમાં દુઃખે છે, તેનાથી જરા સાવચેત રહેવાનું છે. તમારું સ્ક્રીનીંગ કરવું પડશે, બ્લડટેસ્ટ, કફટેસ્ટ, યુરીન ટેસ્ટ... બધી તપાસ આપણે કરી લઈએ. જરાય ચિંતા કરશો નહિ, સારું થઈ જશે...' બસ દરદીને ઉતાર્યો વહેમમાં, અને નાણાં કોથળી સાવધાન કરવામાં ! દરેક તપાસનાં જુદાં બીલ, ઉપર ઈંજેક્શનો, પેટંટ દવાઓ,... ખાસું રૂપિયા ૩૦-૪૦ નું આંધણ ! અને દરદી પાછો સંતોષ માને છે કે- 'સારું થયું બધી તપાસ થઈ ગઈ. ડૉક્ટર બહુ લાગણીવાળો.' **વ્યાધિઓના તાપની પણ કરુણ કથની છે.**

કેટલાય પૈસા, કામો વગેરે બગાડે છે.

**ઉપાધિ એટલે આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ :-**

આધિ-વ્યાધિ-ઉપાધિના તાપનું પૂછશો નહિ ! હવે ઉપાધિ-ઉપ એટલે પાસે, પાડોશમાં, અને 'આધિ' એટલે સંકલ્પ-વિકલ્પ, સંતાપ, અજંપો વગેરે. આધિ પાછી આવી ! આધિની સમીપ લાવે તે ઉપાધિ. જેની પડોશમાં આધિ રહે તે ઉપાધિ. કોણ એ ? પૈસા-ટકા, માલમિલકત, સ્ત્રી, પુત્ર, દુકાન પેઢી, માન-સન્માન વગેરે ઘણું ઘણું, યાવત્ કાયા સુદ્ધાં, એ ઉપાધિ. એકલો પડ્યો રહે તો, શાંતિમાં હતો, **લગ્ન કર્યાં એટલે આધિની પડોશમાં રહેવા આવ્યો;** માટે લગ્ન એ ઉપાધિ. પુત્રની ઝંખના કરી, નહોતો તે પુણ્યે મળ્યો, એટલે હવે આ આધિની પડોશમાં રહેવા ગયો ! વિચારો કે શું જોઈને આ મૂર્ખ આત્મા, આધિ-વ્યાધિ-ઉપાધિના એમ ત્રિવિધ તાપવાળા સંસારમાં ઠરી ઠામ બેસી શકતો હશે ! ત્રણે કાળમાં આત્માને આ ત્રિવિધ તાપો સતાવી રહ્યા છે. ત્રણે કાળ એટલે ગત ભવ, આ (વર્તમાન) ભવ, અને આવતો ભવ. ત્રણે કાળ એટલે કાર્યના બનવા પહેલાંનો કાળ, કાર્ય બનતી વખતનો કાળ, અને કાર્ય પછીનો કાળ. ત્રણે કાળમાં આત્મા આધિ-વ્યાધિ-ઉપાધિના તાપે તપ્યા કર્યો છે. આ રીતે તપ્યો તપ્યો છતાં માને છે, 'થાય છે ! દેવભક્તિ, જ્ઞાનધ્યાન, વ્રત-પચ્ચખ્ખાણ વગેરે કરવાની શી ઉતાવળ છે ?' ધર્મમાં આ વિચાર ! અને જેમાં આત્મા સારી રીતે સળગે તેમાં પાવરધો બનવાનું ! આધિ-વ્યાધિ-ઉપાધિના કામ જલદી કરવાના ! કેવી કમનસીબી હાથે કરીને તાણી લાવવાની ! **હા ! જે બિચારા વીતરાગનું શાસન પામ્યા ન હોય તે તો તેમ કરે, પણ શ્રી વીતરાગ પરમાત્માનું શાસન પામ્યા પછી આ કંગાલિયતતા રહે, મૂઢપણું થાય, એ ભવિષ્યની મહાન દુર્દશા સૂચવે છે.**

**ઉપાધિ એનું નામ કે જેને પામવાથી આધિ મોંઘી હતી તે સસ્તી થઈ.**

**ઉપાધિ એ આધિને તેડાવવાની કંકોત્રી છે.**

**આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ ઉપાધિ છે.**

**ઉપાધિ એટલે જીવને પરમાત્માથી દૂર પાડનારો અને પરાયામાં પલોટી નાખનારો વળગાડ !**

**મોટરવાળાને શી ચિંતા ? :-**

શ્રીમંતને મોટરમાં જોઈને કદાચ મનમાં થાય, 'આપણે તો ટાંટીઆ ઘસીને આવવું પડે છે, આ તો આવ્યા મોટરમાં, છે કાંઈ ચિંતા ?' પણ એ વિચાર્યું ખરું કે મોટર એ ઉપાધિ છે, ત્યાં આધિ (ચિંતા) ન હોય ? કહ્યું ને, **આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ ઉપાધિ છે ?** હૈયાનો ફોટો લેવાતો નથી એટલે એમ ખબર ન



પડે, પણ એમને પૂછ્યે ખબર પડે કે, એમને ચિંતા છે કે નહિ, અથવા કેટલી ચિંતા છે. પૂછો કે- 'શેઠ ! તમારે મોટર એટલે છે કાંઈ ચિંતા ? આ તરત આવ્યા ! અમારે તો ટાંટીઆ ઘસીને આવવાનું. પેલો શેઠ જો ઠાંશમાં રહે તો એ વાત જૂદી, બાકી સરલ હોય તો કહે, 'મારી ચિંતાની ક્યાં માંડે છે ? **ભલા ભાઈ ! તારે તો આ ટાંટીઆ ઘસીને આવવું એટલી જ ચિંતા પણ મારે તો મોટર પાછળ ઢગલો ચિંતા ! મારી ચિંતા કેટલી કહું ?'** કહેવામાં આવે કે 'કહો તો ખરા !' તો એ સંભળાવે છે, 'શોફરની પરાધીનતા ભારે. સાંજે મને ઘેર મૂકીને ગયો, પછી કદાચ કામ પડ્યું કાંક જવાનું, ચાલવાની ટેવ નથી, અગર પોઝીશનમાં ખામી પડે છે તેથી ચાલતા જવાય નહિ; ને શોફર ઝટ આવે નહિ. અવસરે એ કહીય દે 'શેઠ ! ન બની શકે' પાછી એકલા એની જ પરાધીનતા છે ? ના, પેટ્રોલ ખૂટ્યું, લેવા ગયા, કહી દે છે, 'નહિ મળે ! કંટ્રોલ છે.' મઝિઆરું કુટુંબ એટલે મોટરમાં જરા વધારે દેખે કે આંખ કરે છે, 'બસ ! ભાઈને માટે જ મોટર છે, અમારો તો હિસાબ જ નહિ !' મારી ચિંતાનું પૂછે છે ? આ મોટર દેખીને લોક દાઢમાં ઘાલે છે. એક પછી એક માગનારા આવીને ઊભા રહે છે. બસ લાવો જ લાવો. 'શેઠ ! આમાં આપવા પડશે, આટલા તો દેવા જ પડશે. અમારું આટલું કામ તમે નહિ કરો તો કોણ કરી આપશે ?' હવાલદારો, અમલદારો વગેરે કેઈનાં ખીસાં ભરવાનાં ! અરે ! એક નવા વર્ષની બોણીઓ દેતાં ડૂચો નીકળે છે ! શું પૂછે છે મને ચિંતા નહિ ? મહોબતવાળો આવ્યો, કહે, 'શેઠ ! એક કામ છે, જરા મોટર જોઈએ.' આ સાંભળીને પેટમાં દિવેલ રેડાય છે ! **ઉપાધિ ઘરમાં વસી એટલે આધિ-ડાકણ જેવી પાડોશણની સાથે રહેવું.** પેલાને ના તો કહેવાય નહિ કેમકે મહોબત રહી, એટલે હવે કેમ ઊઠાં ભણાવવા એ એને દૂરથી દેખતાં જ ગોઠવી રાખીએ, પછી એ માગણી કરે એટલે ઊઠાં ભણાવીએ, 'લઈ જાઓ ને ! પણ જુઓને શોફર હરામી છે. પેટ્રોલ ભરાવવાનું છે...' એવાના પગનો પડછાયો દેખાય ત્યારથી ઊઠાં ભણાવવાના વિચાર આવે છે ! પાછા સારું લગાડીએ, આપણે તો મહોબત છે, એટલે એકબીજાની વસ્તુ એકબીજાને કેમ કામ ન આવે ? એમ સમજો ને આપણી મોટર એ તમારી જ છે, પણ હરામી શોફર આવશે જ નહિ..."કહો જો, આવું આવું બને છે ને ? તો ઉપાધિવાળાને કેટલી આધિ ? કેટલી પીડા ? વિચારી જુઓ કે બાલપણાથી **જેમ જેમ ઉપાધિ વધી, તેમ તેમ આધિ-માનસિક ચિંતાઓ, કલેશ વગેરે-વધ્યું છે કે નહિ ?**

**ઉપાધિમાં સ્વતંત્ર ખરાબી શી ? :-**

**પ્ર.**- ઉપાધિ જો આધિને લાવનાર છે માટે પીડારૂપ છે તો તો પછી તાપ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

આધિનો રહ્યો; ઉપાધિનો જુદો તાપ ક્યાં રહ્યો ? તેથી તાપ બે જ જાતના કહો, આધિ અને વ્યાધિના.

ઉ.- એટલે એમ કહેવરાવીને તમારે આધિ ન રાખ્યાનો ડોળ કરીને ઉપાધિના થોક વધારવા છે, એમ ને ? પણ જો જો હોં, **ઉપાધિના સ્વતંત્ર તાપ પણ ઓછા નથી.** જુઓને, પહેલી તો આ કાયા જ ઉપાધિ કેટકેટલી વેઠ કરાવે છે ? એને ખવરાવો-પીવરાવો, નવરાવો-ધોવરાવો, અપમાનથી બચાવો, અકસ્માતથી બચાવો, રોગથી બચાવો, રોગ આવે તો દવા પથ્ય વગેરે કેઈ માવજત કરો...બોલો કેટલું કેટલું ?

**સાધુને ઉપાધિની પીડા કેમ નહિ ? :-**

પ્ર.- પણ એ તો મુનિ મહારાજને ય કરવું પડે છે ને ?

ઉ.- કરવું પડે છે પણ કેવી રીતે અને શા માટે ? એ વિચારો. **સાધુ તો મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપે લેશ પણ હિંસા ન થાય એ રીતે સર્વથા અહિંસા પાળવા પૂર્વક કાયાને ધારી રાખે છે, અને તે પણ એની સેવા કે સ્વાગત માટે નહિ. કિન્તુ કેવળ મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગી બનાવવા માટે.** આ ઉપરથી સમજી શકશો કે બંને વચ્ચે કેટલો મોટો તફાવત છે. **સાધુની દેહચર્યાની રીત નિષ્પાપ છે, અને દેહચર્યા પાળવાનો ઉદ્દેશ દેહ દ્વારા એકલી પવિત્ર દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધનાનો છે,** તેમજ ચોવીસે ય કલાક દેહ પાસેથી એ કામ લે છે. ત્યારે ગૃહસ્થને તો દેહપાલનની રીત પણ ષટ્કાય સમારંભ અને રાગ-દ્વેષાદિ પાપોથી લચબચ હોય છે. એવા દેહથી કદાચ ધર્મ કરે તો ય તે કેટલો ? સાધુજીવનની અપેક્ષાએ અતિ અલ્પ, બાકી સત્તર પાપસ્થાનકનાં સેવન ભારોભાર ! માટે જ એ કાયા ભારે ઉપાધિ ! અને તે અનેકાનેક વેઠના તાપ દેનારી !

**પૈસા પાછળ પીડા :-**

હવે આગળ વધો બીજા નંબરમાં પૈસા એ ઉપાધિ. કહો જો એને લાવવા, સાચવવા, વધારવા, ખરચવા, રોકવા વગેરે ક્રિયાઓમાં કેટલો શ્રમ, કેટલી તકલીફ, અને કેટલો ત્રાસ અનુભવો છો ? એ તાપ નથી તો શું છે ? એમ, ઘર, રાચરચીલું, સરંજામ, વાસણ, ફર્નીચર વગેરે વેઠ કરાવે છે કે નહિ ? કહોને **એકેકી ચીજ પાછળ કેઈ જાતની મહેનત લેવી પડે છે, કષ્ટ ઉઠાવવા પડે છે.** ત્યારે પરિવાર માટે શી શી તકલીફ, ત્રાસ, નથી ઉઠાવવા પડતા ?

**પ્ર.- પણ આ બધું ન કરીએ તો જીવન કેમ ચાલે ?**

ઉ.- તો એટલું તો નક્કી ને કે જીવન જે જાતનું જીવો છો એમાં આ બધા



તાપ સહવા પડે છે ? માટે જ કહો કે તાપ દેનારી એ બધી વસ્તુ ઉપાધિ છે. અને તમે કહો છો 'જીવન ચલાવવા માટે;' પણ એ તો કહો કે **બીજી જાતનું કોઈ જીવન જગતમાં છે કે નહિ કે જ્યાં આ ઉપાધિઓથી સંતાપ્યા રહેવું ન પડે.**

**પ્ર.**- જીવન તો છે, સાધુજીવન. પણ હમણાં એ બને એવું નથી, પછી શું થાય ?

ઉ.- બરાબર. તો હવે તમારું ચાલુ જીવન જીવતાં એમ તો થયા કરવું જોઈએ ને કે,

**ગૃહસ્થની શુભ ભાવના :-**

**'જીવને આ આધિ-ઉપાધિઓના યંત્રમાં પીસનારું જીવન તુચ્છ છે ! વેઠ છે ! માનવપણાના પુણ્યને નિષ્ફળ કરનારું છે ! જીવન તો સાધુપણાનું ! ક્યારે એ ધન્ય દિવસ સાંપડે કે જ્યારે હું ઉપાધિમુક્ત એવું પવિત્ર જીવન પામું ! ન પામું ત્યાં સુધી અહીંનું જીવન એવું જીવું કે એ સાધુજીવન પામવાની નિકટ પહોંચાડે.** એનો સીધો ઉપાય આ કે **ચાલુ જીવનમાંથી બને તેટલી ઉપાધિ ઓછી કરતો ચાલુ. જે ઉપાધિ છૂટે એવી ન હોય ત્યાં પણ એના તાપ ઓછા થાય એવો રસ્તો કાઢું !...''** આવું આવું શ્રાવક નહિ વિચારે તો બીજો કોણ વિચારશે ?

**જેને વીતરાગ ભગવાન સર્વ ઉપાધિથી રહિત છે માટે વહાલા છે, એણે તો ઉપાધિને કમમાં કમ અળખામણી તો કરવી જ પડશે.**

**સંસાર બધો ઉપાધિ ઉપર જ નભ્યો આવ્યો છે.**

**ઉપાધિ ઉપર જ આધિ અને વ્યાધિના તાપ છે.**

**આમાંથી છૂટવા ઈચ્છનારો ઉપાધિમાં શા હરખ અનુભવે ? શા ગર્વ લે ?**

**કુલટા નારીના પતિ હોવાનો ગર્વ ધરવા જેવો ઉપાધિની માલિકીનો ગર્વ છે.**

**ઉપાધિના નગ્ન સ્વરૂપને સમજનારો સારા પૈસા-પરિવાર કે સારી કાયા-કીર્તિ મળવા ઉપર ન ગર્વ કરે કે ન હરખાઈ જાય.** એ તો સમજે કે **'આ બધી ઉપાધિ છે, તાપની ભઠ્ઠી છે, જીવને પરમાત્માથી છેટે રાખનારી છે. એમાં આત્માની સમૃદ્ધિનું લિલામ છે.'**

આપણી વાત આ ચાલે છે કે **આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ મિટાવવા કોઈ સમર્થ હોય તો તે ભગવાન જિનેશ્વરદેવોએ ઉપદેશેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયી છે.** એની વિચારણા કરવા માટે પહેલાં એ વિચારીએ છીએ કે આધિ-વ્યાધિ-ઉપાધિ જીવને કેવા કેવા તાપ આપે છે, ને સંસાર આનાથી કેવો ભર્યોભર્યો છે. આધિ-ઉપાધિને જો સુખરૂપ નહિ પણ તાપરૂપ સમજો, તો તો પછી આગળનું કામ સરળ બને એવું છે. આગળનું એટલે સમજ્યા ને ? દર્શન-જ્ઞાન ચારિત્રને

જીવનમાં મહેકાવવાનું. માટે પહેલું આ કરો કે દૃષ્ટિ **નિર્મળ થઈ આધિ-વ્યાધિ-ઉપાધિને હિમ નહિ, ભટ્ઠી દેખે.** સારી માનેલી ઉપાધિ કેવી સંતાપે છે એના પર શાસ્ત્રનું એક દૃષ્ટાન્ત જુઓ.

**ચંદ્ર અને મંત્રીનું દૃષ્ટાન્ત :-**

એક નગરમાં ચંદ્ર નામનો એક શ્રેષ્ઠિપુત્ર રહેતો હતો. એના પિતા પાસે ધન તો ઘણું હતું પણ ભાઈને પરદેશ જઈ આપ કમાઈ કરવાના કોડ જાગ્યા ! માતાપિતાને કહે છે,

'મારે પરદેશ વેપાર કરવા જવું છે.'

પિતા કહે છે, 'શા સારુ ? અહીં આપણી દુકાન ચાલે છે તેમાં ખુશીથી વેપાર કર.'

પેલો કહે, 'ના, એમાં મારો પુરુષાર્થ શો ? મારે તો આપકમાઈ કરવી છે. **સાત્ત્વિક માણસો બાપ-કમાઈ પર નથી જીવતા.** હવે હું મોટો થયો છું માટે આપકમાઈ કરી ધન લાવીશ.'

પિતા કહે, 'તો તું અહીં જ જુદી દુકાન અને જુદો વેપાર કર.'

'ના, અહીં ગામમાં ને ગામમાં શી બહાદુરી ? હું તો પરદેશ જઈ વેપાર કરીશ.'

માતાપિતાએ ઘણું સમજાવ્યો, પરંતુ એ એકનો બે ન થયો. પરદેશમાં જોખમ, સ્વજનોનો વિયોગ, ધર્મસાધનામાં અંતરાય, વગેરે વગેરે ઘણું સમજાવ્યું પણ મનમાં પરદેશનો ચડસ જાગ્યા પછી એના પર વિચાર જ કોણ કરે છે ?

માતાપિતાએ એ પણ કહ્યું કે- 'ભાઈ ! તને ઉછેરી મોટો કર્યો તે અમારી આંખ આગળ તને સુખી જોવા. તું જાય, પછી અમારે તો ઝુરવાનું ને ? અને આપણને જરૂર કરતાં વધુ મળ્યું છે. આ બધું તારું જ છે. હવે ઉપર ઢેર કરીને શું કરવું છે ? **જીવન જીવવામાં એનો શો ઉપયોગ ? સંતોષ અને ધર્મસાધના એજ માનવ જીવનના અલંકાર છે, એ જ સાચી સમૃદ્ધિ છે.** માટે સંતોષ રાખી પરદેશનો વિચાર છોડી દે.





## ૩૧ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**ચડસ અને મમતનાં તોફાન :-**

**ચડસ અને મમત 'હિતની ગમે તેટલી જોરદાર શિખામણ પણ સાંભળવા દેતા નથી.** એક વસ્તુનો **ચડસ જાગ્યો અને આગ્રહ પકડ્યો એટલે સમજો કે એક ગ્રહ વળગ્યો !** સુજ્ઞ માણસે તો એ ઊભા થાય ત્યાં ચેતી જવા જેવું છે; નહિતર સમજી લેવું કે કોઈ મહાન આપત્તિને નોંતરી રહ્યા છીએ. **ચડસ અને મમત પાછળ તો ઘોર આપત્તિઓ ઊભી થઈ છે.**

રાવણ સીતાને પત્ની બનાવવાના ચડસમાં ચઢ્યો તો ધર્મીને ન છાજે, એવું પરસ્ત્રી હરણનું પાપ કરનારો બન્યો. છતાં સીતા તો માની જ નહીં તો ય રાવણ એને કબજામાં રાખવાની મમત મૂકતો નથી ! યાવત્ રામ-લક્ષ્મણ સાથેના યુદ્ધમાં અનેકવાર નાસીપાસ થવા છતાં મોટી વિદ્યા સિદ્ધ કરીને જ્યારે સીતાને કહે છે કે 'બોલ, હવે માને છે કે નહિ ? નહિતર તારા રામ-લક્ષ્ણ બધાનો વિનાશ કરી નાખીશ;' ત્યારે પણ સીતા મક્કમતાથી ના પાડે છે; કહે છે, **'રાવણ ! સમજી લેજે કે, તું ગમે તે કરે પણ મને તું સ્પર્શવા પામે એ પહેલાં મારું મડદું દેખી લેજે.'**

કહો હવે તો એને પકડી રાખવાનો મમત મૂકી દેવો જોઈએ કે નહિ ? પણ ના, **મમત એટલે તો દુનિયાના ભયંકર ગ્રહ કરતાં ય મહાભયંકર ગ્રહ ! તે કેમ છૂટે !** રાવણને એટલું થયું કે આ સીતાથી મારું ઈષ્ટ તો સિદ્ધ નહિ થાય, માટે એને રાખવી વ્યર્થ છે. છતાં એમ તો ન જવા દઉં રામ-લક્ષ્મણને હરાવીને અહીં પકડી લાવું; દરબાર ભરી વચમાં એ બેને તુચ્છકારી પછી એક દયા-દાન કરવા રૂપે સીતાને સોંપું.'

શું થયું આ ? સીતાને રાણી બનાવવાનો ચડસ તો ઉતર્યો, કેમકે ચાલે એવું નથી; પણ એને સીધે સીધી જવા દેવા તૈયાર નથી. મમત-કદાગ્રહ થયો કે એમ કાયરની જેમ, હારેલાની જેમ ન જ જવા દઉં. આ મમતમાં લડ્યો ને લક્ષ્મણના હાથે મર્યો !

**ચડસ અને મમતે એને શું પરખાવ્યું ? મહાન સામ્રાજ્ય મહાસમૃદ્ધિ-વૈભવ-વિલાસ, યાવત્ મહામૂલો માનવભવ બધું સાફ ! અને નરકનું પ્રયાણ !** આજ ને ? એના સગા ભાઈ બિભીષણે એને સોનેરી શિખામણ આપી હતી, પણ ચડસ-મમત આગળ શું કરે એ ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**જમાલી** પણ મમતમાં ભીંત ભૂલ્યો. પ્રભુ મહાવીરદેવનો વિરોધ કર્યો, પ્રભુને ખોટુ કહેનારા માન્યા. સમ્યક્ત્વ ગુમાવ્યું ! ઉત્સૂત્રભાષી થઈ દીર્ઘ સંસારી થયો ! શાના ઉપર આ બધું ? મમત ઉપર. 'મને જે લાગે છે, જે નજરે દેખાય છે, તે ખોટું શાનું હોય ? બસ ! એજ સાચું.'- એવા **મમત ઉપર કેટલું ય બીજું સારું ગુમાવવાનું થાય છે.**

**ચડસ અને મમતનું સ્વરૂપ :-**

ઓળખી લેજો ચડસ અને મમતને. **ચડસમાં તીવ્ર લાલસા અને લંપટપણું છે, મમતમાં તીવ્ર પકડ અને દુરાગ્રહ છે.**

**સુભૂમ ચક્રવર્તીને ચડસ** લાગ્યો કે 'છ ખંડ નહિ, બાર ખંડનો ચક્રવર્તી થાઉં.' અને એણે લવણ સમુદ્ર ઉપર વિમાન લઈને ધાતકી ખંડમાં જવાનું કર્યું. **બ્રહ્મદત્તને મમત** જાગ્યો, 'દુનિયાના એક પણ બ્રાહ્મણને ન છોડું, બધાની આંખો ફોડાવી નાખું ત્યારે જપું;' બંને ય મરીને સાતમી નરકમાં સીધાવ્યા !

**ચડસ કેઈ જાતના હોય છે.** જુગારનો ચડસ, સટ્ટાથી લાખો કમાઈ લેવાનો ચડસ, પરદારા ભોગનો ચડસ, સારું સારું ખાવાનો ચડસ, બધે રોફ જ બતાવવાનો ચડસ, સત્તા ભોગવવાનો ચડસ,....કેઈ જાતના ચડસ હોય છે. અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- તો પછી કોઈને ક્ષમા જ રાખવાની ટેવ હોય પરોપકારની જ તમન્ના હોય, અહિંસા-સત્યની જ ધગશ હોય, તો શું એ ચડસ ન કહેવાય ?

ઉ.- ના, એ તો તીવ્ર શુભ અભિલાષા છે, સારી અત્યંત રુચિ છે, અતિશય સત્પ્રેમ અને સદ્રાગ છે, ચડસ નથી. **ચડસ અને મમત તો ખોટી વસ્તુના કહેવાય, દુર્ગુણ-દુષ્કૃત્યોના કહેવાય.**

**વીર પ્રભુ** ઘોર તપ કર્યે ગયા, તે એમને તપનો શું ચડસ હોવાનું કહેવાય ? ના, તપનો અતિરાગ કહેવાય. તેમ પાપી સંગમ દેવ ભયંકર ઉપસર્ગોથી ડગાવવા ઘણું મથ્યો, છતાં પ્રભુએ ક્ષમા-સમતા ન છોડી, ને એની આગળ નમતું ન જોખ્યું, તે શું પ્રભુ મમતમાં ચઢ્યા હતા ? ના, એ તો દૃઢ પ્રતિજ્ઞ હતા, ક્ષમા-સમતાની દૃઢતાવાળા હતા.

મમત તો કષાયોના કહેવાય છે, અસત્યનો મમત અર્થાત્ દુરાગ્રહ કહેવાય. **વડિલો, હિતૈષીઓ કે, ગુરુઓની હિતશિક્ષાને અવગણી પોતાની ખોટી વાત વસ્તુ પકડી રાખે એ મમત કહેવાય.**

**ચડસ-મમતનાં ફળ :-**

**ચડસ એ અભ્યુદય-ઉન્નતિ માટે નાલાયક બનાવે છે ત્યારે મમત એ હિતશિક્ષા અને સદ્વર્તાવ માટે અયોગ્ય ઠેરવે છે.**



**ચડસમાં પુણ્યની ઘોર બરબાદી થાય છે, કેમકે એમાં આંધળિયા કરીને એકલું દુનિયાનું મેળવી લેવું છે, મેળવવામાં બાકી રાખવું નથી; ત્યારે મમતમાં ધર્મ માટેની લાયકાતનો નાશ છે.** હઠાગ્રહી, ભારે અહંકારી, એ ધર્મ માટે લાયક નથી રહેતો. ત્યારે પૂર્વનું પુણ્ય ભોગવાઈ ગયું અને નવા પુણ્યને લાવનાર ધર્મ પણ ગયો પછી કઈ દશા ?

**ખૂબી તો એ છે કે ચડસમાં કાંઈ દુનિયાભરનું ધન વગેરે મળી જતું નથી, અને મમતમાં કાંઈ દુનિયાભરની શાબાશી મળતી નથી, છતાં રાંક જીવ આ ટૂંકાશા પ્રકાશમય ભવમાં ઘોર અંધારા કરી મૂકે છે ! આ દુનિયાની નજરે પણ હલકો ઠરે છે, અને પરલોકમાં દીર્ઘકાળ પીડે એવી પાપબુદ્ધિ દૃઢ કરે છે !**

**પૂર્વવાસનાઓને પુષ્ટ ન કરાય :-**

જીવનમાં વિચારી જો જો કે ક્યાં ક્યાં ચડસમાં ચઢવાનું થાય છે, ને ક્યાં ક્યાં મમતમાં પડવાનું થાય છે, નાની પણ વસ્તુનો ચડસ ખોટો; એમાંથી ય કંઈ ને કંઈ અનર્થ ઊભો થાય છે; દા.ત. ઘરમાં જરા દમામથી બોલવાનો ચડસ છે. ઉપલક દૃષ્ટિએ જોતાં લાગે કે- 'એથી કુટુંબીઓ દાબમાં રહે છે,' પરંતુ ખરું જોતાં અંદરખાને એ હાર્દિક સ્નેહભર્યું આકર્ષણ નથી ધરતા હોતા; કદાચ વિરુદ્ધ વલણવાળા પણ થાય છે, તેથી બીજાની આગળ ઘસાતું ય બોલે છે. એવા બીજા ય કેઈ અનર્થો ચડસ પાછળ ઊભા થાય છે. એવું જ મમતથી એક વસ્તુની તાંત પકડી રાખવા જતાં ય નુકશાન ઊભાં થાય છે, ને પાછળથી પસ્તાવો હૈયાને શેક્યા કરે છે ! **આ જગતમાં આત્માને વિષે અનંતાનંત કાળથી ચાલી આવતી પૂર્વવાસનાઓની કારમી અસરનો ગંભીર વિચાર થાય, તો પોતાના મહાકિંમતી આત્મદ્રવ્યને બિનજરૂરી ચડસ અને મમત કરી એ કુવાસનાઓરૂપી ડાકણોને પોષવા-વધારવાનું કેમ જ કરાય ?** આમ તો હજી બીજી કેટલી ય વાસના અને વિકારો નડે છે, જે હાલ છૂટે એમ નથી, પરંતુ આવી ચડસ-મમતની વાસનાઓ તો ધારીએ તો છોડી શકીએ. તો એટલું તો કરી જ લેવું ઘટે ને ?

**સામાન્ય વસ્તુઓમાં ચડસ શા ? :-**

એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે કમમાં કમ નજીવી વાત-વસ્તુના તો ચડસ-મમત નહિ જ રાખવા; કેમકે **જેમાં બહુ માલ નથી, જેથી બહુ મોટો લાભ નથી, એના ચડસ રાખવાથી શું ?** એના મમત કર્યાથી શું વિશેષ ખાટી જવાનું ? દા.ત. રોજ એની એ કાળી ચાહ પીવાની, એની એ રોટી-દાળ ખાવાની, કે ધોઈ ધોઈને એના એ સાદા ચાર ચીંથરા ઓઢવાના, તેમ એના એ સામાન્ય મકાનમાં રહેવાનું,- એ વસ્તુ નજીવી છે. હવે એમાં બહુ ટેસનો, બહુ સફાઈનો, બહુ

શોભાનો ચડસ રાખવામાં મુશીબત એ ઊભી થાય છે કે પછી એ ચડસની પાછળ જે ચોક્સાઈ, મહેનત, ધન-સમયાદિવ્યય અને વિચારસરણી કરવામાં આવે છે, તે ધર્મસાધનાને ધક્કો પહોંચાડે છે. શાથી આ બધું ? ચડસને લીધે. જો ચડસ ન હોત તો મન મનાવી લેત કે **“આ તે શું બહુ સારું કિંમતી મળ્યું છે કે એમાં વળી પાછા ઓરતા કે ‘આવું જ જોઈએ ને તેવું જ જોઈએ ?’ ‘એ તો જેવું મળ્યું તેવું ચાલે.’** બહુ ખટપટ કરી જરાક સારું બનાવવા ગયા, પણ પછી એના પર દિવાળી કોને ? લુચ્ચી ઈન્દ્રિયોને ! ને લીધેલું હરામ કરનાર મનને ! પણ આપણા પ્રાણપ્યારા આત્માને શું ? એને તો નવાં પાપોની લોથ ઊંચકવાની ! જે ધર્મભાવનાના અખંડ સ્રોત અહીં વહેવડાવી શકાય એ ધર્મભાવનામાં નજીવી વાત-વસ્તુના મમત-ચડસ પાછળના સંકલ્પ-વિકલ્પો આવીને ભંગ પાડવાના, અંતરાય કરવાના ! વિચારવું તો એ જોઈએ છે કે **ખોટા અધિકાર શા બજાવવા ?**

વસ્તુ મળે છે આપણા પુણ્ય મુજબ જ, વધારે ઓછું નહિ. તો જે મળ્યું તેમાં બહુ માની લેવું જોઈએ. વિચારવું જોઈએ કે દુનિયામાં ઘણાને મળે છે એના કરતાં તો આ બહુ છે. તો એના સામે નજર રાખીને **જે મળ્યું તેને વધાવી લેવું, પણ ચડસ નહિ રાખવો.**

**ચડસના નુકસાન :-**

જડ અને તે પણ નજીવી વસ્તુઓના **ચડસ રાખવામાં તો હૈયું એની બહુ કિંમત આંકતું બને છે, તેથી આત્માની અને આત્મહિતની વસ્તુની કિંમત આંકતું ભૂલાય છે.** દાખલા તરીકે, છોકરો જો પોતાની પરણી લાવેલી પત્નીની બહુ કિંમત આંકતો બને છે, તો માતાની કિંમત આંકવાનુ ભૂલે છે. **સ્વાર્થના મૂલ્યાંકન કરનારાના મગજમાં પરમાર્થનું મહત્ત્વ વિચારમાં નથી આવી શકતું.** રમતિયાળ છોકરાને રમતના ચડસ હોય છે તો વિદ્યાના મહત્ત્વનો ક્યાં વિચાર જ આવે છે ? દુરાચારના ચડસવાળો પવિત્ર સદાચારી જીવનના મહામૂલ્યાંકન શું કરી શકે ? બસ, એ જ વાત અહીં છે. **દુન્યવી વાત-વસ્તુના જો ચડસ-મમત રાખો તો મન એની જ ગડમથલમાં રોકાયેલું રહેશે ! એનાં જ મહત્ત્વ વિચાર્યા કરશે ! એટલે સ્વાભાવિક છે કે આત્મા, પરમાત્મા અને આત્મહિતના વિચારોને કે એનાં મૂલ્યાંકનને મગજમાં જગા નહિ મળે, એના માટે સમય નહિ રહે !** તો પછી આવા સુંદર ભવમાંથી પશુ જીવન કરતાં વિશેષ શું મેળવી ?.

**કર્તવ્યસાદ :-**

માટે જ, **જો આ ઉજળા અવતારની સાર્થકતા કરવી હોય, તો વારે ને વારે પોતાના આત્માનું મૂલ્યાંકન કરો, પરમાત્માનું મહત્ત્વ વિચાર્યા કરો, આત્મહિતકારી**



**વસ્તુઓ, -પરમાર્થ-પરોપકાર, દયા, કૃતજ્ઞતા, દયા, વિશ્વ વાત્સલ્ય વગેરે ગુણો અને દેવ-ગુરુ-ધર્મની ઉપાસના, એની મહત્તા મનમાં લાવ્યા કરો, એની જ તીવ્ર અભિલાષા સેવ્યા કરો.**

**આધિ-ઉપાધિ ઉપર ચડસ-મમત :-**

ભૂલશો નહિ, આ ચડસ અને મમત એક પ્રકારની આધિ છે, અને એ દુન્યવી કોઈને કોઈ ઉપાધિ ઉપર ઊભા થાય છે, આધિ અને ઉપાધિના તાપ, કહો, કેવા ? માણસ કલ્પી ભલે લે કે હું વધુ સુખી થઈ રહ્યો છું પણ આધિ-ઉપાધિમાં દિલને જંપ, સ્વસ્થતા, શાન્તિ, પ્રસન્નતા ન હોય. એમાં પાછા ચડસ-મમત કરાય એટલે એ અજંપા-અશાન્તિ વધે છે. માણસ કેટલીય માનસિક કલ્પનાઓ અને ચિંતાઓ ઉપર ચડસમાં ચડે છે. એટલે મૂળ આધિ ઉપાધિ છે. તો કહો, આ દ્વિવ્યાધિ-ઉપાધિના તાપ આવી પડ્યા છે કે ઊભા કર્યા છે ? મન ઠગતું હોય, મનાવતું હોય કે ‘શું કરીએ આ બધું આવી પડ્યું છે,’ તો એવા મનને ઓળખી લેજો, અને ઠગાશો નહિ.

**આધિ પર કેટલું ગુમાવવાનું ? :-**

**શ્રેષ્ઠીપુત્ર ચન્દ્ર** પરદેશ અને તે પણ દરિયાપાર જવાનો ચડસ લઈ બેઠો, માનસિક એક આધિ જાતે ઊભી કરી, તો પછી માતા-પિતાનું ભંગાતું હૃદય જોવા તૈયાર નથી, એમની **સોનેરી શિખામણ પર પણ ધ્યાન** દેવા તૈયાર નથી. ત્યારે **ધર્મકમાઈનો જે અહીં અણમોલો અવસર** આવી મળ્યો છે એનો તો વિચાર જ શું કામ કરે ? પિતા પાસેથી ઉછીની મૂડી-માલ લઈ જવા તૈયાર થઈ ગયો. **નવી ઉપાધિ** ઊભી કરી તો જુઓ કે એ કેવા તાપમાં તપશે.

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૭,અંક-૩૭,તા.૬-૬-૧૯૫૯

## ૩૨ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**અપશુકનો અને કર્મનો સંબંધ :-**

હવે એ(શ્રેષ્ટિપુત્ર ચંદ્ર) નીકળવા માટે જ્યાં ઊભો થવા જાય છે ત્યાં પગના અંગૂઠામાં ધોતિયાની કિનાર ફસાઈ પડી. ત્યાં જ માતાપિતા કહે છે, ‘ભાઈ જો, આ અપશુકન થાય છે, માટે આ વાત રહેવા દે.’ પણ માનવું છે કોને ? આધિ અને ચડસના હઠાગ્રહ ભારે ! ચાલવા જાય છે ત્યાં બહારનો શબ્દ સંભળાયો કે ‘શું ધૂળ સારું છે ?’ જરા આગળ ચાલ્યો કે ઉમરામાં ઠેસ વાગી. પાછું ત્યાં



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સ્નેહીઓએ અપશુકન થયાનો ખ્યાલ આપ્યો. પરંતુ એની એ પરવા નથી કરતો. ઘરની બહાર નીકળતાં બિલાડી આડી ઉતરી, તો ય આગળ ચાલ્યો. સામેથી વિધવા બાઈ, રાખોડી ચોળેલો ચિપિયાવાળો બાવો, ગધેડું, વગેરે અપશુકન સામા આવતા મળ્યાં. વળાવા આવેલા સ્વજનો કહે છે,

**'ભાઈ ! આવા અપશુકનમાં જવાનું પરિણામ સારું નહિ.'**

આ કહે છે, 'અપશુકન શું કરતા હતા ? કર્મમાં લખ્યું હશે તે બન્યા વિના રહેવાનું છે ? શું અપશુકનથી ખરાબ થશે ?'

**'અપશુકનથી ખરાબ બને એમ નહિ, પણ અપશુકન ખરાબ કર્મ ઉદયમાં આવવાની આગાહી કરે છે. માટે ચેતી જવું જોઈએ.'**

'પણ આપણાં કર્મ ખરાબ હશે તો તો અહીં બેઠા પણ એનો ભાવ ભજવશે; ને ખરી વાત તો એ છે કે પુરુષાર્થ આગળ કર્મ રાંકડા છે.'

વિચારજો ચંદ્રના કુતર્ક અને ધિટ્ઠાઈ પાછળ ચડસ કેવું કામ કરી રહ્યો છે ! એ એને એટલું વિચારવા નથી દેતો કે **જીવનમાં એવી કેટલીય બાબતો બને છે કે જો સાવચેતી રાખીએ તો નુકસાનથી બચીએ છીએ, અને ન રાખીએ તો નુકસાનમાં ઉતરવું પડે છે, અશુભ કર્મના ઉદયના ભોગ બનવું પડે છે.**

શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ એવી વસ્તુ ખાઓ કે વધારે પડતું ખાઈ નાખો, તો અશાતા ઉદયમાં આવે છે.

થોડા પગારમાં પતશે એમ માની અપ્રામાણિક નોકર રાખ્યો તો ધોખામાં ઉતરવું પડે છે.

પરિવાર સાથે મિજાસથી વર્તો તો એની અપ્રીતિ-દુર્ભાવ ઊભા થાય છે.

**કર્મના ઉદય બે જાતના :-**

આ બધું શું સૂચવે છે ? અલબત સાવચેતી-સાવધાનીથી વર્તાવામાં પણ કોકવાર નુકશાન આવે છે, નથી આવતા એમ નહિ. પરંતુ એમાંથી એ સૂચિત થાય છે કે આત્મામાં **એવા કેટલાંય કર્મ હોય છે કે જેને નિમિત્ત મળે તો ઉદયમાં આવવાનું થાય; ત્યારે કેટલાંક એવાં કર્મ છે કે જે નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના જ એના નિર્ધારિત સમયે ઉદયમાં આવે જ.**

**પ્ર.- નિમિત્ત નહિ મળવાના અભાવે ઉદય નહિ આવતાં કર્મોનું શું થતું હશે ?**

ઉ.- ચિંતા કરશો નહિ. સિલિકમાં રહેલાં કર્મ ઉપર તો ઘણી પ્રક્રિયાઓ થાય છે. એનું કારણ એ કે કેટલાંય કર્મ શિથિલ બંધવાળા હોય છે, ને એમાંથી પોતાની જાતની બીજી પ્રકૃતિમાં સંક્રમણ થાય છે. દા.ત. અશાતા વેદનીય કર્મનું



શાતા વેદનીય કર્મમાં સંક્રમણ; અથવા શાતાનું અશાતામાં સંક્રમણ. એમ, ઉદ્વર્તના અપવર્તનાથી પણ કર્મની કાળસ્થિતિના વૃદ્ધિ-હ્રાસ. એમ કેટલાક કર્મ એનો રસાનુભવ કરાવીને આત્મા પરથી ખરી જવાને બદલે માત્ર પ્રદેશોદયથી ખરી જાય છે. એમાં એના રસનો અનુભવ નથી થતો. આવું કામ ચાલુ જ છે. હાં, એવા ઢીલાં કર્મોને તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્ત મળી જાય તો ઉદયમાં આવી જાય. નહિતર ન આવે.

જેમકે, જ્ઞાન મેળવ્યા પછી જો એનું વારંવાર આવર્તન ન કર્યું તો જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવી જાય, અને ભણેલું ભૂલાઈ જાય છે. એમ, વૈરાગ્યાદિથી કષાય મોહનીય, કામ મોહનીય, કે હાસ્યાદિ મોહનીયને દબાવ્યા છતાં જો તેવા ખોટા નિમિત્તને સેવ્યાં, કે બાધક સંયોગોમાં જઈ ઊભા, તો કષાય મોહનીયાદિ કર્મ ઉદયમાં આવવા તૈયાર છે !

**પ્ર.- કર્મની ઉપર વિવિધ પ્રક્રિયાઓ થવામાં મુખ્ય કારણ કોણ ?**

ઉ.- આત્માના શુભાશુભ અધ્યવસાય અને પરિસ્થિતિ. આ એક મહત્ત્વની વસ્તુ છે કે જીવ જેવા જેવા અધ્યવસાયમાં રમે છે, અર્થાત્ વિચારો કરે છે, લાગણી અને વલણ ધરાવે છે, માનસિક ભાવમાં રમે છે, તેવી અસર કર્મના બંધ, સંક્રમણ, કાળસ્થિતિ વગેરે પર પડે છે.

**અધ્યવસાય શુભ ચાલતા હોય, તો**

(૧) શાતા વેદનીય, યશ નામ કર્મ, ઉચ્ચ ગોત્ર વગેરે શુભ કર્મ બંધાય છે; અને

(૨) જે જ્ઞાનાવરણાદિ અવશ્ય બંધાનારા અશુભ કર્મો છે, તેનો રસ મંદ બંધાય છે, જે મંદ રસનો ઉદય થાય ત્યારે તે ઉગ્ર રસ જેટલી પીડા નથી આપતો.

(૩) વળી બંધાતી શુભ કર્મ પ્રકૃતિઓમાં તેની સજાતીય, અશુભ કર્મપ્રકૃતિઓમાંના કેટલાંક કર્મનાં દળિયાં સંક્રમિત થવાથી શુભ જેવા થઈ જાય છે. વળી

(૪) શુભ અધ્યવસાયના બળે પૂર્વબદ્ધ અશુભ કર્મોની સ્થિતિમાં તથા રસમાં મંદતા થાય છે, હ્રાસ થાય છે, અને શુભના સ્થિતિ-રસમાં વૃદ્ધિ થાય છે.

શુભ અધ્યવસાયની બલિહારી છે, અને અશુભ અધ્યવસાય એ તો શ્રાપરૂપ છે. માટે શુભનો જ ખપ રાખવો.

**વળી પરિસ્થિતિ એ રીતે કામ કરે છે કે** જીવની વર્તમાન પરિસ્થિતિ કોઈ એક મનુષ્યાદિ ગતિ ભોગવવાની ચાલતી હોય તો તે વખતે બીજી નરકાદિ ગતિના કર્મ એના એના ઉદય ક્રમશઃ પ્રાપ્ત થયેથી એમજ પ્રદેશોદયથી ભોગવાઈ જાય છે.

વળી પરિસ્થિતિ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમની ઊભી કરી હોય, તો કેટલાં ય કર્મોની અનુદય અવસ્થા કરાય છે.

આ બધું સૂચવે છે કે,

**અવળા પુરુષાર્થથી અશુભ કર્મ જાગતાં થઈ જાય અને શુભ કર્મ દબાઈ જાય; તેમ**

**સવળા પુરુષાર્થથી એથી ઊલટું થાય, એવું બનવા સંભવ છે.**

**ઉપાધિ શું કરે છે ? :-**

**જગતની આધિ-ઉપાધિઓ આ કામ કરે છે કે એ કેટલાંય અશુભ કર્મને જગાડી આપી એના દ્વારા દુઃખના તાપમાં તપવાનું ઊભું કરી આપે છે,** માટે જ, પૈસા વધ્યા એટલે કદાચ લાગે કે 'ચાલો, સુખ-સગવડનું સાધન વધ્યું, પરંતુ ખરી રીતે તો એ ઉપાધિ વધી. તે

કેટલાંય કષાય મોહનીયાદિ કર્મને સતેજ કરી ક્રોધાદિના તાપ વરસાવે છે,

અમુક પ્રકારના આરોગ્યના નિયમના ભંગ કરાવી સૂતેલા અશાતાકર્મને જાગ્રત કરે છે,

રોફ અથવા કૃપણતાના યોગે અપયશ જગાડી આપે છે,

બીજાની અપ્રીતિ ઊભી કરે છે.

આવું આવું આધિ-વ્યાધિ-ઉપાધિ કરતી હોવાથી, આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારને જ્ઞાનીઓ તાપ, અશાંતિ અને દુઃખનું કારણ કહે છે.

**ચંદ્ર સમુદ્રપ્રવાસે :-**

શ્રેષ્ઠિપુત્ર ચન્દ્ર ચડસમાં ચડ્યો છે. મમતમાં ફસાયો છે, કર્મસિદ્ધાન્તના મર્મને સમજતો નથી એટલે કુતર્ક કરે છે કે 'અપશુકન શું કરતા'તા ? કર્મમાં લખ્યું હશે તો અવશ્ય બનશે, અને ખરી વાત એ કે પુરુષાર્થ આગળ કર્મ રાંકડા છે.' એમ અપશુકન તથા વડિલોની હિતશિક્ષાની અવગણના કરી આગળ ચાલ્યો, તે બંદરે પહોંચી માલ ભરેલાં વહાણ લઈ સમુદ્રમાં મુસાફરી કરી રહ્યો છે.

**શ્રદ્ધાભર્યો સચોટ નિર્ણય કરો :-**

'અમને આત્માની શ્રદ્ધા છે'- એમ બોલવું સહેલું છે, પણ અંદરખાને જ્યારે તપાસવામાં આવે કે જગતની વસ્તુ કરતાં આત્માનું મમત્ત્વ કેટલું છે, પોતાના શરીર કરતાં પોતાના આત્મા પ્રત્યે પક્ષપાત કેટલો છે, અને એ બધાનું સમાલવા જતાં આત્મહિત ન ઘવાય, આત્મહિત સારું સધાય એનો વિચાર કેટલો રહે છે, ત્યારે સમજાય કે હૈયે આત્મશ્રદ્ધા ખરેખર ફરસી છે કે માત્ર બોલવા પૂરતી છે. હૃદયનો પ્રદેશે પ્રદેશ એ શ્રદ્ધાભર્યા નિર્ણયની સચોટ રંગાઈ જાય કે,



**'एगो मे सासओ अप्पा, णाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥'**

**- મારો આત્મા જગતથી તદ્દન નિરાળો, જગત પાસેથી કોઈ આધાર નહિ પામનારો, અને સ્વયં સ્વરૂપસ્થ રહેનારો છે; શાશ્વત-સનાતન છે, તેમજ શુદ્ધ જ્ઞાન-દર્શનથી તદ્રૂપપણે પરિવરેલો છે. બાકીના સર્વ જડ-ચેતન ભાવો મારાથી બાહ્ય છે, અને એ બધાં જ સાંયોગિક છે, સંયોગને લીધે જ મારા સંબંધમાં આવેલા છે, પણ સંયોગ તો અવશ્ય નાશવંત છે, તો મારા આત્મસ્વરૂપને એની સાથે શું લાગે-વળગે ?'**

**'संजोगमूला जीवेण पत्ता दुःखपरंपरा'-**

**બાહ્ય સંયોગને લીધે જ આ વિરાટ ભવસાગરમાં મારે દુઃખની પરંપરા ચાલી આવી છે,** તો એવા વિનાશી પર પદાર્થનો ધડો રાખ્યાથી શું ? હું તો મારા સહજ જ્ઞાનદર્શન-સ્વરૂપ ઉપર જ નિર્ભર રહું...'

-આવો અટલ વિશ્વાસ આત્માના તાણેવાણે વણાઈ જવો જોઈએ. પછી અણધાર્યા અશુભ કર્મના ઉદય જાગે ત્યારે કાંઈ જ આશ્ચર્ય ન લાગે, એના પર મન વલોપાત ન કરે કે- 'અરે ! આ કેવુંક ભારે દુઃખ આવ્યું ! હાય ! શું કરું ?..' ત્યાં તો મનમાં નિશ્ચિતપણે સ્ફુરતું હોય કે,

**'આ આપત્તિને મારા આત્મસ્વરૂપ સાથે કાંઈ સંબંધ નથી, મારા આત્માનો એક પણ પ્રદેશ એ બગાડી કે નષ્ટ કરી શકતી નથી. તેમ, આવેલા અનિષ્ટનો સંયોગ ટકવાનો પણ નથી. તો આવી બધી પરિસ્થિતિમાં મારે એના તરફ ઉદાસીન રહી મારા આત્મસ્વભાવભૂત જે રાગદ્વેષ વિનાના શુદ્ધ જ્ઞાનદર્શન, તેમાં જ લીન રહેવાનું...'**

આવી નિર્ધારિત માન્યતા જાગતી રહેતી હોય તો ભારે ઉપદ્રવો પણ મનને આકુલ-વ્યાકુલ કરી શકે નહિ. મન નિશ્ચિતપણે જોયા કરે 'શું થાય છે,' વિચારે કે, **'આ બધાં કર્મનાં નાટક છે, એમાં મારે શા સારું હર્ષ-ખેદ કરવા ?'**

**વહાણ ભાંગ્યું ! :-**

શ્રેષ્ઠિપુત્ર ચન્દ્રનું વહાણ ભાંગ્યું, અંદર બેઠેલાની ચિચિયારીનો કરુણ આર્તનાદ વાતાવરણમાં ગુંજી રહ્યો ! ચંદ્રના પણ હોશકોશ ઊડી ગયા ! પ્રયાણ પહેલાં અભિમાનનાં પૂર સડસડાટ ઓસરી ગયા ! હાય ને વોય કરવા લાગ્યો ! વહાણ ભાંગી જતાં પડ્યો વિશાલ સમુદ્રમાં ! ડૂબું-ડૂબું થઈ રહ્યો છે ! કોણ બચાવે ? ઊંચે આભ ને નીચે મહાકાય જળનિધિ ! વગર જોઈતી ઉપાધિ ઊભી કરી તો આ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

પરિણામ આવીને ઊભું રહ્યું ! **પરદેશની આપકમાઈની માનસિક આધિ ઉપાધિ ઊભી કરી તો અપશુકનનાં એંધાણ પરખ્યાં નહિ !** આધિ ને ઉપાધિમાંથી બચ્યો તે ભાગ્યશાળી ! **આજના જગતમાં ઊભરાઈ ઉઠેલા સંતાપના મૂળમાં, જુઓ, શું દેખાય છે ?** આધિ, વ્યાધિ ને ઉપાધિ કે બીજું કાંઈ ? પછી એમાં વેર ને ઝેર, અસત્ય ને અનીતિ, દમ ને દમામ, વગેરે કેઈ અવગુણોથી માનવ જીવનને વિડંબવાનું જોરમાં ચાલી રહ્યું છે ! **એ તો જ મીટે કે સમ્યગ્જ્ઞાનદર્શન-ચારિત્રના પવિત્ર માર્ગ અપનાવાય.**

**પાટિયું મળ્યું :-**

ચંદ્ર ભર દરિયામાં પડ્યો છતાં પુણ્ય થોડું જાગતું છે તે એના હાથમાં એક પાટિયું આવી ગયું. તેને ઝટ વળગી ગયો ! વળગે જ ને ? **જ્યાં દરિયામાં ડૂબાડૂબ સ્થિતિમાં હોય, ને પાટિયું હાથ લાગે ત્યાં જીવવાનો લોભ તત્કાલ એને હાથમાં પકડાવી જ દે. પણ મુશીબતી અહીં છે કે સંસારમાં ડૂબાડૂબ સ્થિતિમાં ધર્મનું આલંબન મળે છે તે પકડવું નથી !** કેમકે ડૂબાડૂબ લાગ્યું છે કોને ? પાટિયાના આધારે ચંદ્ર સમુદ્રતટે કોઈ દ્વીપના કિનારે આવ્યો. થાક્યો છે ભારે, એટલે થોડી વિશ્રાન્તિ લે છે.

**ચંદ્રની નિરાશા :-**

પછી વિચાર કરે છે, 'હવે શું કરવું ? બધાના ના કહેવા પર નીકળ્યો, અને બધું ગુમાવ્યું, હવે તો આ સ્થિતિમાં એમને મોં શું બતાવું ? મારે ઘેર તો જવું જ નથી. ત્યારે હવે આગળ જઈને ય શું કરું ? પાસે કાંઈ જ રહ્યુ નથી તો શેના પર વેપાર પણ થાય ? ત્યારે આપકમાઈની ટેકવાળો હું શું કોઈની નોકરી-ગુલામી કરું ?...અરેરે ! મારે કેટલું બધું દુઃખ આવ્યું ! હવે ક્યાં જાઉં ? શું કરું?'

**સંયોગને પરવશ :-**

જે ચંદ્ર એક વખત ભારે ગુમાન કરતો હતો એ જ અત્યારે ગરીબડો થઈ ગયો છે. તમે કહેશો કે 'સંયોગો ફરી ગયા ને ?' તો વિચારવા જેવું છે કે

**સંયોગો પર માણસનો કાબુ કે માણસ પર સંયોગોનું નિયંત્રણ ?**

**સંયોગ માણસના ગુલામ કે માણસ સંયોગોનો ગુલામ ?**

**સંયોગને તો આવવું હોય ત્યારે આવે છે, ને જવું હોય ત્યારે જાય છે.**

જો માણસ સંયોગોનો ગુલામ છે, અર્થાત્ સંયોગોને ધાર્યા કાબુમાં રાખી શકતો નથી, ઈષ્ટ સંયોગોને ધાર્યા કાબુમાં રાખી શકતો નથી, ઈષ્ટ સંયોગોને ધારણા મુજબ નથી તો ઊભા કરી શકતો કે નથી ટકાવી શકતો, તેમ અનિષ્ટ સંયોગોને જો નથી હટાવી શકતો કે નથી નિવારી શકતો, તો **મનગમતા સંયોગ**



**પર ગુમાન શા ધરવા'તા ? કે એના શા ઓરતા કરવા'તા ?** ગુમાન કર્યે એ થોડા જ ટકે છે ? આશાઓ ધર્યે એ થોડા જ મળી જાય છે ? એવું જ અણગમતા સંયોગના ખેદ કર્યે કે એ ન આવવાના વલખા માર્યે થોડા જ અટકે છે ? તો શા સારુ ખેદ કે વલખાં મારવા ? **જ્યાં ગુલામી છે, જ્યાં આપણું ધાર્યું થવાનું નથી, ત્યાં તો ઉદાસીન બની રહેવું જોઈએ.** પણ આ સમજ કે હોશિયારી નથી એટલે વરણાગી કે વિહ્વલ થવાય છે; અને એની પાછળ કેઈ પાશવી કૃત્યો આચરાય છે, ઘમંડ-હિતૈષીઓની અવગણના, અન્યાય, ઈર્ષ્યા, સ્વાર્થાંધતા, અસહિષ્ણુતા વગેરે સેવાય છે. વિચારો કે આ બધું શાના ઉપર ? બેકાબુ સંયોગો પર જ ને ?

**જો એ જાગ્રતિ હોય કે “સંયોગો તો એની રીતે વર્તવાના-ટકવાના, મારી ઈચ્છા પ્રમાણે નહિ, તો એમ થાય કે તો પછી શું કામ હું મળેલી મહાદુર્લભ માનવતાને દોષ-દુષ્કૃત્યોથી વિણસાડી નાખું ? શા માટે સંયોગોના ગુન્હે મારા આત્માને પાપોથી દંડું ? હું તો ઊલટું એજ સંયોગોમાંથી આત્મહિતનો કસ ખેંચી લઉં. એના જ દ્વારા પછી ભલે એ સારા હો, યા નરસા, ઉત્તમ સદ્ગુણો, સદ્ભાવના અને સત્કૃત્યોની ભરચક કમાઈ કરી લેવાની.”**

**ચંદ્ર આપઘાત કરવા જાય છે :-**

ચંદ્ર બિચારો મનગમતા સંયોગ બળજબરીથી ઊભા કરવા ગયો તો જાતનું કમાવવાને બદલે બાપનું ગુમાવી બેઠો ! હવે પાછું એ અહંત્વ નડે છે કે- 'હું સગાંને મોઢું શું બતાવું ? કે કોઈની નોકરી કેમ કરું ?' એટલે કપરા સંયોગમાં સમતાભાવ, હિંમત અને લઘુતાનું સારું તત્ત્વ ઊભું કરી શકતો નથી. એણે તો નક્કી કર્યું કે- 'હવે તો મારાથી જીવતા રહેવાય એમ નથી. બસ આપઘાત કરી દઉં !' નક્કી કર્યું એટલું જ નહિ, પરંતુ ત્યાંથી થોડું ચાલી એક ઝાડ પર ચઢ્યો અને ગળે કપડાનો એક છેડો ફાંસી બાંધી બીજો છેડો ઝાડ પર બાંધી દે છે !

**આધિ-ઉપાધિ અને ચડસથી સત્ત્વનો નાશ :-** કહો, માનવજીવનનો આજ સાર ખેંચવાનો ? ના, ત્યારે આવો ઝટ ફરી મનુષ્યભવ મળે ? તે ય ના. બધું ના ના કહીએ છીએ ખરા, પરંતુ પોતાના જીવન માટે વારંવાર આ જાગ્રતિ ક્યાં છે કે **જીવન તો એવું જીવ્યે જાઉં કે જે મને જરા ય પશ્ચાત્તાપમાં ન મૂકે, પરાધીન અને વેવલો ન બનાવે !** આપઘાત કરવાની પ્રવૃત્તિ સુધી પહોંચી જાય, એની પાછળ કેટલો હૃદયકલેશ ઊભો થયો હશે ? ખોટી માનસિક આધિ ઊભી કરી કે- 'આપ કમાઈ ન કરું ત્યાં સુધી મારી શી કિંમત ?' અને ચડસ-મમતમાં ચઢી વડિલોની સલાહને ઠોકરે મારી તો સંયોગ એવા ઊભા થયા કે એણે આત્માનું સત્ત્વ હણી નાખ્યું ! **સત્ત્વ હોય તો કાયરતાથી મરવાનો વિચાર શાનો આવે ?**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**સત્ત્વનાશનાં નુકશાન :-**

સત્ત્વ હણાયાની નુકસાની તો અપરંપાર છે. કેટલી નુકસાની એનું લેખું ન મંડાય. અહીં જ જુઓને કે આ શ્રેષ્ઠિપુત્ર ચન્દ્ર આપઘાત કરી નાખે પછી, એની પાસે શું રહ્યું ? અને કેટકેટલું ગુમાવ્યું ? તથા,

ભાવી ભવ કેવો ? અને,

એવા કોઈ હલકા ભવની પાપલીલા પછી શું દેખવાનું ?

(૧) **આપઘાત પછી પાસે શું રહ્યું એ કેટલું ગુમાવ્યું.** એનો વિચાર કરો તો દેખાશે કે રહેવામાં માત્ર પોતાનો આત્મા, કર્મ અને સંસ્કારો; ગુમાવવામાં અહીંની માલમિલકત, કુટુંબ-પરિવાર ...યાવત્ વર્ષોની મહેનતથી પાળેલો-પોષેલો પોતાનો દેહ ! આટલું જ નહીં, માનવભવ અને એમાં રહેલી સત્ય, નીતિ, પરોપકાર, સજ્જનતા, સૌમ્યતા, વગેરે ગુણો કેળવવાની તથા દયા-દાન-શીલ-તપ-ભાવનાદિ અનેકવિધ સાધનાની તક પણ ગુમાવવાની ! દેવાધિદેવ, એમનું શાસન, સદ્ગુરુઓ શાસ્ત્રો, અને કલ્યાણમિત્રો તથા ધર્મસ્થાનો... આ બધું ગુમાવવું પડે ! મહાન પુણ્યોપાર્જન અને વિપુલ કર્મનિર્જરાના સોનેરી અવસર ગુમાવી દેવાનું બને ! ત્યારે,

(૨) **ભાવી ભવ કેવો ?** શાસ્ત્ર કહે છે **મોહવશ આપઘાત કરનારની સદ્ગતિ થતી નથી.** અને દુર્ગતિનો ભવ એટલે દુઃખ, દુષ્કૃત્યો, અને દુર્ભાવનાની જ દુર્દશામાં સહવાનું ને ? સારા ભવનો ઘણો મહિમા છે, **સારો ભવ મળવા ઉપર તો કેટલાય દુઃખ અને પાપોથી બચી જવાય છે; જ્યારે હલકા ભવમાં સહેજે સહેજે તેવા તેવા પાપોભર્યું જીવન જીવવું પડે છે.** બિલાડીનો ભવ જ એવો કે ઉંદરા, કબૂતરાને મારવાની ચોંટ રહ્યા કરે ! મનુષ્યભવની સરખામણીમાં બીજા હલકા ભવમાં પાપકૃત્યો પણ ભારે ! પાપબુદ્ધિ ય ભારે ! તેમ પીડા અને પરાધીનતા ય બહુ ! આટલી તો પછીના ભવની વાત થઈ. હવે,

(૩) **એવા ભવની પાપલીલાના પરિણામે શું દેખવાનું** એ વિચારો, હલકા અવતારમાં સેવેલાં પાપવિચારો અને પાપકૃત્યોથી આત્મા પર ભારે અશુભ કર્મનાં બંધન લદાય; ને એથી દીર્ઘ દુર્ગતિના દુઃખો ઉતરી પડે એ સહજ છે. વળી હલકા ભવની કાર્યવાહીમાં કેળવાયેલા હિંસાદિના કુસંસ્કારોની કેટલાય ભવો પર્યંત પુનરાવૃત્તિ થયા કરે ! આ બધી પરિસ્થિતિમાં દેવગુરુ અને ધર્મને દેખવાની વાત જ ક્યાં મળે ? તે નહિ, તો સારી વાત ક્યાંથી સૂઝે ?

**માનવભવમાં કરવા યોગ્ય શું ?**

આ બધું શાની પાછળ ? મોહવશ આપઘાત કરવા પાછળ જ ને ? ત્યારે વિચારો કે આપઘાત કરીને કદાચ અહીંના કોઈ ત્રાસ-અપમાનથી છૂટ્યા ય ખરા,



પણ બીજું કેટલું ભયંકર નુકસાન ? આ નુકસાન પણ એકલા આપઘાત પાછળ જ છે એમ સમજતા નહિ. **જીવનમાં સેવેલા થોકબંધ પાપાચરણો, સ્વાર્થાંધતા, વિષયાંધતા, ગુમાનગુસ્સા-પ્રપંચાદિ દુર્ગુણો વગેરેની પાછળ પણ એવાં જ નુકસાનો છે;- માનવ ભવની કઈ ઊંચી તકો ગુમાવવાની ! પછીનો ભવ હલકો ! અને એના પરિણામે પારાવાર દીર્ઘ આત્મવિટંબણા !**

માટે જ, દયાળુ જ્ઞાની ભગવંતો કહે છે કે,

**'માનવ ભવનાં ઊંચા મૂલ્યાંકન કરો.'**

**'સુંદર તકોને સમજો ને સફળ કરો,'**

**'જડનાં આકર્ષણ પડતાં મૂકી નિજના આત્માનાં આકર્ષણ કેળવો-વધારો.'**

**આધિ-વ્યાધિ-ઉપાધિના તાપમાં તપ્યા રહેવાને બદલે એને ઘટાડતા આવો અને સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની શીતલતાનો અનુભવ કરતા ચાલો.**

આપણી વાત એ હતી કે સત્ત્વ હણાઈ ગયા પછી માણસ આપઘાત સુધી પહોંચી જાય છે, ને અપરંપાર દુર્દશાને નોતરી લે છે. માટે સત્ત્વ રક્ષવાની બહુ જરૂર છે. કદાચ આપઘાત ન કરે તો ય **સત્ત્વના ઘાત તામસભાવને વેગ આપીને કેઈ અપકૃત્યો-અનર્થોને ઊભા કરે છે.**

માણસ સત્ય મૂકી અસત્યને કેમ ભજવા જાય છે ? જૂઠું કેમ બોલે છે ? નીતિ-પ્રામાણિકતા જેવા સુંદર ગુણને બદલે અનીતિ-અન્યાય જેવા દોષમાં કેમ ઘસડાય છે ?

**કહો સત્ત્વ હણાઈ ગયું છે, ને તામસભાવ જોરમાં આવ્યો છે, માટે એ બધું બને છે.** ત્યારે હમણાં કહેલા આ ભવ-પરભવના દુઃખદ પરિણામોને વિચારતાં સત્ત્વનાશની પાછળ ભયંકરતા કેટલી, અને એની સામે અહીં સેવેલ અસત્ય - અનીતિ વગેરેથી કદાચ પૈસા-ટકા વગેરેનો લાભ થયો દેખાયો તો તે શી વિસાતમાં ? જીવનમાં કેઈ ઈર્ષ્યા, ગુમાન, વિષયાંધતા, હિંસા-પરિગ્રહ વગેરેના કુમાર્ગ પર દોડ્યા જાઓ છો, પણ જરા ઊભા રહો, થોભો અને વિચાર કરો કે **એ ઈર્ષ્યાદિ બધું કરવાની કાંઈ જ જરૂર નથી જો દિલમાં સત્ત્વ જાગતું છે, સાત્ત્વિક ભાવ સલામત છે.** એ બધાં તો તામસભાવનાં તોફાન છે. **એકેન્દ્રિયાદિ કેઈ હલકી યોનિઓ વટાવી ત્યારે તો આ સત્ત્વ સુલભ બને એવો રૂડો માનવજન્મ પામ્યા !** હવે શું અહીં જ સત્ત્વને હણી નાખવાનું ? ને તામસીવૃત્તિને જગાવવા ખીલવવાની ? તામસીવૃત્તિના ફળરૂપે શું તામસી હલકા ભવોની હારમાળા મળે કે સાત્ત્વિક ઊંચા ભવની હારમાળા ? આજે પૂર્વના રાજ્યાધિકારીઓ અને કર્મચારીઓ કરતાં આજના કાળના રાજ્યાધિકારીઓ એ કર્મચારીઓમાં લાંચરૂશ્વતનો સડો ભયાનક



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

વકરેલો કેમ દેખાય-સંભળાય છે ? એજ કારણકે **એમના દિલમાંથી સત્ત્વનાં તેજ હણાઈ ગયાં છે, ને તામસભાવનાં ઘોર અંધકાર પ્રસરી ગયાં છે;** તેથી અનીતિ-અસત્ય વગેરે ચાલી રહ્યા છે.

**રહનેમિએ સત્ત્વ ગુમાવ્યું :-**

અરે ! ઇતરધર્મી તો શું, પણ **શ્રાવક કે સાધુ પણ જો સત્ત્વ હણી નાખે તો એ ય સન્માર્ગ, સદાચાર અને સદ્‌બુદ્ધિ ખોઈ બેસે છે !** રહનેમિ મુનિવર તો તીર્થંકર પ્રભુ શ્રી નેમનાથના ભાઈને ? છતાં સાધ્વી રાજીમતીને ગુફામાં વરસાદભીનાં વસ્ત્ર શરીર પરથી ઉતારતી જોઈ ક્ષોભાયમાન થયા અને સત્ત્વ ગુમાવ્યું, તો એની આગળ ભોગની માગણી કરતાં ખચકાયા નહિ ! એ તો સારું થયું કે રાજીમતી સાવધાન હતા, સ્થિતપ્રજ્ઞ હતા, તો રહનેમિને પ્રતિબોધ કરી પાછા સત્ત્વવાળા બનાવ્યા ! ને માર્ગસ્થ કર્યા ! બાકી સત્ત્વ ગુમાવ્યાનું ખતરનાક પરિણામ કેવું ? આજના કેટલાય જૈનોમાં પણ સત્ત્વહીનતાના કારણે વિકસતા દુર્ગુણ-દુષ્કૃત્યોનાં નાટક દેખાય છે ને ? તમારે એથી બચવું હોય તો સાત્ત્વિક બન્યે જ છૂટકો છે. સત્ત્વની રક્ષા કર્યે જ નિસ્તાર છે. એક સત્ત્વરક્ષા કેઈ અનર્થોથી બચાવે છે.

**કડી ધ્યાનમાં રાખો :-**

ત્યારે આ પણ સાથે સમજી રાખજો કે **સત્ત્વ ગુમાવવામાં મોટું નિમિત્ત આધિ અને ઉપાધિ છે, ચાહીને નોંતરેલી વ્યાધિ છે.** એટલે એ આવ્યું કે,

**આ ઊંચા ભવના મહાન લાભો ગુમાવવાનું, પરભવ ભારે કરવાનું, ને દીર્ઘ દુર્દશાની પરંપરા ઊભી કરવાનું ન ખપતું હોય, તો દુર્ભાવના, દુર્ગુણો અને દુષ્કૃત્યોથી બચો.**

**એનાથી બચવું હોય તો તામસીવૃત્તિ ન આવવા દો.**

**એ ન આવવા દેવી હોય તો અખંડ સત્ત્વની રક્ષા કરો.**

**સત્ત્વને સાચવી રાખવું હોય તો આધિ-વ્યાધિ-ઉપાધિને આમંત્રો નહિ; પણ ઓછી કરતા ચાલો.**

**ચંદ્રને બચાવનાર મળે છે :-**

શ્રેષ્ઠિપુત્ર ચંદ્ર આધિ-વ્યાધિમાં ફસાયો તો એને સત્ત્વ ગુમાવવાનો અવસર આવ્યો, અને આપઘાત કરવા ગળે ફાંસો નાખી ઝાડ પરથી નીચે લટકે છે, પરંતુ હજી એનું સદ્‌ભાગ્ય કાંઈક જાગતું છે તે તરત જ દૂરથી આ જોઈને એક દયાળુ બ્રાહ્મણ દોડતો આવીને ઝાડ સાથે બાંધેલો છેડો છોડી નાખે છે ! ચંદ્ર હેઠો પડે છે, ને આ બ્રાહ્મણને કહે છે,



'ભલા ભાઈ ! શા સારુ મને મરવામાં વિઘ્ન કરે છે ?'

આ કહે છે, 'વિઘ્ન ? અરે નવજવાન ! આ તો હું તને સારાં કૃત્યો કરવા બચાવી લઉં છું. શા માટે આવા સુંદર માનવભવને, અકાળે મૃત્યુને નોંતરી, ગુમાવી રહ્યો છે ?'

'બીજાને માટે ભવ સુંદર હશે, મારા માટે નથી, હું તો ઘણો દુઃખી છું. દુઃખથી છૂટવા મર્યે જ છૂટકો છે.'

'અરે ! **જીવતો નરભદ્રા પામે;** જીવતો રહે, તો કોઈ દિ' દુઃખ ચાલ્યાં જશે !'

ચંદ્ર કહે છે, 'મારું દુઃખ જીવતાં જાય એવું જ નથી, માટે હું તો મરવાનો.'

બ્રાહ્મણે જોયું કે- 'આ તો નિર્ધારવાળો છે, તો હું એને ક્યાં સુધી ઝાલી બેસી રહેવાનો હતો ? મારા ગયા પછી એ મર્યા વિના નહિ રહે માટે એને યોગ્ય રસ્તો બતાવું.' શો રસ્તો બતાવે છે ?

**સલાહના આધારે કક્ષાનું માપ :-**

જો જો, **માણસ કોઈને જે રસ્તો બતાવે છે એ પરથી માપ નીકળે છે કે પોતે કેટલી કક્ષામાં છે.**

**સલાહકારની જેવી કક્ષા તેવા માર્ગની સલાહ મળવાની.**

**બીરબલને દંડ કરવા એના કહેવાથી** બાદશાહે ભંગીઓની સલાહ માગી, તો એમણે સાડી ત્રણ કોડી (અર્થાત્ સિત્તેર) રૂપિયાનો દંડ કરવાની સલાહ આપી; કેમકે ભંગીની કક્ષા એટલી બધી નીચી હતી.

**નાગકેતુના જીવે** પૂર્વ ભવમાં શ્રાવક મિત્રની સલાહ માગી કે 'મને ઓરમાન માતા બહુ હેરાન કરે છે, તો હું શું કરું ?' મિત્રની આત્મિક કક્ષા ઊંચી હતી તો એવા માર્ગની સલાહ દીધી કે **'જો, પૂર્વ જન્મમાં તેં તપ નથી કર્યો તેથી તારે આ પરાભવ સહન કરવો પડે છે. માતા ઉપર દ્વેષ ન કરીશ; તપ કર.'** એમ કહીને પર્યુષણમાં અઠ્ઠમની તપસ્યા કરવાનું બતાવ્યું. એ સલાહ મળવાના પરિણામે તો એ નાગકેતુ તરીકે શ્રીમંતપુત્ર થઈ જન્મ પછી તરત પૂર્વ જન્મના સ્મરણવાળો બની અઠ્ઠમ કરનારો થયો ! અને ધરણેન્દ્રે એનું સન્માન કર્યું !... યાવત્ નાગકેતુ તે ભવમાં મોક્ષગામી બન્યા !

સલાહની તો ચમત્કારિક અસર છે. **આપણે બીજાને અવસરે અવસરે કેવી સલાહ આપીએ છીએ એના પર આપણી કક્ષાનું માપ નીકળે છે.** આપણા હૃદયમાં સાત્ત્વિક ભાવનાઓ અને ઉમદા આદર્શો રમતા હોય તો કક્ષા ઊંચી ગણાય, અને એમાંથી બીજાને ઉચ્ચ માર્ગદર્શનની સલાહ અપાય, ત્યારે એવું પણ બને છે કે દિલ કદાચ એટલું ઉચ્ચ ન હોય પરંતુ **બીજાને સલાહ સારી ઉમદા આપતાં આપતાં ય**

દિલમાં ઉચ્ચતા આવતી જાય છે.

**ભાગ્યની સાબિતિ :-**

બ્રાહ્મણે બિચારે જોયું કે આ ચંદ્ર આપઘાત કરવાનો નિર્ણય કહે છે, તો એને એનો યોગ્ય માર્ગ દેખાડું. એટલે ? સારા આપઘાતનો માર્ગ, એજ ને ? **ચિત્ત અને સંભૂતિ** પણ લોકોનો પરાભવ પામવાથી આપઘાત કરવા જ જંગલના માર્ગે દોડ્યા જતા હતા, પરંતુ ભાગ્યશાળી હતા તે એમને મુનિ સલાહકાર મળ્યા ! **જગતમાં બધું જ છે, પરંતુ એ મળવા માટે પોતાનું ભાગ્ય જોઈએ.**

**'સકલ પદારથ હૈ જગમાંહી, ભાગ્યહીન નર પાવત નાહીં.'**

ભાગ્યની આથી શી સાબિતિ જોઈએ છે ? અમુકને વસ્તુ સહેજે મળી આવે છે, બીજાને પ્રયત્ન છતાં નથી મળતી, એમાં ભાગ્ય સિવાય બીજું શું કારણ કહી શકાય ? ભાગ્યના વિશ્વાસ કરનારી આર્ય પ્રજામાં આજના જેવા રગડા-ઝગડા કે ભારે દુર્ગુણો ને અપકૃત્યો નહોતા. પ્રશ્ન થશે કે,

**પ્ર.- શું ભાગ્યની શ્રદ્ધા નિર્બળતા નથી લાવતી ?**

ઉ.- ના, નિર્બળતા તો જ્યાં ભાગ્યની શ્રદ્ધા નથી ત્યાં હોય છે; કેમકે શ્રદ્ધાના અભાવે સત્કૃત્યો કરવાની તાકાત નથી, ને ગમે તેવાં ઘોર પાપાચરણ કરતાં એ અચકાતા નથી. એ નિર્બળતા નહિ તો બીજું શું છે ? ત્યારે યથેચ્છપણે પાપ કરવા એ શું બહાદુરી છે ? ખરી રીતે **ભાગ્યની શ્રદ્ધા તો જીવનમાં ઊભી થતી કેટલીય વિષમતાઓ અને સમસ્યાઓનાં સમાધાન કરી આપે છે.** ભાગ્ય પર વિશ્વાસ કરનારો માણસ તેવા તેવા સંયોગ કે પરિસ્થિતિમાં બહુ આકુલ-વ્યાકુલ અને અસહિષ્ણુ બનવાને બદલે આ તો નિશ્ચિત ભાગ્યનું પરિણામ છે, એમ સમાધાન શોધી લે છે, ને એ સમાધાનવૃત્તિના હિસાબે **વિહ્વલતા, કુવિકલ્પો, દ્વેષ વગેરેથી બચી જાય છે.**

ધંધામાં પૈસા ગુમાવ્યા, ભાગ્ય પર વિશ્વાસ કરનારો મન વાળી લે છે કે- 'આપણું ભાગ્ય નહિ તેથી આમ બન્યું. એમાં બીજાનો દોષ નથી. હમણાં ભાગ્ય નબળું છે તો ખોટું ખેડવાનું રહેવા દો તેમ, **ભાગ્યને સબળ બનાવનાર પરમાત્મા છે, ધર્મ છે; માટે એમની વધુ ઉપાસના કરવા દો...'** વગેરે.

ત્યારે, ભાગ્ય પર જેને વિશ્વાસ નહિ હોય, એ તો ચડભડાટ કરશે કે 'આણે મારું બગાડ્યું... પેલાએ બગાડ્યું..' વળી પુરુષાર્થના અભિમાનથી નવું ખેડવા જશે ને વધુ ગુમાવશે. વળી વખત નબળો છે એટલે હમણાં ભગવાન, ધર્મ વગેરેને બહુ ક્યાંથી ભજાય ? ઊલટું એ તો ટૂંકે પતાવવું પડે...' એમ લોચા વાળશે. એને સમાધાન કરતાં નહિ આવડે.



**સમાધાનવૃત્તિનો ઉપાય :-**

**સમાધાનવૃત્તિ એ તો શાંતિ અને સ્વસ્થતા જાળવવા માટેનો એક મહાન ઉપાય છે.** ઘરમાં કદાચ કલેશ થયો, કુટુંબી કોઈ ચડભડ્યો, તો એ સમાધાનવૃત્તિ મન મનાવી લે છે કે 'આપણું પુણ્ય ઓછું હોય ત્યાં તદ્દન કલેશ રહિત શાંત ખૂશનુમાં વાતાવરણ ક્યાંથી મળે ? વળી એ પણ વસ્તુ છે કે જેમ હું ય કોઈ વાર કલેશ કરું છું અને વ્યાજબી માનું છું, તેમ આમને પણ કલેશ કરવો વ્યાજબી લાગતો હોય એ બનવા જોગ છે. આમને ય મારા જેટલા હક જરૂર છે.'

અથવા 'આમને બિચારાને કલેશ કરવો પડ્યો એમાં ય દુર્ભાગ્ય મોટું કારણ છે તેથી આ તો દયાપાત્ર છે. હે ભગવાન ! આમને સદ્બુદ્ધિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાઓ.'

અથવા એમ પણ થાય કે 'આ તો સંસાર છે. એમાં વિષમતાઓ આવ્યા કરે. માટે સંસારના સ્વભાવની સામે ઉદ્વેગ શા કરવા'તા ? હોય, સારું-નરસું બધું ચાલ્યા કરે.'

અથવા, 'ભવિતવ્યતા બળવાન છે. એ એના ભાવ ભજવે જ છે; તો આપણે આકળા-ઉતાવળા શા સારું થાવું ?'

- આવી એક યા બીજી રીતે પણ સમાધાન કરી લેતાં આવડે તો પોતે કલેશમાં નહિ પડે; ને સામાના કલેશને વધારી નહિ મૂકે. બીજી રીતે બધી અનુકૂળતા હોય, છતાં જો કલેશ થયો તો એ પેલી અનુકૂળતાઓને વિસાતમાં નથી રહેવા દેતો. બધામાં જાણે ઝેર પડ્યું એવું થાય છે. સમાધાનવૃત્તિવાળાને એવું કાંઈ થતું નથી. જેને પોતાના મનથી સમાધાન કરતાં નથી આવડતું એને તો કેટલીક વાર જિંદગીભરના અંટસ ઊભા થઈ જાય છે, ઉપરાપર કલેશ જન્મ્યા કરે છે...કેટલું ગણવું ?





E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

## 33 સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**મન મર્યા પછી દુઃખ નથી :-**

ચિત્ત અને સંભૂતિને ઊંચી કક્ષાવાળા મુનિ મળ્યા તો એમણે ઊંચી સલાહ એ આપી કે - **મહાનુભાવ ! તમે જો આપઘાત કરી કાયાનો સર્વનાશ કરવાની શૂરવીરતા ધરાવો છો, તો એના કરતાં તો કાયાને કષ્ટ પડે એવી ત્યાગવૃત્તિ અને તપસ્યા આદરવાની બહાદુરી કાં નથી કરતા ?'**

**આપઘાતથી તો** દુઃખ ઊભાં રહેશે, અહીંના દુઃખ કરતાં ભાવી જન્મના ભારે દુઃખના ભોગ થવું પડશે. ત્યારે,

**સંયમ અને તપથી તો** દુઃખના કારણભૂત આત્માનાં પાપ બળીને સાફ થઈ જશે.

તો આવી સુંદર તક શા સારુ ગુમાવો ? માનજો ને કે- "મરીને બધું મૂકવું'તું, 'દેખવું નહિ ને દાઝવું નહિ' એમ એ બાબતનું મન પણ મૂકી દેવું'તું, તો અહીં જીવતા રહી સંયમ અને તપમાં ચઢીને પૂર્વનું મન વિસારે કાં ન પાડી દઉં ?" જે **મન પલટાઈ ગયા પછી દુઃખ ક્યાં રહેવાનું છે ?**

**મન મરીને મૂકાય તો જીવતા ન મૂકી શકાય ? :-**

વાત પણ સાચી છે કે જીવનમાં મોટું પણ કોઈ નુકસાન ઊભું થઈ ગયું છતાં જો પછી મન એમાં ન લઈ જાઓ તો દુઃખ નહિ લાગે; ત્યારે, નાના પણ નુકસાનમાં જો મન ગયા કરશે તો દુઃખ લાગ્યા જ કરશે, તો જો મરીને મનને મૂકી શકાય, તો શું જીવતા ન મૂકી શકાય ? સુખમય જીવન જીવવું હોય અને ઉજ્જવળ કાર્યો કરતાં રહેવું હોય તો આ એક ઉપાય છે કે જૂની નુકસાનની વાતોના વિચાર કે સ્મરણ મૂકી દેવા.

**આપઘાતનો બીજો રસ્તો કહે છે :-**

મુનિએ તો ચિત્તસંભૂતિને ચારિત્ર અને તપના માર્ગે ચઢાવી દીધા; પરંતુ અહીં તો બ્રાહ્મણ ચંદ્રને કહે છે, "જો તારે મરવું જ હોય તો આ સામે દેખાતા પર્વત પર એક 'કામિતપતન' નામનું પતન સ્થળ છે, તેના ઉપરથી જે ઇચ્છાનો સંકલ્પ કરીને માણસ પડતું મૂકે છે ને મરે છે, તેને તે ઇચ્છા પછીના જન્મમાં સફળ થાય છે. માટે આપઘાત જ કરવો હોય તો ત્યાંથી પડીને કર."



**દૃઢ, નિર્વિકાર મન બનાવવા શું કરવું ?**

ચંદ્રના પગમાં આ સાંભળીને જોર આવ્યું. બ્રાહ્મણે મનગમતું કહ્યું ને ? બસ, આ વાત છે કે આપણી ઇચ્છાને અનુકૂળ કોઈ કહે, કે અનુકૂળ કોઈ વર્તે તો આપણે ખુશી-ખુશી ! સ્વાર્થ લગનીનો આ નાચ છે. સ્વેચ્છાની ગુલામીનું આ એક પ્રદર્શન છે. અને **ઇચ્છાની પૂર્તિ પરનો આનંદ એ ઇચ્છાની સફળતા ન થવા પર ઉદ્વેગને અવકાશ આપે જ છે.** 'થયું તો વાહવાહ અને ન થયું તો ય વાહવાહ,' એવું **માનસિક સમતોલપણું ક્યારે આવે ?** મનવાંછિત બનતું આવ્યું કે ઝટ એના પર હરખાયા, એથી નહિ. એ તો મનને ઘડતા રહેવું પડે, ટીપતા રહેવું પડે, ને એવું કઠિન બનાવતાં રહેવું પડે કે **બાહ્ય સંયોગ-વિયોગો થવા પર એ લેવાઈ ન જાય, આનંદ-ઉદ્વેગની પીગળામણ ન અનુભવે, રતિ-અરતિના વિકારે વિકૃત ન થાય.** વર્ષોના સતત્ અભ્યાસનું આ કાર્ય છે, એક બે પ્રસંગનું નહિ. **અનેકાનેક પ્રસંગોમાં મજબૂત રહી રહીને મનને પીગળતું, લેવાઈ જતું, ને વિકૃત થતું અટકાવવાનો અભ્યાસ કર્યે જવાય, ત્યારે એવું દૃઢ મન, નિર્વિકાર મન તૈયાર થાય.**

**ચંદ્ર પર્વત પરથી પડવા જાય છે :-**

ચંદ્રે બ્રાહ્મણનો ઉપકાર માન્યો, ને ત્યાંથી જઈ પર્વત પર ઝપાટાબંધ ચઢી જાય છે. ભારે ઉછરંગ છે પડતું મૂકી કુટાઈ છુંદાઈ જવાનો. કહો, આવું પર્વત પરથી ખીણમાં પટકાઈ મરવાનો ઉત્સાહ હોય ? મહામુનિઓના તેવા ઉપસર્ગમાં તમને ઝટ ગભરામણ થાય છે, 'હાય ! આ તો કેમ સહન થાય ? અને આવું ભયંકર સહવામાં તે ઉછરંગ હોતો હશે ?' પરંતુ દુનિયાના પણ આવા ચંદ્ર જેવાના દાખલા જુઓ-વિચારો તો લાગશે કે,

**કષ્ટમાં ઉછરંગ ક્યારે થાય ? :-**

**કોઈ ચોક્સ લક્ષ્યની લગની લાગ્યા પછી એ સિદ્ધ કરનારા ઉપાય ભલેને કઠિન હોય, ભારે કષ્ટ-ત્રાસભર્યા હોય, તો ય એ આદરવાના ઉછરંગ છે, આદરવામાં જરાય ગભરામણ નથી થતી.** મોક્ષપ્રાપ્તિનું, આત્મસંશોધનનું, અને કર્મક્ષયનું પાકું લક્ષ્ય બંધાઈ એની લગની લાગી જવી જોઈએ. પછી એના ઉપાયભૂત કષ્ટમય અનુષ્ઠાનોમાં પણ ભારે ઉત્સાહ અને ખંતથી પ્રયત્ન થાય છે.

**આત્માને ખડતલ બનાવો :-**

**જીવનની નદી વહી ચાલી છે. એને કદાચ આખી નહિ તો ય એમાંથી અમુક નહેરને મોક્ષમાર્ગની કષ્ટમય સાધનાના ક્ષેત્ર પર વહેવડાવવાની જરૂર છે.** એ કરવાથી આત્મા ખડતલ બને છે. સુંવાળી સાધનામાં ખડતલ નહિ બનાય. સાધના



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કરતાં, તન, મન, ધન વગેરે જે કોઈ સંપત્તિ મળી છે તેનો ભોગ આપવો જોઈએ. **જીવને એમ થાય કે હું સાધના કરી રહ્યો છું તેમાં તન-મન-ધનનો ઘસારો ઉપાડી રહ્યો છું, તો આત્મા ખડતલ બને** અને એથી ઊંચી ઊંચી સાધનાઓના પરાક્રમ ખેડી શકે. આ બધુંય શક્ય છે હોં, પણ મૂળમાં મુખ્ય લક્ષ્યની લગની લાગવી જોઈએ.

**એક વાર સમુદ્રમાંથી બચ્યામાં સંકેત :-**

ચંદ્રને લગની લાગી છે તેથી પર્વત પર સડસડાટ ચઢી જઈ એક મોટી શીલા પર ચઢી આપઘાત માટે નીચે પડતું મૂકવાની તૈયારી કરે છે. કેવી દુર્દશા ! માનવજીવનનો સર્વનાશ સર્જવા તૈયાર થયો છે ! એને એ વિચાર નથી આવતો કે- 'આ હું, સમુદ્રમાં વહાણ ભાંગીને કટકા થઈ જવા છતાં તરવાનું પાટિયું પામ્યો, બચ્યો અને સમુદ્રના કિનારે આવી પહોંચ્યો, એમાં ભાગ્યનો મને જીવતો રાખવાનો અને માનવપણાના ફળ પમાડવાનો કોઈ ગૂઢ સંકેત લાગે છે !' નહિતર ત્યાં જ કેમ ડૂબી ન મરત ? કહે છે ને કે **'અણી ચૂક્યો સો વરસ જીવે !'** માટે આપઘાત નકામો છે ! આ વિચાર નથી માટે આપઘાત કરવા તૈયાર થઈ ગયો છે.

**વસ્તુના એંધાણ પરખીને ચાલો :-**

માણસ જો એટલું દેખે કે- **'અમુક અમુક બાબત બની ગઈ, અગર બની રહી છે, એ આ-આ સારી-નરસી વસ્તુની સૂચક છે,' તો પછી સારી વસ્તુને અનુકૂળ અને નરસીને પ્રતિકૂળ વર્તાવ રાખે, પણ એથી ઊલટું નહિ.** પરંતુ આ નથી જોવાતું માટે નુકશાનકારી પ્રવૃત્તિ કરાય છે. બાકી **જીવનમાં બનતા બનાવો એ તો કેટલીયવાર સારા-નરસા ભાગ્યના સૂચક હોય છે, સારી-નરસી આગાહી કરે છે.** એના પર લક્ષ રખાય તો કેટલાય હિતને વિકસાવી શકાય અને અહિતને સંકોચી શકાય.

**સટોડિયા પાયમાલ કેમ થાય છે ? :-** એક, બે, ચાર વારના ખોવાના પ્રસંગમાંથી કમ ભાગ્યની એંધાણી પરખતા નથી માટે.

**ક્યારેક કોઈ સારો માણસ** મળી ગયા પછી સારા લાભને અનુકૂળ વર્તવામાં કેમ ખામી રખાય છે ? એ જોવાતું નથી કે 'મને આવો સારો માણસ અચાનક કેમ મળે ? એને અકસ્માત્ કેમ મારી સાથે વાત કરવાનું બને ? જરૂર આમાં કોઈ શુભ ચિહ્ન પડેલા છે. તો આમને હું સારી રીતે વધાવી લઉં.'

શુકન, મુહૂર્ત, અંગસ્ફુરણ, સહજ ત્રાહિતના સહજ શબ્દોનું શ્રવણ વગેરે કેઈ નિમિત્તો શુભ-અશુભની એંધાણી આપે છે.

પથારીમાંથી સવારે ઉઠ્યા અને અજીર્ણનો ઓડકાર આવ્યો, એ શું છે ?



પેટની અસ્વસ્થતાનું સૂચન. હવે જો એના પર ચેતી જાય અને ભોજનનો ત્યાગ કરે તો અજીર્ણનું આગળ પૂછડું ન ચાલે. પણ ઠેકાણું પડતું આવે.

એમ, પરોઢે સારું સ્વપ્ન આવ્યું અને જાગ્યા, પછી સારી પ્રવૃત્તિ રાખે તો લાભ સારો થવાની વકી રહે.

એવી રીતે સ્નેહી-કુટુંબીના મુખમાંથી જો અરુચિભર્યો શબ્દ નીકળ્યો, તો તરત સમજી લેવું જોઈએ કે આમના દિલમાં ઉદ્વેગ, અસદ્ભાવ જેવું થયું લાગે છે; માટે હવે એ શમી જાય એવી પ્રવૃત્તિ કરવી. એમ જો કરાય તો મામલો સુધરી જાય.'

વાત આ છે કે **જીવનમાં બનતા બનાવોના એંધાણ પરખો, અને એ પરથી આગળની પ્રવૃત્તિ-નિવૃત્તિ ઘડો.** એથી જીવન જીવવાની મઝા આવશે ! કેમકે કેઈ અનર્થોથી બચી જવાશે, અને કેઈ કલ્યાણના દ્વાર ખુલ્લા થશે !

**જીવતર કંટાળાભર્યું ક્યારે લાગે છે ?** ડગલે પગલે અણગમતું બનતું હોય અને મનગમતું થોડે અંશે પણ ન બનતું હોય તો જ ને ? અલબત, એમાં પૂર્વકૃત કર્મના ઉદય કારણ હોય છે, પરંતુ પહેલાં આપણે કહી આવ્યા છીએ તેમ કેટલાંય કર્મોને તો નિમિત્ત આપીને જગાડવામાં આવે છે, એ ન ભૂલતા; અને મહાન નિમિત્ત આ છે કે **બનતા બનાવો, આપણી પરિસ્થિતિ, આજુબાજુનું વાતાવરણ, ઉપસ્થિત થતા સંયોગો, સ્નેહી-સંબંધીના પલટાતા દિલ, ઇત્યાદિની સૂચિત થતા ભાવને આપણે લક્ષમાં લેતા નથી અને ઊંધી પ્રવૃત્તિમાં દોડ્યા જઈએ છીએ એથી પછી અનિષ્ટ ઊભાં થાય છે, અને ઇષ્ટ દૂર રહે છે.** એથી જીવન ભારે નિરાશા, ખેદ અને કચવાટભર્યું ન થાય તો બીજું શું થાય ?

**ચંદ્રને રોકવા 'સબૂર' ! :-**

શ્રેષ્ઠિપુત્ર ચંદ્ર સમુદ્રમાંથી બચી ગયાના સંકેતને નહિ સમજતો અત્યારે પર્વત પરથી નીચે ખીણમાં પટકાઈ-છુંદાઈ મરવા તૈયાર થયો છે. ત્યાં પાછળથી અવાજ આવે છે, 'સબૂર !' આને થાય છે કે, વળી આ વિઘ્ન ક્યાં આવ્યું !'

**ઈચ્છા ને મરવા માત્રથી ધાર્યું મળે ? :-**

એ તો મનમાં એ કામના રાખે છે કે- 'મરીને આગળના જીવનમાં દુનિયામાં મહાન નામ કાઢું ! ને આખી દુનિયા મને સન્માને !' કેમ જાણે ફરી તરત મનુષ્યભવ મળશે, અને એ પુણ્યાઈને યોગ્ય સુકૃત વિના જ ખાલી ઈચ્છવા તથા પટકાઈ મરવા માત્રથી એવી વિશ્વ વ્યાપી નામના અને લોક-સન્માન મળી જશે ! મળે ? એમ મળતું હોય તો તો જિંદગીભર પાપાચરણ, જુલ્મ, ને અનાડીપણું



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

વગેરે કરીને અંતે આટલું કરી લે એટલે પત્યું ! બધાં દુષ્કૃત્યો માફ ! પણ એવું નથી. સુકૃત વિના દુન્યવી સુખ-સૌભાગ્ય અને સન્માન-સુયશ મળવા ક્યાં નવરા પડ્યા છે ? આ બધું ખૂબ જોઈતું હોય તો દેવ-ગુરુ-ધર્મની સાધનાના ખૂબ ખૂબ સુકૃતો આચરો, પરમાર્થ સેવો, ઇન્દ્રિયો અને મનના સ્વેચ્છાચાર અટકાવો.

પણ આ બધું ન બનવામાં કારણ જોશો તો પેલી આધિ-વ્યાધિ-ઉપાધિના તોફાન જ દેખાશે. ત્યાં એટલો વિચાર નથી કે **આધિ-વ્યાધિનાં તોફાનમાં સુખનું સંગીત બજી રહ્યું છે કે સંતાપના આર્તનાદ ઉઠી રહ્યા છે ? આનંદના સુખદ શ્વાસ ચાલી રહ્યા છે કે ઉદ્વેગના નિસાસા નંખાઈ રહ્યા છે ?** ચંદ્ર શું કરે છે, 'સબૂર !' એવો અવાજ કોનો છે, પછી શું થાય છે, એ બધું જોવાનું છે, પણ તે પહેલાં એટલું કરવાનું છે કે આધિ-વ્યાધિ-ઉપાધિ એ સંતાપકારી છે, એ બરાબર હૈયે જચી જાય, અને આજની દુનિયાની નવી જાતની આધિઓ, લેવા-દેવા વિનાની માનસિક ચિંતાઓ, તથા વધતી જતી ઉપાધિઓ અને પાછાં એનાં ગવાતાં ગુણગાનમાં આકર્ષાઈ ન જવાય !

**હિસાબ તો તપાસો !**

આવી આધિ-વ્યાધિ-ઉપાધિની ભડભડ બળી રહેલી જ્વાળાઓનો તાપ મિટાવવાને જગતમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના સિવાય બીજું કોઈ ઔષધ નથી. અનુભવમાં હોય તો લાવો, બતાવો ! રત્નત્રયીની સાધનામાં કશી ચિંતા નહિ, ધારીએ ત્યારે ઉંઘ આવે, ત્રિવિધ તાપની પીડા નહિ. **રત્નત્રયીના શરણ વિના જીવનમાં છૂટકો નથી, બીજો ઉપાય નથી;** હોય તો બતાવો ! રત્નત્રયી એ ઔષધરૂપ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, ત્રણેય ઔષધરૂપ પણ તેમાં જોરદાર ઔષધ કહેતા હતા, આજે આ જુદું ?' જુદું નહિ અને જુદું ખરું ! સમ્યક્ત્વને જોરદાર ઔષધ કહેતા હતા એ વાત સાચી.

**સમ્યક્ત્વ એટલે ?-** 'ધર્મ પર અનન્ય શ્રદ્ધા રાખો, સંસારને અસાર માનો, સારું જે બને તે બનાવો, ન બને તે માટે અકળામણ અનુભવો. પાપને હેય માનો, ધર્મના ગુણગાન ગાઓ.'

આ સમ્યક્ત્વ, એમાં ના નહિ પણ હિસાબ તો તપાસો ? ૧૦-૧૦, ૧૫-૧૫ કે ૨૦-૨૦ વર્ષથી એમ સાંભળ્યું, માન્યું, હવે આધિ-વ્યાધિ-ઉપાધિના તાપમાં ઘટાડો થયો કે વધારો ? જો ઘટાડો નહિ, તો સમજો કે હવે ચારિત્ર એ જોરદાર ઔષધ સેવવાનું. ચારિત્ર એટલે ઓઘો જ એમ નહિ, ઓઘો લેવાય તો સારી વાત; ન લેવાય તો વ્રત, પચ્ચક્ખાણ. વિરતિ, શાસ્ત્ર કહે છે, કેટલીકવાર **એના સારા અભ્યાસ પછી નિશ્ચય-સમ્યક્ત્વ આવે.**



**પરિગ્રહ એ આત્માની પૂંઠે પડેલી બલા છે :-**

વ્યવહારથી તો દર્શન-ઔષધ ઘણું પીધું; પણ આધિ-વ્યાધિ-વ્યાધિના તાપ વધી રહ્યા છે એને શાંત કરવાનો ઉપાય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પંચાશકમાં ચારિત્રથી બતાવે છે. પહેલા પંચાશકમાં વિશેષરૂપે ચારિત્ર લીધું; દર્શનની બહુ વાત ન કરી, જ્ઞાનનું ઘણું પિંજણ ન કર્યું, પણ લગભગ વ્રતોની જ વાત કરી. ત્યાં કહ્યું, શ્રાવક વ્રતો લે. આ શું સમજીને ? **યુગોના આધિ-વ્યાધિ-ઉપાધિના તાપોને શાંત કરવા માટે અણમોલ ઔષધ વિરતિ છે.** એ વસ્તુ નજર સામે રાખી વિચારો. વિરતિ હોય એટલે ઝટ થાય, પચ્ચક્ખાણ છે, પાછો હટ' હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મનો સ્થૂલથી ત્યાગ, પરિગ્રહું પરિમાણ, વ્રત ન હોય તો તો આધિ-વ્યાધિ-ઉપાધિના અનહદ તાપ અવશ્ય થવાના, આધિ એટલે માનસિક ચિંતા. કોઈને બજારમાં સોદાનું વલણ સારું આવ્યું, એ વખતે પરિગ્રહ-પરિમાણ વ્રત કહે છે : 'તારે એ વિચાર પણ ન થાય કે સારું થયું. પરિગ્રહને પાપ સમજ્યો છે, ત્યારે તો પરિમાણ રાખ્યું છે.'

**પરિમાણ પાપનું હોય, ધર્મનું નહિ કે આથી વધુ ન કરવો. દાન-શીલ તપ-ભાવ** એ ધર્મમાં પરિમાણ નથી કહ્યું, 'વધારે દાન નહિ દઉં, આટલું જ દેવું, તપમાં એક જ ઉપવાસ કરવાનો, વધારે નહિ' શું એમ કહ્યું ? ના. પરિગ્રહમાં કહ્યું.

**પરિગ્રહનું પ્રમાણ રાખવું એ નિષ્પરિગ્રહપણામાં પહોંચવા માટે છે. પરિગ્રહ એ આત્માની પૂંઠે પડેલી બલા છે, ડાકણ વળગી છે ડાકણ ! ડાકણ લોહી ચૂસી જાય ! પરિગ્રહ એ આત્માનું ભાવ લોહી ચૂસી જાય છે.**

**આરંભ-વિષય પરિગ્રહું મૂલ્ય જેટલા પ્રમાણમાં વધારે તેટલા પ્રમાણમાં દાન, શીલ, તપ ભાવનું મૂલ્ય ઘટવાનું. એ ઘટે તો આ વધે.**

**મિથ્યાત્વનું જોર :-**

બીજાં પાપો કરતાં પરિગ્રહનું પાપ એક દૃષ્ટિએ વિશેષ છે. એક આત્મા હિંસામાં રક્ત હોય, કોઈ જૂઠમાં રક્ત હોય, ચોરીમાં રક્ત હોય, અબ્રહ્મમાં રક્ત હોય, એ આત્મા કંગાલ જરૂર છે, પણ સાથે સાથે સમજવાનું કે એટલી અધમ કોટિના વિચારનો તે ન હોય કે જેટલો અધમ વિચારવાળો જેના હૃદયમાં પરિગ્રહ વસી ગયો હોય, તે હોય. સમરાઈચ્ચ કહાની શરૂઆતમાં કહ્યું છે, અર્થ તથા કામ બે ય અધર્મ, પણ તેમાં ય કામ કરતાં અર્થ વધારે અધર્મ છે. અર્થની લગની કામની લગની કરતાં ભૂંડી છે. કેમકે કામની વાસનામાં તેટલા ક્રૂર પરિણામ અને કાળી લેશ્યા નથી જેટલી અર્થની લાલસામાં છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**અર્થ એ લોભનો બાપ છે અને લોભ પાપનો બાપ છે :-** અઢાર પાપ સ્થાનકમાં અઢારમું મિથ્યાત્વશલ્ય મહાન છે. એક અઢારમું હોય તો સત્તર પાપસ્થાનકો ખતરનાક છે, પણ જો મિથ્યાત્વશલ્ય ન હોય તો આત્મા એટલો સંસારમાં રૂલે નહિ.

**સત્તરનું જોર :-**

આમ જોર મિથ્યાત્વશલ્યનું છે. પણ સત્તરમાં એ જાતિનું જોર છે કે **એ સત્તર જીવનમાં જો વધારે કૂદતા-મહાલતા થાય, તો એ દૂર બેઠેલા અઢારમાને પોતાની પાસે લાવીને બેસાડે.** મિથ્યાત્વ-શલ્ય, સલામત હોય તો સત્તરે પાપસ્થાનક કે તેમાંનું કોઈ પણ આત્માનું સત્યાનાશ વાળે. હિંસા હોય તથા સાથે મિથ્યાત્વ હોય તો શું થાય ? બેફામ કત્લેઆમ. જગત પર હત્યાકાંડ મચ્યા તે એથી. દુશ્મનને શું નબળા માત્રને બેસાડી દેવા, બસ એક લગની ! મિથ્યામતિના યોગે ત્રણ લાખની વસ્તિવાળા શહેરનો વસ્તિ સાથે બોંબમારાથી સંહાર થયો !

**મહત્ત્વ મિથ્યાત્વના ત્યાગનું છે :-**

મિથ્યાત્વ હોય તો સત્તર કે તેમાંનું એક પણ પાપસ્થાનક આત્માનો કચ્ચરઘાણ વાળે. સત્તર હોય કે તેમાંનું એક હોય પણ મિથ્યાત્વ ન હોય તો એટલો કચ્ચરઘાણ ન નીકળે. હિંસા ખરી પણ મિથ્યાત્વ નહિ એવા દૃષ્ટાંતો વિચારો. મહાશ્રાવક ચેડા મહારાજા જેવા યુદ્ધમાં ઉતર્યા છે, બાહુબલી જેવાએ ભરત સામે સંગ્રામ ખેલ્યા છે. વેપાર હિંસાનો કે બીજું કાંઈ ? યુદ્ધમાં સગા ભાઈની સામે ઉતરીને બાહુબલી એવા લડ્યા કે જોનારનાં કાળજાં કંપી ઉઠે. એવી હિંસામાં પડે છતાં મિથ્યાત્વશલ્ય ન હોય તો પરિણામ શું ? એ પાપ આત્માનું એવું સત્યાનાશ ન કાઢે. ઊંધો અર્થ ન કરતા, ન સમજતા કે મહારાજે હિંસાનું મહત્ત્વ ગાયું. મહત્ત્વ હિંસાનું નથી, મિથ્યાત્વના ત્યાગનું છે.

**પાપસ્થાનકથી ધર્મ ન થાય :-**

એમ બાર મહિના સુધી બાહુબલી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. અભિમાનથી ? ના. ઉપદેશમાળામાં શ્રી ધર્મદાસગણિ મહારાજ કહે છે, - **જો ધર્મ મદથી થતો હોય તો બાહુબલીને ભયંકર જંગલમાં તપ કરવાની જરૂર નહોતી, બીજા ઘણા પ્રકાર હતા. એ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા, ટાઢ-તડકો એમણે વેઠ્યો તે પરિણામ મિથ્યાત્વના ત્યાગમાંથી જન્મ્યું હતું, નહિ કે અભિમાનમાંથી.** માન્યું કે- 'મારા નાથે કહ્યું છે કે ચારે આહારનો ત્યાગ કરાય, જમીન પર બેસવા સરખાની વાત નહિ, ઘોર ગરમી કે કાતીલ ઠંડીમાં પણ કાઉસ્સગ્ગ ધ્યાનથી ન ચૂકાય, જગતની માયાનો ઉત્તર પણ ન દેવાય, કોઈ મારવા આવે તો ચસકાય પણ નહિ, તો



કેવલજ્ઞાન થાય.' **કહો, બાહુબલીનું કાઉસ્સગ્ગ ધ્યાને રહેવું એ અભિમાનથી છે કે મિથ્યાત્વશલ્યના ત્યાગથી ?** એમણે શું કર્યું, જરા વિચારો ! બાર બાર મહિના કેવી રીતે ઊભા રહ્યા ! શરીરે વેલડીઓ વીંટાણી, દાઢું વધાર્યું તેમાં ચકલાંએ માળા ઘાલ્યા, સિંહાસને બેસનાર એક વખતના ફક્કડલાલ બાહુલીની કાયામાં (દાઢીમાં) પંખેરા માળા ઘાલે છે.

શરીરની શુશ્રૂષા કરતા નથી, સારસંભાળ લેતા નથી; શું આ અભિ-માનથી ? ના. અભિમાન તો પાપસ્થાનક છે. એણે તો માત્ર નાના ભાઈ પાસે નમવા જવાથી અટકાવ્યા. બાકી ચારિત્ર લઈ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા, એ તો પ્રચંડ ધર્મ-ધગશથી, ગર્વ તો પાપસ્થાનક છે, પાપસ્થાનકથી ધર્મ ન થાય. ધર્મ તો મિથ્યાત્વના ત્યાગથી થાય. તુલનામાં પાપને મહત્ત્વ ન આપતા.

**ભરતે અન્યાય કર્યો ત્યારે બાહુબલીએ મૂઠી ઉગામી હતી ! :-**

એજ બાહુબલી યુદ્ધમાં હિંસા કરતા હતા પણ મિથ્યાત્વ નથી, એટલે હિંસાના વ્યાપારમાં પણ મિથ્યાત્વના ત્યાગે, એના તાલ પર ટકોરો માર્યો, હૃદયમાં જઈને ભંભા વગાડી-'હાં-હાં, ભાઈને મારવા ઊભો થયો ?' યુદ્ધમાં એ કેવા સમર્થ હતા ! છતાં મિથ્યાત્વશલ્ય નથી તો એ ભાઈને મારવા ઊભો થયો ?' યુદ્ધમાં એ કેવા સમર્થ હતા ! છતાં મિથ્યાત્વશલ્ય નથી તો એ ભાઈને મારવા ઊભા રહે ? કરોડોની મેદની જોઈ રહી હતી, દેવતાઓ જોઈ રહ્યા હતા, એમને ભય હતો કે હવે બાહુબલીની મૂઠીથી ભરતનું શું થશે ! ભરત ન જીવે !' ભરતના દંડે બાહુબલીનો મુગટ માત્ર તૂટે છે, જ્યારે બાહુબલીના દંડે ભરતના કવચ તૂટે છે. ભરત પણ ચક્રી છે, એમના ફટકાથી બાહુબલી જંઘા સુધી જમીનમાં ખૂંચી જાય છે. જ્યારે બાહુબલીના ફટકાથી ભરત કંઠ સુધી ખૂંચી જાય છે. એજ બાહુબલી એજ ભરતને દડાની જેમ આકાશમાં ઉછાળે અને નીચે પડતાં ઝીલે. આવા વિજયી બાહુબલીએ ભરતે જ્યારે અન્યાય કરી ચક્ર ફેંક્યું ત્યારે બાહુબલીએ મુઠી ઉગામી. શું હવે કલ્પના ન આવે કે આ મુઠી પરાક્રમ શું કરશે ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

## ૩૪ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**ભરત ભૂલ્યા ભરોસે :-**

**પ્ર.**- સમજુ ભરતે ચક્ર ફેંકવાનો અન્યાય કેમ કર્યો ?

**ઉ.**- માટે જ જ્ઞાની કહે છે, મોહરાજાના ખેલ અનેક પ્રકારના છે. ભરત ભરોસે ભૂલ્યા ! એમણે ધાર્યું હતું, ચક્ર પાછું નહિ ફરે, એને જોઈને કાં તો સામો વશ થઈ જશે, કાં ચક્ર તેનો નાશ કરશે. લોભને લઈને વિશ્વાસે રહ્યા, એટલે બીજું ન સૂઝ્યું. ચક્ર છોડ્યું !

**શું તારી મુક્તિ જુદી છે ? :-**

પાર્શ્વનાથ ભગવાનના ચાર સાધુને કોઈ કેવળી મળ્યા, તેમણે પેલાઓના પ્રશ્ન ઉત્તરમાં કહેલું, 'તમે ચરમશરીરી છો, આ ભવમાં જ મોક્ષે જશો.' હાથમાં રજોહરણ છે એવા આ ચાર સાધુને આ સાંભળીને શું વિચાર આવ્યો ? કર્મના મેલને જલદી દૂર કરવાનો ? કર્મના સદંતર ફુરચા ઉડાડવાનો ? ના. 'છ માસી તો કરી છે, બાર માસી કરી લેવા દે, જ્ઞાનીએ આ ભવમાં મુક્તિ કહેલ છે, ચરમશરીરી કહેલ છે, એટલે કાયા પડવાની નથી એ તો નિર્ધાર છે.' આવું કાંઈ સૂઝ્યું ? ના. પોતે ચરમશરીરી હોવામાં, એજ ભવમાં મોક્ષે જનારા હોવામાં, જ્ઞાનીએ મહોર છાપ મારી છે માટે ચાર સાધુઓએ શું એવો વિચાર કર્યો કે, બારમાસી થઈ જાય ? ના, ત્યારે ? 'જ્ઞાનીએ આ ભવમાં મોક્ષે જનારા છીએ, ચરમશરીરી છીએ, એવી મહોરછાપ મારી છે, તો પછી હવે સંયમ પાળવાનું કષ્ટ વેઠવાની જરૂર શી ?' આવો વિચાર કરી એ ચાર સાધુ વેશ મૂકી ઘરે ગયા છે, પતિત થયા છે ! ત્યારે તો રહનેમિને રાજિમતીએ કામાસક્ત જોઈ જ્યારે કહ્યું કે, 'આવું ચારિત્ર પામીને, કિંપાક ફલ જેવાં ઝેરી વિષય-સુખોની કામના શી કરો છો ?' ત્યારે એના જવાબમાં રહનેમિએ 'ઘરે જઈને ય મોક્ષે જઈ શકાય છે.' એવો જવાબ આપ્યો છે. પોતે ભગવાન શ્રી નેમનાથ સ્વામીની દેશનામાં કદી સાંભળ્યું હશે કે- 'ભવિષ્યમાં પાર્શ્વનાથ ભગવાનના ચાર શિષ્યો, તેમને કોઈ કેવળી ભગવાન ચરમશરીરી તથા તદ્ભવ મુક્તિગામી હોવાનું જણાવશે, ત્યારે આવી કેવળીની મહોર છાપ જાણી એ સંસારમાં જશે. એવા ય પણ પછી ફરી સંયમ લઈ અંતે એજ ભવમાં મોક્ષે જશે. રહનેમિએ રાજિમતીને કહ્યું.



**'શી કરો તો પાર્શ્વપ્રભુ અણગાર જો, ઉપદેશ ઘર છંડી થશે મુનિ ચાર જો,**
**તે ભવ મુક્તિ સુણીને કિમ જઈ ઘરે વસ્યા જો ?'**

એ આ દૃષ્ટાંત આગળ ધરી કહે છે, 'આવાની પણ મુક્તિ થાય, માટે મૂકી દે સંયમ, તું યુવતી, હું યુવાન ! મોજ કરીએ. મુક્તિ આથી કાંઈ અટકવાની નથી.'

**મોહના પ્રકારોના નાટકોનો પાર પામી શકાતો નથી :-**

પ્રશ્ન થશે કે-'ચરમશરીરી સાધુને, પોતાનું ચરમશરીરીપણું તથા તદ્ભવમુક્તિગામીપણું કેવળીના મુખે સાંભળી ઘરે જવાનું મન થાય, એ કેમ બને ?' પણ મોહના ઉદય વિચિત્ર છે એટલે એમ બન્યું ! રહનેમિ એટલે કોણ ? તીર્થંકર ભગવાન નેમનાથ સ્વામીના ભાઈ, રૂડું ચારિત્ર પાળી રહ્યા છે, ચરમશરીરી છે, એને સાધ્વી રાજિમતી સાથે વિષયસુખ ભોગવવાનું મન કેમ થાય ? રાજિમતી એટલે ઉત્તમ સાધ્વી ! એટલા માટે જ જ્ઞાની કહે છે કે, મોહના નાટકોના પ્રકારનો પાર પામી શકાતો નથી. દુનિયામાં અદ્ભુત પ્રકારો પડેલા છે. દોષમાં બેઠેલા માનવીને અસર થતાં વાર શી ? રાજિમતી મોહરાજાના નાટકનું રહસ્ય સમજનારી હતી, એટલે રહનેમિએ ગમે તેમ લલચાવી પણ એને અસર ન થઈ, ઊલટું ઉપદેશ દઈ રહનેમિને પણ પાછા માર્ગસ્થ કર્યા ! ભરત જેવા અન્યાયથી ચક્ર મૂકે એ પણ મોહનો પ્રકાર. મોહના અનેક પ્રકારોના નાટકોમાંનું એક એ. આપણે એ બોધપાઠ લેવાનો છે કે **દુન્યવી સંયોગોનો વિશ્વાસ કરવા જેવો નથી કે ક્યારે એ કેવા મોહમાં ફસાવે.**

અન્યાયનો માર્ગ એ ન્યાયસંપન્નતા નામના પ્રથમ માર્ગાનુસારી ગુણનો ઘાતક છે. ઠરાવેલા યુદ્ધ કરતાં દૂર થઈ, ન્યાયનો પરિહાર કરી ચક્ર મૂક્યું, અન્યાયનો માર્ગ લીધો તે પરિણામ શું આવ્યું ? એ જ કે બાહુબલી ગુસ્સાથી મૂઠી મારવા દોડ્યા ! એ પણ મોહવશ તો થયા, પરંતુ મિથ્યાત્વ નહોતું તો બુદ્ધિ ફેરવી. એ મુષ્ટિથી કેશ લોચ કર્યો, કાઉસ્સગધ્યાને પોતે ઊભા રહ્યા એટલે એમના ચરણે પડી ભરતને રોવું પડ્યું. ભરત રોયા એ સારું, છતાં પ્રશ્ન એ કે, આ કેમ બન્યું ? લડાઈ પતી ગઈ, ભરત ભરતને ઘેર, બાહુબલી બાહુબલીને ઘેર, પગમાં પડીને રોવાનું કેમ બન્યું ? કહો એમને ય ભાન હતું. **અન્યાયના માર્ગથી આત્માના હિતનું લિલામ છે.**

**સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ-એ ત્રણ રત્નો છે; માર્ગાનુસારી ગુણોનું લિલામ થાય તો ત્રણે રત્નનું લિલામ થતાં વાર નહિ લાગે. આ વાત ન ભૂલશો.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**દિલ્હી હજી દૂર છે ! :-**

માર્ગાનુસારીના ગુણો એમને એમ નહિ સચવાય. એ સાચવવા ભોગ દેવો પડશે. તનનો ભોગ એટલે કે કાયકષ્ટિ ઉઠાવીને ગુણ સેવવાનો. મનનો ભોગ એટલે કે ગર્વ, કંટાળો વગેરે દૂર કરીને અને બુદ્ધિ ખરચીને; તેમ લક્ષ્મીનો, માનપાનનો ભોગ આપીને ગુણ સચવાય. માતાપિતાની ભક્તિ કરવી, પૂજા કરવી એ માર્ગાનુસારીનો ગુણ છે. હવે માતા-પિતા જરા કડવું સંભળાવે અને અક્કડ થઈ જાય તો ગુણ ટકે ? ગુણ સાચવવો હોય તો, એક જ વાત, માતાપિતા કહે તે સાંભળે, ઉપકાર માને અને પૂજા-ભક્તિ કરવાનું ય ચાલુ રાખે. એવો આત્મા જો ચારિત્ર પામે, એને ગુરુ જરા ટોણો મારે તો માને કે 'ફૂલના મેહ (મેઘ) વરસે છે !' **શિક્ષાવચનોરૂપી ફૂલના મેઘથી પ્રમાદરૂપી દુર્ગંધ દૂર થાય છે, અને આત્મામાં આરાધકભાવનું સુગંધ સુગંધમય વાતાવરણ બને છે.** ગૃહસ્થપણામાં એ ગુણ ખીલવ્યો ન હોય અને અહીં આવીને બેસે, પછી ભૂલેચૂકે ગુરુએ કાંઈ કહ્યું તો જોવા જેવું જ થાય ને ?

**રત્નત્રયીની આરાધનામાં માર્ગાનુસારી ગુણો મહાન મદદગાર છે.**

આ ભાન હોય તો રત્નત્રયીની જેમ માર્ગાનુસારી ગુણોનો ભારે ખપ કરે. જો એમ ન બને તો દિલ્હી હજી દૂર છે.

**ચારિત્ર વિના આધિ-ઉપાધિ મટે શી રીતે ? :-**

વાત એ છે કે આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપની શાંતિ કરવા માટે રત્નત્રયી સમો ઠંડા પાણીનો ઝરો કોઈ નથી. એ રત્નત્રયીમાં ચારિત્ર ઘણું પ્રબલ ઔષધ છે, બહુ જરૂરી છે. સમકિત સારું, પ્રબલ સમકિત હોય એ વધારે સારું, પણ ચારિત્ર વિના આધિ-ઉપાધિ મટે શી રીતે ? એટલા જ માટે આ વારંવારનો ઉપદેશ, કે વ્રતોમાં આવો, તપ કરો, જપ કરો, ત્યાગ કરો, વ્રત-નિયમ-પચ્ચક્ખાણ કરો, ઉત્તમ પ્રકારના ચારિત્રના ભાવ કેળવો, ઉચ્છૃંખલ જીવનનો ત્યાગ કરો. વ્રતાદિના બંધન વિનાનું જીવન એ જંગલી જીવન છે, ગમે તે આધિ-ઉપાધિના જંગલમાં ગમે તેમ વિચરનારું જીવન છે; ત્યારે બંધનવાળું જીવન એટલે શહેરી જીવન છે. વીતરાગનું શાસન પામીને તો જીવન ઓછે વત્તે અંશે પણ વ્રત-નિયમાદિની શ્રૃંખલાથી બદ્ધ હોય; રખડતું છૂટું ન હોય. 'અઢારમું પાપસ્થાનક ન હોય તો સત્તર પાપસ્થાનક એટલું નુકશાન ન કરે,'- એ વાતની સાથે એ વાત પણ ધ્યાનમાં રાખવી કે- 'વ્રતનિયમાદિ પવિત્ર આચારોના અભાવે જો સત્તર પાપસ્થાનકોનું જોર વધી જાય તો નાસી ગયેલા મિથ્યાત્વને સહેલાઈથી નોતરી લાવીને બેસાડે.'



**દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી દર્શન :-**

જોવા જેવું છે કે ચારિત્ર વિના કેઈક સમકિતી ચોથે ગુણઠાણેથી પહેલે મિથ્યાત્વે પટકાઈ ગયા, અને સમકિત વિના કેઈ ચારિત્રી છટ્ઠે ગુણસ્થાનકેથી પહેલે પટકાઈ ગયા. જીવનમાં બંનેની જરૂર છે. સમ્યક્ત્વ એટલે દર્શન, એની પહેલી જરૂર. પરંતુ એ જગાવવા માટે પણ ચારિત્રની વિવિધ સાધનાઓ કરવી આવશ્યક છે. 'મારામાં હજી સમ્યક્ત્વ જ ઝળહળતું નથી, તો હું ધર્મસાધનાઓ કરીને શું કરું ?' એમ માની ધર્મસાધનાઓને મૂકી નથી દેવાની. સમ્યક્ત્વ માટે પણ એ આરાધવાની છે. સમ્યગ્દર્શનના ઉદ્દેશથી સાધેલી ધર્મક્રિયાઓ અને વ્રત-નિયમાદિ સફળ બને છે, સંસાર ટૂંકાવી આપે છે. આધિ-વ્યાધિ-ઉપાધિઓના હલ્લા મોળા પાડી દે છે.

આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ દૂર કરવા હોય તો સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રને સેવો. એ ક્રમશઃ એકેક એકેકનું ઔષધ છે, અને ત્રણેયનું પણ ઔષધ છે. એનો આપણે વિચાર કરીએ.

**ત્રિવિધ તાપનું ઔષધ સમ્યક્ત્વાદિ શી રીતે ? :-**

આધિના તાપમાં માનસિક ચિંતાઓ, કલેશો, કુવિકલ્પો, દુર્ધ્યાન...એવું બધું આવે છે. સમ્યગ્દર્શનની ઉપાસનામાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આવે છે. **શમ એટલે કષાયોના ઉકળાટનું ઉપશમન. એનાથી ઘણા કલેશ શમી જાય છે.** કૃષ્ણ વાસુદેવને જંગલમાં જરાકુમારનું બાણ વાગ્યું છે, અને મરણની પીડા ઉપડી છે. એ માનસિક કલેશ કેટલો કરાવે ? પરંતુ એમની પાસે સમ્યગ્દર્શન છે તેથી કલેશ ન કરતાં પોતાના કર્મને જવાબદાર ગણી કર્મની નિંદા કરે છે, અને જરાકુમારને બળરામજી આવી મારે નહિ માટે કૌસ્તુભ મણિ લઈ તરત ભાગી જવા કહે છે.

**પ્ર.- આવું હતું તો પછી પાછળથી ભાવના કેમ ફરી ? સમ્યગ્દર્શન તો હતું જ.**

ઉ.- સમ્યગ્દર્શન તો હતું જ પરંતુ સાથે લેશ્યા બગાડી. કૃષ્ણ લેશ્યાને ઊભી કરી. એટલે કામ બગડ્યું. એમ પણ કહેવાય કે ચારિત્રનો અભ્યાસ નહોતો તેથી એટલી દીર્ઘ ક્ષમા ક્યાંથી લાવે ? બાકી સમ્યગ્દર્શને એટલું તો કામ જરૂર કર્યું કે જરાકુમારને મોકલી દેવા સુધીમાં ચિત્તકલેશ ન કર્યો.

**સમ્યક્ત્વના પાંચલક્ષણથી આધિ કેમ મટે ? :-**

**સમ્યગ્દર્શન જ શમ-સંવેગાદિ ગુણોને અવકાશ આપે છે, એ ચિત્તમાં એવી સચોટ સમજો ઊભી કરી દે છે કે ત્યાં પછી તેવી આધિને સ્થાન મળવું મુશ્કેલ બને છે.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**શમ** એટલે કે ઉપશમ ભાવ આવવાથી ક્રોધાદિ કષાયમય આધિને મોળી પાડી દે છે.

**સંવેગ** એટલે કે મોક્ષ-પ્રીતિ અને ધર્મરુચિ મોક્ષ અને ધર્મની ચિંતા રખાવે છે તેથી બીજી ચિંતારૂપ આધિ ક્યાંથી કૂદાકૂદ કરી શકે ? ત્યારે

**નિર્વેદમાં** ભવવૈરાગ્ય, વિષયવૈરાગ્ય આવે, એ સંસાર અને ઇન્દ્રિયવિષયોના પક્ષપાતથી થતી આધિને શાની ઊભી રહેવા દે ?

**અનુકંપામાં** તો ચિત્ત દયાથી તરબોળ છે, ત્યાં હિંસાદિના કલેશ ક્યાંથી મહાલી શકે ? અને

**આસ્તિક્ય ગુણમાં જિનવચન પર અનન્ય શ્રદ્ધા ઝળહળે છે, તો જિનવચને ત્યાજ્ય બતાવેલી વાતોની ખેંચતાણ કે શિરફોડી શું કામ કરે ?** એમ આસ્તિક્યમાં એ ષટ્ (છ) સ્થાનનો વિશ્વાસ આપે છે કે (૧) આત્મા છે, (૨) એ નિત્ય છે, (૩) કર્મનો કર્તા છે, (૪) કરેલાં કર્મ પોતાને જ ભોગવવા પડે છે, (૫) એનો મોક્ષ પણ છે, અને (૬) મોક્ષના ઉપાય પણ મોજુદ છે,' આવાં ષટ્ (છ) સ્થાનની પાકી શ્રદ્ધા બેઠી હોય, તો વિચારો કે એ કેટકેટલા ચિત્તકલેશોને અર્થાત્ કેટકેટલી આધિને દૂર રાખી શકે !

**સમ્યક્ત્વનાં ષટ્ સ્થાન પર આધિ કેમ ટળે ? :-**

જીવનમાં જોશો તો દેખાશે કે પોતાના ને બીજાના આત્માના એ ષટ્સ્થાનની ખરેખરી દૃઢ પ્રતીતિ અસ્થિમજ્જા નથી વસી હોતી, એટલે જ જડ પુદ્ગલના વિશ્વાસે જીવને કૂટાઈ મરવાનું થાય છે. '**આત્મા જેવી સ્વતંત્ર વસ્તુ છે** અને તે પોતે છે. તેમજ એની સાચી સંપત્તિ તો વિશુદ્ધ જ્ઞાનાદિ ગુણો છે, બાકીનું બધું ધનમાલ વગેરે તો બાહ્ય અને પારકું છે' આવી શ્રદ્ધા બેઠા પછી તો ધનમાલ વગેરે અંગેની કેટલીય આધિ ઓછી થઈ જાય. મનને થાય કે 'કોની વેઠ કરું ? મારા આત્માની કે પારકાની ?' (૨) '**આત્મા નિત્ય છે,** પરલોકમાંથી ફરતો ફરતો અહીં આવેલો અને અહીંથી દીર્ઘ ભાવીકાળમાં અવશ્ય જનારો-આ શ્રદ્ધા ઉપર પણ આધિ ઘટવાને અવકાશ છે, કેમકે માનસિક આધિ માટે મોટે ભાગે વર્તમાન જડ પદાર્થો અને કાયા અંગે થાય છે. ત્યારે નિત્ય આત્મા પર દૃષ્ટિ કેન્દ્રિત થઈ એટલે પછી એનો હિસાબ મુખ્ય બની જાય અને વર્તમાન જડ સંયોગ તો એક મુસાફરખાનાના સંબંધો જેવા લાગે.' (૩-૪) '**આત્મા કર્મનો કર્તા-ભોક્તા છે**' એ શ્રદ્ધા તો દુઃખમાં પોતાના પૂર્વકર્મ તરફ નજર નખાવી એટલું બધું આશ્વાસન આપે છે કે પછી બહારની વસ્તુ વ્યક્તિના વાંક કાઢવાનું અને એની આધિથી પીડાવવાનું રહેતું નથી. ત્યારે સુખમાં પણ પુણ્યકર્મ અને એના કારણભૂત પરમાત્મા તથા



ધર્મની ઉપર દૃષ્ટિ લઈ જઈને ઘમંડી બનતા અટકાવે છે, પાપબુદ્ધિ નથી થવા દેતા-આમ, આધિ કાબુમાં આવે છે, (૫) '**મોક્ષ છે,**' એ શ્રદ્ધા સ્વાત્માની એ અનંત ઉન્નત દશા પર મુસ્તાક બનાવી તે પૂર્વનાં સુખ-દુઃખની આધિ નથી કરાવતા; અને મન-વચન-કાયાની પ્રવૃત્તિ માત્રમાં એ મોક્ષનું ધ્યેય જાગતું રખાવી કેઈ બીજી આધિઓથી બચાવી લે છે. ત્યારે (૬) '**મોક્ષના ઉપાય છે**' એ શ્રદ્ધા જીવનનાં સાચાં કર્તવ્ય સમજાવી કેઈ ખોટી આધિથી બચાવી લે છે.

**આત્મજ્ઞાનના અભાવે દુઃખદ સ્થિતિ :-**

આજે આ આત્મજ્ઞાનની કોઈ વાત શિક્ષણમાં નથી ને ? બસ વાત છે વિજ્ઞાનની. વિજ્ઞાન શાનું ? જડનું જ ને ? એમાં આધિ કેટલી બધી વધી ગઈ ? આજે વિજ્ઞાનની પાછળ આટલી બધી ઘેલછા કેમ લાગી છે ? એની નવનવી શોધો પર કેમ ઓવારી જવાય છે ? આત્મતત્ત્વની શ્રદ્ધા હોત તો આ બનત ? ના, કેમકે આત્મતત્ત્વ શ્રદ્ધા તો મનાવે છે કે આ **જડની વધારે પડતી લીલામાં શું અહીં કે શું પછીથી પરલોકમાં, આત્માની મહાન વિટંબણા છે; આત્મહિતકારી જે પરમાત્મા અને આત્મગુણો, જે વૈરાગ્ય, દયા, વગેરે ગુણો, તથા ત્યાગ-તપસ્યાદિ ધર્મો, એને વિસરવાનું થાય છે !** એ જડલીલામાં હૈયાનાં હેત શા ઊભરાય ? તેને માટે ચિત્તના કલેશરૂપી આધિ શા સારું વહોરાય ? **જીવનમાં જરૂરી અગર આવી પડેલા ગમે તેવા ઊંચા જડસંયોગોને પણ આસ્તિક્ય ગુણવાળો આત્મા આત્મસ્વરૂપથી તદ્દન અળગા પરાયા સમજે છે, વેઠ અને વિટંબણારૂપ સમજે છે, વિનશ્વર લેખે છે, ભવવર્ધક હોવાનું જાણે છે,** પછી એની પાછળ ખોટી આધિ શું કામ કરે ? કદાચ આધિ થઈ જાય તો ય તે કેટલી મંદ હોય ! અને કેવી અલ્પ કાળ ટકનારી હોય ! **દિલમાં ખરેખરા આસ્તિક્યના વાંધા હોય છે માટે જ ચિત્તની અગણિત વિહ્વળતાઓથી વિડંબાવું પડે છે !** જડની કારમી તૃષ્ણા મૂકાતી નથી, નવનવા વિલાસનાં સાધનો તરફ હરખી ઉઠાય છે ! અને જડપદાર્થો પાછળ હિસાબ વિનાના રાગદ્વેષ, મોહ-મદ-મત્સર, માનસિક આંટીઘુંટીઓ વગેરે કેટકેટલું થાય છે !

**સમ્યગ્દર્શન શું શિખવે ? :-**

ચન્દ્રને જુઓને, એટલે જ જડનાં ચક્કર ચઢ્યા હતા ને ? સમ્યગ્દર્શનથી તાપદાયી આધિ ઓછી નથી કરી એટલે કેટલા ચક્કરે ચઢવું પડે છે ! મનને થાય છે, જેમની આગળ ઠાંસ મારીને નીકળ્યો હતો, એમની આગળ હવે દરિદ્ર સ્થિતિમાં ઊભા કેમ રહેવાય ? અત્યાર સુધી ત્રાસ વેઠ્યા એ તો વિલાપના આંસુ કઢાવે જ છે, પણ હવે તો મૃત્યુને ભેટવાના ખુનસ ચઢ્યા છે ! આંતરિક વિલાપ પણ આધિ ! અને મરવાના ખુનસ પણ આધિ !



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**પાસે સમ્યગ્દર્શન હોત તો એ શિખવત કે,**

(૧) 'ખેર ! પૂર્વે કરેલી ખોટી ધનલાલસા, ચડસ અને મમતની આધિમાં ભૂલ્યો, પણ હવે શા સારું ભૂલવું ? હવે તો માનવું કે સારું થયું કે કર્મે મારી લાલસા, ચડસ અને મમતને પોષ્યા નહિ ! નહિતર તો વળી એ ખતરનાક દુર્ગુણોમાં હું આગળ ક્યાંનો ક્યાં ય ઘસડાઈ ગયો હોત !'

(૨) 'એટલે **જે થાય તે સારા માટે. ભવિતવ્યતા બળવાન છે !** એણે મને આ અવશ્ય ભાવી વસ્તુ દેખાડીને તક આપી જાણે કહ્યું કે **'ઊભો રહે ઊભો, આ પ્રકાશભર્યા માનવ અવતારમાં ઊંધો ક્યાં ચાલ્યો જાય છે ?** લે પકડ આ સન્માર્ગે જવાની દિશા.'

(૩) **'જે અવશ્ય મૂકીને જ મરવાનું, એવા જડ પદાર્થોના કારમા મોહ અને કાળી મહેનતમાં જકડાઈ, જે પરભવે સાથે આવે એવા આત્મગુણો, સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓને કાં અવગણી રહ્યો છે ?'**

(૪) જડના ગુણો ખીલવ્યે, જડના સારા-નરસાપણાની ભાવનાઓ કેળવ્યે, અને જડ પાછળની આંધળી દોટ મૂક્યે તારો પોતાનો આત્મા વિસરાઈ ટળવળી રહ્યો છે !

(૫) અહીંનો જડ સરંજામ તો એક દિ' જશે, પણ તારા આત્માને ભાવી કાળની જે મંજીલ લેવી પડશે, એ વખતે એ જો સદ્ગુણો, સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓરૂપી ધનવાળો નહિ હોય તો એ દરિદ્રની દશા કઈ ? **અહીં જડની પાછળ કેળવેલ લંપટતા, મોહ, કષાયો, વગેરે દુર્ગુણો અને આહાર-વિષય-પરિગ્રહની કુટેવો પરભવ આત્માની સાથે લાગી જઈને કેવી દુર્દશા કરશે ? માટે,**

(૬) 'સાવધાન બન, જાગ્રત થા, ટટાર થઈ જા, **હજી માનવ-આયુષ્યનું મહાન પુણ્ય હાથમાં છે એની કદર કરી એના દ્વારા આત્મધન ખૂબ ખૂબ કમાઈ લે...'** ભવિતવ્યતા આ તક આપે છે, એમ સમજ.

(૭) વિશ્વનાં જીવ, પુદ્ગલ વગેરે દ્રવ્યો પર ઉત્પત્તિ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તાનાં નિરંતર ચાલી રહેલ અબાધિત શાસનને ઓળખ ?

(૮) **જગતનું કોઈ જ દ્રવ્ય, કોઈ જ વસ્તુ ઉત્પત્તિ, નાશ અને કાયમપણાનાં વર્ચસ્વમાંથી બાદ નથી.** તો આત્માને સંપત્તિ-દરિદ્રતા વગેરે ક્યાં કાયમ જ છે ?

(૯) **એકલો પુણ્યોદય જ કે એકલો પાપોદય જ માત્ર આવ્યા જ કરે એવું ક્યાં છે ?** કે માત્ર વિખરાઈ જ જાય એવું ક્યાં છે ? આવે છે, જાય છે, આવે છે, જાય છે... એવું ચાલ્યા કરે છે. તો પણ જ્યાં સુધી જીવે વિષય-કષાયો અને કુમતિ-કુપ્રવૃત્તિઓમાં ડૂબ્યા રહેવાનું રાખ્યું હોય ત્યાં સુધી. બાકી તો,



(૧૦) એની લત મૂકી દઈ **વૈરાગ્ય, ત્યાગ, સદ્ગુણો, સદ્ભાવનાઓ, અને બાહ્ય-આભ્યન્તર તપભર્યા જીવન બનાવાય તો એ શુભાશુભ કર્મનાં ફંદામાંથી સર્વકાળ માટે છૂટી જવાય છે.**

(૧૧) 'એ ન બને ત્યાં સુધી ઉત્પત્તિ-નાશ-ધ્રૌવ્યના મહાશાસનથી બનતી ઘટનાઓ પાછળ હર્ષ-શોકની વિટંબણા તું કાં વહોરે ?...'

**સમ્યગ્દર્શન હોત તો આવી આવી કેઈ હિતશિક્ષા અને પ્રેરણાઓ આપી હોત; અને આધિ-ઉપાધિની આધિ ઓછી કરાવી હોત !** પણ વો દિન કહાં કે મિયાં કે પાંઉ મેં જુતી ?

**'સબૂર' અવાજ ફરીથી ? :-**

ચન્દ્ર તો બિચારો માનસિક આધિના તાપમાં તપી રહ્યો છે, એટલે 'સબૂર' અવાજ તો સાંભળ્યો, જરાક ખચકાયો ય ખરો, પણ પછી પાછો વળી જુએ છે તો કોઈ દેખાતું નથી, એટલે પાછો ઝંપાપાત કરવા હાથ ઊંચા કરી તૈયાર થાય છે. ત્યાં ફરીથી તરત જ 'સબૂર' અવાજ આવે છે. એટલે પાછો ચમક્યો, મનોમન વિચારે છે, 'આ કોણ બોલી રહ્યું છે ?' પાછો વળી ચારે કોર દૃષ્ટિ નાખે છે, પણ કોઈ નજરે ચઢતું નથી. મનને એમ થાય છે કે,

**ચન્દ્રની વિચારણા :-**

'એક તો પેલો બ્રાહ્મણ મળ્યો, મરવામાં વિઘ્ન કરનારો ! ને આ ફરીથી વળી કોણ અંતરાય કરી રહ્યું છે ? ત્યારે શું હું સબુરી પકડીને ન મરું ? ન મરું તો મેં જે ઘરેથી નીકળતાં 'આપકમાઈ પરદેશથી કરી લાવવાના નિર્ધાર દેખાડેલા, તે હવે મારે કુટુંબી-સ્નેહીઓને મોં શું દેખાડવું ? નાલેશીભર્યું મુખ દેખાડવા કરતાં અહંત્વ જાળવીને મરવું સારું. માટે હું તો મરીશ.' એમ વિચારીને ઝંપાપાત કરવા સજ્જ થાય છે.

**અભિમાનની જોહુકમી :-**

અહંકાર અને અભિમાન ક્યાં લઈ જાય છે ! અહંકાર-અભિમાનવશ બાહુબલજી મુટ્ઠી ઉપાડી ભાઈને મારવા દોડ્યા ! પણ સાથે જો ભાવનાનો પુરુષાર્થ આદર્યો તો બાહુબલજી અધવચ્ચે ઊભા રહી ગયા ! એ સદ્ભાવનાના વેગમાં જે ચઢ્યા, એ પ્રસંગ બહુ વિચારવા જેવો છે.

**માણસ એકાદ વાર પાપ કરવા માટે પ્રેરાયો છતાં પાછો ફરી શકે છે જો કોઈ સદ્વિચારને મનમાં જગા આપે. નહિતર તો અભિમાન એટલી બુરી ચીજ છે કે એ અનર્થમાં ક્યાં ને ક્યાં સુધી તાણી જાય એનો પત્તો ન લાગે !** પેટ ભરવા પૂરતાં જ પાપ કરવાં પડે એ જુદી વાત, પણ **માણસ અભિમાનને પનારે પડ્યો**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**કેટલાં ય નિરર્થક નઠારાં પાપો આચરે છે ! મોટ મોટા કલેશ અને લડાઈઓ, જોશો તો જણાશે કે, અભિમાનના પાયા ઉપર મંડાયા હોય છે.**

માણસ લાખોની કમાઈ કર્યા પછી પણ જો અહંકાર કરે છે કે- 'હું બુદ્ધિમાન, મારા વેપાર સવળા જ પડે છે, બીજાને શું આવડે છે ?' તો પછી એ મોટા વેપારના જોખમ ખેડે છે અને આવેલા લાખો રૂપિયા તો શું, પણ ઉપરથી બીજા ય ગાંઠના કેટલાય ગુમાવે છે !

એમ, સમાજમાં જરા પ્રતિષ્ઠા મળી એના પર અહંકારમાં ચઢે છે તો એ પ્રતિષ્ઠાના આધારે એ લોકને ઊંધે રસ્તે દોરવવાના ગુપ્ત અનીતિ-દુરાચાર સેવવાના, શાસ્ત્રને કોરાણે મૂકવાના, ગુરુઓ તથા વિવેકીજનોને અવગણવાના, વગેરે કેટકેટલાય પાપો કરવા અચકાતો નથી !

એમ, બળનાં અભિમાન, વિદ્યાનાં અભિમાન, સમૃદ્ધિનાં-પરિવારનાં-સત્તાનાં...વગેરે કેઈનાં અભિમાન જગતના રાંક જીવને એવો ધિટ્ઠો કરી દે છે કે પછી એ ધૃષ્ટતાથી પાપનાં પરાક્રમ ખેડવા દોડે છે.

ત્યાં પછી એ ધર્મ, કુળ, ગુરુઓ, વગેરે કોઈને ગણકારતો નથી; ચંદન સમા માનવભવની સુગંધ અને શીતળતા લેવાને બદલે એને બાળીને કેવી ગરમી લેવાઈ રહી છે, ને રાખ કરાઈ રહી છે... એવું એવું એ કશું જ લેખામાં લેતો નથી. અભિમાનની આ કેવી જોહુકમી ! એને ખબર નથી પડતી કે હું આ કેવા પિશાચની સંગતિ કરું છું ! એ મારી પાસે કેવાં કનિષ્ઠ પાપ કરાવશે !

**અભિમાન શાથી ? :-**

પણ માણસ **ઘણું ખરું તો પુણ્યાઈની ઓથ ઉપર ભૂલો પડી અભિમાનની જોહુકમી માથે વહોરે છે ! અને એના પર સરવાળે પેલી પુણ્યાઈને તો ધોઈ નાખે ધોઈ નાખે, પણ ઉપરથી દીર્ઘ ભવો સુધી ચાલે એવાં અઢળક પાપનાં થોક ભેગાં કરે છે !** ભાન નથી કે- 'જે પુણ્યાઈની ઓથ પકડી આ ભયંકર સાહસ ખેડી રહ્યો છું, **એ પુણ્યાઈ તો એક આગન્તુક પરદેશી મારી સાથે થઈ ગયો છે. એની ઓથે મારી પોતાની આત્મસંપત્તિ કાં ગુમાવું ? મારા સાચા તારણહાર ધર્મને કાં કાઢી મૂકું ? શા સારું નવા પાપ-પિશાચોને ઘરમાં ઘાલું ?'**

**ધ્યાનમાં રહે કે પૂર્વે પુણ્યાઈ કમાયો હતો એ પાપના સહારે નહિ, પણ ધર્મના સહારે, દેવ-ગુરુના સહારે. હવે એમની આપેલી પુણ્યાઈ પર એમનો જ દ્રોહ કરવાનો ? આ કેવી ઊંધાઈ ?**

**સાપ જેમ દૂધ પાનારને કાટે, ને વાઘ જેમ એને અગ્નિમાંથી બચાવનારને ખાઈ જાય, તેમ હેવાન બનેલો જીવ પુણ્યાઈ દેનારા દેવ-ગુરુ-ધર્મનો એજ પુણ્યાઈના**



**જોર પર સામનો કરે છે ! વિશ્વાસઘાત કરે છે ! અથવા એમને સરાસર વિસારે મૂકે છે !**

**ઊંચા માનવભવમાં નીચા કૃત્ય શાથી ? :-**

અરે, બીજી પુણ્યાઈ તો પછી, પણ એક માનવભવ પામવાની પુણ્યાઈ ક્યાં ઓછી છે ? એના પર વિચારો કે શું ચાલી રહ્યું છે. એ પુણ્યાઈની બક્ષીસ કરનારા દેવ-ગુરુ-ધર્મને બદલે વિષય-કષાયની અને વિષયી-કષાયીની જ સેવા ને ? ઉચ્ચ ભવની પુણ્યાઈ મળી છે એના જ આધાર પર આ ને ?

કહો ને કે 'એ તો જનાવરના અવતારમાં પણ અમે આ જ કરત !'

પણ જનાવરનો ભવો ય ક્યાં એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના કરતાં અધિક પુણ્યાઈ વિના મળે છે ? છતાં ય ત્યાં તો ધર્મની સમજ નથી, વિવેકશક્તિ નથી. ત્યારે અહીં તો એ મળ્યાની અદ્ભુત વિશેષતા છતાં આ કરાય છે !

**પુણ્યાઈના પાપે -**

વળી, પશુના ભવ કરતાં તો આ માનવના અવતારે વધારે પુણ્યાઈથી મળેલી બુદ્ધિ અને સામગ્રીના જોરે **વિષયોને કેળવી કેળવીને સેવાય છે, તથા કષાયોને હોશિયારીપૂર્વક અને જરૂર પડ્યે સત્કર્તવ્યનો અંચળો ઓઢાડીને સેવવામાં આવે છે, એનું શું ? માનવભવ અને વિશિષ્ટ સામગ્રીની પુણ્યાઈના જોર પર આ જ કરવાનું ? શું કોઈ વિચાર આવે ખરો કે 'આ પુણ્યાઈ દેનારા મારા પરમ ઉપકારી અને પ્રાણ પ્યારા દેવ-ગુરુ-ધર્મનું ઋણ મારાથી કેમ ભૂલાય ?'**

અરે ! હજી આટલેથી અટકતું હોત કે જીવનમાં મર્યાદિત અને છાજતા વિષયોથી કામ પતાવાય છે, તો તો જુદી વાત હતી. પણ ના, આ તો મર્યાદા બહાર અને અણછાજતા વિષયો ભોગવવા જોઈએ છે ! નહિતર શું રુડા શ્રાવકના ખોળિયે અનાર્યની જેમ ગુરુ, ધર્મ, અને સાધર્મિકની નિંદાના શ્રવણ અને ઉચ્ચારણ, અભક્ષ્યનાં ભક્ષણ, અપેયનાં પાન, છાકટાં ગીતોનાં અને ઉન્માદકારી વાતોનાં શ્રવણ, બિભત્સ અને રાગદ્વેષ પોષક છાપાં-નવલિકાનાં વાંચન, પરસ્ત્રીના રૂપનાં દર્શન, તથા દુરાચાર સેવન વગેરે ઉદ્ભટ વિષયનાં સેવન ચાલતાં હોત ? તેમ, **શ્રાવકના અવતારમાં જે મન પર વીતરાગના અધિકાર હોય,** એ મનમાં વધારે પડતા કષાયો, જેવા કે, વેરઝેર, ઈર્ષ્યા-અસૂયા, તુચ્છ વાત વસ્તુ પર અભિમાન, દ્વેષ અને કલેશ, માયા, પ્રપંચ અને જૂઠ-અનીતિ, ભારે તૃષ્ણા, મમતા, ને લંપટપણું, કોઈનો પણ દ્રોહ કે કૃતઘ્નતા, વગેરે કચરા ઘાલત ? આમાં માનવતાને ય છાજતા ગુણો ક્યાં ઊભા રહ્યા ? પછી **જિનાજ્ઞા-બંધન, ગુરુશરમ અને ધર્મચુસ્તતાની તો વાતે ય શી ?**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

## ૩૫ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

આ બધું પુણ્યાઈ પર જ ને ? ત્યારે હવે વિચારજો કે દેવ-ગુરુ-ધર્મે પુણ્યાઈ આપી, એ પુણ્યાઈથી શું એમની જ સેવામાં આ પુણ્યાઈ નવરી નથી એમ ને ? બાકી પાપો માટે તૈયાર છે ! કેવી કૃતઘ્નતા ? પણ એ તો કહો **બિચારી ક્યાં સુધી એ પહોંચશે ? પુણ્યાઈ ખૂટ્યા પછી શું ? જરા પુણ્યાઈને ઓળખી લો કે એ તે સાધુ છે કે શેતાન ? દેવી છે કે ડાકણ ? ધર્મે એ દીધી છે, તો એનાથી જ ધર્મનો ઘાત ન થાય.**

**સત્પુરુષાર્થ વિનાનો એ ગરીબ કી જોરુ જેવો :-**

બાહુબલ પુણ્યાઈના જોર પર અભિમાન અને ગુસ્સાથી ભાઈને મારવા દોડ્યા ખરા, પણ અધવચ્ચે ઊભા રહી ગયા ! કેમ વારુ ? હૃદયમાં સદ્ભાવના જગાડી, શું ? **જાગી** એમ નહિ કહેતા **જગાડી** કહેજો, જેથી પુરુષાર્થ યાદ આવે. આપણેય પુરુષાર્થ કરીએ તો શુભ ભાવનાને કપરા સંયોગમાં પણ જગાડી શકીએ છીએ. આ તો 'ફલાણાને ભાગ્યોદયે કે ભવિતવ્યતાથી સારી ભાવના જાગી,' એવું યાદ રાખીએ છીએ માટે જ માંડવાળ થાય છે કે, 'ભાવના એમ થોડીજ આવે ? અત્યારે તો આપણાથી શું થાય ? જ્યારે ભવિતવ્યતા પાકશે, જ્યારે ભાગ્યોદય જાગશે ત્યારે સારી ભાવના જાગશે.' આ ખોટું છે, કેમકે એથી પુરુષાર્થ કરવાને તો સ્થાન જ રહેતું નથી ! ને તેથી વિપરીત સંયોગો એનું તાંડવ મચાવ્યે જાય છે. અશુભ ભાવનાઓ, મેલી લાગણીઓ, અને પાપી કષાયોને આ ગરીબડાના આત્મ ઘરમાં મહાલવા મળે છે ! કહેવાય છે ને કે 'ગરીબકી જોરુ સબકી ઓરત' એ બિચારીની પાસે સૌ વૈતરું કરાવે. એમ, **પુરુષાર્થના ચમત્કાર નહિ સમજનારા અને એથી જ પુરુષાર્થધનથી રહિત બનેલા દરિદ્ર રાંકડા જીવની પાસે સંયોગો માનસિક અશુભ મેલા ભાવો સેવવાનું વૈતરું કરાવે છે ! એના નધણિયાતા દિલમાં એ સંયોગો મલિન વલણો અને દુર્ધ્યાનને વિના રોકટોક ખુશમિશાલ કૂદાકૂદ કરવા દે છે !** હમણાં જો પુરુષાર્થરૂપી ધનથી માલદાર શ્રીમંત બનો તો એ લુચ્ચાઓની શી દેણ હતી કે આત્મઘરમાં ગમે તેમ ઘુસીને તાગડધિન્ના કરે ?

મોક્ષની ચાવી જ આ છે કે અશુભ ભાવનાઓ-વલણો-લાગણી અને દુર્ધ્યાન વગેરેની સામે,-



- **શુભ ભાવનાઓ ચિંતવવાના ધરખમ પુરુષાર્થ આદરો.**
- **શુભ વલણ કેળવવાના મહાન ઉદ્યોગ કરો.**
- **સારી લાગણીઓ ધરાવવાના અથાગ પ્રયત્ન સેવો.**
- **શુભ ધ્યાનમાં ઝીલ્યા કરવાના ભારે ઉદ્યમ આદરો.**
- **સારી ભાવના માટે શું કરવાનું :-**

પાતંજલ સૂત્રમાં પણ કહ્યું છે કે વૈરાગ્ય ભાવનાના અભ્યાસથી અર્થાત્ એને વારંવાર સેવવાના પુરુષાર્થથી રાગ-દ્વેષ-અભિનિવેશના સંસ્કારોને નાબૂદ કરી શકાય છે. કોઈ પણ કુસંસ્કાર, કુવાસનાને દાબવા-હટાવવાનો પહેલો ઉપાય એની પ્રતિપક્ષી ભાવનાઓને હૃદયમાં રમતી કરી દેવી, તે છે. એને રમતી કરી દેવાનું શી રીતે બને ? પુરુષાર્થથી જ ને ? એની મહેનત, એની ગડમથલ, ને એની ચોંટ લાગવાથી જ ને ? એ જો નથી કરવું, ને ભવિતવ્યતા કે ભાગ્યોદયની દયા ઉપર છોડવું છે, તો શું લાગે છે કે આપણા પુરુષાર્થ વિના એવી દયા વરસી જાય ? ભાળ્યા કોઈ જગતમાં, જે પુરુષાર્થ વિના સારા થઈ ગયા ?

આ પુરુષાર્થમાં પહેલું તો આ કરવાનું આવશે કે, સારી ભાવનાને બાધ કરે અને નરસી ભાવનાને જગાડે-પોષે એવા નિમિત્તો અને સંયોગોને શક્ય પ્રમાણમાં દૂર કરવા; અથવા આપણે એમાંથી દૂર રહેવું.

એવું જ સત્સંગ, તીર્થયાત્રા, કલ્યાણમિત્રયોગ વગેરે સારી ભાવનાના પોષક સંયોગો અને નિમિત્તોનું શક્ય પ્રમાણમાં સેવન કરવું. માદક આહાર, તામસી આહાર, પ્રકૃતિ વિરુદ્ધ આહાર અને અધિક આહાર એ પણ ભાવનાને બગાડે છે, તો એમાં ન ફસાવું.

**બાકી, શુભ ભાવના માટે :-**

- ભવનો ભય, પરલોકભય અને પાપનો ભય જોઈએ.
- તત્ત્વજ્ઞાન અને ઉત્તમ પુરુષોના ચરિત્ર પ્રસંગો ભરચક પ્રમાણમાં યાદ કરવા જોઈએ.
- સદા ધર્મવાચન-ધર્મશ્રવણ જોઈએ.
- અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના વગેરે બાર ભાવનાઓનું તથા મૈત્રી આદિ ચાર ભાવનાઓનું રટણ જોઈએ.
- તત્ત્વોનું ચિંતન તો ચાલ્યા જ કરે.
- મહાપુરુષોના ઉત્તમ પરાક્રમોનું ચિંતન.
- પરમાત્માનું સ્વરૂપ, જીવન, ગુણો, શક્તિ અને ઉપકારોની વિચારણા.
- વિવિધ વિશેષણો અને ઉપમાઓથી પરમાત્માની અનેક માનસિક સ્તુતિ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કરવાનો પ્રયત્ન.

● એમ પાંચેય પરમેષ્ઠિના વિવિધ સ્વરૂપે સ્મરણ.

● પરમેષ્ઠિ-જાપ વગેરેનું ખૂબ આલંબન જોઈએ.

**હવે ખાસ કરીને નરસી ભાવનાને દૂર કરવા માટે,**

મસ્તક પર સુકુલપણાનો ભાર રહેવો જોઈએ.

એવો દેવ-ગુરુ-ધર્મનો ભાર.

ધર્મી તરીકેની જવાબદારીનો જાગતો ખ્યાલ.

પાપકાર્યોમાં આત્મ સ્વરૂપની કેવી વિટંબણા છે, ઉત્તમ ભવની કેવી વિટંબણા છે, પાપનાં નતીજા કેવા કેવા આવશે, સરવાળે લાભ-હાનિ શી શી, પાપ કાર્યમાં જે સાધન સામગ્રી વપરાય તેનો દુરુપયોગ કેવો થઈ રહ્યો છે ને સદુપયોગ કેવો ગુમાવાઈ રહ્યો છે, વગેરે વગેરે વિચારણા કરવી જોઈએ. તો શુભ ભાવના સુલભ બને.

બાહુબલજીએ શુભ ભાવનાનો પુરુષાર્થ કર્યો તો એમાં આગળ વધીને મુટ્ઠી વડે પોતાના કેશનો લોચ કરી સાધુ બન્યા !

**માનવની કેટલી મહાન શક્તિ ! :-**

માણસ ધારે તો કેટલા ઊંચા પરાક્રમ સુધી જઈ શકે ? અનાદિની ઘોર સ્વાર્થાંધ બુદ્ધિ, વિષય-તૃષ્ણા, અને કષાય-કુશળતાની સામે,

**કેટલી વિશાળ પરમાર્થ બુદ્ધિ ! કેવો ગાઢ વિષયોનો તિરસ્કાર !**

**કઈ ઊંચી ક્ષમાદિની કુશળતા ઊભી કરી દીધી હશે !**

**ભાવી દીર્ઘકાળસુધી દૃષ્ટિના ફોક્સ કેવા નાખ્યા હશે !**

**પાર્થિવ જીવનના ઊંડા સાગરમાંથી એકદમ જ ઊંચે આવી જ્ઞાન વૈરાગ્યમય આધ્યાત્મિક ભાવોના ગગનમાં વિહરવાનું કેવુંક કર્યું હશે !**

**ત્યારે જ દુન્યવી યુદ્ધમાંથી કર્મ સામેના યુદ્ધમાં ઝુકાવવાનું હોય ! બાહ્ય દુશ્મન ભરતને છોડી આંતર દુશ્મન રાગાદિને કચરવા-પીસવાનું હોય !**

આ તો તમે કહેશો કે બહુ ઊંચી દિવ્ય જીવનની વાતો કહેવાય. પરંતુ હું તમને પૂછું કે ખેર ! એ નહિ સહી, અરે ! ઉચ્ચ માનવતાનીય નહિ, પરંતુ સામાન્ય માનવતાની તો ભૂમિકાએ રહેવાય કે નહિ ?

**પ્ર.**- સામાન્ય માનવતાની ભૂમિકા એટલે ?

**ઉ.**- એ જ, કે પશુ જે ભૂમિકાનું જીવન જીવે છે એના કરતાં સારી ભૂમિકા, ઊંચી ભૂમિકા. પશુમાં ન્યાય, નીતિ, સદાચાર, સદ્‌વિચાર, દાન, દયા ભાવના, પવિત્રતા, પરોપકાર, સૌમ્યતા, સજજનતા વગેરે જે નથી હોતું એ મનુષ્યમાં હોય



તો માનવતાની સામાન્ય ભૂમિકા આવી ગણાય.

અસ્તુ. આપણી વાત શ્રેષ્ઠિપુત્ર ચંદ્રની ત્યાં ઊભી છે કે એનો અહંકાર એને બે વાર 'સબૂર' સાંભળવા છતાં આપઘાતથી અટકવા દેતો નથી.

**કથાસાર :-**

ચન્દ્ર આપકમાઈ કરવાના, અને તે પણ પરદેશમાં આપકમાઈ કરવાના ગુમાનમાં ચઢી અનેક અપશુકન થવા છતાં, સમુદ્ર પ્રવાસે નીકળ્યો, અને વહાણ ભાંગ્યા પછી નસીબ જોગે પાટિયું હાથ લાગ્યું તો બચીને કિનારે આવવા પામ્યો. પરંતુ હવે એને સ્વમાનના ચૂરા થઈ જવાનું દેખાવાથી ઝાડે ફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ એમાં દયાળુ બ્રાહ્મણે ફાંસો છોડી બચાવ્યો. તો હવે પર્વત પરથી ઝંપાપાત કરી મરવા તૈયાર થયો છે. છતાં ત્યાં પણ પાછળથી બબ્બે વાર 'સબૂર' નો અવાજ આવ્યો. એને ઉવેખીને જ્યાં ઝંપાપાતનો ત્રીજી વાર પ્રયત્ન કરવા જાય છે, ત્યાં વધુ જોસથી 'સબૂર'નો અવાજ આવ્યો ! **પુણ્ય જાગતું હોય તો બચાવનાર મળે ! ને પુણ્ય જ પરવારી ગયું હોય તો ઘણી સલામતી વચ્ચે પણ કચ્ચરઘાણ નીકળે છે. એ માટે કહેવાય છે કે, પુણ્યની સલામતી ખાસ રાખો.**

અવાજ આવ્યો **ત્યાં ચંદ્ર ચોંકે છે !** મનને એમ થાય છે કે- 'આ શું ? અહીં કોઈ આવતું નથી, અને દૂર રહ્યા રહ્યા અવાજ કરતું લાગે છે ! તો શું એ કોઈ દૈવી સહાય છે ? શું એની પાસે કોઈ મંત્રવિદ્યા-જડીબુટ્ટી હશે કે જેથી હું પાછો સારી રીતે શ્રીમંત બની જાઉં ? લાવ, હવે તો જોવા દે કે આ કોણ બોલી રહ્યું છે ? કદાચ વળી દૈવી સહાય એવી મળે કે પછી બધાનાં મુખ બંધ કરી દઉં !'

**મનોરથ સુકૃતના ખરા ? :-**

જુઓ, **માણસને આશાના શબ્દ ક્યાં સુધીની મધલાળ મોંમાંથી ઝરતી કરી આપે છે !** કેવા મનોરથો જગાવી આપે છે ! જીવન આખું કેવું મનોરથોથી ભર્યુંભર્યું રખાય છે ! પરંતુ મનોરથ કેવા ? કોઈ પરમાર્થ-પરોપકારના સુકૃતના ખરા ? કોઈ ક્ષમાદિના ખરા ? કોઈ મહાન દેવ-ગુરુ-ધર્મભક્તિ કે વ્રત નિયમના, ને ત્યાગ-તપસ્યાના ખરા ? ચારિત્રના કે ઉત્કટ પરીસહ-ઉપસર્ગ સહવાના ખરા ? અને માનવતાના મધ્યમ ગુણોના પણ મનોરથ ખરા ? મનોરથ સમજો છો ને ? જેના કોડ થાય કે 'આ ક્યારે મળે ! મળે તો કેવું સારું ! કેવી રીતે મળે ! બસ, મળી જાય તો પછી હું આવો આવો ભાગ્યશાળી બની જાઉં ! તો હું આમ કરું !...' આવા આવા કોડ થાય એ મનોરથ કહેવાય. **આપણે કોડ કરવાના છે આવા હિતકર વસ્તુના, આત્માના પ્રાથમિક સદ્‌ગુણોથી માંડીને ઉચ્ચ કોટિના સદ્‌ગુણોના.**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**માનવ જીવન વિશિષ્ટ શાના પર ? :-**

**એવા સારા મનોરથ કેમ નથી જાગતા ?** શું એ જરૂરી નથી કે એવી આશા નથી ? **સારા મનોરથ જરૂરી નથી એમ કહેવા જતાં જંગલી જીવન કે પશુના જીવન કરતાં કોઈ ઊંચા સારા જીવનની જરૂર નથી એમ માન્યું ગણાશે ! માનો છો આવું ?**

**માનવ જીવનમાં જો ધર્મ અને ગુણોને સ્થાન ન હોય તો પશુ જીવન કે જંગલી જીવન કરતાં વિશેષતા શી ? ઉચ્ચતા શી ?** મઝા ઉચ્ચ જીવનમાં છે. હલકા પશુ જેવા જીવનમાં મઝા માનતા નહિ. ઢોરને નાગા ફરવાની છૂટ છે એમાં મઝા કહેવાય ? શોભા કહેવાય ? આને મઝા અને શોભા ગણશો તો પછી ઢાંક્યા રહેવામાં મઝા ને શોભા નહિ ગણાય. મઝા અને શોભા તો ઢાંક્યા રહેવામાં છે. બસ, એ જ ન્યાયે **મઝા ને શોભા ગમે તેમ ઢાંક્યામાં નહિ અર્થાત્ ઉદ્‌ભટ પહેરવેશમાં નહિ, પરંતુ વિવેકભર્યા સુશીલ પહેરવેશમાં છે.** આ વિવેક અને વેશની સુશીલતા એ ગુણ છે, મઝા અને શોભા માટે એની જરૂર છે. તો શું મનોરથ આવા ગુણોના અને સુકૃતોના કરવાના કે માટીની માયાના ?

**મનોરથના જોર પર પ્રયાસનો વેગ :-**

કહો, પાછો એજ પ્રશ્ન છે કે સારા મનોરથો કેમ નથી જાગતા ? જરૂરી લાગ્યા નથી ? કે એ ફળવાની આશા નથી ? જરૂરી તો છે જ, પણ ફળવાની આશા નથી એમ કહેશો ? દુન્યવી તો એવા મનોરથો કરો છો કે જેની સંભાવના ઘણીઘણી દૂર હોય છે. ત્યારે, અહીં તો સફળતાની સારી સંભાવના છે. હા, એકલા મનોરથથી ફળ નહિ પમાય. તે માટેનો પ્રયાસ પણ જોઈશે. પરંતુ **વેગવાળો પ્રયાસ મનોરથમાંથી જન્મે છે,** એ ન ભૂલશો. ખૂબ કમાવાના મનોરથ હોય છે તો એ માટે દોડાદોડી પણ જોરદાર થાય છે ને ? કદાચ આજે સફળતાની શક્યતા ન લાગતી હોય તો ય સારા મનોરથ કરવામાં જાય શું ?

ખરી રીતે **મનોરથને શક્યતાની સાથે બહુ સંબંધ નથી રહેતો. સંબંધ રહે છે રુચિ સાથે.** આજ સીમંધર ભગવાન અહીં પધારવાની શક્યતા નથી, છતાં મનોરથ સેવાય છે કે 'પ્રભુ અહીં પધારે તો કેવું સારું !' બસ, એજ રીતે નાની-મોટી આત્મહિતકર વસ્તુની રુચિ, અને તનમનાટ રાખશો તો મનોરથ એના થયા કરશે, અને આશાનું કિરણ દેખાતાં કે આશાનો શબ્દ સંભળાતાં એની તરફ પ્રયત્ન થશે.

**'સબૂર' અવાજ કોનો ? :-**

ચંદ્રને આપઘાત માટે આપઘાત નહોતો કરવો, પરંતુ સરાસર નિષ્ફળતા



દેખાઈ તેથી એવું મન થયું હતું. બાકી અંદરખાને કંચન-કીર્તિની રુચિ હતી જ, તેથી જોશથી ત્રીજીવારનો 'સબૂર' અવાજ સંભળાતાં કોડમાં ચઢે છે કે કોઈ મંત્રવિદ્યા-જડીબુટી મળે તો કેવું સારું ! હવે એ ચાલ્યો તપાસ કરવા. ત્યાં અંદર ઝાડીમાં તપાસ કરતાં કરતાં એક મુનિને જોયા.

પૂછે છે, 'સબૂર' અવાજ તમે કર્યો ?

મુનિ કહે છે, 'હા, તું શા માટે મરવાનું કરી રહ્યો છે ?'

'ન કરું તો શું કરું ? મારે દુઃખનો પાર નથી.'

**મુનિનું આશ્વાસન : દુઃખની દવા :-**

મુનિ કહે છે, 'પણ તે તારે શું મારા જેટલું દુઃખ છે ? અને તને શું એમ લાગે છે કે આમ મરી જવાથી દુઃખનો અંત આવી જશે ? મૃત્યુ એ દુઃખની દવા નથી. મૃત્યુ પછીનો જન્મ જ જો કોઈ એવો મળ્યો કે જ્યાં અહીં કરતાં ઘોર કષ્ટ હશે તો ત્યાં શું કરીશ ? એમ માનતો મા કે ત્યાંય આપઘાત કરીશ; કેમકે ત્યાં તો એવો બંધાયેલો હોઈશ, કે તેમ નહિ કરી શકે, અને રીબામણ અપરંપાર હશે. શાસ્ત્ર કહે છે કે આત્મહત્યાથી દુર્ગતિમાં પટકાવું પડે છે. એ યુક્તિયુક્ત પણ છે; કેમકે મનના ભાવ એવા કલુષિત હોય છે, કે એથી દુર્ગતિ થાય એ સહજ છે; અને **દુર્ગતિનો અવતાર એટલે ? પાપનાં ફળરૂપે ઘોર ત્રાસ-વિટંબણાનો પાર નહિ, તેમ પાપદાયી કરણી ય ભરપૂર !** માટે આપઘાત એ દુઃખની દવા નથી, દુઃખનો અંત તો શું પણ દુઃખમાં ઘટાડો ય કરી શકતો નથી, ઊલટું વધારો કરે છે.

ત્યારે એ પણ જો જે કે દુઃખ બીજાને નહિ અને તારે આટલું બધું ક્યાંથી આવ્યું ? 'મારાં કર્મ એવાં,' એમ કદાચ કહીશ, એમાં તો દોષ જાતનો જોવાને બદલે કર્મનો જોવાનું થાય છે ! એથી એક તો **જાતને સુધારવાનું સૂઝતું નથી; ને બીજું, કર્મ આગળ લાચારી તથા દીનતા અનુભવવી પડે છે.** જોવું તો એ જોઈએ કે,

**અહીંનાં ઘણાં દુઃખ તો આપણે જ આધિ-ઉપાધિથી ઊભા કરેલાં હોય છે.**

તને જે કોઈ દુઃખ હો, પણ એ જો કે દુઃખ આવતાં પહેલાં તું કોઈ ઉપાધિમાં પડેલો કે નહિ ? ઉપાધિ ઊભી કરેલી કે નહિ ?

પછી વાંકું પડતા તેં માનસિક આધિ જગાવેલી કે નહિ ?

ત્યારે તું એકદમ જ દુઃખમાંથી બહાર કૂદી પડવા ચાહે છે, પરંતુ આધિ-ઉપાધિમાંથી છૂટવાનો વિચાર સરખો કરે છે ?

અરે ! **હજી એટલું શું સમજાય પણ છે કે દુઃખ આધિ-ઉપાધિથી ઊભું કર્યું છે ? એટલી સમજ પણ નહીં હોય તો પછી એના તરફ ઘૃણા અને એને છોડવા**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**તરફ દૃષ્ટિ જ ક્યાંથી થવાની હતી ?...**

**આધિ-ઉપાધિ એ શિકારી છે :-**

મુનિના કરુણાભીના દિલમાંથી નીકળતો તત્ત્વવાણીનો પ્રવાહ એકલા ચંદ્ર માટે જ સમજતા નહિ. આપણે પણ એમાં આત્મસ્નાન કરવાના છે. આધિ-વ્યાધિ-ઉપાધિ તો શિકારી છે; એ જીવ પર દુઃખનાં બાણો વરસાવે છે. શિકારીનો સામનો કરવાને બદલે, બાણને બચકાં ભર્યે, નવાં નવાં બાણના જ ભોગ થવાનું ને ? સિંહ અને કુતરામાં આ ફરક કહેવાય છે, કૂતરું પથરો મારનારને બદલે પથરાને બચકાં ભરે છે, પથરા પર ગુસ્સે થાય છે; ત્યારે સિંહ તો સીધો મારનાર પર જ હલ્લો કરી એને ભગાડે છે. એકલું દુઃખ પર દાંતિયા કરવા, દુઃખનાં રોદણાં રોયે જવાં, દુઃખનાં તાત્કાલિક નિવારણ માટે મથવું, એ બધું વધારે દુઃખી થવાનો ધંધો છે ! ખરું તો દુઃખ વરસાવનાર જે આધિ-ઉપાધિ છે, એના હલ્લા નિવારવાની જરૂર છે; એને જ ઓછી કરવાની આવશ્યક્તા છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૪૨,તા.૧૮-૭-૧૯૫૯

## ૩૯ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**સીતાજીએ ઉપાધિ પરખી :-**

સીતાજીએ દિવ્ય કર્યા પછી લોક પગે લાગે છે 'જગદંબા' કહીને વધાવી લે છે, કહે છે, 'અહો ! કેવું એમનું નિષ્કલંક સતીત્વ કે અગ્નિની ત્રણસો હાથ લાંબી પહોળી ભડભડતી ચિતાનું ઠંડગાર જળ-સરોવર થઈ ગયું !' રામચંદ્ર, લક્ષ્મણ, વગેરે સમગ્ર કુટુંબ ઓવારી જઈ હવે સીતાજીને અયોધ્યામાં સ્વાગતભેર પધારી મહારાજ્ઞીના પદે આરૂઢ થવા ગદ્‌ગદ વિનંતિ કરે છે. ગદ્‌ગદ વિનંતિ હો. ! કારણ છે, કે સીતાજીને પહેલાં મહાસતી છતાં ગર્ભિણી અવસ્થામાં વિકરાળ વન વિષે એકલા અટુલા ત્યજાવી દીધેલા હતા એનો ભારે પશ્ચાત્તાપ છે ! એમાં વળી દિવ્યનો ચમત્કાર નજરે નિહાળ્યો એટલે તો પૂછવું જ શું ? બહુ ઊંચા ભાવભર્યા હૃદયે કહી રહ્યા છે કે, 'ક્યારે સીતાજી રથમાં બેસે ?' સૌને **મુંઝવણ** થાય છે કે શું સીતાજીના મનમાં રીસ હશે ! આવા આવા મિશ્ર સંવેદનોમાં સૌ અટવાઈ રહ્યા છે. કારણ કે સીતાજીના ભવ્ય હૃદયની એમને ગમ નથી, અને ફરીથી સીતાજીને વિનવે છે, ત્યારે સીતાજીએ શું કહ્યું જાણો છો ? આજ કે,



**'હું કર્મથી ત્રણ ત્રણ વાર ઠગાણી, હવે ઠગાવાનો મોખ નથી. એ મને કચરે એના કરતાં હું જ એને કચરીશ ! એ કચરવા માટે એક જ શ્રેષ્ઠ ઉપાયભૂત અને આધિ-ઉપાધિ વિનાનું ચારિત્ર હું લઈશ.'**

સીતાજી પોતાને ૩-૩ વાર ઠગાણી માને છે. જ્યારે જનકરાજાને ત્યાંથી દશરથનંદન રામચંદ્રજીને પરણી રાજશાહી સુખની આશા રાખતી હતી તેમાં ઠગાઈ વનવાસમાં જવું પડ્યું. ત્યાં ય છેવટે પતિના સહવાસે રહ્યાના આનંદમાં હતી પણ ત્યાં ય રાવણે એનું અપહરણ કરી સહવાસ તોડાવ્યો. ત્યાંથી વળી છૂટી પાછી અયોધ્યા ભેગી થવા પામી, તો ગર્ભિણી દશામાં વનવગડે મૂકાઈ જવું પડ્યું ! ત્યારે હવે ય શી ખાતરી કે વળી અયોધ્યામાં મહારાણી-પદે આરૂઢ થયા પછી કદાચ એવું નહિ સહી, તો ય કાંઈ ઈદંતૃતીયં નહિ જાગે ?

સીતાજી સમજે છે કે '**મૂળે આધિ-ઉપાધિમાં ફસાવાની ચીજ જ ખોટી છે. એ ફસામણીમાંથી જ આવી બધી કર્મની ઠગાઈ ઊભી થાય છે.** મારે સારા રામચંદ્રજી જેવા પતિ ! સારા રાજશાહી મહેલવાસના સુખો ! પતિની હુંફ ! મહારાણી-પદે નિષ્કલંક કીર્તિ !'... **આવી આવી ઉપાધિ ઊભી કરી તો એની પાછળ કલેશ કષ્ટ ઊભા થયા ને ?'**

**ઉપાધિમાં નાના કલેશનો રાફડો :-**

આ તો મોટા કષ્ટની વાત છે. બાકી નાના-મોટા તો કેટલાય ક્લેશકષ્ટ ઉપાધિમાંથી જન્મે છે અને વધે છે. તમે કહેશો કે સુખ પણ એમાંથી જ મળે છે ને ? પણ આ એક ભ્રમણા છે. ઉપાધિથી નિવૃત્ત રહેનારને પૂછો તો ખબર પડે કે એમને કેવી મહાશાંતિ મહાસ્વસ્થતા, અને આંતરિક મહા-આનંદના અનુભવ થાય છે. દહાડામાં દસવાર આરોગનારને શી સમજ હોય કે રોજ એકાશનમાં કેટલી બધી મઝા અને તાઝગી રહે છે ? દસ ટંકની પાછળ કાંઈ એક જાતનો કલેશ ઊભો થાય છે ? ના, સત્તર જાતના કલેશ ! **કલેશનો રાફડો ખડકાય છે !** 'ઓછું પડ્યું,' 'વધુ દબાયું,' 'મોડું થયું,' 'જોઈએ તેવી ભૂખ નથી.,' 'ખરચો ઘણો થાય છે,' 'ખાવા ટાણે ક્યાંથી વિઘ્ન ઊભું થાય છે ?,' 'જંપીને જમવા ય દેતા નથી,' 'મસાલો ઓછો છે,' 'ઠંડુ થઈ ગયું,' 'ઉતાવળ છે, ને ઝટ ઠંડુ પડતું નથી,' બોલો, બોલો, કેટલાક કલેશ ? તો શું એકાશનમાં આ બધું નહિ, એમ પૂછશો; પણ એ જોજો કે ટંક ઘણા, માટે જ કાંઈ ને કાંઈ નવા ફતવા ફૂટી નીકળે છે ! આવું એક બાબતમાં નથી, ઉપાધિમય ઢગલાબંધ બાબતો આજના જીવનમાં એવી ઊભી કરી દીધી છે કે એમાં કલેશ-કષ્ટનો રાફડો ઊભરાય છે ! સીતાજીએ એનાથી બચવા માટે ચારિત્ર-જીવન પસંદ કર્યું. કેમકે આધિ-ઉપાધિથી એમાં લગભગ દૂર

રહેવાનું. માટે જ રાજશાહી વૈભવ-વિલાસો દેખીતા સુખભર્યા છતાં ઉપાધિના ઘર ! એટલે કલેશમય ! **આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી બચાવનાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એની દાન-શીલ-તપ ભાવની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ છે.** એ તો કુદરતી છે કે જીવનમાં **સારો વ્યવસાય નિયમિત સ્થાન પામે તો નરસા વ્યવસાય પર કાપ પડે;** સારી વૃત્તિઓ અને ભાવનાઓને અવકાશ મળે, તો આધિરૂપી નીચી મનોવૃત્તિઓ ઓછી થતી આવે.

ચંદ્રને મુનિ એજ કહી રહ્યા છે કે, 'તું દુઃખની રાડ પાડે છે, અને આપઘાતને એનું ઔષધ સમજે છે, પરંતુ આ તારી રાડ પણ ખોટી અને સમજ પણ જૂઠી ! **રાડ પાડવી હોય તો એ પાડ કે આ ક્યાં મેં ઉપાધિરૂપી ડાકણને પગભર કરી ? ક્યાં મેં ઉપાધિરૂપી શિકારીને નોંતર્યો ? તેમ, ઔષધ સમજવું હોય તો ઉપાધિ વિનાની જીવનપદ્ધતિને ઔષધ સમજ.** એજ સાચું ઔષધ છે, એનાથી જ દુઃખ દૂર થાય છે, ને પછી રાડ પાડવી પડતી નથી.'

'બીજી વાત એ છે કે તારું દુઃખ મારા દુઃખ આગળ શા વિસાતમાં છે ?'

ચંદ્ર પૂછે છે, 'હેં તમને દુઃખ ? ઘણું દુઃખ ? દેખાઓ છો તો મસ્ત !'

'હા, મને દુઃખ, પણ તે અત્યારે નથી, આજ જીવનમાં પહેલાં હતું.'

'એવું તે તમને શું દુઃખ હતું ?'

ચંદ્રના આ પ્રશ્ન પર મુનિ પોતાની આત્મકથા કહે છે. બહુ રસિક છે હોં, સાથે એમાં ઘણી ઘણી વાતો શીખવા મળે એવી છે.

**ચંદ્રને મુનિએ કહેલ આત્મકથા :-**

અનંત ઉપકારકારી અનંત ગુણનિધાન ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્મા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયીને મોક્ષના અનન્ય સાધન તરીકે જે ફરમાવે છે, એ એટલા માટે કે મોક્ષ સંસારના અંતથી નીપજે છે, અને સંસારનો અંત એટલે આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારના ત્રિવિધ તાપનો અંત. વ્યાધિને હજી કદાચ પૂર્વના કર્મથી નીપજતી કહો, પણ કેટલીય આધિ અને ઉપાધિ તો જીવ પોતે ઊભી કરે છે. એમ તો ગમે તેમ ખાનારા, ગમે તેમ વર્તનારા, અને આજના શોધકો પણ કહે છે તેમ ભારે કામ, ક્રોધ, ઈર્ષ્યાદિની લાગણીને ઉત્તેજિત રાખનારા, એ ય વ્યાધિને જાતે ઊભી કરે છે. પરંતુ આધિ એટલે માનસિક ચિંતાઓ વગેરે અને ઉપાધિ એટલે બહારના સરંજામો તો જીવ જાતે ઊભા કરે છે. એ તો દેખો છો ને ? 'એ તો કર્મ કરાવે છે.' એમ કર્મને આડે લાવતા નહિ; નહિતર એની સામેના સત્પુરુષાર્થની સબળતા મનમાં નહિ જચે. સમ્યક્ પુરુષાર્થથી ઘણી ઘણી આધિ, વ્યાધિ, ઉપાધિને દૂર રાખી શકાય છે, ને એમ કરવાથી એના તાપમાંથી



ઘણું બચી જવાય છે.

**રત્નત્રયથી આધિ-ઉપાધિ કેમ મીટે ? :-**

આધિ-ઉપાધિના નિવારણ માટે રત્નત્રયીનો પુરુષાર્થ એ સત્પુરુષાર્થ છે. એમાં પહેલું સમ્યગ્દર્શન જ એવી શ્રદ્ધા કરાવે છે કે આધિ-ઉપાધિ એ પાપ અને દુઃખનું મૂળ છે. ત્યારે મૂળમાં આ શ્રદ્ધા ન હોય તો આધિઉપાધિને ટાળવાની બુદ્ધિ જ થવી મુશ્કેલ છે, પછી એ ટાળવાની પ્રવૃત્તિનું તો પૂછવું જ શું ? સમ્યગ્દર્શનના શમ-સંવેગાદિ લક્ષણો અને પરમાર્થ-પરિચય વગેરે બીજા વ્યવહારો આધિ-ઉપાધિના કેટલાય વેગને નરમ પાડી દે છે. સમ્યગ્જ્ઞાન એ વેગ નરમ પાડવામાં વિશેષ આગળ વધારે છે, અને સમ્યક્ ચારિત્ર આધિ-ઉપાધિને લગભગ મિટાવી દે છે. **આધિ ઉપાધિને મિટાવ્યા વિના દુઃખ મટાડવાની આશા ફોગટ છે.**

શ્રેષ્ઠીપુત્ર ચંદ્રને આપઘાત કરવામાંથી અટકાવી મુનિએ એને દુઃખના કારણ તરીકે આધિ-વ્યાધિ-ઉપાધિને સમજાવી, પછી કહ્યું. 'તને બહુ દુઃખ એટલું બધું તે શું છે ? દુઃખ તો મારું સાંભળ' એમ કહી પોતાની હકીકત કહે છે.

'જો હું આજ જન્મમાં પૂર્વે રાજમંત્રી હતો. રાજાને મારા પર પૂરો વિશ્વાસ અને ખાતરી હતી કે આ પ્રમાણિકપણે અને એક સમર્થ બુદ્ધિમાન શાસક તરીકે રાજ્ય ચલાવશે. ત્યારે મેં પણ એજ વિશ્વાસ અને ખાતરીને બરાબર વફાદાર રહીને રાજ્યતંત્ર સંભાળવાનું રાખ્યું હતું.' શું ? ધ્યાનમાં લીધું ? મંત્રી રાજાના વિશ્વાસને બરાબર વફાદાર છે.

**વિશ્વાસ પ્રત્યે વફાદારી :**

ત્યારે, **જીવનમાં વફાદારી બરાબર પાળવામાં સામાની પ્રીતિ, કીર્તિ વગેરે લાભ મળવા ઉપરાંત માનસિક કેવી સરસ સ્વસ્થતા, આનંદ અને ઉછરંગ રહે છે,** એ આધે ક્યાં શોધવા જશો ? સાંસારિક જીવનમાં જુઓ કે સુશીલ પત્ની જો પતિના વિશ્વાસને વફાદાર રહી વર્તે છે તો એ એવા લાભ પામે છે કે નહિ ! પણ કુટિલ મોહમૂઢતાની એ અવળચંડાઈ છે કે આવા વફાદાર સ્નેહી ઉપર વિશ્વાસ નથી કરવા દેતો. મોહમૂઢ માણસ પત્નીની વફાદારી ઇચ્છવા છતાં પોતે સ્વામી તરીકેની વફાદારી બજાવવા તૈયાર નથી હોતો. સમાજ પોતાના પર વિશ્વાસ રાખે એ જોઈએ છે. પોતે એને વફાદાર રહેવું કે વર્તવું નથી. જ્યાંથી સ્વાર્થ સરે છે ત્યાં પણ જો આમ, તો પછી બીજાઓના વિશ્વાસને વફાદાર રહેવાનું તો ક્યાંથી જ બને ? મૂઢતાવશ માને છે કે 'બધા મને વફાદાર વર્તો, હું બધાની પ્રત્યે વફાદાર ન રહું તો ય ગુનેગાર નથી. બીજા મને વફાદાર ન રહે તો એમનામાં માણસાઈ નથી, હું વફાદાર ન રહું છતાં માત્ર માનવ નહિ, સારો માનવ છું !'



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કેવી ઊંધાઈ ! આવો ઊંધો હિસાબ કોણ મંડાવે છે ? મૂઢતા. એ ઊભી રાખીને તો, પછી વફાદારી કેટલાય ક્ષેત્રમાં ચૂકાય છે ! કોઈએ કંઈક ખાસ વાત કરી તો એવા વિશ્વાસથી કરી છે કે 'આ વાત આના પેટમાં રહેશે;' પરંતુ એ વિશ્વાસને વફાદાર રહેવાને બદલે એનો ભંગ કરીને બીજાને એ વાત કહી દેવાય છે ને ? અથવા કોઈએ પોતાના દોષની વાત કરી તે એ વિશ્વાસમાં કે આ કહેવા પર 'સામો ગાંઠ નહિ વાળે, કિન્નો નહિ લે પણ વધુ સ્નેહાળ બનશે,' છતાં એ વિશ્વાસનો ભંગ કરીને શું શું નથી આચરાતું ?

**પિતા પુત્રને** ધનમાલ સોંપે છે, એ વિશ્વાસ પર જ ને ? અરે ! નાનેથી મોટો કરે છે એ પણ વિશ્વાસ પર જ ને ? આજે છડેચોક એનો ભંગ કેવો થઈ રહ્યો છે ?

**ગુરુ-શિષ્ય** વચ્ચે કેટલા વિશ્વાસ અને એની વફાદારી ? ગુરુ શિષ્ય પર એ વિશ્વાસ મૂકે છે કે આ શિષ્ય હવે પાકો વિરાગી અને સાધક તથા સમર્પિત છે. શિષ્ય ગુરુ પર એ વિશ્વાસ મૂકે છે કે આ ગુરુ કેવળ નિઃસ્વાર્થ ભાવે મને શુદ્ધ આરાધનામાં જોડવાના, અને ઝીણા પણ પાપથી બચાવવાના. તો બંનેએ વિશ્વાસ કેવો અદા કરવો જોઈએ ? છતાં કળિકાળની બલિહારી છે કે એવું પણ જોવા મળે છે કે ગુરુ શિષ્યને ચારિત્ર વિરાધનાના પાપમાં જોડતા હોય, કષાયમાં ચઢાવતા હોય, કે શિષ્યની સાધના, ઉત્સાહ વગેરે પ્રત્યે બેદરકાર હોય ! ત્યારે શિષ્ય પણ એવા જોવા મળે છે કે ગુરુને ઉઠા ભણાવતા હોય ! વૈરાગ્ય, સમર્પણ અને સાધનામાં દંભ, પ્રમાદ, અહંત્વ વગેરે સેવતા હોય !

તારક **વફાદારીરૂપી** મહાદેવીની ઉપાસના કરી લેવાના આ અનન્ય ભવમાં એની વિટંબણા, આશાતનાદિ કરવાનું બને એ કેવીક મૂઢ અવસ્થા ! પૂછો, એવું કોણ કરાવે છે ? જવાબ માટે પાછું એજ આધિ-વ્યાધિ-ઉપાધિ પર જવું પડશે. એ ત્રિપુટી જબરી છે; એવી એ આડે આવે છે કે આરાધનાને અટકાવી આશાતના કરાવે. શિષ્યને જાતે ગુરુ બનવાની ને સ્વતંત્ર વર્તવાની લાલસા, અને ગુરુને મોટાઈ સત્તાધીશપણું, સુખશીલતા તથા સ્વાર્થના અન્ય કામો વગેરેની લગની અને લયલીનતા એ આધિ ઉપાધિ છે, એનાથી વફાદારીનો ભંગ થાય એ સહજ છે. એવું જ સંસારમાં પિતા-પુત્ર, પતિ-પત્ની, સ્વજન-સ્નેહી, શેઠ-નોકર વગેરેને એવી **કોઈને કોઈ ખોટી ઉપાધિના વળગાડ છે, આધિના રંગ છે, કે જે બીજાના વિશ્વાસને વફાદાર નથી રહેવા દેતા.**

મંત્રી પર રાજાને પ્રામાણિક અને સમર્થ તરીકેનો વિશ્વાસ હતો, તો મંત્રી પણ એ વિશ્વાસને બરાબર વફાદાર રહીને વર્તતો. **ઊંચું જીવન જીવવામાં જે મઝા**



**અને નિશ્ચિન્તતા છે, તે અધમ જીવન જીવવામાં નથી.** મંત્રીની વફાદારીથી રાજાનો પ્રેમ ગાઢ બનતો હતો; અને લોકને પણ સારી પ્રીતિ રહેતી.

**જીવનમાં ત્રણ મહાન ગુણ : પવિત્રતા, વિનય, સેવા.**

શ્રેષ્ઠિપુત્ર ચન્દ્રને મુનિ આગળ કહે છે 'મારે એક સરસ્વતી નામની પત્ની હતી. પત્ની સુશીલ, વિનયી અને સેવાભાવવાળી હતી. એ કારણે એના પર મારો વિશેષ કરીને સ્નેહ હતો.'

આવા ગુણ હોય તેના પ્રત્યે કોને આકર્ષણ નથી થતું ? હા, બહુ કામાંધ હોય કે સ્વાર્થાંધ હોય અને બીજેથી એની કામવાસના કે સ્વાર્થ પૂરવાનું મળતું હોય તો ન આકર્ષાય એ વાત જુદી, બાકી તો **પવિત્રતા, વિનીતભાવ અને સેવાનો ગુણ ચીજ જ એવી છે કે એ મહાન આકર્ષણ કરે. એ મહાન વશીકરણમંત્ર છે.** સીતાને રામનું, કે રામને સીતાનું આકર્ષણ શાનું હતું ? સૌંદર્યનું કે વૈભવ-હોશિયારીનું સમજતા નહિ; આકર્ષણ તો પવિત્રતા, વિનય-મર્યાદા અને સેવાનું હતું માટે તો વનવાસમાંય કોઈ રોદણું નહોતું.

**(૧) પવિત્ર જીવન :-**

**પવિત્ર જીવન તો કેટલાય ગુણો અને પરમાર્થનો પાયો છે.** પવિત્ર જીવન મનને ફોરું રાખે છે. જેનો વ્યવહાર અને વિચારસરણી પવિત્ર છે એને મગજ પર ચિંતા શેની ? ચિંતા તો વાંકાટેડા વર્તાવથી ઊભી થાય છે; મનને દહેશત રહે છે કે 'આમ વર્ત્યો છું પણ એનું ખરાબ પરિણામ આવ્યું તો ? ચોપડામાં ઘાલમેલ કરી છે, પણ ખુલાસો કરતાં પકડાયો તો ? આપવા-લેવામાં પોલીસી કરી છે પણ સામાને ખબર પડી જશે તો ? એમ વાણીવ્યવહારમાં પોલીસી વાપરી છે, પણ સામાને ઊલટી અસર થઈ તો ?'...આવી આવી ચિંતા અપવિત્ર મનને સતાવ્યા કરે છે, સંતાપ્યા કરે છે.

**પવિત્ર મનની સલાહ :-**

**પ્ર.**-સીધો વર્તાવ અને સરળ વાણી રાખે એમાંય શું કેટલીકવાર ચિંતા નથી રહેતી કે નથી ઊભી થતી ?

ઉ.-એવી ચિંતા કદાચ થાય તો એનું નિવારણ પવિત્ર મનથી થઈ જાય છે; કેમકે પવિત્ર મન એમ સલાહ આપે છે કે,

**આપણે સરળ અને પ્રામાણિકપણે વર્તવા-કરવાનું, ને એમ કરવા છતાં કોઈને પસંદ ન પડ્યું તો પણ આપણે તો આપણા દિલથી કશું ખોવાનું નથી.**

**હા, સરળ વ્યવહારમાં ઔચિત્ય અને વિવેક જરૂર જાળવવાના. તેમ છતાં સામાને ખોટું લાગે તો કાં આપણાં પુણ્ય ઓછાં, અગર સામાની કક્ષા જ તેટલી**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**હશે કે એને એમ લાગે.**

**પવિત્રપણે વર્તાવ છતાં આપણને કોઈ આપત્તિ પણ આવે, તો માનવું કે ભવિતવ્યતા જ એવી હશે.**

**'અગર, એમાં જવાબદાર આપણાં પૂર્વના કર્મ છે, અને એ કર્મ એવાં છે કે એ એનો ભાવ એક યા બીજી રીતે ભજવ્યા વિના નહિ રહે.**

જુઠ કે માયા કરીને પૈસા કમાઈ લાવ્યા, **પણ જો પૂર્વના કર્મ ભૂંડા હશે તો ચોરી થઈને કે ભૂલી જઈને અથવા છોકરો માંદો પડીને કે બીજો કોઈ પ્રસંગ ઊભો થઈને પૈસા તો જવાના જ !** ઉપરાંત પેલું પાપ માથે ચઢ્યું. ને બીજી ત્રીજી હાયવોય ઊભી થાય એ જુદું ! ત્યારે સરળતા, પ્રામાણિકતામાં કદાચ પૈસા ન મળ્યા તો એટલું જ પાપ ભોગવી લીધું !

**કોઈ પણ આપત્તિ કે નુકસાન એ તો આપણાં પોતાના જ દુર્ભાગ્યનો અવશ્યંભાવી વિપાક છે.** એમાંથી ભલભલા બુદ્ધિ-વૈભવવાળા, સમર્થ કે ભારે આગળ વધેલા પણ, જો બચી શકતા નથી. તો આપણે ક્યાંથી બચવાના હતા ?

**'ભગવાન તીર્થંકરદેવ જેવાને** પણ પૂર્વનાં અશુભ કર્મ કનડ્યા વિના રહેતા નથી તો આપણે કોણ માત્ર ? નહિતર જોઈએ તો શું એ પરમપુરુષે પૂર્વ જીવનમાં અને અહીં જન્મથી માંડીને પુણ્ય ઓછા ઉપાજર્યા છે ? કેમ એણે બચાવ ન કર્યો ? આપણને ઝટ ઉતાવળ થાય છે કે 'હું આટલો ધર્મ કરું છું છતાં મને કેમ આ દુઃખ આવ્યું ?' **મેલાં કપડાંને ગમે તેટલો સાબુ દો, તેથી કાચો મેલ કપાય, પણ કોઈ પાકો ગાડાની મળીનો લીટો હોય તો તે ન જાય. એમ, ધર્મ બહુ કરવાથી કાચાં પાપ ધોવાઈ જાય, પણ પાકાં પાપ ન ધોવાય. એ પેલા ડાઘની જેમ કપડાં જેવા આત્માને આપત્તિ-નુકશાન દેખાડીને જ જાય.**

એટલે, **જ્યારે આપત્તિ તો આવવાની હોય તો આવે જ છે,** તો પછી વધારામાં અપવિત્ર વાણી-વર્તાવ કે વિચારનું પાપ આત્મ ઘરે કાં ઘાલું ? વ્યવહાર તો પવિત્ર જ રાખું,' મનની આવી સલાહથી ચિંતા દૂર થાય છે.

**'માનવ જીવન પામ્યાની આ લહાણ છે કે જીવનમાં પવિત્રતા જીવીને જીવનને ધન્ય બનાવાય !** અપવિત્ર જીવનમાં શું ખાટી જવાનું છે ? ઊલટું લોકમાં અપકીર્તિ થાય છે. આજે જુઓ છો ને કે લાંચિયા અને ઘાલમેલુ અધિકારીઓની કેટલી હલકાઈ બોલાય છે ?

**(૨) વિનય મર્યાદા :-**

પવિત્રતા સાથે વિનય-મર્યાદા પણ બહુ જરૂરી ગુણ છે. જીવન સરળ, પ્રામાણિક અને સદાચારી હોય પરંતુ વિનયભંગ, મર્યાદાભંગ ને ઔચિત્યભંગ



વર્તતો હોય, અર્થાત્ અવિનય, ઘમંડ કે યથેચ્છ અને અનુચિત વર્તન હોય તો એનાં કટુ ફળ આ ભવ અને પરભવમાં ભોગવવા પડે છે. **જીવનમાં પવિત્રતા છતાં મર્યાદા-ઔચિત્ય, નહિ સાચવવાથી લોકપ્રિયતા મળતી નથી; અને લોકમાં અપ્રિય થવા ઉપરાંત ઊલટું એમ માનવાનું મન થાય છે કે આપણે સરળસ્વભાવી અને ચોક્ખાબોલા, એટલે બીજાને એ રુચતું નથી.** કહો, આ સાચી વાત છે ? બોલેલું-ચાલેલું ન રુચે એમાં વાંક શું બોલવા-ચાલવાની સરળતાનો છે કે અનુચિતતાનો છે ? દુરાગ્રહ અને મર્યાદાભંગનો છે ? કોનો વાંક છે ? મોટા મોટા મહાપવિત્ર પુરુષોના જીવન જોશો તો દેખાશે કે એ બહુ મર્યાદાશીલ અને ઉચિત વાણી-વર્તાવવાળા હોય છે.

માનવમાનસને જે સમજે છે, એ તો **ભિન્ન ભિન્ન જીવોની કક્ષા ભિન્ન ભિન્ન હોવાનું સમજનારા હોય છે, તેથી જ એ માત્ર પોતાની સરળતા-પ્રામાણિકતા અને હિતૈષિતા જ નહિ પણ સાથે સાથે સામાની કક્ષા-સંયોગ વગેરેને ધ્યાનમાં લઈને વર્તનારા હોય છે. તમને મનમાં થશે કે,**

**પ્ર.-** બધે સામાનું મન જોયા કરીએ ? તો હિતની વાત કે વર્તાવ શી રીતે કરી શકીએ ? છોકરાને તો રમવાનું મન હોય, ઉદ્ધતાઈની કુટેવ હોય, હવે તેનું મન જોઈ વર્તવાનું એટલે તો કાંઈ ઠપકો કે તાડના તર્જના, કશું કરવાનું નહિ ને ?'

ઉ.- આવું તમારા દિલને થાય, પરંતુ એ જુઓ કે એમ **અણઘટતા અવસરે અને સામો ન પચાવી શકે એ રીતે ઠપકારવા કરવાથી શું પરિણામ સારું આવે છે ?** શું એ સુધરી જાય છે ? ના, ઊલટો એ દુરાગ્રહી અને વિરોધી બને છે. પછી તો સાંભળવાની લાયકાત પણ નથી રહેતી, આવું જો થાય, તો તમે એનું શું હિત સાધ્યું ? બસ તમે તો તમારા મનને સંતોષ માની લીધો કે 'મેં તો મારી ફરજ બજાવી. હવે એ ન માને એમાં એની નાલાયકતા, અગર મારું પુણ્ય કાચું.' **જીવનમાં કેટલાય પ્રસંગોમાં આમ મર્યાદા બહાર અનુચિત અને સ્વાગ્રહભર્યું બોલી ચાલીને પોતાની છાયા અને મોભો ગુમાવાય છે, સંબંધો બગાડાય છે. તેમ બીજા પણ કેઈ નુકસાનો વહોરવા પડે છે.**

**(૩) સેવાભાવ :-**

તમારે પવિત્રતા અને ઔચિત્ય-મર્યાદા છે, **પણ જો સેવાભાવ નથી, અને એના બદલે સ્વાર્થભાવ કે એદીપણું છે, તોય કેટલાય અનર્થ જન્મે છે, ને મહામૂલા માનવજીવનના ખરા લાભ કમાઈ લેવાનું ગુમાવાય છે !** સેવાભાવમાં અખાડા કેમ થાય છે ? કાં નીતરતા સ્વાર્થની લગની છે, અગર એદીપણું છે. ખૂબી તો વળી



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

એ છે કે એવા માણસને પાછી બીજાની સેવા લેવી ગમે છે ! અને બીજા અવસરોચિત સેવા ન આપે તો પોતે સેવા માગવાનો હક્ક પણ કરે છે. સામાને ઠપકો દે છે 'કેમ આટલું તમારાથી બનતું નથી ?' પણ પોતાને બીજાનાં પાણીનો પ્યાલો ય ભરવો નથી !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૪૩,તા.૨૫-૭-૧૯૫૯

## ૩૭ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**પોતાના અને બીજાના કાટલા જુદા :-**

એકલી સેવામાં આ થોડું જ છે ? આત્માના કોઈ ગુણોમાં આવું બને છે કે માણસ ચાહે છે, હક કરે છે કે મારી પ્રત્યે બીજાઓએ ગુણનો વર્તાવ કરવો જ જોઈએ, ન કરે તો ન ચાલે, ગુણનો વર્તાવ કરે તો એ સારો માણસ.' **આમ બીજા માટે ખરું પણ પોતાના માટે નહિ ! કેવો વિચિત્ર ન્યાય !** પોતાના માટેના કાટલા જુદા અને બીજા માટેના જુદા ! બીજાએ મારી આગળ સાચું જ બોલવું જોઈએ. હું બીજા આગળ જુઠું બોલું તો વાંધો નહિ,' 'બીજા મારી નિંદા બિલકુલ ન કરે, હું 'બીજાની નિંદા ભારોભાર કરી શકું' એ કરવાનો જાણે પરવાનો ! 'બીજા મારી પત્ની ઉપર નજર ન નાખે; નજરો નાખ્યા કરે તો એને હું બદમાશ ગણું, અને મારે પરસ્ત્રીઓ પર દૃષ્ટિ નાખવાની છૂટ ! ત્યાં હું બદમાશ નહિ.' 'બીજાઓ મારી સેવા કરવા બંધાયેલા; ન કરે તો એ સ્વાર્થી કહેવાય. હું બીજાની સેવા કરવા બંધાયેલો નહિ !'

જગતના કેવા ઊલટા રાહ છે ! ના, ત્યારે ત્યાં એમ હશે કે મને બીજાઓ બિચારા નરકાદિ દુર્ગતિમાં ન પડે એની દયા આવે છે, માટે એ સીધા ચાલે એમ ઈચ્છું છું.' એમ ? ને જાતની દયા નથી આવતી ? ના, વાત જ એક છે સ્વાર્થ સાધુતા અને જાતવડાઈમાં મચ્યા રહેવું. કિંમત માત્ર પોતાની; બીજા એટલે કિંમત વિનાના ! માનવ જેવા મહા અવતાર છતાં કેટલી કંગાળ ચિંથરેહાલ દશા ! ગુણ કેળવવામાં કઠિનાઈ પડે તો ય **કઠિનાઈના તાપ વેઠીને પોતાના આત્મારૂપી સુવર્ણને ગુણોની શુદ્ધિ આપવાને બદલે અનાદિના જે દોષ, જે મલિનતા ચાલી આવે છે એમાં વધારો કરવાનો ?** શું નથી લાગતું કે આવું તો અનંતા ભવોમાં કર્યું માટે જ રખડતા છીએ ?



**અવળચંડાઈ આધિ-ઉપાધિના પાપે :-**

એટલું વિચારો કે આ અવળચંડાઈ કોની ખાતર થઈ રહી છે. માલમિલકત અને રંગરાગ રૂપી ઉપાધિની જ ખાતર ને ? એ ઉપાધિ માનસિક આવી ઊંધી આધિ રચે છે. માટે જ કહેવાય છે કે **આધિ-વ્યાધિના ત્રિવિધ તાપથી ભર્યો આ સંસાર જીવના હીર ચૂસી લે છે.** એનાથી જો ન બચાય તો આત્માના તેજ ખીલવાના નથી. ઉપાધિના પહેલાં તો મૂલ્યાંકન કરવા જ ખોટાં છે. મૂલ્યાંકન કરો છો એટલે જ 'ઉપાધિ પહેલી, અને ગુણ કે ધર્મ પછી,'- એમ ધોરણ રાખો છો. પરિણામ એ આવે છે કે **જે ગુણો અને ધર્મ આત્માને મહાશાન્તિ અર્પનારા છે, તાજગી આપનારા છે, મસ્ત અને માતબર રાખનારા છે, એને અવગણી માલમિલકત અને રંગરાગના ભોગની ઉપાધિને માથે ચઢાવી કેઈ ચિંતાઓ, કેટલીય અશાન્તિ, નિરાશા, નિસાસા વગેરેના ભોગ બનવું પડે છે.**

**સેવાથી શા શા લાભ ? :-**

સ્વાર્થ સાધનામાં રચ્યાપચ્યા રહેવાથી સરવાળે આવું જ બધું જોવા મળે છે. ત્યારે સેવા અને પરોપકારથી જીવનને સુવાસિત રાખવામાં **મન પ્રફુલ્લિત રહે છે, હૃદયને આશ્વાસન રહે છે કે** ચાલો કાંઈક સુકૃત કમાયા ! આમ તો તન-મન-ધન અંતે બધા જ ખોવાઈ જવાના છે. એમાંથી જેટલા સેવા અને પરમાર્થના કાર્યમાં વપરાયા, એટલા લેખે લાગ્યા' સ્વાર્થભાવને બદલે સેવાભાવને જીવનમંત્ર બનાવી દેવો જોઈએ. **એજ લેશ્યા રહે કે 'હું અને મારું બીજાના ખપમાં કેમ આવીએ !'** જ્યાં એની તક દેખાય કે ઝટ ઝડપી લેવાય. સેવા માટે હાડકાં હરામ નહિ, પણ આખાં, સેવા માટે ધન મોઘું નહિ પણ સસ્તું.' **સેવા કરતાં કરતાં તો સેવાનો એક નાદ લાગે છે,** સેવામાં જ રસ આવે; સેવા કરવાની મળ્યાથી આનંદ થાય, સ્ફુર્તિ આવે; રાત પડ્યે દિલને ઠંડક વળે કે 'આજે આટલી સેવા કરવાનું કમાયો.' જાતે સેવા કરવાની આદત કુટુંબ પર પણ એવી આદતની હોંશ જગાવે છે. ત્યારે એ પણ વસ્તુ છે કે સેવાભાવ લોકપ્રિયતાને લાવે છે. કહો છો ને નમે એ સૌને ગમે ? જો નમવા માત્રથી આ, તો સેવા કર્યાથી તો એથીય વિશેષ થાય એમાં શી નવાઈ ?

તો જીવનમાં આ ત્રણ ગુણનો ખૂબ ખપ કરો, પવિત્રતા, વિનયભાવ અને સેવાપરાયણતા.

**મંત્રી પત્ની રડે છે :-**

વાત આ ચાલે છે કે શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને મુનિ પોતાનું ચરિત્ર સંભળાવતા કહે છે 'હું રાજમંત્રી, મારે સરસ્વતી નામની સુશીલ, વિનયી અને સેવાપરાયણ પત્ની

હતી. એકવાર એ રાતના ઝબકીને જાગીને રોવા લાગી. એના અવાજથી હું પણ જાગી ગયો.

મેં પૂછ્યું 'કેમ આમ એકાએક રડે છે ?'

પણ એણે ઉત્તર ન દીધો. એથી તો મને લાગ્યું કે આ એના રડવા પાછળ કોઈ ગંભીર કારણ છે. એના પર મને અથાગ પ્રેમ તો હતો જ, એમાં એને કોઈ ગંભીર દુ:ખ ઉપસ્થિત થયું હોવાનું મને લાગ્યું, તેથી લાગણી વિશેષ ઊભરાઈ ઉઠી ! મારા દિલમાં ભારે દુ:ખ ઊભું થયું. મારા મનને થયું કે 'અરે ! આ બિચારીને આટલું બધું દુ:ખ ! તેય હું જીવતો જાગતો અને સારી સ્થિતિમાં ઊભો છું તોય જો આટલું દુ:ખ, તો મારા મરી ગયા પછી તો એના દુ:ખની અવધિ જ શી ?' ખરેખર ! એને જે દુ:ખ હશે એના કરતાં મને વધુ દુ:ખ ઊભરાઈ આવ્યું. એટલે મેં વધુ આગ્રહ કરીને પૂછ્યું, પણ ઉત્તર મળવાને બદલે રુદનનો રણકાર મળ્યો તેથી મારો ઉદ્વેગ વધતો ગયો.

**સામાના દુ:ખે દુ:ખી શું દયાથી જ થવાય છે ?**

મહાનુભાવ ! શું આ ઉદ્વેગ મારો સામાની દયાના ઘરનો હતો ? ના, એમ તો જગતમાં આથી પણ વધુ દુ:ખમાં કેઈ જીવો રીબાય છે; અરે ! સામાના દુ:ખ આપણી નજરે ચઢે છે, છતાં ક્યાં એ ઉદ્વેગ થાય છે ? માટે ઉદ્વેગ દયાને લીધે નહિ પણ મોહને લીધે થતો હતો, એ વાત સ્પષ્ટ છે. આ ય મને હવે સમજાય છે, તે વખતે તો મોહના કેફમાં કાંઈ સમજાતું નહોતું. બાકી એ જોજો કે **મોહ જીવને વગર જોઈતા કેટલાય દુ:ખ-ઉદ્વેગ ખડા કરી આપે છે !** જગતમાં મોહની કેવી ખૂબી છે ! કે ભલભલા ઇંદ્ર જેવાને પણ ગુલામ બનાવે છે ! જીવને એક યા બીજા પ્રકારે દુ:ખ સંતાપમાં ઘસડે છે !

**પ્ર.**- તો શું સ્નેહીના દુ:ખથી દુ:ખી ન થવું ?

ઉ.- અહીં દુ:ખી ન થવાની વાત નથી. વાત એ છે કે **દુ:ખી થતા હો એમાં તપાસ કરો કે એની પાછળ કયું તત્ત્વ કામ કરી રહ્યું છે ?** મોહ કે દયા ? દયા કહેશો તો પાછો પ્રશ્ન એ ઊભો રહેશે કે દયા બીજા જીવની કેમ એવી નથી ઊભરાતી ? કહેવું જ પડશે કે ત્યાં દયાની લાગણી કરતાં મોહની લાગણી કામ કરી રહી છે. મોહ દુ:ખી કરે છે, મોહ રોવડાવે છે. એ પણ વિચારવા જેવું છે કે દુ:ખ કે મોહના રુદન કરવાનું કયા કારણે બને છે ? શું સ્નેહીને સારું લગાડવા ? તો એ દુ:ખ કરવાનું ને રોવાનું પાછું માનાકાંક્ષારૂપી મોહના ઘરનું થયું !

મુનિનું આ કથન આત્મનિરીક્ષણ કરવા માટે સમજવાનું છે. આવી વિચારણા આવે ત્યાં ભડકવાની જરૂર નથી. **તમે પોતાના આત્માના અને વસ્તુતત્ત્વના ઊંડાણમાં**



**ઉતરો, જુઓ, તપાસો કે કોઈ પણ પ્રવૃત્તિ કે પ્રસંગમાં રહસ્ય શું છે, કેવી કેવી લાગણી વસ્તુના કયા કયા અંશને સ્પર્શે છે.** એ તપાસથી સાચો ક્યાસ કાઢતા કમમાં કમ જાગ્રતિ અને સાવધાની પ્રાપ્ત થશે. દુનિયાદારીમાં પણ દેખાય છે કે કોઈને અયોગ્યપુત્ર નભાવવો પડતો હોય, એને એમ કહેવામાં આવે કે આ તું નાલાયક પુત્રની નાલાયકીને નબળાઈથી નભાવી રહ્યો છે, ત્યારે જો એ કહે કે તો શું હું એને કાઢી મૂકું ? તો એને કહેવું પડે છે આ કાઢી મૂકવાની વાત નથી, માત્ર તમે એ જોવો કે એવો પુત્ર નભાવવા પૂંઠે તમારી નબળાઈ કામ કરી રહી છે કે નહિ ? એવી રીતે મુનિ અહીં કહે છે કે સ્ત્રીના રુદન પાછળ મારું દુ:ખ મોહના ઘરનું હતું. સમજ હોય તો તે એ દુ:ખને મોહને બદલે વિવેક અને ભાવદયાના ઘરનું કરી શકત. પણ સમજ લાવવી ક્યાંથી !'

શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને મુનિ આગળ પોતાની મંત્રી-અવસ્થાની હકીકત કહે છે, 'જ્યારે મેં બહુ આગ્રહથી મારી પત્ની સરસ્વતીને પૂછ્યું આમ એકાએક રોવાનું શું કારણ છે ? શું તમારું કોઈએ અપમાન કરેલું તમને કોઈ પીડા થાય છે ? છે શું ?'

**મંત્રી પત્ની રોવાનું કારણ કહે છે :-**

ત્યારે પત્ની કહે છે, 'ના, એવું કાંઈ નથી. માત્ર મને એક સ્વપ્ન આવ્યું, અને એમાં મેં તમને બીજી સ્ત્રી સાથે વાત કરતા જોયા !'

આ સાંભળતાં મારા મનને થયું કે અહો ! આ જો આટલી વાત માત્ર એના ઉપર, અને તે પણ સ્વપ્નામાંની વાત છતાં એના પર આટલી ઉદ્વિગ્ન બને છે, તો પછી ખરેખર તેમ બનતાં અને તેથીય આગળ કશું બનતાં એના દિલને કેટલો આઘાત લાગે ?

**સ્ત્રીના સ્નેહ અને શ્રમની કદર :–**

વિચારવા જેવું છે કે જે સ્ત્રીજાત આટલો સ્નેહ ધરાવે છે, અને ઘરનું કેટલુંય વૈતરું કરે છે, તે પણ વગર પગારે, એની પુરુષ કેટલી કદર કરે છે ? તમે કહેવાના કે 'કદર તો કરીએ જ છીએ ને ? માટે તો એના પર રાગ ધરીએ છીએ, એને ખર્ચના નાણાં કમાવી લાવીને દઈએ છીએ.' પરંતુ,

**આના બંને વસ્તુની પાછળનો આશય શું કદર કરવાનો છે, કે બીજો કોઈ આશય છે,** તે તપાસજો.

**તેમ એ કદાચ કદરરૂપ હોય તોય એટલેથી પતી જાય છે કે એથીય વિશેષ કાંઈ જોઈએ છે,** એ તપાસજો.

**પત્ની પર રાગ કરો છો તે કામરાગ છે કે કદરનો રાગ છે ?**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

રાગની પાછળનો આશય એના પરનો મોહનો કે વાસનાનો ખરો કે નહિ ? ખર્ચનાં નાણાં કમાવી લાવી આપો તે શું એની કદર કરવા માટે કે તમારું ઘર ચલાવવા, અને લોકમાં આબરું, સ્વમાન જાળવવા ?

**કદરમાં શું કરવાનું ? :-**

હજીય સૂક્ષ્મતાથી જોશો તો જણાશે કે મોટેભાગે હજી તો ત્યાં સ્વાર્થની વાસના કામ કરી રહી હોય છે, કદર તો એથી ઊંચે છે. **કદર તો એ કહે છે,** કદર તો એ માગે છે કે **"આ જ્યારે આટલો રાગ અને સેવા કરે છે, તો પછી મારે એની પ્રત્યે સૌમ્ય વાણી-વર્તાવ રાખવો,**

**એના દિલનો ભંગ થાય એને આઘાત લાગે એવા શબ્દ ન બોલવા, એવી પ્રવૃત્તિ ન કરવી.**

**એનો મારા પ્રત્યે કોઈ કટુ બોલ કે પ્રતિકૂલ વ્યવહાર મારે ખમી ખાવો.**

**તેમ પત્ની પ્રત્યે એ પણ એક કદર છે કે**

**એને જવાબદારીઓ ઉપાડવામાં મદદગાર થવું.**

**જીવનમાં ધાર્મિકતા પવિત્રતા રાખી પત્નીને બહુ પાપમાં ન જોડવી.**

**વાસનાતૃપ્તિમાં એને ન ઘસડવી; તેમ, એના સિવાય કોઈ સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ સરખી ન નાખવી.**

**કદર નથી માટે ક્લેશ વગેરે :-**

કદરમાં જો આવી આવી બાબત સચવાતી હોય તો ઘરક્લેશ થાય ? પત્નીને આકરા શબ્દો કહી એના હૃદયમાં ભંગ કરાવી જાતે તો ધર્મસાધના નહીં કરવી પણ પત્ની પર બધો બોજો નાખી એનેય વ્રત-પચ્ચક્ખાણ તથા ધર્મક્રિયામાં અંતરાયભૂત થવાનું કરાય ?

**આર્યપતિની કદરની ઊંચી કક્ષા :-**

પત્નીની એક પતિ-નિષ્ઠાની કદર ઉપર એનું ખમી ખાવાની એનું સહી લેવાની વાત રખાય તો આજે જે ઘર ઘર ક્લેશ દેખાય છે તે હોય ? એ તો જુઓ કે સવારથી રાત સુધી એ કેટલું વૈતરું કૂટે છે ? કેટકેટલું એ સહે છે ? કેટકેટલી બાબતો એ સંભાળે છે ? એનો વિચાર હોય તો એની પાછળ **માત્ર સહાય કે સહિષ્ણુતા જ શું, પણ ઉપરાંતમાં એક આર્યપતિ તરીકે એના ચિત્તને સમાધિ, ધૈર્ય અને આધ્યાત્મિક ઉન્નત્તિકારક પ્રેરણા-પ્રોત્સાહન અપાય.** આર્યપતિની કદરની એ ઊંચી કક્ષા છે, પણ કહેવાના કે પહેલાં અમારા જીવનમાં આધ્યાત્મિક્તા ભરચક ભરી હોય ત્યારે ને ?



**આધ્યાત્મિકતા માટે શું શું કરવાનું :-**

**આધ્યાત્મિક્તા એટલે** કોઈ મોટી સાધુતા અર્થાત્ મુનિચર્યા સમજતા મા. એમાં એટલું આવશે કે,

**તમારે હવે સ્વાત્મા પર મોહનો અધિકાર નહિ રખાય. અધિકાર ધર્મનો રાખવો પડશે. જાત ઉપર વર્ચસ્વ ધર્મનું રાખવું જોઈએ.**

**જીવનને માયા, પ્રપંચ, વિષયલંપટતા, સ્વાર્થાંધતા, અવિવેક, અનુચિતતા, વગેરે દોષોભર્યું નહિ રખાય.**

**સ્વજન સ્નેહીને કોરી કડકડતી જડની વાતો અને અર્થકામની રામાયણમાં નહિ ઘસડાય.**

**એમને શું કે પોતાની જાતને શું, પણ આત્મા, પરમાત્મા ને સદ્ગુરુઓના મમત્વવાળા બનાવવા જોઈએ.**

**સદ્ગુણો અને સદ્ આચાર-વિચારોનો ખૂબ ખપ કરે એવા સંસ્કારી કરવા જોઈએ.**

**જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવ, સૌના ભલાની ચિંતા, દુ:ખીની દયા, ગુણીયલના ગુણની અનુમોદના, પરના દોષો પ્રત્યે ઉદાસીનતા, વગેરે વલણમાં રમતા થાય એવી જ વાતોચીતો અને પ્રોત્સાહન કરવા જોઈશે.**

આવી આવી આધ્યાત્મિકતા ઉપરાંત ધાર્મિક્તા જાતમાં અને પત્નીમાં કેળવવાની ધગશ અને પુરુષાર્થ જો કેળવો તો એની પાછળ કુટુંબ સ્વર્ગીય આનંદમાં મહાલતું થઈ જાય ! એક કલ્યાણ સ્નેહી તરીકે તો એ કેળવવાનું જ છે, પણ કદર તરીકે ય કેળવવાનું છે. માણસને વિચાર નથી કે 'આમની મારા પ્રત્યે કેટકેટલી લાગણી છે ! એ કેટકેટલું મારી પાછળ સહન કરે છે ! કેવો ભારે શ્રમ ઉઠાવે છે ! તો એ લાભ અને ઉપકાર પાછળ મારે કોઈક અવસરે થોડા કઠીન શબ્દ સહી લેવા, થોડી અગવડ વેઠી લેવી, એ તો કોઈ મોટી વાત નથી, કોઈ મોટું પરાક્રમ નથી. ક્યાં એમના સ્નેહ અને શ્રમદાન ! ને ક્યાં આ સહવાનું ! એ તો સહવું જ જોઈએ. ઉપરાંતમાં મારે ભોગ પણ દેવો જોઈએ.' આવો વિચાર નથી માટે ખોટા રોફ અને રોષમાં ઘસડાઈ જવાય છે, ક્લેશ કંકાસ મંડાય છે, સામાને નિરાશા અને હૃદયભંગ કરાય છે.

દેવ-ગુરુધર્મની પાછળ પણ આવું જ બને છે. એમના ઉપકારની અમાપ કિંમત વિચારાતી નથી, કદર કરાતી નથી, તેથી જિનની આજ્ઞા ઉઠાવવી ભારે પડે છે, ગુરુની હિતશિક્ષા કે કડકાઈ કડવી લાગે છે, ધર્મના કષ્ટ ગમતા નથી, એમને માટે ભોગ આપવાની ઉર્મિઓ નથી ઉછળતી. નહિતર મનને શું એમ ન થાય કે **ક્યાં એમના અનંત ઉપકાર અને ક્યાં આ કષ્ટ !**

**પત્નીના રૂદનનું નિવારણ :-**

મુનિ કહે છે, મારા મંત્રીપણા વખતની એ પત્નીના કહેવાનો ભાવ હું સમજી ગયો. તરત જ એને સાંત્વન આપવા મેં કહ્યું, "મારા પર તારે શંકા કરવાની જરૂર નથી. **લે હું આજથી પ્રતિજ્ઞા કરું છું કે આ જીવન પર્યંત તારા સિવાય બીજી કોઈ પણ સ્ત્રીનો મારે ત્યાગ છે."**

મારી આ પ્રતિજ્ઞાથી એના મુખ ઉપર આનંદની ઉર્મિ છવાઈ ગઈ. તે પછી તો અન્યોન્યનો પ્રેમ બહુ વધ્યો. પરંતુ એનું એક ખતરનાક પરિણામ જે આવ્યું તે જાણતાં તને થશે કે તારું દુઃખ તે શા વિસાતમાં છે ? બન્યું એવું કે કેટલાક વિઘ્નસંતોષીઓને અમારી આ પ્રેમની વસ્તુ પર કારસ્તાન કરવાનું મળ્યું.

'ચંદ્ર ! તને લાગ્યું હશે કે મેં આ પ્રતિજ્ઞા કરી અને બંનેનો પ્રેમ વધ્યો એ સરસ થયું. તને શું, મને પણ એમજ લાગતું. પરંતુ એ તો જ્યારે એના ભયંકર પરિણામની પરંપરા જોઈએ ત્યારે જ સમજાય છે કે **જ્ઞાનીઓએ આધિ-ઉપાધિને કેઈ અનર્થોની ખાણ કહી છે તે તદ્દન યથાર્થ છે. પ્રેમ વધાર્યો એ ઉપાધિ જ વધારી હતી, આધિ જ વધારી હતી.** એમાં કારણભૂત મારી જીવનભર એકપત્ની-વ્રતની પ્રતિજ્ઞા હતી. પણ તે તું સમજતો હશે કે સદાચારની ભાવનામાંથી જન્મી હતી ? ના, સદાચાર-પ્રેમી તો હું પહેલેથી હતો જ, પરંતુ એક પત્ની મર્યા પછી પણ બીજી પત્ની ય ન કરવી એવું કાંઈ મેં નક્કી નહોતું કર્યું, તે નક્કી કર્યું તેમાં આ પત્ની ઉપર અથાગ મોહ અને તેના રુદનથી લેવાઈ જવાપણું હતું. તો આ ય એક આધિનો વધારો જ ને ?

'હે ભાગ્યવાન ! માટે એ જો કે દેખીતા કેટલાક ગુણો પણ દોષના ઘરના હોય છે, એટલે જ એ દોષમાં પરિણમે છે ! પરિણામે દોષરૂપ નીવડે છે ! જીવનભર એકપત્ની વ્રત એ ગુણ છે; પરંતુ એ મારે સ્નેહાળ પત્ની ઉપરના ગાઢ મોહરૂપી દોષમાંથી જન્મ્યો હતો, માટે એ અધિક સ્નેહના બંધનરૂપી દોષમાં પરિણમ્યો. હવે એ આટલેથી અટકવાનો નથી. પણ અધિક અનર્થમાં ને મહાદુઃખમાં પરિણમવાનો છે, એ તને આગળનું સાંભળીશ એટલે સમજાશે."

મુનિએ સમજાવેલ આ તત્ત્વ બહુ વિચારવા જેવું છે. આજે જડ પદાર્થોનાં સંશોધન, જડની ખાસિયતોનાં પૃથક્કરણ વગેરે બહુ ચાલી પડ્યું છે. પરંતુ આત્મવૃત્તિઓના ઊંડાણમાં ઉતરવાની જરૂર છે. એના પૃથક્કરણ અને સંશોધન કરવાની જ ખાસ જરૂર છે.

શું આપણે ગુણરૂપ માની લીધેલ વૃત્તિઓ ખરેખર ગુણસ્વરૂપ છે ? અને છે તો એ કોઈ દોષના લીધે તો નથી જન્મી ને ? એ તપાસવાની જરૂર છે.



સંસારમાં રહ્યા એટલે સ્નેહ તો થવાના અને કરવાના, પણ એ સ્નેહને જો મોહના સ્નેહને બદલે ઔચિત્યના સ્નેહ બનાવી દો, ધર્મના સ્નેહ કરી દો, મૈત્રી, કરુણા અને પ્રમોદભાવના સ્નેહરૂપ બનાવી દો, તો એ દોષરૂપને બદલે ગુણરૂપ બની જાય, કુટુંબને આપણી છાયા ઝીલનારા સાધર્મિક તરીકે સ્નેહના પાત્ર બનાવી શકાય; અથવા એના વડેરાપણાના ઔચિત્યનો સ્નેહ દાખવી શકાય. ત્યારે મોહપાત્ર કુટુંબી તરીકેનો સ્નેહ ન કરો, અને આવો સ્નેહ કરો, એથી કાંઈ વ્યવહારમાં વાંધો ન આવે. ઊલટું એમ કહો કે,

વ્યવહાર સારો ચાલે, કેમકે ધર્મસ્નેહ અને ઔચિત્યસ્નેહમાં વિવેક જાગતો રહે છે દિલ ઉદાર અને ગંભીર રહે છે, સ્વાર્થ ગૌણ થઈ પરાર્થવૃત્તિ મુખ્ય બને છે, સ્વાર્થકુશલતા મટી પરાર્થકુશલતા આવે છે.

**આર્ય રક્ષિતની માતાને** પુત્રસ્નેહ કરતાં **ધર્મસ્નેહ** વધુ હતો તો એ ભણીને આવ્યો અને નગર આખાએ તથા અન્ય કુટુંબીઓએ વધાવ્યો, પણ માતાએ વિશાળ અને દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરી વધાવવાને બદલે પુત્રની દૃષ્ટિ વિકસાવી, અને મહાન શાસનપ્રભાવક અને પૂર્વધર મહાજ્ઞાની આચાર્ય બનવાના પંથે વાળ્યો !

**મદનરેખા મહાસતીએ** પતિ ઉપરના **ધર્મસ્નેહને** લીધે જ મરતા પતિને એની અને પોતાની હાયબળતરામાં, ને મારનાર જેઠ પર કષાયની આગમાં સળગાવ્યો નહિ, ઊલટું મહાક્ષમા અને સમતા-સમાધિમાં ઝીલતો કરી દીધો ! અને એ સમાધિ મરણ પામી પાંચમા દેવલોકમાં દેવતા થયો ! કષાય તો એવો ભયંકર ઉઠ્યો હતો અને રૌદ્ર ધ્યાન એવું ભયંકર ભભુકી ઉઠ્યું હતું કે એ રહ્યે મૃત્યુ થતાં નરક જેવામાં જઈ પટકાવું પડત ! એના બદલે દેવગતિ; અને તે પણ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કની નહિ, પણ ઊંચા વૈમાનિક દેવલોક, અને ત્યાં પણ પાંચમા દેવલોકમાં જન્મ મળ્યો ! એટલે ઊંચે પહોંચાડનાર મદનરેખાનો ધર્મસ્નેહ, ગંભીર દૃષ્ટિ અને ઉદારતા સાથે **પરાર્થકુશળતા કેવી !** પોતાનો પતિ મરે છે એટલે પતિના ખૂની જેઠ રાજાની ચુંગાલમાં ફસાઈ પડવાનું છે ! પાછો એ પોતાની ઉપર આસક્ત બન્યો છે ! એને જો પોતે વશ ન થાય તો પોતાના પુત્રને વચમાં લાવી એ રાજા કઈ દુષ્ટતા પર જાય તેનો કોઈ પત્તો નથી. બધી જાત પરની વિકટ પરિસ્થિતિ વચ્ચે આ રાજાની હકુમતમાં બચાવનાર કોણ ? એટલે, પતિના મરણ વખતે પોતાના આ બધો સ્વાર્થ ભંગાતો નજરે ચઢે એવો છે; છતાં એ બધાનો હમણાં કોઈ જ વિચાર ન કરતાં, અત્યારે તો તત્કાળ ઉપસ્થિત થયેલ પતિના પરલોકનો વિચાર જ એણે મુખ્ય કર્યો ! એ પણ એક મહર્ષિને છાજે એવી ભવ્ય તત્ત્વવાણી સુણાવીને, ને દુષ્ટ જેઠ પ્રત્યે પણ ભારોભાર ક્ષમાના દાન કરાવીને !



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

મુનિ કહે છે, 'હે ચંદ્ર ! બધી પંચાતી મોહના ઘરના સ્નેહમાંથી ઊભી થાય છે. મોહ-સ્નેહ વિટંબણા અને કલેશ કલ્પાંત વિના કશું સારું આપી શકતો નથી. ત્યારે ધર્મસ્નેહ તો ધર્મના મમત્વ જગાવીને સામાના વિશેષ આત્મહિતનું લક્ષ ઊભું કરે છે, એની જ ચિંતા કરાવીને એ માટેનો પુરુષાર્થ કરવામાં તત્પર રાખે છે, અને સુખદ પરિણામની પરંપરાનો સ્વામી બનાવે છે.

પણ આ બધી સમજ તે વખતે મારામાં નહોતી અને મોહાંધ સ્નેહમાં હું તણાયો ! પરિણામ એ આવ્યું કે વિઘ્નસંતોષીઓએ રાજાને ચઢાવવાનું કર્યું. 'આ મંત્રી તો એની પત્નીમાં બહુ આસક્ત છે, અને પત્ની પણ એનામાં અત્યન્ત આસક્ત છે. બે કદી છૂટા ન પડી શકે,' વગેરે વગેરે કાન ભંભેરણી એમણે કરી અને અમારા પર મહાન આપત્તિ વરસવાના વાદળ ઊભા કર્યા !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૪૪,તા.૧-૮-૧૯૫૯

## ૩૮ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**અસહિષ્ણુતા અને ઈર્ષ્યાની નાગણ :-**

'હે ચન્દ્ર ! આ જગતમાં માણસને કાં સાચી પ્રવૃત્તિ આખા દિવસભરની હોતી નથી, અગર હોય છે તો એને ખોરંભે રાખીને પણ અસહિષ્ણુ દિલની ખોટી ખણજને લીધે આવી ઈર્ષ્યાભરી ગલીચ પ્રવૃત્તિમાં રાચે માચે છે, એમાં એને પોતાને શું મળવાનું હોય છે ? કાંઈ જ નહિ. પરંતુ ઝેરીલી નાગણ જેવી આ ઝેરીલી દૃષ્ટિ દુષ્કૃત્યોના ઝેર ઓકાવ્યે જ રાખે છે. કહે છે ને **'સાપ ખાય ને મુખડું થોથું,'** કોઈને સર્પ ડસે ત્યારે ગામડામાં કહેવાય છે કે 'આને સાપે ખાધો.' હવે જો સાપ ખાતો હોય તો સાપના મોમાં કાંઈ આવવું જોઈને ને ? પણ ના, અહીં તો એનું મુખડું થોથું એટલે કે ખાલીજ રહે છે, મોમાં કાંઈ જ આવતું નથી, ને મોંનું ઝેર બહાર જાય છે. બસ, એજ રીતે અસહિષ્ણુ અને ઈર્ષ્યાભર્યા માણસોને પોતાને કાંઈ લાભ ન થતો હોય છતાં પોતાનું ઈર્ષ્યાદિષ્ટિ અને અધમ વિચારનું ઝેર અધમ પ્રચાર દ્વારા અને અધમ યોજનાઓ મારફતે બહાર ફેલાય છે.

વાત પણ બરાબર છે કે અસહિષ્ણુતા અને ઈર્ષ્યા કેટલા બધા ઝેરીલા બને છે ! **માનવ જીવનનો જે અમૂલ્ય કાળ તો અનાદિની ખોટી આદતો, દુષ્ટ વૃત્તિઓ અને દોષ-દુર્ગુણોને ભૂંસી નાખવા માટે મળ્યો છે, મહા પુણ્યયોગે મળ્યો છે, એને એ જ નભાવવા-પોષવામાં વપરાય એ કેટલું બધું ખતરનાક !** આપણી ભૂલભાલની



વાત આવે ત્યારે બચાવ તો કરીએ છીએ કે 'શું કરીએ, અનાદિના સંસ્કાર છે,' પરંતુ એ જોતા નથી કે-

(૧) આવા બચાવ પૂર્વભવોમાં શું નહિ કર્યા હોય ? ખેર, આ જન્મમાં તો ક્યારનાય બચાવ કરતા આવ્યા, તો શું સુધારો થઈ ગયો ?

(૨) વળી, આવા ઊંચા આત્મ-સંશોધન-સુધારણાનો ભવ પૂરો થયા પછી શું પછી આવો ઊંચો ભવ ઝટ મળશે ? અને કદાચ જો મળશે તો મનનો ખોટો બચાવ કરવાની આદત ત્યાં શું સાથે નહિ આવે ?

મનને નિર્ધાર કેમ ન થાય કે **'આ ભવ જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી મારી કુટેવો, દુષ્ટ વૃત્તિઓ અને દુર્ગુણોને તોડી નાખવા મથીશ !** દુઃખ-નાનમ-આપત્તિ વેઠીને પણ આ મહાન કાર્ય કરીશ ! **આ ન કરું તો માનવમગજ અને માનવ શક્તિઓ પામ્યો શા માટે ?** શું પેટપટારા ભરવા અને જડ વિષયો પાછળ નાચવા ?

મુનિ કહી રહ્યા છે કે જ્યારે વિઘ્નસંતોષીઓએ રાજાને જઈને અમારા ગાઢ પ્રેમની વાત કરી, ત્યારે-

રાજા કહે છે, 'પ્રેમ તો હોય. કયા સુશીલ પતિ-પત્નિને પ્રેમ નથી હોતો ?

પેલા કહે છે, 'મહારાજ ! આ પ્રેમ જુદો. એકબીજાનો વિરહ ખમી શકે નહિ એવો એ છે. તમારે પારખું કરી જોવું હોય તો જુઓ, વિરહમાં અવનવું જોવા મળશે !'

**રાજાની યોજના :-**

રાજા, વાજાં ને વાંદરા, ત્રણેયની એક સ્થિતિના શા ભરોસા ? મંત્રી પર અથાગ પ્રેમ અને વિશ્વાસ છતાં એણે એક પોતાના મનથી સાદી પણ ખરેખર જે ભયંકર નીવડી એવી પરીક્ષા કરવાની યોજના મનમાં ઘડી કાઢી; અને તે અનુસાર મને રાજ્ય વ્યવસ્થા સોંપીને પોતે યુદ્ધે જવાનું નક્કી કર્યું. યુદ્ધબુદ્ધ શાનું ? ખોટો પેંતરો જ હતો, છતાં મારે જવાનું નહોતું તેથી મને આનંદ થયો. શાથી એ તું સમજી શકે છે ને ? **મોહને પનારે પડેલા જીવની કેવી દુર્દશા હોય છે !**

**અતિશય રાગમાંથી અનર્થ :-**

'હે ચન્દ્ર ! **અધિક પડતા રાગની મોટી મોંકાણ છે ! એવા રાગાંધના હૈયાં એટલા બધા નબળાં પોચલાં બને છે કે પછી ત્યાં ઉમદા સાત્ત્વિક વિચારણાઓ માટે અવકાશ રહેતો નથી, સારી વાતો જીવનમાં ઉતારવા માટે પુરુષાર્થ જાગતો નથી.'**

આજે શું છે ? **લક્ષ્મી અને હોદ્દાના અધિક પડતા રાગ જ મલિન**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**વિચારણાઓને અધમ કૃત્યો આચરાવે છે ને ?**

મુનિ કહે છે 'હે ચન્દ્ર ! **દિલ તો એટલું બધું વિશાલ અને ધરાયેલું બનાવવું જોઈએ કે કુવિચાર અને કુયોજનાઓને એમાં સ્થાન ન મળે. પણ એ ક્યારે બને ? રાગમૂઢતા ઓછી થાય તો ને ?** સુજ્ઞ યુવક ! ભૂલતો મા, **ભવિષ્યના દીર્ઘ કાળપંથે હજી જે પ્રયાણ કરવાના છે, તે સુખદ અને શાબાશીભર્યા તો જ બનશે કે જો આપણે સઘળા દોષોના મૂળભૂત આ રાગ પર ભારે અંકુશ મૂકીશું. બધાય અનર્થો મૂળભૂત** અતિશય રાગમાંથી જન્મે છે. દુનિયાની સારી સારી ચીજો, ધનસંપત્તિ, ઘરદુકાન, કુટુંબપરિવાર, માનપાન વગેરે પર વધારે પડતા આકર્ષણ થાય છે તો એમાંથી કેઈ અનર્થો અને કેઈ અસદ્ આચરણો ઊભા થાય છે.

હે ચંદ્ર ! **આવા સમજદાર અને સશક્ત માનવરૂપી મહાપ્રાણી બન્યા પછી શા માટે એટલા બધા લહેવાઈ જવું જોઈએ ?** પણ જો જે કે ઉપાધિ ચીજ જ એવી છે કે સામાન્ય જીવને સહેજે સહેજે પોતાના તરફ નિર્વિચાર આકર્ષણ, આંધળો રાગ, અને પલટો પામતો કરી દે છે, માટે ઉપાધિથી જેટલા આઘા રહ્યા તેટલું એ આકર્ષણ, એ રાગ અને એ લહેવામણથી બચાશે. નહિતર તો સમજજે કે **ઉપાધિ આ રાગાદિ આધિના ભારે તોફાન જગાવી કેઈ દુઃખ-સંતાપની આગ સળગાવે છે.**

**મંત્રીને તેડાવે છે :-**

'રાજા તો લશ્કર લઈને બહાર ગયા પછી એણે એક માણસ મોકલીને મને કહેવડાવ્યું કે "લડાઈ અંગે તમારી ખાસ જરૂર છે માટે તરત આવી જાઓ." હવે ? રાજાનો હુકમ એટલે બીજો વિચાર કરવાનો નહિ. તેથી હું પત્ની સરસ્વતીને આશ્વાસન દઈ રાજા પાસે પહોંચી ગયો. રાજાએ બધો દેખાવ એવો રાખ્યો હતો કે મને કોઈ વહેમ પડ્યો નહિ. બે ચાર દિવસ એમજ પસાર થયા પછી રાજાએ મારાથી ગુપ્તપણે એક ખાસ માણસ મારી પત્ની પાસે મોકલ્યો.'

**મંત્રીના મરણના ખબર :-**

એણે જઈને ઉદાસ ચહેરે એને કહ્યું કે "મંત્રી લડાઈ બહુ બહાદુરીથી લડ્યા પરંતુ દુશ્મનનો સીધો ઘા લાગવાથી મરી ગયા !"

'માણસ કહેવા જનારો આ તૂત જાણતો હતો. એને જોવું હતું કે હવે મારી પત્ની શું કરે છે. પણ મારા પર અથાગ પ્રેમભરી પત્ની પતિના એકાએક મૃત્યુ અને તેય પોતાની ગેરહાજરીમાં થયેલા મૃત્યુના સમાચાર સાંભળીને ક્યાં ઊભી રહે ?'

"હે ચંદ્ર ! જગતમાં બીજી કષ્ટ-તકલીફ સહવી હજી સહેલી છે, પરંતુ જ્યાં અથાગ પ્રેમ છે એના વિયોગના અને તેય કાયમી વિયોગના સમાચાર પણ સાંભળવા



દુઃસહ છે. એમાંથી જે માનસિક આધિ ઉઠે છે એનો સંતાપ પારાવાર પીડા આપે છે ! માણસ એ બીજામાં નજરે જુએ છે પણ ખરો, છતાં પાછો પોતાને એવી આધિનો શિકાર બનાવનારી ઉપાધિને હોંશપૂર્વક વહોરે છે ! એ એની કેવી અજ્ઞાન અને મૂઢ દશા !"

'હે ચંદ્ર ! **જ્યારે જગત પર શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું કલ્યાણશાસન મોજુદ છે, અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રના ભવ્ય સાધનાપંથને પ્રકાશમાં મૂકે છે, એવો કે જે આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપને મિટાવી શકવા, તદ્દન નાબૂદ કરી દેવા સમર્થ છે, ત્યારે જીવ એ સાધના-પંથે વળી જવાને બદલે ઉપાધિઓના મજુર બની એને માથે ઊંચકી ઊંચકીને ફરે એ એની કેવી કંગાલિયત !**

**બંને ત્રિપુટીનાં વહેણ જુદી તરફ :-**

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ મિટાવનારા શાથી ?** કારણ સ્પષ્ટ છે. આધિ-વ્યાધિ-ઉપાધિનાં વહેણ જડ વસ્તુની તરફ છે, અને આત્માને એ તરફ ઘસડાવું પડે છે. પછી જડના સંપર્કમાં આત્મા તણાયો એટલે તાપ સિવાય બીજું કાંઈ જોવા મળે એમ નથી. કેમકે **જડ વિષયો આત્માથી તદ્દન પર વસ્તુ છે, આત્માને પરાધીન અને પામર બનાવનાર છે.**

**જીવના કહ્યામાં એ નહિ, જીવના કબજામાં એ નહિ,**
**જીવની સાથે એ કાયમી નહિ,**
**જીવની ઈચ્છા કરતાં સવાયાં તો નહિ પણ હંમેશ અધુરા,**
**પછી એ સંતાપ ન આપે તો બીજું શું આપે ?**

દુનિયામાં દેખો છો ને કે પત્ની કે પુત્ર જો કહ્યામાં નહિ, કબજામાં નહિ, કાયમી નહિ, ઈચ્છીએ એવા નહિ બલ્કે ઈચ્છ્યા કરતાં ઘણા અધુરા, તો એ કેટલોય તાપ આપે છે ! ચિત્તને સંતાપ્યા કરે છે ! બસ એવો આ જડસંયોગ છે. **આધિ-વ્યાધિ-ઉપાધિ એ જડ વિષયોના માર્ગે વહેનારા છે, એટલે એ ય શાંતિ, સ્વસ્થતા કે ઠંડક ક્યાંથી આપે ?**

ત્યારે, **સમ્યગ્દર્શન વગેરે આત્માના માર્ગે વહનારા છે, ને જડની ફસામણમાંથી આત્માને છોડાવતા આવે છે;** એટલે સહજ છે કે એ જડગામી આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રાસ-તાપમાંથી મુક્ત કરે જ.

**જડનાં ને આત્માનાં સગાં :-**

આ સાયન્સ, આ વિજ્ઞાન બરાબર ઊંડા વિચારપૂર્વક લક્ષમાં ઉતારવાની જરૂર છે.

જડના તરફ જેટલા તમે વહી જાઓ એટલા સરવાળે સંકટ-સંતાપમાં ઉતરશો,



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

અને આત્મા તરફ જેટલા ચાલ્યા આવો એટલા શાંતિ, ઠંડક અને સ્ફુર્તિ તરફ ચાલ્યા આવશો. બીજા શબ્દમાં કહીએ તો,

આધિ-વ્યાધિ-ઉપાધિની ફસામણ સંકટ-સંતાપ આપે છે, ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સત્સંગ શાંતિ, સ્ફુર્તિ અને ઠંડક અર્પે છે. કેમકે,

આધિ વગેરે, એ જડના સાગ્રીત છે, અને સમ્યગ્દર્શનાદિ એ આત્માના સગાં છે. આત્મા જડથી અલિપ્ત હોત તો કોઈ પંચાતી નહોતી, પરંતુ આ તો જડના ગાઢ સંપર્કમાં છે, માટે જડનાં તોફાને એને સહવું પડે છે. સારા ઘરનો પણ છોકરો જો જુગારી વગેરે વ્યસનીઓના સંગમાં ભળે છે, તો એ તોફાનીઓના યોગે એને સહવું પડે છે. એવું જડના છંદે ચઢવામાં સમજવાનું છે; અહીં જડનાં તોફાન આધિ-વ્યાધિ-ઉપાધિ છે, એ પારાવાર મુશીબતો અને બળતરા ઊભી કરે છે. પેલા છોકરાને પોતાના ઘર તરફ વાળનાર સમજુપણું, શિખામણ અને શરાફી વેપાર વગેરે સારી ચાલ છે, એમ અહીં આત્માને આત્મ-ઘર તરફ વાળનાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમ્યગ્દર્શન એટલે સમજુપણું, સમ્યગ્જ્ઞાન એટલે શિખામણ અને સમ્યક્ચારિત્ર એટલે સારી ચાલ. માટે એ જ આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારના ત્રિવિધ તાપને મિટાવનાર છે.

**શુદ્ધ ધર્મ :-**

આ સમ્યગ્દર્શનાદિ એ શુદ્ધ ધર્મ છે. મેલા ધર્મ જગતમાં ઘણા; પણ શુદ્ધ ધર્મ આ, અને શુદ્ધ ધર્મથી જ સંસારવાસનો અંત આવે એમ જૈન દર્શન કહે છે. પંચસૂત્રમાં લખ્યું છે કે-

**સંસાર કેવો અને કેમ મીટે :-**

**'अणाई भवे दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधी एअस्स णं वुच्छित्ती सुद्ध-धम्माओ ।'**

સંસાર અનાદિનો છે, એ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે, અને દુઃખનો પ્રવાહ વહેવડાવનારો છે. એનો ઉચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે.

સંસારનું સ્વરૂપ પણ દુઃખમય, એનું કાર્ય પણ દુઃખ, અને એનું મર્મ પણ દુઃખની પરંપરાનું દાન.

**(૧) સંસાર દુઃખરૂપ કેમ ? :-**

**એળિયાને** ગમે તે ભાગમાં તપાસો તો ય કડવો જ જણાય, એમ સંસારને કોઈ પણ ભાગમાં જુઓ તો એ દુઃખરૂપ જ જણાશે. જોતાં આવડવું જોઈએ. **મોહ-મૂઢતારૂપી કમળાની આંખે જુઓ તો ઊંધુ જણાય;** બાકી ચોક્ખી દૃષ્ટિથી દેખો તો દુઃખ સિવાય બીજું કંઈ નહિ જણાય.



**પ્ર.-** બંગલા, બગીચા, વૈભવ, વિલાસ, વગેરે બધું સંસાર જ છે ને ? એ બધા તો સુખરૂપ દેખાય છે, એનું કેમ ?

**ઉ.-** જોતાં ભૂલ્યા ! **સુખરૂપ શાથી દેખાય છે ? એટલા જ માટે કે એની પાછળ 'મારે બંગલો વગેરે જોઈએ' એ ઝંખનાનું, એ વલવલાટનું દુઃખ ઊભું થયું, છે.** વળી 'આ બંગલો વગેરે રહે તો સારું' એવી ચિંતાનું દુઃખ બેઠું છે માટે એ સુખરૂપ ભાસે છે. બાકી માથે દેવું ચઢી ગયું હોય, બંગલા પર રૂપિયા વ્યાજે લીધા હોય, વ્યાજ પણ મોટું ચઢતું હોય, બંગલાના ખરચા ભારે પડતા હોય તો તો એમ થાય છે કે સારી કિંમતમાં જો બંગલો વેચાઈ જાય તો સારું, હવે બંગલો રાખવાની ચિંતા, વલવલાટનું દુઃખ ગયું તેથી એ બંગલો સુખરૂપ નહિ પણ દુઃખરૂપ લાગે છે. માટે કહો કે એ શું કે બીજું શું, સઘળો ય સંસાર અસલમાં દુઃખરૂપ છે, કેમકે એ મૂળે વલવલાટ, ચિંતા વગેરે દુઃખના પાયા પર સુખનો આભાસ કરાવે છે. **તૃષ્ણા, મમતા અને રાગ, ઈચ્છા, આતુરતા અને આશ્ચર્ય વગેરે ખજવાળ જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધી જ વિષયોના સંપર્કરૂપી ખણવાનું સુખરૂપ લાગે છે.** અને એ ખજવાળ ખસ, ખરજવાની જેમ દુઃખરૂપ જ છે.

**પ્ર.-** ખરો અંદરનો સંસાર, આત્મા સાથે એકરસ બનેલો સંસાર, આ તૃષ્ણા-મમતા-રાગાદિરૂપ છે. તો એકલો એ જ દુઃખરૂપ છે, **બાહ્ય વિષયોનો સંસાર ક્યાં દુઃખરૂપ બન્યો ?**

**ઉ.-** એ પણ દુઃખરૂપ એટલા માટે કે **બાહ્ય સંસારના વિષયો આ તૃષ્ણા-મમતા-રાગાદિને ઉખેળે છે, સૂતેલા જગાડે છે, અને જાગેલા પગભર તથા પુષ્ટ કરે છે.** અરે ! કહો કે વિષયો જાણે તૃષ્ણાદિમય બને છે, માટે એ પણ દુઃખરૂપ છે.

**તાવ**નો રોગ છે જ, પણ શ્રાવણ ભાદરવાની કાકડી પણ રોગરૂપ ગણાય છે. **જુગાર**ની હાર તો નિકંદન કાઢનારી છે જ, પરંતુ જુગાર પણ નિકંદન કાઢનારું જ ગણાય છે. **ઝેર** તો ઝેરી ખરું જ, પણ ઝેરમિશ્રિત લાડુ પણ ઝેરી જ કહેવાય છે.

બસ, એ જ પ્રમાણે આંતર તૃષ્ણાદિ તો દુઃખરૂપ ખરા જ, પણ એના સ્થાનભૂત બાહ્ય વિષયોરૂપી સંસાર પણ દુઃખરૂપ છે. એ બંનેનાં જ રૂપકો છે. અનેક પ્રકારની માનસિક આધિઓ, શારીરિક વ્યાધિઓ અને બાહ્ય ઉપાધિઓ. એ બધા જ જ્યારે દુઃખરૂપ હોવાનું સમજશો ત્યારે એની મોહમાયા પર તિરસ્કાર છૂટશે ! અને એને નિવારનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર અત્યંત રુચિ અને પ્રીતિ, શ્રદ્ધા અને અભિલાષા જાગશે, ક્યારે અને કેમ કેમ એ સાધું, એ તલવલાટ જાગતો રહેશે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**સંસાર સારભુત માન્યો છે માટે :-**

**વિચારી જુઓ કે આવા સંસારમાંથી કોણે સાર કાઢ્યો છે તે તમે કાઢી જશો.** મોટા ચમરબંધી ચક્રવર્તીઓ અને ઇંદ્રો પણ કોઈ જ સાર કાઢી શક્યા નથી. 'ના, અમે એમાંથી સાર નીકળવાનું તો સમજતા નથી.' એમ કહેતા મા; સાર નીકળવાનું ન સમજતા હો તો કદાચ કમ તાકાતે એને છોડી ન શકો. પણ એ તો કહો કે એની પાછળ માનવતાના ગુણો કેમ ગુમાવાય છે ? અસાર લક્ષ્મી લાવવા પાછળ કેટ-કેટલા પ્રપંચ અને જૂઠ ડફાણ હંકાર્યે રખાય છે ! કેટલી કારમી તૃષ્ણા અને અનીતિ સેવાય છે ! ઉપકારી માતા-પિતા અને ભાઈ-ભાંડુ સાથે પણ કેવા ઝઘડા કરાય છે ! સાધર્મિક ને સાધુ પર પણ કેવો અભાવ કેળવાય છે ! **શું લક્ષ્મીને સારભૂત અને જીવન-સર્વસ્વ માન્યા વિના જ એ તુચ્છ ને ક્ષણિક માટી પાછળ નિજનું જીવન અને આત્મા માટી જેવો કરાય છે ?** શું શરીરને મળતા માનસન્માન અને ભોગ સુખો સારભૂત અને કિંમતી માન્યા વિના એની પાછળ દંભ, ઈર્ષ્યા, જોહુકમી વગેરે શિયાળિયા, કૂતરા વાઘ-વરુ આદિની રમત કરાય છે ? અલબત્ત માણસને જીવન-નિર્વાહ માટે વ્યવસાય કરવો પડે તેથી અધિકનો પણ લોભ થાય, કિન્તુ એની પૂર્તિ કરવા પાછળ માણસાઈ ગુમાવાય ? માણસાઈનો ઘાત કરનારા એ અસત્ય, અનીતિ, જીવઘાતક ધંધાધાપા, મદ, માયા વગેરેથી પાપો પરલોકમાં કેવાં જીહ્વાછેદ, હસ્તછેદ, જીભ, દાંત, મુખ, હસ્ત વગેરેના રોગ, પશુ-પંખીના કે કીડા મંકોડાદિના અવતાર વગેરે કારમા ફળ નીપજશે તે ભૂલાય ? પણ કહો કે લક્ષ્મીરૂપ સંસાર સારભૂત માન્યો છે માટે બધું ભૂલાય છે. ક્ષુદ્રતા-અહંકાર અને સ્વાર્થપરાયણતા, ઈર્ષ્યા, વેરઝેર અને નિંદા, શઠતા, જુઠ અને અનીતિ, વિષયલંપટતા અને કષાયપ્રિયતા, ઈત્યાદિ દુર્ગુણો પશુની માફક કે તેથી અધિક માત્રામાં જેની ખાતર કરવામાં આવે છે; એને સારભૂત માન્યા માટે જ કરાય છે ને ? **એને તુચ્છ માન્યા હોત, દુઃખરૂપ માન્યા હોત તો કરાત ?**

જ્ઞાનીઓ કહે છે, અને વિવેક ચક્ષુથી જોઈ શકાય છે કે સંસાર નિસ્સાર છે, દુઃખરૂપ છે.

(૨) **સંસાર દુઃખફલક :-**

સંસારનું કાર્ય પણ દુઃખ ઊભું કરવાનું છે. માટે જ સંસાર એ એકલો દુઃખરૂપ નહિ પણ દુઃખફલક પણ છે. અહીં પણ પરિણામે દુઃખ દેખાડે, અને પરલોકમાંય દુઃખના થોક વરસાવે.

સંસાર શું છે ? બાહ્ય સંસાર વિષયોરૂપ અને આંતર સંસાર કષાયરૂપ.



**હવે જુઓ વિષયરૂપ સંસારની વિટંબણા :-**

સંપત્તિ, સગાંવહાલાં, પ્રિયપદાર્થો વગેરે વિષયોના સંગમાં અહીં રોગો ને રગડા ક્યાં ઓછા થાય છે ?

ઈષ્ટ વિષયોનો વિયોગ થતાં કેવા કલેશ, કષ્ટ અને કલ્પાંત જન્મે છે !

આજે દુનિયા ત્રાહિ-ત્રાહિ પોકારે છે એ શા કારણે ? વિષયોના લીધે જ ને ?

સગાં-સ્નેહી સાથે પણ કોરટોમાં ઝગડવાનું ને એમના તરફથી બીજા ત્રાસ જન્મવાનું મૂળ તો વિષયોના-દુન્યવી પદાર્થોના કારણે જ ને ?

ઘરસંસારમાં એકબીજાના ઊંચા મન, કડવા બોલ, અને કટુ વર્તાવ, આ બધું વિષયોના હિસાબે જ થાય ને ?

**એમ, કષાયરૂપ સંસાર પણ ક્યાં ઓછી વિટંબણા આપે છે ?**

**ક્રોધ** કરતાં તો કરી નાખ્યો પણ પછી પસ્તાવાનો પાર રહેતો નથી; સામાના પ્રેમ-સદ્ભાવ ખંડિત થાય છે; ને કદાચ આગળ વધીને જીવનભરના યા ભવોભવના વૈર-વિરોધ ઊભા થાય છે. અગ્નિશર્માએ ક્રોધની પાછળ કેટલું ભોગવ્યું ? અહીં પણ અનર્થ ઓછા છે ?

આપણા ક્રોધની પાછળ સામાના મન બગડી ગયા પછી એ આપણી વિરુદ્ધ પણ વર્તવા સંભવ છે, ને તેથી આપણે નુકશાન-આપત્તિના ભોગ બનવું પડે છે.

ક્રોધ કરનારને પોતાને પણ એની શારીરિક યંત્ર પર અસર પડે છે ને વિચિત્ર રોગો જન્મે છે, એમ આજના વિચારકો અને શોધકો પણ કહે છે.

રોગ થયો એટલે એની પાછળ પૈસાના આંધણ, પીડાના કલેશ અને કેટલાય કાર્યો સીદાવા ઉપરાંત ધર્મસાધવામાં ડખલ, ઈત્યાદિ સહેજે આવી ઊભો છે.

ત્યારે ક્રોધિલાની આબરૂ કેવી ? સમાજમાં સ્થાન કેવું ? સારી સલાહ લેવા લાયક કે નેતા થવા તરીકેની લાયકાત કેટલી ? આમ ક્રોધ કષાયરૂપી સંસાર ફળમાં દુઃખ સિવાય બીજું શું સારું દેખાડે છે ?

તો **અભિમાન કષાય** પણ, સામેથી શેરને માથે સવાશેરિયો મળવો જોઈએ. ત્યાં સમજાય કે કેવાં અપમાન, ને કેવી રીબામણ આપે છે ! કદાચ બીજાઓ સહી લે તોય એમના દિલમાંથી અભિમાનીનું સ્થાન ઘટે તો ખરું જ. 'હું કાંઈ રાંક કે ભોટ નથી' એવું હુંપદ, હું બરાબર વિચારું-કરું છું. એવી આપમતિ, 'મારું તે સારું અને સાચું જ' આવો હઠાગ્રહ, આ બધા માન કષાયનાં રૂપકો છે; એની પાછળ જગતમાં ને જાતમાં જોઈ વળો, કેટકેટલા અનર્થો જન્મે છે ? હુંપદ, આપમતિ અને હઠાગ્રહના પરિણામે ભારે નુકશાન થયાની હકીકતોના તો આ જગતમાં મોટા



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ગ્રન્થો ભરાય ! હુંપદની પાછળ વાતવાતમાં પોતાની જ વડાઈ, ચતુરાઈ અને ચોક્કસતાના ગીત ગાવા તો માંડ્યા, પણ સામાના **મગજ** પર એની કેવી ઊંધી અસર થાય છે અને એના પરિણામે ઊલટી પોતાની કિંમત કેવી ઘટતી જાય છે એ ક્યાં જોવું છે ? તેમ, એવા કોઈ અવસરે પોતાની ગાયેલી વડાઈ ચતુરાઈ કેવી માથે પડે છે, અગર મૂર્ખતામાં ઉતરે છે, એ બધો વિચાર કરાય તો અનર્થનો ખ્યાલ આવે. ત્યારે આપમતિમાં તણાવાથી તો કેટલીય વાર ઠોકર ખાવી પડે છે ને નુકસાનમાં મૂકાવું પડે છે ! જીવનમાં મળતી દુર્લભ સોનેરી તકોને આપમતિમાં ગુમાવવાનું થાય છે, ને મનમાન્યા પણ અવળા રસ્તે, અવળી પ્રવૃત્તિમાં ચઢવાથી ભારે આગળ વધવાનું ચૂકાય છે, ને પોતાની કિંમતી શક્તિઓ મામુલી વાતમાં વેડફાઈ જાય છે, તેમ નુકસાન વહોરવું પડે છે એ જુદું. તો, હઠાગ્રહમાં રાવણે ઈજ્જત ખોઈ ! મહામૂલું માનવજીવન ગુમાવ્યું ! આજે નવી પ્રજા આપમતિ અને હઠાગ્રહમાં કયાં અનર્થો નથી અનુભવતી ? તમારા જીવનમાં ય સંપત્તિનાશ, રોગ, સ્નેહભંગ, હાયબળતરા વગેરે દુઃખદ પરિણામો જોયા છે ને ? બધાનો સાર આ છે કે ચાહ્ય હુંપદ હો, આપમતિ હો કે હઠાગ્રહ હો, એ બધા જે માનના રૂપકો છે, એ માન કષાયરૂપી સંસાર દુઃખફલક છે.

**ત્યારે શું માયા કષાય** એટલે કે વક્રતા, દંભ, ભેદનીતિ, શઠતા, દાવપેચ વગેરેના પરિણામમાં સુખ મળે છે ? દંભી અને વક્ર માણસ બીજાનો વિશ્વાસ ગુમાવે છે, પ્રેમ ગુમાવે છે, પ્રતિષ્ઠા ગુમાવે છે. ત્યારે જેની પાસેથી સ્વાર્થ છે, એનો વિશ્વાસ ગુમાવ્યા પછી દુઃખ શું ઓછું લાગે છે ? પ્રેમને બદલે અરુચિ-દ્વેષ દેખવા મળે ત્યાં મન કેટલી વ્યથા અનુભવે છે ? પ્રતિષ્ઠા ખલાસ થઈ ત્યાં કેટકેટલી વિપદા ઊભી થાય છે ? બધું મૂળ દંભરૂપી આંતર સંસારના હિસાબે જ ને ? ભેદનીતિ કરવા જતાં, શઠતા રમવા જતાં, ને દાવપેચ ખેલવા જતાં પાસા ઊંધા પડ્યે ટાંટિયા કેવા ગળામાં ભરાય છે ! કેવા કેવા માર ખાવા પડે છે ! એ બધું જગતમાં જોવા મળે છે ને ? કદાચ પાસા સીધા પડે તો ય આગળ જતાં કેઈ નવા દુઃખદ લફરા ઊભા થાય છે !

એવું જ લોભ, તૃષ્ણા, મમતા, રાગાંધતા, આસક્તિ વગેરે પણ સારી રીતે દુઃખ, પીડા, સંતાપના ખાડામાં ઉતારે છે, એ દરેકના અનુભવનો વિષય છે. સટોડિયાના બેહાલ, ભાગીદાર કે નોકરોનો ગોટાળો, ભાવમાં ઉથલપાથલ, લેવાના દેવા, સરકારી ટેક્ષોમાં ફસામણ, આ બધું મૂળ તો લોભ, તૃષ્ણા વધારી એના પર જ ને ? જેના પર રાગ, મમતા બહુ કર્યા એ અવસરે વાંકા થઈ બેસે ત્યારે ખેદનો પાર નથી રહેતો ! શોકનાં રોદણાં ચાલુ થઈ જાય છે ! અરે, એ વાંકા ન થાય



પણ કોઈ રોગ કે બીજી વિટંબણામાં આવી જાય તો ય એ કેટલું દુઃખરૂપ બને છે ? અને નથી ને એનું મૃત્યુ થયું તો તો એના પર જીંદગીભર કલેશ-કલ્પાંતમાંથી ઉગારો ખરો ? ત્યારે માણસને કોઈ ને કોઈ વસ્તુની આસક્તિ વળગી, લગની જાગી તો એની પાછળ શું એ સુખી અને સ્વસ્થ બને છે ? આ વિશાળ પૃથ્વી પર નજર નાખશો તો દેખાશે કે નાની નાની કે મોટી મોટી દુઃખની પોક પડે છે તે વધારે પડતી આશા, આસક્તિ, મમતા, તૃષ્ણા વગેરેના મૂળમાંથી જ ઉઠેલી હોય છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૭,અંક-૪૫,તા.૮-૮-૧૯૫૯

## ૩૯ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

ટૂંકમાં, ક્રોધ-માન-માયા લોભરૂપી આંતર સંસાર એના નાચના પરિણામે દુઃખોની આગમાં સળગાવે છે ! માટે સંસાર દુઃખફલક છે એ વાત નિર્વિવાદ છે.

આ તો અહીંના દુઃખની વાત થઈ, પરંતુ પછી પરલોકના દુઃખનો તો વિચારમાત્ર પણ કમકમાટી ઉપજાવે છે. બોલો છો ને **'સુણી કંપે સમકિતવંત રે...'** ? માનશો નહિ કે પરલોકમાં કોણ જોવા ગયું છે. તમારી નજર સામે કેઈ કીડી-મંકોડા વગેરે નાના જંતુઓ અને પશુ-પંખી વગેરે મોટા પ્રાણીઓ દુઃખી દુઃખી દેખાય છે, તમારે નહિ ને એને એવી દુઃખમય સ્થિતિ ક્યાંથી ઊભી થઈ ? જીવ તો એ પણ છે ને તમે પણ છો છતાં કેમ આટલો બધો ફરક ? સમજવું જ પડશે કે **પૂર્વ ભવના ખેલેલા બાહ્ય અને આભ્યન્તર સંસારના એ દુઃખદ પરિણામ છે.** તો પછી એમ પણ નહિ કહેતા કે- 'હશે, જોઈશું પડશે એવા દેવાશે, જે બનશે તે બનશે,' આવું કેમ નહિ કહેવાનું ? કારણ છે, એ જ તિર્યંચ સૃષ્ટિનાય દુઃખો જોયા જાય એવા નથી હોતા.

**પરલોકના ત્રાસ :-**

મોટા રાજાનો ખાસ માનીતો ઘોડો પણ રાત પડ્યે તબેલામાં પૂરાય છે ત્યાં રાતભર ડાંસમચ્છરની પીડામાં રાત કેવી રીતે કાઢતો હશે એની કલ્પના છે ? પાછું શોભા માટે એના પૂંછડાના વાળ કાપી નાખીને ટૂંકા કરી નાખ્યા હોય ત્યાં એ ડાંસમચ્છરના ક્રૂર ડાંસની સામે શું રક્ષણ ? એવી સ્થિતિને એક રાત પણ સહવાનું ગજું છે ? ના, તો શું સમજીને કહો છો કે જોયું જાશે ? આ તો મામુલી દુઃખનું દૃષ્ટાન્ત; તે સિવાયના આજના વિજ્ઞાનના અખતરા અને દવાઓના ઉત્પાદન માટે પશુ-પંખી-કીડાઓને કેવા રીબાવી-રીબાવીને કચરવામાં આવે છે, પીડવામાં આવે



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છે, અમેરિકાના કત્લખાનામાં યંત્રો દ્વારા પશુઓની ચામડી ઉઝરડવી, માંસ, લોહી, કલેજા વગેરે છૂટા પાડવા વગેરે કેવી કેવી ક્રૂરતાથી થાય છે, જીવોની કેવી કરુણ ચીસોના આર્તનાદ વાતાવરણમાં ગુંજીને કરુણતા સર્જી રહ્યા હોય છે, ને ભયંકરતા પ્રદર્શિત કરી રહ્યા હોય છે, એ બધું જાણો છો ? સાંભળતાં પણ કમકમાટી વછૂટે એવું એ ચિત્ર છે ! બોલવું સહેલું છે કે 'પરલોકમાં જોઈ લઈશું' પણ આ હત્યાકાંડની રીબામણો અને ત્રાસ કલ્પનામાં લાવો તો સમજાય કે આવું સહવું કેટકેટલું મુશ્કેલ છે ? ત્યારે નરકની પીડાઓનું તો પૂછવું જ શું ? તેમ, પૃથ્વીકાયાદિ જીવોની તો વળી કોઈ ઓરજ યાતનાઓ છે ! અને નિગોદ-કંદમૂળ લીલફુગ વગેરે એક શરીરમાં અનંત જીવોની જકડામણમાં તો નરક કરતાં ય અનંતગુણું દુઃખ છે. આ બધું શું છે ? વિષય-કષાયરૂપી સંસાર ખેલવાના પરલોકમાં દુઃખ માટે પરલોકદષ્ટિએ પણ સંસાર દુઃખફલક છે.

(૩) **સંસાર દુઃખાનુબંધી છે.**

સંસારના દુઃખસ્વરૂપ અને દુઃખદ ફળે પતતું નથી. સંસાર એ પછી પણ દુઃખની પરંપરા ચલાવે છે. અહીં એક પ્રશ્ન થશે,

**પ્ર.**- સંસારના યોગે બાંધેલા કર્મ તો પોતાનું ફળ એકવાર આપી રવાના થાય, પછી દુઃખની પરંપરા ચાલવાનું ક્યાં રહ્યું ?

ઉ.-વિષય-કષાયરૂપી સંસારનું ફળ માત્ર પાપ કર્મ અને એનું દુઃખ નથી; પરંતુ એ એ પાપ કર્મની સાથે વિષય-કષાયના કુસંસ્કારો પણ સંસાર સેવવામાંથી જન્મે છે. **એ કુસંસ્કાર સહિતના પાપ કર્મોને અનુબંધવાળા પાપ કર્મ કહે છે. એ અનુબંધ એટલે ઝેર.** ઝેર સાથે એ પાપ કર્મ ઉદયમાં આવે ત્યારે દુઃખના આગમન તો હોય છે જ, પરંતુ સાથે સાથે પેલા કુસંસ્કાર કહો મોહનીય કર્મ કહો, કે ઝેર કહો, એના લીધે દુષ્ટ બુદ્ધિ, દુષ્ટ વૃત્તિ, દુષ્ટ વલણ જાગતું રહે છે. એ તરત જ નવાં પાપકર્મની ફોજ ઊભી કરે છે કે જે પાછી આગળ ઉપર દુઃખની પોઠ ઊભી કરે છે. ત્યાંય દુષ્ટ બુદ્ધિ આદિથી નવાં પાપ અને નવું દુઃખ અને એમાંય કુસંસ્કાર ને વિષય-કષાયની ભારોભાર લગની ચાલુ રહે છે. માટે કહેવાય છે કે-

**સંસ્કાર મહત્ત્વના છે, એવાં પુણ્ય પાપ નહિ :-**

**આ જન્મ પછી પુણ્ય-પાપ સાથે આવે છે એ તો મામુલી ચીજ છે, કેમકે એકવાર ફળ આપી દે એટલે પત્યું, પણ કુસંસ્કાર કે સુસંસ્કાર જે સાથે લાગી પડે છે, એ મહત્ત્વની ચીજ છે; કેમકે એ કેટલાય જન્મો સુધી ચાલ્યા કરે છે. એ સાથે લાગ્યા એટલે એનું દુષ્ટ કાર્ય થયા જ કરવાનું.**

તેથી જ ખાસ પુરુષાર્થ તો આ કરવાનો છે કે-



(૧) **કુસંસ્કાર સામે શું ? :-**

અનાદિના ચાલ્યા આવતા કુસંસ્કારોને મંદ પાડતા આવો, એને જરાય પોષણ ન આપો, એ માટે એને યોગ્ય ભારોભાર વિચારો કરવાનું છોડો, એની પોષક વિકથા-કુથલી ન કરો, એને સતેજ કરનારા નિમિત્તોમાં જવાનું ઓછું કરી નાખો.

(૨) **સુસંસ્કાર માટે શું ? :-**

આની સાથે સાથે સુસંસ્કરણ કરતા રહો, સુસંસ્કારો ઊભા કરો, પગભર કરો, વારંવાર એનું પોષણ કરો. એ માટે 'જગતના પદાર્થો સંયોગો અનિત્ય છે, જગતમાં જીવ અશરણ નિરાધાર છે, સંસારના સંબંધો વિચિત્ર વિચિત્ર થયા કરે છે, આત્મા એકલો જન્મે-મરે છે, એકલો કર્મ કરે- ભોગવે છે...' વગેરે વગેરે ભાવનાઓ, તેમજ મૈત્રી-કરુણા આદિ ભાવનાઓ ભાવતા રહો. તત્ત્વદષ્ટિ કેળવતા રહો, અધ્યાત્મના શાસ્ત્રોનું શ્રવણ-મનન કરતા રહો, પ્રભુભક્તિ-સાધુસેવા-ધર્મસાધનાઓને જીવનનું મુખ્ય કાર્ય બનાવ્યા કરો.

આવું બધું થાય તો એના સુસંસ્કારો જે પડશે એ કેટલાય જન્મ સુધી અને યાવત્ મોક્ષ પામવા સુધી સાથે રહેશે, ને એ ઉત્તરોત્તર ઊંચી ઊંચી સામગ્રી-સદ્ગતિ આપવા સાથે સત્પુરુષાર્થ કરાવ્યા કરશે. આ જો ન આવડ્યું તો જીવન છે એટલે કાંઈ ને કાંઈ વિચાર, વાણી, વર્તાવ રહેવાના; એ સારા નથી આવડતા માટે અધમ ચાલ્યા કરવાના; **ને કુસંસ્કારો એથી પુષ્ટ બન્યા કરવાના. પછી આનું દીર્ઘ પરિણામ શું ? એ જ કે એ લોથ ઊંચકીને દુર્ગતિના પંથે પડી જવાનું !** એમાં દુઃખો ભોગવ્યા કરવાનું ને હિંસાદિ પાપો કર્યા કરવાનું બનશે ! દુઃખના અનુબંધ ચાલ્યા કરશે !

આ બધું વિષય-કષાયરૂપી બાહ્ય-આન્તર સંસારના કારણે જ ને ? માટે કહ્યું કે સંસાર દુઃખાનુબંધી પણ છે.

આ દુઃખાનુબંધિતાના હિસાબે જ મોટા તીર્થંકરના જીવ જેવાને દા.ત. મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિને **ચારિત્ર પામ્યા છતાં સંસારની આકાંક્ષા કરવાના પ્રતાપે ભવસાગરમાં બહુ ભમવાનું થયું. જીવમાત્રની ધર્મક્રિયાઓ અનંતીવાર સંસાર-લાલસાને લીધે જ નિષ્ફળ ગઈ, મોક્ષની અવસ્થા તરફ પગલા માંડનારી ન થઈ !**

**શું મિથ્યાધર્મની ઓળખ એ નિંદા :-**

પંચસૂત્રકાર કહે છે કે સંસાર આવો દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી અનંતાનંત કાળથી ચાલ્યો આવે છે, છતાં એનો પણ શુદ્ધ ધર્મથી અંત આવી શકે છે. અહીં 'ધર્મમાં' શુદ્ધ એવું વિશેષણ લગાડ્યું, શું કારણ ? એજ કે જગતમાં



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સોનું, મોતી, હીરા વગેરે કિંમતી વસ્તુની જેમ નકલો ચાલે છે, તેમ મહાકિંમતી ધર્મનામની ચીજની નકલો ચાલે છે. એમાં અશુદ્ધ ધર્મ ન પકડાઈ જાય, એનામાં સંસારનો અંત કરવાની શક્તિના વિશ્વાસે ન રહેવાય, એ માટે શુદ્ધ ધર્મ લીધો. ધ્યાનમાં રાખજો કોઈ ધર્મની નિંદા નથી કરવાની, પરંતુ અશુદ્ધ ધર્મ અને શુદ્ધ ધર્મ વચ્ચે વિવેક જરૂર કરવાનો છે. કેમ કે એક ધર્મ સંસારનો અંત કરનાર નહિ અને બીજો ખરો, એ સમજવું જોઈએ. જગતમાં પણ એક સાચું સોનું અને બીજું કથીર, એમ ભેદ પાડીએ તે શું કથીરની નિંદા કરીએ છીએ ? એક સમજદાર ઘોડું અને બીજું અબુઝ ગધેડું, એમ ઓળખ કરીએ, ત્યાં શું ગધેડાની નિંદા છે ? ના, હરગીઝ નહિ, તો પછી એક શુદ્ધ ધર્મ અને બીજો અશુદ્ધ ધર્મ, એ રીતે ધર્મનાં લક્ષણ જોઈને વિવેક કરીએ એમાં અશુદ્ધ ધર્મની નિંદા નથી. એવું જ અશુદ્ધ દેવ-ગુરુ બાબતમાં પણ ઓળખ માત્ર છે, નિન્દા નથી. જો આટલી ય ઓળખ કરવાની ન હોય, વિવેક કરવાનો ન હોય, તો દુનિયામાં જે હિંસાના ધર્મ ચાલ્યા, વ્યભિચારના ધર્મ ચાલ્યા, એને પણ નિન્દાના ભયથી અશુદ્ધ નહિ કહી શકાય. એટલે કે એને ય આદેય અને મોક્ષસાધન તરીકે માનવા પડશે ! પણ હૃદય તેમ માનવા ના પાડે છે.

**શુદ્ધ ધર્મ કયો ? :-**

એટલે, પંચસૂત્રકાર યોગ્ય જ કહે છે કે દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી સંસારનો ઉચ્છેદ શુદ્ધ ધર્મથી થાય. એનો ભાવ એ છે કે **અશુદ્ધ ધર્મથી સંસારનો ઉચ્છેદ ન જ થઈ** શકે. ત્યારે,

**પ્ર.**- આ આવીને ઊભો રહે છે કે **શુદ્ધ ધર્મ કોને કહેવો ?**

ઉ.- જૈન દર્શનનો એ છે, **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધ ધર્મ છે.**

ધર્મના આમ બે વિભાગ આવે છે; **એક શ્રુત ધર્મ અને બીજો ચારિત્ર ધર્મ.** એમાં શ્રુત ધર્મ તરીકે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આવવાના અને ચારિત્ર ધર્મ તો સમ્યક્ ચારિત્ર છે જ. અહિંસા, સંયમ અને તપ એ ત્રિપુટીને પણ ધર્મ કહેવાય છે, એનો સમાવેશ સમ્યગ્દર્શન જ્ઞાન પૂર્વકના ચારિત્ર ધર્મમાં થવાનો.

દાન-શીલ-તપ-ભાવના રૂપ ધર્મનો પણ એમાં સમાવેશ કરાશે.

શ્રાવક ધર્મ અને યતિધર્મ પણ એમાં જ સમાવેશ કરાશે.

તાત્પર્ય, સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર, એ શુદ્ધ ધર્મ છે. સંસારના આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપ મિટાવવા છે ને ? તે આનાથી મિટશે. હવે અહીં. જરા ઊભા રહેવાનું છે, વિચાર કરવાનો છે. તમે તો જન્મથી જૈન છો જૈન કુળમાં જ જન્મી ગયેલા છો એટલે એમ માની જ લો છો ને કે અમને તો શુદ્ધ ધર્મ જ



મળી ગયો છે ? ‘હા’ કહેતાં પહેલા જરા ખમો, અને એ **વિચારી જુઓ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર તમારા અંતરાત્મામાં દ્રવ્ય દર્શન, દ્રવ્ય જ્ઞાન, અને દ્રવ્ય ચારિત્ર રૂપે ઉતર્યા છે કે ભાવ દર્શન, ભાવજ્ઞાન અને ભાવ ચારિત્ર રૂપે ?**

વળી કહેશો કે આ પાછું દ્રવ્ય દર્શન શું ને ભાવ દર્શન શું ?

**ચાર નિક્ષેપા :-**

દુનિયામાં વસ્તુ માત્ર ચાર નિક્ષેપ એટલે કે ચાર રૂપે હોય છે, નામ રૂપે, સ્થાપના રૂપે, દ્રવ્યરૂપે અને ભાવરૂપે.

છોકરાનું નામ પાડ્યું ‘ઈન્દ્ર’, ત્યાં એ છોકરો ઈન્દ્ર તરીકે ઓળખાય છે, પણ શું એ સાચેસાચ ઈન્દ્ર છે ? ના, માત્ર નામરૂપે ઈન્દ્ર છે. એમ ઈન્દ્રની મૂર્તિ કે ચિત્ર, એ સ્થાપના રૂપે ઈન્દ્ર છે. ત્યારે ખુદ ઈન્દ્ર પણ જ્યારે સભામાં સિંહાસન પર બેસી ઈન્દ્રપણાની ઠકુરાઈ ભોગવવાની અવસ્થામાં નથી, ત્યારે એ દ્રવ્ય ઈન્દ્ર છે. દ્રવ્ય એટલે ભાવનું કારણ. ઈન્દ્ર બરાબર સિંહાસને આરૂઢ થઈ દેવસભાના નેતા રૂપે ઈન્દ્રપણાના પૂરા દમામની અવસ્થામાં હોય ત્યારે એ ભાવ ઈન્દ્ર છે.

**ભાવદર્શનાદિ દર્શનાદિનો ભાવ :-**

બસ, આ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સમજવાનું છે. નામ રૂપે ને સ્થાપના રૂપે તો સમજાય એવું છે, દર્શનાદિ દ્રવ્ય રૂપે એટલે ભાવદર્શનાદિના કારણરૂપે સમજવાના છે. આપણે મુખ્ય કામ છે ભાવદર્શનાદિનું; કેમકે એ શુદ્ધ ધર્મ તરીકે બની સંસારનો ઉચ્છેદ કરનારા છે. એ ભાવદર્શનાદિ લાવવા માટે દર્શનાદિના ભાવ કેળવવા પડશે. ભાવદર્શન માટે દર્શનનો ભાવ લાવો, ભાવજ્ઞાન માટે જ્ઞાનનો ભાવ લાવો, તથા ભાવ ચારિત્રને માટે ચારિત્રનો ભાવ લાવો.

**ભાવદર્શન એટલે** દર્શનનું મુખ્ય અસલી સ્વરૂપ. શું એ ? એ જ કે સર્વજ્ઞે કહેલા તત્ત્વનું યથાર્થ દર્શન થયું હોય, એ તત્ત્વો પ્રત્યે આત્મામાં તે તે તત્ત્વને યોગ્ય પરિણતિ થઈ હોય. આવું ભાવદર્શન પ્રગટાવવા માટે દર્શનનો ભાવ લાવવો એટલે જીવાજીવાદિ નવ તત્ત્વને જ્ઞાનીએ જેવા સ્વરૂપવાળા કહ્યા છે, તેની પ્રત્યે તે સ્વરૂપને મળતી લાગણી ધરવી.

જીવ-અજીવ એ જ્ઞેય જાતના તત્ત્વ છે, ઉદાસીનતા રાખવા યોગ્ય તત્ત્વ છે. તો આત્મામાં એને યોગ્ય પરિણતિ થઈ હોય.

**ઉદાસીનતાને યોગ્યભાવ :-**

હૈયે સચોટ વસી ગયું હોય કે જીવ-અજીવ પ્રત્યે રાગદ્વેષ કરવા જેવા નથી, પણ ઉદાસીન ભાવ જ રાખવા જેવો છે. ‘કોઈ જીવો મને ગમે તેવા દુન્યવી સુખ દેનારા દેખાતા હોય, સ્નેહી સંબંધી હોય, તોય એ રાગના વિષય બનાવવા જેવા

નથી; તેમ કોઈ જીવો મને ગમે તેવાં દુઃખ દેનારા દેખાતા હોય, દુશ્મન જેવા લાગતા હોય, તોય એ દ્વેષનો વિષય, અરુચિ-ઈતરાજીનો વિષય બનાવવા જેવા નહિ.' અર્થાત જીવો પર રાગદ્વેષ કરવા યોગ્ય નહિ. એમજ સુખદ કે દુઃખદ જડ પદાર્થો પણ રાગ કે દ્વેષથી નિરખવા યોગ્ય નથી. એ બધા જ જીવ અને જડ પ્રત્યે ઉદાસીન વૃત્તિ જ રાખવી જરૂરી છે. મારું હૃદય માનતું હોય કે 'તમે બધા જીવ અને જડ મારા સુખ-દુઃખના કરનાર નથી, મારા ઉપકારી અપકારી નથી. મારું કાંઈ બગડે તો એ મારા રાગદ્વેષ બગાડે છે, મારું સુધરે તો એ મારા દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે સુધરે છે. માટે તમારા પ્રત્યે શા હરખ-શોક ધરું ? જીવ કે જડ માટે તમે બહુ સારા અગર ખરાબ' એવું શા સારું માનું-સમજું ? તમારે ને મારે કોઈ લેવાદેવા નથી. બસ, આવું મારું દિલ ક્યારે બને, ! આવી જે તમન્ના, એ જીવ-અજીવ તત્ત્વની જ્ઞેયતા, ઉદાસીન વિષયતાને યોગ્ય પરિણતિ કરી કહેવાય.

**પરિણતિ અને સંવેદનનો તફાવત :-**

અહીં એક વસ્તુ સમજી રાખજો કે સમ્યગ્દર્શન તત્ત્વ પરિણતિ રૂપ કહ્યું છે. તે પરિણતિ તત્ત્વના શ્રદ્ધાનુભવ, રુચિ-અનુભવરૂપે લેવાની છે, પણ નહિ કે તત્ત્વયોગ્ય અમલરૂપે; અમલ તો સંવેદનમાં જશે.

**તત્ત્વની સાથે સંબંધ ત્રણ રીતે થાય,** ૧. પ્રતિભાસરૂપે, ૨. પરિણતિ રૂપે અને ૩. સંવેદન રૂપે.

મિથ્યાદૃષ્ટિ જીવ કોઈ દુન્યવી લાલસાવશાત્ જિનોક્ત તત્ત્વનો બોધ તો કરે, પરંતુ એને એની હાર્દિક શ્રદ્ધા ન હોય; તેથી એને તત્ત્વનો પ્રતિભાસમાત્ર થયો, પરિણતિ નહિ. પણ જેને એના ઉપર હાર્દિક શ્રદ્ધા થઈ, હૈયે સચોટ વસી ગયું, અર્થાત્ હવે અંતરાત્માનો આંતરિક નાદ ઉઠે છે કે 'આ તત્ત્વ બરાબર આ રૂપે જ છે' ત્યારે એ પરિણતિરૂપ કહેવાય. પરંતુ આ આટલું જ; અર્થાત હજી શ્રદ્ધા થઈ, પરંતુ તેને અનુરૂપ અમલ નથી કરી શકતો, જ્યારે અમલ કરશે ત્યારે એ અમલ સંવેદન કોટિમાં જશે. તત્ત્વનો શ્રદ્ધા અનુભવ જુદો. અને અમલ અનુભવ જુદો. ત્યારે અહીં પ્રશ્ન થશે.

**પ્ર.**- તત્ત્વ તો જીવ-અજીવ વગેરે છે, એની શ્રદ્ધા અને અમલમાં શો ફેર ? જીવ-અજીવમાં શ્રદ્ધા ઉપરાંત અમલ શો કરવાનો ?

ઉ.- જીવ, અજીવ વગેરે તત્ત્વોના ત્રણ વિભાગ છે.

જીવ અને અજીવ એ જ્ઞેય તત્ત્વ છે.

પાપ, આશ્રવ અને બંધ એ હેય (ત્યાજ્ય) તત્ત્વ છે, ત્યારે પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ઉપાદેય તત્ત્વ છે.





# ૪૦ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

## (૧) તત્ત્વનો પ્રતિભાસ :-

જ્ઞેય, હેય, ઉપાદેય-ત્રણેય પ્રકારના તત્ત્વનો તો પ્રતિભાસ એક જાતનો જ. એનું જ્ઞાન માત્ર હોય, પરંતુ આત્મા પર તેની કોઈ યોગ્ય અસર નહિ; ઊલટી ઊંધી અસર હોય. દા.ત. જીવ, અજીવ જાણવા છતાં મન કબૂલ ન કરતું હોય કે 'આ જીવ-અજીવની જે વ્યવસ્થા સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવે બતાવી છે તે તેવી જ છે, બરાબર છે.' ઊલટું મનને લાગતું હોય કે આમ તે હોતું હશે ? એમ, પાપ-આશ્રવ-બંધ તત્ત્વનું જ્ઞાન માત્ર થયું, પણ રુચિ નહિ, શ્રદ્ધા નહિ, અને યોગ્ય અસર નહિ. એમ નહિ કે આ પાપ વગેરે તરફ ઘૃણા થાય, એના તરફથી કોઈ ભય લાગે. એમાં અકળામણ ન થાય, હૃદય કંપે નહિ, ચિંતા ન રહે કે 'અરે ! **આ પાપ વગેરે સેવ્યે જાઉં છું પણ એમાં મારા આત્માનું શું થશે ? આવા ઊંચા ભવમાં આવું કાર્ય કરવાનું ?'** વગેરે વગેરે કોઈ લાગણી, કોઈ અસર, કોઈ ચોંટ ન લાગે. બસ કોરેકોરું જાણી લીધું કે 'જૈન ધર્મમાં આને આને પાપ કહ્યાં, આટલા આશ્રવ, આ આ બંધ.' એવી રીતે પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષનું કોરું જ્ઞાન માત્ર હોય, એના પર યથાર્થપણાની શ્રદ્ધા નહિ. 'પુણ્ય એ જિનેન્દ્રદેવે વર્ણવ્યા મુજબ છે, ધર્મસામગ્રી તરીકે ઉપયોગી છે; જિનવચનાનુસારી સંવર-નિર્જરા એ જ આત્મહિતકારી પ્રવૃત્તિ છે, મોક્ષ સર્વજ્ઞ ભગવંતે કહ્યો તે જ પ્રમાણે છે; અને એ જ મારું અંતિમ લક્ષ્ય છે. અહો આ બધું ક્યારે મળે !' **સંવર વગેરે પ્રત્યે આવી કોઈ જ લાગણી નહિ, એના પ્રત્યે કોઈ જ હરખનું, એમાં જ આશ્વાસનનું, નિશ્ચિન્તિતાનું વલણ નહિ !** ઊલટું એનાથી બીએ, 'આ સંવર, નિર્જરાથી તો આપણે દુઃખી થઈ જઈએ ! આનાથી તે સુખ મળતું હશે !...' આવો આવો ભ્રમ રહ્યા કરે. આ સ્થિતિમાં તત્ત્વો સાથે કદાચ બોધ થવા દ્વારા સંબંધ થયો, પણ તે માત્ર પ્રતિભાસરૂપ સંબંધ કહેવાય.

## (૨) તત્ત્વની પરિણતિ :-

ત્યારે તત્ત્વ સાથે પરિણતિરૂપ સંબંધ થવામાં જ્ઞાન ઉપરાંત તત્ત્વની રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ જોઈએ. અંતરાત્મામાં એમ થાય કે 'આ આ તત્ત્વ સર્વજ્ઞ ભગવાને



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કહ્યા તે યથાર્થ છે, તે મુજબ જ છે; એમાં રંચ માત્ર ફરક નથી, ખોટાપણું નથી. એમાં કેટલીય વસ્તુ મારે પ્રત્યક્ષ નથી, છતાં વીતરાગ સર્વજ્ઞે કહી છે માટે બધી બરાબર સાચી છે, વિસ્તૃત કથન કર્યું છે તે અણીશુદ્ધ સાચું છે.'

**આ હૃદયથી સાચું લાગ્યાનું પ્રતીક એ કે તે તે તત્ત્વોની પ્રત્યે તેનાં સ્વરૂપ પ્રમાણે વલણ ઘડાય, સ્વરૂપને અનુરૂપ લાગણી ઊભી થાય. હજી અમલ કદાચ ન કરી શકતો હોય, પણ મનનું અનાદિનું ધોરણ ફરી ગયું હોય.** પહેલાં તે તે તત્ત્વ પ્રત્યે પ્રતિભાસમાં કહ્યું તેવું જે ધોરણ હતું, તે હવે ઊલટું થઈ ગયું. આનું નામ તત્ત્વની પરિણતિ.

**(i) જ્ઞેયતત્ત્વની પરિણતિ એટલે ? :-**

જીવ, અજીવ એ જ્ઞેય તત્ત્વ છે, નહિ હેય, નહિ ઉપાદેય, એટલે કે 'જીવ, અજીવ પ્રત્યે શુદ્ધ જ્ઞાતૃ દૃષ્ટિભાવ રાખવાનો છે; શુદ્ધ એટલે કોઈ રાગદ્વેષના સંમિશ્રણવાળું જ્ઞાન-દર્શન નહિ, પણ ઉદાસીન જ્ઞાન દર્શન, તટસ્થભાવનું જ્ઞાન દર્શન. તો જીવ અને અજીવ એ આવા શુદ્ધ જ્ઞેય તત્ત્વ છે.' એની એ રીતની શ્રદ્ધા બની ત્યારે કહેવાય કે આ વસ્તુ-સ્થિતિને યોગ્ય પરિણતિ, એને યોગ્ય વલણ પોતાના આત્મામાં ઊભું થયું હોય. એને યોગ્ય વલણ એ, કે અંતરાત્મા કબૂલ કરે કે 'મારો આત્મા મૂળમાં વીતરાગ સ્વભાવનો અને જડ-ચેતન જગતથી તદ્દન ન્યારો છે, અલિપ્ત છે. મૂળ સ્વભાવે મારે એની સાથે કોઈ લેવાદેવા નથી. હા, અત્યારે હું કોઈને રાગની ને કોઈને દ્વેષ-અરુચિની નજરથી જોઉં છું ખરો, પરંતુ તે બધું મારો વિભાવ છે. ધીરે ધીરે મારે તો સ્વભાવની નજીક થવાનું છે, અને જીવ-અજીવ માત્રને મારે શુદ્ધ જ્ઞેય રાખવાના છે;' આવું વલણ જાગી જાય એ જીવ-અજીવ તત્ત્વની પરિણતિ. તપાસજો, મોટા ઇન્દ્રના ઠાઠ કે મોટી નરકની ભઠ્ઠીઓ પ્રત્યે કોઈ રાગ દ્વેષ કર્યા વિના એને શુદ્ધ જ્ઞેય તરીકે ઉદાસીન ભાવથી જ જોવા નવાજવાના કોડ થાય છે ને ? તો જ્ઞેય તત્ત્વની પરિણતિ આવી.

**(ii) હેય તત્ત્વની પરિણતિ :-**

હવે જુઓ, સર્વજ્ઞ ભગવાને **પાપ, આશ્રવ અને બંધ** તત્ત્વને હેય કહ્યાં છે, તો એ પોતાના દિલને બરાબર હેય લાગે, **એ ત્યાજ્ય જ ભાસે, એની પ્રત્યે હેયતાને યોગ્ય વલણ ઊભું થાય.** જેમ કોઈ અયોગ્ય શેઠને ત્યાં કોઈને કદાચ નોકરી કરવી પડે, પણ એને એ નોકરી હેય અર્થાત્ ત્યાજ્ય જ લાગે છે, છોડવા જેવી જ લાગે છે, તો એને યોગ્ય માનસિક વલણ એવું રહે છે કે એને દિલમાં સદા એના તરફ ઘૃણા અને એના સંતાપ રહે છે, શેઠની અયોગ્યતાના ભાવી વર્તાવમાં અનર્થનો ભય રહે છે, ચિંતા રહે છે, નોકરી જો લાગ મળે તો છોડવાની તમન્ના રહે છે ! બસ, એવી



રીતે **આ પાપ આદિ ખરેખર હેય લાગ્યા, તો એની ઘૃણા અને એના તરફ સંતાપ રહ્યા કરે ! એના અનર્થની ચિંતા રહ્યા કરે ! ભય રહે ! એમાં અકળામણ થાય ! હંમેશા એમ તરવરાટ થયા કરે કે 'ક્યારે લાગ મળે ને આ પાપ, આશ્રવ વગેરે છોડી દઉં !'** મોટરોવાળા ધોરી રસ્તે ચાલતાં કેવો ભય રહે છે ! ગરીબી જીવવી પડે છતાં કેવો સંતાપ હૈયાને બાળ્યા કરે છે ! કાંઈ અજુગતું બોલાઈ-ચલાઈ ગયું પછી નુકસાનની કલ્પનાથી કલેજું કેવું કંપે છે ! કલેશ-કંકાશવાળા કુટુંબીઓમાં રહેવું પડે છતાં કેટકેટલી અકળામણ થાય છે ! આ બધાથી છુટવાની કેવી તાલાવેલી રહે છે ! બસ, આ રીતે પાપ, આશ્રવ અને બંધના ઘેરાવામાં ઘેરાયા ભય, સંતાપ, કંપ, અકળામણ વગેરેનો અનુભવ થયા કરે, એમાંથી છુટવાની તમન્ના રહ્યા કરે; એનું નામ એ હેય તત્ત્વોની પરિણતિ.

**(iii) ઉપાદેય તત્ત્વોની પરિણતિ :-**

હવે પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો ઉપાદેય છે, તો એના પર એવી અટલ રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ, કે 'જીવનમાં એજ ખરેખરા કર્તવ્ય તરીકે શ્રી સર્વજ્ઞ પ્રભુએ જે અને જેવા જેવા ફરમાવ્યા છે, તે યથાર્થ છે. એમાં મીન-મેખ ફરક નથી. એના સિવાય બીજું કર્તવ્ય જ નથી, ઉપાદેય જ નથી, ભલે એના રુડાં ફળ આપણે કદાચ પ્રત્યક્ષ જોઈ શકતા ન હોઈએ, છતાં એ હિતકારી જ છે, એ જ હિતકર છે. એના ઝીણા ઝીણા પ્રકારો અને એની ઉપયોગિતા કેટલીક પ્રત્યક્ષ ન હોય છતાં એ એમજ છે.' આવી અટલ શ્રદ્ધા જોઈએ, આ શ્રદ્ધાની અસર એ થાય કે એ તત્ત્વોની કર્તવ્યતા-ગ્રાહ્યતાને અનુરૂપ વલણ આત્મામાં ઊભું થઈ જાય. શું આવે એ વલણમાં ? એજ, કે એ સંવર, નિર્જરાદિ પામવાની લાલસા અને પામ્યાનો ગળચટો સ્વાદ દિલને રહ્યા કરે. લક્ષ્મીને ગ્રાહ્ય સમજનારને લક્ષ્મી પામવાની કેવી મધલાળ છૂટે છે ? એવી મધલાળ આ ખાસ સંવર-નિર્જરા પામવાની ઝર્યા કરે, મનનું વલણ એવું ઊભું થઈ ગયું હોય કે આમાં જ કલ્યાણ, અને જીવનની સાર્થકતા લાગ્યા કરે. એમાં જ આશ્વાસન અને હુંફ લાગે. આ સિવાયના જીવનમાં કાંઈ માલ નથી એમ સચોટ ભાસે. સંવર, નિર્જરા, મોક્ષની પ્રત્યે પ્રેમની દૃષ્ટિ રહે. પુણ્ય પ્રત્યે પણ ધર્મ સામગ્રી તરીકે જ મીઠી નજર રહે. આવું બધું વલણ મનનું ઘડાઈ જાય એ ઉપાદેય તત્ત્વની પરિણતિ.

**ભાવદર્શન માત્ર બોલવામાં નથી પણ હૃદય પલટો કરવામાં છે :-**

ભાવસમ્યગ્દર્શન લાવવા માટે દર્શનનો ભાવ કેળવવાનો છે. એમાં આ જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વોની પરિણતિ ઘડવાની છે, ઘડવા માટે સત્સંગ અને ખૂબ ખૂબ જિનવાણીનાં શ્રવણ ઉપરાંત જિનભક્તિ, તીર્થયાત્રા, જાપ, પંચ પરમેષ્ઠીનું ધ્યાન-



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સ્મરણ, તેમ બીજી ધર્મ સાધનાઓ દા.ત. દાન-શીલ-તપ-ભાવના, વ્રત-નિયમ, જ્ઞાન-ધ્યાન વગેરે કેટલીય ચર્યા પણ આદરવી પડે. એવા પણ જીવો જગતમાં હોય કે જે ઠેઠ સર્વવિરતિ સાધુ-દીક્ષા સુધીની ચર્યા પાળ્યા પછી ભાવ-સમ્યગ્દર્શનની ફરસના જોવા પામે. આનો અર્થ એ છે કે તત્ત્વપરિણતિ યાને ભાવદર્શન પામવું સહેલું નથી. તત્ત્વની પ્રત્યે તારેતાર ઝણઝણી ઉઠે, અનાદિની ઊંધી માન્યતા અને વલણ સદંતર ભૂંસાઈ જાય, તદ્દન પલટાઈ જાય, અવળી દૃષ્ટિમાં આખો પલટો આવી જાય ત્યારે ભાવદર્શન અસ્તિત્વમાં આવે છે. એ, 'તત્ત્વ સાચું, અતત્ત્વ ખોટું' એવી કેવળ માનસિક નવકારવાળી ગણવાથી નથી આવતું. 'સંસારમાં શો સાર છે ? ભગવાન કહે છે તે સાચું છે,' એમ એમ માત્ર બોલવા-માનવા પર નથી આવતું; પણ એની પાછળ તો હૃદયનાં વલણ અને ધોરણ ફેરવવાં જોઈએ છે. જગત નિસ્સાર લાગે, જિન અને જિનવચન જ સાર, મહા સાર લાગે, હૈયું એમના પર ઓવારી જતું હોય ! આવું બધું ક્યારે બને ? સમ્યગ્દર્શનને પ્રગટાવનારી અને વધુ વધુ નિર્મળ કરનારી પ્રવૃત્તિઓને જીવનમાં ઝગમગતી રાખવામાં આવે. સર્વજ્ઞ ભગવાન શ્રી જિનેશ્વરદેવ ઉપર હૈયામાં અથાગ પ્રીતિ ઉભરાતી કરવી પડે, ભારોભાર ભક્તિ ઉછળતી રાખવી પડે.

**જિનપ્રીતિનો આકાર :-**

એમ થાય કે 'અહો ! મારા પ્રાણ, મારા સ્વામી, મુજ જીવનભૂત હે જિનેશ્વરદેવ ! નાથ તારો કેવો અચિંત્ય અનંત પ્રભાવ ! તારા કેવા અનંતાનંત ગુણરત્ન ! કેવો, પ્રભુ !, તારો જગત પર અને આ રાંક મુજ સેવક પર અનંતો ઉપકાર ! કેવું લોકોત્તર વિશ્વપ્રકાશી તારું શાસન ! હે દેવોના પણ દેવ ! યોગીઓના પણ યોગીશ્વર ! શાસકોના પણ શાસક ! મનને થાય છે કે, તારા મૂલ્યાંકન રૂપે અને તુજ ઉપકારોની કૃતજ્ઞતારૂપે હું તારી શી શી સેવા ન કરી લઉં ? મારું શું શું તને ન સમર્પી દઉં ? હે મારા નેત્ર ! હે મુજ હૃદય ! તું તો યોગીઓને પણ અકલ, જ્ઞાનીઓને પણ અગોચર, તને હું શું કળી શકું ? શું સ્તવી શકું ? વહાલા વિભુ ! બસ, હું તો તારાં ચરણે મારા આત્માને અર્પણ કરું છું, મારે તું જ શરણ છે, તારું સમસ્ત પ્રવચન જ સાંગોપાંગ શરણ...' આવા આવા અંતરમાં નાદ ગાજે. એની સાથે એ નાથ, અને એમના મુનિઓની ભાવભરી સેવા-ભક્તિ, તથા જીવદયા, તીર્થસેવા, સંઘસેવા, નમસ્કાર મંત્રની ઉપાસના, શાસ્ત્ર લખાવવા, એની વાચનાઓ કરાવવી, વ્રત-નિયમો, ત્યાગ-તપસ્યા, જ્ઞાન-ધ્યાન, વગેરે કેઈ શુભ પ્રવૃત્તિઓ હોંશે હોંશે આદરવી જોઈએ. તત્ત્વપરિણતિ ન આવી હોય તો એ લાવવા માટે આની જરૂર છે, ને આવી હોય તો એ આની આની જ પ્રેરણા કરે છે.



## ૩. તત્ત્વ-સંવેદન :-

તત્ત્વપ્રતિભાસમાં તો તત્ત્વનું કોરું જ્ઞાન હતું, શુષ્ક બોધ માત્ર હતો; તત્ત્વપરિણતિમાં જ્ઞાન પરિણતિવાળું એટલે કે આત્મા પર એની અસરવાળું બન્યું. હવે તત્ત્વ-સંવેદનમાં જ્ઞાન અમલવાળું બને છે. પરિણતિમાં તત્ત્વ પરિણત થયું, ઠર્યું, 'એ બરાબર એમ જ છે,' એમ સચોટરૂપે આત્માની આરપાર ઉતરી ગયું એટલું જ, જ્યારે **સંવેદનમાં તત્ત્વને આત્માથી ખરેખર સંવેદવાનું છે. એ ક્યારે થાય ? અમલ થાય ત્યારે. દા.ત.**

**જ્ઞેય તત્ત્વનો અમલ :-**

જ્ઞેય તત્ત્વના અમલમાં જ્ઞેયતા અનુભવવા માંડવી પડે. તેમાં જીવ-અજીવ પ્રત્યે રાગદ્વેષ રહિત અર્થાત્ ઉદાસીન દૃષ્ટિથી જોવાનું કરવું જોઈએ. આમાં કાંઈ પહેલે તબક્કે વીતરાગભાવ ન આવી શકે, છતાં ઈષ્ટ-અનિષ્ટ વિષયો અને વ્યક્તિને રાગદ્વેષની નજરે જોવાનું ઓછું કરાતું જાય, વસ્તુ દર્શનમાં રાગદ્વેષનું મિશ્રણ મોળું મોળું પડતું જાય, ક્રમશઃ આગળ વધતાં અમુક અમુક **બિનજરૂરી બાબતોમાં તો રાગદ્વેષ લાવ્યા વિના જાણે આપણને કાંઈ લાગતું વળગતું જ નથી એ રીતે તટસ્થ ભાવનું જ્ઞાન કે દર્શન કેળવતા જવાય, તો વીતરાગ દર્શનની દિશામાં જવાય.**

ત્યારે જગતમાં જુઓ કે એવી ઢગલાબંધ ચીજો છે, કે જે કાં આપણી નજરે ચઢે છે, અથવા જાણવા-સાંભળવામાં આવે છે, પરંતુ એની સાથે આપણા ચાલુ જીવનને નુકશાનનો કે ઉપયોગોનો કોઈ સંબંધ નથી. બજાર વચ્ચેથી તમે પસાર થઈ રહ્યા છો, સારી-નરસી કોઈ વસ્તુ નજરે ચઢે છે, તમારે એ લેવી મૂકવી નથી, પછી એને જોતાં જોતાં શા સારું રાગદ્વેષ કરવા ? શા માટે એને રાગદ્વેષની નજરે જોવા ? અર્થાત્ હૃદયના ખીલવા-કરમાવા સાથે, અથવા આંખ-મોઢું ઉલ્લસિત કે બગડેલું કરીને જોવાની શી જરૂર ? ઠીક છે, સમૂળગું એ બંધ ન કરી શકીએ, પરંતુ એમાં કાપ તો મૂકી શકીએ ને ? ઓછું ઓછું તો કરી શકીએ ને ? થોડો થોડો ઉદાસીન ભાવ તો કેળવતા જઈ શકીએ ને ?

તમને થશે કે,

**પ્ર.**- અનાદિનો અભ્યાસ જ રાગદ્વેષથી જોવાનો પડી ગયો છે, ત્યાં એ શી રીતે બને ?

**ઉ.**- પણ મુંઝાશો નહિ. અનંતા મહાપુરુષો એ કરી ગયા છે, એટલે અશક્ય નથી એ સિદ્ધ થાય છે. રાગદ્વેષ વિનાના ઉદાસીન દર્શનનો ઉપાય એ છે કે જે કાંઈ દેખાય એના તત્ત્વમાં ઊંડા ઉતરો. એ જુઓ કે જડ પુદ્ગલો માત્ર પરિવર્તનશીલ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છે, આજે ઉજળા, તો કાલે કાળા; ઘડીમાં મીઠા, તો પછી કડવા; હમણાં સારા સુગંધી, એજ પછી દુર્ગંધવાળાં. આમ જ્યારે એ પલટા પામ્યા જ કરે છે, તો એના પર **રાગદ્વેષ શા કરવા ?** હા, જો સારું એ સદાનું સારું હોત તો તો હજી એને સારું માની ખીલ્યા હોત એ સહેતુક ગણાત. પરંતુ જો એ પાછું નરસું થવાનું જ છે, તો એના પર ખીલવામાં શી બુદ્ધિમતા છે ? રાગ-અરુચિ કરવામાં શો અર્થ સરવાનો છે ? બરફીના પુદ્‌ગલ પેટમાં ગયા પછી ગંદા અને પરિણામે વિષ્ઠાના પુદ્‌ગલ બની જાય છે, પછી શા માટે બરફી પર રાગની દૃષ્ટિથી જોવું ? તેમ, એના એ જ સારા પુદ્‌ગલના વર્ણ-રસ-ગંધ ફરી જઈ બગડી ગયા પછી એના પ્રત્યે શા માટે મોઢું મચકોડવું ?

તમે કહેશો, 'એ બગડી ગયા એટલે મનને એમ થાય છે;' પરંતુ મહાનુભાવ ! એ તો વિચારો કે,

**એ બગડે એમાં આપણે બગડવું ?**

હવા બગડે છે છતાં માણસ પોતાનું શરીર ન બગડવા દેવાની પૂરી કાળજી કરે છે. તો જડ બગડે એમાં આપણા આત્માનું શું બગાડવું કે આપણે કરમાઈ જવું, ને એ સુધરે એમાં આત્માનું શું સુધર્યું કે એને જોઈને મલકાઈ જવું ને આખો નચાવવી ? અરે ! વ્યવહારુ દૃષ્ટિએ પણ આપણા તાબાની નહિ એવી સેંકડો હજારો ચીજો જોવા સાંભળવા મળે છે, એ સારી માની ખીલ્યા, તેથી આપણને થોડીજ કામમાં આવે છે ? ઊલટું એને રાગથી સારી તરીકે જોયા પછી તો એ ન મળ્યાના ઓરતા થાય છે ! અને 'મળે તો સારું, કેમ મેળવું' એવા એવા મનને સંતાપ થાય છે, તો વ્યવહારથી પણ શું સારું પરિણામ નીપજાવ્યું ? ઊલટું ન જોઈ હોત તો ચિત્ત જે સ્વસ્થ રહેત તે રાગની નજરે જોયા પછી અશાંતિ-સંતાપની હૈયા-હોળી ઊભી કરી ? માટે જ રાગ વિના ઉદાસીન ભાવે જોવામાં મઝા છે. એવું જ **આપણા તાબાની વસ્તુઓ પણ જેટલું રાગદ્વેષની નજરથી જોવાનું કરાશે એટલો સંતાપ અને દુઃખ થવાનું છે.** વસ્તુ મળી તો રાખી લીધી, મળી છે તો વાપરી લીધી, પરંતુ રાગ-દ્વેષની આંધીઓ ચઢાવવાથી કોઈ જ લાભ નથી.

આ માત્ર જડ અંગે જ સમજતા મા. જીવો માટે પણ એ જ ઉદાસીન દૃષ્ટિ રાખવાની છે. પરાયા માણસો ગમે તેવા રૂપાળા મીઠાબોલા, સેવાભાવી ઈત્યાદિ હોય, તેથી આપણને શું ? અથવા કુબડા, કડવાબોલા, કે સ્વાર્થીય હોય, તેથી ય આપણે એની સાથે શી લેવાદેવા ? એમને રાગ-દ્વેષથી જોવાની કોઈ જરૂર છે ? તત્ત્વ સંવેદનમાં આવવા માટે અહીંથી શરૂઆત કરવાની છે, કે આપણને નિસ્બત નથી તેવા લોકોને રાગ-દ્વેષથી નિહાળવાનું ઓછું કરતા આવીએ. ભલે તમને આ



ઊંચી કક્ષા લાગે, પરંતુ કંઈક કંઈક પણ અભ્યાસ પાડવાની જરૂર છે. નિસ્બત વિનાનામાં ય નહિ પાલવે તો તો પછી જેની સાથે નિસ્બત છે, અર્થાત્ આપણા સ્વાર્થના સાધક યા ઘાતક છે, એને રાગ-દ્વેષ વિના ઉદાસીનભાવે જોવાનું આ જન્મમાં તો શું પણ પરભવમાં ય સંભવિત છે ખરું ?

**આત્મહિતકારી જીવ-અજીવ પ્રત્યે કેવું વલણ ? :-**

અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે જ્યાં સુધી વીતરાગ દશા નથી પ્રાપ્ત થઈ ત્યાં સુધી આત્મહિતકારી તત્ત્વો પર બહુમાન દૃષ્ટિ રાખવાની છે, અનહદ નિર્મલ રાગ ધરવાનો છે. તો જ એમનું હાર્દિક આલંબન લેવાશે; અન્યને છોડી એમનું જ આલંબન કરાશે. એવું જ આત્મહિતના ઘાતક અને અહિતમાં નિમિત્તભૂત તત્ત્વ પ્રત્યે પ્રત્યે અરુચિ-અણગમો બરાબર ઊભો રાખવાનો છે. તો જ એનાથી દૂર રહેવાનું કરાશે. જ્યાં સુધી સાધક અવસ્થા છે, ત્યાં સુધી વીતરાગતા સિદ્ધ નથી થઈ, એટલે ક્યાંક ને ક્યાંક રાગ અને અરુચિ રહેવાના તો ખરા. હવે જો આત્મહિતકારી પ્રત્યે અતિ રાગ, ભારે બહુ માન નથી રાખતા, તો સહજ છે કે અહિતકારી તત્ત્વ ઉપરનો રાગ ચાલુ રહેશે; એમ અહિતકારી વસ્તુ પર અરુચિ જો નથી, તો હિતકારી પર દિલ ચોંટશે નહિ; તેમ એ અહિતકારીને છોડવાનું મન નહિ થાય. દા.ત. વેશ્યા-માંસ-મદિરા વગેરે ઉપર જો ભારોભાર અરુચિ નથી તો એનાથી દૂર રહેવાનું ક્યાંથી કરાશે ? સંયમ ઉપર અનહદ રાગ નથી તો એને વળગી રહેવાનું શી રીતે બનવાનું હતું ? દેવાધિદેવ અને સદ્‌ગુણ ઉપર ભારોભાર પ્રીતિ હશે, બહુમાન હશે, તો જ એમની ઉપાસના અને એમના વચનની આરાધનામાં લીન બન્યા રહેવાશે. એવું જ જિનમૂર્તિ-મંદિર-તીર્થ-ધર્મપુસ્તક વગેરે અંગે સમજવું. આ સૂચવે છે કે જીવ-અજીવ તત્ત્વની અંતર્ગત જ આત્મહિતકારી અને આત્મહિતઘાતક વસ્તુઓ પણ છે, પરંતુ એના પ્રત્યે ઉદાસીનભાવની વાર છે, ક્યાં સુધી ? જ્યાં સુધી આત્મા રાગ-દ્વેષથી સર્વથા વિમુક્ત નથી બન્યો ત્યાં સુધી. અલબત્ત આમાં અપ્રશસ્ત એટલે કે આત્મહિતઘાતક જે જીવ પદાર્થ, દા.ત. વેશ્યા, ધર્મદ્રોહી, પાપોપદેશક, વગેરે જીવોથી બચવા એમના પર જે ભારોભાર અરુચિ રાખવાની છે, તે એમની પાપપ્રેરકતાને લીધે રાખવાની છે, પણ નહિ કે કોઈ અંગત વ્યક્તિગત દ્વેષ-દુશ્મનાવટને લીધે; કેમકે એમ તો 'જીવ માત્રનું એટલે એમનું પણ ભલું થાઓ, એમને ય સદ્‌બુદ્ધિ સુઝો'- એમ એમને 'પર હિત-ચિન્તા મૈત્રી' ની રુએ મૈત્રી ભાવનાના વિષય બનાવવાના છે. તો જીવરૂપે તો એમના પર દ્વેષ રખાય જ શાનો ?

આવો સંપૂર્ણ તત્ત્વપરિણતિનો ભાવ-દર્શન નામનો ધર્મ એ શુદ્ધ ધર્મ છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

હવે ભાવજ્ઞાન અને ભાવચરિત્રની વાત કરવાની છે. પરંતુ તે પહેલાં પેલાં મુનિ શ્રેષ્ઠીપુત્ર ચંદ્રને પોતાની પૂર્વ મંત્રી-અવસ્થાની હકીકત કહી રહ્યા છે તે જરા જોઈએ. મુનિને એ બતાવવું છે કે **આધિ વ્યાધિ ઉપાધિમય સંસાર કેવા કેવા સંતાપ આપે છે, અને એને મિટાવનાર જો કોઈ હોય તો તે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રનો શુદ્ધ ધર્મ છે.** માટે આપણે શ્રી પંચસૂત્રનો વચનનો આધાર લઈ આટલી ભાવ-સમ્યગ્દર્શનની વિચારણા કહી.

**મંત્રીની પત્ની આઘાતમાં મરે છે ! :-**

મુનિ પોતાની હકીકત કહેતાં કહે છે, ચંદ્ર ! જો, રાજાએ પત્ની ઉપર અધિક પ્રેમની ઉપાધિ કરી તો રાજાને પારખું કરવાનું મન થયું, અને હું લડાઈમાં મરી ગયો, એવા સમાચાર મારી પત્ની સરસ્વતીને પહોંચાડ્યા ! પત્ની એ સાંભળીને ક્યાં ઊભી રહે ? **એના દિલને એટલો બધો આઘાત લાગ્યો કે એ ત્યાં ને ત્યાં પ્રાણનો નાશ થવાથી મડદું થઈને પડી !**

મહાનુભાવ **વિચારજે કે આપણા પ્રાણની આસપાસ કેટલા શિકારી ભમે છે ?** જેમ જંગલના હરણિયાની આસપાસ શિકારી પશુ ઘુમતા હોય છે, છતાં એ અજ્ઞાન પ્રાણીને હજી વિષય-સુખોની આરાધના સૂઝે છે, પણ આત્મહિતની સાધના સૂઝતી નથી; તેમ આ માનવ પ્રાણીને પણ જો સ્વાત્મહિતની પડી ન હોય અને એનો કોઈ પ્રયત્ન ન કરવો હોય ત્યારે એ વનવગડાના હરણિયા જેવું મૂરખ પ્રાણી કહેવાય કે બીજું કાંઈ ?

રાજાના કહેણને કહેવા જનારો માણસ તો સરસ્વતીના મૃત્યુને જોતાં ગભરાઈ જ ગયો ! હવે તો બીજો વિચાર કરવાને અવકાશ જ નહોતો, એટલે સીધો ત્યાંથી આવીને રાજાને આ હકીકત કહે છે.

**રાજાને પશ્ચાત્તાપ :-**

રાજાને આશ્ચર્ય તો થયું પણ સાથે પશ્ચાત્તાપ અને કલેશનો પાર રહ્યો નહિ ! મનને થયું કે 'અરે ! આ મેં બીજાઓના ચઢાવ્યાથી કેવું ભયંકર સાહસ કર્યું ! બંનેનો પ્રેમ હતો એમાં મારે પારખું કરવાની શી જરૂર હતી ? **અને મારે પારખું કરવાનો હક પણ શો હતો ?** અરેરે ! બિચારી મંત્રીપત્નીના મેં પ્રાણ લીધા ? હવે મારી નરક સિવાય બીજી ગતિય શી હોય ? ત્યારે મારે મંત્રીનેય હવે માહિત કેવી રીતે કરવો ? કેમકે એનોય પ્રેમ પત્ની પર અથાગ છે, તો એ ય પત્ની મરી ગયાના સમાચાર કેવી રીતે સાંભળી શકે ? કદાચ સંભળાવી દઉં, તોય એ સાંભળતાં ક્યાંથી જીવી શકે ?'



**પાપનો ઈન્કાર એ અધમતા :-**

રાજાને કલેશનો પાર નથી, મંત્રી પ્રત્યે પ્રેમ અને સદ્ભાવ ખૂબ છે, તેમ હૃદયનો કોમળ છે. એટલે એનું દિલ વલોવાઈ રહ્યું છે. પોતાના કૌતુકના હિસાબે એક માનવ પ્રાણીનું મોત નિપજાવ્યાનો ભયંકર ગુનો એની નજર સામે તરવરી રહ્યો છે. મોટો રાજા છે, બનવાનું બની ગયું, એવા શોક શા સારું કરે ? મન વાળવું હોય તો શું ન વાળી લે કે 'એમાં ક્યાં મેં શસ્ત્ર ચલાવરાવ્યું છે કે ઝેર દેવરાવ્યું છે ? પોતાના હૃદયની નિર્બળતાથી એક સમાચાર માત્ર ઉપર માણસ મરે એમાં આપણે શું કરીએ ?' અથવા શું ઢાંકપિછોડો કરવા ખાનગી માણસને શાન્તં પાપં કરી દેવા ન કહી દે ? પણ ના, એની ઉત્તમતા એવું કરવા દેતી નથી. એવું કરનારી તો ક્ષુદ્રતા છે, અધમતા છે. સાહસથી એક તો પાપ કરી નાખવું, પાછું એના પર માની લેવું કે 'મેં કાંઈ એવું પાપ નથી કર્યું' અથવા પાપનો ઢાંકપિછોડો કરવો એ અધમતા નથી તો શું ઉત્તમતા છે ? માનવના અવતારે આટલું તો હૃદયબળ જોઈએ જ કે કદાચ પાપ થઈ ગયું તો એનો ઈન્કાર કે ઢાંકપિછોડો નહિ જ કરવો. **અધમમાંથી ઉત્તમ બનવા માટે પાપનો સ્વીકાર, ભૂલ કબૂલવી, એ પહેલું પગથીયું છે. પછી, પાપ જ ન કરવું એ ઉપરનું પગથિયું છે.**

રાજાએ કેવી ભૂલ કરી એ હવે ન જુઓ, રાજાની વિચારસરણી જુઓ. 'બંનેના પ્રેમનું પારખું કરવાનું મારે પ્રયોજન શું કે હક શો ?' અલબત પહેલાં આવો વિચાર કરવો'તો ને ? એમ પ્રશ્ન થાય, પરંતુ એટલું ખૂબ સમજી રાખો જીવના જીવતાં જીવતાં જેને સાર સાર ગ્રહી લેવાની જ પડી છે, એ બનેલું ન બન્યું નહિ થનારી વસ્તુ પર આવા પ્રશ્ન ન ઉઠાવે; કેમકે એ વિચારણાઓથી સાર કાંઈ ન મળે, સાર લેવો હોય તો રાજાની પછીની વિચારણા જુઓ.

**જીવવાની કળા એટલે સારગ્રહણ :-**

જીવનમાં આ બહુ શીખવાની વસ્તુ છે કે **અસાર અસારનો વિચાર છોડી દેવો અને સારભૂતનો જ વિચાર કરવો. બને ત્યાં સુધી ભાષણ અને વર્તન પણ એવું કરવું કે જેમાંથી સાર નીકળે. ટુંકમાં મનુષ્ય તરીકે જીવવું હોય તો સારગ્રાહી જ બનવું જોઈએ.** મનમાં આનો નિર્ધાર કરીને થોડું તો વર્તી જુઓ, ચમત્કારિક અસર દેખાશે. મન ફોરું અને પ્રફુલ્લિત બની જશે. અનુભવ થશે કે 'અહો ! અસારગ્રાહી વાતો અને વિચારણામાં મારો કેટલો બધો અમૂલ્ય માનવ સમય વહી જતો હતો ! માનવશક્તિ અને તકો કેટલીય બરબાદ થતી હતી ! મનની શક્તિઓ વેડફાઈ કેવી જતી હતી ! ત્યારે અદૃશ્ય પાપના ભાર અને કુવાસનાઓના દૃઢીકરણ વધે એ તો જુદું ! જગતમાં જેમ બીજી બીજી કળાઓ છે, એમ જીવવાની પણ કળા



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

છે. તમને કોઈ પૂછે છે કે જીવન જીવવાની કળા કોને કહેવાય ? તો આ ટૂંકો ઉત્તર છે કે એવું જીવાયે જવાય કે ડગલે ને પગલે સાર સાર ગ્રહણ કર્યે જવાય, અને અસારની ઉપેક્ષા થાય, એનું નામ કળાભર્યું જીવન ગણાય, જીવન જીવવાની કળા હસ્તગત થઈ કહેવાય. બસ, **જીવવાની કળા એટલે સારગ્રહણ.**

**જીવન જીવવામાં શું આવે છે ?** આ જ, કે કાંઈ ને કાંઈ વિચારો કરવા, વાણી ઉચ્ચારવી-સાંભળવી, ઇન્દ્રિયોથી દેખવું-સુંઘવું ચાખવું વગેરે, હાથપગથી કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ કરવી, બીજાઓની સાથે વ્યવહારમાં આવવું, પ્રેમ, ઈતરાજી, પ્રશંસા-ટીકા, સ્વાગત-ઠપકો આવું જ બધું ને ? એવી રીતે પૈસાનો આય-વ્યય કરવો, પરિવારની સરભરા લેવી-દેવી, ખાવું પીવું, પહેરવું, ઓઢવું વગેરે, માલ-મિલકત, આબરૂ ઇત્યાદિની પ્રવૃત્તિ, આવું આવું એ તમારું જીવન છે ને ? બસ, જીવનની આ બધી આઈટમો (items) રકમોમાં અસાર તરફનું દુર્લક્ષ રાખી સાર સાર તરફ દૃષ્ટિ રાખવાની છે, સાર સારનું ગ્રહણ કરવાનું છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૪૭,તા.૨૨-૮-૧૯૫૯

## ૪૧ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**પ્ર.-** અસાર શું અને સાર શું ?

ઉ.- પહેલું તો નજીકના સાર તરીકે એ, કે જેમાંથી દુન્યવી દૃષ્ટિએ પણ કાંઈ લાભ ન થવાનો હોય, અર્થ ન સરવાનો હોય, એ અસાર; અને કાંઈ લાભ થાય, કોઈ પ્રયોજન સરે એમ હોય, એ સાર. દા.ત. સ્નેહીનું મૃત્યુ થઈ ગયું યા કોઈ વસ્તુ ભાંગી ફુટી ગઈ, એના પરનો શોક અને ઉદ્વેગ તથા વિલાપ અને વિકલ્પો એ અસાર છે. શો લાભ થાય એનાથી ? એમ કરવાથી શો અર્થ સરે ?

**ડહાપણની વિચારણા તો છે કે 'આવી ઉદ્વેગભરી વિચારણા કરવાના ને બીજાની આગળ એનાં રોદણાં રોવાના અસારમાં પડી, જીવન-સમય કે જીવન-શક્તિ કાં બગાડું ?** એમાંથી કાંઈ સાર નીકળવાનો નથી. હજી ય સ્નેહીનાં મૃત્યુમાંથી સાર ગ્રહવો હોય તો એ ગ્રહું કે મારા ય જીવનનો ભરોસો નથી કે ક્યારે પૂરૂં થાય, માટે અત્યારથી જ સાવધાન થઈ જાઉં, અને આત્મચિંતામાં લાગી જાઉં ! એમ, એ વિચારું કે મારા પ્રેમનું એક પાત્ર ફુટી ગયું એ મારો સ્વાર્થ ભંગાયો એનું રુદન કરું છું, પણ મરનારનો સ્વાર્થ ભંગાયો કેમ જોતો નથી ? એ વિચારું કે 'જીવતો હતો ત્યાં સુધી **મેં એને પરલોકનું ભાતું શું બંધાવ્યું ?** દાવો તો ગાઢ



સ્નેહી-હિતૈષીનો રાખ્યો, પણ એ બિચારો જ્યારે પરલોક જાય છે, ત્યારે ત્યાં કાંઈ હું એની સાથે નથી જવાનો, તો ત્યાં એને ઓથ કોની એ ન વિચાર્યું. એના જીવતાં પરલોક-હિતકારી સુકૃતો અને સદ્ભાવનામાં એને જોડું, આવી વિચારણા મેં કાંઈ જ ન કરી; ને એ તો ઉઠીને ચાલતો થયો. તો હવે બીજા જીવંત સ્નેહીઓને તો પરલોક હિતમાં પ્રવર્તાવું, તેમજ એ ભયંકર ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે પણ આટલી આટલી તપસ્યા કરું, આટલો આટલો રસ ત્યાગ કરું, આટલું દાન, શીલ આચરું...' વગેરે વગેરે જગાવાય તો એ સાર ગ્રહણ કર્યો કહેવાય. એમ, મરનારને પીડતા દોષો-દુર્ગુણો અને ખરાબ સ્વભાવ વગેરેને પોતાના જીવનમાંથી દૂર કરવા અને સદ્ગતના સદ્ગુણો વગેરેને પોતાના જીવનમાં ઉતારવા માટે એના તરફ દૃષ્ટિ નખાય તો એ સાર તરફ દૃષ્ટિ થઈ.

**બીજો સાર :-**

આ ઉપરથી બીજા મુદ્દા તરીકે સારમાં આ આવશે કે **આ લોકની દૃષ્ટિએ પણ જશ અપાવનારા આત્માના ગુણો, આત્મહિતકારી આચાર, સુકૃતો અને આત્માના સારા સ્વભાવ, એ સાર છે.** એનું બને તેટલું ગ્રહણ કર્યે જવું. બીજાની પ્રત્યે આપણે કઠોરતા-નિર્દયતા કરીએ, જૂઠ બોલીએ, અપ્રામાણિકતા રમીએ, એ બીજાને નથી ગમતું, આપણને એમાં એ જશ નથી આપતા, સારા વર્ત્યા એમ એ નથી કહેતા. એવી રીતે માયાવી બોલ બોલીએ કે દાવ ખેલીએ, કૃપણતા કરીએ, બીજાને ઉતારી પાડીએ કે એમની નિંદા કરીએ એ એમને નથી ગમતું. આપણો ધૂળ જેવો સ્વભાવ ને તામસી પ્રકૃતિ-આપણો સ્વાર્થી સ્વભાવ અને ઈર્ષ્યાખોર પ્રકૃતિ બીજાને નથી ગમતી; એવા સ્વભાવ વગેરે બધું અસાર કહેવાય. એની સાધના કરવાને બદલે સારભૂત તરીકે દયા, સત્ય, નીતિ, ઉદાર વ્યવહાર, પરોપકાર, સેવા, દુલો સ્વભાવ, સરળ પ્રકૃતિ, વગેરેના ખપી બનવું જોઈએ. **'મારે આનો ખપ છે, અસારનો નહિ,** અસાર તો મેં બહુ બહુ અને બહુ-બહુવાર લીધું, પણ એથી એક ક્ષુદ્ર જંતુની કક્ષાથી કાંઈ આગળ વધ્યો નહિ ! હવે તો પ્રત્યેક વિચારણાનું જીવન, વાણીનું જીવન, વર્તાવનું જીવન, અને દુનિયાના જડ કે ચેતનના પ્રસંગમાં આવવાનું જીવન, એ બધામાં સાર સાર જ ગ્રહણ કરું. આ ધગશ, આ તાલાવેલી અને આનો જ પુરુષાર્થ.

**પરલોકદૃષ્ટિએ સાર :-**

આ તો હજી આ લોકની દૃષ્ટિએ સારની વાત થઈ, પણ પરલોકની દૃષ્ટિએ તો એથી ય ઉપર કેટલો ય સાર ખેંચવાનો છે. જ્યાં જ્યાં બને ત્યાં યોગ્યતાના ગુણો, માર્ગાનુસારી વગેરેના આચારો, વ્રતનિયમ, પ્રભુભક્તિ, ધર્મ-ક્રિયાઓ, એ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

બધું આદરવું એ સાર, અરે ! જરા નવરા પડ્યા અથવા બીજી ત્રીજી કોઈ નિષ્ફળ અગર પાપ બંધાવનારી વાતચીત, વિચારણા કે ચિંતામાં પડ્યા, એમાંથી શો સાર નીકળવાનો ? તો એના બદલે ઉમદા ભાવનામાં મનને લગાડીએ, પૂર્વના અને વર્તમાન તેવા કોઈ ઉત્તમ પુરુષોના જીવન પ્રસંગને વિચારીએ, એમના સત્પરાક્રમો પર ચિંત્વન કરીએ, તો સારનું ગ્રહણ થાય. અરે ! બીજું કાંઈ ન આવડે તો ય નમસ્કાર મહામંત્રનો જાપ કર્યે જઈએ, તે પણ દા.ત. ૩,૬,૯ વગેરે સંખ્યા યાદ રાખતાં ગણીને, જેથી ચિત્ત એમાં જ રહે, અને આટલા આટલા નવકાર ગણાયા, એનું આશ્વાસન મળે, તો ય તે એક મહાન સાર-ગ્રહણ છે. એમ ચોવીસ જિનેશ્વરોનાં નામ એકવાર, બીજીવાર, ત્રીજીવાર... એમ એમ સ્મર્યે જઈએ, તો તે પણ ઉભય લોકની દૃષ્ટિએ સારભૂત કમાઈ છે. આવું બધું છોડીને મગફળીના ફોતરા ખાંડવા તુલ્ય આડી અવળી નિસ્સાર વિચારણા કર્યે જવામાં શો લાભ ? શી ઉન્નતિ ?

એમ સાર જોઈએ છે ને ? **સ્વાર્થની પ્રવૃત્તિ વચ્ચે પણ કમમાં કમ વધુ પાપની પ્રવૃત્તિથી બચીએ, અભક્ષ્ય ત્યાગ, અવાચ્ય ત્યાગ, અન્યાય-ત્યાગ, આવેશનો ત્યાગ, હુંપદનો ત્યાગ, અયોગ્ય સ્થળને અસત્સંગનો ત્યાગ,...** વગેરે તો કરી શકીએ ને ? તો જ સાર હાથમાં આવવાનો છે એ સમજી રાખજો.

સાર, અસાર તો જગતમાં નિશ્ચિતપણે વહેંચાઈ ગયેલી વસ્તુ છે, ફળમાં ગલ સાર, તો ફોતરાં અસાર; છોડ પર ગુલાબ સાર, તો કાંટા અસાર; ખાણમાં સોનું સાર, તો માટી અસાર; શરીરમાં ધાતુ સાર, તો મળ મૂત્રાદિ અસાર; એમ, જીવનમાં નિરર્થક કે નુકશાનકારક વિચાર વાણી-વર્તાવ એ અસાર, અને સાર્થક હિતકારી વિચારણાદિ એ સાર, આવો વિભાગ કેમ ખ્યાલ બહાર રહે ? દોષ-દુર્ગુણો અસાર અને ગુણો એજ સાર, પાપ અસાર અને ધર્મ એજ સાર, કર્તવ્યમાં શૂન્ય-મગજ કે બેદરકારી એ અસાર, અને જાગૃતિ, ઉપયોગ અને ચોક્સાઈ-ચીવટતા એ સાર, એ કેમ નિશ્ચિત ન કરી રાખીએ ? જીવનના પ્રસંગ-પ્રસંગમાં વૈર-વિરોધ અસાર, મિત્રતા-પ્રેમ સાર; મનને ખોટું લગાડવું અસાર, સારું માનવું સાર; પ્રસંગને કષાયવર્ધક બનાવવો એ અસાર, અને કર્મક્ષયના સાધક તરીકે લેખવો એ સાર. બસ, જીવન જીવવાની આ કળા છે કે સાર સાર ગ્રહો અને અને અસાર અસાર પડતું મૂકો. અરે ! એક જરા નજર પણ ક્યાંક પડી, તો એમાંથી આત્મહિતને ઉપયોગી સાર ખેંચો,

**સાર ગ્રહણના દૃષ્ટાન્તો :-**

રાજા ગુણસેને મડદું જોતાં એમાંથી જમરાજની જોહુકમી, જીવની પામરતા, જગતના સંયોગોની વિનશ્વરતા, વગેરેની વિચારણાનો અને વૈરાગ્ય, જ્વલંત વૈરાગ્યનો



સાર ખેંચ્યો !

**વૈશ્રવણ** રાવણથી હાર્યો છતાં એણે એમાંથી **આત્મજાગૃતિનો સાર** ખેંચ્યો !

**વાલીએ** રાવણને જીત્યો, છતાં વાલીએ એમાંથી **પુણ્યની આત્મા પર થતી ઠગાઈ વિચારવાનો અને ચારિત્રનો સાર** ગ્રહણ કયો !

જીવન જીવવાની કળા સાર ગ્રહણ કરવામાં છે, એ વસ્તુ પૂર્વના મહાપુરુષોના જીવન પ્રસંગમાંથી કેવી કેવી સારી જોવા મળે છે.

**મહારાજા કુમારપાળ** કુબેરશેઠની સંપત્તિ જોવા ગયા છે. કેમ ? એની અઢળક સંપત્તિ છે, અને પરદેશ ગયેલા **કુબેર શેઠ** મરી ગયાના સમાચાર આવ્યા છે. મહાજન આવીને કહી ગયું કે 'નામદાર ! શેઠને પુત્ર નથી, એટલે સંપત્તિ રાજાની માલિકીની થાય છે, માટે પહેલાં આપ કબજો લેવરાવો, પછી અમે શેઠનું મરણકાર્ય કરીએ.' કુમારપાળ મનમાં સંકલ્પ કરીને કુબેરશેઠની મહેલાતો તરફ આવી રહ્યા છે. હવેલીઓ પર દૂરથી ધજાઓ ફરકતી બતાવતાં અમલદારો કહે છે 'મહારાજ ! આ શેઠની હવેલીઓની ધજાઓ ફરકતી દેખાય છે.'

કુમારપાળ કહે છે 'અહો ! આ **ધજાઓ તો કહી રહી છે કે જેમ અમે સ્થિર નથી એમ સંપત્તિ પણ સ્થિર નથી !'**

અમલદારો ચકિત થઈ જાય છે, કહે છે, 'મહારાજ ! આ તો આપની જ બુદ્ધિ પહોંચે ! અમારા જેવાને તો એમ થાય છે કે અહો કેટલી બધી મહેલાતો ! કુબેર શેઠ કેવોક ભાગ્યશાળી !'

અહીં કુમારપાળમાં જીવવાની કળા દેખાય છે. એણે એક વસ્તુ જોવાનો પ્રસંગ આવ્યો એમાંથી સાર ગ્રહણ કર્યો, તત્ત્વ-દૃષ્ટિને એજ પ્રસંગથી સિંચન કર્યું ! ત્યારે, અમલદારોને મળવાનું કાંઈ નથી, વળવાનું કશું નથી, એ મહેલાતોમાં એક રાત સૂવા ય નહિ મળે, છતાં એમણે અસત્કલ્પનાનો અસાર ખેંચ્યો ! કેમકે જે કુબેર શેઠને ભાગ્યશાળી કહી રહ્યા છે તે શેઠ બિચારો તો મરી ગયેલો જાહેર થયો છે ! તો હવે સંપત્તિ શું એની સાથે ગઈ ? ના, તો એ ભાગ્યવાળો શું રહ્યો ?

આગળ જતાં અમલદારો કહે છે. 'આ બધા સફેદ બંગલાઓ ઊંચા ઊંચા માળના, કેટલા ય જોખ-ઝરુખાવાળા, અંદર ઝગમગતા દિવ્ય દિવાનખાના વગેરેથી શોભતા દેખાય છે ને ? તે કુબેર શેઠના !'

રાજા કહે છે, 'એમ ? તો આ જાણે **સફેદ બંગલા તો એમ કહી રહ્યા છે કે જેમ અમે બીજા ત્રીજા રંગ વિનાના છીએ એમ અમારામાં મૂર્ખ માનવ શું જોઈને રંગરાગ કલ્પતા હશે ? અમે બંગલા નથી બગલા છીએ, કેદખાના છીએ !'** આ સારગ્રહણ.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

સંપત્તિમાં રંગ જોઈને માણસ એ મળી હોય તો પાગલ બને છે. અને ન મળી હોય તો ન મળ્યાનો સંતાપ કરે છે, એ અસારનું ગ્રહણ કર્યું કહેવાય.

બંગલાના કંપાઉન્ડમાં પેસતાં અમલદારો કહે છે, 'મહારાજ આ હારબંધ હાથીઓ સૂંઢો ઝુલાવતા દેખાય તે બધા કુબેર શેઠના !'

રાજા કહે છે, **'અરે ! હાથીઓ તો સૂંઢ હલાવીને જાણે ના કહી રહ્યા** છે કે 'અમે કાંઈ કાયમ રહેવાના નથી, તો માણસ શું જોઈને એવી અકાયમી વસ્તુમાં ભૂલો પડી પોતાના કાયમી આત્મહિતને સાધી લેવાનું મોકુફ રાખતો હશે ?'

જો જો આ સાર-ગ્રહણ. વસ્તુ તો એની એજ દેખાવાની છે, છતાં **બુદ્ધિમાન દ્દષ્ટા એમાંથી અસાર પકડીને ખોટા સંતાપ ઊભો કરવાનું નથી કરતો, પણ સાર ગ્રહીને મનોરત્નને રાગદ્વેષથી મેલું થતું અટકાવી લે છે.** એ મહત્ત્વનું છે. માટે અમલદારો બોલી ઉઠે છે કે 'મહારાજ ! એવું તો આપ જ વિચારી શકો. અમે તો પામર છીએ. હાથીઓ અમને મળવાના નથી એ નિશ્ચિત છતાં, લોભાઈએ છીએ.'

**રાજાનું આશ્વાસન :-**

બધું જોતાં જોતાં બંગલાની અંદર ગયા ત્યારે કુબેરની મા અને પત્ની બેફાટ રડી રહ્યા દેખાય છે. રાજા સમજી જાય છે રડવાનું કારણ. એમને રાજા કહે છે.

"હવે રડવાથી શું ? આ જગતમાં એ નક્કી થોડું જ છે કે પહેલું કોણ મરશે અને પછી કોણ મરશે. કસાઈએ બકરાં ભેગાં કર્યા હોય, એમાંથી એ કોઈ બકરાંને પહેલો મારે ત્યાં બીજો બકરો રુએ કે 'હાય ! મારા ભાઈને માર્યો !' એ કેવું નિરર્થક છે ! જાણે એને એ ખબર નથી કે 'મારો પણ વારો આવવાનો છે.' માટે રડો નહિ; અને સંપત્તિની ચિંતા કરશો નહિ. **મારે સંકલ્પ છે કે 'અપુત્રિયાનું ધન લેવું નહિ.' હું શા માટે એવા જેટલા મરે એનું ધન ખાવા માટે છોકરો થાઉં ? વનના દાવાનળમાં પશુપંખીઓ બળી રહ્યા હોય એનું માંસ ખાવા તો ગીધડા-શિયાળિયા દોડે ! તમે પુત્ર શોકથી બળી રહ્યા છો ત્યાં તમારા પ્રાણતુલ્ય ધનમાલને શું હું ખાઉં ? ના,** આ બધી ય સંપત્તિ સુખેથી તમારી માલિકીમાં રહેશે."

જુઓ કુમારપાળની જીવન જીવતાં જીવતાં સાર ગ્રહવાની દ્દષ્ટિ !

અપુત્રિયાના વારસદારોના કેઈના હૈયાં જીવનભર શેકી ખાય એવું ધનગ્રહણ એ સાર કે અસાર ?

કદાચ મરેલો મનાતો જીવતો પાછો આવે તો ધન પાછું દઈ વિલખા થવું પડે, એ સાર કે અસાર ?

બાપ બનીને નહિ, પણ છોકરાં બનીને ધન જે ખાવું પડે, એને શું કહેશો,



સાર કે અસાર ?

અરે ! પોતાનામાંથી દાન કે સુકૃત કરવાનું તો દૂર રહ્યું, પણ બીજાનું ચાઉં કરવાનું કરાય એ સાર કે અસાર ?

પછી તો રાજાના આ આશ્વાસન પર કુબેરની મા અને પત્ની સ્વસ્થ થયા, અને પોતાનો મુખ્ય મહેલ રાજાને બતાવે છે. એમાં ગૃહમંદિર જોઈને રાજા કહે છે, 'ઘરમાં આ જ ખરેખરા પ્રાણ છે, શોભે છે, સારભૂત છે.'

નજરે તો કેઈ સારું સારું ચઢે, પરંતુ સાર ગ્રહણ કરવાની જ આવડત હોય, તો આત્મ હિતકારી મુદ્દા પર જ ખાસ દ્દષ્ટિ જાય, હૈયું ત્યાં ઓવારી જાય, અને એની અનુમોદના કરે.

**કુબેર જીવતો આવે છે :-**

અહીં તો એટલામાં ખુદ કુબેર જીવતો આવીને ઊભો રહે છે ! મર્યાના સમાચાર ખોટા હતા. રાજા કુમારપાળ એને આવું સમૃદ્ધ જિનમંદિર અને શ્રાવકના સુંદર વ્રતો રાખવા બદલ ધન્યવાદ આપે છે. આ પણ મુલાકાતમાંથી સાર ગ્રહણ.

**વિમળશા મંત્રીએ,** રાજા ભીમદેવને થયેલી બીજાઓ દ્વારા મંત્રીવિરુદ્ધ કાનભંભેરણી ઉપર રાજાને ભારે ઈતરાજી થઈ તો, એનું મંત્રીપદ અને રાજ્ય છોડી દીધું, અને આબુની તળેટીમાં ચંદ્રાવતી નગરીને રાજધાની કરી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. પરંતુ ત્યાં આજ્ઞા ભીમદેવની મનાવી ! કેમ એમ ? જીવવાની કળા સારગ્રહણ; એણે એનો ખપ કર્યો. રાજા સાથે અણબનાવ થયો, એમાંથી વિરોધરૂપી અસાર ન ગ્રહ્યો, પણ એના ઉપકારનું સ્મરણ અર્થાત્ કૃતજ્ઞતાનો સાર લીધો. એથી કેવો મહાન લાભ કે પોતાનું મહાકિંમતી મન બગાડ્યું નહિ, પણ એને પ્રફુલ્લિત અને કૃતજ્ઞતા બજાવવા વધુ પ્રસન્ન કર્યું ! ત્યારે ભીમદેવના હૃદયમાં ય કેટલી સરસ છાપ પડી હશે !

**ગજસુકુમાળ વગેરે** મહામુનિઓએ મરણાંત ઉપદ્રવ કરનારાની ક્રૂર પ્રવૃત્તિમાંથી પણ એ ઘાતકોને કર્મક્ષયની અનુકુળતા કરી આપનાર હિતૈષી તરીકે માનવાનો સાર ખેંચ્યો ! તો ઝટ અનંત ભવોનાં પરંપરાને મિટાવી પાર પામી ગયા !

**રાજા મંત્રીને સમાચાર આપે :-**

આપણી વાત એ ચાલતી હતી કે રાજાએ મંત્રીની પત્નીના પતિ-પ્રેમનું પારખું કરવા એને મંત્રી-મરણના ખોટા સમાચાર અપાવ્યા તો મંત્રી-પત્ની બિચારી આઘાતથી ત્યાં જ મરણને શરણ થઈ ! હવે રાજા મુંઝાય છે, વિચારે છે કે 'અરે ! આ બીજાના પરસ્પર પ્રેમનું પારખું કરવાનું મારે શું પ્રયોજન હતું કે શો હક પણ હતો ? અહો, કેવું મેં ઘોર પાતક કર્યું !'



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**નિરર્થક અને હકરહિતમાં જીવન ન વિણસાડો :-**

માણસ જો પહેલેથી આટલું જ વિચારી લે કે, પર સંબંધી પ્રવૃત્તિનું પોતાને કોઈ શુભ પ્રયોજન છે ?

તેમ પોતાને તે કરવાનો હક છે ?

આટલું વિચારીને પછી આગળ પગલું માંડે, અર્થાત્ પ્રયોજન અને હક ન હોય, કે પ્રયોજન હોય પણ હક ન હોય, યા હક હોય પણ પ્રયોજન ન હોય તો એ પ્રવૃત્તિ નહિ કરવાની. તો કેટલાય અનર્થ અને પશ્ચાત્તાપથી બચી જાય. માણસ જેવો માણસ થઈને એટલે કે બુદ્ધિમાન પ્રાણી થઈને નિષ્પ્રયોજન યા કૌતુક-મશ્કરીની પ્રવૃત્તિ કરે, તો એ વ્યર્થ અને વિનાશક કુટેવનો અંત કયા જન્મમાં આવવાનો ? શું મહાહિતકારી ઉચ્ચ તકોથી ભરેલા આ જીવનની કિંમત નથી ? તેમ એ પણ વાત છે કે બીજાના પર ખોટા હક કરવામાં કઈ માણસાઈ છે ? ઊંચી માનવતા તો એ, કે આપણા પર બીજાના હક ચાલવા દઈએ, અને આપણા વ્યાજબી પણ હક શક્યતા હોય ત્યાં સુધી ન વાપરીએ. પણ આ મોંઘું છે, છતાં નિરર્થક અને હકરહિત પ્રવૃત્તિમાં જીવન ન વિણસાડીએ.

**ઉપાધિ કેવા ત્રાસ ગુજારે છે :-**

રાજાને એમ થાય છે કે 'આ સૂતેલા સાપને જગાડવા જેવું મેં શું કર્યું ?' જુઓ, પ્રેમનું પારખું કરવાની ઉપાધિ એણે ઊભી કરી તો મંત્રીની સ્ત્રીના મૃત્યુનો અને પોતાના હૃદયદાહનો કલેશ વહોરવો પડ્યો ! અને હવે આટલેથી થોડું જ પતવાનું છે ? હજી તો મંત્રીનો મહાન પ્રશ્ન અને લોકમાં આબરૂનો મોટો સવાલ ઊભો છે !

કહો, ઉપાધિ કેવા કેવા ત્રાસ ગુજારે છે ! ઉપાધિ ઊભી કરવી સહેલી છે પણ એના પ્રહાર સહન કરવા ભારે છે ! માણસને સંતોષવાળી ઉપાધિઓ ન વધારવામાં જીવન મુંજી જેવું લાગે છે, પણ એ એની સરાસર અજ્ઞાન અને મૂઢ દશા કે બીજું કાંઈ ?

**ઉપાધિ એટલે સંસાર-પારધીની જાળ :-**

પરલોક-દૃષ્ટિ જાગ્રત નથી હોતી, આધિ, વ્યાધિને બદલે તત્ત્વ-દૃષ્ટિ અને તત્ત્વ-સંવેદન દ્વારા કેવુંક ભવ્ય જીવન જીવી શકાય છે, એનું ભાન નથી હોતું એટલે એ ઓછી ઉપાધિમાં મૂઢતાથી મનનું માનેલું મુંજીપણું ટાળવા માટે હાથે કરીને સંસારરૂપી પારધીની ઉપાધિ રૂપી જાળને પોતે જ પહોળી કરી આપે છે, ને જાતે એમાં ફસાય છે ? પછી એમાં પારધીની જાળમાં ફસાઈ પડેલા મૂઢ પંખેરાની માફક કરુણ હાલ સિવાય બીજું શું પરિણામ આવે ?



આજે જુઓ તો દેખાશે કે જીવનમાં તત્ત્વ-દૃષ્ટિ અને તત્ત્વ-સંવેદનને વિસારી કેઈ જાતની ઉપાધિ ઊભી કરાય છે, તો એની પાછળ કેટ-કેટલા પ્રપંચો અને લોભ, મદ, અનીતિ અસત્ય વગેરે માનવતાના વિનાશક દુર્ગુણો સેવવામાં આવે છે !

કેળવાયેલા ગણાતાને તૃષ્ણા વધતી જાય ત્યારે વિચારવું પડે કે તે કેળવણી અર્થાત્ સંસ્કારિતા થઈ છે કે અસંસ્કારિતા ? દેશસેવાના દાવા હેઠળ મળતા હોદ્દા પર બેસી લાંચરૂશ્વતથી પાપી પેટ-પટારા ભરવાનું હીચકારું જીવન જીવાય ત્યારે પૂછવું પડે કે એ તે દેશ-સેવા છે કે દેશ-ભક્ષણ છે ? સુધારાવાદમાં વહી જઈ પવિત્ર ભારતભૂમિના ગભરુ જીવોને અપવિત્ર વિચારસરણી, બિભત્સ રહેણીકરણી ઉચ્છંખલતા વગેરે મલિન અને પાશવી જીવનમાં ઘસડવાનું થાય ત્યારે આહ્વાન કરવું પડે કે આ તમારો સુધારો છે પણ સત્યાનાશ નથી એ પુરવાર કરો.

**પ્રજા-સુધારાના ઉપાય :-**

આ બધા પાપો તો વગર જોઈતી ઉપાધિઓ ઊભી કરવાથી જન્મે છે. પછી એમાં સરવાળે કલેશ, કંકાસ સિવાય બીજું કાંઈ જોવા મળતું નથી. તો જુઓ આજે આ ચોમેર ફેલાયા છે કે નહિ. માનવતાના કેટલાય ગુણોનો અભાવ દેખાય છે ! અનીતિ, અપ્રામાણિક-અન્યાયી વ્યવહાર, જૂઠ, માયા, નિર્દયતા, સ્વાર્થલંપટતા, વિલાસી વૃત્તિ ઈર્ષ્યા વગેરે કેવા કેવા દુર્ગુણોનો જોસ દેખાય છે !

માનવતાના આ બધા દુર્ગુણો સુધારવા એના મૂળ તરફ જોવું જોઈએ.

(૧) અધિક ઉપાધિના મોહ મૂકાવવા જોઈએ.

(૨) જીવનના સાચા આનંદ સ્વસ્થ અને પ્રસન્ન મનમાં છે એ બતાવવું જોઈએ.

(૩) જીવનની ઉચ્ચતાની પારાશીશી શક્ય નિરુપાધિતાની ઉચ્ચતામાં બતાવવી જોઈએ.

(૪) પરલોકદૃષ્ટિને જીવંત અને જ્વલંત બનાવરાવવી જોઈએ.

(૫) જડ કરતાં સ્વાત્માના, અને કાયા કરતાં મનના મહામૂલ્યાંકન કરાવવા જોઈએ.

(૬) જીવનમાં અને કેળવણીમાં સારગ્રહણ ધર્મને કેન્દ્ર સ્થાન આપવું અપાવવું જોઈએ.

(૭) પૂર્વની ભવ્ય આર્ય સંસ્કૃતિમય જીવનના ગૌરવ વધારી પરમાત્મા અને સંત મહર્ષિઓની ઉપાસના ને એમના ઉપદેશની આરાધના વિકસાવવી જોઈએ.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**મંત્રી પાસે રાજા :-**

મુનિ શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને કરી રહ્યા છે કે "હે ચન્દ્ર ! રાજા સમજી લે છે કે આ મંત્રીને પત્નીના મૃત્યુની ખબર તો પડવાની જ, તે વખતે વળી પાછી એના મોતની પાતકી વાત ન બની જાય એ માટે એ ઉઠીને મારા તંબૂમાં આવે છે. રાજાને કોઈ કાર્ય હોય તો મને બોલાવી લે, એને બદલે પોતે ઉઠીને મારી પાસે આવ્યો એથી હું સહસા ઊભો થઈ ગયો.

મેં કહ્યું 'મહારાજ ! કાં આ તકલીફ લીધી ? મને જ આપની પાસે બોલાવી લેવાનો હુકમ કરવો હતો ને ?'

રાજા કહે છે, 'એક અગત્યની વાત કરવી છે, પણ તમે કબૂલાત આપો કે એ સાંભળીને હું આપઘાત નહિ કરું.'

હું વિચારમાં પડ્યો. પત્ની મર્યાની તો કલ્પના જ શાની હોય ? ત્યારે, બીજું કાંઈ હશે તો ચિંતા નહિ, એમ માનીને મેં કબૂલાત આપી. પછી રાજાએ મને નિખાલસ દિલે પોતાને થયેલ કૌતુક અને કરેલી પરીક્ષા-વિધિ વગેરે, તે ઠેઠ સરસ્વતી મૃત્યુ પામી ત્યાં સુધીની બધી વિગત કહી.

"હે ચંદ્ર ! ભલેને કોઈ રોતા હૃદયે નિખાલસતાથી વાત કરે, પરંતુ જેને સર્વસ્વ નાશ પામ્યા જેવું લાગે છે, એને એથી થોડું જ આશ્વાસન મળે છે ? મરતા પતિને રોતી-કકળતી કહેતી હોય કે 'હાય ! નાથ, મેં અજ્ઞાનતાથી તમારી સેવા-સંભાળ ન કરી, તે આ રોગ વધી ગયો ! હું કેવી પત્થર ! કેવી પાપિણી ડાકણ !' પરંતુ પતિને તેથી શું ? શું એથી કાંઈ નિરાંત વળે જ્યાં મોત ડોકિયા કરતું હોય, જ્યાં રોગની ભયંકર વેદનાઓ હોય ?

"હે ચંદ્ર ! **એમજ આત્માને જ્યારે માનવતાનો ઉત્તમ જન્મારો ખોઈ નાખ્યા નો,**

**સંયમ અને તપની સાધના નહિ કરીને પૂર્વના અસંખ્ય કર્મના વિપુલ ભાર એમજ રાખ્યાનો,**

**ઉપરાંત અઢાર પાપસ્થાનકની આચરણા કરી પાપના ગંજ વધાર્યાનો, તેમજ ક્રોધાદિ કષાય, ઇન્દ્રિયલંપટતા, વગેરે દુર્ગુણો દૃઢ કર્યાનો, ભારે ખેદ અનુભવાતો હોય, તે વખતે સ્નેહીઓનાં રોતાં દિલનાં ગમે તેવા સવાસલા પણ શું કામ લાગે ? મંત્રી કબુલાત માગે છે :-**

"મહાનુભાવ ! મને તો પત્નીના અકાળ અને આવી રીતે થયેલ મૃત્યુથી ખેદનો પાર ન રહ્યો ! રાજાને મેં કહ્યું કે આવી વસ્તુસ્થિતિમાં હું જીવી જ કેમ શકું ? છતાં હા, કબૂલાત આપી છે, એટલે શું થાય ? આ તો મારે તો મરાય પણ નહિ ને સહેવાય પણ નહિ, એવું થયું છે. પરંતુ હવે તમે કબૂલાત આપો



કે મને ફરી લગ્ન કરવાનું મુદ્દલ નહિ કહો.' આ કબૂલાત લેવાનું કારણ તું સમજી ગયો હોઈશ. પત્નીને વચન આપ્યું હતું. રાજાએ કરેલી મહાન ભૂલના પ્રતાપે એનાથી બીજું બોલાય એવું નહોતું એટલે એણે મને કબૂલાત આપવી પડી.

**મંત્રી ઘેર : ધારણા ધૂળમાં :-**

"પછી તો હું એકદમ સીધો ઘેર પહોંચ્યો. મનને એમ કે છેલ્લું છેલ્લું એનું મુખ જોઈ લઉં પણ ત્યાં ગયો તો મેં શું જોયું ? હે ચંદ્ર ! વિધિની ગતિ વિચિત્ર છે. માણસ આવેશ અને આતુરતાથી કોઈ કાર્ય કરવા દોડતો જાય, પણ રુઠેલા કર્મ ધાર્યું શાનું થવા દે ? બને છે ને આ જગતમાં, કે ચોક્કસ ધારણા કરીને દોડનારા અને ભારે પરિશ્રમ કરનારાની ધારણા ધૂળ ભેગી થઈ ગઈ ? છતાં માણસ ઈચ્છાઓ કર્યે જાય છે, એની સિદ્ધિ પાછળ કેઈ પાપો અને દુર્ગુણો આચર્યે જાય છે ! નવા નવા તરંગો અને નવી નવી ધારણાઓ ધર્યે જાય છે ! માખીઓએ લાંબા પરિશ્રમથી ઊભા કરેલા મધપૂડાની અંતે દશા શી ? કરોળિયાએ ભારે પરિશ્રમથી બાંધેલા જાળાના ઝાડુવાળાનું ઝાડું ફરતાં કઈ અવસ્થા ? એમ મનુષ્યની ધારણા સફળ થાય તો ય આવી અંતિમ દશા તો મૃત્યુ કાળે નક્કી જ ને ? પછી એ કૂડી ધારણાઓ સિદ્ધ કરવાની ખાતર અયોગ્ય રાહ લેવામાં તથા માયા, પ્રપંચ, જૂઠ, ડફાણ વગેરે આદરવામાં શી બુદ્ધિમત્તા છે ? તેમ ધારણાની પાછળ બહુ આવેશ-આતુરતા રાખવાનો ય શો લાભ છે ?

મુનિ કહી રહ્યા છે કે 'મને ઘરમાં ન તો પત્નીનું મડદું કે ન પત્ની જોવા મળી. આકુળ-વ્યાકુળ થઈને આજુબાજુ પૂછતાં માલુમ પડ્યું કે એને તો બાળવા લઈ ગયા છે. એટલે હું સીધો સ્મશાન ભૂમિ પર પહોંચ્યો. પણ ત્યાં જઈ જોઉં છું તો ચેહ ભડભડાટ સળગી રહી છે ! મનને તેથી ખેદનો પાર ન રહ્યો ! એમ થયું કે 'અરે ! રાજાએ ઠેઠ આટલે સુધી વાત પહોંચાડી ! મરેલી પત્નીના દર્શન પણ મને નહિ ? આ તે રાજાની કેવી જાણે ઉગ્ર વૈરબુદ્ધિ ! અગર કેટલી મૂર્ખતા ! એને મારી પત્નીના મૃત્યુથી મને થતા દુઃખમાં ઓછાશ લાગી, તે એના મડદાના દર્શનથી મને વંચિત રાખી અતિશય દુઃખની આગમાં મને ઝીંક્યો ?

**આપઘાત એ મૂઢતા છે :**

"હે ચન્દ્ર ! આ બધી હકીકતનો બહુ વિચાર કરજે દુઃખ તારું વધારે કે મારું ? છતાં મેં આપઘાત નથી કર્યો અને તું આપઘાત કરવા ઈચ્છે છે ? એ સમજ કે મેં આપઘાતનું સાહસ નહોતું કર્યું તો જ આજે આ ભવ્ય સ્થિતિમાં છું, દુઃખના માર્યા આપઘાત કરી નાખવો એ તો સારાસાર મૂઢતા છે ! આ ઊંચા જીવનમાંની મહામૂલ્યવતી તકોનો અને ભાવી સદ્ગતિનો સંહાર કરવાની મૂર્ખાઈ છે ! દુનિયાના



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

કદાચ એક ખૂણામાં દુઃખ લાગતું હોય તો બીજા ખૂણે ક્યાં જઈ શકતા નથી ? એક પ્રકારના જીવનમાં હોઈએ તો બીજા પ્રકારના જીવનને અપનાવી ક્યાં ન અપનાવી શકીએ ? આપઘાત શા માટે કરવો ?

**રાજા ક્રૂર હતો :-**

‘હે ભાગ્યવાન ! એ તો મને આજે સમજાય છે કે મને એ વખતે મોહનો કારમો ઉન્માદ હતો એટલે જ પત્નીના મડદાના દર્શન પાછળ પણ ઘેલો બનીને કેઈ ને કેઈ વિચારે ચઢ્યો હતો ! અને રાજાને મહા મૂર્ખ માનતો હતો કે એણે મને આટલું મડદાનું ય દર્શન કરવાની સ્થિતિ મારા માટે ન રાખી. એ તો હવે મને લાગે છે કે રાજાએ દૂરંદેશીપણાથી જ મડદું તરત જ બાળવા મોકલી દીધું હતું. તું ય ચમકશે કે એમાં તે વળી ક્રૂરતા કે દૂરંદેશીપણું ? પણ તું જો પછી શું બન્યું એ, એથી દૂરંદેશીતા બરાબર સમજાશે.

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૭,અંક-૪૮,તા.૨૯-૮-૧૯૫૯

## ૪૨ સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

**ચિતા શાંતઃ મંત્રીનું રુદન :-**

રાજાની મૂર્ખાઈનો બહુ વિચાર ન કરતાં તરત જ મેં પાણી મંગાવી ચિતા ઓલવાવી નાખી, અને શેષ રહેલાં હાડકાં ભેગાં કરી એની આગળ હું ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો ! આંખમાંથી પાણીની ધારા વહી રહી છે, અને મુખમાંથી પોકનો ગદ્ગદ કરુણ સ્વર ચાલી રહ્યો છે ! અહાહા ! કેટલા ઊંડા દુઃખના સાગરમાં હું પટકાયો ! મારા એ રુદનથી ત્યાં આવેલા લોકોનાં પણ હૈયાં આ મારાં દુઃખથી વધુ દ્રવિત થઈ ગયાં અને એ ય બધા રોવા લાગ્યા ! અરે ! વનનાં પંખેરાના પણ કરુણ આર્તનાદ ભર્યા કલ્પાંતે વાતાવરણ વધુ કરુણ કરી દીધું ! બીજાનાં ય દુઃખનું છાતીફાટ રુદન કોને નથી પીગળાવતું ?

**હાડકાનું પોટકું ઘેર : રાજા દુરંદેશી :-**

“લોકો બિચારા ગભરાઈ ગયા કે આ મંત્રીનું શું થશે ! એમણે મને ઘણું ઘણું આશ્વાસન આપ્યું, પણ શોકના મેરુ-ભાર એમ શે’ મીટે ? અંતે એ હાડકાંનું પોટકું હું ઘેર લઈ આવ્યો, અને રોજ એની હું દર્શન-પૂજા કરવા લાગ્યો. મહાનુ-ભાવ ! હવે વિચાર, કે જો મડદું જ મને દર્શન કરવા મળ્યું હોત તો હું એને બાળવા દેત ? એની પાછળ એવો પાગલ થાત કે ચોવીસે ય કલાક એની આગળથી



હું ખસત નહિ ! અને કદાચ કોઈ પરાણે એને બાળવા લઈ જાત તો હું જીવતો એની ચિતામાં કૂદી કેમ ન પડત ?’... આવો બધો દીર્ઘદષ્ટિનો વિચાર રાજાએ કેમ ન કર્યો હોય ? માટે જ હું તો હવે માનું છું કે રાજાએ દૂરંદેશીપણાથી જ મડદાનો તરત જ નિકાલ કરાવવાનું કર્યું હશે.

**સોળ વરસ પાગલ :-**

બસ, હું તો રોજ આ ધંધો જ લઈ બેઠો કે મરેલી પત્નીનાં હાડકાં પૂજવા, અને એની આગળ રોવું ! રાજા ઘણો ય મુંઝાય, હાડકાં છોડાવવા કોઈ પ્રયત્ન કરે, તેમ એને શંકા કે મારો ઉદ્વેગ વધતાં વધતાં કદાચ હું કાંઈ અવનવું કરી ન બેસું એટલા માટે છૂપા રખેવાળો ફરતા ગોઠવી રાખે, પણ હું ક્યાં હાડકાં મૂકું એમ હતો ? આમને આમ સોળ વરસ મેં પાગલ જેવી અવસ્થામાં કાઢ્યા !

**પૂજન અને રુદન કોનાં :-**

“હે ચન્દ્ર ! તું જો કે આ મારી પાગલતા કોણે કરાવી ? સંસારની ઉપાધિ અને આધિએ જ ને ? પાગલ કેવો ? ૧૬-૧૬ વરસ સુધી બાયડીનાં હાડકાં પૂજ્યા ! અને એને યાદ કરી કરીને રોયો ! એવાં પૂજન પરમાત્માનાં કર્યાં હોત અને રોજ ને રોજ એ નાથના વિયોગ પર અને પોતાના આત્માની અનેકાનેક દોષ-દુર્ગુણોમય દુર્દશા પર રોયો હોત, તો એમાંથી કેવો ય આત્માના ઉદ્ધારનો માર્ગ લાધ્યો હોત ! શું ગદ્ગદ દિલે પ્રભુનાં પૂજન કરી કેટલી ય આત્મશુદ્ધિ કરી ન હોત ? પણ આ સૂઝે ક્યારે ?

સંસારની આધિ ઉપાધિ આત્માનું લોહી ચૂસનારી અને એકાંતે દુઃખદાયી તરીકે ઓળખાય, એ અકારી લાગે, અને એને સંપૂર્ણપણે નહિ તો ક્રમસર પણ છોડતા આવવાનું બને ત્યારે ને ?

**પૈસાથી ધર્મ થાય ? :-**

હે મહાનુભાવ ! એમ સમજતો મા, કે-

**પ્ર.-** ઉપાધિની સગવડ પાસે હોય તો ધર્મ થાય છે ને ? લક્ષ્મીની ઉપાધિ સંઘરી હોય તો દાન થાય છે ને ?

**ઉ.-** ના, ધર્મ એ ઉપાધિના મહિમાએ નહિ, પણ ધર્મબુદ્ધિના પ્રભાવે થાય છે. દાન લક્ષ્મીના સંગ્રહથી નહિ, પણ એના ત્યાગથી થાય છે ! **જીવ ભ્રમણામાં પડીને એ જોવું ભૂલી જાય છે કે પૈસા હોય તો ધર્મ થાય એમ માનીને તો પોતે ધર્મ કરતાં ઉપાધિને જ વધુ મહત્ત્વ આપી રહ્યો છે ! અને માટે જ ઉપાધિની ખાતર વચન-કાયાથી કેઈ કુડાં કર્મ કરે છે ! અને સાથે હૃદયને કેઈ માયા-તૃષ્ણા, હુંપદ વગેરેથી ગંદુ કરી ભાવી દુર્દશાને નોંતરી રહ્યો છે !**

ભારોભાર ધર્મશ્રદ્ધા, તીક્ષ્ણ ધર્મબુદ્ધિ, અને ઉલ્લસિત ત્યાગભાવનાથી ધર્મ થવાનું માનતો હોત તો ઉપાધિને તો ઝેરસમી દેખત ! એને વધારીને ખુશી ન થાત, પણ ભયભીત થાત ! ઉપાધિ વધારવાના કોડ ન રાખત ! ઉપાધિમાં જ પૂરું થતું જીવન તો સરાસર નિષ્ફળ સમજત ! એથી માનવભવમાં એક આંટો થયાનું સમજત !''

મુનિનો ઉપદેશ વસ્તુના ઠેઠ મૂળ સુધી પહોંચી રહ્યો છે. આધિ-ઉપાધિને એનો નગ્ન સ્વરૂપમાં નિરખો તો ત્યાં પહોંચવું કઠિન નથી. એક મંત્રી જેવો મહાબુદ્ધિમાન માણસ, જુઓ કે, કેટલો ગરીબડો થઈ ગયો છે ! બીજાં ખાસ કર્તવ્યોને બદલે હાડકાં પૂજવા અને રોવાનું ઘેલું કામ કરી રહ્યો છે ! મોહની લાગણીઓ ક્યારે કંઈ કેમ ઘસડી જશે એનો વિચાર કરવો હોય તો જુઓ ભૂતકાળ અને વર્તમાનકાળના થોક દૃષ્ટાન્તો પડ્યા છે !

**મંત્રી ગંગા કાંઠે :-**

મુનિ પોતાના પૂર્વ જીવનની વિગત આગળ કહે છે, ''હે ચન્દ્ર ! પછી તો મને વિચાર આવ્યો કે આ બિચારી સરસ્વતી તો મરી પણ એની રાખ પણ ગંગાજીનો સંસ્કાર ન પામી ! તો હવે આ હાડકાંને ગંગાજીમાં પધરાવી આવું તો કંઈક પુણ્ય તો એ પામે ? ચન્દ્ર ! **કેવી આ મૂઢતા કે જીવ તો મર્યો કે તરત કોઈ યોનિમાં દાખલ થઈ ગયો અને પોતાનાં કર્મના વિપાક ભોગવવા લાગ્યો, છતાં હવે એની રાખના ગંગા-સંસ્કાર અને પિંડદાન એને પુણ્ય અને અન્ન પહોંચાડશે એમ માનવું ?** ખેર ! એ વખતે તો હું ય મૂઢ જ હતો, એટલે એક રાતના ગુપસુપ હાડકાંનું પોટકું ઉપાડી ત્યાંથી નીકળી ગયો, અને ચાલતો ચાલતો પહોંચ્યો ગંગાકાંઠે.

''ગંગાના કાંઠા ઉપર બેસી મેં પોટકું છોડ્યું. જો હવે એ હાડકાં ગંગામાં પધરાવી દઉં તો બલામાંથી છૂટું એમ હતું, પણ બલા મનાય તો ને ? જેણે મને સોળ સોળ વરસો રોવરાવ્યો હતો એ હજી પણ બલારૂપ લાગતું નહોતું ! તે ઊલટો હું પધરાવવાની હિંમત ન કરી શક્યો, ને એની સામે જોઈ હજી પણ ધ્રુસકે રોવા લાગ્યો ! પણ તે કેટલું રડાય ? પાછું મન વાળ્યું કે હું તો રોઈને આ રાખી મૂકું છું, પણ એને ગંગાજીના પવિત્ર સંસ્કારનું શું ? એટલે પાછો લઈને ઊભો થયો પધરાવવા ! વળી ત્યાં એનો પ્રેમ, એની લાયકી, એના ગુણો, ઈત્યાદિ બધું એવું મન સામે ઊભું થઈ ગયું કે પાછો હાડકાં લઈને નીચે બેસી ગયો, અને મંડ્યો રોવા ! વળી પાછો મન વાળી ઊભો થયો, પાછો ફેર પૂર્વનું વધારે યાદ આવી જતાં નીચે બેસી ગયો, અને મંડ્યો રોવા ! વળી પાછો મન વાળી ઊભો થયો, પાછો ફેર પૂર્વનું વધારે યાદ આવી જતાં નીચે બેસી હું કરુણ કલ્પાંતમાં ચઢ્યો !



''હે ચંદ્ર જોજે સંસારની ઉપાધિના ખેલ ! ઉપાધિ વહોરવા માટે પણ જીવના કેટલા ધમધમતા ઓરતા ! સાથે કેમ મળે, કેમ મળે, એનાં લોહી શેકણાં ઉપાધિ વસાવ્યા પછી ય એમાં સંસારના સ્વભાવ મુજબ ઓછું વધતું તો થવાનું, એટલે કેટ-કેટલી ય લોહી-પીતી ચિંતા, હાયવોય અને સંતાપ ! ત્યારે ઉપાધિ ટળ્યા પછી તો તું આ મારી સ્થિતિ જુએ છે ને ? છતાં તું આપઘાત કરવા તૈયાર થયો છે ? મારા હાલહવાલ તારા ખ્યાલમાં આવે છે ને કે કેવા થઈ રહ્યા છે ? હાડકાં પધરાવી દેવા આવેલો છતાં વારંવાર 'પધરાવું ? ના, કેમ પધરાવાય ? ના, ના પણ એનાં સંસ્કારનું શું ? તો પધરાવી દઉં ત્યારે. ના, ના...છેવટે આટલા હાડકાંનો ય વિયોગ ખમાય ?' એમ કરી કરી કરુણ રુદન કરી રહ્યો છું ! મહાપુણ્યના આ શરીરને લોહી બાળી બાળી રાખ કરી રહ્યો છું !

**માનવદેહ, ધ્યાન રાખજે, પુણ્યનો છે. પુણ્યનો એટલે ? પુણ્યથી મળેલો અને મહાપુણ્યના થોક ઊભા કરવા માટે બહુલાયક ! માત્ર એક વખતનાં જ પુણ્ય નહિ, પણ પુણ્યની પરંપરા સર્જી લેવા માટે અનુપમ દેહ !** એને હું મૂર્ખ-શિરોમણિ એ વખતે પત્ની રૂપી ઉપાધિ મરી ખૂટ્યા બાદ પણ સોળ સોળ વરસના અને એ પછીનાં પણ કાળાં રુદનથી વિણસાડી રહ્યો હતો ! ઉપાધિ ટળ્યા પછી પણ અનંત પુણ્યે મળેલ માનવદેહથી પરમાત્મ-ભક્તિ અને પરમાત્માની આજ્ઞાનું પાલન કરી થોક પુણ્ય ઊભું કરવાનું તો દૂર રહ્યું, ઊલટું એને પાપી શોકમાં બાળી શેકી રહ્યો હતો ! ઉપાધિના આગમન, ટકાવ અને નાશ, એ ત્રણેય સ્થિતિમાં આત્માની મહાકંગાલ અને કરુણાપાત્ર દુર્દશા સમજાય છે ને ?

મુનિ ચન્દ્રને સમજાવે છે, એ તમારી સમજમાં પણ ઉતરે છે ને ? એ મંજુર કરો છો ? 'હા સાહેબ ! સમજાય તો છે પણ શું થાય, ઉપાધિ લઈ બેઠા એટલે ?'- એમ તમે કદાચ કહેવાના, પણ શું આવું એકલું કથન નિષ્ઠુર દિલનું નથી ? નહિતર તો કોમળ ભાવુક દિલનું શ્રવણ-કથન હોય ને, તો તો ઉપાધિના ત્રણેય કાળના તાપ-સંતાપ તો ખરાં જ, ઉપરાંત એનાથી ઊભા થતાં ઢગલાબંધ પાપ કર્મોનાં ભયંકર કટુ વિપાક નજર સામે તરવરે ! અને એથી ભડકી ઉઠો ! એમ થઈ જાય કે હાય ! આ બલા ઝટ મૂકીને ભાગું ! જો નથી મૂકાતી તો મારી એ કેવી ધિઢ્ઢાઈ ! કેવી હજીય બેભાન અવસ્થા ! ઉપાધિ મૂકવાના ભવમાં આ ? ખેર ! ઉપાધિ બહુ વધારવાના કોડ ન કરું, ઉપાધિની ખાતર કાળા કષાય, જૂઠ-દંભ, ઈર્ષ્યા-અસહિષ્ણુતા, રોફ, જહાંગીરી વગેરે દુર્ગુણો તો ન સેવું ! ઉપાધિના ગુણગાન તો ન કરું,' આટલું તો થાય ને ?



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**આજનો માનવ કેમ બહેકી ગયો છે ?** કેમ અનીતિ-અસત્યને અને રગડાઝઘડાને કઠોર દિલે આચરી રહ્યો છે ? જેની પાછળ એ બધું છે એવી ઉપાધિને પાપ નથી સમજતો, બલારૂપ નથી દેખતો, માનવતામાંથી પશુતામાં ભ્રષ્ટ કરનાર પ્રલોભન તરીકે નથી લેખતો, ને એના આવવા પહેલાં, પછી, અને ગયા બાદ પણ લોહી ચૂસનારી ડાકણ તરીકે નથી દેખતો, માટેજ એની ખાતર ગમે તેવાં હિંસા-આરંભ સમારંભાદિ પાપો અને દુષ્ટતા આદરવામાં આંચકો નથી અનુભવતો ! મુનિની મંત્રીપણાની ઉપાધિ પાછળની દુર્દશા હજી વધારે આવવાની છે જુઓ.

**રાજકુમારીનો યોગ :-**

મુનિ કહી રહ્યા છે, "હે ચન્દ્ર ! એ મારું વારંવાર પત્નીનાં હાડકાં ઊંચકવા-મૂકવાનું જોઈ અને રોવાનું જોઈ ત્યાં ફરવા આવેલી એક રાજકુમારીનું હૃદય ભરાઈ આવ્યું ! બિચારી મારી પાસે આવીને દિલના દર્દ સાથે પૂછે છે, 'ભાઈ કેમ રડો છો ?'

'બેન શું કરું ?' મેં કહ્યું, 'આ છોડાતું નથી ને સહેવાતું નથી, રડું નહિ તો બીજું કરું ય શું ?'

'પણ એવું તે એટલું બધું શું દુ:ખ છે તમને ?'

'મને દુ:ખ પૂછે છે ? લે સાંભળ,' એમ કહીને એ કુમારી સારું માણસ લાગવાથી મારું દુ:ખ એને હું કહેવા લાગ્યો !'

**રાજકુમારી બેભાન : બાપ ગુસ્સે :-**

મુનિ શ્રેષ્ઠિપુત્ર ચન્દ્રને કહી રહ્યા છે, "મેં ઠેઠ સરસ્વતીને વચન આપ્યાથી માંડી મારી બધી હકિકત રાજકુમારીને કહી તે એ સાંભળીને હું જોઉં છું તો તરત બેભાન જ થઈ ગઈ ! એના નોકરો તરત એના પિતા રાજાને બોલાવી લાવ્યા. એણે એક બાજુ કુંવરીને સ્વસ્થ કરવાના ઉપાય કરાવવા માંડ્યા, અને બીજી બાજુ મારા પર એ ગુસ્સે થઈ ગયો કે મેં કુંવરી પર શો પ્રયોગ કર્યો.

'હે મહાનુભાવ ! જોજે આ સંસારની વિટંબણા ! એક તો હું મારા નિસ્સીમ દુ:ખને રડી રહ્યો હતો, ત્યાં આ પડતા પર પાટુ આવ્યું ! **કુમારી આગળ દિલ ઠાલવવાની ઉપાધિમાં પડ્યો તો આ નવી ઉપાધિ ઊભી થઈ ! પણ ત્યાંય આપણને ખબર નથી હોતી કે એમાંથી ય વળી કેવા ફણગાં ફુટશે !** માટે જ **ઉપાધિ એ વિટંબણા રૂપી વૃક્ષનું બીજ છે.**

**મંત્રીને મરેલી પત્ની મળે છે :-**

રાજાને હું કાંઈ ખુલાસો કરું તે પહેલાં રાજકુમારી જાગ્રત થઈ ગઈ, રાજાને



કહે છે 'પિતાજી ! કોના પર ગુસ્સો કરો છો ? મારે તો એમની સાથે લગ્ન કરવાના છે.'

રાજા કહે છે 'આ તું શું બોલે છે ? ગાંડી થઈ ગઈ શું ? કે આ માણસે તારા પર કામણ-ટુમણ કર્યું ? તારા માટે તો કોઈ મહાન રાજવી રાજકુમાર પસંદ કરીશું.'

કુમારી કહે છે, 'ના બાપુજી મને ગાંડપણે ય નથી થયું, ને આમણે કોઈ કામણટુમણ પણ નથી કર્યું. મારે આ જીવનમાં આમના સિવાય બીજાને નહિ વરવાની પ્રતિજ્ઞા છે. પતિ કરીશ તો આમને જ !'

રાજા કહે છે, 'અરે ઘેલી ! આ શી ઉતાવળ કરે છે ? આવી વિચાર વિનાની વાત કરાય ?'

કુમારી ઉત્તર કરે છે, 'તાત મારા ! સાંભળો. આ મારા પૂર્વભવના પતિ છે. ત્યાં પણ હું એમની પત્ની સરસ્વતી હતી, અને અહીં પણ ભાગ્યયોગે નામ સરસ્વતી મળ્યું છે. જુઓ એ અહીં આ મારા પૂર્વ શરીરના હાડકાં લઈને આવ્યા છે. તેના પર ૧૬-૧૬ વરસ એ રોયા છે. અહીં એમણે મને બધી વિગત કહી તેથી મને ઉહાપોહ થયો અને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું; તેથી હું મૂર્છિત થઈ ગઈ. અમારો પરસ્પરનો ગાઢ પ્રેમ અને મારી પાછળ એમનું આ ૧૬-૧૬ વરસનું દુ:ખ મને કેમ વિહ્વલ ન કરે ?'

"હે ચંદ્ર ! જુએ છે ને રાગની આધિનાં તોફાન ? **પોલાદી બેડીનાં બંધનને ટપી જાય એવા આ રાગનાં બંધન છે.** બકરીને કસાઈ લઈ જતો હોય છતાં સ્નેહની દોરીથી બંધાયેલું એનું બચ્ચું પાછળ પાછળ ચાલ્યું આવે છે ! મોતના મુખમાં જ પ્રવેશ ને ? કુમારીની વાત સાંભળી હું તો ચકિત થઈ ગયો, દુ:ખ ભૂલી ગયો અને પાછો સ્નેહના આનંદમાં ઝળબોળ નહાવા લાગ્યો. પણ હમણાં મારે બોલવા જેવું નહોતું તેથી મૌન રહ્યો. કુમારી બિચારી હરખઘેલી થઈને રાજાને કહે છે ! ત્યારે રાજા વધારે શંકામાં પડ્યો કે આ કુમારી પર ભારે વશીકરણનો મંત્ર પ્રયોગ થયો લાગે છે ! પરંતુ કરે શું ? કુમારીને પ્રતિજ્ઞા છે.

એણે માર્ગ કાઢ્યો. પુત્રીને ખાનગીમાં મારાં ને એનાં પૂર્વ જીવનની બીજી બીજી વિગતો શી છે એ પૂછે છે. કુમારી ઘણી ઘણી વિગતો કહે છે. પછી રાજા મારી પાસે આવીને એ વિગતોની સત્યતા પરખવા મને પ્રશ્નો પૂછે છે. એમાં મારા રાજાનું નામ, કુટુંબિયોનાં નામ, ઘરનો આકાર-સ્થાન, ઘરની માલમિલકત, ખાન-પાન-પહેરવેશ વગેરેની ખાસિયતો કોઈ કોઈ બનેલા બનાવો વગેરે વગેરે કેટલુંય મને પૂછ્યું. મારે અસત્ય બોલવાને કોઈ કારણ નહોતું, આમેય રાજાનો



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

મારા માટેનો ખોટો ખ્યાલ તો દૂર કરાવવો જ હતો, તેમ એજ પત્ની ફરી પાછી નવા દેહે મળે છે એનો આનંદ તો તું સમજે છે ને કે કેટલો હોય, એટલે મેં એ પ્રશ્નોના ઉત્તર આપ્યા. એટલે હવે રાજાને શું બોલવાનું રહે ? વિશ્વાસ પડી ગયો, એટલું જ નહિ પણ હું એક સામાન્ય માણસ નથી પણ બાહોશ રાજમંત્રી છું એથી એને ભારે આકર્ષણ પણ થયું અને એ ભાવ એની મુખમુદ્રા, આંખો અને શબ્દોમાં હું જોઈ શક્યો.''

જુઓ આ સંસારમાં કેવી કેવી વિચિત્ર ઘટનાઓ બને છે. ક્યાં મંત્રીનો દેશ અને ક્યાં સરસ્વતીનું બીજા જન્મમાં અવતરવું ! તે પણ આ રીતે બંનેનો ભેટો થાય એવું બનાવનાર નિમિત્તોનું કેવું સહજ ભાવે બની આવવું ! આને કોણ ગોઠવવા જાય છે ? કર્મ, કાળ અને ભવિતવ્યતાની વિચિત્રતા જ આવું અચિંત્ય અને દુર્ઘટ પણ સર્જી દે છે. જીવનું તેવું પુણ્યકર્મ કામ કરતું હોય તો જ કુંવરીને આવો જન્મ અને મંત્રીને આવો લાભ થાય. તેમ, તેવા પ્રકારની ભવિતવ્યતા જ આ રીતના વિચિત્ર સંયોગમાં બેનો ભેટો કરાવી દે. ત્યારે બરાબર રાજપુત્રીના નદી પર ફરવાના કાળે જ મંત્રીનું ત્યાં હાજર થવાનું હોય તો જ એ કાળ બળે આ ઘટના સર્જાય. જગતની વસ્તુના સંયોગ બની આવવામાં માણસ કાળ-કર્માદિની શ્રદ્ધા નહિ પણ પુરુષાર્થના ગુમાન રાખે એમાં શું વળે ? 'બસ, મેં આ રીતે અહીં આવવાનો પુરુષાર્થ કર્યો તો હું આ પામ્યો,'- એમ માનવું અજ્ઞાનતાભર્યું નથી ? અજ્ઞાનતા એટલા માટે કે તેં ક્યાં આમ બનાવવાનું ધારીને પુરુષાર્થ કર્યો હતો ? માટે પુરુષાર્થનાં ગુમાન ખોટા છે. હા, આત્માના દયા, સત્ય, મૈત્રીભાવ, પ્રામાણિકતા, ક્ષમા-સમતા, નમ્રતા-નિખાલસતા, વૈરાગ્ય-નિસ્સંગતા, સુદેવગુરુ-બહુમાન અને તત્ત્વરુચિ, ત્યાગ તથા તપસ્યા વગેરે ગુણોના ઉદ્દેશથી પુરુષાર્થ તો આના જ કરું,' એમ થાય. મંત્રીનો ગમે તેટલો પુરુષાર્થ હોય છતાં એ કુમારીને પૂર્વ જન્મનું સ્મરણ શું કરાવી શકે ? તો તે વિના જે બને છે તે ક્યાંથી બની શકે ?

**મંત્રી પતિ ને રાજા થાય છે પણ શરતે :-**

મુનિ આગળ કહે છે, ''હે ચન્દ્ર ! પછી તો રાજા ખૂશ થઈ કહે છે મને, 'હું તમને આ કુમારી પરણાવું, પણ એક શરતે.' ત્યારે વળી હું મુંઝાયો કે આ પણ પેલા રાજાની જેમ શું એ કબૂલાત તો નહિ માગે કે નથી ને કદાચ કાંઈ બને તો તમારે આપઘાત નહિ કરવાનો ? **વહેમીલું કે અતિ દાઝેલું મન જીવને શંકામાં ને શંકામાં જ અથડાવે છે. શંકિત મન એ સંયોગો રુડા મળ્યા હોય છતાં અજંપો, અસ્વસ્થતા અને કેટલીકવાર અજુગતું કરી બેસવાનું સાહસ કરાવે છે !** શા માટે



વહેમીલા બન્યા રહેવું ? કે શા માટે કોઈ અનિષ્ટ બની ગયું તેથી મનને ભારે શોકમગ્ન કરી દેવું ? હે ચંદ્ર ! રાજાને મેં પૂછ્યું, 'શી શરત ?' રાજા મને કહે છે કે 'એ જ, કે મારે આ એક પુત્રી જ છે, પુત્ર નથી, તો તમારે પરણીને મારે ત્યાં જ રહેવાનું, અને મારી પછી મારું રાજ્ય સંભાળવાનું.' મેં હા પાડી, કેમ ? આવો રાજવી બનવાનો મહા લાભ મળે છે માટે નહિ, પણ પ્રાણપ્રિયા મળે છે માટે. કામદેવની કેટલી કારમી શૃંખલાઓ જીવને જકડી લે છે કે કામના પાત્રની આગળ કશું વિસાતમાં ન ગણે, અને કામની સિદ્ધિ ખાતર બધું કરી છૂટે. આ શૃંખલાઓનાં બંધન ઓછા કર્યા વિના કામ પાત્રનાં આકર્ષણ ક્યાંથી મોળા પડે ? ને તે વિના પરમાત્મા અને સંતના આકર્ષણ ક્યાંથી જન્મે કે વધે ?

હે ચન્દ્ર ! પછી તો ધામધુમથી રાજા મને એની રાજધાનીમાં લઈ ગયો અને અમારાં લગ્ન કરાવ્યાં ! વિચારજો હસ્તમેલાપ વખતના મારા આનંદનું ગાંડપણ ! અહાહા ! જીવને પરમાત્માનો મેલાપ થતાં કે સદ્ગુરુનો યોગ થતાં આવો આનંદાનુભવ ખરો ? થાય તો ન્યાલ જ થઈ જાય ને ? પછી તો ત્યાં રહીને આનંદમગ્ન થઈ ગયો અને આગળ જઈને રાજા પણ બની ગયો.''

કહો, પહેલાં કહ્યું તેમ બહાર માટેના પુરુષાર્થનાં ગુમાન કામ લાગે એવા છે ? મંત્રીએ આવી કોઈ ધારણાથી પુરુષાર્થ કર્યો હતો ? તો શું ૧૬-૧૬ વર્ષ રોવા અને હાડકાં પૂજવાનો ને પછી નદીમાં પધરાવવા આવવાનો પુરુષાર્થ એ મરેલી પત્ની પાછી મેળવવા તરીકેનો અને રાજા બનવા તરીકેનો પુરુષાર્થ ગણાય ? જો હા કહેશો તો તો પછી એ માટે એમજ કરવા માંડવું પડશે ! ઠોકર લાગતાં ક્યાંક ઈંટોડું ઉખડી નીચે દટાયેલ પૈસા નીકળ્યા, તો શું પૈસા કાઢવા માટેનો પુરુષાર્થ એટલે ઠોકર મારતાં ચાલવું એમ કહેવાય ? ના, એ એનો પુરૂષાર્થ જ નથી. એવું અહીં મંત્રીને બને છે. ત્યારે તમે કહેશો કે છતાં અહીં મંત્રીએ જે કર્યું તે તો સારામાં ઉતર્યું ને ? એકદમ હા કહેવાની ઉતાવળ કરતાં નહિ. કેમકે હવે જુઓ શું બને સારું-નરસું છે તે. **ભાવીની ખબર નથી એટલે તત્કાલ લાભ ઉપર ઓવારી જવાય છે.**

**મંત્રી આપઘાત કરવા :-**

મુનિ કહે છે ''હે ચંદ્ર ! પછી તો એકવાર મારી પત્ની એવી બિમાર પડી કે કોઈ ઉપાય જ કારગત થાય નહિ ! મારી ધીરજ ખૂટી. મને એમ થયું કે નથી ને જો આનું મૃત્યુ થશે તો પછી તો મારે જીવવું મુશ્કેલ થશે, હવે કરવું શું ? દિવસે દિવસે આને બગડતું દેખાય છે. મહાનુભાવ ! આવા અવસરે જીવન જીવવામાં કેન્દ્ર સ્થાને પડેલો પત્નીનો રાગ બીજો કોઈ વિચાર નહિ આવવા દે !



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

એ શું, કે લક્ષ્મી વગેરેનો રાગ શું, એ માણસને ઉચ્ચ માનવ ભવની વિશેષતા, કિંમત અને કર્તવ્ય સૂઝવા દેતો નથી. હું તો ચઢ્યો ઊંચા મહેલની અગાશી ઉપર ! શું કરવા ? બસ, પત્ની મરે એ પહેલાં નીચે ભૂસકો મારી આત્મહત્યા કરવા !

**મુનિનું આગમન :-**

હે ચન્દ્ર ! વિપુલ રાજ્ય, ખજાનો, પરિવાર, હોશિયારી એ બધું મને અત્યારે બચાવે એમ નહોતું, કેમકે હવે હું પડું એટલી જ વાર હતી. હા, પાસે ધર્મ હોત તો એ હિંમત આપત કે 'છે શું ? પત્ની જશે તો પછી જીવન પ્રભુના માર્ગે લઈ જવાશે.' ત્યારે આજે મને સમજાય છે કે ધર્મ એ કેવો તારણહાર છે ! બન્યું એવું કે હું જ્યાં પડવાની તૈયારીમાં છું ત્યાં ઓચિંતા એક આકાશગામી મુનિ આકાશમાંથી જતાં જતાં ત્યાં અગાશી ઉપર ઉતરી આવ્યા ! હું તો ચમક્યો ! મારે તો મરવું જ હતું એટલે મને તો એમ થયું કે 'પહેલાં રાજા નડ્યો'તો, એમાં પાછું વળી આ વિઘ્ન ક્યાં આવ્યું ?'

મુનિ મને કહે છે, 'મહાનુભાવ ! આ શું કરી રહ્યો છે ? અકાળે આવા સુવર્ણભવનો નાશ ?'

મેં કહ્યું 'પણ શું કરું ન મરું તો ?' એમ કહીને મારા દુઃખની રામાયણ મેં એમને કહી સંભળાવી. દુખિયારાને બીજું શું સુઝે ?

ત્યારે એ કહે છે, 'ભાગ્યવાન ! પરંતુ આમે ય તારા મર્યા પછી પણ તારી પત્ની તને મળવાની ક્યાં ખબર છે ? વિયોગ તો રહેવાનો !'

મેં કહ્યું, 'પણ મારે જે અહીં જીવતે એના વિયોગ યાદ કરી કરીને રોવાનું તે પછી તો નહિ ?'

મુનિ કહે છે 'અરે ઘેલા ! જો પત્નીની યાદ ભૂલવી હોય તો તો વૈરાગ્યના માર્ગે ચઢી જા. **જરા દૃષ્ટિ ફેરવીને જો કે જીવનમાં આ બધું તોફાન સંસારની ઉપાધિ કરાવે છે. ઉપાધિમાંથી મનોદુઃખ, ચિંતા, શોક, કુમતિ વગેરે કેટલીય આધિઓ જન્મી જીવને હેરાન પરેશાન કરી નાખે છે. ત્યારે ઉપાધિઓથી મુક્ત થવામાં કેટલો ગજબ આનંદ અને સ્વસ્થતા સાથે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના કરીને, એ તો જો કે, ભીષણ ભવભ્રમણના અનંત દુઃખ પાર કરી જવાય છે ! માનવ જીવનમાં જ આ શક્ય છે, ને માનવ જીવન આ માટે જ છે. પાછું આવો ભવ ફરી ફરી મળવો સહેલો નથી. તો એને ઊંચા આત્મ-પરાક્રમને બદલે આ ઉપાધિ પાછળની કાયર, કંગાળ અને ખતરનાક કાર્યવાહીમાં કાં વિણસાડી નાખે ?...**



**મંત્રી અને સરસ્વતીનો સંસાર ત્યાગ :-**

મુનિની વેધક વાણીએ મારો મોહ ભેદી નાખ્યો. 'હે ચન્દ્ર ! મેં એમના એકેક શબ્દ પર ગંભીર અને વિસ્તૃત વિચાર કર્યો; નક્કી કર્યું કે ઉપાધિમય સંસાર ત્યજી હવેના જીવનનો પંથ સમ્યગ્દર્શનાદિની ઉપાસના કરવાનો જ મને ખપે. મુનિ પાસેથી મેં એની સમજ લીધી, ને એથી તો હું ખૂબ ઉલ્લાસમાં આવી ગયો. વળી પત્ની પણ કાંક તત્ત્વ પામે એ માટે હું મુનિને પ્રાર્થના કરીને નીચે લઈ ગયો; અને આવા પવિત્ર મહાત્માના દર્શનનો ચમત્કાર એ થયો કે પત્ની તરત ઊભી થઈ ગઈ ! રોગ-બોગ પલાયન ! એ મુનિના ચરણે પડી. મુનિએ એને પણ પ્રતિબોધ કર્યો. એટલે અમે બંનેએ રાજ્ય બીજાને ભળાવી દઈ આ અસાર સંસારનો ત્યાગ કરી ચારિત્ર લીધું. ખત્તા ખાધા પછી સંસારની આધિ-ઉપાધિમાંથી છૂટ્યા, એજ હું આજે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની સાધના કરતો મુનિપણે તારી આગળ ઊભો છું. હવે કહે દુઃખ તારું મોટું કે મારું ? ધ્યાન રાખજે, સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ જ જીવને દુઃખી દુઃખી કરે છે. એને મિટાવવા ભગવાન શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપનો માર્ગ એજ સચોટ એક જ ઉપાય છે. એથી જન્મ-મરણ ભવભ્રમણ વગેરે અપરંપાર દુઃખમય સંસારનો અંત થઈ જીવ મોક્ષ પામે છે, અને શાશ્વત કાળ માટે અનંત સુખનો ભોક્તા બને છે."

**ચંદ્ર આત્મકલ્યાણના માર્ગે :-**

ચંદ્રને આ બધું સાંભળીને મન પલટાઈ ગયું ! મનમાં હિંમત આવી ગઈ ! પ્રકાશ થયો ! સંસાર ત્યાગ કરવાની હજી શક્તિ ન લાગવાથી સમ્યક્ત્વ સહિત અહિંસાદિના અણુવ્રતોવાળો શ્રાવકધર્મ એણે સ્વીકાર્યો. પછી પરદેશ જઈ ભાગ્ય ખુલવાથી ધન કમાયો. પણ હવે ઘેર પાછો જાય છે તે આપકમાઈ કરનાર અહંકારી તરીકે નહિ, પણ એક ધર્માત્મા પુરુષ તરીકે ! પોતાની હકિકત કહી એણે કેટલાયને ધર્મનિષ્ઠ કર્યા ! આગળ જઈને એણે પણ ચારિત્ર લઈ આત્મકલ્યાણ સાધ્યું.

સમ્યગ્દર્શનથી સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિમય ત્રિવિધ તાપ કેમ મીટે એ વિચાર્યું. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી પણ એ કેવી રીતે દૂર થાય છે એ વિસ્તારથી વિચારવા જેવું છે.


E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

૪૧

# ચંબૂજી ચપ્પણીયાવાળા

(નાસિકમાં વિદ્યાર્થીઓના મે વકેશનના તત્ત્વજ્ઞાનસૂત્ર વખતે પૂ. મહારાજશ્રીએ કથા વિભાગમાં એમને સમજાવેલા દૃષ્ટાન્તોમાંથી એક **'જીવરામ પટેલ'** નું દૃષ્ટાન્ત પૂર્વે અમે પ્રસિદ્ધ કરી ગયા હતા. હવે આ બીજું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ કરીએ છીએ.)

**-પ્રકાશક**

**વિનયમાં જાદુ છે. વિનય વિના ગુરુ પાસેથી માલ પામવાની વાત વાહીયાત છે. દુન્યવી સુખ-સગવડ કે માન-પાનના લોભમાં પડી નિર્બળ બની જવાય છે.**

**જગત અને આ કથા :-** જુઓ, આજે તમને એ સમજાવવું છે કે જગતની ઘટમાળ જીવ પર કેવી ચાલી રહી છે; કેમ ચાલી રહી છે; આજ આપણે ક્યાં ઊભા છીએ; અને હવે શું કર્તવ્ય છે. આ સમજાવવા માટે એક સુંદર કલ્પિત દૃષ્ટાન્ત રૂપે એક સારી વાર્તા તમને કહેવાની છે. એ વાર્તા છે **ચંબૂજી ચપ્પણીયાવાળાની.** એને આપણા જીવ સાથે ઘટાવવાની છે. એમાં એટલું ધ્યાન રાખજો કે આ તો દૃષ્ટાન્ત છે; તેથી બધી રીતે એની સરખામણી આત્મામાં નહિ મળે; પણ ઘણે ઘણે અંશે સરખામણી મળશે. દા.ત. દૃષ્ટાન્તમાં પહેલું જ આવશે કે ચંબૂજી પૂર્વે એક અનામી નિરંજન મહંત હતો; પણ પાછળથી લુચ્ચાઓએ એને ચંબૂજી ચપ્પણીયાવાળો બતાવ્યો. ત્યારે આત્મામાં કાંઈ એવી વસ્તુ નથી કે 'પહેલાં પોતે શુદ્ધ હતો, અશરીરી હતો અને પાછળથી એ અશુદ્ધ અને દેહધારી બન્યો.' આવું આત્મામાં નથી, એટલા અંશે સરખામણી નહિ; પણ જુદાપણું, પરંતુ લુચ્ચાઓની સંગત, ચંબૂજી તરીકેની રીતરસમ-પ્રવૃત્તિ અને દુર્દશા વગેરેની સરખામણી જીવમાં આબાદ ઘટી શકશે.

**વિચિત્ર લોકપુર : સુખી મહંતો :-** એક **લોકપુર** નામે નગર હતું. ત્યાં અનેક એવી **શેરીઓ** હતી, કે જેમાં વિચિત્ર વિચિત્ર ઘટનાઓ સદા બન્યા જ કરતી. પાછી કોઈ શેરીમાં અમુક જાતની, તો વળી બીજી શેરીમાં એથી જુદી જાતની ઘટના બનતી. પણ ખરી રીતે જોતાં, એમાં જે અગણિત લોક રહેતું, તે દુઃખી



હતું. ત્યારે બીજી બાજું એ નગરના ઉપરના સીમાડા પર થોડા પણ એવાય લોક હતા કે જે મહાન સુખી હતા. એ **અનામી નિરંજનનાથ મહંતો** કહેવાતા. એમની દરેક પાસે આઠ-આઠ મહાનિધાનો, ખજાનાઓ હતા. એ એવા અખૂટ ભંડાર કે એમાં કેટલું છે તે માપી જ શકાય નહિ ! વળી એમાં એક સરખી નહિ આઠ જાતની સમૃદ્ધિ હતી; જેના ભોગવટામાં આ મહંતો સદા એવા લયલીન રહેતા કે કોઈ બીજી ઝંખના તૃષ્ણાનું ત્યાં નામ-નિશાન નહિ. એટલે બધો અનંત આનંદ ત્યાં હતો કે બીજી કાંઈ જ ચિંતા ફિકર કે એવું કશું થાય નહિ.

**લુચ્ચાઓનું આગમન :-** એકવાર બન્યું એવું કે આમની ખ્યાતિ અને સમૃદ્ધિ સાંભળી કેટલાક લુચ્ચાઓને ઈર્ષ્યા આવી; ગુમાન આવ્યું, મનને એમ થયું કે 'આપણે આમાંના કોકને ખોખરો અને દરિદ્ર ચીંથરેહાલ કરીએ.' એમ વિચારી એ આવ્યા એક મહંતના મઠમાં. પહેલાં તો મહંતનો દમામ અને રૂવાબ જોઈ ખચકાયા ! પણ પાછા ખંધા ખરાને ! તે હિંમત રાખી અંદર આગળ વધ્યા. ત્યાં મહંત ગાજી ઉઠે છે,

"કોણ છે એ ?"

"એ એ એ... એ તો અમે સેવકો છીએ"

"કોની રજાથી અહીં પેઠા ?" મહંત જડતી લે છે.

**સફાઈભરી વાણી :-** પણ પેલા ક્યાં કાચા છે ? કહે છે "એ તો સેવકો આપના દર્શનાર્થે આવ્યા છે. આ તો અમે બહાર આપશ્રીની મહાન ખ્યાતિ સાંભળી, તેથી અમને ઉમળકો થયો કે, 'અહો ! ભલે કદાચ આપણે એવા અનામી નિરંજન ન બની શક્યા, પણ **કમમાં કમ અનામી નિરંજનનાથના દર્શન પણ ન કર્યાં તો જીવ આખુંય ગર્ભાવાસમાં જ ગુમાવ્યું ગણાય.** તેથી આપશ્રીના દર્શનથી પવિત્ર થવા આવ્યા છીએ."

મહંત કહે છે "બહુ ચાલાક લાગો છો. જવાના ક્યારે ?"

"ચાલાક તો શાના ભાઈસાહેબ ? અમે તો ભોઠ ગમાર છીએ. પણ આપશ્રીની મહેરબાની તે વળી આટલું સારું સૂઝ્યું અને આપશ્રીના દર્શન પામ્યા ! અહો, કેવી આપની કાંતિ ! કેવી રમણીય અને પવિત્ર મુદ્રા ! ત્યારે આપના એકેક બોલમાંથી તો જાણે અમી વરસી રહી છે ! અમને તો આપશ્રીમાં અગણ્ય ગુણો દેખાય છે. અહીંથી ખસવાનું મન થતું નથી. જો કૃપા હોય આપની, તો અમે જો કે જાણીએ છીએ, કે વર્ષોના વર્ષો આપશ્રીના રહેમનજર હોય તો બે-ચાર દિવસ અહીં રહી આપશ્રીના દર્શન કરી પવિત્ર થઈએ. આપશ્રીને જરાય ડખલ નહિ કરીએ."



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**દર્શનમાંથી આગળ વશીકરણ :-** આમની સફાઈભરી વાણી ઉપર મહંત મૌન રહ્યો. પેલા ત્યાં રહ્યાં. પણ એમ સરખા (સુલક્ષણા) થોડા જ બેસી રહે એમ હતા ? એ તો વધ્યા આગળ ! દિવસમાં કેટલીય વાર મહંત બાવાને ઝૂકી ઝૂકીને પ્રણામ કરતા થયા, મહંતની ખૂબ ખૂબ પ્રશંસા કરતા થયા; તેમજ બાવાજીની પગચંપી વગેરે શરીર-સેવા કરવા મંડ્યા. મહંત બાવા નરમ પડ્યા. બે-ચારને બદલે બાવીસ દહાડા નીકળી ગયા. એમાં એવી સીફતથી વિનયનું વશીકરણ કર્યું કે બાવાની હવે રોકટોક તો ન રહી પણ ઊલટું મીઠી નજર થઈ. વિનયમાં જાદુ છે. વિનય વિના ગુરુ પાસેથી માલ પામવાની વાત વાહીયાત છે. બુદ્ધિ બળે ગ્રંથની વિદ્વત્તા આવે એ જુદું, પણ ગુરુના વિનયથી એ પદાર્થો હૃદયમાં પરિણામ અને વિસ્તાર પામે છે. એજ સાચું જ્ઞાન છે. માટે હંમેશાં વડિલો, શિક્ષકો, ગુરુઓનો વિનય ન ચૂકશો.

**દંભ લીલા :-** ચાર ધૂતારાઓએ પોતાની જાળ પાથરી દીધી. ધીમે ધીમે મહંતજીની બધી સેવા ઉઠાવવા લાગ્યા. કોઈપણ પ્રયોજન ઊભું થાય એ વખતે તરત હાથ જોડી સામે ઊભા રહેવું; કોઈપણ કામ કરવા તૈયાર થાય ત્યાં ઝટ સહાય કરવી; બની શકે તો બાવાજીને એમજ બેસાડી રાખી બધું કાર્ય પોતે જ કરી લેવું,-વગેરે વગેરે સેવાઓ ઉઠાવવા માંડી. એમ કરતાં કરતાં બાવાજીને લોકના સંપર્કમાં લઈ જવા લાગ્યા. પછી તો આ લુચ્ચાઓને ફાવટ સારી આવી. કેમકે લોકની સામે કંઈને કંઈ અથડામણી બાવાજીને થાય; ત્યારે આ લોક બાવાજીનો પક્ષ લઈ મોટી ધાંધલ કરી નાખે. મૂરખ બાવાજી એમાં એ લુચ્ચાઓની ચાલબાજી જુએ નહિ; તેથી ખીલે. 'પોતાનું ઉપરાણું' આ લોકો લે છે,' એ જોઈ ખુશ થાય ! અરે ! એટલું જ નહિ, પણ પછી તો આ દુર્જનો ખોટી ખોટી સલાહ આપે તેમ બાવાજીએ વર્તવા માંડ્યું.

**નવી ભરતી :-** લુચ્ચાઓ પર બાવાજીની આસ્થા વધી, પ્રેમ વધ્યો. એમાં એકવાર એ બાવાજીને કહે છે. "જુઓ સ્વામી ! આપની શક્તિ અને આપનું તેજ કમાલ છે. આપ એટલા બધા સુબુદ્ધ અને શ્રેષ્ઠ છો કે આપને પરમાત્મા કહીએ તો વાંધો નથી ! આપની સેવા અમને મલી છે, એ અમારા મહાન અહોભાગ્ય છે ! અમને તો એમ થાય છે કે 'સમસ્ત જગત કેમ આપનું સેવક બની જાય ?' માત્ર એમાં આપની મહેરબાની જરૂરી છે. અમારા બીજા સ્નેહીઓ બિચારા આપની સેવા કરવાનું ઝંખી રહ્યા છે. તલસે છે એ, કે 'ક્યારે આપની કૃપા થાય, અને એમને સેવાનો અધિકાર મળે.' બાવાજી આવું બધું સાંભળતા જાય અને ફૂલણજી ફૂલાઈને ફાળકા થતા જાય ! **માણસ ફૂલે તો અભિમાનમાં અંધો થયા પછી એને**



**ક્યાં જ સારાસાર જોવો હતો ?** એટલે બોઘડશંકરની જેમ હુકમ કાઢી આપ્યો, "ઠીક છે, જાઓ, દાખલ કરવાની હું રજા આપું છું."

**સ્વપ્રશંસા ઝીલવાના નુકશાન :-** ગર્વઘેલો જીવ પોતાના મહાઅનર્થને કરનારાનો સંપર્ક જાણે અજાણે સાધવાનું ઊભું કરે છે. **પ્રશંસાના પૂરમાં તણાતો જીવ અયોગ્ય આત્મા ઉપર પણ બીજો વિચાર કર્યા વિના વિશ્વાસ મૂકી બેસે છે !** પછી વિચારો કેવી ગફલતમાં જઈ ચઢે ? ઉંદર તો હાથે કરીને બિલાડીના મુખમાં નથી જતો; પણ આ પ્રશંસાભૂખ્યો જીવ એમાં લપટાઈને હાથે કરીને દુષ્ટના પંજામાં જઈ પડે છે ! માણસની પ્રશંસા કોઈ કરે ત્યાં એણે સાવધ બની જવું જોઈએ. કેમકે (૧) **સામો જો પોતાનો કોઈ સ્વાર્થ સાધવાનો દાવ ફેંકવા આવ્યો હોય, તો એની પ્રશંસા વધાવનારે પછી તો સામાના દાવમાં ફસાયે જ છૂટકો ! અને (૨) કદાચ સામો ભલે નિઃસ્વાર્થ અને સરળ ભાવે પ્રશંસા કરતો હોય, તોય પ્રશંસા સ્વીકારી લેનારને એના અહેશાન નીચે આવવું પડે છે. તેથી આજે નહિ તો ભવિષ્યમાં દાક્ષિણ્યતાથી એના સ્વાર્થમાં ફસાવું પડે છે. તેમ, (૩) પ્રશંસા ઝીલવામાં એ પણ બને છે કે આપણી જાત પૂર્ણ લાગવા માંડે છે. તેથી આગળ વિકાસ કરવામાં પ્રવૃત્તિઓ અટકી જાય છે.** મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે જેટલું સારું સારું લાગે એ એના મનમાં ખૂબ રમ્યા કરે છે. એ હિસાબે કોઈએ ગાયેલી પ્રશંસાને પોતાના હૈયામાં એવી રટ્યા કરશે, કે આગળ શું કરવાનું છે, ક્યાં વધવાનું છે, તે ભૂલી જશે.

**દારૂના કેફ : નવી મલિન લાગણીઓ :-** બાવાજીનું એવું જ થયું. પ્રશંસા સાંભળી ફસાયા; ને સાવધાની ભૂલ્યા. એથી લુચ્ચાઓના સાગ્રીતોને નોતરું આપ્યું ! પેલા તો તરત કૂદ્યા. આખી મંડળીને ઝટ લઈ આવ્યા. એણે તો વળી વિચિત્ર પ્રકારના દારૂ પાઈને બાવાજીની એવી નવીન નવીન તરેહની સરભરા કરવા માંડી કે એમાં બાવો લટ્ટુ બની ગયો. દારૂના કેફથી અને મંડળીની નિકટતાથી હસવું, ખેલવું, નાચવું, સ્ત્રીઓ સાથે હળવું, મળવું, બીજાને તુચ્છકારવું, અન્ય પર ઈર્ષ્યા કરવી, વગેરે વગેરે ચેષ્ટાઓની વૃત્તિઓ જાગવા માંડી. રસભર્યા ખાનપાન, ગાંધર્વગીત, મખમલની શય્યાઓ વગેરેની તૃષ્ણાઓ થવા માંડી અને વધવા લાગી એ સાગ્રીતોમાં એક કર્મ નામનો તો વળી એવો સાગ્રીત આવ્યો હતો કે બાવો આ મલિન વૃત્તિઓ અને તૃષ્ણાઓને આધીન બને એટલી વાર; પછી તો એને બાંધીને કૂટે એવો એ શત્રુ હતો.

**બાવો બેડીમાં :-** એમાં પછી કુબુદ્ધિઓ અને અસત્ વિદ્યાઓને લાવવામાં આવી. એણે તો બાવાની સાથે એવી દોસ્તી કરી, કે બાવો એને પૂરો આધીન થઈ ગયો. એ જે કહે તે માનવા લાગ્યો. રાતને દિવસ કહે તો 'હા;' દિવસને રાત

કહે તો 'હા ! એના યોગે રાગ, દ્વેષ, કામ, હાસ્ય વગેરે લાગણીઓ થવા માંડી. હવે પેલા મુખ્ય ચાર ઠગારાઓએ જોયું કે બાવાજી બરાબર આધીન બની ગયા છે. એટલે એકવાર લાગ જોઈને એમણે ભોજનના ભેગું એવું કાંક ખવરાવી દીધું. બાવાજીને એનું ચડ્યું ઘેન ! પછી તો લુચ્ચાઓએ બાવાની આંખે કચકચાવીને પાટા બાંધ્યા; શરીરે બંધન વીંટ્યા, અને બેડીથી હાથે-પગે બાંધ્યો. લુચ્ચાના હાથમાં આવ્યા પછી શું કરવા બાકી રાખે ? અને બાવો હવે નિર્બળ અને નિઃસત્ત્વ બની ગયો હતો. પછી માથે જે વરસે તે સહન કર્યે જ છૂટકો. માટે **દુન્યવી સુખ સગવડ કે માનપાનના લોભમાં પડી નિર્બળ બની જવાય છે,-એ વસ્તુનો ખૂબ લક્ષ રાખી એવાઓથી દૂર રહેવું એજ હિતકર છે. એથી પછી કોઈના ફંદામાં ફસાવું પડતું નથી. કોઈની શેહશરમમાં તણાવું પડતું નથી.** બાવો અહીં તો પરવશ બનીને બેડીમાં બંધાયો.'

**ખજાના પર તાળા ! :-** એટલું જ નહિ, પણ એના મોટા ખજાનાના ઓરડા પર લુચ્ચાઓએ તાળાં લગાવી દીધાં, એટલે હવે બાવાજીને એમાંથી કાંઈ મળે નહિ. જુઓ, શું કમાયો બાવો ? સેવા-સગવડ અને સન્માન-ગુણગાન લેવામાં ગુમાવ્યું બધું. એવા ઘણા મૂરખ જગતમાં હોય છે, કે જે આમ જ ફૂલણજી બનીને અંતે પાયમાલ થાય છે. બાવાની નુકશાની આટલે જ ન અટકી. પછી જ્યારે એને ઘેન ઉતરી ગયું, ત્યારે પણ પેલાઓએ ખવરાવેલી વિચિત્ર વનસ્પતિથી એની સ્મરણશક્તિ તદ્દન નષ્ટ થઈ ગઈ. તેથી એને બિચારાને હવે પોતાનું કશું યાદ નથી આવતું. પોતાની મહત્તા, પોતાના ખજાના, પોતાની સ્વતંત્રતા વગેરે બધું ભૂલાઈ ગયું. જાણે એવું કાંઈ પોતાને હતું જ નહિ, એવી એની માનસિક સ્થિતિ થઈ ગઈ. એથી તદ્દન જાણે જડ જેવો બની ગયો. પહેલાં તો એવા દિવ્યભોજન હતા કે એથી મહાતૃપ્તિ રહેતી. હવે એ નથી એટલે મહાભૂખ લાગે છે. પહેલાનાં દિવ્ય અંજનથી દિવ્યદૃષ્ટિ હતી. આખી દુનિયામાં દૂર દૂર સુધી જોઈ શકતો. પર્વતો વગેરેની આડે રહેલા કે ભોંયરામાં છૂપાએલા પદાર્થોનું પણ પ્રત્યક્ષ જ્ઞાન કરી શકતો. પરંતુ હવે ગઈ એ શક્તિ. હવે તો સાવ આંધળો બન્યો ! પહેલાં શરીર મહાનિરોગી, સ્વસ્થ અને સ્ફૂર્તિવાળું; હવે શરીરમાં રોગો થયા. શરીર કળવા માંડે. ભૂખ તરસની પણ ઘોર પીડાઓ છે. બીજી બાજું પેલા શોક વગેરેની ચેષ્ટાઓ તો છે જ; મનમાં હવે પૂર્વની સ્થિતિનું એક અંશમાંય સ્મરણ નથી. એમ સમજો ને કે પોતે એવો હતો જ નહિ. ત્યાં લુચ્ચાઓ એને પૂછે છે, 'કેમ આપ કોણ છો ?' બાવો પોતાનું સ્વરૂપ જ ભૂલી ગયો છે તે શું કહે ? યાદ કરવા જાય છે કે 'હું કોણ ?' પણ યાદ આવતું નથી ! એટલે સામો પૂછે છે 'તમે જ કહોને હું



કોણ છું; ક્યાં રહેલો છું; મારું શું શું છે ?' હવે લુચ્ચાઓ ખીલ્યા. કેમકે એમને નક્કી લાગ્યું કે 'હવે આના કબજામાં ખજાના તો નથી, પણ ખજાનાનું સ્મરણ પણ નથી ! પાછો આપણા વશમાં છે. ઠીક સકંજામાં આવી ગયો છે !' એમ માની ખુશ થાય છે.

**તમે શિકાર છો કે સુરક્ષિત ? શિકારી છો કે દયાળું ? :- શિકારીઓની ખુશી શાની ઉપર ? શિકારને કબજે કરવા ઉપર. ત્યારે દયાળુની ખુશવૃત્તિ ? ફસેલાને છોડાવવા ઉપર. બિચારો બાવો !** ફસાયો શિકારીની જાળમાં. હવે એના ઉપર દુઃખના ડુંગરા તૂટી પડવાના ! એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં પરાવર્તન થયા પછી આપણે આગળ વધ્યા કે પાછળ હઠ્યા ?, સુખી થયા કે દુઃખી ? ગુણી થયા કે દોષવાળા ? એના પર આપણે જાળમાંથી છૂટ્યા કે જાળમાં ફસાયા એનું માપ નીકળે છે. પ્રગતિ-સુખ-ગુણ પામવા પર છૂટકારાનો આધાર છે. કોઈ એમ નહિ કહે કે માણસ દુઃખ અને દોષોમાં પડ્યો એ **'છૂટ્યો'** ગણાય. એને તો ફસાયો ગણશે. ચોરનું કે જુટ્ઠા માણસનું બાળક જન્મ્યા પછી એના માતા-પિતા દ્વારા એવી સ્થિતિમાં મૂકાયું કે માતાપિતાની પ્રવૃત્તિ અને સલાહથી પોતે પણ ચોર કે જુટ્ઠો બને છે. તો આ શું ગણાશે ? માનવ જીવન પામેલો આ બાળક માતાપિતારૂપી પારધીની જાળમાં ફસાયું જ ગણાશે ને ? તો આપણે બીજાઓના શિકાર છીએ કે સુરક્ષિત ? તેમજ આપણે પોતે બીજાનો શિકાર કરનારા છીએ કે દયા ? **અર્થાત્ આપણા માટે બીજાઓ, અને બીજા માટે આપણે કોણ છીએ 'પારધી કે દયાળુ ?' એ વિચારવા જેવું છે.**

હવે પેલા લુચ્ચાઓએ શું કર્યું એ જાણો છો ? બાવાએ પૂછ્યું છે ને કે તમે જ કહોને 'હું કોણ છું ?' તેથી આ કહે છે,

"ઓહો ! તમને તમારી ખબર નથી ? બરાબર, બરાબર તમને મંદવાડ લાગ્યો છે. લ્યો ત્યારે જુઓ એમ કરો, આ એક સરસ દવા છે તે ખાઈ લ્યો. એનાથી મગજ એવું સ્ફૂર્તિવાળું અને સશક્ત બનશે કે તમે મહાબુદ્ધિમાન થશો અને બધું જાણી શકશો."

બાવો કહે કે "એમ ? તો તો ભાઈશાબ ! બહુ સારું લાવો ત્યારે ઝટ લાવો એ દવા."

**ઝેરી દવાથી ઊંધું દર્શન-ઊંધી મતિ :-** પછી લુચ્ચાઓએ બાવાને એવી એક વિચિત્ર ઝેરી દેવા ખવરાવી દીધી કે જેથી જો કે બાવાનું મગજ કામ કરતું તો થયું, પરંતુ ઊંધું, જેમ કહેવાય છે કે ધતુરો પીધેલાને પીળી ઈંટ સોનાની દેખાય છે તેમ આ બાવો પણ હવે પોતાની જાતને પૂર્વની કોઈ સ્થિતિવાળો નહિ, એટલે કે આત્મારૂપે નહિ, પરંતુ જડ દેહરૂપે જુએ છે ! પોતાની ચીજ તરીકે પૂર્વની અખૂટ



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ખજાનાની સમૃદ્ધિ નહિ, પણ આ લુચ્ચાઓ અને એના સાગ્રીતો જે દેખાડે છે, તેને પોતાની વસ્તુ ગણે છે ! પાછું એવી દુર્દશા કરનારા આ બધાને પોતાના હિતૈષી માને છે ! કેવું કરુણ ઊંધું દર્શન અને ઊંધી મતિ !

**ચંબૂજી ચપ્પણીયાવાળા કેમ ? :-** ત્યાં સાથે સાથે એ મંડળીમાંના પેલા કર્મ નામના શત્રુએ બાવાને એક ચાંદીનું ચપ્પણીયું પણ પકડાવી દીધું છે. બધા મળીને પાછા બાવાને કહે છે. "જુઓ, હવે તમે જાણો છો ને કે તમે કોણ ? આ તમારું સુંદર ઘાટીલું શરીર સરસ ચંબૂ (કુંજો, ભોટવો, જે કહેવાય છે તેના) જેવું છે; તેથી તમે ચંબૂજી છો. તે પણ આ સુંદર કિંમતી ચપ્પણીયાથી પાછા તમે ચંબૂજી ચપ્પણીયાવાલા છો. આ અમે તમને પહેલાં કહેત તો તમને વિશ્વાસ ન પડત. પરંતુ તમે જરા દવા-બવા ખાધી એટલે મગજ સ્વસ્થ થયું. તેથી હવે આ બધું બરાબર જાણી શકતા હશો. કેમ ખરું ને ?"

**ઊંધી શક્તિઓ :-** મૂર્ખ બાવો ફસાયા પછી દવા અને ચપ્પણીયાના પ્રભાવે ઊંધું માનતો દેખતો થયો છે. આમ તો આંખે પાટા છે, પરંતુ આના પ્રભાવે હવે ઇન્દ્રિય શક્તિઓ, જોવા-ચાખવા વગેરેની આવી છે. પણ તે ઊંધું સમજાવનારી ! આત્મઘાતક જગતની ચીજોને સારી તરીકે દેખાડનારી એ શક્તિ, નિત્યતૃપ્ત જીવને ભૂખ્યો-તરસ્યો મનાવનારી એ શક્તિ એને શું કરે ? એ તો મરનારો બનશે. પરંતુ લુચ્ચાઓને પરવશ બન્યા પછી કોણ એ વસ્તુ સમજાવે ? બાવાને ગમ નથી પડતી, સીધું કાંઈ સમજતો નથી.

**આપણે ચંબૂજી ચપ્પણીયાવાળા ? :-** તો હવે વિચારો કે આપણે શું આ ચંબૂજી ચપ્પણીયાવાળાના જેવા નથી ? આપણા આત્માને જગત સાથે કાંઈ નિસ્બત નથી. આત્માને ખાન-પાન, માન-અપમાન, શાતા-અશાતા જેવું કાંઈજ નથી. છતાં શુદ્ધ જાત ભૂલી કાયાને જ પોતાની જાત ગણીને એ માની બેઠા છીએ કે 'હું ભૂખ્યો છું, હું તરસ્યો; માટે મારે સારાં ભોજનપાણી જોઈએ જ.' વળી જાતના અનંતજ્ઞાન ધ્યાનની સારી સંપત્તિ મૂકી, જગતની ચીજોને સારી માનવા હોશિયાર છીએ. કુમતિ અને એના સાગ્રીતોને આપણા હિતકારી માની બેઠા છીએ.

હવે ચંબૂજી કહે છે "મને ભૂખ લાગી છે, ખાવા આપો. મારે આરામ કરવા પથારી જોઈએ છે..." તે વખતે લુચ્ચાઓ શા હાલ કરે છે તે જુઓ.

## • દેવશેરી •

લુચ્ચાઓ ચંબૂજી ચપ્પણીયાવાલાને નગરની એક શેરીમાં લઈ ગયા. શેરી સારી સજાવટભરી હતી. લોકો ભલા હતા, સુખી હતા, દેખાવડા હતા. અહીં



પેલા લુચ્ચાઓ કહે છે કે,

"કેમ ચંબૂજી ! ભૂખ્યા થયા છો ને ?"

"હા ભાઈશાબ ! બહુ ભૂખ્યો થયો છું,"

લુચ્ચા પૂછે છે "શું જોઈએ ?"

"તમારી મહેરબાની હોય તો સારા ભોજન, મધુર રસ, સુંવાળી શય્યા, સુગંધી ફૂલો, બધું જોઈએ છે." ચંબૂજીએ દીનતાપૂર્વક મોટું લીસ્ટ રજુ કર્યું. **જુઓ, લુચ્ચાઓની અસર નીચે એની ભૂખ અને જરૂર કેટલી મોટી થઈ ગઈ છે ! પૂર્વે જ્યારે એ પોતાના મઠમાં હતો અને સ્વસ્થ તથા સ્વતંત્ર હતો ત્યારે સદા તૃપ્ત રહેતો. આવા કચરાપટ્ટી અને પરાયા માલની તો ઈચ્છાય નહોતી; અને પોતાના માલનો ઉપભોગ પણ વિના ઝંખનાએ અને વિના દીનતાએ કરતો ! પણ લુચ્ચાઓની સંગતે હવે એ દહાડા ગયા.**

એ શેઠ લોકો તો કહે છે "જુઓ ચંબૂજી, આ શેરીના લોકો બહુ ભલા છે, ઘણું ઘણું આપનારા છે, પણ માત્ર એક શરતે."

"શરત ? શી શરતે ?"

"ગભરાશો નહિ, શરત ભારી નથી. માત્ર નાચવાની શરત છે. અમારા કહ્યા મુજબ તમે નાચશો એટલે તમને આપશે."

બાવો પૂછે છે "એવું વિચિત્ર કેમ ?"

"વિચિત્ર નથી. આ તો આ દેશનો રિવાજ એવો છે એમ તો એ લોકોને પણ જે મળે છે તે એમજ બીજાની આગળ અમારા કહ્યા મુજબ નાચીને પછી મળે છે. શું સમજ્યા ? બધાય નાચી નાચીને મેળવે છે. એટલે નાચવાનું એ તો એક સજ્જન અને સુબુદ્ધના વ્યવહાર તરીકે મનાય છે. ઊલટું જે ન નાચે એ નાતબહાર ન નાચનારા ગમાર અને બાપડા ગણાય છે. વળી અહીં તમને ચપ્પણીયાવાળી બાયડીઓ પરણાવી આપીએ છીએ; એમની સાથે અન્યોન્ય નાચ સારા થશે. સમજી ગયા !"

બાવો ચાલે છે "હા, હા, હા, સમજી ગયો, તો તો આપણને કાંઈ વાંધો જ નથી. આપણે તો લોકની સાથે રહેનાર છીએ, પછી શા માટે બાપડા અને ગમારમાં ખપવું ?"

બસ ચપ્પણીયાવાળી બાઈડીઓ પરણાવવામાં આવી. એની સાથે એને બહાર હવે લઈ ચપ્પણીયું ને બાવો મંડ્યો નાચવા. વેષ પણ સારો મળ્યો છે, નાચતો જાય છે, અને ગાતો ગાતો ભીખ માગતો જાય છે.

**'એય બાપા ! આમાં, ખૂબ તુમ દેતા જાજો;'**



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**આ ચંબૂનું ચપ્પણીયું ભરતા જાજો...** એ બાપુ આમાં.''

સારી રીતે નાચ કરે એટલે સ્ત્રીઓ અને લોકો આપે છે. ભોજન ખીલાવે ગોરી ગુલાબી મુલાયમ ચામડીના રૂપ દેખાડે, સુંવાળી ગાદી વગેરેના સ્પર્શ કરાવે. ગીત સુણાવે, સુગંધી બગીચામાં બેસાડે... ચાલ્યું કામ ધમધોકાર !

ત્યારે અહીં પૂછો, કે બાવાને તો આંખે પાટા એવા કસીકસીને સજ્જડ તાણી બાંધ્યા છે કે એને તો સાવ અંધાપા જેવું છે. તો અહીં દેખવાનું શી રીતે બન્યું ?

એનો ઉત્તર એ છે કે પેલા લુચ્ચાઓ પાછા જાદુગર છે; તેથી બાવાને એમણે એવી બનાવટી જાદુઈ આંખ અપાવી છે, કે જેમાંથી આ ચંબૂજી બાવો ચપ્પણીયા સામે આવતી ચીજો જોઈ જાણી શકે; એટલું નહિ પણ જે કાંઈ જુએ એના પર નાચવા મંડી પડે. માત્ર **નાચમાં ફરક એટલો કે મનગમતું રૂપાળું દેખાવડું જુએ તો ખુશીનો નાચ કરે; અને કદ્રુપું અણગમતું દેખે તો દિલગીરીનું નૃત્ય શરૂ કરે.** લુચ્ચાઓએ આવી બનાવટી બીજી પણ ચારેય ઇન્દ્રિયો અપાવી હતી. એના જોર પર એણે તો અખંડ નાચ ચાલુ કરી દીધાં છે. ઘડીમાં આંખે જોઈને, તો ઘડીમાં કાને સાંભળીને; તો વળી ક્ષણ પછી જીભે ચાખીને એમ નાચ્યા કરે છે. બે જાતના નૃત્ય કરે. એય સાથે બે પ્રકારના રાગડા ગાઈને.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩,અંક-૯,તા.૬-૧૧-૧૯૫૪

## ૪૪ ચંબૂજી ચપ્પણીયાવાળા

**ચંબૂજીનું દ્વિવિધ ગીત :-** અમે જ્યાં સારું મનગતમું લાગે ત્યાં **'ઓહો ! કેવું સરસ ! કેવું હાઈકલાસ ! બસ, આવું તો જોયું જ નહોતું. આપનારા બહુ ભલા, ભગવાનથી પણ ભલા !... હવે આ ટકી રહે તો ઘણું ઉત્તમ...'** વગેરે વગેરે રાગડો ગાતાં નાચવાનું; અને જ્યાં ખરાબ લાગે ત્યાં **''ઉંહ કેટલું ખરાબ ! ડેમકલાસ ! મને આ ક્યાં આવી ભટકાણું ? ક્યારે આ ટળે ? આપનારા કેવા હરામખોર છે ! એમને ભાનબાન છે કે આ અમે ચંબૂજી ચપ્પણીયાવાળાને કેવું આપીએ છીએ ? અરેરેરે ! મરી ગયા...''** વગેરે વગેરે રાગડો ગાતાં નાચવાનું.

**નૃત્યની અનેક જાત :-** નાચ પણ જુદી જુદી જાતના. એમાં **મનગમતામાં** હર્ષનો નાચ, પ્રશંસાનો નાચ, રાગનો નાચ, લોલુપતા-લંપટતાનો નાચ, ઈષ્ટ સંયોગના આર્તધ્યાનનો ''આહા ! બસ હવે આ બરાબર ટકો'' એવા સતત ચિંતનનો નાચ, આશાનો અને મનોરથનો નાચ, તૃષ્ણા અને પ્રપંચનો નાચ, હાસ્યનો નાચ, સામાને



પગે લાગવાનો નાચ, સામાની દાઢીમાં હાથ ઘાલવાનો નાચ, સામાના પગ ચાટવાનો નાચ, વહાલ બતાવતી બાયડીને 'તું તો મારા પ્રાણ છે.' વગેરે વગેરે ચાટુ કરવાનો નાચ, એની સાથે ગદ્ધારમતનો નાચ-આવા આવા તો કેઈ વિવિધ નાચમાં બાવો લાગી ગયો. ત્યારે અણગમતામાં ઉદ્વેગનો નાચ, રીસ-રુદનનો નાચ, શોકનો નાચ, ગુસ્સાનો નાચ, દ્વેષનો નાચ, પોતાનાથી વધારે સુખીને દેખી બળવાનો નાચ, નિંદા-જુગુપ્સાનો નાચ, નિરાશા-નિરુત્સાહનો નાચ, સંતાપ-પશ્ચાત્તાપનો નાચ, ઈર્ષ્યા-મદ-અસૂયાનો નાચ, કલેશ-કલહ-ચાડીચુગલીનો નાચ, સ્વયં રીસ કરવાનો અને રીસાયેલાને મનાવવાનો નાચ, દીનતા-ગરીબડાપણું ને ઓશીયાળાપણું દેખાડવાનો નાચ, રીસાયેલી સ્ત્રીને 'હેં બા ! શું થયું તને ? મારી સાથે તું રીસાય ? તું કહે તે કરવા તૈયાર છું. સમજજે તારી ખાતર આખી દુનિયાને હું એક બાજુ મૂકી દઉં ! બોલ, બા ! શું જોઈએ તારે ? તું તો મારા માથાનો મુગટ છે, મારા હૈયાનો હાર છે. કહે બા ! તું આમ કરે ત્યારે મારું કોણ ?...' એમ બાઈડીને બા બા કહીને મનાવવાનો નાચ, એમેય ન માને ત્યારે સાચો કે ખોટો રોવાનો નાચ, 'હે ભગવાન ! મરી ગયો હું...' -આવા આવા પણ કેઈ વિવિધ નાચને ચોબા બનેલા ચંબૂજીએ પોતાના જીવનમાં ઉતારી દીધા.

**દેવશેરીમાંથી રૂખસદ :-** ચંબૂજીને મન આમ લહેરમાં દહાડા પસાર થઈ રહ્યા હતા. એટલામાં ચાંદીનું ચપ્પણીયું ઘસાઈ ગયું. એટલે એકાએક પેલાઓએ ઉપાડી લીધું. ત્યાં શેરીમાંથી બાવાને કાઢી મુકવામાં આવ્યો. શેરીમાં ચપ્પણીયાના આધારે તો નાચવાનું અને માગી ખાવાનું હતું, હવે એ જવાથી બાવો મુંઝાયો કે 'શું કરવું ?' ભૂખ પણ જોરદાર લાગી છે. પૂછે છે લુચ્ચાઓને,

'હેં મારા બેલી ! શું કરું ? ભૂખ લાગી છે. પેલી શેરીમાંથી તો મને કાઢી મૂક્યો.'

'એમાં શું ? આ બીજું ચપ્પણીયું અમે તમારા ભલા માટે તૈયાર જ રાખ્યું છે.'

'ઓહો ! તમે કેવા સરસ મારા હિતૈષી છો. તમે ન હોત તો મારું શું થાત ? તમારા કેટલા ગુણ ગાઉં ? ભલું કરો ભગવાન તમારું.'

'કંઈ નહિ, કંઈ નહિ, અમે તો તમારો પ્રેમ જોઈને તમારી સેવામાં છીએ.'

હવે ચપ્પણીયું લોઢાનું આપ્યું. એ પકડાવીને ચંબૂજીને નવી તિર્યંચ-શેરીમાં લઈ ગયા.

### • તિર્યંચશેરી •

**આ શેરીમાં ખાવાનું ઘાસ વગેરેનું તુચ્છ ભોજન.**

અહીં લુચ્ચાઓનો ઓર્ડર છૂટ્યો :- 'જુઓ, આ શેરીના રિવાજ જુદા છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

અહીં તમારે ત્રણ કામ બજાવવા પડશે તો જ આ લોકો ખાવાપીવા આપશે.'

બાવો કહે છે "હા, એમ ? શા શા કામ છે, ઝટ કહો, એ કરવા લાગું અને જલદી રોટલા ભેગો થાઉં." બસ એને ખાવાની વાત પહેલી છે.

પેલા કહે છે, "પણ તમારાથી એ બની શકશે ?"

"અરે ! એમાં શંકા છે ?" બાવાએ જવાબ વાળતાં કહ્યું, "તમે તો મારા ભગવાન છો. ભગવાન જે કહે તે જરૂર બને. તમે થોડું જ મારા અહિતનું કહો."

**તિર્યંચશેરીના ત્રણકર્તવ્ય :-** "તો જુઓ, **અહીં એક તો નાચ કરવાનો, બીજું મજુરી કરવાની અને ત્રીજું ચાબૂક વગેરેના ફટકા ખાવાનો ખેલ ભજવવાનો.** કહો બરાબર છે ને ? પાછો અહીં એક મહાન લાભ એ કે વગર લગ્ને અહીંની તમારા જેવા ચપ્પણીયાવાળી બધી બાયડી તમારી."

ગમાર ચંબૂ કહે છે, "બરાબર, બરાબર, તો તો બહુ સરસ !"

પત્યું ? લોખંડી ચપ્પણીયા સાથે શેરીમાં ચંબૂજીને પેસાડ્યા. ત્યાં તો માનવશેરીના ચપ્પણીયાવાળા લોક વડે બિચારાની કાંધ પર ગાડાં જોતરવામાં આવ્યા. ૩૦-૩૦, ૪૦-૪૦ મણના ભાર ખેંચવાની મજૂરી ! ઉપરથી ચામડાની પાંચ પાંચ સેરોના ચાબૂકના સાટકા સટાક સટાક એવા પડે કે ભારે ચમચમ થાય. અને સૉળ ઉઠી આવે ! છતાં જાણે એમાં બાકી રહ્યું તે લોખંડની તીક્ષ્ણ આરો ભોંકવામાં આવે ! એમાં પૂર્વે કહ્યું તેમ ચીસે ચીસ પાડવાનો અને રોવાનો નાચ, દ્વેષનો નાચ... ઈત્યાદિ ચાલુ. આ ચપ્પણીયું જ એવું છે. પછી મોટા રાજાને ત્યાં અશ્વરત્ન જેવો થાય તોય ગુલામી પરાધીનતા એવી કે રાત્રે પણ ડાંસ મચ્છરના ચટકા વેઠી કંપારો-કલેશના નવા સહવાના.

**મૌન ત્રાસ સહવાનો :-** બીજી મુશ્કેલી એ થઈ કે જુદી જાતના લોકને પનારે પડવાનું; તેથી આ ચપ્પણીયાથી ફરી ગયેલા ચંબૂજીની ભાષાય ન સમજી શકે. એટલે આ માર ત્રાસમાં એ ઘણીય દવા માગે, કરગરીને એ કહે કે 'હું સારી રીતે બોજ ઉપાડી ખેંચીશ,' પણ પેલાને સમજણ જ ન પડે, તેથી આને બિચારાને ટીપ્યે રાખે. ભૂખ-તરસની પીડા પણ આ બિચારો કહી બતાવે છતાં પેલા સમજે જ નહિ. એટલે સાંકળે બાંધી મૂકેલા આને, સામે ઘાસ પાણી પડેલાં દેખાતાં છતાં, ભૂખ-તરસમાં શેકાવું પડે. માલિકના છોકરા ગમે તેમ પથરા મારે, લાકડી મારે, તોય સહન જ કરવું પડે. એમાં જો જરાક પણ એનાથી શિંગડું બતાવાઈ જાય, કે પૂંછડું મરાઈ જાય તો તો બિચારાના બાર જ વાગ્યા. બધા ભેગા થઈને મંડે એને પીટવા ને કૂટવા, કેવી કરુણદશા ! ત્યારે ખાવામાં શું ? ઘાસ, કુશકા ને એંઠવાડ ! જરૂર પડ્યે વિષ્ઠામાંય મોં ઘાલે, ખાય ! ક્યાં મૂળ સાહ્યબી ? ને ક્યાં આ ?



**બધી સ્ત્રી કે બધે માર ? :-** વળી એક દુઃખ એ થયું કે સાંકળેથી જરા છૂટો થયા ત્યાં પેલાઓએ કહ્યું હતું તેમ બધી સ્ત્રીઓ પોતાની પત્ની છે એમ માની એને ભેટવા દોડે ત્યાં તો એના જેવા ચપ્પણીયાવાળા બીજા પુરુષો એની મિટ્ટી બગાડી નાખે. એના ઉપર પાછું, એના એના માલિકોય ગુસ્સે થઈ આ ચંબૂજીને સાટકાથી સણાસણ માર મારે. એમાં વળી આના માલિકને લાગે કે આ ચંબૂજી આમ બહુ દોડે છે માટે તોફાની છે, તેથી એને શાંત કરો એમ કહીને એને ખસી કરી નાખે; એના શરીરે ઉના ઉના તપાવેલા સળીયાના ડામ દે ! થયું ? પત્નીઓ ગઈ !

**રોજીંદા માર :-** બાકી રોજની ભયંકર મજૂરી તો ચાલુ જ છે. એથી હાંફી જવાનું થાય, ચાર ડગલા ચાલ્યો ને ચાબૂક ! તેમ આઠ ડગલા ચાલ્યો ને આર ભોંકાણી જ છે ! એથી અંદર લાય ઉઠે. કેવી કરુણ દશા ! એમાં નથી ને કોઈદિ છૂટવા તોફાન કર્યું, અરે નીચે બેસી ગયો તો તો એનું આવી જ બન્યું. ધોવાના ધોકા અને નેતરની કે ચામડાની ચાબૂકો સટાસટ એના પર વીંઝાવા મંડાઈ જ છે. એનો ત્રાસ અસહ્ય છતાં જીવ બચાવવા એવા માર ખાઈ ખાઈ અધમુઆ બનેલા શરીરે ઉઠી પાછો ભાર ખેંચે.

**ખરા જુલ્મીને ઓળખવા નથી :-** આ બધામાં ખૂબી એ છે કે જે એને આ ચપ્પણીયું પકડાવીને લઈ આવ્યા છે, એને એ બચાવવા કહે છે. તો પેલા ઉપરથી એવો ઊંધો રસ્તો સુઝાડે છે કે જે કરવા જતાં આ વધુ માર ખાય, અને વધુ ભૂખ્યો-તરસ્યો બાંધી રાખીને રીબાવાય છે. અર્થાત્ પેલા ગુસ્સો, માયા, તોફાન શિખવે છે. એમ કરવા જતાં આ પીટાય છે. છતાં આ ગમાર ચંબૂ એમ નથી સમજતો કે આ બધી દશાનું મૂળ કારણ એ લુચ્ચાઓની ટોળકી છે. 'પોતે એનામાં ક્યાં ફસાયો,' એ પસ્તાવો કદી નહિ; માત્ર માર-પીટના લીધે આંતરિક પોક મૂકે; મારનારને ગાળ દે, ખરાબ માને; પણ લુચ્ચાઓ જ મૂળ પીડનારા છે એ માનવાનું નહિ.

ત્યારે મુસીબત તો એ કે આમાંથી મરવાનું મન થાય તોય શી રીતે મરાય ? નદી-સરોવર જેવામાં ડૂબી મરવાની હિંમત નથી, ને જયાંસુધી આ ચપ્પણીયું ન ઘસાય ત્યાંસુધી સીધું મોત આવે એમ નથી. એથી કેટલોય દીર્ઘ કાળ ઘોર ત્રાસમાં પસાર કરી અંતે મર્યો. એટલે કે મહામુશ્કેલીએ ચપ્પણીયું ઘસાયું. તે લઈ લેવામાં આવ્યું; અને ત્યાંથી કાઢી મૂકાયો.

## • મનુષ્યશેરી •

બે કાર્ય :- પૂર્વે બહુ માર ખાધો છે તેથી હવે એને તાંબાનું નવું ચપ્પણીયું આપવામાં આવ્યું, ને વળી એને એક બીજી મનુષ્યશેરી નામની શેરીમાં લઈ જવામાં



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

આવ્યો. શઠમંડળી કહે છે કે "જુઓ અહીં તમારે **નાચ-નોકરી અને મજૂરી કરવાની.**" એક શેઠ બઝાડી આપ્યા. ત્યાં લુચ્ચાઓ પણ સાથે જ અંતરંગ ખાતે રહે છે.

**ચક્રવર્તી મહંત ભાનભૂલી ભંગી જેવો ચંબૂ બને છે :-** શેઠ પહેલાં તો ભલમનસાઈ દેખાડે છે. તેથી આ ચંબૂજી ચપ્પણીયાવાલો પણ ખુશ ખુશ થવાનો, ખડખડ હસવાનો, શેઠના પગે પડવાનો, દાઢી અને ગાલ પંપાળવાનો, પગચંપી કરવાનો,... વગેરે કેઈ નાચ કરે છે. શેઠની ખુશી વધી તો કંઈક ઠીક ખાવા-પહેરવા આપે છે, એટલે તો વળી ચંબૂજીના નાચ ઓર વધે છે. તે શેઠ જરા માંદા પડે તો શેઠને ઉઠવા ન દે, પથારીમાં ને પથારીમાં રાખી શેઠને ઝાડો-પેસાબ કરાવે ! શેઠની ગુદા સાફ કરી આપે ! મેલું બહાર નાખી આવે ! શેઠના બગાડેલા કપડા હાથેથી ધોઈ નાખે ! રાતના ઉજાગરા વેઠે ! ભૂખ વેઠે ! તરસ વેઠે ! પણ શેઠની ચાકરી ચકોરતાથી કરે ! ક્યાં પૂર્વનો મહાશ્રીમંત મહંત ! અને ક્યાં આ ગુલામ ચંબૂ ? ભાન ભૂલી લુચ્ચાને વશ પડેલો ચક્રવર્તી મહંત હવે ભંગી સુધીનું કામ કરનારો ચંબૂજી બન્યો ! કેવી દુર્દશા !

**શિરપાવમાં ગદ્ધામજુરી :-** આટલું છતાં શેઠ શું આપે ? શેઠ મોટમોટા ધક્કા ને ટાંપા આપે. ગદ્ધામજૂરી કરાવે ! સાત માળના મકાન ઝાડવાના આપે. ઉપરથી નીચે ને નીચેથી ઉપર દિવસમાં કેઈ વાર ચઢવા-ઉતરવાનું આપે. બીજાં કામ જેમ કે શેઠનું મોટું કુટુંબ રોજ ૫૦-૬૦ મેલાં કપડાં ધોઈ ઉજળા બાફ બનાવવાના, પોણો સોએક વાસણ માંજવાના, તોફાની છોકરાં સાચવવાના, ધાન્ય દળવાનું, મસાલા પીસવા-કૂટવાનું, અનાજ વીણવાનું, વગેરે રોજીંદા કામોની મજૂરીનો જાણે પાર નહિ.

**અને ધોલધપ્પાં :-** આમાં પાછું કોઈને કાંઈ કામ ન ગમ્યું, બીજાને બીજું ન ગમ્યું એટલે તો એના પર ગાળો વરસે ! ભારે અપમાન થાય, તમાચ-ધાપાય પડે ! શેઠ ગુસ્સે થયા એટલે તો વળી જોરથી એવી ધોલ મારે કે લાત પણ ઠોકે જાય ગોઠમડાં ખાતો આઘો અને ઉપરથી ભીંત સાથે લાતોથી કુટાય, અને ભૂખ્યો રખાય કે હલકું ખાવાનું અપાય ! ત્યાં એ માફી માગવાના, કરુણ રુદન કરવાના, પગમાં પડવાના નાચ કરે ત્યારે છૂટકારો થાય. પણ વળી બીજી સહેજ પણ ભૂલ થઈ કે પાછી ટપલાં તેરસ ચાલુ, બધા આની ગરીબ પ્રકૃતિ પરખી ગયેલા તેથી સારી રીતે એને મેથીપાક ખવડાવે, વળી ગાળ તો કેઈ વાર એના મા-બાપના નામ પર એવી ખરાબ દે કે બિચારો ચંબૂ અંતરમાં બળે. ત્યાં એનેય હવે ગુસ્સો ચઢે. "હું જો શેઠ હોઉં તો આ બધાને ફટકારી ફટકારીને સીધોદોર કરી નાખું. હરામખોર શું સમજે છે ? ગરીબને મારવાનો ? એ તો જોરદાર લગાવવાને જ લાયક છે ! અને એમાં બહુ ગરબડ કરે તો મારી નાખવા લાયક છે !" વગેરે વગેરે કેઈ રૌદ્ર



ધ્યાનના વિકલ્પો કરે.

**દુરાચારના માર્ગે :-** બીજી બાજુ શેઠના કુટુંબની ભોગલીલા જોઈ અંતરથી કામની જ્વાળા સળગે. તેથી વચમાં સમય કાઢીને કે મોડી રાતે પહોંચે વાઘરીવાડામાં. ત્યાં ભારે કુકર્મો કરે. ઘેર આવે ને શેઠ જેવા વળી પૂછે કે 'ક્યાં ગયો હતો ?' તો જુઠા જવાબ દે. બીજા ત્રીજા કપટથી શેઠને ખુશ કરી દે. વાઘરીવાડાની વાઘરણોનો ટેસ લાગ્યો એટલે તો ચોરીઓ કરી કરીને પૈસા લઈ જાય ને એને આપે, ને એને ખુશ કરી રંગરાગ ખેલે. પેલી ખોટું રીસાય ત્યારે આ એને મનાવવા કેઈ અધમ ચાટુ કરે ! તોય ઉપરથી પેલી લાત મારે એટલે આ 'બા, તને પગે વાગશે,' એમ કહી એના પગ ચાટે. કોના ? વાઘરણના ! આમ ખેલવામાં જો ક્યાંક એનો ધણી જાણી જાય તો આને મારવા લે. ત્યારે આ લફ્ફબાજ ચંબૂ સામે લડે ! ભારે માર ખાય ને મારે ! આ કામની જ્વાળા, એ જુઠ, કપટ, ચોરી, રંગરાગ, ચાટુ, લડાઈ, ઈત્યાદિ બધું શું ? પેલા લુચ્ચાઓની શિખવેલા નાચ.

એમાં વળી બાકી, તે જુગારના નાચ પણ ખેલે; ચડસા-ચડસી, દ્વેષ, ઈર્ષ્યા, કલેશ, કજીયા, છળપ્રપંચ, બીજાની ચાપલુસી વગેરે નૃત્ય પણ કરે. ત્યાં મરાય-કુટાય ત્યાં સામાને ઠેઠ મારી નાખવા સુધીના વિકલ્પોના, કાળી લેશ્યાના, અને બીજા સુખીના સુખ પર બળી મરવાના નાચ પણ કરે છે ! એક વખતનો નિર્વિકાર મહાસ્વસ્થ નાચ પણ કરે છે ! એક વખતનો નિર્વિકાર મહાસ્વસ્થ મહંત આજે દુરાચાર, જુઠ, ચોરી વગેરે અનેક વિકારોથી ખદબદતો થઈ ગયો.

આમ કરતાં કરતાં આ ચપ્પણીયાનો કાળ પૂરો થયો, એટલે એ ખૂંચવી લેવામાં આવ્યું; અને હવે માટીનું ચપ્પણીયું આપી એવી નરકની શેરીમાં ચંબૂજીને લઈ જવામાં આવ્યો કે જ્યાં માત્ર અણગમતાના નાચ અને ભૂખ-તરસ છેદન-ભેદન વગેરેના કારમા ત્રાસ છે.

## • નરકશેરી •

**જીવનભર ભૂખ-તરસ : ખાવાપીવા કણ કે બિંદુ નહિ ! :-** આ શેરીમાં તો ભયંકર દશા છે, એકલા ત્રાસ વેઠવાના, ને નાચ કરવાના. વળી પૂર્વની ત્રણ શેરીમાં તો ભૂખેય થોડી, અને ખાવાનુંય મળતું હતું. અહીં તો ભૂખ એટલી બધી મોટી કે જાણે 'આખી દુનિયાના ધાન્ય ખાઈ જાઉં.' છતાં ખાવામાં એક કણીયો મળવાની વાત નહિ. ત્યારે તરસ પણ એટલી બધી ભારે ઉગ્ર કે જાણે 'આખા સમુદ્રના સમુદ્રો ગટગટાવી જાઉં.' પણ મળવામાં એક ટીંપુય પાણી ક્યાં છે ? ઊલટું ખાવા માગે તો એનાજ શરીરમાંથી માંસ કાપીને ખાવા આપે; ને પીવાનું માગે તો



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

ગટરીયા પેસાબ ઉના કરી લાય જેવા પીવા આપે.

**પ્ર.**- તો પછી એ ત્યાં જીવે શી રીતે ?

ઉ.- આ જીવવાનું કૃત્રિમ છે. અસલ તો પોતે અજર અમર છે, પણ પૂર્વે જોયું તેમ ચપ્પણીયા ખૂંચવાઈ જાય એટલે 'મર્યો' એમ કહેવાય છે એટલું જ. અહીં નું એવું જાદુઈ ચપ્પણીયું છે કે ભૂખ્યો-તરસ્યો ઘોર દુઃખ સહે પણ મરે નહિ. એટલું જ નહિ કિન્તુ મારપીટમાં તો છેદન-ભેદનના ત્રાસ સહે, છતાં મરવાની વાત નહિ.

**નરકના તે ત્રાસ આ રીતે :-**

**જન્મની પીલામણ, કુટામણ :-** પહેલાં તો આ શેરીમાં જ્યારે મૂકવામાં આવ્યો ત્યારે પ્રારંભમાં જ ભીંતમાં એક સાંકડી લાંબી નળીવાળા ગોખલામાં પેસાડ્યો. અહીં ભીંતની બીજી બાજુએ ત્યાંના પરમાધામી નામના લોકોએ એને એમાંથી એ નળી વાટે બહાર ખેંચી કાઢ્યો. એમાં જે શરીર પીલાયું, કચરાયું તેથી રાડેરાડ પાડી ઉઠયો. એ રાડ પૂરી થઈ ન થઈ ત્યાં ફટકા મરાવા શરૂ થયા. માથા પર જોર જોરથી ધોકા ઝીકાવા મંડ્યા ! બરડામાં ફટાફટ લાકડીઓના પ્રહારો થવા લાગ્યા ! આ ચીસેચીસ પાડીને કૂદાકૂદ કરી મૂકે છે, ત્યાં લોખંડી પગથી લાત લગાવી પત્થરીયા ભીંત સાથે એને અફાળવામાં આવે છે. એવું એક વાર નહિ પણ વારંવાર કરી ભીંતની જોડે એનું માથું ટીચી ટીચીને લોહી વહેતું કરી નખાય છે.

**બીજા જાતભાઈના જુલ્મ : ગુસ્સે ભરાયેલા પરમાધામીથી વેતરણ :-** આટલું કરીને એક પરમાધામી ત્યાંથી ગયો કે તરત ચંબૂજી જેવા ત્યાંના બીજા ચપ્પણીયાવાળા દોડીને સામે મારવા આવે છે. ત્યાંની જમીન એવી કે એમાંથી તલવાર, બરછી વગેરે શસ્ત્રોનો જાણે પાક એકાએક ઉગી નીકળે છે. એ લઈ લઈને આ લોકો માંહોમાંહે કાપાકાપી ચલાવે છે. એટલામાં તો બીજા પરમાધામી ગુસ્સે થઈને આવીને ઊભો જ છે. 'હરામીઓ લડો છો ? પણ તમને કાપતાં-કૂટતાં નથી આવડતું; લાવો કાપી આપી કૂટી આપું.' તે તીક્ષ્ણ કાતરથી શરીરના અંગોપાંગ પર કાપ મૂકે છે; શરીરમાં ધારદાર છરીઓ ભોકે છે, તીક્ષ્ણ સોયા અને ખીલા ભોંકે છે. પછી પરમાધામી ધોબી જેમ ધોતીયાને પત્થર પર ઝીકે, ને ધોકાથી કૂટે તેમ; ચંબૂજીને પગેથી ઊંચકી એના માથાને નીચે પત્થર પર ઝીંકે છે; અને શિલા પર સુવાડી ધોકાથી કૂટે છે. અહીં ચંબૂ ચીસે ચીસ પાડી ઉઠે છે. 'ઓ બાપ ! ભૂલ નહિ કરું, માફ કરો' એમ ચોધાર આંસુએ કરગરે છે ! ત્યારે પેલા કહે છે 'હવે ? પૂર્વે કેવા નાચ નાચ્યો હતો ? કેવું ભાન ભૂલ્યો હતો ? લેતો જા એનું ફળ.' એમ કરી વળી અફાળવા અને કૂટવા માંડે છે.

**અંગોપાંગ વારે વારે આખા :-** આમાં પાછી ખૂબી એ કે એવી છેદાવા-ભેદાવાની, ને કુટાવા-પીટાવાની ઘોર દુઃખદાયી ક્રિયામાં ચપ્પણીયાના પ્રભાવે મૃત્યુ



તો નથી થતું; પણ એ અંગોપાંગ અખંડ થઈ જાય છે ! જો કે વેદના અંદર ખાને તો પૂર્વે અને પછી પણ ઘણી ઘણી અસહ્ય હોય છે; પણ મોત પ્રતિપળે માગવા છતાં મળતું નથી. આવું આગળના ભયંકર ત્રાસ અને જુલમોમાં સમજવાનું છે. તેથી વિચારો કે તો પછી જ્યાં ફરી ફરી કાપણ-કૂટણ માટે અંગોપાંગ તૈયાર, અને એના પર એવા જ ઘોર ત્રાસ શરૂ, ત્યાં પીડા કેટલી ? વેદના કેવી ?

**મકાઈડોડા જેમ શેકામણ : દાંત ભંગાવા :-** વળી એક જઈને બીજો પરમાધામી આવે છે. એનું ત્રાસનાટક વળી જુદું ! એ તો મોટી ધીખતી સગડીઓ પર આ ચંબૂજીને સાણસાથી મજબૂત પકડીને મકાઈ ડોડાની જેમ ફેરવી ફેરવીને શેકે છે. એથી એ ગમે તેટલી ચીસેચીસ ને રાડેરાડ પાડી ઉઠે પણ અહીં કોણ દયા ખાવા તૈયાર છે ? ઉપરથી મોંઢામાં ભડભડ સળગતા લાકડાને અંગારા ખોસે છે. આ માફી માગે 'ભાઈસાબ ! છોડો,' ત્યારે પેલા ટોણો મારે છે કે 'પૂર્વે જૂઠું બોલતાં ને ઝગડતાં સારું લાગ્યું હતું ને ? એનો આ સ્વાદ ચાખ્યા કરો. કોઈ શિખામણ આપે એની સામે દાંત કચડતા હતા ?' એમ કહી હથોડાથી બિચારાના દાંત તોડી નાખે છે.

**અનિષ્ટના નાચ :-** આટલું બધું છતાં લુચ્ચાના શિખવેલા અનિષ્ટ અંગેના નાચ પાછા ચાલુ છે. તે ગુસ્સો, રૌદ્ર ધ્યાન, અતિદીનતા, બળતરા, હાયવોય વગેરે છૂટતા નથી ! કેવું આશ્ચર્ય ! જે શેઠના નાચથી આટઆટલી કારમી વેદના ભોગવે છે, એ ય છોડવાની વાત નહિ ! કેવી મહામૂર્ખાઈ !

**અદ્ધર ભાલાની અણી પર : કોલુ, ઘાણી :-** અહીં તો પરમાધામી ઉપર પરમાધામી આવ્યે જ જાય છે. કેઈ ચંબૂજીને દડાની જેમ અદ્ધર ઉછાળી ઉછાળી ભાલાની અણી પર ઝીલે છે, તો કોઈ પરમાધામીઓ વળી ફૂટબોલના દડાની જેમ સામસામી પગેથી મારામાર કરતા ઉછાળે છે. ત્યાં સામાવાળા લોખંડી મુઠ્ઠી કે પગથી મારે છે, ત્યારે બીજા વળી ઘાણીમાં પીલે છે, કોલુમાં પીલી લોહી કાઢે છે; અને બહાર નીકળેલા કૂચા જેવા એને ઉપર ઘણના ઘાથી ટીપે છે.

**ભઠ્ઠીમાં શેકામણ : તેલમાં તળામણ :-** ત્યારે અન્ય પરમાધામીઓ એને મોટી ભઠ્ઠીઓમાં ઈંટ ઘડાની જેમ દીર્ઘકાળ સુધી શેકે છે; અને એમાંથી બહાર કાઢી મોટી કઢાઈઓમાં કડકડતા તેલમાં પૂરીની જેમ તળે છે. તો વળી,

**કાચી કેરીની જેમ છોલામણ, લૂણમાં ઝબોળણ :-** બીજા પરમાધામી એને કાચી કેરીની જેમ ચામડી છોલી નાખે છે ! કેવો ત્રાસ ! કેવી લા'ય ! એક વખતના મહાસુખીને આ ભયંકર દુઃખ ! શાથી ? વિચારજો કે આપણે એવા આંતરિક લુચ્ચા શત્રુના સંગથી શું પામીશું ? પાછું ચંબૂજીને મીઠાના ખારા પાણીમાં ઝબોળે છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

**કરવતથી વહેરામણ : ચાકુથી પીતા :-** બીજા કરવત વડે ચંબૂના માથેથી વહેરવા જ માંડે છે; પછી છરીથી શરીરના નાના પીતા-નાના ટૂકડા કરે છે. ચપ્પણીયાના મહિમાથી પાછા આ ટૂકડા પારાની જેમ ભેગા થઈ એકરૂપ બની જાય છે. છે પીડાનો પાર ?

**શૂળીમાં પરોવાઈ અગ્નિની ઝાળ પર :-** પરમાધામી આવીને ઊભી તીક્ષ્ણ અણીધાર શૂળી પર એને બેસાડી ગુદા દ્વારા ઠેઠ પેટ અને છાતી સુધી શૂળીમાં પરોવી દે છે. પાછો આવીને આવો પરોવેલો સીધો અગ્નિની ઝાળ પર ધરી રાખે છે.

**કિરપાણથી આંતરડા બહાર ! તપાવેલી સોયો ભોંકાય :-** આ પત્યું ત્યાં વળી કોઈ પરમાધામી ધારદાર વાંકા કિરપાણ પેટમાં ખોસી આંતરડા બહાર ખેંચી કાઢે છે ! તો ઓર બીજો કોઈ લાલચોળ તપાવેલી અણીયાળી સોયો એકસામટી સો-બસો શરીરમાં ભોંકે છે. એમાંય નખના અને બીજા કોમળ ભાગોમાં તથા મર્મસ્થાનોમાં એની પીડા તો અતિ ઉગ્ર કોટિની બને છે !! ચંબૂ ચીસોચીસ પાડે છે.

**અગ્નિ પૂતળીની ભેટામણ :-** એ ગયો ત્યાં વળી નવો પરમાધામી આવીને ધીખતા અગ્નિમય લોખંડી પુતળીઓ સાથે એને ભેટાવે છે. ત્યાં એ લા'ય લા'ય બળે છે. એમાં જો પૂતળીને જાતે મૂકી દઈ છૂટો થવા જાય તો પાછળથી તીક્ષ્ણ ભાલા, કાતર, છરા, તૈયાર તે ઝટ ભોંકાય છે, કે કડકડતા તેલમાં એને ઝીકાવું પડે છે !

આ પીડાઓ ઉપરાંત વચમાં વચમાં અન્યોન્ય જાતભાઈઓની કાપાકાપી, દંડાદંડા, મારામારી, વગેરે ચાલુ છે.

**ક્ષેત્રપીડા :-** એટલું જ નહિ પણ ત્યાંની હવા, ધરતી વગેરે પણ ભયંકર, ત્યાંની હવા ખેરના અંગારા કરતાંય એટલી બધી ઉષ્ણ કે જો ત્યાંથી એ જીવને અહીં લાવી ખેરના અંગારા પર સુવરાવવામાં આવે તો એ છ મહિના ઘસઘસાટ ઊંઘે ! ત્યારે ધરતી તો જાણે અસ્ત્રાની ધાર જેવી તીક્ષ્ણ ! ઝાડ એવા દેખાય કે જ્યાં વિસામો લેવા એ જીવ જાય ત્યાં ઉપરથી તલવારની ધાર જેવાં અણીયાળાં ભારે પાન, અને લોખંડી ગોળા જેવા ભારે ફળ માથા પર ઝીકાય !

ચંબૂજીની આ બધામાં એક સરખી કારમી વેદનાઓ અસંખ્યકાળ સુધી વેઠી વેઠીને છેવટે એ ચપ્પણીયાનો કાળ પૂરો થયો તે લઈ લેવામાં આવતાં મહામુશીબતે છૂટકારો મળ્યો.

## • તુચ્છ જીવની શેરીમાં •

ત્યાંથી મનુષ્ય-તિર્યંચ દેવવાળી બીજી શેરીઓના ચપ્પણીયાં લઈ લઈ, પાછા નરકશેરીમાં આવી આવી અનંતકાળ પસાર કર્યો. એમાંય વચમાં વચમાં તો તિર્યંચ



શેરીમાં એવી દશા થઈ કે, પણે તો પાંચે ઇન્દ્રિયોની શક્તિઓ મળી હતી, પરંતુ અહીં તિર્યંચ શેરીના વિચિત્ર ચપ્પણીયાં મળતાં ગયા. એવાં કે જેમાં માત્ર એક જ સ્પર્શ ઇન્દ્રિયની શક્તિ મળે. જાણે એકલું શરીર, પણ મોં નહિ, જીભ નહિ, નાક-આંખ-કાન કશું નહિ. તેમાં માટી-મીઠું-પાણી-અગ્નિ-વાયુ-ઝાડપાન વગેરેની જેમ દળાવાનું-પીસવાનું-બળવાનું-ઉકળવાનું... ઇત્યાદિનો હિસાબ નહિ ! અથવા બે ઇન્દ્રિયો, ત્રણ ઇન્દ્રિયો, ચાર ઇન્દ્રિયોની શક્તિ મળે. એમાં પાણીના પોરા જળો, માકણ, કીડા, કીડી, માખી, ડાંસ, મચ્છર, વગેરેની જેમ ચંબૂજીને ઘોર ત્રાસ સહવાના !! કેવા ? કે કીડી કોઈના પગ નીચે પીસાઈ, માખી જીવતીને જીવતી ગીરોળીથી ગળાઈ, ડાંસ હાથના ઝપાટે મરાયા, કીડા આગમાં ફસ્યા; મંકોડા ઉપરથી પડેલા ભાર નીચે કચરાયા... આમ કેઈ અપરંપાર વેદનાનો વરસાદ ! ત્યારે પાંચેય ઇન્દ્રિયવાળા તિર્યંચના ચપ્પણીયાએ તો એના પર કાળો કેર વરતાવ્યો. જીવતી **મરઘી** ભાતની જેમ ઉકળતા પાણીમાં બફાય ! **માછલાની** જીવતા જીવે ચામડી ઉઝરડાય, ઉપર લૂણના પાણી છંટાય; અને પછી તેલમાં તળાય ! **નાના ભુંડને** જીવતા ને જીવતા અગ્નિની ભઠ્ઠીમાં નાખી દેવામાં આવે ! વાછરડાની કોમળ ચામડી ઉતારી લેવા બહુવાર એના પર ઉકળતા પાણી નાખી એને ધોકાથી ઝુડી-પીટી નાખવામાં આવે પછી ચામડી ઉતારી લે ! આવી આવી અનેક દારુણ પીડાઓ ચંબૂજીએ સહી ! ત્યાં એ ચીસોચીસ પાડે પણ કોણ દયા ખાય ? ચોધાર આંસુએ રડે, હૃદય થરથર ધ્રુજે, હાય ને વોય કરે પણ બધું ફોગટ ! લુચ્ચાઓની સંગતને લીધે કારમું વેઠયે જ છૂટકો.

## • મનુષ્યશેરીમાં સંતને લાત •

**ચંબૂજી મનુષ્ય :-** અનંતોકાળ આવી વેદનામાં રીબાઈ શેરીઓમાં ભટકતા ભટકતા એકવાર મનુષ્યશેરીમાં ચંબૂજી આવ્યા છે; ત્યાં વળી જરા શેઠાઈ મળી છે. તે એકવાર લહેરથી રસ્તે ચાલ્યા જતા હતા ત્યાં સામેથી સફેદ ચાદર ઓઢેલા સંતપુરુષોનો ભેટો થઈ જાય છે. જો કે પૂર્વે પણ મળેલા; પણ ત્યારે તો એમની સામુંય જોયા વિના ચાલી ગયેલો.

**સંતની દયાર્દ્ર વિચારણા :-** એ સંત પુરુષો સામાન્ય રૂપે આને ઓળખે છે. કેમકે પોતે પણ પહેલાં એની જેમજ શેરીઓમાં ભટકતા હતા. નાચતા હતા, મજૂરી કરતા હતા, બધું છોડાવીને સંત બનાવ્યો અને સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્ર ભણાવ્યા. એટલે તો પૂછવું જ શું ? એ જ્ઞાનથી બધી સ્થિતિ ઓળખી લીધી. પોતાની જેમજ આ ચંબૂજીનો કરુણ ભૂતકાળ સમજી જઈ એના પર ખૂબજ દયાર્દ્ર



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

બની ગયા. વિચારે છે કે "આ બિચારો ખરી રીતે અનંત સમૃદ્ધિનો સ્વામી મહંત છતાં કેવા કેવા દારુણ દુઃખોમાં ડૂબી આવ્યો ! હજીય પેલા લુચ્ચાઓને સાથે રાખી રમી રહ્યો છે, તેથી વળી પાછો નરકાદિ શેરીઓમાં એને ઘસડાઈ જવું પડશે. તો દીર્ઘ કાળ દુઃખમાં શેકાશે. તો લાવો એ બિચારાને સાવધાન કરીએ !" એમ વિચારી એને ઊભો રાખી આ પ્રમાણે કહે છે.

સંતો કહે છે, "મહાનુભાવ ! કોણ તું ?"

"હું ? કેમ મને ઓળખ્યો નહિ ? હું ચંબૂજી ચપ્પણીયાવાળો."

"ના, ભાઈ ! ના, અમે સમજીએ છીએ ત્યાં સુધી તું તો અનામી નિરંજન નાથ મહંત છો."

"હું, મહંત ! છટ્ એવું જૂઠું કહેતા નહિ."

સંત કહે છે "જૂઠું નથી, સાચું છે, આ તું દુશ્મનોના હાથમાં ફસાઈ ગયો છે એટલે..."

આ સાંભળતાં જ ચંબૂજીને ગુસ્સો આવ્યો. તડુકી ઉઠે છે, "શું બોલ્યા શું ? મારા મિત્રોને દુશ્મન કહો છો ? જાઓ તમારી સાથે હું વાત કરવા માગતો નથી." એમ કહી ચાલતો થઈ ગયો. જે લુચ્ચાઓ કારમા દુઃખ કરાવે છે, તેને મિત્ર માને છે ! સંતો ભાવીભાવ સમજી પોતાના પંથે પડ્યા. કેવી ચંબૂજીની હીનભાગિતા ! દુશ્મનને દુશ્મન તરીકે સ્વયં ઓળખતો તો નથી પણ ઓળખાણ સાંભળવી પણ નથી ! આજ સુધીમાં શું ઓછું સહ્યું છે એણે ? પણ હજી અજ્ઞાનતાનું ઘેન ઉતરતું નથી. **એમાં બનાવટી સંતો એને મળ્યા. એમણે લુચ્ચાઓની રમત ઈશ્વરમાં છે એમ દેખાડી, એમને મિત્ર મનાવ્યા. તો એવા કુસંતનું માન્યું !**

એથી એ તો પોતાની શેઠાઈમાં ભયંકર ઘમંડ, રોફ, રોષ, બીજાને મારપીટ, દુરાચાર, જૂઠ, અનીતિ, વગેરેના કેટલાય નાચ નાચ્યે ગયો. એમાં કાળમર્યાદા પૂરી થવાથી ચપ્પણીયું પડાવી લેવામાં આવ્યું. અને એને માનવશેરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

**પાછાં અનંત ભ્રમણ :-** ત્યાંથી એને નરકશેરીનું ચપ્પણીયું આપી તે શેરીમાં લઈ જવામાં આવ્યો. ત્યાં અસંખ્ય વર્ષો સુધી ભયંકર યાતનાઓ (ત્રાસ) વેઠી પછી બીજી શેરી અને આ શેરીમાં એમ બહુ ભટક્યો. એમાં માનવશેરીમાં વળી ક્યાંક સંતો મળ્યા, તોય એમને ગણવાની વાત નહિ. મ્લેચ્છપણું, રાજાપણું, કસાઈપણું, વગેરેના ચપ્પણીયાનો ઉપયોગ લુચ્ચાઓના શિખવેલા રંગરાગ, પ્રેમ, દ્વેષ, માયા, તૃષ્ણા વગેરેના અધમ નૃત્ય અને ખાનપાનની લીલાઓમાં કર્યો. તેમજ એ માટે જ મજૂરી કરવામાં અને એના પરિણામે માર ખાવામાં સમય વીત્યો. એમાં તિર્યંચ શેરીના અનેકાનેક પ્રકારના ચપ્પણીયા લઈને તો એવા ખેલ કર્યા કે જેનું મોટું વર્ણન થાય.





એવું કેટલુંય ચાલ્યા પછી એકવારનો અવસર છે કે એ માનવશેરીમાં અંતે સંત પુરુષની વાણી સાંભળવા થોભ્યો.

**સંતો શું કહે છે ? :-** સંત પુરુષ કહે છે "ભગવાન ! સમજ કે અસલ તું અનામી નિરંજનનાથ મહામહંત છે. તારે આઠ અપૂર્વ અવર્ણનીય અક્ષય ખજાના છે. એથી તારા સુખનો પાર નહિ ! ને સુખ પણ આ દુનિયાના સુખની જેમ (૧) પરાધીન, (૨) ક્ષણિક અને (૩) દુઃખમિશ્રિત તથા (૪) નવું દુઃખ જન્માવનારું નહિ. એ તો અનંત આનંદ અને સહજ તૃપ્તિ ! દુઃખનું નામનિશાન ત્યાં ન મળે. પણ આજે એ બધું તારા માટે સ્વપ્ન જેવું છે. અરે ! તને સ્વપ્નમાં પણ એનો ખ્યાલ નથી ! આજે જ નથી એમ નથી, અનંતાનંત કાળથી એ ખ્યાલ તને નથી."

ચંબૂજી પૂછે છે, "પ્રભુ ! એનું શું કારણ ?"

સંતો કહે છે, "એનું કારણ એ છે કે તું લુચ્ચાઓના વિશ્વાસમાં એમને પનારે પડ્યો છું. એ લુચ્ચાઓની આખી જમાતે તને કામણ ખવરાવી, દારુ પાઈ, અંધો અને મૂઢ કર્યો છે. તારી જાત જ તને ભૂલાવી દીધી છે. ઊલટું તારામાં મિથ્યામતિ ઊભી કરાવીને ભળતી જ વસ્તુમાં તને મમત્વ કરાવ્યા છે ! તું જાણતો નથી પણ તને બેડીઓથી જકડ્યો છે ! ન જાણવાનું કારણ એ, કે એ જકડામણ તારે રોજિંદી થઈ ગઈ એટલે તું એમજ માની બેઠો કે સ્વાભાવિક રીતે જ હાથ-પગ આમ રહેતા હશે ! એ પછી તને ભૂખ-તરસ ઊભી કરી, ચપ્પણીયાં આપ્યા અને આખા લોકપુરમાં જુદી જુદી શેરીઓમાં તને ભટકતો કર્યો ! એમાં તારી પાસે કેઈ કેઈ નાચ કરાવ્યા ! (અહીં સંતે ગમતા-અણગમતા પરના અનેક પ્રકારના નાચનું વર્ણન કરી બતાવ્યું.) એની સાથે મજૂરી પણ કેઈ પ્રકારની ઠેઠ નીચમાં નીચ કોટિ સુધીની કરાવી ! અત્યારે પણ તું એજ નાચ અને એજ મજૂરી કરી રહ્યો છે ઉપરાંતમાં તિર્યંચશેરીમાં અને નરકશેરીમાં ઘોર ત્રાસ, ને ભયંકર દુઃખ તને અપાવ્યા. આટલું છતાં તું થાક્યો નહિ, સમજ્યો નહિ, તેથી લુચ્ચાની સંગતથી અને એના ફરમાવેલા નાચથી તું આજ સુધીમાં પાછો વળ્યો નહિ. અમારા જેવા સંત તને પૂર્વે પણ મળેલા હશે. પરંતુ લુચ્ચાઓની દવા વગેરેના કેફમાં તેં એમને ગણકાર્યા નહિ પરંતુ બચ્ચા ! ધ્યાન રાખ કે **સંત મળવાનું સ્થાન માનવશેરી છે;** અને એ શેરીમાં આવવાનું ઘણું મુશ્કેલીભર્યું છે; હવે જો એમાં આવ્યા પછી હજી પણ સંતનું શરણ નહિ લે, તો સમજી રાખજે કે જેવો પૂર્વે મહાદુઃખદાયી ભૂતકાળ દેખ્યો, તેવો દુઃખદ ભવિષ્યકાળ હજી દેખશે ! અમારે તારી પાસેથી કોઈ સ્વાર્થ નથી; પણ આ

લુચ્ચાઓથી તારા જેવા નિરંજનનાથની ઘોર વિટંબણા થતી જોઈ તારા માટે અમારું દિલ દ્રવી જાય છે ! એથી આટલું કહેવાનું મન થાય છે. વળી જો કે અમે પણ એકવાર તારા જેવા અજ્ઞાન મૂઢ હતા; અને અમે પણ ઘણું રીબાયા હતા; છતાં આ લુચ્ચાઓથી ભરમાવેલા અને અનેક વાર સંતપુરુષોની સલાહને ઠોકરે મારી હતી; ઊલટું અમે એમને અજ્ઞાન ગણતા હતા. એ તો વળી કાળ પાક્યો; અને આંતરચક્ષુ ખૂલી, તે મહાત્માઓનું શરણું લઈ લુચ્ચાઓની અમુક અમુક જાળમાંથી છૂટ્યા. છતાં હજીય એનું પકડાવેલું આ ચપ્પણીયું ખસતું નથી. પણ સામો પ્રયત્ન ચાલુ છે. તેથી આખરે મૂળ સ્થિતિ મળશે.''

માટે સમજી જા. **''જેમ માનસરોવરમાં મસ્ત એવા રાજહંસને ગટરમાં ઝીલવાનું હોય નહિ, તેમ અસલ અક્ષય ખજાનામાં મસ્ત એવા નિરંજનનાથને આ ચપ્પણીયાની લીલા તથા નૃત્ય અને મજૂરી જેવી ગટરમાં ઝીલવાનું હોય નહિ.''**

ચંબૂજી આ બધું એકાગ્રતાથી અને રસપૂર્વક સાંભળીને એના પર શ્રદ્ધાવાળો બન્યો અને લુચ્ચાઓથી ભડક્યો ! પોતાની મૂળ સ્થિતિ હજી દેખાતી નથી. છતાં 'એમજ છે,' એ રીતની વસ્તુ ઉપર શ્રદ્ધા બેઠી. એટલે પૂછે છે, ''હેં પ્રભુ ! પણ આપ જ કહો છો કે હજી અમારાથીય ચપ્પણીયું છૂટતું નથી, તો મારાથી એકદમ એ શે છૂટે ? અને ચપ્પણીયું હોય ત્યાંસુધી નાચ, મજૂરી વગેરે તો કરવી જ પડે ને ? નહિતર ભૂખે મરવાનું ન થાય ?''

એના ઉત્તરમાં કરુણાસિંધુ સંત કહે છે કે ''જો ચપ્પણીયું ભરવા નાચ, મજૂરી કરવી પડે એવું નથી. તું જુએ છે ને કે આ અમે ક્યાં કરીએ છીએ ?''

''પણ તો તમને લોક કેમ આપે ?''

''અમારું જીવન જ એવું છે કે તારા જેવા સારા માણસો અમારી પાસેથી કોઈ જ આશા રાખ્યા વિના અમને ખુશીથી આપે છે; અને બીજું એ પણ એ છે કે અમારે દરેક પાસેથી લેવાનું કેટલું ? નામનું જરાક જરાક. તો બોલ, ચાલે કે નહિ ?''

''ચાલે જરૂર ચાલે. તો પછી નાચ, મજૂરી વિના તમારે આખો દિવસ કરવાનું શું ?''

''અરે ભલા ! કરવાનું પૂછે છે ? પૂર્વના પરમ સંત-પુરુષોએ એ લુચ્ચાઓને, એની દવાની અસરોને, એમ એની બેડી બંધન અને આંખના પાટાને મૂળમાંથી ઉખેડી નાખવા માટે જે ઔષધિ પ્રયોગ, મંત્ર જાપ, કષ્ટ સહન, અને ચોક્કસ જીવન ચર્યાની મર્યાદાઓ સેવવાના કહ્યા છે, તે બધું ઘણું કરવાનું છે.''

આ બધું સાંભળીને ચંબૂજી બુઝાયો. સંતના વચન પર બરાબર શ્રદ્ધા કરીને પહેલાં અમુક સમય એ સેવવાનો અમુક અલ્પાંશે અભ્યાસ કર્યો. પછી તો મન



મક્કમ કરી નાચ અને મજૂરી ફગાવી દીધી, અને સર્વાંશે સંતનું જીવન અંગીકાર કરી લીધું. એની સાધના કરતાં કરતાં લુચ્ચાઓની લુચ્ચાઈ અને ભયંકર ક્રૂરતા હવે નજરમાં આવવા લાગ્યા. એમ કરતાં કરતાં ચપ્પણીયાનો કાળ પૂરો થયો. પણ ચપ્પણીયું આપનાર કર્મ શત્રુએ હવે જોયું કે આ ચંબૂ હવે શઠમંડળીના નાચ નથી કરતો, તેથી ખુશ થઈને સારું દેવશેરીનું ચપ્પણીયું એને આપ્યું. કેમ જાણે પરીક્ષા કરવા, કે ચંબૂજી ત્યાં પાછા નાચમાં લપટાય છે કે કેમ ? પરંતુ આ તો સંતવાણીથી પવિત્ર અને દેખતા બનેલા હૃદયને ધારણ કરે છે. તેથી દેવશેરીમાંય કદાચ બાહ્ય વ્યવહારમાં થોડું દેખાડવું પડે તો પણ, અંતરથી ઉદાસીન અને મંત્રાદિ સાધનાની ચિંતામાં રહે છે; એ સાધવા માટેના યોગ્ય માનવશેરીના ચપ્પણીયાની રાહ જુએ છે ! એમ કરતાં દેવશેરીની અવધિ પૂરી થવાથી એને માનવ શેરીનું ચપ્પણીયું મળ્યું. ત્યાં લગભગ પ્રારંભમાંથી સંતો મળ્યા. એમની પાસે એણે સંતજીવન લઈ જોરદાર ઔષધપ્રયોગ, મંત્રજાપ વગેરે એવા સાધ્યા કે કેફ તદ્દન ઉતરી ગયો. એના બધા બંધન છૂટી ગયાં, અને અસલ સ્વરૂપવાળો થઈ કાયમ માટે પોતાના મઠ ભેગો થઈ ગયો.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩,અંક-૧૦,તા.૧૩-૧૧-૧૯૫૪

## ૪૫ ચંબૂજી ચપ્પણીયાવાળા

### • કથાનો ઉપનય (ઘટના) •

આ દૃષ્ટાન્તમાં સમજવાનું એ છે કે ચંબૂજી એ સંસારી જીવ છે. મુખ્ય ચાર લુચ્ચાઓની ચંડાળ ચોકડી એ ચાર કષાયો-ક્રોધ, માન, માયા અને લોભ છે. એણે આવીને મહંતને ભરમાવી વશ કર્યો, અને મોહનો દારૂ પાયો; એટલે મહંતનું મગજ ગેપ થવાથી ખરું પોતાનું બધું ભૂલી ગયો એમ આ જીવ મોહવશ પોતાનું આત્માપણું વગેરે ભૂલ્યો. બીજી બાજુ બેડી એટલે કે કર્મના બંધનમાં ફસ્યો ! ત્યાં એના અખૂટ આઠ ખજાના એટલે કે જે અનંત જ્ઞાન-અનંતદર્શન-વીતરાગતા-અનંત વીર્યાદિ-અનંત સુખ-અક્ષય સ્થિતિ-અરૂપિપણું- અને અગુરુ-લઘુતા;-એ આઠ આત્મગુણોના નિધાન હતા; એના પર કર્મનાં તાળાં લાગ્યાં.

ચપ્પણીયું એ સંસારી શરીર છે, અને દેવશેરી વગેરે ચાર શેરી એ સંસારની ચાર ગતિ છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3

## • દૃષ્ટાન્તમાં અસમાનતા •

અહીં એ ખાસ સમજવાનું છે કે ચંબૂજી જેમ પહેલાં નિરંજનનાથ હતો પણ પછીથી ચંબૂજી બન્યો, પહેલાં એ વગર બંધન, વગર બેડી, વગર ચપ્પણીયું અને વગર શઠ સંપર્કવાળો હતો; પણ પાછળથી એ લુચ્ચાઓ, એ બેડી વગેરે આવ્યું, પહેલાં ખજાના ખુલ્લા હતા અને પાછળથી એના પર તાળાં લાગ્યાં; કથામાં આમ હતું.

પરંતુ જીવના સંબંધમાં એવું નથી કે 'મૂળ પહેલાં તો એ નિરંજન નિરાકાર સિદ્ધ અવસ્થામાં એટલે કે મોક્ષમાં હતો, પણ પછી સંસારી બન્યો; તેમ પહેલાં બંધન બેડી ચપ્પણીયું વગેરે કાંઈ જ નહોતું, કિંતુ પાછળથી કર્મની બેડીઓ લાગી; પાછળથી કષાય લુચ્ચાઓ આવ્યા; શરીરરૂપી ચપ્પણીયાં મળતાં ગયા; એમ ખુલ્લા અનંતજ્ઞાનાદિ ગુણો પાછળથી બંધ થયા, કર્મના તાળાંથી ઢંકાઈ ગયા,' આવું નથી. પરંતુ સાચી વસ્તુ એ છે **કે જીવ અનાદિ કાળથી જ સંસારી છે, પહેલાં કદી મુક્ત નહોતો. અનાદિ કાળથી કર્મે બંધાયેલો જ છે; કષાયોના સંપર્કમાં છે; શરીરરૂપી ચપ્પણીયા ધારણ કરતો આવ્યો છે; ગુણખજાના બંધ છે.** આ બધું અનાદિનું છે, અર્થાત્ પૂર્વે કદીક આત્મા શુદ્ધ હતો, સિદ્ધ હતો, મોક્ષમાં હતો અને પછી સંસારમાં પતન થયું એવું નથી.

**પ્ર.**- તો પછી દૃષ્ટાન્ત ન ઘટતું કેમ આપ્યું ?

ઉ.- બાળ જીવને સમજાવવા માટે દૃષ્ટાન્ત એમ કલ્પેલું છે. જીવની પોતાની ખરી સ્થિતિ કઈ, અને લુચ્ચાઓના સંસર્ગમાં બેહાલ સ્થિતિ કેવી થાય છે એ બતાવવા એમ કહ્યું છે. બાકી દૃષ્ટાન્ત એકાંતે ઘટતું નથી, પણ ઘણે ખરે અંશે ઘટતું છે, એ અહીંયાં આગળ સમજાશે.

**પ્ર.**- અનાદિને બદલે જીવમાં પણ પહેલાં મોક્ષ અને પછી લુચ્ચાઓનો સંપર્ક, એમની પ્રપંચલીલા તથા બેડીબંધન-સંસાર નવા થયા, એમ માનવામાં શો વાંધો ?

ઉ.- વાંધો મોટો. તો તો પછી હવે ફરી મોક્ષ માટે મથવું નકામું છે. કેમકે પછીય પાછો સંસાર ખડો થવાની સંભાવના છે. ખરી રીતે શુદ્ધ આત્મા પર કાંઈ જ આક્રમણ લાગી શકતું નથી. શુદ્ધમાં મલિનતા લાગવાને કોઈ કારણ જ નથી. મહંતની હકીકત તો લૌકિક જેવી હોવાથી, પહેલાં એ નિરાંતે પોતાની સંપત્તિમાં બેઠેલો, એને લુચ્ચાઓ ભરમાવી ફસાવે એ સંભવિત છે. પણ આત્મિક સંપત્તિની દૃષ્ટિએ તો જો આત્મા ખરેખર નિરંજન એટલે કે કર્મ અને મોહના અંજન વિનાનો હોય તો તો એનામાં રાગ, દ્વેષ, મોહ, હર્ષ, શોક, આકર્ષણ, તૃષ્ણા વગેરેનો કોઈ પણ વિકાર હોય જ નહિ; તેથી આખા જગતમાં અનેકાનેક વિચિત્ર ઘટના બનવાનું જોવા છતાં કે લુચ્ચાલોક ગમે તેવી એમની પ્રશંસાદિ કરે છતાં, એમના શુદ્ધ



આત્મામાં કાંઈ જ વિકાર અશુદ્ધિ કે બંધન ઊભું થઈ શકે જ નહિ; માટે જ અશુદ્ધિ અનાદિની છે.

ચાર મુખ્ય લુચ્ચાઓ સાથે જે બીજા સાગ્રીતો ભળ્યા છે, તે હાસ્ય-શોક, રતિ-અરતિ, ભય-કામ વગેરે બીજા દોષો સમજવાના છે, તેમજ દારૂ પાયો તે મોહરૂપી દારૂ સમજવો. અને તેવી દવા ખવરાવી, તે મિથ્યાત્વ સમજવું. બેડી-બંધન બાંધ્યા તે વિવિધ કર્મ-જ્ઞાનાવરણીય આદિ સમજવા. ચપ્પણીયારૂપી શરીર આપનાર એ છે, એમાં આયુષ્યકર્મ એ એની મર્યાદા છે. એ પૂરી થાય એટલે શરીર ખૂંચવાઈ જઈ, ચંબૂજી જીવને કાઢી મૂકવામાં આવે છે. તે પાછું નવું શરીર ચપ્પણીયું મળે છે. શરીરમાં ઈન્દ્રિયો અને પેટ છે; જીવ એમાં જગતના વિષયો અને આહારાદિ પદાર્થો જીવ માગી ખાય છે.

એ માટે નાચ નાચવાનું કહ્યું તે ત્યાં સ્પષ્ટ કરેલું છે. ગમતી વાત ઉપર ઝંખના, રાગ, મમત્વ, હર્ષ, પ્રશંસા, પ્રેરણા વગેરેની લાગણીઓ એ નાચ છે. અણગમતીમાં ઈતરાજી, દ્વેષ, વિયોગ, શોક, નિંદા ઈત્યાદિના નાચ છે. મજૂરી જગતમાં સુપ્રસિદ્ધ છે. ત્યારે માર ખાવાની તો ક્યાં નવાઈ કે અજાણકારી છે ?

ચારેય ગતિમાં એકબાજુ અનેક પ્રકારની મોહની લાગણીઓ અને કુકર્મનાં, પાપનાં આચરણ; તથા બીજી બાજુ ભયંકર દુઃખ, કષ્ટ વગેરે સહવાનાં; એ બધાનો તો બરાબર ખ્યાલ પૂર્વે વર્ણવેલા ચંબૂજીના હાલ ઉપરથી આવે એવો છે.

સાચા સંત એટલે સાધુ ભગવંતો છે. બીજા કુગુરુઓ તો સંસારની શેરીઓમાં રખડાવે એવો માર્ગ દેખાડે છે, ત્યારે આ સાધુ ભગવંતો સાચો આત્મશુદ્ધિ અને આત્મસમૃદ્ધિનો માર્ગ ઉપદેશ છે. ચંબૂજી જેવા મૂર્ખ જીવને એ ગમતું નથી, તેથી કેટલીય વાર સાધુ ભગવંત મળે છતાં એમને અવગણે છે. છેવટે કાળ પાક્યાથી સાધુપુરુષનો ઉપદેશ રસથી સાંભળે છે; એના પર શ્રદ્ધા કરે છે.આગળ વધીને દાન, શીલ, તપ, ભાવનો ઔષધ પ્રયોગ, પ્રારંભે શ્રાવક ધર્મના વ્રત અને આચારનો પ્રયોગ કરે છે; પછી સાધુ ધર્મના મહાવ્રત અને બાહ્ય અભ્યંતર તપયુક્ત પંચાચારનો ઔષધનો પ્રયોગ આચરે છે. મંત્રજાપમાં જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે છે; કઠોર ચર્યામાં સંવર માર્ગે પરીસહ સહવા વગેરે આદરે છે; મર્યાદાપાલનમાં સમિતિગુપ્તિ, યતિધર્મ શુભભાવનાદિ પાળે છે. જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહી, મોહ અને કર્મનાં બંધન કાપીને અનામી નિરંજન નિરાકાર પરમાત્મા બની સદાને માટે સ્વાત્મસમૃદ્ધિમાં મસ્ત રહે છે.

આ ઉપનય(ઘટના)ને બરાબર લક્ષમાં રાખી દૃષ્ટાન્ત ફરીથી સ્થળે સ્થળે ઘટાવવા વગેરેની પુખ્ત વિચારણા સાથે મનન કરવા જેવું છે.



E:/Divya-Darshan(Part-17)(Prav.. Maho..)(Sansar ni jad).pmd/prf.3